પ્રશ્નો અને ઉત્તરો

૧૯૫૭-૧૯૫૮

શતાબ્દી ગ્રંથ

૯

શ્રી મા

o

જન્મ

ફેબ્રુઆરી ૨૧, ૧૮૭૮

—

ભારતમાં આગમન

માર્ચ ૨૯, ૧૯૧૪

—

મહાસમાધિ

નવેમ્બર ૧૭, ૧૯૭૩

—

જન્મ શતાબ્દી

ફેબ્રુઆરી ૨૧, ૧૯૭૮



શ્રી માતૃવાણી

પ્રશ્નો અને ઉત્તરો

૧૯૫૭-૧૯૫૮

શ્રી માતાજી

: અનુવાદક :
શાંતિલાલ ઠાકર

શ્રી અરવિંદ સોસાયટી (શાખા)
અમદાવાદ : ૩૮૦ ૦૦૬

પ્રકાશક : શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ વતી
શ્રી હસમુખ શાહ - શ્રી અરવિંદ સોસાયટી,
'સેન્ટર' પ્રિતમનગર, પહેલો ઢાળ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

●

શતાબ્દિ ગ્રંથ ૯

પ્રથમ આવૃત્તિ (શતાબ્દિ આવૃત્તિ) એપ્રિલ ૧૯૭૯

પ્રત : ૧૦૦૦

કિંમત : રૂ. ૨૬-૦૦

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી.

: પ્રાપ્તિસ્થાન :

૧. શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, પ્રિતમનગર પહેલો ઢાળ, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬.

૨. શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, શ્રી અરવિંદ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧.

૩. SABDA, SRI AUROBINDO ASHRAM
PONDICHERRY-605 002.

મુદ્રક : ગોવર્ધન દવે, નવસર્જન એકેડેમી પ્રેસ, નારગોલ 396 135

નિવેદન

ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતાં શ્રી માતાજીના આ નવમા શતાબ્દી ગ્રંથમાં શ્રી માતાજીએ પોતાના બુધવારના વર્ગોમાં આશ્રમના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સાધકો સમક્ષ ૧૯૫૭ ના આરંભથી ૧૯૫૮ ના નવેમ્બર માસ સુધીમાં આપેલા વાર્તાલાપોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્લેગ્રાઉન્ડમાં તેમણે આપેલા આ છેલ્લા વાર્તાલાપો હતા. શ્રી માતાજી સામાન્ય રીતે શ્રી અરવિંદના કોઈ એક ગ્રંથના તેમણે પોતે કરેલા ફ્રેન્ચ અનુવાદમાંથી થોડો ભાગ વાંચીને આ વાર્તાલાપોનો આરંભ કરતાં. જાન્યુઆરીથી એપ્રિલ ૧૯૫૭ ના વાર્તાલાપો માટે તેમનું 'થોટ્સ એન્ડ ગ્લિમ્પસીઝ' (વિચારરત્નો અને સૂકતો) એ પુસ્તક [illegible] કરવામાં આવ્યું હતું. એપ્રિલથી ઓકટોબર ૧૯૫૭ માટે "ધી સુપ્રામેન્ટલ મેનિફેસ્ટેશન અપૉન [illegible]," અને આકટોબર ૧૯૫૭ થી નવેમ્બર ૧૯૫૮ માટે "લાઈફ ડિવાઈન" નાં છેલ્લાં છ પ્રકરણો. ઉપર્યુકત પુસ્તકોમાંથી વાચન થઈ ગયા બાદ માતાજીએ લખાણ ઉપર વિવરણ કરતાં અથવા તો તે અંગેના પ્રશ્નોના ઉત્તરો આપતાં.

ફ્રેન્ચ ભાષામાં અપાયેલા આ વાર્તાલાપો તે વખતે ટેઈપરેકોડ કરી લેવાયા હતા અને એમાંથી મોટા ભાગના વાર્તાલાપો આશ્રમના એક ત્રૈમાસિક "બુલેટીન ઑફ ફીઝીકલ એજ્યુકેશન"માં (પાછળથી જેનું નામ 'બુલેટીન ઓફ શ્રી અરવિંદ ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ એજ્યુકેશન' રાખવામાં આવ્યું હતું.) ફ્રેબ્રુઆરી ૧૯૫૭ થી નવેમ્બર ૧૯૫૯ સુધીના, ઑગસ્ટ ૧૯૬૧ ના તથા ફ્રેબ્રુઆરીથી ઑગસ્ટ ૧૯૬૩ ના અંકોમાં પ્રથમ વાર પ્રસિદ્ધ થયા હતા. ફ્રેન્ચ ભાષામાં ૧૯૫૭ના બધા વાર્તાલાપો ૧૯૬૯માં અને ૧૯૫૮ ના વાર્તાલાપો ૧૯૭૨માં પુસ્તકાકારે પ્રસિદ્ધ થયા હતા. આ આખીય કૃતિનું નવું અંગ્રેજી ભાષાંતર ૧૯૭૩માં 'કવેશ્ચન્સ એન્ડ એન્સર્સ–૧૯૫૭-૫૮' એ શિર્ષક હેઠળ પ્રગટ થયું. અને 'કલેકટેડ વર્કસ ઓફ ધ મધર (સેન્ટીનરી એડીશન)' નો નવમો ગ્રંથ ૧૯૭૩નો આ આવૃત્તિનું જ પુનરાવર્તન છે, જેનું ગુજરાતી ભાષાંતર આ ગ્રંથમાં પ્રસિદ્ધ થઈ રહ્યું છે.

શ્રી અરવિંદની જે જે કૃતિઓનો આ ગ્રંથમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં શ્રી અરવિંદ બર્થ સેન્ટીનરી લાયબ્રેરીનો અંગ્રેજી આવૃત્તિનો સંદર્ભ આપવામાં આવ્યો છે. તેથી જયાં જયાં 'અતિમાનસનો આવિર્ભાવ' એ પુસ્તકનો ઉલ્લેખ છે, ત્યાં ત્યાં 'ધી સુપ્રામેન્ટલ મેનિફેસ્ટેશન' અને દિવ્ય જીવનના સ્થાને 'ધી લાઈફ ડિવાઈન' સમજવાનું છે.

અંતે, શ્રી માતાજીની આ દિવ્ય વાણી ગુજરાતની પ્રજા સમક્ષ ગુજરાતી ભાષામાં રજૂ કરવાના અમારા નિષ્ઠાપૂર્વકના પ્રયત્ન છતાં એમાં કોઈ ક્ષતિઓ રહી જવા પામી હોય તેને દરગુજર કરવાની વિનંતિ છે.

* * *

સુધારો

પૃષ્ઠ–૫, લીટી ૨૬ ઉપર 'અધિમનસ' ના સ્થાને 'અતિમનસ'.

પૃષ્ઠ–૯૬ ફકરા–૧ પછી ઉમેરો ૮ મે ૧૯૫૭

પૃષ્ઠ–૧૪૩, લીટી ૬ અને ૧૦ 'અતિમનસ' ના સ્થાને 'અધિમનસ'

પૃષ્ઠ–૧૪૬ બીજા અને ત્રીજા ફકરાની વચ્ચે ઉમેરો ૧૭ જુલાઈ ૧૯૫૭

પૃષ્ઠ–૨૦૨ છેલ્લા ફકરા ઉપર ઉમેરો ૩૦ ઓકટોબર, ૧૯૫૭

પૃષ્ઠ–૩૪૫, લીટી ૧૩ : 'અતિમનસ' ના સ્થાને 'અધિમનસ'

અનુક્રમ

૧૯૫૭	પૃષ્ઠ
૨ જાન્યુઆરી :	
વ્યકિત અવકાશ અને કાળની પર જઈ શકે?	૧
ક્રોસ પર ચઢેલું નહિ પણ તેજોમય શરીર જગતને બચાવશે.	૩
વ્યકિતનો પ્રયત્ન અન નવીન શકિત.	૬
૯ જાન્યુઆરી :	
ભગવાન તત્ત્વત: આનંદ રૂપ છે.	૭
ભગવાન અને પ્રકૃતિનો સંતા-કુકડીના ખેલ	૧૦
તમે કયારે અને શા માટે ગંભીર હો છો?	૧૪
૧૬ જાન્યુઆરી :	
જાણ્યા વિના શોધ કરવી	૧૬
આપણે શા માટે અહીં છીએ	૧૯
૨૩ જાન્યુઆરી :	
શુદ્ધ આનંદને આપણે કેવી રીતે સમજીશું?	૨૧
"મધુબિન્દુ"	૨૫
જગતમાં દિવ્ય સંકલ્પનું કાર્ય	૨૭
૩૦ જાન્યુઆરી	
કળા ગૂંથણી એ કેવળ તુલના ભેદ છે	૨૮
ભગવાનની દોરવણી કેવી રીતે પારખવી?	૩૧

	પૃષ્ઠ
૬ ફેબ્રુઆરી :	
મૃત્યુ : પ્રગતિની એક આવ-શ્યકતા	૩૪
પ્રકૃતિની કાર્ય પદ્ધતિ બદલવી	૩૫
૭ ફેબ્રુઆરી	
વૈયકિતક અને સામૂહિક ધ્યાન	૩૮
૧૩ ફેબ્રુઆરી	
વેદના : સુખ અને દુ:ખ	૪૧
માંદગી અને તેનો ઈલાજ	૪૩
૨૦ ફેબ્રુઆરી	
શરીરની મર્યાદાઓ અને વૈયકિતકરણ	૪૪
૬ માર્ચ	
સ્વતંત્રતા, દાસતા અને પ્રેમ	૫૦
૮ માર્ચ	
એક બૌદ્ધ વાર્તા	૫૨
૧૩ માર્ચ	
આપણો ઉત્તમ મિત્ર	૫૪
૧૫ માર્ચ	
ટલેમસેનના સંસ્મરણો	૫૯
૨૦ માર્ચ	
કદાપિ 'બેસી નહિ રહેવું' સાચી વિશ્રાંતિ	૬૪
૨૨ માર્ચ	
એક વિજ્ઞાની કથા : જ્ઞાન અને આચરણ	૬૬
૨૭ માર્ચ	
જો માનવજાતિ કેવળ આધ્યાત્મિક બનવાને સંમત થાય	૭૨

૩ એપ્રિલ
ઈશ્વર અંગેના વિવિધ ખ્યાલોનું મિલન : ધર્મ અને આધ્યાત્મિકતા ૭૫

૧૦ એપ્રિલ
રમતગમતો અને યોગ ૭૯
પોતાના જીવનનું સંગઠન ૮૨

૧૭ એપ્રિલ
શરીરનું રૂપાંતર ૮૪

૨૪ એપ્રિલ
પૂર્ણતા : ઊર્ધ્વની અને નિમ્નની ૮૮

૧ મે
રમતગમતની સ્પર્ધાઓ : તેમનું મૂલ્ય ૯૩

૧૫ મે
યોનિભેદ ૧૦૦
ઊર્ધ્વથી નિમ્ન સુધીનું રૂપાંતર ૧૦૩

૨૯ મે
પ્રાગનિક રૂપાંતર ૧૦૪

૫ જૂન
પ્રશ્નો અને શાંતિ ૧૦૯
ધ્યાનની પદ્ધતિઓ ૧૧૧

૧૨ જૂન
ઉપવાસ અને આધ્યાત્મિક પ્રગતિ ૧૧૩

૧૯ જૂન
માંદગી, એના કારણો, ભય ૧૧૬
મનના વ્યાપાર : શ્રદ્ધા અને માંદગી ૧૨૨

૨૬ જૂન
સીધા રૂપાંતરણ દ્વારા જન્મ ૧૨૪
પુરુષ અને સ્ત્રી ૧૨૭
બીજાઓ વિષે અભિપ્રાય આપવા ૧૨૯

૩ જુલાઈ
સામૂહિક યોગ ('મોટી હોટલ'નું દર્શન) ૧૩૩

૯ જુલાઈ
વાણીનો અસંયમ ૧૩૮

૧૦ જુલાઈ
એક નવીન જગત જન્મ્યું છે ૧૩૯
અધિમનસ સૃષ્ટિનું વિલીનીકરણ ૧૪૪

૧૭ જુલાઈ
પદાર્થતત્ત્વ ઉપર સચેતન સંકલ્પનો પ્રભાવ ૧૪૬

૨૪ જુલાઈ
'નિગૂઢ અતિમનસ' ૧૫૦
નવીન જગત; તૈયારી; પ્રગતિ માટેની ઈચ્છા ૧૫૨

૩૧ જુલાઈ
શરીરમાં દિવ્યતા માટેની અભીપ્સાની જાગૃતિ ૧૫૪

૭ ઑગસ્ટ
અવરોધો : રાજકારણ અને ધન ૧૫૯
અતિમાનસ જીવનના સાક્ષાત્કારની અભીપ્સા ૧૬૩

૧૪ ઑગસ્ટ
શ્રી અરવિંદ ઉપર ધ્યાન ૧૬૪

૨૧ ઑગસ્ટ
આશ્રમ અને સાચું સામૂહિક જીવન ૧૬૫
આશ્રમમાં ચેતનાનું સર્વસામાન્ય સ્તર ૧૬૭

પૃષ્ઠ

૨૮ ઑગસ્ટ
સ્વતંત્રતા અને દિવ્ય સંકલ્પ ૧૬૮
૪ સપ્ટેંબર
શ્રી અરવિંદ : 'એક શાશ્વત જન્મ' ૧૭૦
૧૧ સપ્ટેંબર
પ્રાણનું રસાયણ શાસ્ત્ર : આકર્ષણ અને અપકર્ષણ ૧૭૨
૧૮ સપ્ટેમ્બર
ગુહ્યવિદ્યા અને અતિમાનસ જીવન ૧૭૬
૨૫ સપ્ટેમ્બર
'મધ્યંતર જીવો' માટેની તૈયારી ૧૮૨
૨ ઑક્ટોબર
'તેજોમનસ' ૧૮૩
બુદ્ધની પ્રતિમાઓ ૧૮૬
ભૂતકાળનો ભાર ૧૮૯
૯ ઑક્ટોબર
વ્યકિત તેટલા વિશ્વ (વિભિન્ન વિશ્વદર્શનો) ૧૯૦
ઊર્ધ્વ ગોળાર્ધનો માર્ગ ૧૯૪
૧૬ ઑક્ટોબર
ક્રમિક અવક્રાંતિની કથા ૧૯૪
૨૩ ઑક્ટોબર
સાંસારિક જીવનનો કેન્દ્રવર્તી હેતુ ૧૯૮
ઉત્ક્રાંત ૨૦૨
૩૦ ઑક્ટોબર
ઉત્ક્રાંતિની બેવડી પ્રક્રિયા ૨૦૨
જાતિની વિલુપ્તિ ૨૦૪
૧૩ નવેંબર
મનુષ્યનું પશુ પર ચઢિયાતાપણું ૨૦૫
આકાર અગાઉ ચેતના ૨૦૮
૨૭ નવેંબર
'દિવ્ય જીવન' માં શ્રી અરવિંદની પદ્ધતિ ૨૧૦
વૈયકિતક અને વૈશ્વિક ઉત્ક્રાંતિ ૨૧૩
૪ ડિસેંબર
'દિવ્ય જીવન' ની પદ્ધતિ ૨૧૬
નવી જાતિના આવિર્ભાવની સમસ્યા ૨૧૯
૧૧ ડિસેંબર
પ્રથમ માનવનું પ્રાગટ્ય ૨૨૧
૮ ડિસેંબર
જગતનો પ્રેમ; આધુનિક વિજ્ઞાન ૨૨૪
અનુભવનું મૂલ્ય : એનો રૂપાંતરકારી પ્રભાવ ૨૨૫
અતિમાનસ શકિત : અભિવ્યક્ત થનારું પ્રથમ પાસું ૨૨૬

૧૯૫૮

૧ જાન્યુઆરી
ભૌતિક પ્રકૃતિનો સહયોગ ૨૨૭
ગહનદૃષ્ટિને ગમ્ય ચમત્કારો ૨૨૮
પરિશિષ્ટ
નવીન વર્ષના સંદેશનું સ્પષ્ટીકરણ ૨૨૯
૮ જાન્યુઆરી
શ્રી અરવિંદની વિવરણની પદ્ધતિ ૨૩૧
મન એક "જાહેર જગ્યા" ૨૩૨
માનસિક સંયમ ૨૩૩
શ્રી અરવિંદનો 'સૂક્ષ્મ હસ્ત' ૨૩૬

૧૫ જાન્યુઆરી
હચમચી ન ઊઠે તેવો અપાર ૨૩૭
૨૨ જાન્યુઆરી
બૌદ્ધિક સિદ્ધાંતો ૨૩૮
કશું જ છોડી શકાય નહિ :
વાસ્તવિક સત્યની અભિવ્યક્તિ ૨૩૯
૨૯ જાન્યુઆરી
વિશ્વની યોજના ૨૪૦
આત્મસભાનતા ૨૪૩
૫ ફેબ્રુઆરી
પરમની મહાયાત્રા ૨૪૫
સ્વતંત્રતા અને નિયતિ ૨૪૭
૧૨ ફેબ્રુઆરી
એક જીવનથી બીજા જીવન
પ્રત્યે ચૈત્ય વિકાસ ૨૪૮
પૃથ્વી, વિકાસની ભૂમિ ૨૫૦
૧૯ ફેબ્રુઆરી
૩ ફેબ્રુઆરી ૧૯૫૮ની અનુ-
ભૂતિ (અતિમાનસ હોડી) ૨૫૧
પરિશિષ્ટ
નિયંત્રકો ૨૫૮
કૃત્રિમ ઉપાયોની નિરર્થકતા ૨૬૧
૨૫ ફેબ્રુઆરી
તારાઓની ભાષા અને ચંદ્ર ૨૬૨
જન્મકુંડલી અને યોગ ૨૬૩
૫ માર્ચ
આંદોલનો અને શબ્દો ૨૬૪
વિચારની શક્તિ, ૨૬૫
'વાણીની બક્ષિસ' ૨૬૬
૧૨ માર્ચ
ભૂતકાળના રૂપાંતરોની ચાવી ૨૬૯
૧૯ માર્ચ
સર્વસાધારણ તંગદિલી : એનાથી
ઉપર ઊઠવા અથવા અવમાનુષ
ભૂમિકાએ ઉતરવું ૨૭૨
શાંતિ અને પ્રગતિ ૨૭૫
રૂપાંતરનું દર્શન અને તેની વિકૃતિ ૨૭૭
૨૬ માર્ચ
માનસિક ચિંતા અને આધ્યાત્મિક
શક્તિમાં વિશ્વાસ ૨૭૮
૨ એપ્રિલ
ભૂલસુધાર ૨૮૨
૯ એપ્રિલ
આત્માની ચક્ષુઓ ૨૮૩
આત્માનું દર્શન ૨૮૫
૧૬ એપ્રિલ
અતિમાનવ ૨૮૩
નવીન સાક્ષાત્કાર ૨૮૯
૨૩ એપ્રિલ
પ્રગતિ અને સોદાબાજી
૩૦ એપ્રિલ
માનસિક રમતો અને અનુભૂતિ ૨૯૨
૭ મે
પ્રકૃતિનું રહસ્ય ૨૯૪
૧૪ મે
બૌદ્ધિક પ્રવૃત્તિ અને સૂક્ષ્મ જ્ઞાન ૨૯૮
શરીર દ્વારા સમજણ ૨૯૯
૨૧ મે
માનસિક પ્રામાણિકતા ૩૦૦
૨૮ મે
અવતાર ૩૦૩
૪ જૂન
નવીન જન્મ ૩૦૬

૧૧ જૂન
સર્વમાં નિહિત આધ્યાત્મિક સત્તા, એક સંરક્ષણ ૩૧૦
૧૮ જૂન
તત્ત્વજ્ઞાન, ધર્મ, ગુહ્યવિદ્યા અને આધ્યાત્મિક અનુભૂતિ ૩૧૨
૨૫ જૂન
શરીરમાં કરવાની સાધના ૩૧૭
૯ જુલાઈ
શ્રદ્ધા અને અંગત પ્રયત્ન ૩૨૦
૧૬ જુલાઈ
શું ધર્મ એક આવશ્યકતા છે? ૩૨૩
૨૩ જુલાઈ
અંતર્જ્ઞાનની શક્તિ કેવી રીતે ખીલવવી ૩૨૬
એકાગ્રતા ૩૩૦
૩૦ જુલાઈ
પ્લેન્ચેટ, સ્વયંભૂલેખન ૩૩૧
'સાબિતીઓ' અને જ્ઞાન ૩૩૬
૬ ઑગસ્ટ
સામૂહિક પ્રાર્થના, આદર્શ સમૂહ ૩૩૭
૧૩ ઑગસ્ટ
અમારા આશ્રમ નિવાસથી અમને લાભ કેમ થતો નથી? ૩૩૪
શ્રી અરવિંદ આપણને શું કહેવાને આવ્યા છે? ૩૪૩
ભગવાનની પ્રાપ્તિ ૩૪૪
૨૫ ઑગસ્ટ
શ્રી અરવિંદ અને દેવો સાથેનો સંબંધ ૩૪૪
૨૭ ઑગસ્ટ
ધ્યાન અને કલ્પના ૩૪૬
ચિંતનથી અભિકલ્પન અને અભિકલ્પનથી સિદ્ધાંત તરફ ૩૫૦
૩ સપ્ટેમ્બર
કલ્પનાને નિયંત્રિત કેવી રીતે કરવી ૩૫૩
માનસિક રચનાઓ ૩૫૫
૧૦ સપ્ટેમ્બર
જાદુ, ગુહ્યવિદ્યા, ભૌતિક વિજ્ઞાન ૩૫૭
૧૭ સપ્ટેમ્બર
અનુભૂતિની સંરચનાની શક્તિ ૩૬૫
માનસિક વિકાસની ઉપયોગિતા ૩૬૭
૨૪ સપ્ટેમ્બર
સત્ય અનુસાર જીવવું ૩૭૦
શબ્દો અને અનુભૂતિ ૩૭૨
૧ ઑક્ટોબર
નૈતિક પૂર્ણતાનો આદર્શ ૩૭૫
૮ ઑક્ટોબર
માનવ અને અતિમાનવ વચ્ચેની અવસ્થાઓ ૩૭૬
૨૨ ઑક્ટોબર
આધ્યાત્મિક જીવન : ચેતનાનું અવક્રમણ ૩૭૮
બીજાઓને સહાય કરવી ૩૮૦
૨૯ ઑક્ટોબર
માનસિક સ્વયંપર્યાપ્તતામાં નાનું છિદ્ર; કૃપા ૩૮૩
૫ નવેંબર
શાંત કેમ થવું તે જાણવું ૩૮૬
૧૨ નવેંબર
પરમાત્માનું લક્ષ્ય ૩૮૮
ભગવત્કૃપામાં વિશ્વાસ ૩૯૧
૨૬ નવેંબર
આત્માનું કાર્ય ૩૯૨
નવીન જન્મ ૩૯૪
શબ્દસૂચિ ૩૯૭

*

૨ જાન્યુઆરી ૧૯૫૭

"જો બ્રહ્મ માત્ર બિનઅંગત ભાવવાચક તત્ત્વ હોય કે જે આપણા સઘન અસ્તિત્વની દેખીતી હકીકતનો સનાતન કાળ માટે વિરોધ કરે, તો આપણા અસ્તિત્વનો, સંપૂર્ણ વિરાટ જીવનનો તથા વિશ્વનો સાચો અંત એ જ ઉકેલ ગણાય; પણ આપણે પ્રેમને, આનંદને, અને આત્મભાનને પણ ગણતરીમાં લેવાં જોઈએ.

વિશ્વ એ સંખ્યાઓ અને સિદ્ધાંતોના કહેવાતાં અમુક માનસિક ભાવવાચક તત્ત્વોના સંબંધને સમજવા માટેનો એક માત્ર ગાણિતિક સૂત્ર નથી કે જેનો અંત છેવટે શૂન્યમાં આવે; વળી તે એક ભૌતિક ક્રિયા માત્ર નથી કે જે શક્તિઓના અમુક સમીકરણને મૂર્ત કરે. વિશ્વ એક આત્મપ્રેમીનો આનંદ છે, સનાતન બાળકની લીલા છે, અનંત સર્જકતા પોતાની શક્તિના અતિઆનંદથી ઉન્મત્ત બનેલા એક કવિનો અનંત આત્મવિસ્તાર છે.

આપણે પરમાત્માએ સંખ્યાઓમાં વૈશ્વિક દાખલાઓનો ઉકેલ કરતા એક ગણિત શાસ્ત્રી હોય તેમ વર્ણવી શકીએ, અથવા પ્રયોગ દ્વારા તત્ત્વોના સંબંધોમાં તથા શક્તિઓની સમતુલામાં એક સમસ્યાનો ઉકેલ કરતો વિચારક હોય તેમ વર્ણવી શકીએ; પણ એ સાથે આપણે તે એક પ્રેમી છે, વૈશ્વિક અને વિશિષ્ટ સંવાદમયતાઓના ગાયક છે, બાળક છે, કવિ છે એમ પણ તેમના વિષે કથન કરવું જોઈએ. માત્ર વૈચારિક બાજુ પર્યાપ્ત નથી; આનંદની બાજુ પણ સંપૂર્ણપણે આપણે પકડવી જોઈએ, જ્યાં સુધી વિચારોને, બળોને, અસ્તિત્વોને, તત્ત્વોને ભગવાનના આનંદના ઉચ્છ્વાસથી પરિપૂર્ણ કરવામાં ન આવે, ત્યાં સુધી તે માત્ર પોલાં બીબાં છે.

આ વસ્તુઓ મૂર્તીકરણો છે, પણ સર્વ એક મૂર્તીકરણ છે. ભાવવાચક તત્ત્વો આપણને ભગવાનનાં સત્યોનો વિશુદ્ધ ખ્યાલ આપે છે; મૂર્તીકરણો આપણને તે સત્યોની જીવંત વાસ્તવિકતા આપે છે.

જો શક્તિને આલિંગન આપતા વિચારે સૃષ્ટિઓનું સર્જન કર્યું છે, તો પરમ અસ્તિત્વના આનંદે તે વિચારનું સર્જન કર્યું છે. અનંત પરમાત્માએ પોતામાં અસંખ્ય આનંદની કલ્પના કરી, અને તેથી જગતો અને વિશ્વો અસ્તિત્વમાં પ્રગટ્યાં.

સત્‌ની ચેતના અને સત્‌નો આનંદ એ પ્રથમ માતાપિતા છે. વળી તે બે આખરી ઉત્ક્રમણો છે. અચેતનના માત્ર સચેતનની વચગાળાની મૂર્ચ્છા અથવા તેની અસ્પષ્ટ નિદ્રા છે; વ્યથા અને આત્મવિલોપન સત્‌ પોતાની જાતથી દૂર ભાગી જાય છે જેથી તે પોતાની જાતને અન્યત્ર અથવા અન્યથા ખોળી કાઢી શકે તેનો આનંદ માત્ર છે.

સત્‌નો આનંદ કાળમાં મર્યાદિત નથી, તે અનાદિ અને અનંત છે. પરમાત્મા એક રૂપમાંથી બહાર આવે છે તે માત્ર બીજા રૂપમાં પ્રવેશ કરવા માટે જ.

આખરે પરમાત્મા શું છે? તે એક સનાતન ઉદ્યાનમાં સનાતન ક્રીડા કરી રહેલો સનાતન બાળક છે.

(થૉટ્સ એન્ડ એફેારિઝમ્સ સેન્ટીનરી વૉલ્યુમ્સ ૧૬, પૃષ્ઠ ૩૮૦-૮૧)

મધુર માતાજી, માણસ દેશકાળથી બહાર જઈ શકે?

તે કર્મીકરણની (દૃશ્યીકરણની), આવિષ્કરણની હકીકત છે, વાસ્તવિકતા છે, જેણે દેશકાળનું સર્જન કર્યું છે. તેમાંથી બહાર જવા માટે માણસોએ મૂળમાં પાછાં જવું જોઈએ, અર્થાત્‌ આવિષ્કરણની પર જવું જોઈએ. બાકી તો, પ્રથમ દૃશ્યીકરણથી માંડીને જ દેશકાળ સર્જાયાં હતાં.

શાશ્વતીની અને અનંતતાની એવી એક લાગણી, એવું એક દર્શન અથવા એવી એક અનુભૂતિ છે, કે જેમાં માણસને દેશકાળથી પર ચાલ્યા ગયાની લાગણી થાય છે. પણ તે એક લાગણી ખ્યાલ માત્ર છે.

માણસે બધાં રૂપોથી, ચેતનાનાં ખૂબ સૂક્ષ્મ રૂપોથી પણ પર ચાલ્યા જવું જોઈએ; તો જ તે દેશકાળથી પર ચાલ્યા જવાની લાગણી પ્રાપ્ત કરી શકે. સાચી સમાધિમાં પ્રવેશ કરેલા લોકોની તેવી સ્થિતિ હોય છે. જ્યારે તેઓ ફરી પાછા સામાન્ય ચેતનામાં આવે છે, ત્યારે તેમને કશું યાદ રહેતું હોતું નથી; કારણકે તે સમયે એવી કોઈ વસ્તુ જ ન હતી કે જેને તેઓ યાદ કરી શકે. આ બાબતમાં શ્રી અરવિંદ કહે છે કે જો બ્રહ્મ માત્ર બિનઅંગત ભાવવાચક તત્ત્વ હોય, તો સંપૂર્ણ વિનાશ જ

તેનો એક માત્ર તર્કસંગત ઉકેલ હોય. કારણકે એ વાત સ્પષ્ટ છે કે જો માણસ દેશકાળની બહાર ચાલ્યો જાય, તો સર્વ ભિન્ન અસ્તિત્વ આપોઆપ વિરામ પામી જાય.

તો પછી માણસ દેશકાળની બહાર ચાલ્યો જઈ શકે છે, પણ તેથી કાંઈ ઝાઝું પરિણામ આવતું નથી !

બસ એટલું જ છે ? તમે દેશકાળથી બહાર ચાલ્યા જવાનો પ્રયત્ન કર્યો છે ?

(બાળક જોરપૂર્વક માથું હલાવે છે.)

માતાજી, તમે નવા વર્ષનો સંદેશ સમજાવશો ? "ક્રોસ પર ચઢેલું શરીર નહિ, પણ તેજોમય બનેલું શરીર જગતનો ઉદ્ધાર કરશે" એ વાક્યનો અર્થ શો છે ?*

તમે સમજી શકશો તેવી કોઈ વાત હું તમને કહીશ.

એક દિવસે, કયારે તે મને બરાબર યાદ નથી, મને ઓચિંતી એક સ્મૃતિ થઈ આવી કે મારે નવા વર્ષનો સંદેશ આપવાનો છે. સામાન્ય રીતે આવા સંદેશમાં નવીન વર્ષમાં શું બનવાનું છે તે કહેવામાં આવતું હોય છે. કેટલાંક કારણોસર મારે કાંઈ કહેવાનું ન હતું; એટલે મેં મારી જાતને પૂછયું કે મારે શું કહેવાનું છે તે બાબત મને કોઈ સ્પષ્ટ સૂચન પ્રાપ્ત થશે કે કેમ ? મેં બરાબર આ જ પૂછયું હતું કે જગતમાં શ્રેષ્ઠ સ્થિતિ કઈ છે ? આ લોકોને મદદ કરવા માટે અથવા તેમને સત્યની વધારે નજીક આકર્ષવા માટે ચેતનાની આ સ્થિતિને લાવવામાં કઈ વસ્તુ જરૂરી છે ?

શ્રેષ્ઠ સ્થિતિ કઈ હતી ?

થોડાક કલાકો પછી મારા હાથમાં અમેરિકાથી આવેલી એક પુસ્તિકા આવી. તેનું નામ હતું 'માનવ કુટુંબ' જે ફોટોગ્રાફિક પ્રદર્શનના એક પ્રકારના સમાચાર

* "અનિષ્ટની શક્તિ કરતાં કોઈ વધારે બળવાન શક્તિ જ વિજયને પ્રાપ્ત કરી કરશે. ક્રોસ પર ચઢેલું શરીર નહિ, પણ તેજોમય શરીર જ જગતનો ઉદ્ધાર કરી શકશે."

તરીકે પ્રકાશિત કરવામાં આવી હતી. એ પુસ્તિકામાં વિષય અનુસાર વર્ગીકરણ કરાયેલાં ઉદ્ધરણો અને ઘણા ફોટાઓ હતા. તે બધાંનો હેતુ માણસોમાં ભ્રાતૃભાવની સાચી ભાવના જાગૃત કરવા માટે પ્રયત્ન કરવાનો હતો. તે બધું શકય યુદ્ધને નિવારવા માટે એક મહાન, કરુણ પ્રયાસ રૂપ હતું. ઉદ્ધરણો એવી એક સમાચારદાતા નારીએ પસંદ કર્યા હતા, કે જે અહીં આવી હતી અને જેને હું મળી હતી. એટલે આ બધું ખરેખર હૃદયંગમ રીતે આવ્યું. તે સામૂહિક દૃષ્ટિબિન્દુથી અત્યારે પૃથ્વી પર આવિર્ભાવ પામી શકે તેવી માનવીની શ્રેષ્ઠ સંકલ્પશકિતને અભિવ્યકત કરતું હતું. હું એમ નથી કહેતી કે કેટલાક લોકો વધારે ઉચ્ચ ભૂમિકા પર નથી ચઢયા અથવા વધારે સારી રીતે નથી સમજી શકતા; પણ તે વ્યકિતગત પ્રસંગો છે, માનવજાતિ માટે કાંઈક કરવા માટેનો સામૂહિક પ્રયત્ન નથી. મારું હૃદય ખળભળી ઉઠયું.

પછી હું તે પુસ્તિકાના અંતભાગ પર આવી, જેમાં માણસો એકબીજાને મારી નાંખતા અટકે તે માટેનો ઉપાય તેમની અજ્ઞાનભરેલી શુભેચ્છામાં, સૂચવવામાં આવ્યો હતો. તે ઉપાય એટલો બધો દરિદ્ર, નિર્બળ, અજ્ઞાનપૂર્ણ, અને બિનઅસરકારક હતો કે મારું હૃદય ખરેખર ખળભળી ઉઠયું. અને મને સ્વપ્ન આવ્યું કે આ પ્રદર્શન અહીં પોંડિચેરીમાં આવે જેથી આપણે તેમને બતાવી શકીએ, અને તેમની પુસ્તિકામાં એક ઉપસંહાર ઉમેરી શકીએ, જેમાં તેમની સમક્ષ સાચા ઉપાયને પ્રગટ કરવામાં આવ્યો હોય. તે બધું એક સઘન આકાર રૂપ બન્યું, જેમાં જરૂરી ફોટાઓ અને ઉદ્ધરણોનો સમાવેશ કરવામાં આવે. પછી તદ્ન નિશ્ચયાત્મક રીતે, ચેતનાના ઊંડાણમાંથી કાંઈક ઉભરાઈ આવતું હોય તેમ, આ વાકય આવ્યું. મેં તે લખી લીધું. મેં લખી લીધું કે તરત જ મેં મારી જાતને કહ્યું કે, "આ મારો સંદેશ છે." તેથી મેં નિર્ણય કર્યો કે તે મારો સંદેશ હશે તેથી તે પ્રગટ કરવામાં આવ્યો છે.

તેનો અર્થ એ છે કે આ વસ્તુ જ માનવ જાતિમાં સદ્ભાવના પેદા કરશે, આજે પૃથ્વી પર અભિવ્યકત થઈ શકે, પ્રગતિ કરાવે, તેવી શ્રેષ્ઠ વસ્તુ હોય, તેણે એક વિશિષ્ટ રૂપ ધારણ કર્યું છે. કારણ કે આ સદ્ભાવના એક ખ્રિસ્તી દેશમાંથી આવી છે, અને તેથી તેમાં સ્વાભાવિક રીતે જ એક ખાસ ખ્રિસ્તી અસર વરતાય છે. પણ આ વલણ જગતમાં સર્વત્ર જોવામાં આવે છે, પછી ભલે ભિન્ન ભિન્ન પ્રકારના દેશો અને ધર્મો અનુસાર તેને ભિન્ન ભિન્ન રીતે અભિવ્યકત કરવામાં આવી હોય. આ વલણમાં અજ્ઞાન સામે પ્રતિકાર્ય તરીકે મેં

આ લખ્યું હતું. સ્વાભાવિક રીતે જ ભારતમાં પણ તે જ વિચાર પ્રવર્તે છે: સર્વ ભૌતિક વાસ્તવિકતાના સંપૂર્ણ ત્યાગનો વિચાર, ભૌતિક જગત માટે એક ગહન તિરસ્કાર કે જે જગતને મિથ્યા અને અસત્ય માને છે, અને જે વિચાર શ્રી અરવિંદ કહે છે તે મુજબ, વિરોધી શકિતઓના સામ્રાજ્ય માટે ક્ષેત્રને નિર્મુકત કરી આપે છે. જો તમે દૂરની ભાવવાચક વાસ્તવિકતાની ખાતર સઘન વાસ્તવિકતામાંથી છટકી જાઓ, તો તમે સઘન સાક્ષાત્કારના સમગ્ર ક્ષેત્રને વિરોધી શકિતઓને હવાલે સંપૂર્ણ રીતે છોડી દો છો, જે શકિતઓએ અત્યારે જગત પર પકડ જમાવી છે અને ઓછાવત્તા પ્રમાણમાં જે શકિતઓ તેનું શાસન કરી રહી છે. અને તમે આ વાસ્તવિકતામાંથી એટલા માટે છટકી જાઓ છો કે શ્રી અરવિંદ જેને શૂન્ય કહે છે તેને તમે પ્રાપ્ત કરી શકો, તમે શૂન્યના સમ્રાટ બની શકો, તે નિર્વાણમાં પુનર્ગમન છે. આ વિચાર જગતમાં સર્વત્ર પ્રવર્તે છે, પણ તેને ભિન્ન ભિન્ન રીતે અભિવ્યકત કરવામાં આવ્યો છે.

અત્યાર સુધી આ દુષ્ટતાનો સામનો નિર્બળતાએ, ભૌતિક જગતમાં રૂપાંતર માટેની કોઈ તાકાત વગરના આધ્યાત્મિક બળે કર્યો હતો અને તેથી આ સદ્‌ભાવનાનો વિશાળ પ્રયાસ કરૂણાજનક નિષ્ફળતામાં પરિણમ્યો છે અને જગતને તેણે દુ:ખની, ભ્રષ્ટાચારની, અસત્યની તેજ સ્થિતિમાં છોડી દીધું છે. વિરોધી શકિતઓ જે ભૂમિકા ઉપર શાસન કરી રહી છે, તે જ ભૂમિકા ઉપર માણસે તેમના કરતાં વધારે બળ પ્રાપ્ત કરવું જોઈએ, જે બળ તે જ પ્રદેશમાં તેમના ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરી શકે. બીજા શબ્દોમાં કહીએ તો તે એક એવું આધ્યાત્મિક બળ હોવું જોઈએ કે જે ચેતનાનું તથા ભૌતિક જગતનું રૂપાંતર કરવા સમર્થ હોય. આ બળ તે અતિમાનસ શકિત છે. જરૂરનું એ છે કે આપણે ભૌતિક ભૂમિકા પર તેના કાર્ય પ્રત્યે ખુલ્લા બનીએ અને દૂરના નિર્વાણમાં ન દોડી જઈએ, પોતે ત્યજી દીધેલા ક્ષેત્રને શત્રુના સંપૂર્ણ કાબૂમાં ન છોડી દઈએ.

બલિદાન, ત્યાગ, સંન્યાસ કે નિર્બળતા આપણને વિજય પ્રાપ્ત નહિ કરાવી શકે. માત્ર આનંદ જ વિજય પ્રાપ્ત કરાવી શકે, કે જે આનંદ બળ છે, સહિષ્ણુતા છે, પરમ ધૈર્ય અને હિંમત છે, તે આનંદ અધિમનસની શકિત લાવી આપે છે. બધાનો ત્યાગ કરીને ભાગી જવા કરતાં આનંદને પ્રાપ્ત કરવો તે ઘણું કઠિન છે, તે અનંતગણી મહાન વીરતાની માંગ કરે છે. પણ વિજય પ્રાપ્ત કરવાનો તે જ એક માર્ગ છે.

શું બીજું કંઈજ નહિ? અહીં મારી પાસે કેટલાક પ્રશ્નો છે, પણ અત્યારે મોડું થઈ ગયું છે.

શ્રી માતાજી, આ નવી શકિત કે જે કાર્ય કરવાની છે તે વ્યકિતગત પ્રયત્ન દ્વારા કાર્ય કરશે કે તેના પર આધાર રાખ્યા સિવાય?

આ વિરોધ શા માટે ઊભો કરો છો? તે સર્વ વ્યકિતગત પ્રયત્ન પર આધાર રાખ્યા સિવાય, સ્વતંત્ર રીતે, જગતમાં કાર્ય કરે છે, પણ તે વ્યકિતગત પ્રયત્નને સર્જે છે, તેનો ઉપયોગ કરે છે. વ્યકિતગત પ્રયત્ન તેનાં કાર્ય કરવાનાં સાધનોમાંનું એક સાધન છે, કદાચ સૌથી વધારે બળિષ્ઠ. જો કોઈ એમ માને કે વ્યકિતગત પ્રયત્ન તે વ્યકિતનો પોતાનો છે, તો તે એક ભ્રમણા છે, પણ જો વ્યકિત એવું બહાનું કાઢે કે વૈશ્વિક ક્રિયા પોતાનાથી સ્વતંત્ર રીતે કાર્ય કરી રહી છે અને પોતે વ્યકિતગત પ્રયત્ન કરવાનો ઈન્કાર કરે, તો તે પોતાનું સહકાર્ય કરવાની ના પાડે છે. અતિમનસ્ શકિત હકીકતમાં વ્યકિતગત પ્રયત્નને પોતાનું સૌથી વધારે બળવાન સાધન માની તેનો ઉપયોગ કરે છે. એ શકિત જ તમારો વ્યકિતગત પ્રયત્ન છે.

એટલે તમે જોઈ શકશો કે જ્યારે પ્રાણિક અભિમાનને એમ કહેવામાં આવે છે કે તું તારા પોતામાં અસ્તિત્વ ધરાવતો જ નથી, ત્યારે તેની પ્રથમ ગતિ એમ કહેવાની હોય છે કે, તો પછી હવે હું કશું જ કરવાનો નથી. હું કાર્ય કરતો જ નથી તો પછી હવે હું કાર્ય નહિ કરું. એ તો બહુ સરસ થયું. ભગવાન પોતે બધું કરી શકે છે, તે તેમનું કામ છે, હવે હું જરાપણ હલનચલન કરીશ નહિ. જો હું યશભાગી ન બનવાનો હોઉં, તો હવે હું કંઈ જ કરવાનો નથી. ઠીક, પણ આમ કહેવું એ નિરર્થક છે. હું વારંવાર એ જવાબ સાંભળું છું. જે તે ખોટું લાગ્યું છે તેવું અભિમાન તે રીતે પોતાનો ઊભરો ઠાલવે છે. પણ સાચું વિશુદ્ધ પ્રતિકાર્ય એ છે કે માણસે ઉત્સાહપૂર્વક અતિમનસના કાર્યમાં ભાગ લેવો, સહકારી બનવું, સર્વ શકિત સાથે રમતની ક્રીડામાં ભાગ લેવો, તેમાં પોતાની ચેતનાની સર્વ સંકલ્પ–શક્તિનો વિનિયોગ કરવો. પછી પોતે જે સ્થિતિમાં હોય ત્યાં રહીને, એવી લાગણી સેવવી કે મારા કરતાં અનંતગણી મહાન શકિત મને ટેકો આપી રહી છે, મને દોરી રહી છે કે જે શકિત કદી ભૂલો કરતી નથી, જે મારું રક્ષણ કરે છે, અને સાથે સાથે મને જરૂરી સર્વ બળ આપે છે અને શ્રેષ્ઠ સાધન તરીકે મારો ઉપયોગ કરે છે. જ્યારે માણસ એવી લાગણી અનુભવે છે કે હું સલામતીમાં કાર્ય કરી

રહ્યો છું, ત્યારે તે કદી ભૂલો કરતો હોતો નથી, પોતે જે કરે છે તે અતિ આનંદ-પૂર્વક કરીને વધારેમાં વધારે સારાં પરિણામો લાવે છે, આ સાચી ગતિ છે. એમ અનુભવવું કે મારી સંકલ્પશકિત ખૂબ પરિપુષ્ટ અને બળિષ્ઠ બની છે. કારણકે તે અનંતતામાં એક નાનકડી, અતિસૂક્ષ્મ વ્યકિત નથી પણ એક અનંત વૈશ્વિક શકિત છે કે જે તમારી પાસે કાર્ય કરાવી રહી છે, તે સત્યની શકિત છે! આ જ સાચું પ્રતિકાર્ય છે.

બીજું પ્રતિકાર્ય દુ:ખપૂર્ણ છે. "અરેરે, હું તો કાર્ય કરતો જ નથી; અરેરે, મારી સંકલ્પશકિત અભિવ્યક્ત થતી જ નથી, અરેરે, મારી શકિત કાર્ય કરતી જ નથી; એટલે હું સૂઈ જઈશ, તદ્દન જડ નિષ્ક્રિયતામાં આડે તાણીને સૂઈ જઈશ. હું હલનચલન નહિ કરું." તે ભગવાનને કહે છે કે "તો પછી તમને ઠીક લાગે તેમ કર્યા કરો. મારું અસ્તિત્વ હવે રહ્યું જ નથી." એ તો સાચે જ હીન વલણ કહેવાય.

*

૯ જાન્યુઆરી ૧૯૫૭

"પ્રકૃતિ પ્રત્યે નીચા વળ્યા સિવાય ભગવાન રહી શકતા નથી અને મનુષ્ય ભગવાન પ્રત્યે અભીપ્સા સેવ્યા સિવાય રહી શકતો નથી. તે સાન્તનો અનંત સાથે સનાતન સંબંધ છે. જ્યારે તે બન્ને એકબીજાથી વિમુખ બનતા દેખાય છે, ત્યારે તે બંને વધારે ગાઢ મિલન માટે જ વિમુખ બનતા હોય છે.

મનુષ્યમાં જગતની પ્રકૃતિ ફરી પાછી આત્મસભાન બને છે, જેથી તે તેના ભોકતા પ્રત્યે વધારે મોટી છલાંગ મારી શકે. તે ભોકતાને અજ્ઞાનપણે પોતાનો બનાવી લે છે; પોતાનો બનાવી લીધેલા ભોકતાનો જીવન અને ઈન્દ્રિયજન્ય લાગણી ઈન્કાર કરે છે અને ઈન્કાર કરતાં કરતાં તે ભોકતાની જ ખોજ કરે છે. વિશ્વની પ્રકૃતિ ભગવાનને જાણતી નથી, કારણકે તે પોતાની જાતને જાણતી હોતી નથી. જ્યારે તે પોતાની જાતને જાણે છે, ત્યારે તે અસ્તિત્વના વિશુદ્ધ આનંદને જાણશે.

એકતામાં સ્વામિત્વ, એકતામાં ખોવાપણું નહિ એ રહસ્ય છે. ભગવાન અને મનુષ્ય, વિશ્વ અને વિશ્વથી પર જ્યારે એક બીજાને જાણે છે, ત્યારે તે બન્ને એક બની જાય છે. તે બેનો ભેદ અજ્ઞાનનું કારણ છે, કારણકે અજ્ઞાન દુ:ખનું કારણ છે.

(થોટ્સ એન્ડ એફોરિઝમ્સ સેન્ટીનરી વૉલ્યુમ્સ ૧૬, પૃષ્ઠ ૩૮૨)

અહીં શ્રી અરવિંદ જે કહી રહ્યા છે તે મુજબ, વિશ્વની વાસ્તવિકતા એ ભગવાન છે, પણ તાત્ત્વિક રીતે તે આનંદ છે. વિશ્વ આનંદમાં અને આનંદ માટે સર્જાયું છે. પણ આનંદ માત્ર સૃષ્ટિની સ્રષ્ટા સાથે એકતામાં જ અસ્તિત્વ ધરાવી શકે. શ્રી અરવિંદ આ એકતાને સ્વામિત્વ ધરાવનાર, સર્જક તરીકે વર્ણવે છે, સ્વામી પર તેમની સૃષ્ટિનું સ્વામિત્વ સ્થપાય છે; તે એક પ્રકારનું પરસ્પર સ્વામિત્વ છે, જે એકતાનું પરમ તત્ત્વ છે, સર્વ આનંદનું ઉદ્‌ગમસ્થાન છે.

ભેદને કારણે, કારણકે સ્વામી સ્વામિત્વ રાખતો નથી અને જેના પર સ્વામિત્વ છે તે સૃષ્ટિ સ્વામી પર સ્વામિત્વ રાખતી નથી, તેથી ભેદ સર્જાય છે અને તાત્ત્વિક આનંદ અજ્ઞાનમાં પરિણત થાય છે; આ અજ્ઞાન જ સર્વ દુ:ખનું કારણ છે. આ અજ્ઞાન, સામાન્ય રીતે જેને કહેવામાં આવે છે તે અજ્ઞાન નથી, કારણકે તેને તો શ્રી અરવિંદ અવિદ્યા કહે છે. તે અજ્ઞાન અવિદ્યાનું પરિણામ છે. સાચું અજ્ઞાન તો એકતાનું, મિલનનું, તાદાત્મ્યનું અજ્ઞાન છે. તે જ અજ્ઞાન સર્વ દુ:ખનું કારણ છે.

જ્યારથી ભેદ શરૂ થયો અને સૃષ્ટિએ પોતાના સ્રષ્ટા સાથેનો સંપર્ક ગુમાવ્યો ત્યારથી અજ્ઞાનનું શાસન ચાલતું આવ્યું છે અને સર્વ દુ:ખ તેનું પરિણામ છે.

જેમને આંતર અનુભૂતિ પ્રાપ્ત થઈ છે તેવા બધાનો આ અનુભવ છે કે જે ક્ષણે મનુષ્ય પોતાના દિવ્ય ઉદ્‌ગમસ્થાન સાથે ફરી મિલન સ્થાપિત કરે છે, તે જ ક્ષણે સર્વ દુ:ખ અદૃશ્ય થઈ જાય છે. પણ એક ખૂબ પકડ જમાવેલી ગતિ છે, જેને વિષે મેં તમને ગયે અઠવાડિયે વાત કરી હતી, જે ગતિએ સૃષ્ટિના મૂળમાં આ તાત્ત્વિક મૂળ આનંદને નહિ, પણ કામનાને મૂકી આપી હતી. સૃષ્ટિના, આત્મ-પ્રગટીકરણના, આત્માભિવ્યકિતના આ આનંદને ઘણા સાધકોએ અને ઋષિઓએ કામ તરીકે વર્ણવ્યો છે, આનંદ તરીકે નહિ. બૌદ્ધ ધર્મની આખી પરંપરા તે પ્રકારની છે. જે એકતા આપણને આવિર્ભાવના અને અસ્તિત્વના તાત્ત્વિક આનંદને પાછો લાવી આપે છે, તેમાં ઉકેલ શોધવાને બદલે તેમણે એમ માની લીધું છે કે અસ્તિત્વ

ધરાવવાની સર્વ કામનાનો સંપૂર્ણ ત્યાગ અને વિનાશમાં પુનર્ગમન એ જ લક્ષ્ય છે અને માર્ગ છે.

આ ખ્યાલ એ મૌલિક ગેરસમજ છે. આત્મમુક્તિ માટે જેમની ભલામણ કરવામાં આવી છે તે પદ્ધતિઓ વિકાસ માટેની પદ્ધતિઓ છે, જે ખૂબ ઉપયોગી નીવડી શકે. પણ આ ખ્યાલ કે જગત્ મૂળ મુદ્દે ખરાબ છે; કારણકે તે કામનાનું પરિણામ છે, જે જગત્માંથી આપણે બને તેટલા જલ્દી, ગમે તે ભોગે, છટકી જવું જોઈએ એ ખ્યાલ માનવજાતિના ઈતિહાસમાં સર્વ આધ્યાત્મિક જીવનની સૌથી વધારે મોટી અને ગંભીર વિકૃતિ છે.

તે ખ્યાલ કદાચ અમુક સમય માટે ઉપયોગી બની શક્યો હશે, કારણકે જગતના ઈતિહાસમાં દરેક વસ્તુ ઉપયોગી છે; પણ તેની ઉપયોગિતા ભૂતકાળની બની ગઈ છે, તે ઘસાઈ ગઈ છે, અને એ ખ્યાલને તિલાંજલિ આપવાનો સમય પાકી ગયો છે; આપણે વધારે તાત્ત્વિક અને ઉચ્ચતર સત્ય પ્રત્યે પાછા જવું જોઈએ, અસ્તિત્વના આનંદને પ્રાપ્ત કરી શકીએ, ભગવાનના મિલનના અને પ્રગટીકરણના આનંદને માણી શકીએ.

પાર્થિવ સાક્ષાત્કારની આ નવીન સમજે સર્વ પહેલાંના આધ્યાત્મિક ખ્યાલોનું સ્થાન લેવું જોઈએ અને અતિમનસ્‌ના સાક્ષાત્કારની નવીન અનુભૂતિનો માર્ગ ખુલ્લો કરી આપવો જોઈએ. તેથી મેં તમને ગયે અઠવાડિયે કહ્યું હતું કે માત્ર સાચો દિવ્ય આનંદ જ વિજયને લાવી શકશે.

સ્વાભાવિક રીતે જ આ આનંદના સ્વરૂપ વિષે કોઈ પણ પ્રકારનો ગૂંચવાડો ન હોવો જોઈએ. તેથી શ્રી અરવિંદ શરૂઆતથી જ આપણને સાવધાન કરે છે કે જ્યારે સાધક સર્વ ઊપભોગોથી પર ચાલ્યો જાય છે, ત્યારે જ તે આનંદમાં પ્રવેશી શકે છે. આનંદ ચોક્કસપણે તે સ્થિતિ છે, કે જે આનંદના પ્રગટીકરણમાંથી પ્રાપ્ત થાય છે. પણ સામાન્ય રીતે જેને ઊપભોગનો આનંદ કહેવામાં આવે છે તેમાંથી તે તદ્દન વિરુદ્ધ પ્રકારનો છે. તે ઈન્દ્રિયજન્ય સુખોનો સંપૂર્ણપણે ત્યાગ કરવો જોઈએ; તો જ તે ભૂમાનો આનંદ મળે.

(એક બાળકને) તારે કંઈ પૂછવું છે?

મારે એક પ્રશ્ન છે, પણ તે ભાગ હજી આપણે વાંચ્યો નથી.

તે પ્રશ્ન શો છે?

તે પ્રશ્ન પરમાત્મા અને પ્રકૃતિ સંબંધી છે.

તે પ્રશ્ન શો છે?

જ્યારે તેમની ઝાંખી થાય છે, ત્યારે પરમાત્મા અને પ્રકૃતિ એકબીજાથી અલગ શા માટે ભાગી જાય છે?*

ક્રીડા માટે, લીલા માટે. તે કહે છે કે તે બન્ને ખેલી રહ્યાં છે.

(એક તરુણ શિષ્ય) માતાજી, તે લીલા છે, ક્રીડા છે એ વાત શું પ્રકૃતિ જાણે છે? ભગવાન તો જાણે છે કે તે લીલા છે; પણ પ્રકૃતિ તે જાણે છે?

મને લાગે છે કે પ્રકૃતિ પણ તે જાણે છે; માત્ર મનુષ્ય જ તે નથી જાણતો!

(બીજો બાળક) મધુર મા, પ્રકૃતિ કયાં સંતાઈ જઈ શકે?

તે કયાં સંતાઈ જઈ શકે? મારા બાળક તે અચેતનતામાં સંતાઈ જાય છે. અચેતનતા એ સંતાઈ જવા માટેનું મોટામાં મોટું સ્થાન છે. વળી પરમાત્મા પણ અચેતનતામાં સંતાઈ જાય છે.

કદાચ, જ્યારે માણસ જાણે છે કે એ એક લીલા છે, ગમ્મત માટેની ક્રીડા છે, ત્યારે તે આનંદદાયક લાગે છે. પણ જ્યારે માણસ તેને લીલા જાણતો નથી, ત્યારે

---

* "પરમાત્મા અને પ્રકૃતિ એકબીજાના પ્રેમમાં પડેલાં અને ખેલતાં કુમાર અને કુમારી જેવાં છે. (ઝાંખી થતાં) તેઓ એકબીજાથી સંતાઈ જાય છે, જેથી તેઓ એકબીજાને શોધે, પીછો પકડે અને પકડી પાડે.

(થોટ્સ એન્ડ એફોરિઝમ્સ, સેન્ટીનરી વૉલ્યુમ્સ ૧૬; પૃષ્ઠ ૩૮૨)

તે આનંદદાયક નથી લાગતો. સમજ્યા ? જ્યારે સાધક બીજી બાજુએ, ભગવાનની બાજુએ ચાલ્યો જાય છે, ત્યારે જ તેને તે લીલા તરીકે જોઈ શકે છે. અર્થાત્ જ્યાં સુધી આપણે અજ્ઞાનમાં છીએ, ત્યાં સુધી જે વસ્તુ આપણને પથ આપવા, પ્રસન્ન કરવા સર્જાઈ હતી તે આપણને દુ:ખદાયી નીવડે છે. તેનો પાયાનો અર્થ આ નીકળે છે કે જ્યારે માણસ કોઈ કાર્ય બુદ્ધિપૂર્વક કરે છે, પોતે શું કરી રહ્યો છે તેની સમજ-પૂર્વક કરે છે, ત્યારે તે રસપ્રદ અને ખૂબ આનંદદાયી નીવડે છે, પણ જ્યારે તમે તે બુદ્ધિપૂર્વક કરતા હોતા નથી, સમજપૂર્વક કરતા હોતા નથી, જ્યારે તમને એમ લાગે છે કે તે તમારા પર ઠોકી બેસાડવામાં આવ્યું છે, તમારે તે સહન કર્યે જ છૂટકો છે, ત્યારે તે આનંદદાયી બનતું નથી.

એટલે તમને હંમેશાં આ ઉકેલ આપવામાં આવતો હોય છે કે તમારે શીખી લેવું જોઈએ, જાણવું જોઈએ, તે કાર્ય બુદ્ધિપૂર્વક કરવું જોઈએ. પણ મારી સાચી માગણી આ છે કે તે લીલામાં પરિવર્તન લાવવું તે વધારે સારું છે. જ્યારે માણસ તે સ્થિતિમાં આવે છે, ત્યારે તે સ્મિત કરી શકે છે, સમજી શકે છે, મજા પણ માણી શકે છે. પણ જ્યારે તે જુએ છે અને સભાન બને છે કે બીજા બધા લોકો એમ જાણતા હોતા નથી કે તેઓ ક્રીડા, લીલા કરે છે, લીલાને તે બહુ ગંભીરપણે સ્વીકારતા હોય છે, અને તેમને તે દુ:ખદાયી લાગે છે, ત્યારે મને એમ લાગે છે કે તે માણસે લીલામાં પરિવર્તન લાવવાનું પસંદ કરવું જોઈએ. આ કેવળ મારો અંગત અભિપ્રાય છે.

હું બરાબર જાણું છું કે જ્યારે નીચે રહીને સહન કરવાને બદલે માણસ બીજી બાજૂએ તરી ગયા હોય છે, જ્યારે તે ઊર્ધ્વમાં હોય છે, માત્ર સાક્ષીભાવે જોતો જ હોતો નથી, પણ પોતે ક્રિયાશીલ બને છે, ત્યારે એક એવું સંપૂર્ણ પરિવર્તન થઈ જાય છે કે આ અચેતનતામાં પોતે જે ભાર વહન કરી રહ્યો હતો, અજ્ઞાનને પોતાની પીઠ પર લાદીને ફરતો હતો, પોતે કયાં, કેવી રીતે, શા માટે જઈ રહ્યો છે તે જાણ્યા સિવાય પરિસ્થિતિઓને સહન કરી રહ્યો હતો, તેને સ્મૃતિમાં લાવવું કઠિન બની જાય છે. જ્યારે તે બધું ભુલી જાય છે, ત્યારે જ તે કહી શકે કે આ બધું એક સનાતન ઉદ્યાનમાં એક સનાતન ક્રીડા છે. પણ તે એક આનંદદાયી ક્રીડા બની શકે તેટલા માટે, દરેક જણે તે ખેલના નિયમો જાણી લઈને તે ખેલ રમવા સમર્થ બનવું જોઈએ. જ્યાં સુધી માણસ ખેલના નિયમો જાણતો હોતો નથી, ત્યાં સુધી તે ક્રીડા તેને માટે આનંદદાયી બનતી નથી. એટલે તમને આ ઉકેલ આપવામાં આવે છે કે ખેલના નિયમો જાણી લો. પણ દરેક માણસ તેમ કરી શકે તેમ નથી.

મારા મનમાં એક એવી પ્રબળ છાપ છે કે એક વ્યવહારુ મશ્કરો આવ્યો, તેણે રમતને બગાડી મૂકી, રમતને નાટયાત્મક બનાવી મૂકી. આ વ્યવહારુ મશ્કરો તે સ્પષ્ટ રીતે ભેદનું અને અજ્ઞાનનું કારણ છે કે જે અજ્ઞાન આ ભેદનું પરિણામ છે. બધી આધ્યાત્મિક પરંપરા હોવા છતાં, એમ માની લેવું કઠિન છે કે આ ભેદની, અજ્ઞાનની, દુ:ખની સ્થિતિ, સૃષ્ટિના પ્રારંભ કાળે, પહેલેથી જોઈ લેવામાં બધું કહેવાયું હોવા છતાં, માણસને એમ માનવું ગમતું હોતું નથી આવી હતી, કે પહેલેથી જોઈ લઈ શકાય તેવી તે સ્થિતિ હતી. સાચેજ, હું એમ માનતી નથી. હું તેને એક ભયંકર અકસ્માત કહું છું; પણ છતાં માનવ ચેતના માટે તે એક ભયંકર અકસ્માત છે; વૈશ્વિક ચેતના માટે તે એક એવો અકસ્માત હોઈ શકે કે જેનો ઈલાજ થઈ શકે તેમ છે. જ્યારે તે અકસ્માતનો ઈલાજ લેવાઈ ગયો હશે, ત્યારે આપણ તેને યાદ કરીને એમ કહેવા માટે સમર્થ બનીશું કે ઓહ, તે અકસ્માતે આપણને એવું કાંઈક આપ્યું છે કે જે અકસ્માત સિવાય આપણે પ્રાપ્ત ન કરી શકયા હોત પણ પ્રથમ તો આપણે તેનો ઈલાજ કરવા માટે રાહ જોવી જોઈએ.

ગમે તેમ હોય, પણ મને ખબર નથી કે એવા લોકો છે કે જેઓ એમ કહે છે કે આ બધું પહેલેથી જોઈ લેવામાં આવ્યું હતું, ભગવાને તે માટેનો સંકલ્પ કર્યો હતો. પણ હું તમને કહું છું કે આ બધું પહેલેથી જોઈ લેવામાં આવ્યું ન હતું. ભગવાને તે માટેનો સંકલ્પ કર્યો ન હતો. તેટલા જ માટે જ્યારે તે ઓચિંતો અકસ્માત્ બન્યો, ત્યારે મૂળ ઉદ્‌ગમસ્થાનમાંથી તરત એક એવી કોઈ ચીજ ઉછળી આવી, જે જો આ અકસ્માત ન બન્યો હોત તો કદાચ પ્રગટ ન થાત. જો આનંદ આનંદ રહ્યો હોત, આનંદ તરીકે જ તેનો ખ્યાલ રહ્યો હોત, બધું આનંદમાં અને મિલનમાં જ ઉદ્‌ભવ્યું હોત, ભેદમાં નહિ, તો દિવ્ય ચેતનાને અચેતનતામાં પ્રેમ તરીકે ડૂબકી મારવાની જરૂર ઉભી ન થઈ હોત. તેથી જ્યારે માણસ દૂર-સુદૂરથી, ઊર્ધ્વમાંથી આને જુએ છે, ત્યારે તે કહે છે કે આખરે આ અકસ્માતમાંથી અમુક લાભ તો પ્રાપ્ત થયો જ છે. પણ તે પ્રમાણે કહેવા માટે માણસે તે અકસ્માતને ખૂબ દૂરથી, મોટી ઊંચાઈ પરથી જોવો જોઈએ. જ્યારે તે અકસ્માતને ખૂબ પાછળ મૂકી દેવામાં આવ્યો હોય છે, માણસ આ સ્થિતિથી પર ચાલ્યો ગયો હોય છે, એકતામાં અને આનંદમાં પ્રવેશ્યો હોય છે, જ્યારે ભેદ, અચેતનતા, દુ:ખ અદૃશ્ય થઈ ગયાં હોય છે, ત્યારે તે ખૂબ જ્ઞાનપૂર્વક કહી શકે કે, ઓહ, હા, હા, આપણે એવી એક અનુભૂતિ પ્રાપ્ત કરી છે કે જેને આપણે તે અકસ્માત વિના પ્રાપ્ત ન કરી હોત. પણ તે અનુભૂતિ આપણી પાછળ હોવી જોઈએ, આપણે તે અનુભૂતિની

મધ્યમાં ન હોવા જોઈએ. હું આ વાત જાણું છું કે જે કોઈ માણસ આ સ્થિતિમાંથી બહાર આવ્યો છે, જે એકતાની ચેતનામાં જીવન ધારણ કરે છે, જેને માટે અજ્ઞાન કોઈક બાહ્ય ચીજ છે, જેને માટે હવે અજ્ઞાન નજીકનું અને દુ:ખદાયી નથી, તેવા માણસ માટે પણ, ઉપેક્ષાના સ્મિત સાથે, તે સ્થિતિમાંથી બહાર નહિ આવેલા લોકોનાં દુ:ખો જોવાં તે અશક્ય છે. મને તે અશક્ય લાગે છે. તેથી એ આવશ્યક છે કે, વિશ્વમાંની વસ્તુઓનું પરિવર્તન થવું જોઈએ, અને માંદગીની તીવ્ર સ્થિતિ અદૃશ્ય થઈ જવી જોઈએ. જેથી આપણે કહી શકાય કે, હા, હા, અમને આ અકસ્માતથી લાભ પ્રાપ્ત થયો છે. એ સાચું છે કે કોઈકે લાભ પ્રાપ્ત થયો છે, પણ તે લાભ માટે આકરી કિંમત ચૂકવવી પડી છે.

તેથી હું માનું છું કે, તે કારણે કે ઘણા દીક્ષિતો અને ઋષિમુનિઓ નિર્વાણના ઉકેલ પ્રત્યે આકર્ષાયા છે, કારણકે અજ્ઞાનમય આવિર્ભાવનાં પરિણામોમાંથી છટકી જવાનો તે સ્પષ્ટ રીતે ખૂબ મૌલિક માર્ગ છે.

આ પ્રગટીકરણનું સાચી દિવ્ય વાસ્તવિકતામાં રૂપાંતર કરવું તે જ ઘણો વધારે ઉચ્ચ ઉકેલ છે. આ ઉકેલ માટે જ અત્યારે અમે પ્રયત્ન કરવા માગીએ છીએ, અને એક યા તો બીજા દિવસે તેમાં સફળ થવાની ખાતરી રાખીએ છીએ, કારણકે વસ્તુસ્થિતિ ગમે તેવી હોય, પણ સત્ય સનાતન કાળ માટે સત્ય જ રહેવાનું છે, જે તાત્ત્વિક રીતે સત્ય છે તે આજે કે કાલે સાક્ષાત્કારમાં પણ અનિવાર્ય રીતે સત્ય થવાનું છે. શ્રી અરવિંદે આપણને કહ્યું છે કે આપણે તે માર્ગ પર પ્રથમ પગલાં માંડયાં હતાં, અને હવે તે કાર્ય પરિપૂર્ણ રીતે સિદ્ધ કરવાનો સમય પાકી ગયો છે; તેથી આપણે માત્ર યાત્રાનો પ્રારંભ જ કરવાનો છે, માત્ર એટલું જ કરવાનું છે.

એટલે તારો પ્રશ્ન? (સંતાકૂકડીની રમત વિષે જે બાળકે પ્રશ્ન કર્યો હતો તેના પ્રત્યે) તારે આ જાણવાની ઇચ્છા હતી ને?

વાસ્તવિક રીતે તું પૂછવા માગતો હતો કે વિશ્વ આવું કેમ?

હા, આપણે તે વાતને ઊલટાવી શકીએ. વિશ્વ આ પ્રકારનું છે, ભગવાન અને મનુષ્ય આ પ્રકારના છે, આ પ્રકારના દેખાય છે, એમ કહેવાને બદલે આપણે એમ કહેવું જોઈએ કે વર્તમાન ક્ષણે ભગવાન અને માનવ વચ્ચે જે તાત્ત્વિક સંબંધ છે તેની કદાચ આ બાહ્ય, ઉપરચોટિયા અભિવ્યક્તિ છે.

અર્થાત્ જ્યારે માણસ લીલા, ક્રીડા કરે છે, ત્યારે તે ગંભીર હોય છે, તેના કરતાં વધારે દિવ્ય હોય છે. (હાસ્યપૂર્વક) પણ આમ કહેવું તે હંમેશાં સારું નથી. કદાચ પંડિતની વિદ્વત્તા કરતાં અથવા સંતની તપસ્યા કરતાં બાળકોની સ્વયંભૂ ક્રીડામાં વધારે દિવ્યતા રહેલી છે. હંમેશાં હું એમ જ વિચારતી આવી છું, (સ્મિતપૂર્વક) બાળકોની દિવ્યતા પોતાની જાતથી અભાન હોય છે, એટલું જ.

મારે કબૂલ કરવું જોઈએ કે જ્યારે હું ખૂબ ગંભીર હોઉં છું, ત્યારે મને એમ લાગે છે કે હું તાત્ત્વિક રીતે મારી સાચી જાતને વ્યકત કરી રહી છું. ગંભીરતા મને એવો ત્રાસ પેદા કરે છે કે જાણે હું આ સૃષ્ટિનો અસ્પષ્ટ, વજનદાર ભાર વહન ન કરતી હોઉં. પણ જ્યારે હું ખેલતી હોઉં છું, હસતી હોઉં છું, મારી જાતની મજા માણતી હોઉં છું, ત્યારે મને એમ લાગે છે કે જાણે આનંદનું સૂક્ષ્મ ચૂર્ણ ઊર્ધ્વમાંથી વરસે છે, અને આ સૃષ્ટિને, જગતને એક બહુ ખાસ રંગથી રંગી દે છે. અને તે વિશ્વે તાત્ત્વિક રીતે જે પ્રકારનું બનવું જોઈએ તે સ્વરૂપ પ્રત્યે તે જગતને વધારે નજીક લઈ જાય છે.

> માતાજી, તમે કયારે અને શા માટે ગંભીર બની જતાં હો છો?

ઠીક તમે મને કોઈ વાર ગંભીર બનેલી જોઈ છે, નહિ, વારું? જ્યારે હું એક પગથિયું નીચે ઉતરતી હોઉં છું, જ્યારે કોઈક ડૂબી જતું હોય છે અથવા મુશ્કેલીમાં મૂકાઈ ગયેલું હોય છે, ત્યારે તેને પાણીમાંથી ખેંચી કાઢીને બહાર કિનારે લાવવા માટે માણસે કિનારા પરથી નીચે પાણીમાં ઉતરવું જ પડે છે, કદાચ તે મારી ગંભીરતાનું કારણ છે. જ્યારે સૃષ્ટિ ખાસ પ્રકારની મુશ્કેલીમાં હોય, ત્યારે થોડુંક નીચે આવવું પડે છે, જરાક ખેંચવું પડે છે, અને તેથી ગંભીર થઈ જવાય છે. પણ જ્યારે બધું બરાબર ચાલતું હોય, ત્યારે હસી શકાય અને આત્મ-મોજ માણી શકાય.

એમ કહી શકાય કે સર્વ ઉપદેશો, સવ પ્રોત્સાહનો, સર્વ પ્રાર્થનાઓ અને આહ્વાનો, શ્રી અરવિંદ જેને નિમ્નતર ગોળાર્ધ કહે છે ત્યાંથી, આવતાં હોય છે. તે શિખર હોય, સીમાડાનો પ્રદેશ હોય, આ નિમ્નતર ગોળાર્ધનો છેડો હોય, પણ ત્યારે માણસ હજુ પણ નિમ્નતર ગોળાર્ધમાં જ હોય છે. જે ક્ષણે તે બીજી બાજુએ

ચાલ્યો જાય છે, ત્યારે આ બધું નિરર્થક, લગભગ છોકરમત જેવું, અને અજ્ઞાનપૂર્ણ લાગે છે. છતાં પણ અમુક વખતે આ સ્થિતિમાં હોવું અને બીજે સમયે બીજી બાજૂના છેડા પર હોવું તે એક ખૂબ રસપ્રદ અનુભવ છે. આ બીજી બાજુનો છેડો, કે જે માનવ ચેતના માટે લગભગ અપ્રાપ્ય શિખર સમાન છે તે સચેતનતાપૂર્વક, નિર્મુકિતપૂર્વક ઉચ્ચતર ગોળાર્ધમાં રહેનાર વ્યકિત માટે એક અવતરણ છે.

પાછળથી હું ઈચ્છું છું કે, આપણે 'દિવ્ય જીવન'નાં છેલ્લાં પ્રકરણો વાંચીશું. મને લાગે છે કે, તમે તે પ્રકરણો સમજવા પૂરતા પાકટ અને પરિપકવ બનતા જાઓ છો, ત્યારે તમે અનેક પ્રકારની વસ્તુઓ સમજવા શકિતશાળી બનશો; ત્યારે આપણે મૂળ ભાગ પર આધારિત જે વિષયો ચર્ચીશું તેમને તમે સમજી શકશો. તે તમને સાક્ષાત્કાર પ્રત્યે એક મહત્ત્વનું પગલું આગળ ભરવામાં મદદગાર થશે. શ્રી અરવિંદ બહુ જ ચોક્કસ રીતે, આશ્ચર્યકારક રીતે, ચેતનાની આ બે સ્થિતિઓ વચ્ચેના ભેદનું વર્ણન કરે છે, માણસને જે સાક્ષાત્કારની આખરી પરિપૂર્ણતા લાગે છે તે કેવી રીતે હજી પણ નિમ્નતર ગોળાર્ધમાંની વસ્તુ હોય છે, જેમાં માનવે જાણેલા દેવો સાથેના સંબંધોનો પણ સમાવેશ થઈ જાય છે, કયી રીતે આ બધી વસ્તુઓ હજી પણ ખૂબખૂબ નિમ્નતર ગોળાર્ધમાં હોય છે, અને સાચી સ્થિતિ, જેને શ્રી અરવિંદ અતિમનસ્‌ની સ્થિતિ કહે છે તે કયા પ્રકારની હોય છે, જેને નિમ્નતર ગોળાર્ધની પર ગયેલો માનવ પ્રાપ્ત કરતો હોય છે.

જ્યાં સુધી માનવ નિમ્નતર ગોળાર્ધથી સભાનપણે પર ગયો હોતો નથી, ત્યાં સુધી અનેક વસ્તુઓનું એવું એક જગત છે કે જેને તે સમજી શકતો નથી. એટલે હું હવે એમ ઈચ્છું છું કે આપણે બધાં એકઠાં મળીને માર્ગને ખુલ્લો કરીએ અને જરાક ઊર્ધ્વમાં આગળ ધપીએ. આપણી તે સ્થિતિ છે.

*

૧૬ જાન્યુઆરી ૧૯૫૭

" પ્રથમ તો માણસ અંધતાપૂર્વક ખોજ કરે છે, અને તે જાણતો પણ નથી હોતો કે હું મારા દિવ્ય આત્માની ખોજ કરી રહ્યો છું," કારણકે તે ભૌતિક પ્રકૃતિની અસ્પષ્ટતામાંથી, જડતામાંથી ખોજની શરૂઆત કરે છે. અને તે દર્શન કરવાની શરૂઆત કરે છે, ત્યારે પણ પોતાનામાં વધતા જતા પ્રકાશથી લાંબા સમય સુધી તે અંજાઈ જતો હોય છે, અંધ બની જતો હોય છે. પરમાત્મા પણ તેની ખોજનો પ્રત્યુત્તર અસ્પષ્ટતાપૂર્વક આપે છે; તે પણ માનવની અંધતાને ખોજતા હોય છે અને તેની મજા માણતા હોય છે. પોતાની માતાને ફંફોસીને ખોજતા નાના બાળકના હાથની પેઠે."

(થોટ્સ એન્ડ એફોરિઝમ્સ, સેન્ટીનરી વૉલ્યુમ્સ ૧૬, પૃષ્ઠ ૩૮૨)

> મધુર માતાજી, એ કેવી રીતે બની શકે કે માણસ કોઈક વસ્તુને ખોજતો હોય અને છતાં પોતે ખોજી રહ્યો છે તે જાણતો ન હોય?

એટલી બધી વસ્તુઓ વિષે તમે વિચારતા હો છો, લાગણી અનુભવતા હો છો, ઈચ્છતા હો છો, કરતા હો છો, અને તે સઘળું અજાણતાં જ. તમે તમારી જાતથી અને તમારામાં જે કાંઈ થઈ રહ્યું છે તે બધાથી પૂર્ણ રીતે સભાન છો ખરા? ના, જરા પણ નહિ. દાખલા તરીકે, ઓચિંતી, તમે આશા ન રાખી હોય ત્યારે, અમુક ક્ષણે હું તમને પૂછું કે તમે શેનો વિચાર કરી રહ્યા છો? તો ૯૯ ટકા લોકો તો એવો જવાબ આપશે કે હું જાણતો નથી તે જ રીતે જો હું બીજો પ્રશ્ન પૂછું કે તમારે શું જોઈએ છે? તો તમે કહેશો કે મને ખબર નથી. જો હું પૂછું કે તમને કેવી લાગણી થાય છે? તો જવાબ મળવાનો કે મને ખબર નથી. જે લોકોને આત્મનિરીક્ષણ કરવાની ટેવ છે, પોતે કેવી રીતે જીવી રહ્યો છે તેના પર ચાંપતી નજર રાખતા હોય છે, પોતાનામાંથી ચાલી રહ્યું છે તે જાણવાની જરૂરિયાત ઉપર જેઓ એકાગ્ર બન્યા હોય છે, માત્ર તેવા લોકોને કોઈ આવો ચોક્કસ સવાલ પૂછી શકાય, અને માત્ર તેઓ જ તરત તેનો જવાબ આપી શકે. જીવનમાં કેટલાક દાખલાઓમાં માણસ પોતે જે વિચારતો હોય, લાગણી અનુભવતો હોય, ઈચ્છતો હોય તેમાં એટલો બધો તલ્લીન બની ગયો હોય છે કે તે કહી શકે કે હા, આ

વસ્તુ મીંચું છું, હું તે વસ્તુનો વિચાર કરી રહ્યો છું, હું આ લાગણી અનુભવું છું. પણ એ તો અસ્તિત્વની અમુક ક્ષણો જ હોય છે, સમગ્ર સમય નથી હોતો.

તમે આનો અનુભવ નથી કર્યો ના?

સાચી રીતે પોતે શું છે તે ખોળી કાઢવા માટે, પોતે શા માટે પૃથ્વી પર આવ્યો છે તે ખોળી કાઢવા માટે, ભૌતિક અસ્તિત્વનો હેતુ શો છે તે ખોળી કાઢવા માટે, પૃથ્વી પર પોતાની હાજરીનો, આ રૂપ ધારણ કર્યાનો, આ અસ્તિત્વનો ઉદ્દેશ શોધી કાઢવા માટે, લોકોનો મોટો ભાગ અસમર્થ છે, તેઓ એક વાર પણ તેવા પ્રશ્નો પોતાની જાતને પૂછ્યા વગર જ જીવતા હોય છે, માત્ર ગણ્યાગાંઠ્યા, પસંદગી પામેલા લોકો જ રસપૂર્વક આ સવાલ પોતાની જાતને પૂછતા હોય છે, અને તેથી પણ થોડા લોકો તે પ્રશ્નનો પ્રત્યુત્તર મેળવવા માટે પ્રયાસ કરવાનો પ્રારંભ કરતા હોય છે. કારણકે તે પ્રત્યુત્તર જાણનાર મહાપુરુષના મિલનનું સદ્‌ભાગ્ય જો તેને ન સાંપડે, તો તે વસ્તુ ખોળી કાઢવી એ જરા પણ સહેલું નથી. દાખલા તરીકે, ધારો કે શ્રી અરવિંદનું કોઈક પુસ્તક તમને કદી પણ પ્રાપ્ત થયું ન હોત, અથવા આ ખોજને પોતાનું જીવન સમર્પિત કરી દેનાર કોઈ પણ ઋષિ-મુનિનું, તત્ત્વચિંતકનું, લેખકનું કોઈપણ પુસ્તક તમને પ્રાપ્ત થયું ન હોત, ધારો કે તમે એવા લાખો લોકોમાંના એક સામાન્ય માણસ છો કે જેમણે કેટલાક દેવો વિષે, અમુક ધર્મના રૂપ વિષે કે જે શ્રદ્ધા કરતાં વધારે ટેવ રૂપ છે, જે ધર્મ તમે શા માટે પૃથ્વી પર આવ્યા છો તે વિષે ભાગ્યે જ તમને કશું કહેતો હોય છે (અત્યારે તો માણસને ભાગ્યે જ ધર્મ કે દેવો વિષે સાંભળવાનું મળતું હોય છે), તો તમને ભાગ્યે જ આ જીવનના હેતુ વિષે વિચારવાનો પણ વિચાર આવત. માણસ દિનપ્રતિદિન રોજની ઘટનાઓ ઘટમાળમાં જીવતો હોય છે. જ્યારે તે બાળક હોય છે, ત્યારે તે ખેલવાનો અને ખાવાનો જ વિચાર કરતો હોય છે. થોડાક સમય પછી તે ભણવાનો વિચાર કરવા લાગે છે, વળી થોડાક સમય પછી તે જીવનના સર્વ પ્રસંગોનો વિચાર કરતો થઈ જાય છે. પણ પોતાની જાત સમક્ષ આ સમસ્યા રજૂ કરવી, આ સમસ્યાનો સામનો કરી પોતાની જાતને પૂછ્યું કે - આખરે હું જન્મ્યો છું શા માટે એમ કેટલાક લોકો પૂછે છે. કેટલાક લોકો પર જ્યારે વિપત્તિ આવી પડે છે ત્યારે જ તેઓ આ સવાલ પોતાની જાતને પૂછતા હોય છે. જ્યારે પોતાના પ્રિય સ્વજનને તેઓ મરી જતો જુએ છે, જ્યારે પોતે દુઃખદાયી, મુશ્કેલીભર્યા સંજોગોમાં સપડાઈ ગયા હોય છે, ત્યારે જો તેઓ પૂરતા બુદ્ધિશાળી હોય તો પોતાની પ્રત્યે પાછા ફરીને

૩...

તે પોતાની જાતને પૂછે છે કે, આપણે જે જીવી રહ્યા છીએ તે કરુણ કથની કયા પ્રકારની છે, તેનો ઉપયોગ શો છે, તેનો હેતુ શો છે?

તે જ ક્ષણે માણસ જાણવાની ખોજ શરુ કરે છે.

અને જ્યારે માણસને માલુમ પડે છે કે તેને દિવ્ય આત્મા છે, અને તેથી તેણે તેને શોધી કાઢવો જોઈએ, તેનું જ્ઞાન મેળવવું જોઈએ. પણ આ બહુ પાછળથી બને છે, અને છતાં ભૌતિક દેહમાં જન્મ લેતાંની સાથે જ તે ક્ષણથી જ અસ્તિત્વમાં, તેનાં ઊંડાણોમાં આ ચૈત્ય હાજરી હોય છે, જે સમગ્ર અસ્તિત્વને પરિપૂર્ણતા તરફ ધકેલે છે. પણ આ ચૈત્ય પુરુષને કોઈ જાણે છે અને સ્વીકારે છે તે પણ કેટલાક ખાસ સંજોગોમાં બનતું હોય છે, અને કમનસીબે તે સંજોગો વિકટ અને દુ:ખદાયી હોવાના; નહિ તો માણસ વિચાર કર્યા વિના જ જીવ્યે જાય છે. અસ્તિત્વનાં ઊંડાણોમાં આ ચૈત્ય પુરુષ છે, જે ચેતનાને જાગૃત કરવા માટે અને મિલનનું પુનર્નિર્માણ કરવા માટે શોધ કર્યા જ કરતો હોય છે.

જ્યારે તમારી ઉંમર દશ વર્ષની હતી, ત્યારે તમે આ વાત જાણતા હતાં! ના, તમે ન્હોતા જાણતા. છતાં પણ તમારા અસ્તિત્વનાં ઊંડાણોમાં તમારો ચૈત્ય પુરુષ કયારનો ય તે માગતો–ઈચ્છતો હતો, તેને માટે શોધ કરતો હતો. તમારો ચૈત્ય પુરુષ જ તમને અહીં લઈ આવ્યો છે.

ઘણી વસ્તુઓ બનતી હોય છે, અને તે શા માટે બને છે એમ તમે તમારી જાતને પૂછતા હોતા નથી. તમે તે વસ્તુઓને સ્વીકારી લો છો, તે તે પ્રકારનું છે. (કારણકે તે તે પ્રકારનું છે.) મેં તમને વાત કરી ત્યાર પહેલાં, તમારામાંના કેટલા જણે પોતાની જાતને પૂછ્યું હતું કે અમે અહીં આવી ચઢયા તે શાથી બન્યું? તે જાણવું એ બહુ રસપ્રદ બીના છે.

સ્વાભાવિક રીતે જ, ઘણી વાર તો, તેનો જવાબ તદ્દન સાદો છે કે મારાં માતાપિતા અહીં છે, એટલે હું અહીં છું. પણ તમે અહીં જન્મ્યા તો ન હતા. અહીં કોઈ જન્મ્યું ન હતું, તમે પણ નહિ. તમે બેંગ્લોરમાં જન્મ્યા હતા. અહીં કોઈ જન્મ્યું ન હતું અને છતાં તમે બધા અહીં છો. તમે તમારી જાતને તેના કારણ વિષે પૂછ્યું નથી. તે એમ બન્યું, કારણકે તે એમ બન્યું. પોતાની જાતને

તે વિષે પૂછવાની અને આખરી તરીકે સ્વીકારી શકાય તેવો સંતોષકારક બાહ્ય જવાબ આપવાની વચ્ચે, અમે એમ કહેવું કે 'કદાચ મારું અહીં આગમન એ ભાવિનું એક સૂચન છે, મારા જીવનનો હેતુ છે.' તેની વચ્ચે કેટલું બધું અંતર છે, તે કથન પર આવતા પહેલાં કેટલી લાંબી મુસાફરી કરવી પડે છે!

દરેક જણને માટે ઓછાવત્તા પ્રમાણમાં બાહ્ય કારણો હોય છે. જેમની ઝાઝી કિંમત નથી હોતી અને જે દરેક વસ્તુની ખૂબ મૂર્ખતાભરી રીતે સમજૂતી આપે છે, પણ એક ગહનતર કારણ હોય છે કે જેને તમે હજી જાણતા નથી. તમારામાં શું ઘણા લોકો છે કે જેમને પોતે અહીં શા માટે આવી ચઢયા તે જાણવામાં ખૂબ રસ છે? તમારામાંના કેટલા જણે તમારી જાતને આ સવાલ પૂછ્યો છે કે – મારા અહીં આગમનનું સાચું કારણ શું છે?

તમે તમારી જાતને એક વાર આ પ્રશ્ન પૂછ્યો છે?

મધુર મા, મેં તમને એકવાર એ પ્રશ્ન પૂછ્યો હતો.

ઓહ, તે ખરું; પણ તમે? .....અને તમે?

મને તે યાદ નથી.

તમને યાદ નથી. અને તમે?

મા, પહેલાં કદી મેં મારી જાતને આ સવાલ પૂછ્યો ન હતો. પહેલાં નહિ. હવે તે સવાલ આવવા લાગ્યો છે. અને તમે?

ના.

ના..... અને હજી હું બીજા ઘણાઓને એ સવાલ પૂછી શકું. મને બરાબર ખબર છે. જેઓ જીવનના કેટલાક અનુભવ પછી આવ્યા છે, તેમને આવવું હતું માટે આવ્યા છે, જેમને અહીં આવવા પાછળ એક સભાન કારણ હતું, તેઓ મને ચોક્કસ કહી શકે કે હું આ કારણે અહીં આવ્યો છું, અને તે એક આંશિક સમજૂતી

હોય. તદ્દન સાચું, ગહનતમ કારણ હજી પણ તેમની પકડમાંથી છટકી જાય, અર્થાત્ એ કારણ કે તેમને આ યોગના કાર્યમાં શેનો સાક્ષાત્કાર કરવાનો છે. તે કારણ જાણવા માટે માણસ આ માર્ગ પરની ઘણી ભૂમિકાઓમાંથી પસાર થયેલો હોવો જોઈએ.

તાત્ત્વિક રીતે, જ્યારે માણસ પોતાના આત્માથી સભાન બને છે, પોતાના ચૈત્ય પુરુષ સાથે એકતા પ્રાપ્ત કરે છે, ત્યારે જ તે એક ચમત્કારમાં યુગો સુધી કરેલા પોતાના વ્યક્તિગત ચિત્રને જોઈ શકે છે. ત્યારે જ ખરેખર તે જાણવાની શરૂઆત કરે છે, તે પહેલાં નહિ. હું તમને ખાતરી આપું છું કે ત્યારે જ તે રસપ્રદ બની જાય છે. તે તેના જીવનની પરિસ્થિતિને પલ્ટી નાંખે છે.

અનિશ્ચિતતાપૂર્વક માગણી અનુભવવી, કોઈક શક્તિનો, ગતિનો, આવેગનો, આકર્ષણનો, જીવનમાં આપણને જે કાંઈક ધક્કેલે છે તેનો અધકચરો ખ્યાલ પ્રાપ્ત કરવો કે જે ખ્યાલ અનિશ્ચિત અને ઝાંખો હોય છે, તેની વચ્ચે અને સ્પષ્ટ દર્શના પ્રાપ્ત કરવી, નિશ્ચિત દર્શના હોવી, પોતાના જીવનના હેતુની પરિપૂર્ણ સમજ હોવી તેની વચ્ચે બહુ મોટો તફાવત છે, ત્યારે જ માણસ વસ્તુઓને યથાર્થ રીતે જોવાની શરૂઆત કરે છે, ત્યાર પહેલાં નહિ, ત્યારે જ માણસ પોતાની ભવિતવ્યતાના તંતુને અનુસરી શકે છે, અને સ્પષ્ટતાપૂર્વક પોતાના લક્ષ્યને તથા તેને પહોંચવાના માર્ગને જોઈ શકે છે. પણ તે આંતર જાગૃતિઓની પરંપરા દ્વારા જ બને છે, જાણે કે નવીન ક્ષિતિજોનાં દ્વાર ઓચિંતા ખુલી ગયાં; સાચે જ તે વધારે સાચી, ગહનતર, વધારે સ્થાયી ચેતનામાં નવો જન્મ હોય છે.

ત્યાં સુધી તમે ફાંફાં મારતા ધુમ્મસથી આચ્છાદિત વાદળ નીચે, ભવિતવ્યતાના ભાર હેઠળ જીવતા હો છો, જે ભાર કેટલીક વાર તમને ચગદી નાંખે છે, જે અમુક રીતે તમારા પર આવી પડયો છે એમ તમને લાગે છે, પણ તમે તે બાબત કશું કરી શકતા હોતા નથી. તમે અસ્તિત્વના એક એવા ભાર હેઠળ છો કે જે તમને ચગદી નાંખે છે, ઉપર ઊર્ધ્વમાં ચઢવાને બદલે અને તમને દોરનારા, ભિન્ન ભિન્ન વસ્તુઓને સ્પષ્ટ બનતા જતા સાક્ષાત્કાર પ્રત્યેની પ્રગતિની એક ગતિમાં બાંધનારા તંતુઓને જોઈ શકવાને બદલે તમને ભૂમિ પર પેટ ઘસડીને ચાલવાની ફરજ પાડે છે.

સામાન્ય રીતે સ્વાભાવિક મનાતી આ અર્ધ ચેતનામાંથી સાધકે ઉપર ઉઠવાનું છે. આ અસ્તિત્વ તો સામાન્ય પ્રકાર છે. તમે તેમાંથી પર્યાપ્ત રીતે પાછા ફરી

શકતા નથી કે જેથી તમે આ અનિશ્ચિતતાને જોઈ શકો અને આશ્ચર્ય અનુભવી શકો. તેથી ઊલટું, સભાનતાપૂર્વક, વિચારપૂર્વક, સ્થિરતાપૂર્વક, પદ્ધતિપૂર્વક પોતે શોધ કરી રહ્યો છે એમ જાણવું તે એક અપવાદરૂપ, અસાધારણ સ્થિતિ છે. અને છતાં આ રીતે જ માણસ સાચી રીતે જીવવાની શરૂઆત કરી શકે.

*

૨૩ જાન્યુઆરી ૧૯૫૭

"માનવનું અને ભગવાનનું મિલન એટલે ભગવાનનો માનવમાં આંતર-પ્રવેશ અને માનવનો ભગવાનમાં આત્મવિલય.

પણ તે આત્મવિલય એટલે સર્વ વિનાશ નહિ. અસ્તિત્વમાંથી ભૂંસાઈ જવું એ આ સંશોધનાની, આવેગની, દુઃખની અને આનંદની પરિપૂર્ણતા નથી. જો તે લીલાનો અંત હોત, તો આ લીલાનો પ્રારંભ જ ન થયો હોત.

આનંદ એ રહસ્ય છે. વિશુદ્ધ આનંદને ઓળખો, અને તમે ભગવાનને ઓળખશો.

તો પછી આ સૃષ્ટિનો આરંભ શા માટે? અસ્તિત્વના આનંદ માટે એક અનેકરૂપ બન્યું, તેણે અસંખ્ય રૂપોમાં ડૂબકી મારી, જેથી તે પોતાની જાતને અસંખ્ય રીતે અનુભવી શકે.

અને વચગાળામાં, મધ્યમાં શું છે? અનેકરૂપ એકતા પ્રત્યે જવા મથતો ભેદ, વિવિધ પ્રકાશના પૂર પ્રત્યે ગતિ કરવા મથતું અજ્ઞાન, અકલ્પ્ય આનંદના સ્પર્શ પ્રત્યે ગતિ કરતું દુઃખ, કારણ કે આ બધી વસ્તુઓ અંધકારમય આકૃતિઓ છે, વિકૃત આકંપનો છે.

આ બધાંનો અંત શો? જાણે મધ પોતાની જાતને અને તેનાં બિંદુઓને એકસાથે ચાખી શકે અને બધાં બિંદુઓ એક બીજાને ચાખી શકે, દરેક બિંદુ

આખા મધુકોશને પોતાની જાત પેઠે ચાખી શકે, તે પ્રકારનો અંત ભગવાન અને માણસના આત્મા અને જીવાત્મા માટે હોવો જોઈએ.

પ્રેમ એ ચાવી રૂપ મુખ્ય સૂર છે, આનંદ સંગીત છે, શક્તિ તેનો તાલ છે, જ્ઞાન સંગીતકાર છે, અનંત સર્વ સંગીત સર્જક અને શ્રોતાવર્ગ છે, આપણે માત્ર પ્રારંભના વિસંવાદો જ જાણીએ છીએ. સંવાદિતા જેટલી મહાન હશે, તેટલા જ ભયંકર આ પ્રારંભના વિસંવાદો હોય છે. પણ આખરે આપણે ચોક્કસ દિવ્ય આનંદના અંતને, સંગીતને પ્રાપ્ત કરવાના."

(થોટ્સ એન્ડ એફોરિઝમ્સ, સેન્ટીનરી વૉલ્યુમ્સ ૧૬, પુષ્ઠ ૩૮૪)

માણસ કેવી રીતે વિશુદ્ધ આનંદને માણી શકે?

પ્રથમ તો માણસે એકાગ્રતાપૂર્વકના અવલોકન દ્વારા સભાન બનવું જોઈએ કે કામનાઓ અને તેમની પૂર્તિમાત્ર એક અનિશ્ચિત, અસ્પષ્ટ, મિશ્ર, અસ્થાયી અને અસંતોષપ્રદ સુખ આપે છે. આ પ્રારંભ બિંદુ છે.

પછી, જો માણસ તર્કબુદ્ધિવાળો હોય, તો તેણે કામના શું છે તેનો વિવેક કરતાં શીખવું જોઈએ, અને તે કામનાની પૂર્તિ માટે કાંઈ પણ ન કરવું જોઈએ. કામનાઓને સંતોષવાને બદલે સાધકે તેમનો ત્યાગ કરવો જોઈએ. તેનું પ્રથમ પરિણામ એ આવશે કે જેને બુદ્ધે પોતાના ઉપદેશમાં કહ્યું છે કે "કામનાને તૃપ્ત કરવા કરતાં તેને જિતવામાં અને દૂર કરવામાં અનંતગણો મહાન આનંદ રહેલો છે." દરેક સાચા દિલના અને સ્થિર સાધકને મોડો વહેલો (કેટલીક વાર તો ખૂબ જ જલ્દી) ખ્યાલ આવશે કે આ એક પરમ સત્ય છે; કામનાઓને સંતોષવાથી જે ક્ષુદ્ર, અસ્થાયી, મિશ્ર સુખોપભોગ પ્રાપ્ત થાય છે તેના કરતાં કામનાને જિતવાથી જે આનંદ પ્રાપ્ત થાય છે તે અતુલ રીતે ઉચ્ચતર હોય છે. આ બીજું પગથિયું છે.

સ્વાભાવિક રીતે જ, આવા સતત અભ્યાસથી થોડા જ સમયમાં કામનાઓ ચાલી જશે અને તમને સતાવશે નહિ. પરિણામે તમે તમારા અસ્તિત્વમાં જરાક વધારે ઊંડા ઉતરવા માટે, અને આનંદ, દિવ્ય તત્ત્વ, દિવ્ય કૃપાના દાતા પ્રત્યે

અભીપ્સા કેળવવા માટે મુક્ત બનશો. જો તમે આ સાચા દિલના સમર્પણ ભાવથી, બદલામાં કશાની પણ અપેક્ષા રાખ્યા સિવાય કરશો, તો તમને એક મધુર, આશ્વાસનદાયી, સઘન, તેજોયુક્ત ઉષ્મા અનુભવાશે, જે ઉષ્મા હૃદયને ભરી દેશે અને જે આનંદની પુરોગામી હશે.

ત્યાર પછી માર્ગ સહેલો છે.

મધુર માતાજી, અસ્તિત્વનો સાચો આનંદ શું છે ?

જેની હું વાત કરી રહી છું તે જ.

તો પછી, મધુર માતાજી, શ્રી અરવિંદ અહીં "અસ્તિત્વના આનંદ માટે તે એક અનેક રૂપ બન્યું" એમ કહ્યું છે તે આનંદ કયો ?

હોવાનો આનંદ.

એક એવો સમય આવે છે કે જ્યારે સાધક લગભગ તૈયાર થઈ જાય છે, જ્યારે તે સર્વ વસ્તુઓમાં, દરેક પદાર્થમાં, દરેક ગતિમાં, દરેક આકંપનમાં, માત્ર માણસોમાં અને સચેતન સત્ત્વોમાં જ નહિ, પણ વસ્તુઓમાં, પદાર્થોમાં, માત્ર વૃક્ષોમાં અને છોડોમાં અને સજીવ વસ્તુઓમાં જ નહિ, પણ આસપાસની દરેક વસ્તુમાં, પોતે જેને વાપરે છે તે પદાર્થમાંયે આ અસ્તિત્વનો, હોવાનો આનંદ અનુભવે છે. ત્યારે તે સર્વ વસ્તુઓને આનંદ વડે આકંપિત થતી જુએ છે. તે કોઈક વસ્તુનો સ્પર્શ કરે છે, અને આનંદ અનુભવે છે. પણ તેણે મેં શરૂઆતમાં જેને વિષે તે સંયમનું અનુસરણ કર્યું હોવું જોઈએ. નહિ તો, જ્યાં સુધી તેનામાં કામના રહી હશે, પસંદગી, આસક્તિ, રાગદ્વેષ રહ્યા હશે, ત્યાં સુધી તે આનંદ નહિ અનુભવાય.

જ્યાં સુધી માણસને વસ્તુમાં પ્રાણિક અથવા શારીરિક સુખ પ્રાપ્ત થાય છે, ત્યાં સુધી તે આ આનંદને પ્રાપ્ત કરી શકતો નથી. કારણકે આ આનંદ સર્વત્ર છે. આ આનંદ બહુ સૂક્ષ્મ છે. જ્યારે માણસ વસ્તુઓની મધ્યમાં થઈને જતો હોય છે, ત્યારે જાણે કે તે વસ્તુઓ તેને માટે આનંદનું ગાન કરી રહી હોય છે. એક એવો સમય

આવે છે કે જ્યારે આસપાસ જીવનમાં તે આનંદ તમને ખૂબ પરિચિત બની જાય છે. અલબત્ત, મારે કબૂલ કરવું જોઈએ કે માનવ પ્રાણીઓમાં તે આનંદને અનુભવવો તે જરાક વધારે કઠિન છે, કારણકે તેમનાં માનસિક અને પ્રાણિક રૂપઘટનો દર્શનાના ક્ષેત્રમાં આવી તેને વિક્ષિપ્ત બનાવી મૂકે છે. તેમનામાં ખૂબ અહંતા હોય છે, જે વસ્તુઓ સાથે મિશ્રિત થઈ જાય છે, અને તેથી માનવોમાં આનંદનો સંપર્ક સાધવો એ વધારે કઠિન હોય છે. પશુઓમાં પણ તે આનંદનો અનુભવ આપણને થાય છે. વૃક્ષો અને છોડો કરતાં પશુઓમાં આનંદ પ્રાપ્ત કરવો એ જરાક વધારે કઠિન હોય છે. પણ છોડોમાં અને પુષ્પોમાં તે આનંદ અદ્‌ભુત હોય છે. છોડો અને પુષ્પો પોતાના સર્વ આનંદને કહેતાં હોય છે, અભિવ્યક્ત કરતાં હોય છે. મેં કહ્યું તેમ, સર્વ પરિચિત પદાર્થોમાં, તમારી આસપાસની વસ્તુઓમાં, જેમનો તમે ઉપયોગ કરો છો, ચેતનાની એવી એક સ્થિતિ છે, જેમાં રહેવાથી તે દરેક જણ સુખ અનુભવે છે. તેથી તે ક્ષણે માણસને એમ લાગે છે કે મેં સાચા આનંદનો સ્પર્શ કર્યો. તે આનંદ મર્યાદિત નથી, બીજા કશા પર આધાર રાખતો નથી. તે બાહ્ય સંજોગો ઉપર આધાર રાખતો નથી, વત્તી-ઓછી અનુકૂલ સ્થિતિ ઉપર તે આધાર રાખતો નથી, તે કશા પર આધાર રાખતો નથી, તે વિશ્વના મૂળ કારણ સાથે ગાઢ સંબંધ ધરાવે છે.

જ્યારે તે આનંદ આવે છે, ત્યારે તે શરીરનાં સર્વ કોષાણુઓને ભરી દે છે. તે આનંદ વિષે વિચાર કરવાનો હોતો નથી, તેને વિષે તર્ક દોડાવવાનો હોતો નથી, તેનું પૃથક્કરણ કરવાનું હોતું નથી. તે એક એવી સ્થિતિ છે કે જેમાં માણસ જીવે છે. જ્યારે શરીર તેમાં ભાગ લે છે, ત્યારે તે આનંદ એટલો બધો તાજો અને સ્વયંભૂ હોય છે કે તે પાછો સંકોચાઈ જતો હોતો નથી; ત્યારે આત્મ અવલોકનની, આત્મ પૃથક્કરણની; અથવા વસ્તુઓના પૃથક્કરણની કોઈ ભાવના રહેતી હોતી નથી. તે સર્વ આનંદ પૂર્ણ આકંપનોનો નાદ હોય છે, પણ તે ખૂબખૂબ તીવ્ર, શાન્ત, બળજબરીઆંવેગ વગરનો હોય છે. તે એકી સાથે ખૂબ સૂક્ષ્મ અને ખૂબ હોય છે, જ્યારે તે આવે છે, ત્યારે સમગ્ર વિશ્વ એક આશ્ચર્યજનક સંવાદિતા ભાસે છે. સામાન્ય માનવચેતનાને જે કદરૂપું, અણગમતું લાગે છે, તે પણ ત્યારે અદ્‌ભુત લાગવા માંડે છે.

કમનસીબે, માણસો, સંજોગો, માણસોનાં માનસિક તથા પ્રાણિક રૂપઘટનો બધો સમય તે આનંદમાં વિક્ષેપ કરતાં હોય છે, ત્યારે માણસને આ અજ્ઞાનમય,

વસ્તુઓની અંધ દર્શના પ્રત્યે પાછા આવવાની ફરજ પડે છે. નહિ તો, આ બધું જ્યારે બંધ પડી જાય છે, અને માણસ તેનાથી બહાર ચાલ્યો જઈ શકે છે, ત્યારે સઘળું પરિવર્તિત થઈ જાય છે. તે આશ્ચર્યજનક સંવાદિતા હોય છે. ત્યારે સર્વ આનંદ, સાચો આનંદ, વાસ્તવિક આનંદ હોય છે.

આ થોડાક કામની માંગ કરે છે.

મેં જે સંયમ વિષે વાત કરી હતી, તેનો જો આનંદ પ્રાપ્ત કરવાના હેતુથી અભ્યાસ કરવામાં આવે તો પરિણામ આવવામાં વિલંબ થાય છે, કારણકે તેમાં અહંતાના તત્ત્વને દાખલ કરવામાં આવ્યું હોય છે, અપેક્ષાપૂર્વક તે કરવામાં આવ્યું હોય છે અને તેથી તે પૂજાના બળિરૂપ બની જતો નથી, તે એક પ્રકારની માંગ હોય છે. જ્યારે માણસ કશું જ માગતો નથી, કશાની અપેક્ષા રાખતો નથી, કશાની આશા રાખતો નથી, જ્યારે તે કાર્ય આત્મસમર્પણ અને અભીપ્સારૂપ હોય છે, સોદો કરવાની વૃત્તિ વગરની સ્વયંભૂ જરૂરિયાત હોય છે, માત્ર દિવ્ય બનવાની જરૂરિયાત રૂપ હોય છે, ત્યારે તે આનંદ પ્રાપ્ત થાય છે.

માતાજી, આ 'મધુબિંદુ' ને તમે સમજાવશો?

ઓહ! હે મારા પુત્ર, મધુ તો એક પ્રતીક માત્ર છે.

શ્રી અરવિંદ કહે છે કે "જાણે કે, જો કોઈ કલ્પના કરે તો, "બૌદ્ધિક ભાવવાચક તત્ત્વો કરતાં તે માત્ર વધારે સઘન અભિગમ આપે છે. શ્રી અરવિંદ કહે છે કે જો તમે એવી કલ્પના કરી શકો કે મધપૂડામાં પોતાનો અને સાથે સાથે દરેક મધુબિંદુનો સ્વાદ ચાખવાની શક્તિ હોય, દરેક મધુબિંદુમાં મધપૂડાને ચાખવાની શક્તિ હોય, અને જો દરેક મધુબિંદુ બીજા મધુબિંદુઓને અને પોતાની જાતને એકી વખતે ચાખી શકે, દરેક મધુબિંદુ સમગ્ર મધપૂડાને, જાણે પોતે જ હોય તે રીતે, ચાખી શકે, તો તમને ભગવાનનો, માણસનો, અને વિશ્વનો આનંદ સમજમાં આવે.

અર્થાત્ તે એવો મધપૂડો હોય, જે પોતાને ચાખી શકે, મધપૂડામાંનાં બધાં મધુબિંદુઓને વિગતવાર ચાખી શકે, અને પ્રત્યેક મધુબિંદુ પોતાની જાતને, બીજાં

મધુબિંદુઓને વ્યકિતગત રીતે, અને સમગ્ર મધપૂડાને, પોતાની જાતની પેઠે, ચાખી શકે, તો તે પરિપૂર્ણ આનંદ સમજાય. આ સમજવા માટે તમારી પાસે કલ્પના-શકિત હોવી જોઈએ !

હું તે પ્રમાણે સમજું છું. પણ હું તેનો અર્થ પૂછું છું.

મધ એક સ્વાદિષ્ટ ચીજ છે, નહિ વારુ ? એટલે આ બધી વસ્તુઓ દિવ્ય આનંદની મધુરતાઓ છે.

જ્યારે હું વસ્તુઓમાં રહેલા, સ્વયંભૂ, સાદા, દરેક વસ્તુના હૃદયમાં રહેતા આનંદનું આહવાન કરી રહી હતી, ત્યારે ભૌતિક શરીર માટે તે આનંદ સાચી રીતે, સ્વાભાવિક રીતે મધુર છે. મધુનો સ્વાદ તો સરખામણીમાં ખૂબ સ્થૂલ અને અસુંદર છે, પણ તે સ્વાદ બહું સ્વાદિષ્ટ હોય છે. તે આનંદ ખૂબ સાદો અને સરલ હોય છે, સમગ્ર હોય છે, સાદાઈમાં પરિપૂર્ણ હોય છે, અને છતાં ખૂબ સરલ હોય છે.

આ વિચારવાની વસ્તુ નથી. માણસમાં તેને પ્રગટ કરવાની શકિત, થોડીક કલ્પના હોવી જોઈએ. જો માણસમાં તે શકિત હોય, તો માત્ર વાચનથી પણ તે આનંદ પ્રાપ્ત કરી શકે, તેને સમજી શકે. મધુ અને મધપૂડો તો એક સામ્ય છે, ઉપમા છે, પણ સાચે જ તે સામ્યમાં આહ્વાન કરવાની તાકાત છે.

પણ માતાજી, દરેક જણ એક વસ્તુની ભિન્ન ભિન્ન કલ્પના કરશે, નહિ વારુ ?

એ વાત તો સ્પષ્ટ જ છે. પણ તેથી કોઈ હરકત નહિ આવે. તેને માટે તે કલ્પના કલ્યાણકારી હશે.

(મૌન)

બસ, પતી ગયું ?

મને પૂછવામાં આવેલા કેટલાક પ્રશ્નો હું લઈ આવી છું. પણ મને લાગે છે કે મોડું થઈ ગયું છે. (માતાજી કેટલાક સવાલો પર નજર નાંખે છે.)

એક પ્રશ્ન ખૂબ જ બૌદ્ધિક છે; તેને આપણે પછી કોઈક દિવસ ચર્ચીશું. બીજો એક પ્રશ્ન માત્ર પ્રશ્નાભાસ છે. ત્રીજો પ્રશ્ન રસપ્રદ છે, પણ તેનો જવાબ વિગતવાર આપવો પડે તેમ છે, અને આજે જરા મોડું થઈ ગયું છે.

પણ આ એક સવાલનો જવાબ બહુ સહેલાઈથી આપી શકાય તેમ છે. તે મારાં લખાણોમાંનાં એકમાંથી છે. મેં લખ્યું હતું કે,

"ભગવાનનો સંકલ્પ જગતમાં ખુલ્લી રીતે કાર્ય કરે છે એમ માનવું તે એક ભુલ છે."

શ્રી અરવિંદ 'યોગના સમન્વય'માં કહે છે કે,

"જો આપણે સર્વત્ર એકતા જોઈએ, જો આપણે સ્વીકારીએ કે સર્વ કાંઈ ભગવાનના સંકલ્પથી બને છે... વગેરે."

'પ્રાર્થનાઓ અને ધ્યાનો' નામના મારા પુસ્તકમાં લખેલું છે કે,

"હે પ્રભુ, દરેક વસ્તુમાં અને દરેક પ્રાણીમાં તું જ કાર્ય કરી રહ્યો છે, અને જે કોઈ, અપવાદ સિવાય, સર્વ કાર્યોમાં તને જ જોઈ શકવા જેટલો તારી નજીક છે, તે જાણી શકશે કે, દરેક ક્રિયાને આશીર્વાદના રૂપમાં કેમ પરિવર્તિત કરવી."

(૧૦ ડિસેમ્બર, ૧૯૧૨)

મને પૂછવામાં આવ્યું છે કે, આ વિરોધોનું સમાધાન કેવી રીતે કરવું. પણ મને ઉપલાં કથનોમાં કોઈ વિરોધ જણાતો નથી. પ્રથમ વાક્યમાં કહ્યું છે કે ભગવાનનો સંકલ્પ જગતમાં હંમેશાં ખુલ્લી રીતે કાર્ય કરે છે એમ માનવું એ ભુલ છે. મારે કહેવું જોઈએ કે ભગવાનનો સંકલ્પ ખુલ્લી રીતે કાર્ય કરે તે બહુ જ વિરલ બનતું હોય છે. તે હંમેશાં કાર્ય તો કરે છે, પણ ખુલ્લી રીતે નહિ. અને જ્યારે તે ખુલ્લી રીતે કાર્ય કરે છે, ત્યારે લોકો તેને 'ચમત્કારો' કહે છે. તે બહુ વિરલ હોય છે. મોટે ભાગે તો તે ખુલ્લી રીતે કાર્ય કરતો હોતો નથી, પણ તેનો અર્થ એવો નથી કે ભગવાનનો સંકલ્પ કાર્ય કરતો નથી. કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે તે ખુલ્લી રીતે કાર્ય કરતો નથી. એટલે તેમાં કોઈ વિરોધ નથી. મારો કહેવાનો ભાવાર્થ માત્ર એટલો જ હતો. શબ્દોની ગેરસમજમાંથી ઉદ્‌ભવેલો તે માત્ર ઉપરછલ્લો વિરોધ છે.

ભગવાનનો સંકલ્પ કાર્ય કરે છે, પણ ખુલ્લી રીતે નહિ. જ્યારે તે ખુલ્લી રીતે કાર્ય કરે છે, ત્યારે લોકો તેને ચમત્કારો કહે છે. પણ તે ભગવાનને કાર્ય કરતા અટકાવતા નથી.

*

૩૦ જાન્યુઆરી ૧૯૫૭

" સમગ્ર વિશ્વ સ્વતંત્રતાને, મુક્તિને માટે ઝંખે છે, અને છતાં દરેક પ્રાણી પોતાની બેડીઓ સાથે પ્રેમમાં પડેલું હોય છે. આ આપણા સ્વભાવનો પ્રથમ વિરોધ છે, ન ઉકેલી શકાય તેવી ગાંઠ છે.

માનવ જન્મનાં બંધનો સાથે પ્રેમમાં પડેલો હોય છે; પરિણામે તે મૃત્યુનાં સહચારી બંધનોમાં જકડાયેલો છે. આ બંધનોમાં પડયો, પડયો તે પોતાના અસ્તિત્વની મુક્તિ માટે અને પોતાની આત્મ પરિપૂર્ણતા પર પ્રભુત્વ સ્થાપવા માટે અભીપ્સા કરતો હોય છે.

માનવ પોતાની શક્તિ સાથે પ્રેમમાં પડેલો છે. તેથી તે નિર્બળતાનો શિકાર બનતો હોય છે. વિશ્વશક્તિનાં મોજાંનો એક મહાસાગર છે. જે મોજાં એક બીજાને મળે છે અને એક બીજા સાથે અથડાય છે. એક મોજાંના શિખર પર સવારી કરેલા માનવે સેંકડો મોજાંઓના આઘાત હેઠળ મૂર્છા પામવું જ જોઈએ...

માનવ સુખ સાથે પ્રેમમાં પડેલો છે. તેથી તેણે શોકની અને દુ:ખની ધૂંસરી સહન કરવી જ જોઈએ. નિર્ભેળ આનંદ માત્ર મુક્ત અને અનાસક્ત આત્માને જ મળે છે. માનવમાં સુખની પાછળ જે દોડતું હોય છે, તે દુ:ખ સહન કરતી અને પ્રયાસ કરતી શક્તિ છે.

માનવ શાન્તિ માટે ઝંખતો હોય છે. પણ તે વિક્ષિપ્ત મનની અને દુ:ખી હૃદયની અનુભૂતિઓ માટે પણ ઝંખતો હોય છે, સુખોપભોગ તેને મન એક પ્રકારનો તાવ હોય છે, શાન્તિ તેને જડતા લાગે છે, નીરસ એકરસતા લાગે છે.

માનવ પોતાના શારીરિક અસ્તિત્વની મર્યાદાઓ સાથે પ્રેમમાં પડેલો છે, અને છતાં તે પોતાના અનંત મનની અને અમર આત્માની મુક્તિ પણ ઈચ્છે છે.

આ વિરોધોમાં તેનામાં રહેલા કોઈક તત્ત્વને આકર્ષણ અનુભવાય છે. તેના માનસિક સત્ત્વને તે વિરોધી જીવનની એક કલા ગૂંથણી ભાસે છે. માનવમાં સ્વાદને અને તેના કુતૂહલને માત્ર અમૃત જ નહિ પણ વિષ પણ આકર્ષતું હોય છે.

(થોટ્સ એન્ડ એફેારિઝમ્સ, સેન્ટીનરી વોલ્યુમ ૧૬, પૃષ્ઠ ૩૮૫)

મોટા ભાગના મનુષ્યો વિરોધને જ કળા ગૂંથણી કહેતા હોય છે. કલાકારોને એમ લાગતું હોય છે કે છાંયાઓ પ્રકાશને સર્જે છે; જો વિરોધ ન હોય તો કલાકારો ચિત્ર ન સર્જી શકે. સંગીતની બાબતમાં પણ તેમ જ છે. 'ફોર્ટે' અને પિયાનો વચ્ચેનો વિરોધ એ સંગીતની એક સૌથી મહાન સુંદરતા છે.

હું કેટલાક કવિઓને ઓળખું છું, જેઓ એમ કહેતા હતા કે મારા શત્રુઓના દ્વેષને કારણે મારા મિત્રોના પ્રેમનું મૂલ્ય હું આંકી શકું છું. અનિવાર્ય વિપત્તિ સુખને ખૂબ સ્વાદિષ્ટ બનાવે છે. દૈનિક વિક્ષેપને લઈને લોકો આરામની કિંમત આંકતા હોય છે. રોજિંદા ધાંધલને લઈને લોકો મૌનની કિંમત આંકતા હોય છે. કેટલાક લોકો તો એમ પણ કહેતા હોય છે કે માંદગીઓને લઈને જ અમને સુંદર આરોગ્યની કિંમત સમજાય છે. જ્યારે વસ્તુ ગુમાવી દેવામાં આવે છે, ત્યારે જ તેનું મૂલ્ય સમજાય છે. અહીં શ્રી અરવિંદ કહે છે તેમ જ્યારે આ ક્રિયાનો ગતિનો સર્જક વિચારના વિક્ષોભનો તાવ નથી હોતો, ત્યારે માણસને પોતે અચેતનતામાં, જડતામાં ગરી પડયો હોય એમ લાગે છે. ઘણાખરા લોકો મૌનથી, શાન્તિથી ગભરાતા હોય છે. જ્યારે તેઓ વિક્ષિપ્ત નથી હોતા, ત્યારે તેમને 'પોતે જીવતા ન હોય' એમ લાગે છે.

હું ઘણા કિસ્સાઓ જાણું છું જેમાં શ્રી અરવિંદે કોઈક સાધકને શાન્તિ આપી હતી, તેના મનને શાન્ત બનાવી દીધું હતું. પછી નિરાશાપૂર્વક તે સાધકે તેમની પાસે આવીને કહ્યું કે "પણ હું તો મૂર્ખો બની ગયો છું!" કારણકે તેનો વિચાર હવે વિક્ષુબ્ધ ન હતો.

અહીં શ્રી અરવિંદ કહે છે તે ભીષણ રીતે સત્ય છે. માણસો મુક્તિને ચાહે છે, પણ પોતાની બેડીઓ સાથે તેઓ પ્રેમમાં પડેલા હોય છે. જ્યારે તે બેડીઓ તેમની પાસેથી લઈ લેવામાં આવે છે, જ્યારે તેમને મુક્તિનો માર્ગ બતાવવામાં આવે છે, ત્યારે તેમને બીક લાગતી હોય છે અને તેઓ વિરોધ કરતા હોય છે.

સાહિત્યિક, કાવ્યમય, કલાકૃતિમય માણસની સઘળી કલાકૃતિઓ જીવનમાં આવતા વિરોધોના બળ પર આધારિત હોય છે. જ્યારે કોઈક તેમને તેમનાં દૈનિક

નાટકોમાંથી બહાર ખેંચી કાઢે છે, ત્યારે તેમને એમ લાગે છે કે આ વસ્તુ કલામય નથી. જો તેમને કોઈ પુસ્તક લખવાની ઈચ્છા હોય, અથવા નાટક રચવાની ઈચ્છા હોય, કે જેમાં વિરોધો ન હોય, ચિત્રોમાં છાયાઓ ન હોય, તો તેમને તે રસહીન, શુષ્ક લાગે છે, નિર્જીવ લાગે છે, કારણ કે માણસ જીવનના નાટકને જીવન કહેતો હોય છે, જીવનની ચિંતાઓને અને વિરોધોના સંઘર્ષને જીવન કહેતો હોય છે. જો કદાચ મૃત્યુ ના હોત, તો તેઓ જીવનથી બહુ કંટાળી ગયા હોત.

(લાંબો સમય મૌન)

મેં પહેલાંના વર્ગોમાં જે કહ્યું હતું તે વિષે એક સવાલ પૂછવામાં આવ્યો છે. મેં કહ્યું હતું કે,

"જ્યારે કોઈ માણસ અમુક લક્ષ્ય પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે છે, ત્યારે માર્ગમાં જે વિઘ્નો અને મુશ્કેલીઓ આવે છે તે એમ બતાવી આપનાર ચિહ્ન છે કે જે આ યોજના કે નિર્ણય લેવામાં આવ્યાં હતાં, તે પ્રથમથી જ ભૂલભરેલા હતાં, અને તેથી તેણે તેમાં મંડ્યા ન રહેવું જોઈએ. અથવા તે એમ બતાવી આપનાર ચિહ્ન છે કે ઊલ્ટું તે મુશ્કેલીઓ જે વિજય પ્રાપ્ત કરવાનો છે, જે રૂપાંતર સિદ્ધ કરવાનું છે તેને સૂચવતી તો નથી? શું તે એવું ચિહ્ન છે કે માણસે પોતાના લક્ષ્ય પાછળ ખંતપૂર્વક મંડ્યા રહેવું? અહીં હું યોગના માર્ગને અનુસરવાના નિર્ણય વિષે વાત નથી કરતી, પણ કાર્ય, રમતગમતો અથવા બીજી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી નાની વસ્તુઓની વાત કરું છું. બીજા શબ્દોમાં કહીએ તો, સંજોગો, બીજાઓ સાથેના સંબંધો અને અનુભવ દ્વારા જે દોરવણી મળે છે તેને કેવી રીતે સ્વીકારવી અને સમજવી?"

મને લાગે છે કે આ માત્ર એક દેખીતો જ વિરોધાભાસ છે.

જો કોઈ માણસ યોગાભ્યાસ કરવાની ઈચ્છા રાખતો હોય, તો સ્વાભાવિક રીતે જ કોઈ પણ કાર્ય શરૂ કરતા પહેલાં તેણે વિવેક કરીને જાણી લેવું જોઈએ કે તે કાર્ય કરવાની પ્રેરણા ભગવાન પાસેથી આવેલી સાચી પ્રેરણા છે કે પછી તે પ્રેરણા માત્ર બાહ્ય સંજોગો પ્રત્યેનું એક પ્રતિકાર્ય છે, પ્રાણિક કે માનસિક આવેગ માત્ર છે. વિવેક કરીને, કારણના પરિપૂર્ણ જ્ઞાન સાથે, કર્મ કરવું તે બહુ જ મહત્ત્વનું છે. પણ માણસ

ઘણી વસ્તુઓ કરતો હોય છે કે જેમને વિષે પૂર્વવિચારણા કરવાની તેને ટેવ નથી હોતી. જ્યારે સંજોગ આવી પડે છે, ત્યારે માણસ તેને વશ વર્તતો હોય છે. અને ખરેખર, માણસ જીવનમાં જે કાર્યો કરતો હોય છે તે પોતે જાતેજ મહત્ત્વનાં નથી હોતાં. તેમાં મહત્ત્વની વસ્તુ તો એ છે કે માણસ કયું વલણ અખત્યાર કરીને તે કાર્યો કરે છે. એક યા બીજે કારણે, તમારી સામે અમુક કાર્ય આવી પડયું છે અને તેથી તમે તે કરો છો; બાહ્ય જીવન તમે જીવી રહ્યા છો ત્યાં સુધી તે કાર્ય કરવાની તમને ફરજ પડે છે. જીવનમાં તે કાર્યોની અસર લાંબા સમય સુધી મોટા પ્રમાણમાં પડવાની છે, એ હકીકતને જીવન જીવવાના દૃષ્ટિબિન્દુથી જોતાં, અમુક મહત્ત્વનું છે; દા. ત. લગ્ન કરવું, અમુક સ્થાને નિવાસ કરવા જવું, અમુક ધંધો સ્વીકારવો, આ બધી વસ્તુઓ મહત્ત્વની ગણાય છે; યોગના દૃષ્ટિબિંદુથી જોતાં પણ ઓછા-વત્તા પ્રમાણમાં તે વસ્તુઓ મહત્ત્વની છે. પણ તે વસ્તુના પોતાના કરતાં માણસ જે વલણ અખત્યાર કરે છે તેના ઉપર દરેક વસ્તુ આધાર રાખે છે. તેથી રોજિંદા જીવનની, નાનકડી ક્રિયાઓનું મહત્ત્વ ખૂબ ખૂબ ઘટી જાય છે.

કેટલાક બહુ ચીકણા હોય છે, જેઓ પોતાને માટે સમસ્યાઓ ઉભી કરે છે અને તેમનો નિકાલ કરવાનું તેમને બહુ કઠિન લાગે છે, કારણકે તેઓ સમસ્યાને ખોટી રીતે ઉભી કરે છે. હું એક યુવતીને ઓળખતી હતી. તે થિયોસોફિસ્ટ હતી. તે યોગાભ્યાસ કરવા માગતી હતી. તેણે મને પૂછયું, "અમને એમ શિખવવામાં આવ્યું છે કે, આપણે જે કાંઈ કરીએ તેમાં ભગવાનનો સંકલ્પ જ સિદ્ધ થવો જોઈએ. પણ સવારે જ્યારે હું નાસ્તો કરવા બેસું છું, ત્યારે ભગવાન હું કોફીમાં ખાંડના બે ચમચા નાંખું કે એક તેમાંનું શું ઈચ્છે તે હું કેવી રીતે જાણી શકું?" તે હૃદયને સ્પર્શી જાય એવો પ્રશ્ન હતો. તેને સમજાવતાં મને થોડીક મુશ્કેલી પડી કે તમે કોફીમાં કેટલા ચમચા ખાંડ નાંખો છો તેના કરતાં તમે કઈ ભાવનાથી કોફી પીઓ છો, ભોજન પ્રત્યે તમારું કઈ જાતનું વલણ છે તે વધારે મહત્ત્વનું છે. [૧]

માણસ પ્રતિક્ષણે જે નાની-નાની વસ્તુઓ કરે છે, તેને પણ આ જ લાગુ પડે છે. ભગવાનની ચેતના માનવી રીતે કાર્ય નથી કરતી. કોફીમાં તમે કેટલા

---

૧. આ વાત સંબંધમાં, એક શિષ્યને માતાજીએ એવું કહ્યાનું યાદ છે કે "અત્યારે હું તે બિચારી સ્ત્રીને હું હસી ન કાઢું. કોફીમાં કેટલા ચમચા ખાંડ નાંખવી તે બાબત પર પણ ભગવાન ધ્યાન આપે છે કે નહિ, તે હું ખાતરી પૂર્વક કહી શકતી નથી.

ચમચા ખાંડ નાંખો તે ભગવાનની ચેતના નક્કી નથી કરતી. ધીમે ધીમે તે દિવ્ય ચેતના તમને વસ્તુઓ તથા ક્રિયાઓ પ્રત્યે સમર્પણ ભાવના, ચપળતાના, સંમતિના, અભીપ્સાના, ભદ્ર વૃત્તિના, પરિવર્તનશીલતાના, પ્રગતિ માટે પ્રયત્નના વલણમાં મૂકી આપે છે, અને આ વાત તમે દરેક ક્ષણે જે નાનકડો નિર્ણય લેવા હો છો તેના કરતાં ખૂબ મહત્ત્વની છે. વધારે સાચામાં સાચી, કરવા યોગ્ય, કઈ વસ્તુ છે તે શોધી કાઢવા માટે માણસ પ્રયત્ન । ણ માનસિક ચર્ચા–વિચારણા દ્વારા આ વસ્તુઓનો ઉકેલ આણી શકતો નથી. જે આંતર વલણ સંવાદિતાનું વાતાવરણ સર્જે છે, પ્રગતિશીલ સંવાદિતાનું વાતાવરણ સર્જે છે, તેના વડે અમુક સંજોગોમાં જે શ્રેષ્ઠ કરવા યોગ્ય વસ્તુ તે કરી શકાય છે, આદર્શ રૂપે તો તે વલણ એટલું પરિપૂર્ણ હોવું જોઈએ, કે જેથી તે ક્રિયા સ્વયંભૂ બની રહે, બાહ્ય તર્ક-બુદ્ધિ કરતાં કોઈ ભિન્ન, ઉચ્ચતર વસ્તુ વડે એ ક્રિયા બાબત નિર્ણય આપવામાં આવ્યો હોય. પણ તે આદર્શ છે, જેને માટે માણસે અભીપ્સા સેવવી જોઈએ અને જે તે અમુક સમય પછી જ માણસ પ્રાપ્ત કરી શકે છે તે પ્રાપ્ત થાય ત્યાં સુધી કસરત કરવી કે નહિ, કૂચમાં, કવાયતમાં જોડાવું કે નહિ, અમુક વર્ગમાં હાજરી આપવા જવું કે નહિ તે બાબતોનો નિર્ણય કરવા કરતાં સાચું વલણ અખત્યાર કરવું, સાચી અભીપ્સા સેવવી તે ખૂબ વધારે મહત્ત્વનું છે, આ વસ્તુઓમાં પોતામાં કોઈ વાસ્તવિક મહત્ત્વ નથી, તેમનું મહત્ત્વ તદ્દન સાપેક્ષ છે; એટલે પોતાની અભીપ્સામાં સાચું દૃષ્ટિબિંદુ રાખવું, પ્રગતિ માટે જીવંત સંકલ્પ રાખવો એ જ મહત્ત્વની વસ્તુ છે.

સામાન્ય નિયમ તરીકે, અનુભવનો પૂરેપૂરો લાભ મળે તે માટે, જ્યારે માણસ કોઈ કરવાનું માથે લે, ત્યારે તેણે તે ખંતપૂર્વક કરવું જોઈએ, વચ્ચે આવતાં વિઘ્નોની અને મુશ્કેલીઓની દરકાર ન કરવી જોઈએ; અને તે ત્યાં સુધી કે જ્યાં સુધી એક નકારી ન શકાય તેવી કોઈ નિશ્ચિત ઘટના સૂચવે કે હવે તેણે તે કાર્ય કરવાની જરૂર નથી. પણ આમ વિરલ બનતું હોય છે.

સામાન્ય રીતે, વસ્તુઓ પોતાના જ વળાંકને અનુસરતી હોય છે, અને જ્યારે પરિણામ રૂપે ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય છે ત્યારે માણસને તે ક્રિયા કરવા પાછળના કારણની જાણ થાય છે. પણ વિઘ્નોને, વિરોધોને, અથવા પ્રોત્સાહનોને અનુસરણ કરવા યોગ્ય, નિશ્ચિત ચિહ્નો ન માની લેવાં જોઈએ, કારણ કે એ વસ્તુઓનો

વ્યક્તિ-વ્યક્તિ પરત્વે ભિન્ન-ભિન્ન અર્થ હોય છે. આ બાહ્ય ઘટનાઓમાં પોતા પોતાની સમજણની પ્રામાણિકતાનો નિર્ણય માણસે ન કરવો જોઈએ.

જ્યારે માણસ ખૂબ સાવધાન અને સાચા દિલનો હોય છે, ત્યારે પોતે જે કાર્ય કરી રહ્યો હોય છે તેના મૂલ્યનું આંતરિક પણ દૃષ્ટિગોચર સૂચન તેને મળી રહે છે. સાચે જ, જેનામાં સંપૂર્ણ ભલમનસાઈ છે, જે સંપૂર્ણ દિલની સચ્ચાઈ પૂર્વક અને પોતાના અસ્તિત્વના સંપૂર્ણ સચેતન ભાગ વડે યોગ્ય માર્ગે યોગ્ય વસ્તુ કરવા માગે છે, તેવા માણસને હંમેશાં સૂચન મળી રહે છે. જો એક યા બીજા કારણે માણસ ઓછા-વત્તા પ્રમાણમાં ખૂબ નુકસાનકારક કાર્ય કરવાનો પ્રારંભ કરે છે, તો તેને સૂર્યચક્રના પ્રદેશમાં હંમેશાં એક પ્રકારનું અસુખ જણાય છે,જે ઉગ્ર નથી હોતું, જે નાટયાત્મક રીતે તેનું ધ્યાન નથી ખેંચતું, પણ જે ખૂબ સાવધાન માણસને સ્પષ્ટ રીતે અનુભવાય છે, એક પ્રકારના પશ્ચાત્તાપની પેઠે સંમતિના અભાવની પેઠે, તે કાર્યમાં સહકાર આપવાના ઈન્કારની હદ સુધી જઈ શકે. પણ મારે એ વાત પર ભાર મૂકવો જોઈએ કે તે અસુખમાં ઉગ્રતા નથી હોતી, પાશવી અહંતાની ખેંચ નથી હોતી, તે અવાજ કે ધાંધલ કરતું નથી, ઈજા પહોંચાડતું નથી, બહુ બહુ તો તે થોડાક અસુખ તરીકે અનુભવાય છે. જો તમે તેના પર ધ્યાન ન આપો, તેની અવગણના કરો, તેને મહત્ત્વ ન આપો, તો થોડા સમય પછી તે તદ્દન અદૃશ્ય થઈ જશે, તમને તે તદ્દન અનુભવાશે નહિ.

ભુલ જેમ વધતી ચાલે, તેમ તે અસુખ વધતું ચાલે છે એમ નથી. ઊલટું તે અસુખ અદૃશ્ય થઈ જાય છે અને એમના આવરણથી આચ્છાદિત થઈ જાય છે.

તેથી આ અસુખને એક નિશ્ચિત ચિહ્ન ન ગણાવી શકાય, કારણ કે જો તમે આ નાનકડા સૂચનને અનેક વાર અવગણશો, તો પછી તે આવશેજ નહિ. પણ હું તમને કહું છું કે જો દિલની સચ્ચાઈપૂર્વક તમે તેના પ્રત્યે ખૂબ ધ્યાન આપશો, તો તે એક ખૂબ સુનિશ્ચિત અને કીમતી માર્ગદર્શક બની રહેશે.

પણ જો અસુખની લાગણી આવે છે, તો તે પ્રારંભમાં જ, તરત જ આવે છે. જ્યારે તે અસુખની લાગણી ન અનુભવાય, ત્યારે તમે ગમે તે કામ માથે ઉપાડયું હોય તેને પૂરું કરીને જ જંપજો, જેથી પૂરો અનુભવ પ્રાપ્ત કરી શકાય, સિવાય કે તે કામ ન કરવાનું તદ્દન સુનિશ્ચિત અને દબાણ કરે તેવું સૂચન પ્રાપ્ત થાય.

મૃત્યુ એ જીવન સમક્ષ પ્રકૃતિ વડે સતત મૂકાતો પ્રશ્ન છે, તે જીવનને યાદ કરાવે છે કે તેણે હજી તેની જાતને શોધી કાઢી નથી. જો મૃત્યુનો ઘેરો ન હોત તો પ્રાણી સદાને માટે અપૂર્ણ જીવનના ચોકઠામાં બંધાઈ ગયું હોત. મૃત્યુ માણસનો પીછો પકડે છે, અને તેથી તે પરિપૂર્ણ જીવનના આદર્શ પ્રત્યે જાગૃત બને છે અને તેના ઉપાયો, સાધનો અને શકયતા શોધી કાઢે છે."

(થૉટસ એન્ડ એફોરિઝમ્સ, સેન્ટીનરી વૉલ્યુમ ૧૬, પૃષ્ઠ ૩૮૬)

અહીં આપણને પૂરતી સામગ્રી મળી રહે છે; એટલે આપણને આગળ જવાની જરૂર નથી. આ એક એવો સવાલ છે કે જેને થોડા ઘણા પ્રમાણમાં પણ જાગૃત થયેલી ચેતનાવાળો માણસ જીવનમાં કમથી કમ એક વાર તો પોતાની જાતને પૂછે છે. અસ્તિત્વના ઊંડાણમાં જીવનને ચાલુ રાખવાની, લાંબું બનાવવાની, વિકસાવવાની એવી તો એક જરૂરિયાત છે કે જે ક્ષણે માણસને મૃત્યુ સાથે પ્રથમ સંપર્ક થાય, પછી ભલે તે સંપર્ક આકસ્મિક હોય, પણ જ્યારે સંપર્ક અનિવાર્ય છે તે જ ક્ષણે અસ્તિત્વમાં મૃત્યુ તરફથી એક પ્રકારની પીછેહઠ અનુભવાય છે.

લાગણી પ્રધાન માણસોમાં તે ખૂબ ભીતિ પેદા કરે છે; બીજાઓમાં તે ગુસ્સો પેદા કરે છે. માણસને એમ પૂછવાનું વલણ થઈ આવે છે કે આ મૃત્યુ રૂપી ભીષણ ફારસ કેવા પ્રકારનું છે કે જેમાં ઇચ્છા સિવાય; તેને સમજ્યા સિવાય માણસને ભાગ લેવો પડે છે? જો મરવાનું નક્કી છે, તો પછી જન્મ્યા શા માટે? જો છેવટે ક્ષીણતા અને મૃત્યુ જ આવવાના હોય, તો પછી વિકાસ માટે, પ્રગતિ માટે, બુદ્ધિ-શકિતઓને ખિલવવા માટે પ્રયાસ શા માટે? કેટલાક બળવાન લોકો તેની સામે બળવાની લાગણી અનુભવે છે, તેમના કરતાં ઓછા બળવાન લોકો નિરાશા અનુભવે છે જો આ બધાની પાછળ કોઈક અચેતન સંકલ્પ હોય, તો તે સંકલ્પ રાક્ષસી ભાસે છે.

પણ અહીં શ્રી અરવિંદ આપણને કહે છે કે પદાર્થતત્ત્વની ચેતનામાં પરિપૂર્ણતા માટેની અને પ્રગતિ માટેની જરૂરિયાત જાગૃત કરવા માટે આ એક અનિ-

વાર્થ ઉપાય હતો. મૃત્યુરૂપી સંકટ ન હોત તો બધાં પ્રાણીઓ પોતે જે સ્થિતિમાં હતાં તેમાં કદાચ સંતોષ માની લેત; આ વાત નિશ્ચિત નથી.

પણ આપણે તો વસ્તુઓ જેવી છે તેવી તેમને સ્વીકારવાની છે, અને આપણી જાતને તે બધામાંથી માર્ગ શોધી કાઢવાનું કહેવાનું છે.

હકીકતમાં દરેક વસ્તુ સતત પ્રગતિશીલ વિકાસની સ્થિતિમાં છે. આખી સૃષ્ટિ, આખું વિશ્વ પરિપૂર્ણતા પ્રત્યે આગેકૂચ કરી રહ્યું છે, જે પરિપૂર્ણતા જેમ જેમ માણસ તેની પાસે જાય છે તેમ તેમ પીછેહઠ કરતી ચાલે છે. કારણકે અમુક ક્ષણે જે પરિપૂર્ણતા ભાસતી હતી, તે થોડાક સમય પછી પરિપૂર્ણતા લાગતી નથી. ચેતનામાં અસ્તિત્વની ખૂબ સૂક્ષ્મ સ્થિતિઓ આ ચાલી રહેલી આગેકૂચને અનુસરે છે. માણસ જેમ જેમ ઊર્ધ્વમાં પ્રગતિ કરે છે, તેમ તેમ તે પ્રગતિની છંદોલયતા વૈશ્વિક વિકાસની છંદોલયતા સાથે વધારે ને વધારે સામ્ય ધરાવતી ચાલે છે, અને છેવટે દિવ્ય વિકાસની છંદોલયતાની નજીક આવી પહોંચે છે, પણ ભૌતિક જગતનો સ્વભાવ જ મુલાયમ નથી, કઠોર છે. જ્યારે રૂપાંતર બહુ ધીમું હોય છે; માનવ ચેતના કામને જે રીતે માપે છે તે તેને દૃષ્ટિગોચર નથી હોતું. તેથી આંતરિક અને બાહ્ય ગતિની વચ્ચે સતત અસમતુલા હોય છે. સમતુલાનો આ અભાવ, આંતર પ્રગતિની ગતિને અનુસરવા માટેની બાહ્ય રૂપોની અશકિત ક્ષીણતાની અને રૂપોમાં પરિવર્તનની જરૂરિયાત ઉભી કરે છે. પણ જો આ પદાર્થતત્વમાં માણસ તે જ પ્રકારની છંદોલયતા પ્રાપ્ત કરવા માટે પર્યાપ્ત ચેતના દાખલ કરી શકે, જો આંતર આગેકૂચને અનુસરવા માટે પદાર્થતત્ત્વ પૂરતું મુલાયમ બની શકે, તો આ સમતુલાનો ભંગ ન થાય, અને મૃત્યુ અનિવાર્ય ન બની રહે.

એટલે શ્રી અરવિંદ આપણને કહે છે એ મુંજબ, પ્રકૃતિએ ભૌતિક ચેતનામાં જરૂરી અભીપ્સા અને મુલાયમતા જાગૃત કરવા માટે આ મૃત્યુરૂપી ભૌતિક ઉપાય શોધી કાઢયો છે.

એ તો સ્પષ્ટ છે કે પદાર્થતત્ત્વનું ખૂબ પ્રધાન લક્ષણ છે જડતા. જો આ બળજબરી (ક્ષીણતા અને મૃત્યુ) ન હોત, તો વ્યક્તિ ચેતના એટલી બધી જડ બની જાત કે પરિવર્તન કરવા કરતાં તે સતત અપૂર્ણતામાં જ જીવવાનું સ્વીકારી લેત. તે શકય છે. ગમે તેમ, પણ વસ્તુઓનું નિર્માણ આ પ્રકારનું થયું છે અને

કંઈક વધારે જાણતા એવા આપણે માટે એક જ કામ કરવાનું રહે છે. અને તે એ કે આપણાં સાધનો અનુસાર, શક્તિનું, ચેતનાનું નવીન બળનું આવાહન કરીને આ બધાનું પરિવર્તન કરવું, કે જે શક્તિ, ચેતના નવીન બળ ભૌતિક પદાર્થતત્ત્વમાં તેનું રૂપાંતર કરવા માટે, તેને મુલાયમ, ચપળ, પ્રગતિશીલ બનાવવા માટે, સમર્થ આકંપનને દાખલ કરી શકે તેમ છે.

એ વાત સ્પષ્ટ છે કે વસ્તુઓ જેવી છે તેવીમાં આસક્તિ એ સૌથી મોટી રુકાવટ છે. પણ પ્રકૃતિ જાણે છે કે ગહનતર જ્ઞાનવાળા લોકો ખૂબ ઝડપથી પ્રગતિ કરવા માગે છે. પ્રકૃતિને પોતાનાં પરિભ્રમણો, એક પછી એક કરાતા પ્રયાસો, પોતાની નિષ્ફળતાઓ, પોતાના તાજા પ્રારંભો, પોતાનાં નવાં સંશોધનો ગમતાં હોય છે. તેને માર્ગની કલ્પના, અનુભવનું અનપેક્ષિત નવીનપણું ગમતાં હોય છે. એમ પણ કહી શકાય કે જેમ જેમ તે આગેકૂચ લાંબોને લાંબો સમય લે છે, તેમ તેમ તેની મોજ પ્રકૃતિ વધારે ને વધારે માણે છે.

પણ રમત ગમે તેટલી શ્રેષ્ઠ હોય, છતાં અમુક વખતે તો માણસ તેનાથી કંટાળી જાય છે. એવો સમય આવે છે કે જ્યારે તે રમતને તે બદલવા માગે છે. તે એવી એવી રમતની કલ્પના કરે છે, જેમાં પ્રગતિ કરવા માટે સંહાર કરવાની જરૂર રહેતી નથી, જેમાં પ્રગતિ માટેનો ઉત્સાહ નવીન સાધનો અને નવીન અભિ-વ્યક્તિઓ શોધી કાઢવા માટે પર્યાપ્ત હોય છે, જેમાં જડતાને, શિથિલતાને, સમજના અભાવને, થાકને, ઉપેક્ષાને અભિભૂત કરવા માટે વેગનું બળ પૂરતું ઉત્સુક હોય છે.

થોડીક પ્રગતિ સાધ્યા પછી, આ શરીરને થાક આવવાની જરૂરિયાત શા માટે લાગે છે? શરીર થાકી જાય છે. તે કહે છે કે તમારે રાહ જોવી જોઈએ. મને આરામનો થોડોક સમય આપવો જોઈએ, આ તેને મૃત્યુ તરફ દોરી જાય છે. જો વધારે સારું કામ કરવા માટેનો ઉત્સાહ શરીર પોતાનામાં અનુભવે, જો તે વધારે પારદર્શક, વધારે સુંદર, વધારે તેજોમય, સનાતન કાળ માટે યુવાન બની શકે, તો પ્રકૃતિની આ ક્રૂર મશ્કરીમાંથી માણસ છટકી જઈ શકે.

પ્રકૃતિ માટે આ મહત્ત્વની વસ્તુ નથી. તે સમગ્રને, સકળતાને જુએ છે. તે જુએ છે કે કશું જ ગુમાવાઈ જતું હોતું નથી, એ તો જ્ઞાનાંશોને પુનઃ સંયુક્ત કરવા જેવી વાત છે, અસંખ્ય સૂક્ષ્મ તત્ત્વોનું પુનર્ઘટન કરવાની વાત છે, તેમાં કશું

મહત્ત્વનું કે અગત્યનું નથી, તે તત્ત્વોને ઘડામાં પાછાં મૂકીને સારી રીતે સંમિશ્રિત કરવા જેવી વાત છે અને સંમિશ્રણમાંથી કોઈક નવીન વસ્તુ પ્રગટ થાય છે. પણ તે રમતમાં દરેક જણને મજા પડતી હોતી નથી. જો માણસ પોતાની ચેતનામાં પ્રકૃતિ જેટલો જ વિશાળ બની શકે, તેના કરતાં વધારે શકિતશાળી બની શકે, તો માણસે તે જ વસ્તુ વધારે સારી રીતે શા માટે ન કરવી જોઈએ?

અત્યારે આપણી સમક્ષ આ સમસ્યા ખડી છે. અવતરણ પામેલી, પ્રગટ થતી, કાર્ય કરતી આ શકિતની નવીન મદદથી, તેના ઉમેરાથી, માણસ શા માટે આ ભીષણ રમતને પોતાના હાથમાં ન લે, અને તેને વધારે સુંદર, વધારે સંવાદી, અને વધારે સત્ય ન બનાવે?

તેમાં જરૂર છે માત્ર એવાં મસ્તિષ્કોની (બુદ્ધિની) કે જે આ શકિતને ઝીલવા માટે અને શકય કાર્યની રૂપરેખા ઘડી કાઢવા માટે પૂરાં શકિતશાળી હોય. એવાં સચેતન પ્રાણીઓ હોવાં જોઈએ, જે પ્રકૃતિને ખાતરી કરાવી આપવા સમર્થ હોય કે તેની પદ્ધતિઓ કરતાં બીજા પ્રકારની પદ્ધતિઓ છે આ વાત પાગલપણા જેવી લાગે છે, પણ સર્વ નવીન વસ્તુઓ, તે વાસ્તવિકતાઓ બની ત્યાર પહેલાં હંમેશાં પાગલપણા જેવી જ લાગતી હતી.

આ પાગલપણાને સત્ય સિદ્ધ કરવાનો સમય આવી પહોંચ્યો છે. તમારામાંના ઘણાખરાંને આપણે અહીં શા માટે એકઠાં મળ્યાં છીએ તેની કદાચ ખબર નહિ હોય; પણ તે ખૂબ સચેત કારણો છે. એટલે આપણે તે પાગલપણાને પરિપૂર્ણ બનાવવા માટે પ્રયાસ કરવાનો પ્રારંભ કરવો જોઈએ; કમથી કમ, તેને જીવનમાં ઉતારવું તે યોગ્ય પરિશ્રમ છે.

*

૭ ફેબ્રુઆરી, ૧૯૫૭

(અપવાદ-રૂપે, માતાજીએ આ વાર્તાલાપ એક ગુરુવારે સાંજે સામૂહિક ધ્યાન પહેલાં આપ્યો હતો.)

આજે સાંજે ધ્યાન પહેલાં હું તમને થોડાક શબ્દો કહેવા માગું છું, કારણ કે કેટલાક લોકોએ મને પૂછયું છે કે સામૂહિક ધ્યાન અને વ્યકિતગત ધ્યાન વચ્ચે શો તફાવત છે?

મેં તમને ઘણીવાર ધ્યાનના ભિન્ન ભિન્ન પ્રકારો સમજાવ્યા છે, અને તેથી હું તેની પુનરાવૃત્તિ નહિ કરું. આટલું વ્યકિતગત ધ્યાન વિષે.

સામૂહિક ધ્યાનો સર્વ યુગોમાં ભિન્ન ભિન્ન કારણો માટે, ભિન્ન ભિન્ન રીતે અને ભિન્ન ભિન્ન હેતુઓથી કરવામાં આવતાં હતાં. લોકોનો અમુક સમૂહ અમુક નિશ્ચિત હેતુ માટે એકત્રિત થઈને ધ્યાન કરે છે, તેને સામૂહિક ધ્યાન કહેવામાં આવે છે. દા. ત. સર્વ યુગોમાં પ્રાર્થના માટે એકઠા મળવાનો લોકોનો રીવાજ હતો. સ્વાભાવિક રીતે જ દેવળોમાં એક પ્રકારનું સામૂહિક ધ્યાન હોય છે; પણ દેવળોની બહાર પણ, કેટલાક લોકોએ સામૂહિક પ્રાર્થના માટે સામૂહિક ધ્યાનનું સંગઠન કર્યું છે. આ પ્રાર્થનાઓ ભિન્ન ભિન્ન બે પ્રકારની હોય છે.

માનવ ઈતિહાસના પ્રારંભકાળથી લોકોના કેટલાક સમૂહો આત્માની અમુક સર્વસાધારણ સ્થિતિને અભિવ્યક્ત કરવા માટે એકઠા મળતા હતા, લોકો ભગવાનની સ્તુતિ ગાવા માટે એકઠા મળતા હતા. સુક્તો ગાવા, આભાર માનવા, પૂજયબુદ્ધિ અભિવ્યક્ત કરવા, ભગવાનની પ્રશસ્તિ કરવા એકઠા મળતા હતા. આ ઐતિહાસિક દાખલાઓ છે. લોકો અમુક સંખ્યામાં સર્વસાધારણ આવાહન કરવા માટે એકઠા મળતા, દા. ત. ભગવાન પાસેથી અમુક ચીજ માગવા માટે, અને તે યાચના સમૂહમાં કરવામાં આવતી, એવી આશાએ કે એ પ્રકારનું આવાહન, યાચના, પ્રાર્થના વધારે પ્રબળ વજનદાર નીવડશે. તેના કેટલાક ખૂબ પ્રસિદ્ધ દાખલાઓ છે. ઈશુ ખ્રિસ્ત પછી ૧૦૦૦ મા વર્ષમાં કેટલાક પયગંબરોએ જાહેર કર્યું હતું કે

આ સાલમાં જગતનો પ્રલય થશે. ત્યારે સર્વત્ર સર્વસાધારણ પ્રાર્થનાઓ કરવા માટે, અને જગતનો પ્રલય ન થાય તે માટે, જગતનું ભગવાન રક્ષણ કરે તે માટે લોકો એકઠા મળ્યા હતા. તાજેતરમાં, જ્યારે ઈંગ્લાંડના રાજા જ્યોર્જ ન્યૂમોનિયાથી (ફેફસાંની) મરણ પથારીએ હતા, ત્યારે લોકો માત્ર દેવળોમાં જ નહિ, પણ રાજ-મહેલની સામે રસ્તાઓ ઉપર પણ, રાજાને સાજા કરવા માટે ભગવાનને પ્રાર્થનાઓ કરવા એકઠા મળ્યા હતા. બન્યું એવું કે રાજાને મટી ગયું, અને લોકોએ માન્યું કે તે અમારી પ્રાર્થનાઓનું ફળ છે. સામૂહિક ધ્યાનનું આ તદ્દન બાલ્ય, દુન્યવી સ્વરૂપ છે.

બધાં દીક્ષિતોના સમૂહોમાં, પ્રાચીન સમયની આધ્યાત્મિક શાળાઓમાં સામૂહિક ધ્યાન હંમેશાં કરવામાં આવતું, અને તે ક્રિસ્તામાં ધ્યાનનો હેતુ તદ્દન ભિન્ન પ્રકારનો હતો. સામૂહિક પ્રગતિ માટે, શક્તિ પ્રત્યે સામૂહિક રીતે ખુલ્લા થવા માટે, પ્રકાશની અમુક અસર પ્રત્યે ખુલ્લા થવા માટે તેઓ એકઠા મળતા. વર્ત્તા-ઓછા પ્રમાણમાં આવું જ કાંઈક કરવાનો આપણે પ્રયત્ન કરવા માગીએ છીએ.

પણ તેમાં બે પદ્ધતિઓ છે. હું તમને આજે એ સમજાવવા માગું છું. તે બંને પદ્ધતિઓમાં માણસે, વ્યક્તિગત ધ્યાનમાં પોતે કહે છે તેવો જ અભ્યાસ કર-વાનો હોય છે. તે ધ્યાનમાં દરેક જણે સગવડભરેલા સુખાસનમાં બેસવાનું હોય છે, પણ તે એટલું બધું સુખમય ન હોવું જોઈએ કે ધ્યાન કરનાર ઊંઘી જાય! ત્યાર પછી મેં તમને મગફળીઓ વહેંચતી વખતે કહ્યું હતું તે તમારે કરવાનું છે.[1] અર્થાત્ તમારે ધ્યાન કરવા માટે તૈયારી કરવાની છે, શાંત અને મૌન રહેવા પ્રયત્ન કરવાનો છે, વિચારોમાં વેર-વિખેર થયેલા મનને શાન્ત કરવાનું છે, ચેતનાને એકત્રિત કરવાની છે, બધા વિચારોને અને પૂર્વ-કાર્યોને શાંત કરી દેવાનાં છે, તેને યથાશક્ય તમારી જાતમાં પાછી લઈ આવવાની છે, અને તેને સૂર્ય ચક્રની પાસે-હૃદયમાં તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે, જેથી મસ્તિષ્કની સર્વ શક્તિઓને અને મગજને જે દોડતું ભાગતું રાખે છે તે સર્વને પાછાં લાવીને હૃદયમાં એકાગ્ર કરી શકાય. આ થોડીક ક્ષણોમાં, થોડીક મિનિટોમાં કરી શકાય તેમ છે. તે વાત દરેક જણના પોતાના પર આધાર રાખે છે આ એક પૂર્વતૈયારી માટેનું વલણ છે. આ યથાશક્તિ કરી લીધા પછી, તમારે બેમાંથી એક વલણ અપનાવવાનું છે : સક્રિય વલણ અથવા તો નિષ્ક્રિય વલણ.

---

૧. દરેક સાંજે, ધ્યાન અથવા તો વાર્તાલાપ પહેલાં, 'લીલા નૂર' નાં બાળકોને, પારસેના કીડાંગણ પર, મગફળીઓ વહેંચતાં.

સક્રિય વલણ એટલે તમારા ધ્યાનમાં દોરવણી આપનાર વ્યકિત તમને જે કાંઈ આપવા માગે છે તે ઝીલવા માટે તમારે તે વ્યકિત પ્રત્યે ખુલ્લા બનવું તે અથવા તો તે વ્યકિત તમને જે શકિતનો સંપર્ક સધાવવા માગે છે તે શકિત પ્રત્યે ખુલ્લા થવું તે. તે સક્રિય વલણ છે, કારણકે એમાં સંકલ્પ કામ કરી રહ્યો હોય છે, અને કોઈક વ્યકિત પ્રત્યે ખુલ્લા થવા માટે સક્રિય ધ્યાન તમારે કરવાનું હોય છે.

નિષ્ક્રિય ધ્યાનમાં તમારે માત્ર એકાગ્ર જ થવાનું હોય છે; પછી જેમ માણસ કોઈ દ્વાર ખોલે છે તેમ, તમારે તમારી જાતને ખોલી નાંખવાની હોય છે. (પોતાના હૃદય તરફ અંગુલી-નિર્દેશ કરીને) આ જગ્યાએ તમારામાં એક દ્વાર રહેલું છે. ત્યાં તમે એકવાર એકાગ્ર થઈ જાઓ, એટલે દ્વાર ખોલીને તમે આ સ્થિતિમાં રહી શકો છો (સ્થિરતાનો અભિનય). અથવા તો તમે બીજું એક પ્રતીક લઈ શકો છો, તમે તમારા પુસ્તકને ખૂબ વિશાળ રીતે ઉઘાડો છો, જેમાં પૃષ્ઠ તદ્દન કોરાં-અર્થાત્ શાન્ત, મૌનસભર હોય છે, અને કાંઈ બનવાની પ્રતીક્ષા કરતા તમારે તે સ્થિતિમાં રહેવાનું છે.

આ બે પ્રકારનાં વલણો છે. તે બેમાંથી એકનો તમે દિવસ અનુસાર, પ્રસંગ અનુસાર, અથવા પસંદગી અનુસાર, સ્વીકાર કરી શકો છો જો તે તમને વધારે મદદગાર બની શકે તેમ હોય તો, બંને વલણો અસરકારક છે, અને સમાન રીતે સારાં પરિણામ લાવી આપે છે.

હવે હું તમને આપણા ખાસ કિસ્સા પરત્વે કહીશ. અતિમાનસ શકિતના પ્રગટીકરણને, જે એક બુધવારે થયું હતું તેને એક વર્ષ થવા આવ્યું. તે દિવસથી તે શકિત ખૂબ સક્રિય રીતે કાર્ય કરી રહી છે, જો કે બહુ થોડા લોકો તે બાબત સભાન છે! પણ મને લાગે છે કે, એવો સમય આવી ગયો છે કે જ્યારે આપણે તેને ઝીલવાનો પ્રયાસ કરીને, તે શકિતને થોડી ઘણી મદદ કરવી જોઈએ.

અલબત્ત, તે શકિત માત્ર આશ્રમમાં જ કાર્ય નથી કરી રહી. જ્યાં જ્યાં થોડું ઘણું ખુલ્લાપણું હોય છે, ત્યાં ત્યાં બધે જ, આખા જગતમાં તે શકિત કાર્ય કરી રહી છે. મારે કહેવું જોઈએ કે જગતમાં આશ્રમને જ માત્ર ખુલ્લાપણાનો પરવાનો નથી; આશ્રમે જ તે બાબતમાં સર્વ હક્ક સ્વાધીન કરેલા નથી. પણ જે બન્યું છે તેને અહીં આપણે બધાં થોડા ઘણાં પ્રમાણમાં જાણીએ છીએ; અને તેથી હું

એવી આશા રાખું છું કે દરેક જણ તે પ્રસંગનો લાભ ઉઠાવવા માટે પોતાથી બનતું બધું જ કરી છૂટતો હશે. પણ સામૂહિક રીતે, આપણે જમીનને સરખી કરવાનો, વધારેમાં વધારે ખુલ્લાપણું પ્રાપ્ત થાય તે માટે જમીનને ફળદ્રુપ બનાવવાનો સામૂહિક પ્રયત્ન કરી શકીએ, અને તે કાર્યમાં સમયનો તથા શક્તિઓનો ઓછામાં ઓછો બગાડ થાય તે વાત પર ધ્યાન રાખી શકીએ.

સામાન્ય રીતે તમે જે કરો એમ અમે ઇચ્છીએ છીએ, તે મેં તમને કહી દીધું છે. હવે તમારે માત્ર કરવાનું જ બાકી રહે છે.

*

૧૩ ફેબ્રુઆરી ૧૯૫૭

"દુ:ખ અને શોક દ્વારા પ્રકૃતિ જીવાત્માને યાદ દેવરાવે છે કે તે જે સુખોપભોગ કરી રહ્યા છે તે અસ્તિત્વના વાસ્તવિક આનંદનું એક નિર્બલ સૂચન છે. આપણા અસ્તિત્વનું દરેક દુ:ખ અને વ્યથા એ આનંદની જ્વાલાનું રહસ્ય છે, જે આનંદની જ્વાલાની સરખામણીમાં આપણા સૌથી મોટા સુખોપભોગ માત્ર ઝાંખા ઝબકારા છે. આ રહસ્યને કારણે જીવાત્માને જીવનની મહાન પરીક્ષાઓ પ્રત્યે, દુ:ખો પ્રત્યે, ભીષણ અનુભવો પ્રત્યે આકર્ષણ રહે છે. આપણું જ્ઞાનતંતુમય મન તે બધી વસ્તુઓને તિરસ્કારતું હોય છે, તેમનાથી દૂર રહેવા માગતું હોય છે."

(યેાટ્સ એન્ડ એફેારિઝમ્સ, સેન્ટીનરી વૉલ્યુમ ૧૬, પૃષ્ઠ ૩૮૬)

સ્વાભાવિક રીતે આપણે આપણી જાતને પૂછીએ છીએ કે આ રહસ્ય શું છે કે જેના પ્રત્યે દુ:ખ આપણને દોરી જાય છે. ઉપરચોટિયા અને અપૂર્ણ સમજવાળો માણસ એમ માની શકે કે જીવાત્મા દુ:ખની ખોજ કરતો હોય છે. પણ તે વાત તદ્દન ખોટી છે. જીવાત્માનો સ્વભાવ જ દિવ્ય, સ્થિર, અપરિવર્તનશીલ, બિનશરતી, વિશાળ આનંદ છે. એ વાત સાચી છે કે જે માણસ હિંમતપૂર્વક, સહિષ્ણુતાપૂર્વક,

ભગવાનની કૃપામાં અડગ શ્રદ્ધાપૂર્વક દુ:ખનો સામનો કરી શકે; જો દુ:ખથી છટકી જવાનો પ્રયત્ન કરવાને બદલે માણસ આ સંકલ્પ સાથે, આ અભીપ્સા સાથે તે દુ:ખમાંથી પસાર થવાનો અને પ્રકાશમય સત્યને, સર્વ વસ્તુઓની હદમાં રહેલા અવિકારી આનંદને શોધી કાઢવાનો પ્રયાસ કરે, તો સંતોષના દ્વાર કરતાં દુ:ખનું દ્વાર ઘણીવાર સીધુંસટ અને વધારે નિકટનું બની જાય છે.

હું સુખોપભોગની વાત નથી કરતી, કારણકે સુખોપભોગ તો સતત અને પરિપૂર્ણ રીતે, પોતાનું મુખ ગહન દિવ્ય આનંદ તરફથી ફેરવી લેતો હોય છે.

સુખોપભોગ એક છેતરામણો અને વિકૃત બુરખો છે, જે આપણને આપણા લક્ષ્યથી વિમુખ બનાવે છે. જો આપણે સત્યને શોધી કાઢવા માટે આતુર હોઈએ, તો આપણે સુખોપભોગની શોધમાં ન પડવું જોઈએ. સુખોપભોગ આપણને વરાળ-રૂપ બનાવી મૂકે છે, આપણને છેતરે છે, આપણને ગેરમાર્ગે દોરી જાય છે, દુ:ખ આપણને ગહનતર સત્ય પ્રત્યે પાછા લાવે છે, કારણકે દુ:ખ સહન કરવા આપણે શકિતમાન બનીએ, આપણને કચડી નાંખતા દુ:ખનો આપણે સામનો કરી શકીએ, તે માટે દુ:ખ આપણને એકાગ્ર બનવા ફરજ પાડે છે. જો માણસ બળવાન હોય તો દુ:ખમાં ખૂબ સહેલાઈથી પોતાના સાચા બળને ફરી પ્રાપ્ત કરી શકે છે. દુ:ખમાં જ માણસ બહુ સહેલાઈથી ઊર્ધ્વમાં રહેલા, સર્વ દુ:ખોથી પર રહેલા, કોઈક તત્ત્વમાં ફરી સાચી શ્રદ્ધા પ્રાપ્ત કરી શકે છે.

જ્યારે માણસ મોજ માણે છે અને ભુલી જાય છે, વસ્તુઓ આવે તેમ તેમને સ્વીકારી લે છે, ગંભીર બનીને જીવનનો સામનો કરવાનો ત્યાગ કરે છે, જ્યારે ભુલી જાય છે કે મારે એક સમસ્યાનો ઉકેલ લાવવાનો છે, કંઈક શોધી કાઢવાનું છે, મારા અસ્તિત્વનો કોઈક હેતુ છે, મારે માત્ર સમય પસાર કરીને કાંઈ પણ શીખ્યા કે કર્યા વિના અહીંથી ચાલ્યા જવાનું છે, ત્યારે તે ખરેખર પોતાનો સમય બગાડી રહ્યો હોય છે, આપણને જે તક સાંપડી છે તે ગુમાવી દેતો હોય છે. આ તક જીવનની એક મહાન તક છે, આ જીવન પ્રગતિનું ક્ષેત્ર છે, આ શાશ્વતીની એવી એક ક્ષણ છે કે જ્યારે તમે જીવનના રહસ્યને શોધી કાઢી શકો. આ ભૌતિક, શારીરિક અસ્તિત્વ એક અદ્‌ભૂત તક છે, જીવનનો હેતુ શોધી કાઢવા માટેની શકયતા છે, આ ગહનતર સત્ય પ્રત્યે એક ડગલું આગળ વધવાની તક છે, દિવ્ય જીવનના શાશ્વત આનંદનો સંપર્ક સાધવાનું રહસ્ય શોધી કાઢવાની એક સોનેરી તક છે.

(મૌન)

મેં તમને અનેક વાર કહ્યું છે કે દુ:ખને અને વિપત્તિને શોધવાં એ એક રોગિષ્ઠ વલણ છે, જેનો ત્યાગ કરવો જોઈએ. પણ ભુલી જઈને દુ:ખોથી ભાગી જવું ; ઉપરચોટિયા ક્ષુદ્ર ગતિ દ્વારા, બીજામાં મન પરોવીને દુ:ખોથી ભાગી જવું એ બાયલાપણું છે. દુ:ખ આપણને કંઈક શીખવાડવા માટે આવતું હોય છે. જેમ આપણે તે બોધપાઠ જલ્દી શીખી લઈએ, તેમ દુ:ખની જરૂરિયાત ઓછી થતી જાય છે. જ્યારે આપણે રહસ્યને જાણીએ છીએ, ત્યારે દુ:ખ સહન કરવાનું રહેતું જ નથી, કારણ કે તે રહસ્ય આપણી સમક્ષ તે દુ:ખનું કારણ પ્રગટ કરી દે છે અને તેમાંથી પર થઈ જવાના માર્ગને પણ ખુલ્લો કરી દે છે.

અહંતામાંથી બહાર આવવું, તેની જેલમાંથી બહાર આવવું, ભગવાન સાથે આપણી જાતને એકરૂપ બનાવવી, તેમનામાં વિલીન થઈ જવું, કોઈ પણ વસ્તુને આપણને ભગવાનથી વિખૂટા પાડવા ન દેવા એ જે રહસ્ય છે. માણસ એક વાર આ રહસ્યને શોધી કાઢે છે, પોતાના અસ્તિત્વમાં તેનો સાક્ષાત્કાર કરે છે, એટલે દુ:ખને રહેવાનું કોઈ કારણ રહેતું નથી. તે અદૃશ્ય થઈ જાય છે. તે રહસ્ય એક સર્વશક્તિમાન ઉપાય છે. તે ઉપાય માત્ર આપણા અસ્તિત્વના ગહનતર ભાગોમાં આત્મામાં, આધ્યાત્મિક ચેતનામાં જ કામિયાબ નથી નીવડતો, પણ જીવનમાં તથા શરીરમાં પણ તે કામિયાબ નીવડે છે. કોઈ પણ માંદગી કે ગેરવ્યવસ્થા આ રહસ્યનો અને તેના અભ્યાસનો સામનો કરી શકતી નથી. અસ્તિત્વના ઉચ્ચતર ભાગોમાં જ માત્ર નહિ શરીરનાં કોષાણુઓમાં પણ.

કોષાણુઓમાં રહેલા તેજ વિષે તેમને શીખવાડવાનું જે માણસને આવડી જાય, કોષાણુઓ જેના વડે અસ્તિત્વમાં આવ્યાં છે તે વાસ્તવિકતા વિષે તેમને સમજાવતાં જે માણસને આવડી જાય, તો તે કોષાણુઓ પણ સંવાદિતામાં પ્રવેશે છે, અને માંદગીને ઉત્પન્ન કરતી શારીરિક ગેરવ્યવસ્થા અસ્તિત્વની બીજી બધીજ ગેરવ્યવસ્થાઓ અદૃશ્ય થઈ જાય છે.

પણ તેમ થાય તે માટે, માણસ બાયલો કે ડરપોક ન હોવો જોઈએ. તેમજ જ્યારે શારીરિક ગેરવ્યવસ્થા આવી પડે, ત્યારે માણસે ડરી જવું ન જોઈએ, તેણે એનાથી દૂર ન ભાગી જવું જોઈએ. તેણે હિમતપૂર્વક, શાંતિપૂર્વક, આત્મવિશ્વાસ-

પૂર્વક તેનો સામનો કરવો જોઈએ, તેને ખાતરી હોવી જોઈએ કે માંદગી એ એક જૂઠાણું છે. જો માણસ સંપૂર્ણપણે, પૂર્ણ વિશ્વાસથી પૂર્ણ શાંતિથી ભગવાનની કૃપા પ્રત્યે વળે તો તે કૃપા, જેમ અસ્તિત્વનાં ઊંડાણોમાં સ્થાપિત થયેલી છે તેમ તે કોષાણુઓમાં પણ સ્થાપિત થશે, અને કોષાણુઓ પોતે શાશ્વત સત્યમાં, આનંદમાં ભાગીદાર બનશે.

*

૨૦ ફેબ્રુઆરી, ૧૯૫૭

"શરીરની મર્યાદાઓ એ એક બીબું છે. આત્માએ અને મને તેમાં પોતાની જાતને રેડવાની છે, તેને ભાંગીને સતત તેનું વિશાળતર સીમાઓમાં પુનર્નિર્માણ કરવાનું છે અને તે ત્યાં સુધી કે જ્યારે આ સાન્ત શરીરની અને આત્મા-મનની અનંતતાઓ વચ્ચે સંમતિ સ્થપાય."

(થૉટ્સ એન્ડ એફૅારિઝમ્સ, સેન્ટીનરી વૉલ્યુમ ૧૬, પૃષ્ઠ ૪૮૬)

વહાલાં માતાજી, "શરીરની મર્યાદાઓ એ એક બીબું છે," તેનો અમારે શો અર્થ કરવો?

જો તમારે ચોક્કસ રૂપ વાળું શરીર ન હોત, જો તમે સંપૂર્ણ રીતે સચેતન અને પોતાના ગુણોથી યુક્ત, નિર્માણ થયેલી વ્યક્તિ ન હોત, તો તમે એક બીજામાં ભળી જાત અને દરેકને જુદી રીતે ન ઓળખી શકાત. જો આપણે જરાક અંદર જઈએ, ખૂબ ભૌતિક, પ્રાણિક અસ્તિત્વમાં અંદર જઈએ, તો ત્યાં ભિન્ન-ભિન્ન લોકોનાં આકંપનો વચ્ચે એવું તો એક સંમિશ્રણ થઈ ગયેલું હોય છે કે તમારામાંના કોઈને પણ બીજાઓથી ભિન્ન રીતે ઓળખવો એ કઠિન થઈ પડે, તેથી આ શરીર એક બીબાની ગરજ સારે છે. (બાળકને ઉદ્દેશીને) બીબું શું હોય છે તે તું જાણે છે? માણસ બીબામાં પ્રવાહી અથવા અર્ધ પ્રવાહી રૂપમાં કશુંક રેડે છે, અને

જ્યારે તે ઠરી જાય છે, ત્યારે માણસ તે બીબાંને ભાંગી નાંખે છે અને એમાંથી ચોક્કસ રૂપવાળો પદાર્થ પ્રાપ્ત કરે છે. શરીરનું રૂપ બીબાંની ગરજ સારે છે, જેમાં પ્રાણિક અને માનસિક શક્તિઓ અમુક ચોક્કસ રૂપ ધારણ કરે છે, જેથી તમે બીજી વ્યક્તિઓ કરતાં ભિન્ન એવી એક વ્યક્તિ બની શકો.

બહુ જ ધીમે ધીમે, જીવનની ગતિઓ દ્વારા તથા આ ઓછીવત્તી દરકારમુક્ત પરિપૂર્ણ કેળવણી દ્વારા, તમે અંગત લાગણીઓ, અંગત ઇન્દ્રિયજન્ય સંસ્કારો અને અંગત વિચારો પ્રાપ્ત કરવાનો પ્રારંભ કરો છો. વ્યક્તિત્વને પ્રાપ્ત કરેલું મન એ બહુ જ વિરલ ચીજ છે, જે લાંબા સમયની કેળવણી પછી જ પ્રાપ્ત થાય છે. નહિ તો તે એક પ્રકારનો વિચારપ્રવાહ હોય છે, જે તમારા મસ્તિષ્કમાંથી પસાર થાય છે, પછી બીજાના મસ્તિષ્કમાંથી, અને પછી બીજાં અનેક મસ્તિષ્કોમાંથી પસાર થાય છે. આ બધું સતત ગતિમાં ચાલતું હોય છે, તેને કોઈ વ્યક્તિત્વ નથી હોતું. બીજાઓ જે વિચારે છે તેને માણસ વિચારતો હોય છે, તેમનાથી બીજાઓ વિચારતા હોય છે તે તે બીજાઓ વિચારતા હતા, દરેક જણ તે રીતે મહાન સંમિશ્રણમાં વિચારતો હોય છે, કારણકે આ વિચારોના પ્રવાહો, આકંપનો એક પાસેથી બીજા પાસે પસાર થતાં હોય છે. જો તમે ધ્યાનપૂર્વક તમારી જાત તરફ જોશો તો તમને તરત જ જણાશે કે બહુ થોડા વિચારો તમારા પોતાના અંગત છે. તેમને તમે કયાંથી મેળવો છે? તમે જે સાંભળ્યું હોય છે, જે વાંચ્યું હોય છે, જે તમને શિખવાડવામાં આવ્યું હોય છે, તેમાંથી તમારા આ વિચારોમાંના કેટલા વિચારો તમારી પોતાની અનુભૂતિના, ચિંતનના, કેવળ તમારા અંગત અવલોકનના પરિણામ-રૂપ છે? બહુ તો નહિ જ.

જેમનું બૌદ્ધિક જીવન ખૂબ ઉત્કટ છે, જેમને વિચાર કરવાની, અવલોકન કરવાની, વિચારોને એકત્રિત કરવાની ટેવ છે, તેઓ જ પોતાને માટે ધીમે ધીમે માનસિક વ્યક્તિત્વનું નિર્માણ કરી શકે છે.

ઘણાખરા લોકોમાં માત્ર બિનકેળવાયેલા જ નહિ, પણ ખૂબ વાચન કરેલા લોકોમાં પણ ખૂબ વિરોધી વિચારો હોઈ શકે છે. અને તે વિરોધોથી તેઓ સભાન પણ નથી હોતા. મેં એવા ઘણા લોકોના દાખલા જોયા છે, જેમનામાં રાજકારણી, સામાજિક, ધાર્મિક અભિપ્રાયો હોય છે, માનવબુદ્ધિનાં કહેવાતાં ઉચ્ચતર ક્ષેત્રો-પરત્વે પણ જેમણે અભિપ્રાયો બાંધેલા હોય છે, અને છતાં એક જ વિષય પરના

તેમના અભિપ્રાયોમાં તદ્દન વિરોધ હોય છે, જેનું તેમને ભાન પણ હોતું નથી. જો તમે તમારી જાતનું અવલોકન કરશો, તો તમને જણાશે કે, તમારામાં ઘણા એવા વિચારો છે જેમને વચગાળાના વિચારોની કડીથી જોડવા જોઈએ કે જે વિચારો જો તેમણે એક અસંભવિત રીતે સાથે-સાથે ન રહેવું હોય તો, વિચારણાની ખૂબ વિસ્તૃતતાના પરિણામરૂપ હોવા જોઈએ.

તેથી વ્યકિતએ સાચી વ્યકિત બનતા પહેલાં, પોતાના ગુણો પ્રાપ્ત કરતા પહેલાં, તેના વ્યકિતત્વને એક પાત્રમાં સમાવી લેવું જોઈએ. નહિ તો તે પાણીની પેઠે બધે બહાર પ્રસરી જશે અને તેને કોઈ નિશ્ચિત રૂપ પ્રાપ્ત નહિ થાય. નિમ્નતર ભૂમિકાના કેટલાક લોકો પોતાને માત્ર પોતાના નામથી જ ઓળખતા હોય છે. પોતાના નામ સિવાય, તે પોતાને પોતાના પડોશીઓ કરતાં જુદા પાડી શકતા હોતા નથી. જો તેમને પૂછવામાં આવે કે તમે કોણ છો? તો તેઓ કહેશે કે મારું નામ ફલાણું છે. થોડીક વાર પછી, તેઓ પોતાના ધંધાનું અથવા પોતાના મુખ્ય લક્ષણનું નામ આપશે. જો તેમને પૂછવામાં આવે કે, તમે કોણ છો? તો તેઓ કહેશે કે હું ચિત્રકાર છું.

પણ અમુક ભૂમિકા ઉપર, નામ જ તેમનો જવાબ હોય છે.

નામ શું છે? તે માત્ર એક શબ્દ છે, નહિ વારુ? તેની પાછળ શું હોય છે? કાંઈ જ નહિ. તે અનિશ્ચિત વસ્તુઓનો સમૂહ માત્ર હોય છે, કે જે વસ્તુઓ તેના પડોશીથી તે વ્યકિતની ભિન્નતાનું પ્રતિનિધિત્વ કરતી હોતી નથી. તેનું નામ ભિન્ન છે, અને તે જ તેના ભેદને બતાવી આપતું હોય છે. જો દરેક જણનું તે જ નામ હોય, તો એક માણસને બીજાથી ભિન્ન તરીકે ઓળખવું કઠિન થઈ પડે!

મે એક વખત આકાશ ઉડ્યન૧ પરના પુસ્તકમાંથી થોડું‌ક વાંચી સંભળાવ્યું હતું. તેમાં એક ગુલામની વાત આવે છે. જ્યારે જ્યારે તેને કોઈ પ્રશ્ન પૂછવામાં આવતો, ત્યારે જવાબમાં તે પોતાનું નામ આપતો. પણ બીજા ગુલામોની સરખામણીમાં તેને પ્રગતિ કહેવાય, કારણ કે બીજા બધાં ગુલામો માત્ર 'ગુલામ' શબ્દથી ઓળખાતા હતા; તે બધાએ તે નામ સ્વીકારી લીધું હતું, તેમણે એક જ વ્યકિત હોવાનું સ્વીકારી લીધું હતું. કારણ કે તેમનામાં કોઈ વ્યકિતત્વ ન હતું, તેમને માત્ર

---

૧. સેઈન્ટ એક્ઝુપેરી, તેરે દ હોમ્સ.

ધંધો જ હતો. બધા ગુલામોનો, પેઢી દર-પેઢી, તે જ ધંધો હતો, તેથી તે બધાનું એક જ નામ હતું.

માણસ એક પ્રકારની ટેવ વડે જીવે છે, જે ટેવ ભાગ્યે જ અર્ધ સભાન હોય છે. તે જીવતો હોય છે; પોતે શું કરે છે, શા માટે કરે છે, કેવી રીતે કરે છે તેનો ખ્યાલ સરખો તેને હોતો નથી. ટેવથી તે તેમ કરતો હોય છે. જે લોકો અમુક પરિસ્થિતિમાં, અમુક દેશમાં જન્મ્યા હોય છે, તેઓ સ્વયંભૂ રીતે જ તે પરિસ્થિતિની ટેવો સ્વીકારી લેતા હોય છે. માત્ર ભૌતિક ટેવો જ નહિ, પણ વિચારની લાગણીની અને ક્રિયાની ટેવો પણ સ્વાભાવિક રીતે જ, પોતાની જાતનું અવલોકન કર્યા સિવાય, તેઓ તેમ કરતા હોય છે. જો કોઈ માણસ તે હકીકત તરફ તેમનું ધ્યાન ખેંચે, તો તેમને આશ્ચર્ય થાય છે.

હકીકતમાં, માણસને ઊંઘવાની, બોલવાની, ખાવાની, હરવાફરવાની ટેવ હોય છે, તે આ બધું તદ્દન સ્વાભાવિક હોય તેમ કરતો હોય છે, તે શા માટે અને કેવી રીતે તે બાબત તેને આશ્ચર્ય થતું હોતું નથી. માણસ ઉપર ગણાવેલી કરતાં બીજી પણ ઘણી વસ્તુઓ કરતો હોય છે. તે સ્વયંભૂ રીતે, ટેવને કારણે તે બધું કરતો હોય છે. તે પોતાનું આત્માવલોકન કરતો હોતો નથી. જ્યારે માણસ અમુક સમાજમાં રહેતો હોય છે, ત્યારે તે સાધારણ રીતે તે સમાજ જે કરતો હોય તે સ્વયંભૂ રીતે જ કરતો હોય છે. જો કોઈ માણસ કાર્ય કરનારની પોતાની જાતનું અવલોકન કરવાની શરૂઆત કરે તો તે જે પરિસ્થિતિમાં જીવે છે તેની સરખામણીમાં તે એક પ્રકારની રાક્ષસી ઘટના રૂપ લાગે.

તેથી વ્યકિતતા એ નિયમ નથી, પણ અપવાદ છે. જો તમારી પાસે તે પ્રકારનો થેલો-શરીર-બાહ્ય રૂપ ન હોય, તો તમને એક બીજાથી ભિન્ન ઓળખવા એ બહુ જ મુશ્કેલ થઈ પડે.

વ્યકિતતા એ વિજય છે. અહીં શ્રી અરવિંદ કહે છે કે આ પ્રથમવિજય એ માત્ર પ્રાથમિક ભૂમિકા છે. એક વાર તમને તમારી જાતમાં કોઈ અંગત, સ્વતંત્ર, સચેતન સત્ત્વનું ભાન થઈ જાય, તો તમારે રૂપ ભાંગી નાંખીને આગળ વધવાનું રહે છે. દા. ત. જો તમારે માનસિક વિકાસ સાધવો હોય તો તમારે બધાં માનસિક રૂપોને માનસિક રચનાઓને ભાંગી નાખવી જોઈશે; તો જ તમે નવાં રૂપોનું નિર્માણ

કરી શકશો. એટલે પ્રારભમાં જ પોતાની વ્યકિતતા પ્રાપ્ત કરવા માટે ખૂબ ખૂબ પરિશ્રમ કરવો પડે છે, અને પછી, પ્રગતિ કરવા માટે, જે કાંઈ પહેલાં કરવામાં આવ્યું હોય છે તેનો સંહાર કરવો પડે છે. તમે તમારી જાતનું, કાર્ય કરતી જાતનું અવલોકન કરતા નથી, તે માત્ર ટેવ છે—અલબત્ત, બધે જ નહિ, પણ અહીંઆં કામ કરવાની, વાંચવાની, વિકાસ સાધવાની, કંઈક કાર્ય સિદ્ધ કરવા પ્રયાસ કરવાની, તમારું થોડું ઘણું નિર્માણ કરવાની ટેવ છે; અને તેથી તમે તે તદ્‌ન સ્વાભાવિક રીતે, તમારી જાતનું નિરીક્ષણ કર્યા સિવાય, કરતા હો છો.

તમે જીવનમાં કેટલી બધી વસ્તુઓ, મુખ્યત્વે બીજાઓ કરતા હોય છે તે જ રીતે કરો છો? દા. ત. નિદ્રા, હલનચલન, ખાવું વગેરે. તમે તમારી જાતને કોઈ દિવસ પૂછતા નથી કે હું અમુક વસ્તુ આ પ્રકારે જ કેમ કરું છું, અને બીજી રીતે નહિ? તેનો જવાબ તમે નહિ આપી શકો. જો હું તમને પૂછું કે તમે આ રીતે કેમ વર્તો છો, અને બીજી રીતે નહિ? તો શો જવાબ આપવો તે તમને નહિ જડે. પણ તેનું સાદું કારણ એ જ છે કે તમે અમુક પરિસ્થિતિઓમાં જન્મ્યા હતા, અને તે પરિસ્થિતિઓમાં તેવા હોવાની તમને ટેવ પડી ગઈ છે. જો તમે બીજી પરિસ્થિતિઓમાં અને બીજા યુગમાં જન્મ્યા હોત, તો તમે ભેદ પારખ્યા સિવાય, તદ્‌ન બીજી જ રીતે વર્ત્યા હોત; તે તમને તદ્‌ન સ્વાભાવિક લાગ્યું હોત. એક તદ્‌ન નાનકડો દાખલો લો, ઘણાખરા પશ્ચિમના દેશોમાં અને કેટલાક પૂર્વના દેશોમાં લોકો જમણી બાજૂએથી ડાબી બાજૂએ શીવે છે; પણ જાપાનમાં લોકો ડાબી બાજૂએથી જમણી બાજૂએ શીવે છે. ડાબી બાજૂએથી જમણી બાજૂએ શીવવું એ તમને તદ્‌ન સ્વાભાવિક લાગે છે, નહિ વારુ? તમને તે રીતે શીવતાં શિખવવામાં આવ્યું છે અને તમે તેને વિષે કશો વિચાર કરતા નથી, તમે તે રીતે જ શીવો છો. જો તમે જાપાનમાં જાઓ અને ત્યાંના લોકો તમને તે રીતે શીવતાં જુએ, તો તે લોકો હસે, કારણ કે તેમને જુદી રીતે શીવવાની ટેવ છે. લખવાની બાબતમાં પણ તેનું જ છે. તમે ડાબેથી જમણી બાજૂએ લખો છો, પણ કેટલાક લોકો ઉપરથી નીચે લખે છે, અને કેટલાક લોકો જમણેથી ડાબી બાજૂએ લખે છે. તેઓ સ્વાભાવિક રીતે જ તેમ કરે છે. હું તે લોકો વિષે વાત નથી કરતી, કે જેમણે લખવાના પ્રકારોનું અધ્યયન કર્યું છે, તેમના પર વિચાર કર્યો છે, તે પ્રકારોની સરખામણી કરી છે. હું વિદ્વાન લોકોની વાત નથી કરતી. હું તદ્‌ન સાધારણ લોકો વિષે વાત કરું છું. ખાસ કરીને બાળકો વિષે કે જેઓ સ્વયંભુ રીતે, પ્રશ્ન પૂછ્યા સિવાય બીજાઓ કરતા હોય છે તેમ જ કરે છે. પણ જ્યારે અકસ્માત અથવા સંજોગોવશાત્ તેમની

સામે કામ કરવાનો બીજો પ્રકાર આવી પડે છે, ત્યારે તેમને ખૂબ આશ્ચર્ય થાય છે કે તેમના કરતાં બીજા પ્રકારે વસ્તુઓ કરી શકાય છે.

આ તદ્દન સાદી વસ્તુઓ છે કે જે તમારા ધ્યાનમાં એકદમ આવે છે, પણ નાનામાં નાની વિગત પરત્વે પણ આ વાત સાચી છે. તમે વસ્તુઓ અમુક પ્રકારે કરો છો, કારણકે તમે જે સ્થાનમાં અને પરિસ્થિતિમાં જીવો છો, ત્યાં તે વસ્તુઓ તે પ્રકારે કરવામાં આવતી હોય છે. તમે તે વસ્તુઓ કરતાં તમારી જાતનું અવલોકન કરતા હોતા નથી.

સાચેજ, મૂળ ઉદ્‌ગમસ્થાન એક જ (પરમાત્મા) હતું, અને સૃષ્ટિને બહુવિધ બનવાનું હતું. આ અનેકતાને એક હોવાનું ભાન કરવામાં ખૂબ પરિશ્રમ કરવો પડે છે. જો માણસ ખૂબ ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરે, તો તેને માલુમ પડે કે જો સૃષ્ટિને તેના મૂળ ઉદ્‌ગમસ્થાનની સ્મૃતિ હોત, તો કદાચ તે વિવિધ અનેકતા ન બની શકી હોત. દરેક સત્ત્વના કેન્દ્રમાં પરિપૂર્ણ એકતાનો ભાવ રહ્યો હોત, અને વિવિધતાની કદાચ અભિવ્યકિત જ ન થઈ હોત.

આ એકતાની સ્મૃતિ ગુમાવી દેવાને કારણે, ભેદોથી અભાન બનવાની શકયતા ઉભી થઈ. જ્યારે માણસ બીજે છેડે અભાનતામાં ચાલ્યો જાય છે, ત્યારે તે એક પ્રકારની એકતામાં સરી પડે છે કે જે પોતાની જાતથી અભાન છે, જેમાં, મૂળ ઉદ્‌ગમસ્થાનની પેઠે, વિવિધતા અભિવ્યકત થઈ નથી.

બંને છેડાઓ પર, એક જ પ્રકારનો ભેદનો અભાવ છે. એક કિસ્સામાં, તે એકતાની પરમ ચેતનાને કારણે છે, જ્યારે બીજા કિસ્સામાં, તે એકતાના પરિપૂર્ણ અભાનને કારણે છે.

રૂપની નિશ્ચિતતા–રૂપી સાધન દ્વારા વ્યકિતતાનું નિર્માણ થઈ શકે છે.

આજે આટલું બસ છે.

*

KALPANA NO. PRT NAVSARI

આજે મારી આંખ મને વાંચવા દઈ શકે તેમ નથી. ૧ પણ ગયે અઠવાડિયે મેં જે વાંચન કર્યું હતું તેના ઉપર મને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. આજે સાંજે હું તેનો જવાબ આપીશ. પવિત્ર, મહેરબાની કરીને તમે તે ભાગ વાંચશો?

(પવિત્ર વાંચે છે) આ ફકરાનો શો અર્થ છે? "અસ્તિત્વની અસીમ એકતામાં, સ્વતંત્રતા, અસ્તિત્વનો નિયમ (કાયદો) છે. તે સર્વ પ્રકૃતિનો નિગૂઢ સ્વામી છે. ગુલામી અસ્તિત્વમાં પ્રેમનો કાયદો છે, જે સ્વેચ્છાપૂર્વક અનેકતામાં પોતાના બીજા આત્માઓની લીલાને બર લાવવા માટે પોતાની જાતને ન્યોછાવર કરી દે છે." ૧

(થોટ્સ એન્ડ એફેરિઝમ્સ, સેન્ટીનરી વૉલ્યુમ ૧૬, પૃષ્ઠ ૩૮૫)

ઉપરચોટિયા નજરે, આ બે વસ્તુઓ તદ્દન વિરોધી અને અસંગત ભાસે છે. બાહ્ય દૃષ્ટિએ કોઈના પણ માન્યામાં ન આવે કે માણસ એકીજ વખતે સ્વતંત્રતામાં અને ગુલામીમાં કેવી રીતે હોઈ શકે. પણ એક એવું વલણ છે, કે જે આ બંનેને સુસંગત બનાવે છે અને તે બંનેને ભૌતિક અસ્તિત્વની એક સૌથી વધારે સુખમય સ્થિતિ બનાવી દે છે.

સ્વતંત્રતા એક પ્રકારની સાહજિક જરૂરિઆત છે, અસ્તિત્વના પરિપૂર્ણ વિકાસ માટે એક આવશ્યકતા છે. તાત્ત્વિક રીતે, તે ઉચ્ચતમ ચેતનાનો પરિપૂર્ણ સાક્ષાત્કાર છે, ભગવાન સાથેના એકયનો આવિર્ભાવ છે, મૂળ ઉદ્‌ગમસ્થાનની અને સિદ્ધિની ભાવના છે. પણ આ એકતા અનેકતામાં પ્રગટ થઈ છે, અને એથી કશાકે મૂળ ઉદ્‌ગમસ્થાનની અને પ્રકટીકરણની વચ્ચે કડી રૂપ બનવું જોઈએ. પ્રેમ એ સૌથી વધારે પરિપૂર્ણ કડી છે. પ્રેમનો પ્રથમ આવિર્ભાવ કર્યો હોય છે? પોતાની જાતને ન્યોછાવર કરી દેવી, સેવા કરવી. પ્રેમની સ્વયંભૂ, નિકટની, અનિવાર્ય ગતિ કઈ

૧. ૨૭ મી ફેબ્રુઆરીએ માત્ર વાંચન થયું હતું અને પછી ધ્યાન કરવામાં આવ્યું હતું; વાર્તાલાપ આપવામાં આવ્યો ન હતો. ૨૪ મી નવેમ્બરના દર્શન પછી, માતાજીને ડાબી આંખમાં થોડું'ક લોહી પડતું હતું.

હોય છે? સેવા કરવાની આનંદપૂર્ણ, પરિપૂર્ણ, સમગ્ર આત્મ-સમર્પણની ભાવનાથી સેવા કરવાની.

એટલે તેમની વિશુદ્ધિમાં, તેમના સત્યમાં, આ બે વસ્તુઓ સ્વતંત્રતા અને સેવા એ વિરોધી નથી, પણ પરસ્પરપૂરક છે. પરમ વાસ્તવિકતા સાથે પરિપૂર્ણ એકતામાં પરિપૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. કારણકે સર્વ અજ્ઞાન, સર્વ અચેતનતા એક બંધન રૂપ છે, કે જે તમને બિનઅસરકારક, મર્યાદિત, અશક્તિમાન બનાવી મૂકે છે. પોતાનામાં જો થોડુંક પણ અજ્ઞાન હોય, તો તે એક મર્યાદા છે, બંધન છે પરમાત્મા સાથે પરિપૂર્ણ એકતામાં જ પરિપૂર્ણ સ્વતંત્રતા રહી શકે છે, સ્વયંભૂ આત્મસમર્પણ સિવાય કઈ રીતે આ એકતાનો સાક્ષાત્કાર થઇ શકવાનો હતો? માત્ર પ્રેમના દાન દ્વારા જ તે શકય છે. એટલે મેં કહ્યું તેમ, પ્રેમની પ્રથમ અભિવ્યકિત સેવા છે.

એટલે સ્વતંત્રતા અને સેવા સત્યમાં ગાઢ રીતે એકરૂપ બની જાય છે. પણ અજ્ઞાનના અને અચેતનતાના આ જગતમાં જે સેવા સ્વયંભૂ, પ્રેમપૂર્ણ, પ્રેમની જ અભિવ્યકિતરૂપ બનવી જોઈતી હતી તે બળજબરીનો સોદો કે અનિવાર્ય જરૂરિઆત બની જાય છે. જે જીવન ટકાવી રાખવા માટે, અસ્તિત્વના સાતત્ય માટે કરવામાં આવે છે, અને પરિણામે તે કટુપી, દુ:ખપૂર્ણ, અપમાનજનક બની ગઈ છે. જે બાબત પ્રફુલ્લતા, આનંદ બનવી જોઈતી હતી, તે કદ્રપતા, થાક, ક્ષુદ્ર ફરજ રૂપ બની ગઈ છે. સ્વતંત્રતાની આ જરૂરિઆત પણ વિકૃત બની ગઈ છે, સ્વતંત્રતા માટેની એવી એક પ્રકારની તૃષા બની ગઈ છે કે જે સીધી બળવા પ્રત્યે, વિચ્છેદ પ્રત્યે, એકલતા પ્રત્યે દોરી જાય છે કે જે વસ્તુઓ સાચી સ્વતંત્રતાથી તદ્દન વિરુધ્ધની છે.

સ્વાધીનતા! એક વૃદ્ધ જ્ઞાની પુરુષ પાસે એક માણસ આવ્યો. તે માણસે કહ્યું, "મારે સ્વતંત્ર થવું છે! હું એક સ્વતંત્ર પ્રાણી છું! જ્યારે હું સ્વતંત્ર હોઉં છું, ત્યારે જ હું અસ્તિત્વ ધરાવું છું!" તે જ્ઞાની પુરુષે સ્મિત કરીને જવાબ આપ્યો, "તો તેનો અર્થ તો એ થયો કે કોઈ તમને ચાહશે નહિ, કારણ કે જો કોઈ તમને ચાહે, તો તરત તમે આ પ્રેમને પરાધીન બની જવાના."

તે જવાબ સુંદર છે, કારણ કે પ્રેમ ઐકય પ્રત્યે દોરી જાય છે, અને ઐકય એ સ્વતંત્રતાની સાચી અભિવ્યકિત છે. એટલે જે લોકો, સ્વતંત્રતાના અધિકારને

નામે, સ્વાધીનતા માટે હક્ક-દાવો કરે છે, તેઓ સાચી સ્વતંત્રતા પ્રત્યે પોતાની પીઠ ફેરવી દે છે, કારણ કે તેઓ પ્રેમનો ઇનકાર કરે છે.

બળજબરીને કારણે વિકૃતિ આવે છે.

બળજબરીથી પ્રેમ ન કરી શકાય. તેવો પ્રેમ પ્રેમ જ નથી રહેતો. બળજબરી વચ્ચે આવી પડે, તો તે એક જૂઠાણું બની જાય છે. આનંદ સત્ત્વની બધી ગતિઓ સ્વયંભૂ હોવી જોઈશે. તે સ્વયંભૂના આંતર સંવાદિતામાંથી, સમજમાંથી, સ્વેચ્છા-પૂર્વકના આત્મસમર્પણમાંથી, ગહનતર સત્ય પ્રત્યે પાછા વળવામાંથી, અસ્તિત્વની વાસ્તવિકતામાંથી પ્રગટે છે, કે જે વાસ્તવિકતા મૂળ ઉદ્‌ગમસ્થાન અને લક્ષ્ય છે.

*

૮ માર્ચ, ૧૯૫૭

શુક્રવારના વર્ગોમાં માતાજી સામાન્ય રીતે બાળકો સમક્ષ વાચન કરતાં હોય છે. પણ એક શુક્રવારે તેમણે નીચે આપેલી કથા કહી હતી.

એક બૌદ્ધ કથા

આજે સાંજે તમારી સમક્ષ વાંચન કરી શકું તેમ નથી. એટલે તમને હું એક બૌદ્ધ કથા કહીશ. કદાચ તમે જાણતા હશો કે તે આધુનિક છે, પણ તે સાચી છે. મેં મેડમ ઝેડ પાસેથી તે સાંભળી હતી. તે સન્નારી એક વિખ્યાત બૌદ્ધ છે. લ્હાસામાં પ્રવેશ કરનાર તે પ્રથમ યુરોપીય સન્નારી હતાં. તિબેટમાંની તેમની મુસાફરી ખૂબ જોખમપૂર્ણ અને અરેરાટી પેદા કરે તેવી હતી. તેમણે મને તે મુસાફરીની એક ઘટના વર્ણવી બતાવી હતી. આજે સાંજે તે કથા હું તમને કહેવા માગું છું.

તેમની સાથે કેટલાક સહયાત્રીઓ હતા, અને તેથી તે સમૂહ એક વણઝારાના સમૂહ જેવો બની ગયો હતો. ઈન્ડોચાયનામાંથી તિબેટમાં જવું સહેલું પડે છે, એટલે ને લોકો ત્યાંથી તિબેટમાં જતાં હતા. ઈન્ડોચાયનામાં વિશાળ વનવગડાઓ છે, અને

તે જંગલોમાં વાઘ બહુ રહે છે. કેટલાક વાઘ માનવભક્ષી બની જાય છે. ત્યારે તે "મિસ્ટર ટાઈગર" કહેવાય છે.

એક વાર મોડી સાંજે તેઓ એક ગાઢ જંગલમાંથી પસાર થતાં હતાં. સહીસલામતીપૂર્વક પડાવ નાંખવા માટે તેમણે તે જંગલને વટાવવાનું હતું. શ્રીમતી ઝેડને ખ્યાલ આવ્યો કે આ મારે માટે ધ્યાનનો કલાક છે. તેમને નિશ્ચિત સમયે, નિયમિત રીતે, ધ્યાનમાં બેસવાની ટેવ હતી. તે કદી ધ્યાન કરવાનું ચૂકતાં નહિ. ધ્યાનનો સમય આવી ગયો હોવાથી, તેમણે પોતાના સાથીદારોને કહ્યું, "તમે આગળ મુસાફરી કરો. હું અહીં બેસીને ધ્યાન કરીશ. જ્યારે મારું ધ્યાન પતી જશે, ત્યારે હું તમારી પાસે આવી પહોંચીશ. તે દરમિયાન તમે હવે પછીના સ્થાને પહોંચી જાઓ અને પડાવ માટેની તૈયારી કરો. એક મજૂરે તેમને કહ્યું કે ના, શ્રીમતી ના, તેમ કરવું અશકય છે. મજૂર સ્વાભાવિક રીતે જ પોતાની ભાષામાં બોલતો હતો. પણ શ્રીમતી ઝેડ ને એક તિબેટવાસી પેઠે જ તિબેટની ભાષા આવડતી હતી. મજૂરે કહ્યું "તે અશકય છે. મિસ્ટર ટાઈગર જંગલમાં છે. અત્યારે તેને આવવાનો અને ભોજન શોધવાનો સમય આવી રહ્યો છે. અમે તમને એકલા છોડી ને જઈ ન શકીએ. તમે અહીં રોકાઈ જાઓ તે બરાબર નથી." તે સન્નારીએ જવાબ આપ્યો, "તમે તેની ચિંતા ન કરો. સહીસલામતી કરતાં ધ્યાન વધારે મહત્ત્વની ચીજ છે. તમે બધા જાઓ હું એકલી અહીં રહીશ."

ખૂબ નામરજીપૂર્વક તે બધા આગળ ચાલ્યા, કારણકે તે સન્નારી સાથે તર્કમાં ઉતરવું એ અશકય હતું. જ્યારે તે અમુક કામ કરવાનો નિશ્ચય કરતાં, ત્યારે કોઈ પણ ચીજ તેમને તે કામ કરતાં અટકાવી શકતી નહિ. તેઓ ચાલ્યા ગયા, અને તે સન્નારી એક વૃક્ષ નીચે સજાવડપૂર્વક ધ્યાનમાં બેઠાં. થોડાક સમય પછી તેમને કોઈક અણગમતી હાજરીનો ભાસ થયો, તે શું હતું તે જોવા માટે તેમણે આંખો ખોલી. ત્રણચાર ડગલાં દૂર એમની સામે મિસ્ટર ટાઈગર ખડો હતો! તેની આંખો લોભપૂર્ણ હતી. એટલે એક સાચા બૌદ્ધની પેઠે, તે સન્નારી બોલ્યાં, "જો આ રીતે નિર્વાણ પ્રાપ્ત કરવાની હોઊં તો તો તે સુંદર વાત છે. મારે મારા શરીરનો ત્યાગ યોગ્ય રીતે, યોગ્ય ભાવનાપૂર્વક કરવાની તૈયારી કરવી જોઈએ." પછી હાલ્યા ચાલ્યા સિવાય, જરા પણ થડકાટ અનુભવ્યા સિવાય, તેમણે પોતાની આંખો ફરી બંધ કરી અને ફરી ધ્યાનમાં પ્રવેશ્યાં. વધારે ગાઢ અને ઉત્કટ ધ્યાનમાં. જગતની ભ્રાન્તિમાંથી તે તદ્દન અનાસકત બની ગયાં. નિર્વાણમાં જવાની તેમણે તૈયારી

કરી. પાંચ મિનિટ વીતી ગઈ, દશ મિનિટ વીતી ગઈ, અડધો કલાક વીતી ગયો. અને કાંઈ જ ન બન્યું. ધ્યાનનો સમય પૂરો થતાં તેમણે આંખો ઉઘાડી. સામે વાઘ ન હતો! બેશક તે સ્થિર શરીર જોઈને વાઘને લાગ્યું હશે કે આ શરીર ખાવા યોગ્ય નથી! કારણકે સામાન્યત: વાઘ અને બીજાં જંગલી પશુઓ મૃત દેહને ખાતાં નથી. એ શરીરની સ્થિરતાનો પ્રભાવ વાઘ પર ખૂબ પડયો. હું એમ કહેવાની હિમત કરતી નથી કે વાઘ પર ધ્યાનનો પ્રભાવ પડયો હતો. વાઘ ચાલ્યો ગયો. તે સન્નારી ત્યાં એકલાં જ રહ્યાં. જોખમ ચાલ્યું ગયું હતું. શાન્તિપૂર્વક તેમણે આગળ ચાલવા માંડયું. પડાવમાં આવતાં તે બોલ્યાં કે હું આવી ગઈ છું!

આ મારી કથા છે. હવે આપણે શ્રીમતી ઝેડની માફક ધ્યાન કરવાનું છે. નિર્વાણમાં જવાની તૈયારી કરવા માટે નહિ (હસાહસ), પણ આપણી ચેતનાને ઊર્ધ્વતર બનાવવા માટે!

*

૧૩ માર્ચ ૧૯૫૭

આજે સાંજે પણ વાચન નહિ. પણ મેં જે કાંઈ લખ્યું છે તે વિષે કોઈકે પ્રશ્ન પૂછયો છે. પવિત્ર, તમારી પાસે તે પ્રશ્ન છે. વાંચોને.

(પવિત્ર વાંચે છે) "આપણો શ્રેષ્ઠ મિત્ર તે છે કે જે આપણને આપણા શ્રેષ્ઠ ભાગમાં ચાહે છે, અને છતાં આપણે જે છીએ તેનાથી ભિન્ન પ્રકારના બનવાનું જે આપણને કહેતો નથી."

(માતાજીની વાણી, ત્રીજી શ્રેણી, ૧૯૬૬ની આવૃત્તિ, પૃષ્ઠ ૬૬)

આનો અર્થ સમજાવવાનું મને કહેવામાં આવ્યું છે. અનેક પ્રકારની વિરોધી વાતો તમને કહેવાનું મને મન થાય છે. પણ...

ગમે તેમ પણ, જ્યારે મારા મનમાં કાંઈક હતું, ત્યારે મેં આ લખ્યું હતું. પણ ઘણે ભાગે માણસ મનમાં શું હતું તે ભુલી જાય છે. માણસ પોતાના મિત્રોને અને આસપાસના માણસોને તેઓ જેવા છે તેનાથી ભિન્ન પ્રકારના બનવાનું કહેતો હોય છે. માણસ પોતાને માટે એક આદર્શનું નિર્માણ કરે છે અને દરેક જણને તે આદર્શ લાગુ પાડે છે. પણ... આ મને ટોલસ્ટોયના પુત્રની યાદ દેવડાવે છે, જેને હું જાપાનમાં મળી હતી. માનવોમાં એકતા લાવવા માટે તે જગતની યાત્રાએ નીકળ્યો હતો. તેનો ઈરાદો સુંદર હતો. પણ તે સિદ્ધ કરવા માટેની તેની રીતરસમો ઓછી સુખકારક હતી. તે અક્ષોભ્ય ગંભીરતાથી કહેતો કે જો દરેકજણ એક જ ભાષા બોલે, જો દરેક જણ એક જ પ્રકારનો પોશાક પહેરે એક જ પ્રકારનું ભોજન જમે, અને એક જ રીતે વર્તે, તો જરૂર માનવોમાં એકતા સ્થપાય! જ્યારે તેને એમ પૂછવામાં આવ્યું કે તે સિદ્ધ કરવા માટે તમારી શી યોજના છે? ત્યારે તેણે જવાબ આપ્યો કે પ્રત્યેક દેશમાં જઈને એક નવીન પણ વૈશ્વિક ભાષાનો ઉપદેશ આપવો, એક નવીન પણ વૈશ્વિક પોશાકનો, નવીન પણ વૈશ્વિક ટેવોનો ઉપદેશ આપવો તે બસ છે. એ કરવાનો તેનો ઈરાદો હતો!

(હસતાં હસતાં) પોતાના નાનકડા ક્ષેત્રમાં દરેક જણ તે પ્રકારનો જ માણસ હોય છે. તેને એક આદર્શ હોય છે, સત્યનો, સૌંદર્યનો, ઉદાત્તતાનો એક ખ્યાલ હોય છે. અરે, ભગવાનનો પણ; તે ખ્યાલને તે બીજાઓ પર ઠોકી બેસાડવા માગતો હોય છે. કેટલાક લોકોને ભગવાન વિષે પણ ખ્યાલ હોય છે, અને તે ખ્યાલને તેઓ ભગવાન પર પણ ઠોકી બેસાડવા માગતા હોય છે, અને મરતા સુધી તેઓ નિરાશ બનતા હોતા નથી!

મારા મનમાં આ સ્વયંભૂ અને લગભગ અચેતન વલણ હતું, કારણકે જો હું તમારામાંના કોઈકને કહું કે તું આ કરવા માગે છે, તો તે ખૂબ જોરપૂર્વક વિરોધ કરીને કહેશે કે ના, ના, મારા જીવનમાં હું તે કદી કરવા માગતો નથી! પણ જ્યારે માણસ બીજા લોકોને માટે ખાસ કરીને તેમની જીવન પદ્ધતિ પ્રત્યે પ્રતિકાર્યો માટે અભિપ્રાયો બાંધતો હોય છે, ત્યારે તેઓ કેવા હોવા જોઈએ તે વિષે પોતે જે માને છે તેનાથી ભિન્ન પ્રકારના હોવા માટે તે તેમનો દોષ કાઢતો હોય છે. વિશ્વમાં બે વસ્તુઓ તદ્દન એક સરખી નથી, ન હોવી જોઈએ, કારણકે તે પ્રકારની એક વસ્તુ હોવાથી બીજી નિરુપયોગી છે, અનંત અનેકતાની સંવાદિતા માટે જે અનેકતામાં બે ગતિઓ, અને બે ચેતનાઓ પણ કદી એક સરખી હોતી નથી. આ

વિશ્વનું સર્જન થયું છે. જો આપણે આ વાત કદી ભૂલી ન જઈએ, તો પછી કોઈ માણસ આપણા વિચારને અપનાવે તેમ ઇચ્છવાનો અને તેની વચ્ચે પડવાનો આપણને શો અધિકાર છે? જો તમે અમુક રીતે વિચારતા હશો, તો એ વાત નિશ્ચિત છે કે બીજો માણસ તેજ પ્રકારે વિચારી શકે નહિ. જો તમે અમુક પ્રકારની વ્યકિત હશો, તો તે વાત તદ્દન નિશ્ચિત છે કે બીજો માણસ તે જ પ્રકારનો ન હોઈ શકે. દરેક વસ્તુને તેની યોગ્ય જગ્યાએ મૂકીને વિશ્વમાં તમારે સર્વ વિરોધી વસ્તુઓને એકત્રિત કરતાં, સંવાદમય કરતાં, સમન્વય કરતાં શિખવું જોઈએ.

સાચા મિત્ર પાસેથી જે પ્રતિકાર્યની આપણે આશા રાખીએ તેના પાયામાં આ વસ્તુ હોવી જોઈએ. મિત્રે એમ ન ઇચ્છવું જોઈએ કે મારો મિત્ર મારો જેવો જ બને! તે જેવો છે તેવો જ ઠીક છે.

વાકયની શરૂઆતમાં મેં કહ્યું છે કે "તે તમારા શ્રેષ્ઠ ભાગમાં તમને ચાહે છે..." તેને વધારે વિધાયક રીતે મૂકીએ તો, તમારા મિત્રે તમને તમારી નિમ્નતમ ભૂમિકા ઉપર નીચે ઉતરી આવવામાં પ્રોત્સાહન ન આપવું જોઈએ, તેની સાથે મૂર્ખાઈ ભરેલાં કૃત્યો કરવા અથવા તેની સાથે ખરાબ ટેવોમાં ગબડી પડવા, અથવા તમે જે ખરાબ કૃત્યો કરો છો તેને માટે તમારી પ્રશંસા કરવા પ્રોત્સાહન ન આપવું જોઈએ. એ વાત તદ્દન સ્પષ્ટ છે. પણ ઘણી ઘણી વાર એમ જ બનતું હોય છે કે પોતે જ્યારે નિમ્નતર ભૂમિકા પર અહીં પડયો હોય ત્યારે જેની સોબતમાં તેને અસુખ ન થાય તેની સાથે જ માણસ મિત્રાચારી બાંધતો હોય છે. જે પોતાની મૂર્ખાઈઓને પ્રોત્સાહન આપતો હોય છે તેને જ માણસ પોતાનો શ્રેષ્ઠ મિત્ર માનતો હોય છે. શાળામાં જવાને બદલે ભટકવા માટે, ઉદ્યાનોમાંથી ફળો ચોરી લાવવા માટે, પોતાના શિક્ષકોની ઠેકડી ઉડાવવા માટે, તેવી અનેક વસ્તુઓ માટે માણસ બીજાઓની મિત્રાચારી કરતો હોય છે.હું કોઈ વ્યકિતની અંગત ટીકા કરતી નથી, પણ સાચે જ દુઃખની વાત છે કે હું તે બાબત ઘણા દાખલા ટાંકી શકું તેમ છું. કદાચ તેથી મેં કહ્યું હતું કે તેઓ તમારા સાચા મિત્રો નથી. પણ તેઓ ખૂબ સગવડ ભરેલા મિત્રો હોય છે, કારણ કે તેમની સોબતમાં તમે ખોટું કરી રહ્યા છો એમ તેઓ તમને લાગવા દેતા નથી. તેને બદલે જો કોઈ આવીને તમને કહે કે જો રખડવાને બદલે અથવા આળસમાં સમય ગાળવાને બદલે અથવા મૂર્ખાઈભરેલાં કૃત્યો કરવાને બદલે, જો તમે વર્ગમાં આવો તો તે વધારે સારું નથી? તો મોટે ભાગે તમે જવાબ આપશો કે તું મારી સાથે માથાકૂટ ન કર,

તું મારો મિત્ર નથી. કદાચ મેં આ વાકય લખ્યું હતું. હું ફરીવાર કહું છું કે હું કોઈની અંગત ટીકા કરતી નથી, પણ કમનસીબે આમ વારંવાર બનતું હોય છે, અને તેથી તે કહેવાની તક હું ઝડપી લઉં છું.

અહીં એવાં બાળકો છે, જે બહુ આશાસ્પદ હતાં, પોતાના વર્ગમાં પહેલો નંબર રાખતાં હતાં, જે ગંભીરતાપૂર્વક અભ્યાસ કરતાં હતાં, જેમની પાસેથી મે મોટી આશા રાખી હતી, અને જેઓ આ પ્રકારની મૈત્રીથી તદ્ન વિનાશ પામી ગયા છે. હું આજે આ વાત કહી રહી છું એટલે હું કહીશ કે, તેથી મને બહુ દુ:ખ થયું છે; હું તેવા લોકોને મિત્રો નથી કહેતી પણ કટ્ટર શત્રુઓ કહું છું, જેમનાથી, કોઈ ભયંકર ચેપી રોગથી પોતે દૂર રહે તેમ, દૂર રહેવું જોઈએ.

ચેપી રોગવાળા માણસની સોબત આપણે કરતા નથી, કાળજીપૂર્વક તેનાથી દૂર રહીએ છીએ. સામાન્ય રીતે તેને એક ખાસ અલગ જગ્યાએ રાખવામાં આવે છે, જેથી તે ચેપી રોગ ફેલાય નહિ. પણ દુર્ગુણનો, દુરાચારનો, દુષ્ટતાનો, અસત્યનો, અધમનો ચેપ કોઈ પણ રોગના ચેપ કરતાં વધારે જોખમકારક હોય છે. તેનાથી કાળજીપૂર્વક દૂર રહેવું જોઈએ. તમને કહે કે હું તારા દુષ્કૃત્યોમાં ભાગ નહિ લઉં, જે તમને પ્રલોભનોનો સામનો કરવા માટે હિમત આપે, તેવા માણસને તમારે તમારો શ્રેષ્ઠ મિત્ર માનવો જોઈએ. તમારે તેની સાથે સમાગમ કરવો જોઈએ, અને નહિ કે તેની સાથે જેની સાથે તમે ગમ્મત-મજાક કરો છો, અને જે તમારી દુષ્ટ વૃત્તિઓને બળવાન બનાવે છે.

હવે હું આ બાબતમાં ઝાઝું નહિ કહું. હું જેમને ઉદ્દેશીને આ કહી રહ્યુ છું તે બાળકો મારા કહેવાનો ભાવાર્થ સમજી જશે એવી હું આશા રાખું છું.

ખરેખર, તમારે તમારા કરતાં વધારે ડાહ્યા માણસોની, જેમની સોબત તમને ઉદાત્ત બનાવે તેવી હોય તેમની, જે તમને સંયમ રાખવામાં અને પ્રગતિ કરવામાં, વધારે સારી રીતે વર્તવામાં અને વધારે સ્પષ્ટ રીતે જોવામાં મદદરૂપ હોય તેવા લોકોને મિત્રો તરીકે પસંદ કરવા જોઈએ. અને છેવટે શું ભગવાન જ આપણા શ્રેષ્ઠ મિત્ર નથી? ભગવાનને આપણે બધું જ કહી શકીએ છીએ, બધી ગુપ્ત વાતો તેમની આગળ પ્રગટ કરી શકીએ છીએ. ભગવાનમાં સર્વ દયાનું, જો પુનરાવૃત્તિ

ન કરાય, ૧. દરેક ભૂલને ભૂંસી નાંખવાની શકિતનું ઉદ્‌ગમસ્થાન છે. સાચા સાક્ષાત્કારનો માર્ગ ખોલી નાંખવાની ભગવાનમાં શકિત છે. ભગવાન બધું જ સમજી શકે છે, બધા રોગોને મટાડી શકે છે, માર્ગમાં તમે ઠોકર ન ખાઓ, ગબડી ન પડો, લક્ષ્ય પ્રત્યે સીધાસર ચાલ્યા જાઓ તે રીતે મદદ કરી શકે છે. તે સારા-માઠા દિવસોમાં સાચો મિત્ર છે. ભગવાન સમજી શકે છે, રોગ મટાડી શકે છે. જ્યારે તમને તેની જરૂર પડે, ત્યારે તે હાજર જ હોય છે. જ્યારે તમે સાચા દિલથી તેમને બોલાવો છો, ત્યારે તમને માર્ગદર્શન આપવા માટે, ટકાવી રાખવા માટે, આવી રીતે તમને ચાહવા માટે ભગવાન હંમેશાં હાજર જ હોય છે.

*

૧૫ માર્ચ ૧૯૫૭

(નીચેનો વાર્તાલાપ માતાજીએ શુક્રવારે આપ્યો હતો, જ્યારે માતાજી બાળકો સમક્ષ વાચન કરતાં હતાં.

ટલેમસેનની સ્મૃતિઓ

આજે ફરી વાર હું વાંચન કરવાની નથી. પણ હું તમને કોઈ વાર્તા નહિ કહું. હું તમને શ્રીમતી એકસ વિષે કહીશ.

---

૧. ૧૯૬૧માં જ્યારે આ વાર્તાલાપને પ્રસિદ્ધ કરવામાં આવ્યો, ત્યારે માતાજીએ કહ્યું હતું, "જ્યાં સુધી માણસ પોતાની ભૂલોની પુનરાવૃત્તિ કરેછે, ત્યાં સુધી કોઈ ભૂલને ભૂંસી શકાતી નથી, કારણ કે માણસ હર-ક્ષણે તે ભૂલને પુનર્જીવિત કરતો હોય છે. જ્યારે માણસ કોઈ ગંભીર કે નાનીભૂલ પોતાના જીવનમાં કરે છે, ત્યારે તેના પરિણામો તેને મળે જ છે. તે 'કર્મ' ને ભોગવવું જ પડે છે, ભગવાનની કૃપા પ્રત્યે માણસ વળે, તો તેમાં સર્વ પરિણામોનો નાશ કરવાની તાકાત છે. પણ તે કૃપા મેળવવા માટે દુષ્કૃત્યની પુનરાવૃત્તિ ન થવી જોઈએ, માણસે એમ ન માનવું જોઈએ કે હું બધાં દુષ્કૃત્યો કર્યા જ કરીશ, અને ભગવાનની કૃપા તે બધાંના પરિણામોને ભુરી નાંખ્યા જ કરશે. ભુત કાળને વિશુદ્ધ બનાવી શકાય કે જેથી તે ભાવિ પર કોઈ વિપરિત અસર ના નીપજાવે. પણ તેમાં એ શરત છે કે તેણે તે ભુતકાળને સતત ચાલુ વર્તમાનકાળ ન બનાવી મૂકવો જોઈએ. તમારામાંના દુષ્ટ આંદોલનને તમારે જ બંધ પાડી દેવું જોઈએ. તમારે તે આંદોલનની વારંવાર પુનરાવૃત્તિ ન કરવી જોઈએ.

શ્રીમતી એકસ વાઈટ ટાપુ પર જન્મ્યાં હતાં. તે ટલેમસેનમાં પોતાના પતિ સાથે રહેતાં હતાં. તેમનો પતિ એક મહાન મમી રહસ્યવાદી હતો. શ્રીમતી એકસ પણ એક મહાન મમી હતાં. તેમનામાં ઘણી શક્તિઓ હતી. તે દૂરદર્શન કરી શકતાં. તેમનામાં માધ્યમ બનવાના ગુણો હતા. તેમનામાં અસાધારણ શકિતઓ હતી. તેમને ખૂબ પરિપૂર્ણ અને કઠોર તાલીમ પ્રાપ્ત થઈ હતી. તે પોતાના ભૌતિક શરીરમાંથી, પૂર્ણ ચેતનામાં, સૂક્ષ્મ શરીરને બહાર કાઢી શકતાં, અને તે પણ એક પછી બીજી વાર- એમ બાર વાર. તે સભાનતાપૂર્વક અસ્તિત્વની એક ચેતનામાંથી બીજી ચેતનામાં જઈ શકતાં, તેમાં પોતે પોતાના ભૌતિક દેહમાં સભાનતાપૂર્વક રહી શકતાં હતાં તે જ રીતે, સભાનતાપૂર્વક રહી શકતાં. પછી તે ફરીને પોતાના સૂક્ષ્મ દેહને સમાધિમાં મૂકી શકતાં, અને પોતાની જાતને તેમાંથી વારંવાર બહાર કાઢી શકતાં અને તે પણ રૂપોના જગતના છેક છેવાડાના સીમાડા સુધી. તે વાત હું તમને થોડા સમય પછી કરીશ, જ્યારે તમે મારી વાત વધારે સારી રીતે સમજી શકશો. પણ હું તમને કેટલીક નાનકડી ઘટનાઓ વર્ણવી બતાવીશ. હું પોતે જ્યારે (૧૯૦૭માં) ટલેમસેનમાં હતી, ત્યારે મેં તે ઘટનાઓ જોઈ હતી. તેમણે મને જે કથા કહી હતી, તે પણ હું તમને કહી સંભળાવીશ.

એ ઘટનાઓ વધારે બાહ્ય પ્રકારની છે, પણ છતાં રમુજી છે.

તે લગભગ હંમેશાં સમાધિમાં જ રહેતાં. તેમણે પોતાના શરીરને એવી તો સારી તાલીમ આપી હતી કે જ્યારે તે સમાધિમાં હતાં અને જ્યારે તે પોતાના અસ્તિત્વના એક અથવા વધારે ભાગોને બહાર મોકલતાં હતાં, ત્યારે પણ તેમના શરીરને પોતાનું આગવું જીવન રહેતું. તેઓ હરી ફરી શકતાં અને કેટલાંક નાનકડા શારીરિક કાર્યો કરી શકતાં. તે ઘણું કામ કરતાં, કારણકે સમાધિમાં પણ તેઓ મુકત રીતે વાતચીત કરી શકતાં, પોતે જે જોયું હતું તેનું તે વર્ણન કરતાં કે જેની પાછળથી નોંધ લેવામાં આવતી, અને પછી તે ઉપદેશો પ્રસિદ્ધ પણ કરવામાં આવ્યા છે. તે અને બીજું રહસ્યવાદી કાર્ય કરવાને કારણે, ઘણીવાર તે થાકી જતાં અર્થાત્ તેમનું શરીર થાકી જતું, અને તેને સઘન રીતે પોતાની પ્રાણશકિતને તાજી બનાવવાની જરૂર પડતી.

એક દિવસ તે થાકી ગયાં હતાં, ત્યારે તેમણે મને કહ્યું કે હું કેવી રીતે મારી શકિતને ફરી પ્રાપ્ત કરી લઉં છું તે તમે જોશો. તેમની પાસે એક વિશાળ જાગીર

હતી. તેમાં ખૂબ પ્રાચીન ઓલિવ વૃક્ષો અને ફિગ વૃક્ષો ઉગેલાં હતાં, તેમના જેવાં વૃક્ષો મેં બીજે કયાંય કદી જોયાં નથી. તે એક અદ્‌ભુત ઉદ્યાન હતું. આ વિશાળ જમીન તે પર્વતની બાજુ પર હતી, તળેટીથી લગભગ અડધે ઉંચે આ ઉદ્યાનમાં અનેક લીંબુનાં અને નારંગીનાં વૃક્ષો હતાં, દ્રાક્ષના વેલા પણ હતા. નારંગીની કળીઓ કરતાં દ્રાક્ષના વેલાનાં પુષ્પોમાં વધારે સારી સુગંધ હોય છે. તે પુષ્પો મોટાં હોય છે. તેમાંથી તેમને રસ કાઢતાં આવડતું હતું. તેમણે મને તેની એકભરેલી શીશી આપી હતી. તેમણે આટલું મોટું (અભિનય) એક દ્રાક્ષનું ફલ ચૂંટયું હતું. તે પાકું હતું, તે પથારીમાં સૂઈ ગયાં અને તે દ્રાક્ષ ફળને તેમણે અહીં (અભિનય) પોતાના સૂર્યચક્ર ઉપર મૂકયું. પોતાના બંને હાથ વડે તેમણે તે દ્રાક્ષ ફળને પકડી રાખ્યું હતું. સૂઈ જઈને તે આરામ લઈ રહ્યાં હતાં. તે ઊંઘી ગયા ન હતાં, માત્ર આરામ લેતાં હતાં તેમણે મને કહ્યું કે એક કલાક પછી આવજો. એક કલાક પછી હું તેમની પાસે ગઈ. દ્રાક્ષ ફળ પાન કોઈક (મોટી રોટલી) જેટલું પહોળું બની ગયું હતું. તેનો અર્થ એ થયો કે તેમનામાં પ્રાણશકિત ચૂસી લેવાની એટલું બધું બળ હતું કે તેમણે ફળમાંથી આખું જીવન ચૂસી લીધું હતું અને તે ફળ નરમ અને તદ્‌ન પહોળું બની ગયું હતું. મેં પોતે જ તે જોયું હતું! તમે તેમ કરવા પ્રયત્ન કરો; તમે સફળ નહી બનો! (હસાહસ)

બીજી એક ઘટના આનાથી પણ વધારે રમૂજી છે. પણ પ્રથમ હું તમને ટલેમસેન વિષે કંઈક કહીશ, જે કદાચ તમે નહિ જાણતા હો. ટલેમ-સેન સહરાની સરહદ પર દક્ષિણ એલ્જીરિયામાં આવેલું એક નાનું શહેર છે. તે શહેરનું નિર્માણ એક ખીણમાં કરવામાં આવ્યું છે. તે ખીણની આસ-પાસ એક પર્વતોનું વર્તુળ છે. તે પર્વતો બહુ ઉંચા નથી, પણ ટેકરીઓ કરતાં વધારે ઉંચા છે. તે ખીણ ખૂબ ફળદ્રુપ, લીલીછમ, અને ભવ્ય છે. તેમાં મોટે ભાગે આરબોની અને શ્રીમંત વેપારીઓની વસ્તી છે. તે શહેર ખૂબ સમૃદ્ધિશાળી હતું. અત્યારે તેની સ્થિતિ કેવી છે તે હું કહી શકું તેમ નથી, કારણકે આ ઘટના આ સદીના પ્રારંભમાં બની હતી. તે શહેરમાં ખૂબ શ્રીમંત આરબો રહેતા હતા. અનેકવાર તેઓ એકસની મુલાકાત લેવા તેમની પાસે આવતા હતા. તેઓ કશું જાણતા ન હતા, કશું સમજતા ન હતા, પણ તેમને તેમાં રસ હતો.

એક દિવસ સાંજે એક આરબ આવ્યો, અને હસવા જેવા પ્રશ્નો પૂછવા લાગ્યો. પછી શ્રીમતી એકસે મને કહ્યું કે તમે જોશો કે આપણને રમૂજ પડે તેવું

કંઈક બનવાનું છે. મકાનના વરંડામાં એક ખૂબ મોટું ડાઈનીંગ-ટેબલ હતું. તેને આઠ પાયા હતા. દરેક બાજુએ ચાર ચાર. તે ખૂબ વજનદાર અને મોટું હતું. ટેબલથી થોડે દૂર, એ આરબનું સ્વાગત કરવા માટે, ખુરશીઓ ગોઠવવામાં આવી હતી. તે એક ખૂણે બેઠો હતો. શ્રીમતી એકસ ટેબલને બીજે છેડે બેઠાં હતાં. હું અને શ્રી એકસ એક બાજુએ બેઠાં હતાં. ત્યાં અમે ચાર જણ હતાં. કોઈ પણ ટેબલની નજીક ન હતું. અમે બધાં ટેબલથી દૂર હતાં. તે આરબ માણસ કયા પ્રકારની શકિતઓ પ્રાપ્ત કરી શકે તે વિષે અને જાદુ વિષે, હસવા જેવા પ્રશ્નો પૂછતો હતો. શ્રીમતી એકસે મારી સામે જોયું, તે કશું બોલ્યાં નહિ. તે મૌન બેઠાં હતાં. ઓચિંતી મેં એક ભયસૂચક ચીસ સાંભળી. ટેબલે ખસવાની શરૂઆત કરી, અને તેણે, વીરતાભર્યા અભિનય સાથે, બિચારા તે આરબ પર (જે ટેબલને બીજે છેડે બેઠો હતો) આક્રમણ કર્યું! ટેબલ તેની સાથે અફળાયું. શ્રીમતી એકસ ટેબલને સ્પર્શ કર્યો ન હતો; પોતાની પ્રાણિક શકિતથી તેમણે ટેબલને ગતિ આપી હતી. શરૂઆતમાં તે ટેબલ જરાક કચવાટપૂર્વક હાલવા માંડયું હતું, પછી તેણે ધીમે-ધીમે ગતિ શરૂ કરી, અને આખરે એક કૂદકો મારીને ટેબલ પોતાની જાતને તે આરબ ઉપર અફાળી. તે આરબ ચાલ્યો ગયો અને ફરી આવ્યો જ નહિ!

તેમનામાં વસ્તુઓને અભૌતિક બનાવી દેવાની અને તેમને ફરી વાર ભૌતિક બનાવી દેવાની શકિત હતી. તે કદી તે બાબત આત્મશ્લાઘા કરતાં નહિ, તે શકિત વિષે કદી બોલતાં નહિ કે હું અમુક વસ્તુ કરી રહી છું; તે બધી વસ્તુઓ મૌનપૂર્વક કરતાં. તે આ વસ્તુઓને વધુ મહત્ત્વ આપતાં નહિ. તે જાણતાં હતાં કે કેવળ ભૌતિક શકિતઓ કરતાં બીજા પ્રકારની શકિતઓ છે. એ હકીકતની તે વસ્તુઓ સાબિતી છે.

સાંજે હું શ્રી એકસ સાથે તે ગ્રામ્ય વિસ્તારને જોવા માટે ફરવા જતી, પર્વતોમાં અને પડોશનાં ગામડામાં ફરતી. મારા મકાનને તાળું મારવાની મને ટેવ હતી. મેં કહ્યું છે તે કારણોસર શ્રીમતી એકસ ભાગ્યે જ બહાર જતાં. ઘણોખરો સમય તે સમાધિમાં રહેતાં. તેમને ઘરમાં રહેવું ગમતું. પણ જયારે હું રાતે પાછી ફરતી, ત્યારે હું મારા મકાનને તાળું મારીને જતી અને તેથી કોઈ તેમાં પ્રવેશ કરી શકે તેમ ન હતું; છતાં હું હંમેશાં મારા ઓશિકા પર એક પુષ્પમાળા જોતી. તે ઉદ્યાનમાં ઉગતાં 'બેલે દ નુઈ ૧ નામનાં પુષ્પો હતાં. તે પુષ્પો આપણે અહીં છે.

૧. મિરાલિમિસ, પેરુનું આશ્ચર્ય; માતાજીએ તેને આશ્વાસનનું પ્રતીક કહ્યું હતું.

તે સાંજે ખિલે છે. તેમની સુગંધ અદ્‌ભૂત હોય છે. ત્યાં તે પુષ્પ છોડોની એક શ્રેણી હતી; તે છોડોની ઝાડીઓ આટલી (અભિનય) મોટી હોય છે. તે પુષ્પો બહુ નોંધપાત્ર છે. અહીં પણ તેજ પુષ્પો છે. એક જ ઝાડીમાં ભિન્ન ભિન્ન રંગનાં પુષ્પો ખિલતાં હોય છે. પીળાં, રાતાં, મિશ્ર રંગના, ભુખરાં, બ્લ્યૂબેલ જેવાં તે નાનકડા પુષ્પો હોય છે. ના, ના, તે પુષ્પો કોન્વોલ્યુમસ જેવાં હોય છે. આ પુષ્પો ઝાડી પર ઉગે છે, જ્યારે કોન્વોલ્યુમસ એક લતા હોય છે. અહીં બાગમાં તે છે. શ્રીમતી એકસ હંમેશાં તે પુષ્પોને પોતાના કાન પાછળ પહેરતાં, કારણકે તેમની સુગંધ આનંદપ્રદ રીતે સુંદર હોય છે. એટલે તે આ મોટી ઝાડીઓની વચ્ચેની ગલીમાં થોડુંક ફરતાં. તે ઝાડીઓ ખૂબ ઉંચી હતી. તે ફૂલો એકઠાં કરતાં. જ્યારે હું ફરીને પાછી આવતી, ત્યારે હું તે ફૂલોને મારી રુમમાં જોતી! તે કેવી રીતે તે કરતાં હતાં. તે વિષે તેમણે મને કદી વાત કરી ન હતી. પણ તે મારી રૂમમાં પ્રવેશ કરતાં ન હતાં. તે વાત ચોકકસ. એકવાર તેમણે મને પૂછયું કે તમારી રૂમમાં ફૂલ ન હતાં? મેં જવાબ આપેલો કે હા, જરૂર હતાં. બસ, એટલું જ. ત્યારે મને ખબર પડી કે તે મારી રૂમમાં ફૂલો મૂકી આપતાં હતાં.

હું તમને ઘણી વાતો કહી શકું તેમ છું. પણ તેમણે મને કહેલી, મેં પોતે નહિ જોયેલી. એક વાત કહીને આજે હું વિરમીશ.

ટલેમસેન સહરાની નજીક છે. તેનું હવામાન રણના જેવું છે. અપવાદ માત્ર એટલો કે ખીણમાં એક નદી વહે છે, જે કદી સૂકાઈ જતી નથી અને સમગ્ર પ્રદેશને ફળદ્રુપ બનાવે છે. પણ પર્વતો તો તદ્‌ન શુષ્ક હતા. માત્ર જે ભાગોમાં ખેડૂતો રહેતા હતા ત્યાં કંઈક ઉગતું હતું. શ્રી એકસનો ઉદ્યાન (મોટી જાગીર) એક અદ્‌ભુત સ્થાન હતું. તેમાં બધું ઉગતું હતું–અને તે પણ ભવ્ય કદમાં. તે પતિપત્ની ત્યાં ઘણાં સમયથી રહેતાં હતાં. પાંચ–છ વર્ષ પહેલાં શ્રીમતી એકસે મને કહેલું કે અમને એમ લાગતું હતું કે આ વંધ્ય પર્વતો મોડા વહેલા આ નદીને સૂકવી નાંખશે, તેથી ત્યાં વૃક્ષો રોપવાં તે વધારે યોગ્ય છે. ટલેમસેનના વહીવટદારે આજ્ઞા કરી કે બધા લોકો પાસેની બધી ટેકરીઓ પર વૃક્ષો રોપે. એક વિશાળ અર્ધવર્તુળાકારે. તેણે કહ્યું કે પાઈન વૃક્ષો રોપવાં જોઈએ, કારણકે એલ્જીરિયામાં દરિયાઈ પાઈન બહુ સારી રીતે ઉગે છે. તેમને તો અખતરો કરવાનું મન થયું. ભગવાન જાણે શા કારણે–કલ્પના કે ભૂલાઈ જવાને કારણે પાઈન વૃક્ષો માટે હૂકમ આપવાને બદલે વહીવટદારના માણસોએ ફર વૃક્ષોનો હૂકમ આપ્યો! ફર વૃક્ષો

સ્કેન્ડીનેવિઆના દેશોમાં ઉગે છે, રણના પ્રદેશોમાં નહિ, બહુ ચીવટપૂર્વક તે ફર વૃક્ષો વાવવામાં આવ્યા. શ્રીમતી એકસે તે જોયું, અને તેમણે એક પ્રયોગ કર્યો, એમ મને લાગે છે. ચાર–પાંચ વર્ષ પછી તે ફર વૃક્ષો ઉગ્યાં. એટલું જ નહિ, પણ તે ભવ્ય રીતે ઉગી નીકળ્યાં. જ્યારે હું ટલેમસેનમાં ગઈ, ત્યારે ચારેય બાજૂના પર્વતો લીલાછમ અને તે વૃક્ષો વડે ભવ્ય બની ગયેલા હતા. તેમણે મને કહ્યું કે જુઓ, આ પાઈન વૃક્ષો નથી. આ તો ફર વૃક્ષો છે, જે નાતાલનાં વૃક્ષો છે, તે તમે જાણો છો નેં? તે ફર વૃક્ષો હતાં. પછી તેમણે મને કહ્યું કે, "ફર વૃક્ષોને વાવ્યાને ત્રણ વર્ષ પછી, એક ડિસેમ્બરની રાત્રે હું દીવો હોલવીને સૂઈ ગઈ હતી. એક નાનકડા અવાજથી હું જાગી ગઈ. અવાજ પ્રત્યે હું બહુ લાગણી- પ્રધાન છું. આંખો ઉઘાડતાં મેં ચંદ્રકિરણ જેવું કાંઈક જોયું. તે રાતે આકાશમાં ચંદ્ર ન હતો. તે ચંદ્રકિરણથી મારી રૂમનો ખૂણો પ્રકાશિત બની ગયો. એક નાનકડું ભૂત જોયું; નોર્વે, સ્કેન્ડીનેવિઆ અને સ્વીડનની પરીકથાઓમાં તમે જેમને વિષે વાંચો છો તેવું તે ભૂત હતું. તે ભૂત નાનકડું હતું, તેનું માથુંમોટું હતું, તેણે અણીદાર ટોપી પહેરી હતી અને ગાઢ લીલા રંગના બૂટ પહેર્યા હતા. તેને લાંબી ધોળી દાઢી હતી, તે તદ્દન બરફથી આચ્છાદિત હતું.

તેમની આંખો ઉઘાડી હતી. તેમણે તે ભૂત તરફ નજર ફેંકી. તે બોલ્યાં કે તું અહીં શું કરી રહ્યું છે? તે જરાક ચિંતિત હતાં, કારણકે તેમની રૂમની ગરમીમાં બરફ પીગળી રહ્યો હતો અને તેમની રૂમની ફરસબંધી પર એક નાનકડું ખાબોચિયું બનાવી રહ્યો હતો. તેમણે પૂછ્યું કે તું અહીં શું કરી રહ્યું છે?

ખૂબ મધુરતાપૂર્વક સ્મિત કરીને તેણે જવાબ આપ્યો, "અમને ફર વૃક્ષોએ બોલાવ્યાં છે. ફર વૃક્ષો બરફને બોલાવે છે. તે ઠંડા મુલકનાં વૃક્ષો છે. હું બરફનો રાજા છું. એટલે હું તમને જાહેર કરવા આવ્યો છું કે અમે આવી રહ્યાં છીએ; અમને બોલાવવામાં આવ્યાં છે, અમે આવી રહ્યાં છીએ.

"બરફ? પણ અમે તો સહરા પાસે છીએ!" તે બોલ્યાં.

તેણે કહ્યું કે, "તો પછી તમારે ફર વૃક્ષો રોપવાં જોઈતાં ન હતાં.'

છેવટે તેમણે તેને કહ્યું, "સાંભળ, તું જે કહે છે તે સાચું છે કે નહિ તે હું જાણતી નથી. પણ તું મારી ફરસબંધી બગાડી રહ્યું છે. ચાલી જા."

એટલે તે ચાલ્યું ગયું. ચાંદની તેની સાથે ચાલી ગઈ. તેમણે દીવો સળગાવ્યો, કારણકે ત્યાં વીજળી ન હતી. અને જ્યાં તે ભૂત ઉભું હતું ત્યાં તેમણે પાણીનું એક નાનકડું ખાબોચિયું જોયું. એટલે તે એક સ્વપ્ન ન હતું. એક સાચા નાનકડા સત્ત્વનો બરફ તેમની રૂમમાં પીગળી ગયો હતો. બીજી સવારે જ્યારે સૂર્ય ઉગ્યો, ત્યારે તે હિમાચ્છાદિત પર્વતો પર ઉગી રહ્યો હતો. તે પ્રદેશમાં તેવું પહેલી વાર જ બન્યું હતું. ત્યારથી દરેક શિયાળામાં ત્યાંના બધા પર્વતો હિમાચ્છાદિત બની જાય છે.

એ મારી કથા છે.

*

૨૦ માર્ચ ૧૯૫૭

"કેટલીક વાર વિજયનો આનંદ સંઘર્ષના અને સંકટના આકર્ષણ કરતાં ન્યૂન હોય છે. છતાં વિજય પ્રાપ્ત કરતા માનવ-આત્માનું લક્ષ્ય વિજય કલગી હોવી જોઈએ, ક્રોસ નહિ.

અભીપ્સા નહિ કરતા જીવાત્માઓ ભગવાનની નિષ્ફળતાઓ છે. પણ પ્રકૃતિ તેમનાથી આનંદ પામે છે રાજી થાય છે. અને તેવા જીવાત્માઓની સંખ્યામાં વૃદ્ધિ કરવાનું તેને ગમતું હોય છે, કારણકે તેઓ તેની સ્થિરતાની ખાતરી આપતા હોય છે અને પ્રકૃતિના સામ્રાજ્યને લંબાવતા હોય છે.

જેઓ ગરીબ, અજ્ઞાની, નિમ્નકુળમાં જન્મેલા, અને ખરાબ રીતે ઉછેરવામાં આવેલા છે, તેઓ સામાન્ય માનવસમૂહ નથી હોતા. જેઓ ક્ષુદ્રતામાં અને સામાન્ય માનવતામાં સંતોષ માને છે, તે બધા સામાન્ય માનવસમૂહ છે.

માણસોને મદદ કરો, પણ તેમને શકિત વગરના ન બનાવી તેમને દોરવણી અને બોધ આપો, પણ તેમની મૌલિકતા અને કાર્યનો આરંભ કરવાનો આવેગ

કાયમ રહે તે બાબત ધ્યાન રાખો. બીજાઓને તમારી જાતમાં અપનાવી લો, પણ બદલામાં તેમને તેમના સ્વભાવની પૂર્ણ દિવ્યતા આપો. જે આમ કરી શકે, તે નેતા અને ગુરુ છે.

ભગવાને જગતને રણક્ષેત્ર બનાવ્યું છે, અને તેને ઝઝૂમનાર લોકોના પગના પડછંદાથી અને એક મહાન સંઘર્ષના અને કુસ્તીના અવાજોથી ભરી દીધું છે. ભગવાને શાન્તિ માટે જે કિંમત નક્કી કરી છે તે કિંમત ભરપાઈ કર્યા સિવાય શું તમે શાન્તિને પ્રાપ્ત કરી શકશો ?

પરિપૂર્ણ દેખાતા વિજય પર વિશ્વાસ ન મૂકશો. વિજય પ્રાપ્ત કર્યા પછી પણ જ્યારે તમને હજી પણ વધારે કાંઈક કરવાનું બાકી છે એમ જણાય, ત્યારે આનંદ માણજો અને આગેકૂચ કરજો, કારણ કે સાચી પરિપૂર્ણતા પ્રાપ્ત કરતા પહેલાં, લાંબા સમય સુધી પરિશ્રમ કરવો પડે છે.

વચગાળાની સ્થિતિને લક્ષ્ય માની લેવાની ભૂલ કરવી, અથવા વિશ્રામસ્થાનમાં જરૂરી હોય તેના કરતાં વધારે સમય સુધી રોકાઈ રહેવું, તેના કરતાં કોઈ વધારે જડ બનાવી દેનારી ભૂલ નથી."

(થૉટ્સ એન્ડ એફોરિઝમ્સ, સેન્ટીનરી વૉલ્યુમ્સ ૧૬, પૃષ્ઠ ૩૮૬)

માનવ-પ્રકૃતિની જડતા, ભારેખમપણું, આળસ, સહેલા સંતોષો, પ્રયાસ પ્રત્યે વિરોધ, આ બધાંની સામે યુદ્ધ કરવાની બાબત શ્રી અરવિંદ આ ફકરામાં કહી રહ્યા છે. જીવનમાં કેટલા બધા એવા માણસો મળે છે કે જેઓ સંઘર્ષથી ડરતા હોવાને કારણે શાન્તિવાદી બની ગયા હોય છે ? તેઓ કિંમત ચૂકવ્યા વગર વિશ્રાન્તિ લેવા ઇચ્છતા હોય છે, કલ્પનામાં પ્રાપ્ત કરેલી થોડી પ્રગતિથી સંતોષ માની લેતા હોય છે તેમની કામનાઓ તેમના માર્ગમાં કરાતા વિશ્રામને સાચો ઠેરવવા માટે એક પ્રકારની અદ્‌ભુત સભાનતા ઉભી કરે છે.

સામાન્ય જીવનમાં આમ ઘણી વાર બનતું હોય છે. આ શ્રીમંત, બેઠાખાઉ લોકોનો આદર્શ છે, જેણે માનવજાતિને નિષ્પ્રાણ બનાવી દીધી છે, અને માનવને તે અત્યારે છે તે પ્રકારનો બનાવી મૂકયો છે. તેવા લોકો કહેતાં હોય છે કે

"જુવાનીમાં કામ કરી લો, ધનમાન, મોભો, સત્તા કમાઈ લો, થોડી ઘણી બચત કરો, અગમચેતી રાખો, મૂડી ઉભી કરો, સત્તાધીશ બનો, જેથી ચાલીસ વર્ષની ઉમ્મર પછી તમે આરામ કરી શકો, તમારી આવકનો, પેન્શનનો ઉપયોગ કરી શકો, અને મહેનત કરીને કમાયેલી વિશ્રાન્તિ માણી શકો." આનો અર્થ આ થયો કે, "બેસો, માર્ગમાં અટકી જાઓ, આગળ ન વધો, ઊંઘી જાઓ, મૃત્યુનો સમય આવે ત્યારે પહેલાં કબર પ્રત્યે સરી પડો, જીવનનો હેતુ સિદ્ધ કરવાની માથાકૂટમાં ન પડો!"

જે ક્ષણે માણસ આગળ વધતો અટકી જાય છે, તે જ ક્ષણે તે પીછેહઠ કરતો હોય છે. જે ક્ષણે તે સંતોષ માની લઈ અભીપ્સા સેવતો નથી, તે જ ક્ષણે તે મરવાની શરૂઆત કરે છે. જીવન એક ગતિ છે, પ્રયાસ છે, નવીન આવિષ્કારો પ્રત્યે આરોહણ છે, આગેકૂચ છે, પર્વતારોહણ છે, ભાવિ સાક્ષાત્કારો પ્રત્યે આરોહણ છે. આરામ કરવાની વૃત્તિ કરતાં બીજી કોઈ વધારે જોખમકારક ચીજ નથી. ક્રિયામાં, પ્રયાસમાં, આગેકૂચમાં, આરામ શોધી કાઢવો જોઈએ. ભગવાનની કૃપામાં સંપૂર્ણ વિશ્વાસ, કામનાઓનો અભાવ, અહંતા પર વિજય, આમાં સાચો આરામ મળે છે.

ચેતનાને વિશાલ વૈશ્વિક બનાવવાથી સાચો આરામ પ્રાપ્ત થાય છે. વિશ્વ જેટલા વિશાળ બનો, અને તમે સદાને માટે આરામમાં જ રહેશો. ખૂનખાર સંઘર્ષમાં, યુદ્ધની મધ્યમાં, પ્રયાસમાં તમને અનંતતાનો અને શાશ્વતીનો આરામ જડશે.

*

૨૨ માર્ચ ૧૯૫૭

શુક્રવારના વર્ગમાં માતાજીએ નીચેની કથા કહી હતી.

આજે સાંજે હું તમારી સમક્ષ એક ટૂંકી વાર્તા વાંચીશ. મને તે ખૂબ બોધદાયી લાગી છે. તે પ્રાચીન સમયની કથા છે, જ્યારે છાપખાનાં અને પુસ્તકો ન હતાં, જ્યારે ગુરુ અથવા દીક્ષિત પાસે જ જ્ઞાન હતું અને તે જ્ઞાન તેઓ

અધિકારી વ્યકિતને જ આપતા. તેમને મન અધિકારી એટલે શીખેલી વસ્તુ આચરણમાં મૂકે એવી અપેક્ષા રાખતા. જ્યારે તમે તે સત્યને આચરણમાં મૂકી દો, ત્યારે જ તે તમને બીજું સત્ય આપવા સંમત થતા.

અત્યારે તો વસ્તુઓ પલટાઈ ગઈ છે. ગમે તે કોઈ પુસ્તક વાંચવા લઈ શકે છે, અને મરજી મુજબ તેમાંના બોધને આચરણમાં મૂકી શકે છે અથવા નથી મૂકતો. આ બધું ઠીક છે, પણ તેથી ઘણા લોકોના મનમાં એક પ્રકારનો ગૂંચવાડો ઉભો થાય છે. જેમણે ઘણાં પુસ્તકો વાંચી લીધાં હોય છે. તેઓ એમ માની લેતા હોય છે કે, "આ પૂરતું છે. મેં અનેક પુસ્તકો વાંચ્યાં છે. એટલે મારામાં અનેક પ્રકારના ચમત્કારો બનવા જોઈએ." તેઓ આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરતા હોતા નથી. એટલે તેઓ અધીર બની જઈને કહેતા હોય છે કે, "મેં આટલાં બધા પુસ્તક વાંચ્યાં છે, છતાં હું પહેલાં હતો તેવો જ કેમ રહ્યો છું? મને પહેલાંના જેવી જ મુશ્કેલીઓ આવી પડે છે. મેં કોઈ સાક્ષાત્કાર પ્રાપ્ત નથી કર્યો. હું ઘણીવાર આવાં કથનો સાંભળતી હોઉં છું.

તેઓ એક વાત ભુલી જતા હોય છે કે, અધિકારી બન્યા પહેલાં તેમણે બૌદ્ધિક, માનસિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય છે. વાંચેલી વસ્તુ તેમણે આચરણમાં ઉતારી હોતી નથી. તેથી સ્વાભાવિક રીતે જ, તેમની ચેતનાની સ્થિતિ વચ્ચે અને તેમના વિચારો, વાંચેલા પણ આચરણમાં નહિ મૂકાયેલા જ્ઞાન વચ્ચે મોટી ખાઈ હોય છે.

તેવા અધીર લોકો માટે હું આ વાર્તા તમારી સમક્ષ વાંચી સંભળાવવાની છું. આ તે સમયની વાત છે કે જ્યારે માણસ વાંચવા માટે ચોપડો પ્રાપ્ત કરી શકયો ન હતો, જ્ઞાન માટે તેણે ગુરુ પર અથવા દીક્ષિત પર આધાર રાખવો પડતો હતો, જ્ઞાન માત્ર ગુરુ પાસે જ હતું, તેણે તે બીજા ગુરુ પાસેથી મેળવ્યું હતું, યોગ્ય લાગે ત્યારે તે ગુરુ તમારામાં તે જ્ઞાન સંક્રાન્ત કરતા, અર્થાત તમે અધિકારી બનો ત્યારે.

મારી વાર્તા આ રહી. (માતાજી વાંચે છે.)

દીક્ષાની કથા

એક વખત એક મહાત્મા હતા. તે મહાન તપસ્વી અને પંડિત હતા. તે વૃદ્ધ અને જ્ઞાની હતા. બધા લોકો તેમને માન આપતા. તેમનું નામ જુનુન હતું.

ઘણા તરુણો અને યુવાનો તેમની પાસે દીક્ષા લેવા માટે આવતા. તેઓ તેમના આશ્રમમાં રહેતા, પંડિત બનતા, અને લાંબો સમય અધ્યયન કરીને પોતાને ઘેર પાછા જતા.

એક દિવસ એક યુવાન તેમની પાસે આવ્યો. તેનું નામ યુસુફ હુસેન હતું. તેને તે કોણ હતો એ પૂછયા સિવાય જ મહાત્માએ તેને પોતાની સાથે રહેવાની રજા આપી. ચાર વર્ષ આમ વીતી ગયા. એક સવારે, પહેલી જ વાર, જુનુને યુસુફને બોલાવ્યો અને તેને પૂછયું કે તું અહીં શા માટે આવ્યો છે? એક ક્ષણના પણ વિચાર વગર યુસુફે જવાબ આપ્યો કે ધાર્મિક દીક્ષા લેવા માટે. જુનુન કાંઈ પણ બોલ્યા નહિ. તેમણે એક નોકરને બોલાવીને પૂછયું કે મેં કહ્યું હતું તેવી પેટી તેં બનાવી છે?

નોકરે કહ્યું કે ગુરુજી, હા, પેટી તૈયાર છે.

જુનુને કહ્યું કે વિલંબ કર્યા સિવાય તે પેટી લઈ આવ.

ખૂબ કાળજીપૂર્વક નોકરે પેટી મહાત્મા પાસે મૂકી. પેટી લઈને તેમણે તે યુસુફને આપતાં કહ્યું, "નીચા નદીના તટ પર મારો એક મિત્ર રહે છે. આ પેટીને તું મારી પાસેથી તેની પાસે લઈ જા. પણ ખૂબ કાળજી રાખજે. માર્ગમાં કોઈ ભૂલ કરતો નહિ. કાળજીપૂર્વક આ પેટીને તારી પાસે રાખજે અને જેને હું તે આપવા માગું છું તેને જ આ પેટી તું આપજે. તું પાછો આવીશ, ત્યારે હું તને દીક્ષા આપીશ." મહાત્માએ ફરી વાર યુસુફને તેની તે જ સલાહ આપી, અને નીલા નદીના તટે પહોંચવાનો માર્ગ વર્ણવી બતાવ્યો. યુસુફ ગુરુને પગે લાગ્યો. તેણે પેટી લીધી અને પ્રયાણ આદર્યું.

ગુરુના મિત્ર જ્યાં રહેતા હતા તે આશ્રમ બહુ દૂર હતો. તે જમાનામાં કાર કે રેલ્વે ન હતી. એટલે યુસુફને પગે ચાલીને મુસાફરી કરવાની હતી. આખી સવાર તે ચાલ્યો. બપોર થઈ. તાપ ખૂબ હતો, તે બધે ફેલાઈ જતો હતો. યુસુફ થાકી ગયો. એટલે આરામ કરવા તે માર્ગની બાજૂના એક વૃક્ષની છાયામાં બેઠો. પેટી બહુ નાની હતી. તેને તાળું વાસેલું ન હતું. યુસુફે પેટી તરફ બિલકુલ ધ્યાન આપ્યું ન હતું ગુરુએ તેની પેટી લઈ જવાની આજ્ઞા આપી હતી, અને એક

પણ શબ્દ બોલ્યા સિવાય તે ચાલી નીકળ્યો હતો. પણ બપોર ગાળવાના સમયે તેને વિચાર આવ્યો. તેના મનને બીજું કોઈ કામ ન હતું. એટલે તે વિચારો કરવા લાગ્યો. આવે પ્રસંગે જો કોઈ મૂર્ખાઈભરેલો વિચાર ન ઉદ્‌ભવે, તો તે એક વિરલ વસ્તુ કહેવાય. તેની નજર પેટી પર પડી. તે તેના તરફ જોવા લાગ્યો. તેના મનમાં વિચાર ઉઠ્યો, "કેવી સુંદર, નાની પેટી છે! તેને તાળું તો વાસેલું નથી. તે કેટલી બધી હલકી છે. શું તેમાં કોઈ ચીજ હશે? તે બહુ હલકી છે. કદાચ તે ખાલી પણ હોય" યુસુફે જાણે કે તે પેટી ઉઘાડવા માટે પોતાના હાથને લંબાવ્યો. ઓચિંતો તેને વિચાર આવ્યો, "ના, ના ખાલી હોય કે ભરેલી. પેટીમાં શું છે તે જાણવાનું કામ મારું નથી. મારા ગુરુએ આ પેટી તેમના મિત્રને આપવાની આજ્ઞા કરી છે. તેથી વધારે બીજું કાંઈ જ નહિ. મારે તેટલું જ કરવાનું છે. મારે બીજી પંચાતમાં પડવાની જરૂર નથી."

થોડીક વાર સુધી યુસુફ શાન્તિપૂર્વક બેસી રહ્યો. પણ તેનું મન શાન્ત રહી શકે તેમ ન હતું. પેટી તેની આંખો સામે પડી હતી. તેણે વિચાર્યું, "કેવી સુંદર, નાનકડી પેટી! તે તદ્‌ન ખાલી જણાય છે. ખાલી પેટીને ઉઘાડવામાં શી હરકત છે? જો તેને તાળું મારવામાં આવ્યું હોત, તો તો મારે તે ખોલવી તે અયોગ્ય કહેવાય. તેને તાળું માર્યું નથી. એટલે તેને ઉઘાડવામાં કશી હરકત નથી. એક ક્ષણ માટે ઉઘાડીને તેને હું બંધ કરી દઈશ."

યુસુફનો વિચાર તે પેટીની આસપાસ સંક્રમણ કરવા લાગ્યો, પેટી પ્રત્યે અનાસકત રહેવું તેને માટે અશકય હતું. તેના મગજમાં ઘૂસી ગયેલા વિચાર પર કાબૂ રાખવો એ તેને માટે અશકય હતું. તેણે વિચાર્યું કે એક ઝડપી નજર હું તે પેટીમાં નાંખી લઉં. ફરી તેણે પોતાનો હાથ લંબાવ્યો. ફરી વાર તેણે પોતાનો હાથ પાછો ખેંચી લીધો. પછી તે શાન્તિપૂર્વક બેઠો. પણ વ્યર્થ. છેવટે યુસુફે નિર્ણય કરી લીધો. તેણે ખૂબ ધીમે રહીને પેટી ઉઘાડી. તેણે ભાગ્યે જ તે પૂરી ઉઘાડી હશે અને એક નાનો ઉંદર તેમાંથી કૂદીને અદૃશ્ય થઈ ગયો. તે બિચારો ઉંદર પેટીમાં દુભાઈ ગયો હતો. તેણે કૂદકો મારીને મુકત થઈ જવામાં એક ક્ષણ પણ ગુમાવી નહિ

યુસુફ ગભરાઈ ગયો. આંખો ફાડીને તે જોઈ રહ્યો. પેટી ખાલી પડી હતી. શોકપૂર્વક તેનું હૃદય ધબકવા લાગ્યું, "મહાત્માએ તો પેટીમાં માત્ર એક નાનકડો

ઉંદર જ મોકલ્યો હતો. હું તેને સહીસલામત રીતે લક્ષ્ય સ્થળે ન લઈ જઈ શકયો. સાચે જ, મેં ગંભીર ભૂલ કરી. હવે હું શું કરીશ?"

યુસુફને પશ્ચાત્તાપ થવા લાગ્યો. પણ હવે શું થઈ શકે? તે ઝાડની આસપાસ ફરી વળ્યો. માર્ગ પર આમતેમ ફરી વળ્યો. પણ બધું વ્યર્થ? ઉંદર ભાગી ગયો હતો. ધ્રૂજતે હાથે યુસુફે પેટીનું ઢાંકણું બંધ કર્યું, અને આશ્ચર્યચકિત બનીને આગળ મુસાફરી ચાલુ કરી.

જયારે તે નીલા નદીના તટ પર, ગુરુના મિત્રના આશ્રમે પહોંચ્યો, ત્યારે તેણે મહાત્માની ભેટ તેમને સોંપી દીધી. પોતે ગુનો કર્યો હતો, એટલે મૌનપૂર્વક એક ખૂણામાં ઉભો રહ્યો. ગુરુના મિત્રે એક મહાન સંત હતો. તેમણે પેટી ઉઘાડી. તે બધી વાત સમજી ગયા. તે બોલ્યા, "યુસુફ, તેં ઉંદર ગુમાવી દીધો છે. મને દહેશત છે કે મહાત્મા જુનુન તને દીક્ષા નહિ આપે, કારણકે પરમ જ્ઞાનના અધિકારી બનવા માટે, માણસને પોતાના મન ઉપર સંપૂર્ણકાબૂ હોવો જોઈએ. તારા ગુરુને તારા સંકલ્પ બળ વિષે શંકા હતી. તેથી તેમણે આ યુકિત અજમાવી હતી. તેમણે તારી કસોટી કરી હતી. જો તું પેટીમાં એક નાનકડા ઉંદરને સાચવવા જેવી એક ક્ષુદ્ર વસ્તુને પણ સિદ્ધ ન કરી શકયો, તો પછી તું તારા મસ્તિષ્કમાં મહાન વિચારોને રાખવાનાં, હૃદયમાં સાચા જ્ઞાનને સાચવી રાખવાની આશા કેવી રીતે રાખી શકે? યુસુફ, કોઈ વસ્તુ બિનમહત્ત્વની નથી. તું તારા ગુરુ પાસે પાછો જા. ચારિત્ર્યની સ્થિરતા, ખંત કેળવી વિશ્વાસને યોગ્ય બન, જેથી તું એક દિવસ તે મહાત્માનો સાચો શિષ્ય બની શકે.

ખિન્ન બનેલો યુસુફ મહાત્મા પાસે ગયો, અને તેણે પોતાનો ગુનો કબૂલ કર્યો. મહાત્મા બોલ્યા, "યુસુફ, તેં એક અદ્‌ભુત તક ગુમાવી દીધી છે. મેં એક ક્ષુદ્ર ઉંદર તને જાળવવા સોંપ્યો હતો. તું તેટલું પણ ન કરી શકયો? તો પછી તું ખૂબ મૂલ્યવાન ખજાનાને, દિવ્ય સત્યને સાચવી રાખવાની આશા કેવી રીતે રાખી શકે? તેમ કરવા માટે તારામાં આત્મસંયમ હોવો જોઈએ. જા અને શીખ. તારા મનનો સ્વામી બનતાં શીખ. તે સિવાય કોઈ મહાન સિદ્ધિ પ્રાપ્ત થતી નથી."

લજ્જાવાન મુખે યુસુફ ચાલ્યો ગયો. ત્યારથી તેના મનમાં એક જ વિચાર ઘોળાતો રહ્યો. મનના સ્વામી બનવાનો. વર્ષો સુધી તેણે અથાગ પરિશ્રમ કર્યો. તેણે કઠોર તપસ્યા કરી. છેવટે મનના સ્વામી બનવામાં સફળ થયો. પછી વિશ્વાસ

કરી યુસુફ ગુરુ પાસે ગયો. તેને તૈયાર બનેલો જોઈને મહાત્મા ખૂબ રાજી થયા. આ રીતે, યુસુફે મહાત્મા જુનુન પાસેથી મહા દીક્ષા પ્રાપ્ત કરી.

ઘણા વર્ષ વીતી ગયાં. યુસુફના જ્ઞાનમાં તથા સ્વામિત્વમાં વૃદ્ધિ થઈ. તે ઈસ્લામનો એક મહાન, અસાધારણ સંત બન્યો.

(માતાજી બાળકો પ્રત્યે બોલ્યાં) તમારે અધીર ન બનવું જોઈએ. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે, તમારે તેને આચરણમાં મૂકવું જોઈએ, તમારા સ્વભાવ પર સંયમ સ્થાપવો જોઈએ, જેથી તમે તે જ્ઞાનને ક્રિયામાં અભિવ્યક્ત કરી શકો.

અહીં આવેલાં તમને ઘણી વસ્તુઓ વિષે કહેવામાં આવતું હોય છે. તમને સત્યના જગત સાથે સંપર્કમાં મૂકવામાં આવ્યાં છે. તમે તેમાં જીવી રહ્યાં છો. તમે જે હવા શ્વાસમાં લો છો તે સત્યથી પરિપૂર્ણ છે. છતાં તમારામાંથી કેટલા થોડા બાળકો જાણે છે કે આ સત્યને આચરણમાં મૂકવાનું છે? જોકે તમે ચેતનાને, જ્ઞાનને, સમતાને, વૈશ્વિકતાને, અનંતતાને, શાશ્વતીને, પરમ સત્યને, દિવ્ય હાજરીને વગેરેને આચરણમાં ન મૂકો, તમારામાં તે બધાનો સઘન અનુભવ ન કરો, તો તેમને વિષે વાતો કરવી એ નિરર્થક છે. તમે તમારી જાતને એમ ન કહેશો કે હું ઘણા વર્ષોથી અહીં રહું છું, મારા પ્રયત્નોનું પરિણામ મેળવવાની મને ખૂબ ઈચ્છા છે. પોતાના સ્વભાવમાંની નાનામાં નાની નબળાઈ પર, નાનામાં નાની ક્ષુદ્રતા પર, નાનામાં નાની અધમતા પર પ્રભુત્વ મેળવવા માટે, સતત પ્રયત્ન, ખૂબ સ્થિર સહિષ્ણુતા આવશ્યક છે. જો માણસ અહંતા-રહિત બનીને ચાહી ન શકે, તો ભગવાનના પ્રેમની વાતો કરવાથી શો ફાયદો? જો માણસ ભૂતકાળ અને વર્તમાનકાળ પ્રત્યે જક્કી રીતે આસક્ત હોય, જો બધું જ પ્રાપ્ત કરવા માટે તે કશું જ આપવાની ઈચ્છા ન કરતો હોય, તો અમરતાની વાતો કરવાથી શું વળવાનું હતું?

તમે હજી બહુ નાના છો. પણ તમારે હમણાં જ જાણી લેવું જોઈએ કે લક્ષ્ય પ્રાપ્તિ કરવા માટે કિંમત ચૂકવવી પડે છે, પરમ સત્યોને સમજવા માટે તેમને રોજિંદા જીવનમાં આચરણમાં મૂકવાં પડે છે.

આજે આટલું બસ છે.

*

૨૭ માર્ચ ૧૯૫૭

જ્યાં જ્યાં તું એક મહાન અંતને જુએ, ત્યાં ત્યાં ખાતરી રાખજે કે કોઈ મહાન પ્રારંભ થઈ રહ્યો છે. જ્યાં તને કોઈ રાક્ષસી અને દુ:ખમય સંહાર થઈ રહેલો તારે મનને જણાય, ત્યાં ત્યાં કોઈ મહાન સર્જન થઈ રહ્યું છે એવી ખાતરી રાખીને તારા મનને આશ્વાસન આપજે. ભગવાન માત્ર અંત:કરણના શાની અવાજમાંથી નથી, પણ અગ્નિમાં તથા ઝંઝવાતમાંયે છે.

જેમ સંહાર મોટો, તેમ સર્જનની તકો પણ વધારે મુકત. પણ સંહાર દીર્ઘકાલીન, ધીમો, અને જુલ્મગાર હોય છે. સર્જન આવવામાં વિલંબ કરે છે, તેના વિજયમાં અવરોધો આવતા હોય છે. રાત્રિ વારં વાર આવતી હોય છે, અને દિવસ વિલંબપૂર્વક આવે છે; કેટલીક વાર તેનું પ્રભાત ખોટું પણ ઠરતું હોય છે. તેથી નિરાશ ન બની જતો, પણ સાવધાનીપૂર્વક કાર્ય કર્યે જા. જેઓ ખૂબ ખૂબ આશા રાખે છે તેઓ જલ્દી નિરાશાનો ભોગ થઈ પડે છે. આશા પણ ન રાખ અને ભીતિ પણ ન રાખ પણ પરમાત્માના હેતુમાં અને કાર્ય સિદ્ધ કરવાના તારા સંકલ્પ-બળમાં શ્રદ્ધા રાખ.

દિવ્ય કળાકારનો હાથ ઘણીવાર એવી રીતે કામ કરે છે કે જાણે તેમને પોતાની પ્રતિભામાં અને સામગ્રીમાં પૂરો વિશ્વાસ ન હોય તેમનો હાથ સ્પર્શ કરતો, ચોકસાઈ કરતો અને કામ છોડી દેતો જણાય છે, સામગ્રીને ઉપાડી લેતો અને પછી નાંખી દેતો જણાય છે, ફરી સામગ્રી ઉપાડી લેતો, પરિશ્રમ કરતો, નિષ્ફળ જતો અને સામગ્રીનાં દ્રવ્યોને ફરી એકત્રિત કરતો જણાય છે. બધી વસ્તુઓ તૈયાર થઈ જાય ત્યાર પહેલાં તે હાથના કાર્યોમાં આશ્ચર્યો અને નિરાશાઓ દેખાતાં રહે છે. જે સામગ્રીને પસંદ કરવામાં આવી હતી, તેને ફરી વધારે સારું નિર્માણ કરવા માટે ખાડામાં ફેંકી દેવામાં આવે છે. જેને ફેંકી દેવામાં આવી હતી, તે એક મહાન ઈમારતની આધાર-શીલા બની જાય છે. પણ આ સઘળાની પીઠમાં આપણી તર્ક-બુદ્ધિથી પર એવા જ્ઞાનની ચોકકસ આંખ હોય છે, અનંત શકિતનું આછું સ્મિત હોય છે.

ભગવાનની સામે સમગ્ર શાશ્વતી પડી હોય છે; તે હંમેશાં ઉતાવળ કરતા હોતા નથી. તેમને પોતાના લક્ષ્ય અને વિજય માટે ખાતરી હોય છે, અને પોતાના

કાર્યને પરિપૂર્ણ બનાવવા માટે તેને સેંકડો વાર ભાંગી નાંખવામાં દરકાર કરતા નથી. ધીરજ આપણો પ્રથમ, આવશ્યક બોધપાઠ છે. પણ તે ધીરજ બીકણની, શંકાશીલની, શ્રમિતની, આળસુની, મહત્ત્વકાંક્ષા-રહિતની, કાચા-પોચા માનવીની વૃત્તિ નથી હોતી. તે ધીરજ શાન્તિપૂર્ણ અને બળ પ્રાપ્ત કરતી ધીરજ હોય છે, જે ઝડપી મોટા પ્રહારોના ઘણના સમય માટે સાવધાનતાપૂર્વક તૈયાર કરતી હોય છે. તે પ્રહારો ભાવિને પલ્ટી નાંખવા માટે થોડાક પણ પૂરતા હોય છે.

ભગવાન શા માટે પોતાના જગત પર આવા ભીષણ પ્રહારો કરે છે, રોટલીની કણકના લોટ પેઠે તેને મસળે છે, ગુંદે છે, અનેકવાર તેને રકતસ્નાન કરાવે છે, ભઠ્ઠીના નરકમય અગ્નિમાં ઓગાળે છે? કારણકે હજી સુધી માનવજાતિ એક કઠિન, અધમ, કાચી ધાતુ છે. તેને પ્રહારો ન કરે, તે ઓગળી જઈને અમુક નિશ્ચિત આકાર ધારણ કરવા સમર્થ નથી. જેવી ભગવાનની દ્રવ્ય-સામગ્રી છે, તેવી તેમની કાર્યપદ્ધતિ છે. જો માનવજાતિ પોતાની જાતને વધારે ઉદાત્ત અને વિશુદ્ધ ધાતુ બનાવશે તો તેની સાથે કામ કરવાની ભગવાનની પદ્ધતિ વધારે મુલાયમ અને મધુર બનશે. તે ધાતુના ઉપયોગો વધારે ઉચ્ચ અને સુંદર બનશે.

ભગવાન પાસે દ્રવ્ય-સામગ્રી પસંદ કરવાની અનંત શકયતાઓ હતી; તો પછી તેમણે આવી દ્રવ્ય-સામગ્રી શા માટે પસંદ કરી અથવા તો બનાવી? કારણકે તેમના દિવ્ય વિચારે પોતાની સમક્ષ માત્ર સૌન્દર્ય, મધુરતા, અને વિશુદ્ધિ જ જોયાં ન હતાં, પણ શકિત, સંકલ્પ-બળ અને મહત્તાને પણ જોયાં હતાં. શકિતના કેટલાક પાસાં વરવાં-કદરૂપાં છે, તેથી શકિતનો તિરસ્કાર ન કરીશ; ભગવાન માત્ર પ્રેમ જ છે એમ ન માનીશ. પરિપૂર્ણતામાં વીરના-રાક્ષસના બળ જેવું કોઈક તત્ત્વ પણ હોવું જોઈએ. મોટામાં મોટી મુશ્કેલીમાંથી મોટામાં મોટી શકિત જન્મતી હોય છે.

(થૉટ્સ એન્ડ એફેારિઝમ્સ વૉલ્યુમ ૧૬, પૃષ્ઠ ૩૯૨-૯૩)

આખરે આ સમસ્યા આવીને ખડી થાય છે કે માનવજાતિએ વિશુદ્ધસુવર્ણની સ્થિતિ પ્રાપ્ત કરી છે, કે હજી તેને ભઠ્ઠીમાં નાંખી તપાવવાની જરૂર રહી છે?

એક વાત સ્પષ્ટ છેકે માનવજાતિ હજી વિશુદ્ધ સુવર્ણ બની નથી. એ હકીકત તો સ્પષ્ટ દેખી શકાય તેવી, ચોક્કસ છે.

પણ જગતના ઈતિહાસમાં એવું કાંઈક બન્યું છે કે જેથી એવી આશા રાખી શકાય કે માનવજાતિમાંથી કેટલાક બહુ જ થોડા, પસંદ કરાયેલા લોકો વિશુદ્ધ સુવર્ણમાં રૂપાંતરિત થવા માટે તૈયાર થયેલા છે. તેઓ જુલ્મ કર્યા વગર બળ પ્રગટ કરી શકે તેમ છે, સંહાર વગર વીરતા બતાવી શકે તેમ છે, સંકટ વગર હિંમત બતાવી શકે તેમ છે.

પણ બીજા જ ફકરામાં શ્રી અરવિંદ જવાબ આપે છે કે, "જો માણસ એકવાર આધ્યાત્મિક બનવા માટે સંમતિ આપે."

માણસમાં રહેલું કશુંક આધ્યાત્મિકતાની માંગ કરી રહ્યું છે, અભીપ્સા કરી રહ્યું છે, અને તેનામાં રહેલું બીજું બધું તેમ કરવાનો ઈન્કાર કરે છે પોતે છે તેવું જ રહેવા માગે છે. તે એક પ્રકારની મિશ્ર, કાચી ધાતુ છે, જેને ભઠ્ઠીમાં નાંખવાની જરૂર છે.

અત્યારે, ફરી એકવાર, આપણે પૃથ્વીના ઈતિહાસમાં એક નિર્ણયાત્મક વળાંક પાસે આવીને ઉભા છીએ. ચારેય બાજૂએથી મને પૂછવામાં આવે છે કે હવે શું થશે? સર્વત્ર પીડા, અપેક્ષા, ભીતિ વ્યાપી રહેલી છે. તે પ્રશ્નનો એક જ જવાબ છે કે, માણસે આધ્યામિક બનવામાં સંમતિ આપવી જોઈએ.

થોડાક માણસો વિશુદ્ધ કુંદન બને એટલું પૂરતું છે, કારણકે તેથી ઘટનાઓનો માર્ગ પલ્ટાઈ જશે. આપણી સામે આ જરૂરિયાત ખૂબ ભીરતાપૂર્વક આવીને ખડી થઈ ગઈ છે.

ભગવાન આપણી પાસે જે હિંમતની, વીરતાની અપેક્ષા રાખે છે, તેનો ઉપયોગ આપણી પોતાની મુશ્કેલીઓ, અપૂર્ણતાઓ, અજ્ઞાન સાથે ઝગડવામાં શા માટે ન કરવો જોઈએ? વીરતાપૂર્વક આંતર વિશુદ્ધિની ભઠ્ઠી શા માટે ન સ્વીકારી લેવી, કે જેથી ફરી વાર તે ભીષણ, રાક્ષસી સંહારમાંથી આપણે પસાર ન થવું પડે, જે સંહાર સમગ્ર સંસ્કૃતિને અંધકારમાં ફંગોળી દે છે?

આ સમસ્યા આપણી સામે ખડી છે. દરેક જણે પોતાની રીતે તેનો ઉકેલ લાવવાનો છે.

આજે સાંજરે મને પૂછાયેલા પ્રશ્નોનો જવાબ હું આપી રહી છું. મારો જવાબ શ્રી અરવિંદના જેવો જ છે. "જો માણસ આધ્યાત્મિક બનવામાં સંમતિ આપે, તો....." ?

હું ઉમેરીશ કે, માનવ દૃષ્ટિબિંદુથી જોતાં, કાલ તેની આગ્રહ-પૂર્વક માંગ કરી રહ્યા છે.

*

૩ એપ્રિલ ૧૯૫૭

જો માણસ એક વાર આધ્યાત્મિક બનવામાં સંમતિ આપે, તો બધું જ પલ્ટાઈ જાય પણ તેની માનસિક, પ્રાણિક, શારીરિક પ્રકૃતિ ઉચ્ચતર નિયમ પ્રત્યે બળવો પોકારતી હોય છે. તે પોતાની અપૂર્ણતાને ચાહે છે.

આત્મા આપણા અસ્તિત્વનું સત્ય છે. મન–પ્રાણ–શરીર તેના અપૂર્ણ બુરખા છે, પણ તેમની પરિપૂર્ણતામાં તે બુરખાઓ આત્માનાં વાઘાં બની રહે છે. આધ્યાત્મિક બનવું તે માત્ર પૂરતું નથી. તે ઘણા જીવાત્માઓને સ્વર્ગ માટે તૈયાર બનાવે છે. પણ પૃથ્વીને જ્યાં હતી ત્યાં જ રહેવા દે છે. તેમાં સમાધાન કરવું એ ઉદ્ધારનો માર્ગ ૧ નથી.

જગત ત્રણ પ્રકારની ક્રાન્તિ જાણે છે. ભૌતિક ક્રાન્તિનાં પરિણામો બળવાન હોય છે. નૈતિક અને બૌદ્ધિક ક્રાન્તિઓનો વિષય અનંતગણો વિશાળ હોય છે અને

---

૧ જો માણસ આધ્યાત્મિક બનવામાં સંમતિ આપે તો બધું જ પલ્ટાઈ જાય. પણ તેની માનસિક, પ્રાણિક, શારીરિક પ્રકૃતિ ઉચ્ચતર નિયમ પ્રત્યે બળવો પોકારતી હોય છે. માણસ પોતાની અપૂર્ણતાઓને ચાહતો હોય છે.

તેનાં ફળો વધારે સમૃદ્ધ હોય છે. પણ આધ્યાત્મિક ક્રાન્તિઓ મહાન વસ્તુઓનું વાવેતર કરતી હોય છે.

જો આ ત્રણેય ક્રાન્તિઓ પરિપૂર્ણ સંવાદિતામાં જોડાઈ જાય, તો એક ભૂલ વગરનું કાર્ય નિષ્પન્ન થાય. પણ માનવજાતિનાં મન અને શરીર બળવાન આધ્યાત્મિક આવેગને પરિપૂર્ણ રીતે ધારણ કરી શકતાં હોતા નથી. તે બેનું ઘણું ખરું કાર્ય વેર-વિખેર થઈ જતું હોય છે, દૂષિત બની જતું હોય છે. મહાન આધ્યાત્મિક વાવેતર-માંથી થોડુંક પરિણામ પ્રાપ્ત કરવા માટે, આપણી બુદ્ધિની તથા શરીરની જમીનને ખૂબ ઉથલાવવી પડે છે, ખોદવી પડે છે.

દરેક ધર્મે માનવજાતિને મદદ કરી છે. પ્રાથમિક ધર્મે (પેગનિઝમે) માનવમાં સૌન્દર્યના પ્રકાશમાં, જીવનની વિશાળતામાં તથા ઊંચાઈમાં, અનેક પાસાંવાળી પરિ-પૂર્ણતાના ઉદ્દેશ્યમાં વૃદ્ધિ કરી, ખ્રિસ્તી-ધર્મ માનવને દિવ્ય પ્રેમની અને દાનવૃત્તિની કાંઈક ઝાંખી કરાવી, બૌદ્ધ ધર્મે માનવને વધારે ડાહ્યો, વધારે નમ્ર, વધારે વિશુદ્ધ બનવાનો માર્ગ ચીંધ્યો. યહુદી ધર્મે તથા ઈસ્લામે માણસને કર્મમાં ધાર્મિક રીતે વફાદાર બનતાં અને ઉત્સાહપૂર્વક ભગવાનમાં ભક્તિ રાખતાં શિખવ્યું, હિન્દુ ધર્મ માનવ સમક્ષ વિશાળતમ અને ગહનતમ, આધ્યાત્મિક શકયતાઓને ખુલ્લી કરી. જો આ બધાં ભગવાનના દર્શનો એક બીજાને આલિંગે અને સમન્વય સિદ્ધ કરે, તો એક મહાન વસ્તુ સિદ્ધ થાય. પણ તેમાં બૌદ્ધિક કટ્ટર સિદ્ધાંત અને સંપ્રદાયોની અહંતા અવરોધો ઉભા કરે છે.

બધા ધર્મોએ ઘણા જીવાત્માઓનો ઉદ્ધાર કર્યો છે. પણ કોઈ ધર્મે હજી સુધી માનવને આધ્યાત્મિક બનાવ્યો નથી. તેમ કરવા માટે, સંપ્રદાય અને અમુક સિદ્ધાંત જરૂરી નથી, પણ આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ માટે સ્થિર અને સર્વસમન્વયી પ્રયાસની જરૂર છે.

આપણે જગતમાં અત્યારે જે પરિવર્તનો જોઈ રહ્યા છીએ,તે પોતાના આદર્શમાં, ઈરાદામાં બૌદ્ધિક, નૈતિક અને ભૌતિક છે. આધ્યાત્મિક ક્રાન્તિ પોતાના સમયની રાહ જોતી ઉભી છે, તે અમુક જગ્યાઓએ પોતાનાં મોજાંઓ ફેંકતી રહી છે. જ્યાં સુધી આધ્યાત્મિક ક્રાન્તિ નહિ આવે, ત્યાં સુધી બીજી ક્રાન્તિઓનો મર્મ નહિ સમજાય. આધુનિક ઘટનાઓની સમજૂતિઓ અને માનવના ભાવિ વિષેની આગાહીઓ

વ્યર્થ વસ્તુઓ બની રહેશે. કારણ કે આધ્યાત્મિક ક્રાન્તિનો સ્વભાવ તેની શક્તિ, તેની ઘટના આપણી માનવ-જાતિના હવે પછીના યુગનું નિર્માણ કરશે.

(થિયૉરિસ એન્ડ એફેારિઝમ્સ, શતાબ્દી ગ્રંથ ૧૬, પૃષ્ઠ ૨૯૩-૯૪)

માતાજી, અહીં શ્રી અરવિંદ લખે છે કે "જો આ બધાં ભગવાન સંબંધી દર્શનો એક બીજાને આલિંગે, એકબીજા સાથે સમન્વય સાધે તો એક મહાન વસ્તુ સિદ્ધ થાય, પણ બૌદ્ધિક કટ્ટર સિદ્ધાંત અને સંપ્રદાયની અહંતા તેમાં અવરોધો ઉભા કરે છે."

આ બધા અભિપ્રાયોનો એક-બીજા સાથે સમન્વય કેવી રીતે સાધવો?

માનસિક ચેતનામાં આ વસ્તુઓની સંવાદિતા-સમન્વય સાધી શકાય નહિ. એમ કરવા માટે, મનથી પર જવાની, અભિપ્રાયની પીઠમાં રહેલા વિચારને શોધી કાઢવાની જરૂર છે. દા. ત. આ ફકરામાં શ્રી અરવિંદે માનવ પ્રયત્નમાં, દરેક ધર્મ શેનું પ્રતિનિધિત્વ કરે છે તે બતાવી આપ્યું છે. અભીપ્સામાં અને સાક્ષાત્કારમાં આ ધર્મોનાં બાહ્ય રૂપો તો માત્ર કટ્ટર સિદ્ધાંતો અને બૌદ્ધિક ખ્યાલો છે. તેમનો બાહ્યાર્થ લેવાને બદલે, જો આપણે તેમના આંતર ભાવને, તત્ત્વને સ્વીકારીએ, તો તેમનો સમન્વય સાધવામાં કોઈ તકલીફ ન પડે. તે ધર્મો માનવ પ્રગતિની ભિન્નભિન્ન બાજૂઓ છે, તેઓ પરિપૂર્ણ રીતે એકબીજાની પૂર્તિ કરે છે; વધારે પરિપૂર્ણ અને સમગ્ર પ્રગતિ સાધવા માટે, જીવનની વધારે પરિપૂર્ણ સમજ પ્રાપ્ત કરવા માટે, ભગવાન પ્રત્યે વધારે સમન્વયી અભિગમ પ્રાપ્ત કરવા માટે, આ બધ ધર્મોને બીજી ઘણી બાજૂઓ સાથે સમન્વિત કરવા જોઈએ. આ સમન્વય વસ્તુઓની પીઠમાં રહેલા આત્મા પ્રત્યે પાછા વળવાની માંગ કરે છે. અને છતાં તેટલું જ પૂરતું નથી. તેમાં ભાવિનું દર્શન, માનવ જાતિ જેના પ્રત્યે આગેકૂચ કરી રહી છે તે લક્ષ્ય, જગતનો ભાવિ સાક્ષાત્કાર, શ્રી અરવિંદ જેને વિષે વાત કરે છે તે આધ્યાત્મિક ક્રાન્તિ કે જે નવીન યુગનું નિર્માણ કરશે, અતિ મનસ્ ક્રાન્તિ, આ બધાં ઉમેરાવાં જોઈએ.

અતિ મનસ્ ચેતનામાં આ બધી વસ્તુઓ વિરોધી અથવા એકલવાઈ રહેતી નથી. તે પરસ્પર પૂરક બની જાય છે. માત્ર માનસિક રૂપ જ ભેદો પાડતું હોય છે.

આ માનસિક રૂપ જેનું પ્રતિનિધિત્વ કરે છે, તેને બીજાં માનસિક રૂપો જેનું પ્રતિનિધિત્વ કરે છે તેની સાથે એકરૂપ બનાવવું જોઈએ, જેથી એક સંવાદમય સમગ્રતા રચાય. ધર્મ અને સાચી આધ્યાત્મિકતા વચ્ચે આ જ મહત્વનો તફાવત છે.

ધર્મ માત્ર તેનાં રૂપોમાં, કટ્ટર સિદ્ધાંતોમાં, વિચારોમાં અમુક નિશ્ચિત ખોખામાં રહેતો હોય છે, અને તે માત્ર થોડીક અપવાદરૂપ વ્યક્તિઓની આધ્યાત્મિકતા દ્વારા જ મહાન બનતો હોય છે. જ્યારે સાચું આધ્યાત્મિક જીવન અને સૌથી વધારે તો અતિ માનસ્‌નો સાક્ષાત્કાર દરેક નિશ્ચિત બૌદ્ધિક રૂપથી, જીવનના દરેક મર્યાદિત રૂપથી સ્વતંત્ર હોય છે, સર્વ શક્યતાઓને અને આવિર્ભાવોને આલિંગન આપતો હોય છે, અને તે તેમને વધારે ઉચ્ચ અને વૈશ્વિક સત્યની અભિવ્યક્તિનું વાહન બનાવતો હોય છે.

નવીન ધર્મ માત્ર નિરુપયોગી જ નહિ, પણ નુકસાનકારક પણ બને. નવીન જીવનનું સર્જન કરવાનું છે. નવીન ચેતનાની અભિવ્યક્તિ કરવાની છે. આ બૌદ્ધિક મર્યાદાઓથી તથા માનસિક ફોર્મ્યુલાથી પર છે. જીવંત સત્ય પ્રગટ થવું જોઈએ.

આ સાક્ષાત્કારમાં દરેક વસ્તુના સારનો અને તેના સત્યનો સમાવેશ થવો જોઈએ. આ સાક્ષાત્કાર દિવ્ય વાસ્તવિકતાનો થવો જોઈએ; તે બને તેટલો સમગ્ર, સંપૂર્ણ અને વૈશ્વિક હોવો જોઈએ. માત્ર તે જ જગતને અને માનવજાતિને બચાવી શકે. શ્રી અરવિંદ તે મહાન આધ્યાત્મિક ક્રાંતિની વાત કરે છે. આપણે તેનો સક્ષાત્કાર કરીએ. એમ તે ઇચ્છતા હતા.

આપણે આવતા બુધવારથી 'અતિ-મનસ્‌નો આવિર્ભાવ' નામનું પુસ્તક વાંચવાના છીએ. તેમાં તેમણે તે સાક્ષાત્કારની વિશાળ રૂપરેખા આપી છે.

મેં આજે જે પ્રથમ વાકય વાંચ્યું, તે માત્ર વ્યક્તિગત નહિ, પણ સામૂહિક સમસ્યાના ઉકેલની ચાવી છે. વાકય આ રહ્યું છે:

"જો માણસ એક વાર આધ્યાત્મિક બનવામાં સંમતિ આપે, તો બધું જ પલ્ટાઈ જાય. પણ તેની માનસિક, પ્રાણિક અને શારીરિક પ્રકૃતિ ઉચ્ચતર નિયમ સામે બળવો પોકારતી હોય છે. માણસ પોતાની અપૂર્ણતાઓ સાથે પ્રેમ કરતો હોય છે.'

હું ઇચ્છું છું કે આપણે આ વાક્યને આપણા ધ્યાનનો વિષય બનાવીએ.

(ધ્યાન)

*

૧૦ એપ્રિલ ૧૯૫૭

"આ પ્રવૃત્તિઓનું (રમત-ગમતો વગેરેનું) એક મૂલ્યવાન પરિણામ એ આવે છે કે તેમનાથી આપણી ખેલદિલીની ભાવનામાં વૃદ્ધિ થાય છે. તેમાં મજાક-મશ્કરીનો, સહિષ્ણુતાનો, બધા લોકોના અભિપ્રાયોને ગણતરીમાં લેવાનો, પ્રતિસ્પર્ધીઓ પ્રત્યે સાચા વલણનો અને મૈત્રીભાવનો, આત્મસંયમનો અને રમતના નિયમોના ઝીણવટપૂર્વક પાલનનો, ન્યાયપૂર્વક રમત રમવાનો, અન્યાયી સાધનોનો ઉપયોગ ન કરવાનો, સમતુલા ગુમાવ્યા સિવાય, ગુસ્સો કર્યા સિવાય જીતને તથા હારને સ્વીકારી લેવાનો, નીમાયેલા નિર્ણાયકના નિર્ણયોનો વફાદારીપૂર્વક સ્વીકાર કરવાનો સમાવેશ થાય છે. આ સદ્‌ગુણો માત્ર રમતગમતમાં જ નહિ, પણ સામાન્ય જીવનમાં પણ મૂલ્યવાન છે. તે ગુણોના વિકાસમાં રમતગમત જે મદદ આપે છે, તે સીધીસટ અને અમૂલ્ય હોય છે. જો તે ગુણોને માત્ર વ્યક્તિના જ નહિ, પણ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય જીવનમાં (કે જેમાં અત્યારે તે ગુણોથી વિરુદ્ધના દોષોની બોલબાલા છે.) અપનાવી શકાય તો આપણું વિક્ષિપ્ત અસ્તિત્વ વધારેમાં વધારે સરળ બને, તેમાં વધારે સંવાદિતા અને સલાહ- સંપ સ્થપાય, જેની અત્યારે ખૂબ જરૂર છે. શરીરની કેળવણી વિના, મનની ઉચ્ચતમ અને સંપૂર્ણતમ કેળવણી બસ નથી. જે રાષ્ટ્ર આ સદ્‌ગુણોને પરિપૂર્ણ માત્રામાં પ્રાપ્ત કરશે, તે સંભવતઃ વિજય, સફળતા અને મહત્તા માટે સૌથી વધારે બળવાન બનશે. તે રાષ્ટ્ર જગતમાં એકતા અને

સંવાદિતા લાવવામાં ખૂબ મોટો ફાળો આપી શકશે, કે જેની તરફ માનવ જાતિના ભાવિ માટે આપણે આશાની મીટ માંડી રહ્યા છીએ."

("અતિ-મનસ્નો આવિર્ભાવ", પૃષ્ઠ ૨-૪ ૧)

વહાલાં માતાજી, આપણી ટુર્નામેન્ટોમાં ઘણાં બાળકો ખરાબ ભાવનાથી રમતા હોય છે. જીતવા માટે તેઓ બીજાઓને ઈજા કરવા પ્રયત્ન કરતાં હોય છે. બાળકો પણ તેમનું અનુકરણ કરવા માંડતા હોય છે. આને કેવી રીતે અટકાવી શકાય ?

અજ્ઞાન અને ખરાબ દૃષ્ટાંત બાળકોની બાબતમાં નુકસાનકારક બનતાં હોય છે. એટલે રમતગમત શરૂ થાય ત્યાર પહેલાં, જો સમૂહનાયકો, કોચ્ચનો પોતાણી ટીમના બધા ખેલાડીઓને બોલાવીને શ્રી અરવિંદે અહીં જે વાત કહી છે તે સમજાવે, અમે 'ખેલદિલની નિયમાવલિ' અને 'આદર્શ બાળક' (અથવા 'બાળકે હંમેશાં યાદ રાખવા જેવી વસ્તુઓ') નામનાં બે પુસ્તકોમાં વિસ્તારપૂર્વક સમજાવ્યું છે, તે સમજાવો તો રૂડાં પરિણામ આવે. આ વસ્તુઓ બાળક સમક્ષ વારંવાર કહેવાવી જોઈએ. મેં પહેલાંના વર્ગમાં કહ્યું હતું તેમ, તમારે બાળકોને ખરાબ સોબત પ્રત્યે, ખરાબ મિત્રોથી સાવધાન રહેવા કહેવું જોઈએ.

સૌથી મોટી વાત તો એ છે કે, તમે બાળકો સમક્ષ સાચું દૃષ્ટાંત પૂરું પાડો. તમે બાળકોને જેવા બનવાનું કહો છો, તેવા પ્રથમ તમે જાતે બનો. તમે નિ:સ્વાર્થતાના, ધીરજના, આત્મસંયમના, સતત ખુશમિજાજના, પોતાના નાનકડા અંગત અણગમાઓ પર જીત મેળવવાનાં, સતત શુભેચ્છાના, બીજાઓની મુશ્કેલીઓ સમજવાના, મગજની સમતુલા કે જે બાળકોને ભયમુકત કરે છે, કારણકે શિક્ષા થવાના ભયથી બાળકો છેતરપિંડી કરનારાં, જુઠ્ઠું બોલનારાં, અને લુચ્ચા બનતાં હોય છે, દૃષ્ટાંતરૂપ બનો. જો તેમનામાં સલામતિની ખાતરી જન્મશે, તો બાળકો કશી વસ્તુ સંતાડશે નહિ, અને તમે તેમને વફાદાર અને પ્રામાણિક બનવામાં મદદ કરી શકશો. સારું દૃષ્ટાંત એ બધી વસ્તુઓ કરતાં વધારે મહત્ત્વનું છે. શ્રી અરવિંદ તેની,

---

૧ ૧૯૪૮ ના ડિસેમ્બરની ૩૦ મી તારીખનો આ સંદેશ આશ્રમના (૧૯૪૯ ફેબ્રુઆરીના) "શારીરિક કેળવણીના બુલેટીન" ના પ્રથમ અંકમાં પહેલી વાર છાપવામાં આવ્યો હતો. તે પૃથ્વી પર અતિ-મનસ્ના આવિર્ભાવની પ્રસ્તાવના છે. તે પુસ્તકમાં આઠ લેખો છે; જે શ્રી અરવિંદ મૂળ બુલેટિન માટે લખ્યા હતા

અપરિવર્તનશીલ ખુશમિજાજની કે જે સર્વ સંજોગોમાં કાયમ રહેવો જોઈએ તેની, આત્મવિસ્મૃતિની, પોતાની નાનકડી મુશ્કેલી બીજાઓને માથે ન ઢોળી દેવાની, થાક લાગે અથવા કંટાળી જવાય ત્યારે પણ ધીરજ ન ખોઈ દેવાની, બીજાઓને નાખુશ કરે તેવી રીતે ન વર્તવાની વાત કરે છે. આ બધું એક એવી પરિપૂર્ણતા, આત્મ-સંયમ માગી લે છે, કે જે સાક્ષાત્કારના માર્ગમાં મહાન આગેકૂચ છે. જો માણસ એક નાનકડા સમૂહનો પણ સાચો નેતા બનવાની શરતો પૂરી કરે, તો તેણે યોગ-સિદ્ધિમાં જરૂરી એવી શિસ્તમાં ખૂબ પ્રગતિ કરી ગણાય.

આ આત્મસ્વામિત્વના, સંયમના, સહિષ્ણુતાના (જે તમારી અંગત સ્થિતિને તમારા સમૂહકાર્ય પર પ્રતિકાર્ય નહિ કરવા દે) દૃષ્ટિકોણથી સમસ્યાને નિહાળવાની જરૂર છે. પોતાની જાતને ભુલી જવી, સ્વાર્થ ન હોવો, પોતાને માટે કોઈ પણ વસ્તુની ઈચ્છા ન કરવી, માત્ર સમૂહના, સમગ્રના જ કલ્યાણની ગણના કરવી (જે કલ્યાણનો આધાર પોતાના પર છે), પોતાના કાર્યમાંથી કોઈ અંગત લાભની ઈચ્છા ન રાખવી, મનમાં તે જ લક્ષ્ય રાખીને કાર્ય કરવું. આ ગુણો સાચા નેતામાં ખૂબ જરૂરી છે.

આ રીતે એક નાનકડા સમૂહનો નેતા મોટા સમૂહનો, રાષ્ટ્રનો પરિપૂર્ણ નેતા બની શકે છે, અને સામૂહિક ભાગ ભજવવા માટે પોતાની જાતને તૈયાર કરી શકે છે, તે બહુ મહત્ત્વની તાલીમ ભૂમિ છે. અહીં અમે તે જ કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ અને કરવાનું ચાલુ રાખીશું. અમે દરેક જણને, જેમ બને તેમ જલ્દી, નાનીમોટી જવાબદારી સોંપવા માગીએ છીએ, જેથી તે સાચો નેતા બની શકે.

સાચો નેતા બનવા માટે, માણસે તદ્દન નિઃસ્વાર્થી બનવું જોઈએ, તેણે યથાશક્ય સર્વ અભિમાનને અને સ્વાર્થમય ગતિઓને તિલાંજલિ આપવી જોઈએ. નેતા બનવા માટે, માણસે અહંતા પર વિજય મેળવવો જોઈએ. યોગ કરવા માટે અહંતા પર વિજય એ પ્રથમનું, અનિવાર્ય પગલું છે. તે રમતગમતને ભગવાનના સાક્ષાત્કારમાં એક બળવાન મદદ રૂપ બનાવી શકે છે.

ઘણા થોડા લોકો આ વાત સમજે છે. મોટે ભાગે જે લોકો રમતગમતની આ બાહ્ય શિસ્તનો, ભૌતિક સાક્ષાત્કાર પર એકાગ્રતાનો વિરોધ કરે છે, તેમનામાં શારીરિક અસ્તિત્વ પર કાબૂનો તદ્દન અભાવ હોય છે. શ્રી અરવિંદના પૂર્ણયોગના

સાક્ષાત્કાર કરવા માટે, શરીર પરનો કાબૂ એ પ્રથમનું અનિવાર્ય પગલું છે. જે લોકો શારીરિક ક્રિયાઓનો તિરસ્કાર કરે છે, તેઓ પૂર્ણ યોગના સાચા માર્ગ પર એક ડગલું પણ ભરવા શકિતમાન હોતા નથી. શરીરનાં બધા રૂપોમાં શરીર પરનો કાબૂ એ અનિવાર્ય પાયો છે. તમારા પર કાબૂ ધરાવતું શરીર તમારો શત્રુ છે, તે ગેરવ્યવસ્થાને તમે ન સ્વીકારી શકો, મનમાં રહેલા, પ્રકાશમય સંકલ્પ અને શરીરનું નિયમન કરવું જોઈએ;શરીરે મન પર પોતાનો કાયદો ન લાદવો જોઈએ. જ્યારે માણસ જાણે કે, અમુક વસ્તુ ખરાબ છે, ત્યારે તે ન કરવાનું સામર્થ્ય તેનામાં હોવું જોઈએ. જ્યારે માણસ અમુક વસ્તુ સિદ્ધ કરવા માગે, ત્યારે તેનામાં તે કાર્ય કરવાનું સામર્થ્ય હોવું જોઈએ; શરીરની અશકિતથી અથવા શરીરની અનિચ્છાથી અથવા શરીરના અસહકારથી તેણે ડગલે ને પગલે વચ્ચે અટકી ન પડવું જોઈએ. તે માટે માણસે શારીરિક શિસ્તનું અનુસરણ કરવું જોઈએ અને પોતાના ઘરમાં પોતે સ્વામી બનવું જોઈએ.

ધ્યાનમાં છટકી જવું, અને કહેવાતી ભવ્યતાની ઊંચાઈ પરથી ભૌતિક વસ્તુઓનો તિરસ્કાર કરવો એ બહુ સુંદર વસ્તુ છે; પણ જે માણસ પોતાના ઘરમાં સ્વામી નથી, તે ગુલામ છે.

(મૌન)

હવે કોઈને કાંઈ પૂછવાનું નથી?

માતાજી, શારીરિક ક્રિયાઓમાં એક સમસ્યા ઉભી થાય છે; અને તે એ કે અમુક એક રમતમાં અથવા ક્રિયામાં પરિપૂર્ણ બનવા માટે માણસે માત્ર તે જ રમત અથવા ક્રિયા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું પડે છે.

તે તદ્ન ખોટી વાત છે. બુલેટિનના પ્રથમ અંકમાં જ મેં આ વાત વિસ્તારપૂર્વક સમજાવી છે.૧ તે તદ્ન ખોટી વાત છે. જેણે પોતાની જાત પર કાબૂ મેળવ્યો છે અને એકાગ્રતાની શકિત વિકસાવી છે, તે આ એકાગ્રતાની શકિતને તદ્ન ભિન્ન વસ્તુઓ પ્રત્યે પણ લાગુ કરી શકે. કેટલીક વાર તો વિરુદ્ધ વસ્તુઓ પ્રત્યે પણ. તે, એક વસ્તુ બીજી વસ્તુમાં ખલેલ ન પહોંચાડે તે રીતે, તે બધી વસ્તુઓ કરવા સમર્થ બને. એમ થવું જોઈએ.

---

૧ 'એકાગ્રતા અને વ્યગ્રતા', બુલેટિન, ૧૯૪૯

તેમાં સમયના પ્રશ્નની ગણતરી કરવાની રહે છે. પણ તે પ્રશ્નનો ઉકેલ બે વસ્તુઓ વડે લાવી શકાય. પોતાના જીવનના પ્રકાશમય અને વધુ વિસ્તરતા સંગઠન દ્વારા, અને નકામી ક્રિયાઓમાં સમયનો બગાડ ન કરવા વડે. જો આ બે વસ્તુઓ અદૃશ્ય થઈ જાય, તો તે દરેકને માટે આશીર્વાદ રૂપ નીવડે. પ્રથમ તો બબડાટ, મિત્રો-સહકાર્યકરો સાથે નકામી વાતો બંધ કરી દેવાં જોઈએ. માણસ વાતોમાં ખૂબ સમય બગાડતો હોય છે! જ્યાં એક શબ્દથી કામ સરે એમ હોય છે, ત્યાં તે પચાસ શબ્દો બોલતો હોય છે તે માત્ર સમયનો જ બગાડ નથી? જ્યારે માણસને સમયનો અભાવ હોય છે, ત્યારે એમ સમજવું કે તેને પોતાના જીવનને સંગઠિત કરતાં આવડતું નથી. અલબત્ત, કેટલાક લોકો ઘણી ઘણી વસ્તુઓ કરતા હોય છે; પણ તે પણ જીવનમાં સંગઠનનો અભાવ બતાવે છે.

સાચા સંગઠનમાં દરેક વસ્તુને, તેની જરૂરિયાતની માત્રા અનુસાર સ્થાન મળતું હોય છે. તમે જાણો છો કે દસપંદર મિનિટની સુસમન્વિત કસરતથી તમે તમારા શરીરને જરૂરી તાલીમ આપી શકો છો. અહીં તમને તે વાત શિખવવામાં આવી છે, અને તમારી સમક્ષ તે સાબિત કરી આપવામાં આવી છે. શરીરની સમતુલા માટે આ પૂરતું છે. સ્વાભાવિક રીતે જ, રમતગમતો તમારામાં બીજા ગુણો પણ લાવી આપે છે; પણ તમે રોજ એક કલાકથી વધારે રમતા હોતા નથી; અને એક કલાક એ કાંઈ બહુ સમય તો ન જ કહેવાય.

તે માત્ર બહાનું છે! તમારા જીવનને સંગઠિત કરો, અને તમને માલૂમ પડશે કે તમે દરેક વસ્તુને અવકાશ આપી શકશો, સારા વિદ્યાર્થી બનવાને પણ.

*

૧૭ એપ્રિલ ૧૯૫૭

"આધ્યાત્મિક, ચૈત્ય, માનસિક અને પ્રાણિક સંસ્કૃતિનું સાચું લક્ષ્ય પરિપૂર્ણતા છે, અને શારીરિક સંસ્કૃતિનું પણ તે જ લક્ષ્ય હોવું જોઈએ. જો આપણે આપણાં અસ્તિત્વની, સમગ્ર પરિપૂર્ણતાની ખોજ કરતા હોઈએ, તો તેના શારીરિક ભાગની આપણે ઉપેક્ષા ન કરી શકીએ, કારણકે શરીર એ ભૌતિક પાયો છે, આપણે વાપરવાનું કરણ છે. એક પ્રાચીન સંસ્કૃત સુભાષિત કહે છે કે "શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્." શરીર સાચે જ ધર્મની પરિપૂર્ણતાનું સાધન છે. ધર્મ એટલે આપણી જાતની સમક્ષ આપણે જે આદર્શ રાખીએ તે, તેને સિદ્ધ કરવાનો નિયમ, તેનું કાર્ય. અને આપણી સમક્ષ આપણે સમગ્ર પરિપૂર્ણતાનું લક્ષ્ય રાખીએ છીએ, કારણકે આપણો આદર્શ અહીં દિવ્ય જીવનનું સર્જન કરવાનો છે, પૃથ્વી પર આત્મિક જીવનની પરિપૂર્તિ કરવાની છે, ભૌતિક વિશ્વની પરિસ્થિતિઓમાં, અહીં પૃથ્વી પર પણ, જીવને પોતાનું આધ્યાત્મિક રૂપાંતર ન થાય, શરીર વડે થતું કર્મ પરમ શક્તિને પ્રાપ્ત ન થાય, અને શરીર જે પરિપૂર્ણતા પ્રાપ્ત કરી શકે તેમ છે તે સિદ્ધ ન થાય, ત્યાં સુધી તે લક્ષ્યની સિદ્ધિ શક્ય નથી."

('અતિમનસૂનો આવિર્ભાવ' પૃષ્ઠ ૫)

માતાજી, શરીરનું કાર્ય કેવી રીતે પરમ શક્તિને પ્રાપ્ત કરી શકે?

રૂપાંતર દ્વારા જ. એ સંપૂર્ણ રૂપાંતર હોવું જોઈએ. શ્રી અરવિંદ પછીથી તેને વિષે કથન કરે છે.

અત્યારે તો આપણું શરીર પશુના શરીર કરતાં થોડું જ વિકાસ પામ્યું છે અને તે પણ શંકાસ્પદ છે. કારણકે અમુક દૃષ્ટિબિંદુથી આપણે કંઈક વધારે પ્રાપ્ત કર્યું છે, તો બીજા દૃષ્ટિબિંદુથી આપણે ગુમાવ્યું પણ છે. એ વાત ચોક્કસ છે કે શારીરિક શક્તિની દૃષ્ટિએ જોતાં, પશુઓ આપણાં કરતાં વધારે શક્તિશાળી છે. જો આપણે ખાસ સંસ્કૃતિ અને રૂપાંતર દ્વારા, આપણી શક્તિઓનું રૂપાંતર કરવામાં સફળ ન બનીએ, તો આપણે કહી શકીએ કે બળની તથા સ્નાયુઓની શક્તિના દૃષ્ટિબિંદુથી જોતાં, વાઘ અને સિંહ આપણા કરતાં ચઢિયાતા છે. ચપળતાની દૃષ્ટિથી જોતાં, વાંદરો આપણાથી ચઢિયાતો છે. પંખી બાહ્ય યંત્ર કે એરોપ્લેઈનની મદદ

સિવાય આકાશમાં ઊડી શકે છે, આપણે નહિ, વગેરે. ક્રિયા કરતાં આપણા અંગોની પશુજરૂરિયાતો વડે આપણે જકડાયેલા છીએ, દા. ત. આપણે અન્ન પર, અસંસ્કૃત રૂપમાં લેવાતા ભૂતપદાર્થ પર આધાર રાખવો પડે છે. ત્યાં સુધી આપણે નિમ્ન કોટિનાં પ્રાણીઓ છીએ.

હું જે વાંચવાની છું તેની વાત આગળથી નહિ કહું. પણ આપણા શરીરના પશુ સમાન કાર્ય માટે, પશુજીવન સમાન જ આ બધા ભાગો માટે, આપણે રુધિરનાં અભિસરણ ઉપર, રુધિર મેળવવા માટે ભોજન ઉપર આધાર રાખવો પડે છે. આ ભયંકર બંધનો, મર્યાદાઓ છે! જ્યાં સુધી ભૌતિક જીવનને તેના પર આધાર રાખવો પડે છે, ત્યાં સુધી આપણે આપણા જીવનનું દિવ્યીકરણ નહિ કરી શકીએ.

એટલે આપણે માનવું પડશે કે, માનવ પ્રાણીમાં રહેલી પશુતાને સ્થાને જીવનનું કોઈ બીજું ઉદ્‌ગમસ્થાન સ્થપાવું જોઈએ. આ આપણે આંશિક રીતે સિદ્ધ કરી શકીએ તેમ છીએ. જો આપણે ભૂતપદાર્થનું રૂપાંતર કરવું હોય, અને તેને દિવ્ય ગુણોની અભિવ્યક્તિ કરવા માટે સમર્થ બનાવવું હોય, તો આપણે તે લક્ષ્યને આપણી નજર સામે રાખવું પડશે.

એક ખૂબ પ્રાચીન પરંપરા હતી, જે વૈદિક અને કેલ્ડિયાની પરંપરાનું ઉદ્‌ગમસ્થાન હતી. તે પરંપરામાં એક તેજોમય દેહ વિષે કથન કરવામાં આવ્યું છે, જેનું ગહનતર ચેતના વડે હર ક્ષણે રૂપાંતર થઈ શકતું હતું. તે એટલું બધું મુલાયમ હતું; ને તે ચેતનાને અભિવ્યક્ત કરી શકતું હતું, તેમાં રૂપની નિશ્ચિતતા ન હતી. સ્વેચ્છાપૂર્વક તે દેહનું ભૂત તત્ત્વ તેજોમય બની શકતું. તેનામાં લઘુતાની સિદ્ધિ આવી શકતી, જેના વડે તે માણસ માત્ર સંકલ્પબળ વડે જ આકાશગમન કરી શકતો; તે માત્ર આંતર શક્તિના સંયમની અમુક પ્રક્રિયાઓનો જ ઉપયોગ કરતો. આ બાબતમાં ઘણું ઘણું કહેવાયું છે.

આ પૃથ્વી ઉપર આ બધી વસ્તુઓનો સાક્ષાત્કાર કરેલા માણસો હતા કે કેમ તે હું જાણતી નથી. પણ તેમાંની એક યા તો બીજી વસ્તુના આંશિક દૃષ્ટાંતો ઉપલબ્ધ થયેલાં છે, જે તે સિદ્ધિઓની શક્યતા બતાવી આપે છે. આ વિચારને આગળ ધપાવીએ, તો આપણે એવો ખ્યાલ પણ બાંધી શકીએ કે ભૌતિક અંગોને

અને તેમની ક્રિયાને સ્થાને શક્તિની એકાગ્રતાનાં કેન્દ્રો સ્થાપી શકાય તેમ છે. તે કેન્દ્રો ઉચ્ચતર શક્તિઓ પ્રત્યે ખુલ્લાં હશે, અને એક પ્રકારની રસાયણ વિદ્યા વડે જીવનની તથા શરીરની જરૂરિયાતો માટે તે શક્તિઓનો ઉપયોગ કરતા હશે. યોગાભ્યાસ કરનાર લોકો શરીરમાં રહેલાં છ ચક્રો વિષે જાણતા હોય છે. પણ આ ચક્રોને સ્થાને, ઉચ્ચતર શક્તિની અને ભૂત પદાર્થ પર છોડાયેલાં આકંપનોની સીધી ક્રિયા દ્વારા ભિન્ન ભિન્ન પ્રકારનાં, પરિપૂર્ણ અંગો સ્થાપી શકાય. જે લોકોએ, તેના સમગ્ર રૂપમાં, રહસ્યવિદ્યાનો સારી રીતે અભ્યાસ કર્યો છે, તેઓ સૂક્ષ્મ શક્તિઓને ભૌતિક રૂપ આપવાની પ્રક્રિયા જાણતા હોય છે, અને તે ભૌતિક રૂપને તેઓ ભૌતિક આકંપનો સાથે સંપર્કમાં મૂકી શકતા હોય છે. આ વસ્તુ કરી શકાય છે એટલું જ નહિ, પણ તે કરાય છે જ. તે એક વિજ્ઞાન છે, જેને પરિપૂર્ણ બનાવવાનું છે તે વિજ્ઞાનનો ઉપયોગ નવાં શરીરોનું સર્જન કરીને તેમને ક્રિયાશીલ બનાવવામાં થવો જોઈએ. તે નવાં શરીરો ભૌતિક જગતમાં અતિમાનસિક જીવનને પ્રગટ કરવા સમર્થ થશે.

પણ શ્રી અરવિંદ કહે છે તેમ, તે વસ્તુ સિદ્ધ થાય ત્યાર પહેલાં, આપણી પાસે જે છે તેનો સરસ ઉપયોગ કરી લેવો જોઈએ, જેથી શારીરિક ક્રિયાઓ પર વધારે ચોક્કસ કાબૂ સ્થાપી શકાય. એ વાત સ્પષ્ટ છે કે જે લોકો વૈજ્ઞાનિક રીતે અને સમન્વયપૂર્વક શારીરિક વ્યાયામ કરે છે, તેઓ પોતાના શરીર પર, બીજા લોકો કલ્પી ન શકે તેવો, કાબૂ પ્રાપ્ત કરે છે. જ્યારે રશિયાના કસરતબાજો અહીં આવ્યા હતા, ત્યારે આપણે જોયું હતું કે તેઓ કેટલી સરળતાપૂર્વક કસરતના ખેલો કરતા હતા; સામાન્ય લોકો તો તે કરી જ ન શકે; તેઓ તે કસરતના પ્રયોગો એવી રીતે કરતા હતા કે જાણે તે તદ્દન સરળ વસ્તુ હોય, જાણે તે કરવામાં તેમને જરાપણ પ્રયત્ન ન કરવો પડતો હોય! શરીર પરનું તે પ્રભુત્વ શરીરના રૂપાંતરની દિશામાં એક મહાન પગલું છે. આ કસરતબાજો ધંધાની દૃષ્ટિએ ભૌતિકવાદીઓ હતા, પોતાની વ્યાયામ-શિક્ષામાં તેઓ આધ્યાત્મિક પદ્ધતિનો ઉપયોગ કરતા ન હતા. તેમણે માત્ર ભૌતિક સાધનો વડે અને માનવ-સંકલ્પ બળના પ્રકાશમય ઉપયોગ વડે આ પરિણામો પ્રાપ્ત કર્યાં હતાં. જો તેમણે તેમાં આધ્યાત્મિક જ્ઞાનને અને શક્તિને ઉમેર્યાં હોત, તો તેમણે ચમત્કારિક પરિણામો પ્રાપ્ત કર્યાં હોત. જગતમાં ખોટા ખ્યાલો પ્રચલિત છે, તેથી આપણે આધ્યાત્મિક પ્રભુત્વને અને ભૌતિક પ્રભુત્વને સાંકળી શકતા નથી. તેથી બીજા સિવાય એક ચીજ અધૂરી રહી જાય છે. પણ આપણે એ જ વસ્તુ કરવા માગીએ છીએ. શ્રી અરવિંદ તે જ વસ્તુ સમજાવે છે. જો એ બે વસ્તુઓને એકત્રિત કરવામાં આવે, તો એક એવી પરિપૂર્ણતા સધાય કે જેની

કલ્પના મનુષ્યનું સામાન્ય મન ન કરી શકે. આપણે એ જ કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ.

શ્રી અરવિંદ આગળ કહે છે (જે આપણે આવતી વખતે વાંચીશું) કે પ્રથમ તો માણસે મૂર્ખાઈભરેલાં પૂર્વગ્રહોના ભીષણ સમૂહ સાથે ઝઘડવું પડશે, જે પૂર્વ-ગ્રહો ભૌતિક અને આધ્યાત્મિક જીવન વચ્ચે કડક વિરોધ પેદા કરે છે. તેણે માનવ ચેતનામાં એવી તો ઊંડી જડ ઘાલી છે, કે જે લોકો એમ માને છે કે અમે શ્રી અરવિંદની શિક્ષાને સમજ્યા છીએ, તેઓ પણ તે જડને ઉખેડી નાંખી શકે તેમ નથી! જ્યારે બીજાં કારણોસર મેં ધ્યાનોની શરૂઆત કરી, ત્યારે કેટલાક લોકો કહેતા હતા કે છેવટે આપણે આધ્યાત્મિક જીવન તરફ પાછા જઈએ છીએ. તેથી લાંબા સમય સુધી મેં ધ્યાનના વર્ગો લેવાનું બંધ કર્યું હતું. આ મૂર્ખાઈને ઉત્તેજન આપવા મેં તેમ કર્યું ન હતું, પણ તેમાં બીજાં કારણો હતાં. જ્યાં સુધી મૂર્ખાઈને માનવ ચેતનામાંથી ઉખેડી નાંખવામાં નહિ આવે, ત્યાં સુધી અતિમાનસિક શક્તિ આ અજ્ઞાની મનની અસ્પષ્ટતામા અવતરણ નહિ કરી શકે. તેમ છતાં પણ આપણે જરૂર સફળ થવાનાં છીએ.

મેં આ 'અતિમનસનો આવિર્ભાવ' પુસ્તક એટલા માટે પસંદ કર્યું હતું કે જેથી હું વ્યૂહાત્મક રૂપમાં અભિવ્યકત કરાયેલા સત્ય સાથે સંપર્કમાં મૂકવાની તક મેળવી શકું, જેથી તમે આ આધ્યાત્મિક અને ભૌતિક વચ્ચેના વિરોધ સામે ઝઘડી શકો, કારણકે તે વિરોધ એક સનાતન સત્ય વિષે સંપૂર્ણ ગેરસમજ છે.

જ્યારે તે પુસ્તક હું પૂરું વાંચી લઈશ, ત્યારે મેં ફરી ધ્યાન કેમ શરૂ કર્યું તે બાબત હું તમને કહી શકીશ, અલબત્ત, "ફરી પાછા આધ્યાત્મિક જીવન પ્રત્યે આવવાં" માટે તો નહિ જ!

તે વિરોધનો ખ્યાલ ખૂબ જ જડ ઘાલીને બેઠો છે કે જે લોકો એમ માને છે કે અમે વધુ સમજીએ છીએ. તેઓ પણ જ્યારે આધ્યાત્મિક જીવન વિષે વિચાર કરે છે, ત્યારે તરત તેઓ ધ્યાનનો વિચાર કરતા હોય છે!

હવે આપણે ધ્યાનમાં બેસીશું, પણ બીજા જ કારણ માટે.

(ધ્યાન)

૨૪ એપ્રિલ ૧૯૫૭

" ભૌતિક જગતમાં દિવ્ય જીવન, આવશ્યક રીતે, અસ્તિત્વના બે છેડાઓનું, આધ્યાત્મિક શિખરનું અને ભૌતિક પાયાનું મિલન સૂચવે છે. ભૌતિક પદાર્થમાં સ્થાપિત થયેલા જીવનના પાયા પરથી જીવાત્મા આત્માની ઊંચાઈઓ પર આરોહણ કરે છે, પણ તે પોતાના પાયાને ફેંકી દેતો નથી, તે ઊંચાઈઓને અને ઊંડાણોને સંયુક્ત કરે છે. આત્મા પદાર્થતત્ત્વમાં અવરોહણ કરે છે. ભૌતિક જગતમાં તે પોતાનાં પ્રકાશને, તેજોને, શક્તિઓને લઈ આવે છે, અને તેમના વડે ભૌતિક જગતને ભરી દે છે, તેનું રૂપાંતર કરે છે જેથી ભૌતિક જગત વધારે ને વધારે દિવ્ય બનતું ચાલે છે. રૂપાંતર એ માત્ર વિશુદ્ધ આધ્યાત્મિકમાં અને સૂક્ષ્મમાં પરિવર્તન નથી, જેના પ્રત્યે પદાર્થતત્ત્વને સ્વાભાવિક રીતે જ અણગમો હોય છે અને જે પદાર્થતત્ત્વ આત્માને બંધન કરનાર કોઈક અવરોધરૂપ ભાસે છે. રૂપાંતર પદાર્થતત્ત્વને આત્માનું એક રૂપ માને છે. અત્યારે તે રૂપ આત્માને સંતાડી રાખતું હોય છે, પણ ધીમે ધીમે તે આત્માને પ્રગટ કરતું કરણ બની જાય છે. રૂપાંતર પદાર્થતત્ત્વની શક્તિઓને, પદ્ધતિઓને ફેંકી દેતું નથી. તે પદાર્થતત્ત્વની નિગૂઢ શકયતાઓને બહાર લાવે છે, તેમને ઉન્નત બનાવે છે, તેમનું દિવ્યીકરણ કરે છે. તેમની અંદર રહેલી દિવ્યતાને પ્રગટ કરે છે. દિવ્ય જીવન, જેનામાં દિવ્ય બનવાનું સામર્થ્ય છે તેવી કોઈ પણ વસ્તુનો અસ્વીકાર કરતું નથી. દરેક વસ્તુને પકડમાં લેવાની હોય છે, ઉન્નત બનાવવાની હોય છે, તદ્દન પરિપૂર્ણ બનાવવાની હોય છે.

પરિપૂર્ણતા પ્રાપ્ત કરવાનાં આપણા પ્રયાસમાં, આપણે અસ્તિત્વના બે છેડાઓમાંથી ગમે તે એકથી શરુઆત કરી શકીએ. આપણી પસંદગીને અનુરૂપ સાધનોનો અને પ્રક્રિયાઓનો ઉપયોગ પછી આપણે કરવાનો રહે છે. યોગમાં તે પ્રક્રિયા આધ્યાત્મિક અને ચૈત્ય છે. તેની પ્રાણિક અને શારીરિક પ્રક્રિયાઓને પણ આધ્યાત્મિક અથવા ચૈત્ય વળાંક આપવાનો હોય છે, અને સામાન્ય જીવન અને પદાર્થતત્ત્વની ક્રિયાઓને પણ ઉચ્ચતર ગતિમાં ઉન્નત કરવાની હોય છે. દા. ત. હઠયોગમાં તથા રાજયોગમાં ઉપયોગમાં લેવાતાં પ્રાણાયામ તથા આસનો. તેથી ઉલટું, જો આપણે નિમ્નતર છેડાના કોઈ પણ ક્ષેત્રથી શરુઆત કરીએ, તો આપણને જીવન અને પદાર્થતત્ત્વ જે સાધનો અને પ્રક્રિયાઓ આપે છે તેમનો ઉપયોગ કરવાનો હોય છે, અને પ્રાણિક તથા ભૌતિક શકિતઓની શરતો તથા પ્રક્રિયાઓ સ્વીકારવાની રહે છે. આપણે પ્રારંભિક, સાધારણ શકયતાઓથી પર જે સિદ્ધિઓ અને પરિપૂર્ણ-

તાઓ પ્રાપ્ત કરી હોય, તેમને વિસ્તૃત બનાવવાની રહે છે. અને છતાં આપણે જે પાયાથી શરૂઆત કરી હતી તેના પર આપણે ખડા રહેવાનું રહે છે, તે પાયાની મર્યાદાઓ પાળવાની રહે છે. એનો અર્થ એવો નથી કે, આ બે છેડાઓ પરથી થતું કાર્ય એક બીજા સાથે મિલન ન સાધી શકે, ઉચ્ચતર છેડો નિમ્નતર પરિપૂર્ણતાને ઉન્નત બનાવીને પોતામાં એકરૂપ ન કરી શકે. પણ તેમ થવા માટે નિમ્નતર દૃષ્ટિ-બિંદુમાંથી ઉચ્ચતર દૃષ્ટિબિંદુમાં પરિવર્તન કરવું પડે છે, નિમ્નતર અભીપ્સાને અને હેતુને ઉચ્ચતર બનાવવાં પડે છે. જો આપણે માનવ જીવનનું દિવ્ય જીવનમાં રૂપાંતર કરવાનું ધ્યેય રાખ્યું હશે, તો આપણે તેમ કરવું જ પડશે. પણ અહીં, માનવ જીવનની ક્રિયાઓને આત્માની શકિત વડે ઉદાત્ત બનાવવાની જરૂરિયાત ઉભી થાય છે. અહીં નિમ્નતર પરિપૂર્ણતા અદૃશ્ય નહિ બની જાય. તે રહેશે, પણ માત્ર આત્માની શકિત જ આપી શકે તેવી ઉચ્ચતર પરિપૂર્ણતા વડે તેને વિસ્તૃત બનાવવાની રહેશે, તેનું રૂપાંતર કરવાનું રહેશે."

(અતિમનસ્‌નો આવિર્ભાવ, પૃષ્ઠ ૫–૮)

વહાલાં માતાજી, અહીં શ્રી અરવિંદ ઉચ્ચતર પરિપૂર્ણતાની અને નિમ્નતર પરિપૂર્ણતાની વાત કરે છે. તે કયી?

ઉચ્ચતર પરિપૂર્ણતા એટલે આધ્યાત્મિક પરિપૂર્ણતા, ભગવાન સાથે સંપૂર્ણ મિલન, ભગવાન સાથે તાદાત્મ્ય, નિમ્નતર જગતના બધાં બંધનોમાંથી મુકિત તે આધ્યાત્મિક પરિપૂર્ણતા છે, જે યોગ વડે પ્રાપ્ત થાય છે. તે શરીરથી અને ભૌતિક જગતથી તદ્દન સ્વતંત્ર છે. પ્રાચીન સમયમાં તેનો એવો અર્થ કરવામાં આવતો હતો કે શરીરનો તથા ભૌતિક જીવનનો પ્રથમ ત્યાગ કરી દેવો, જેથી માત્ર ઉચ્ચતર જગત સાથે જ અને છેવટે ભગવાન સાથે જ સંબંધ રહે. આ ઉચ્ચતર પરિપૂર્ણતા છે.

નિમ્નતર પરિપૂર્ણતા એટલે માનવ અત્યારે જે રૂપમાં અને શરીરમાં છે, સર્વ પાર્થિવ વસ્તુઓના સંબંધમાં છે, તેમાં રહીને પોતાનાથી બને તેટલું બધું જ કરી છૂટવું. બધાં પ્રતિભાશાળી માણસોએ તેમજ કર્યું હતું. કલાકારો, સાહિત્યિક પ્રતિભા-શાળી લેખકો અને કવિઓ, સંગઠનકારો, મહાન શાસકો, શારીરિક શકિતઓને પૂર્ણ-રૂપે વિકસાવનાર લોકો, માનવ વિકાસને સર્વ શકય રીતે આગળ વધારવાના લોકો આ બધાઓએ તેમજ કર્યું હોય છે. દા. ત. યુદ્ધ દરમિયાન કેટલાક લોકોએ પોતાના

શરીર ઉપર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો અને વિમાનીઓની પેઠે ચમત્કારિક વસ્તુઓ સિદ્ધ કરવામાં સફળતા મેળવી હતી. અશકય લાગે તેવી વસ્તુઓ તેમણે પોતાનાં શરીરો પાસે કરાવી હતી. તેમણે પોતાનાં શરીરોમાં અકલ્પ્ય સહિષ્ણુતા, ચાતુર્ય, શકિત પ્રગટ કર્યા હતાં. શારીરિક બળની, બૌદ્ધિક સાક્ષાત્કારની, શકિતની, હિંમતની, નઃસ્વાર્થતાની, ભલમનસાઈની, ભદ્રતાની દૃષ્ટિથી જોતાં તેમણે માનવગુણોને પરિપૂર્ણ રીતે વિકસાવ્યા હતા. આ નિમ્નતર પરિપૂર્ણતા છે.

ઉચ્ચતર પરિપૂર્ણતા આધ્યાત્મિક અને અતિમાનવ છે. નિમ્નતર પરિપૂર્ણતા એ વધારેમાં વધારે મર્યાદાઓ સુધી લઈ જવાયેલી માનવ પરિપૂર્ણતા છે, જે આધ્યાત્મિક અભીપ્સા સાથે સંબંધ વગરની હોય છે. માણસ, આધ્યાત્મિક અભીપ્સા સિવાય, પ્રતિભાશાળી વ્યકિત હોઈ શકે. માણસમાં સર્વ, ખૂબ અસાધારણ નૈતિક ગુણો હોય, અને છતાં તેનું જીવન આધ્યાત્મિક ન પણ હોય. જે લોકોમાં માનવી સાક્ષાત્કારો માટે ખૂબ મોટી શકિત હોય છે, તેઓ પોતાની સ્થિતિથી ઓછાવત્તા પ્રમાણમાં સંતુષ્ટ હોય છે. તેમને લાગતું હોય છે કે અમે સ્વપર્યાપ્ત છીએ. પોતામાં જ તેઓ તેમની સિદ્ધિનું અને આનંદનું ઉદ્‌ગમસ્થાન રાખતા હોય છે. તમે તમારા સર્જનોના સ્રષ્ટાઓ નથી. એમ તેમને સમજાવવું તે મોટે ભાગે બહુ કઠિન હોય છે. જો તેમને એમ કહેવામાં આવે કે તમે જે કરી રહ્યા છો તેમા સ્રષ્ટા તમે નથી, પણ કોઈ ઉચ્ચતર શકિત છે; તમે તો માત્ર તેના કરણ છો" તો તે વાત તેમને નહિ ગમે. તે કહેશે કે તમે તમારું કામ કરો, મારી સાથે નકામી માથાકૂટ ન કરો! તેથી સામાન્ય જીવનમાં આ બે પરિપૂર્ણતાઓ ભિન્ન-ભિન્ન હોય છે. પ્રાચીન યોગમાં એમ કહેવામાં આવતું હતું કે જીવનથી કંટાળો આવવો એ યોગ કરવા માટેની પ્રથમ શરત છે. પણ આ માનવ પરિપૂર્ણતા સિદ્ધ કરેલા લોકોને ભાગ્યે જ જીવનથી કંટાળો આવતો હોય છે. સિવાય કે તેમને માથે અંગત મુશ્કેલીઓ આવી પડી હોય, જેવી કે લોકો તેમનો આભાર ન માને તે, પોતાની પ્રતિભાની લોકો કદર ન કરે; તે બાકી જ્યાં સુધી તેમની સફળતા અને તેમના સર્જન ધમધોકાર ચાલતાં હોય છે, ત્યાં સુધી તેઓ સંપૂર્ણ સંતોષ અનુભવતા હોય છે. સ્વ-સંતુષ્ટ હોવાથી તેઓ બીજી કોઈ વસ્તુને ખોજતા હોતા નથી.

તાત્ત્વિક રીતે તે સત્ય નથી, પણ મોટે ભાગે વસ્તુઓ આ રીતે જ બનતી હોય છે. જો આ પ્રતિભાશાળી વ્યકિતમાં એવા આત્મા ન હોય, કે જે સંપૂર્ણ રીતે પોતાની જાતથી સભાન છે અને જે જાણે છે કે, હું અમુક ખાસ કામ કરવા

માટે પૃથ્વી પર આવ્યો છું, તો તે સારી રીતે ભલે જન્મ્યો હોય, મોટો થાય, પણ પાર્થિવ જીવન કરતા બીજી કોઈક વસ્તુ છે તે જાણ્યા સિવાય જ તે મરી જશે. પોતાનાથી શકય એવી કોઈક સિદ્ધિ પ્રાપ્ત કર્યાની લાગણી જ માણસને સંતોષ આપે છે, અને પછી તેને બીજું કાંઈ કરવાની જરૂર લાગતી હોતી નથી. જો તે લોકોને પોતાની જાતથી સભાન અને ભૌતિક જગતમાં પોતાનાં હેતુથી સંપૂર્ણ સભાન એવો આત્મા હોય, તો તેને એવી અસ્પષ્ટ લાગણી થશે કે, આ બધું પોલું છે, આ બધી સિદ્ધિઓ ઉપરચોટિયા છે, કશીક વસ્તુને હજી અભાવ વરતાય છે. પણ તેવી લાગણી તેવા લોકોમાં જ પેદા થાય છે કે જેમને માટે, માનવજાતિના સમૂહમાં, કોઈક ભાવિ નિર્માણ થયેલું છે, એવા લોકે ઝાઝાં નથી હોતા.

જે કાંઈક કરી બતાવવા જન્મ્યા હોય છે, તેઓ જ આ બે પરિપૂર્ણતાઓને સંયુકત કરી શકે છે અને કંઈક સમગ્રનો સાક્ષાત્કાર કરી શકે છે. પણ આ બહુ વિરલ બનતું હોય છે. મહાન આધ્યાત્મિક નેતાઓ ભાગ્યે જ ભૌતિક જગતમાં મહાન સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા હોય છે. તેમ બન્યું છે, પણ વિરલ. જે લોકો ભગવાનના સચેતન અવતારો છે, તેઓ સ્વાભાવિક રીતે જ આ બે પરિપૂર્ણતાઓની શકયતાને પોતામાં લઈ આવતા હોય છે; પણ તે અપવાદરૂપ છે. આધ્યાત્મિક જીવનવાળા, મહાન આધ્યાત્મિક સાક્ષાત્કારવાળા લોકો, અમુક અપવાદરૂપ ક્ષણોમાં, બાહ્ય સાક્ષાત્કાર માટેની શકિત પ્રાપ્ત કરી શકયા હતા. પણ તેય અપવાદરૂપ હતું. તેમાં પણ વચ્ચે રુકાવટો આવતી. ભૌતિક સાક્ષાત્કાર પર એકાગ્ર બનેલા લોકોની પરિપૂર્ણતા, સમગ્રતા, સમન્વય તેઓ પોતામાં સ્થાપી શકયા ન હતા. તેથી માત્ર બાહ્ય ચેતનામાં જ જીવનાર, પાર્થિવ ભૌતિક જીવનને જ વાસ્તવિક, સઘન, દૃષ્ટિગમ્ય, સ્પર્શગમ્ય માનનાર, લોકોને આધ્યાત્મિક જીવન હંમેશાં ઝાંખું, ભૌતિક દૃષ્ટિબિંદુથી તદ્ન સામાન્ય જ લાગ્યું છે.

હું ઘણા લોકોને મળી છું કે જેઓ બતાવવા માગતા હતા કે, આધ્યાત્મિક શકિતઓ બાહ્ય સાક્ષાત્કાર માટે ખૂબ બળ આપે છે, જેમણે અમુક અપવાદરૂપ આધ્યાત્મિક અવસ્થાઓમાં ચિત્ર ચીતરવાનો, સંગીત સર્જવાનો, અથવા કવિતા બનાવવાનો પ્રયત્ન કર્યો હતો, પણ તેમનાં સર્જનો તદ્ન (નીચલી) કક્ષાનાં હતાં, જેમને ભૌતિક પ્રકૃતિ ઉપર પ્રભુત્વ મેળવેલા મહાન પ્રતિભાશાળી સર્જકોની કૃતિઓ સાથે સરખાવી પણ ન શકાય. આથી ભૌતિકવાદી લોકોને એમ કહેવાની તક મળી જતી કે, "જોયું ને ? તમારી કહેવાતી આધ્યાત્મિક શકિતમાં કાંઈ માલ નથી."

પણ આનું કારણ એ હતું કે તે સર્જકો તેમના બાહ્ય જીવનમાં સામાન્ય મનુષ્યો હતા. જો મહત્તમ આધ્યાત્મિક શકિત બિનકેળવાયેલી દ્રવ્ય-સામગ્રીમાં પ્રવેશ કરે છે, તો સામાન્ય સ્થિતિમાં તે વ્યકિતએ જે સિદ્ધિ પ્રાપ્ત કરી હોત તેના કરતાં ચઢિયાતું પરિણામ તે લાવી શકે છે, પણ ભૌતિક પર પ્રભુત્વ મેળવેલી પ્રતિભાશાળી વ્યકિતના સર્જન કરતાં તે ઘણું ઉતરતું હોય છે. "આત્મા પ્રાપ્ત થાય" એટલું જ બસ નથી; કરણ પણ તેને વ્યકત કરવા માટે સમર્થ હોવું જોઈએ.

હું માનું છું કે શ્રી અરવિંદ તે વાત સમજાવવા માગે છે કે, બાહ્ય શારીરિક સત્ત્વને શા માટે સંપૂર્ણ વિકસાવીને સીધી રીતે પદાર્થતત્ત્વ પર કાબૂ મેળવવાની શકિત આપવી જોઈએ. ત્યાર પછી જ, તમે આત્માને પ્રગટ કરી શકે તેવું કરણ તેની સેવામાં આપી શકો. નહિ તો...હું એવા કેટલાક લોકોને જાણું છું કે જેઓ, તેમની સામાન્ય સ્થિતિમાં ત્રણ લીટીઓ પણ જોડણીની અને ભાષાની ભૂલો કર્યા સિવાય લખી શકતા ન હતા, જેઓ એક પણ વિચારને સ્પષ્ટ રીતે વ્યકત કરી શકતા નથી, તે લોકો આધ્યાત્મિક પ્રેરણાની ક્ષણોમાં ખૂબ સુંદર વસ્તુઓ લખી શકતા હતા; પણ તે સુંદર વસ્તુઓ ખૂબ મહાન લેખકોની કૃતિઓ જેટલી સુંદર ન હતી. સામાન્ય સ્થિતિમાં સર્જાયેલી કૃતિઓ કરતાં તે કૃતિઓ નોંધપાત્ર હતી; તેમની વર્તમાન શકયતાઓનો વધારેમાં વધારે ઉપયોગ કરવામાં આવ્યો હતો; તે મૂલ્યવાન સર્જનો હતાં, જે સામાન્ય સ્થિતિમાં ન બની શકયાં હોત. પણ તમે પ્રતિભાશાળી સંગીતકારનો, કલાકારનો કે લેખકનો દાખલો કે જેણે પોતાના કરણ પર સંપૂર્ણ પ્રભુત્વ મેળવ્યું છે, જે તે કરણનો ઉપયોગ ઉચ્ચતમ માનવ શકયતાને વ્યકત કરતી કૃતિઓ સર્જવામાં કરી શકે છે, અને તેને જો આધ્યાત્મિક ચેતના - અતિમાનસ શકિત પ્રાપ્ત થાય, તો તમને સાચી દિવ્યકૃતિ મળે.

શ્રીઅરવિંદ આપણને જે પ્રયાસ કરવાનું કહે છે તેની આ ચાવી છે.

જો તમે તમારા શરીરમાં જે શકયતાઓ છે તેમને બહાર લાવો, જો તમે શરીરને સામાન્ય, સુપ્રસિદ્ધ, વૈજ્ઞાનિક પદ્ધતિઓથી કેળવો, જો તમે આ કરણને બને તેટલું પરિપૂર્ણ બનાવો, તો જયારે અતિમાનસ સત્ય તે શરીરમાં અવતરણ કરશે, ત્યારે તે તરત જ–સદીઓ સુધી તૈયાર કર્યા વગર જ–આત્માની અભિવ્યકિતનુ અદ્‌ભુત કરણ બની જશે.

તેથી શ્રી અરવિંદ વારંવાર કહેતા આવ્યા છે કે, તમારે બંને છેડાઓથી કાર્ય કરવું જોઈએ, એક છેડાની ખાતર બીજા છેડાનો ત્યાગ ન કરવો જોઈએ. જો તમારે દિવ્ય ચેતના પ્રાપ્ત કરવી હોય, તો તમારે આધ્યાત્મિક અભીપ્સાનો ત્યાગ ન કરવો જોઈએ, પણ જો તમારે પૃથ્વી પર એક સમન્વિત દિવ્ય વ્યકિત બનવું હોય, તો બીજા છેડાનો ત્યાગ ન કરશો, તમારા શરીરને શ્રેષ્ઠ કરણ બનાવજો.

સામાન્ય માનવબુદ્ધિનો એ રોગ છે – જે ભેદમાંથી પેદા થાય છે– કે હંમેશાં આ કે પેલું, એમ બેમાંથી એક વસ્તુ પસંદ કરવાનું વલણ સેવવું, જો તમે આને પસંદ કરો, તો તમે પેલાથી વિમુખ બનો છો. જો તમે પેલાને પસંદ કરો, તો આનાથી વિમુખ બનો છો.

તે દરિદ્રતા છે. માણસે દરેક વસ્તુને ગ્રહણ કરતાં, દરેક વસ્તુને સંયુક્ત કરતાં, દરેક વસ્તુનો સમન્વય સાધતાં જાણવું જોઈએ. તો જ સમગ્ર સાક્ષાત્કાર શકય બને.

(બાળકો તરફ વળીને) હવે તમારે કંઈ કહેવું છે?

કહેવા કરતાં કરવું તે વધારે સારું છે. હવે મેં તમને કંઈ પ્રોત્સાહન આપ્યું છે.

*

૧ મે ૧૯૫૭

"આશ્રમમાં રમતગમતો અને શારીરિક વ્યાયામ જેવી પ્રવૃત્તિઓ દાખલ કરવામાં આવી છે, તેથી એ વાત સ્પષ્ટ બને છે કે, અસ્તિત્વના નિમ્નતર છેડાથી શરૂ કરીને આપણે પદ્ધતિઓ અને પ્રથમના હેતુઓ સિદ્ધ કરવાનાં છે. મૂળ તો તે આશ્રમની શાળાનાં બાળકોની શારીરિક કેળવણી અને તેમના શારીરિક વિકાસ

માટે દાખલ કરવામાં આવ્યાં છે, અને બાળકો શુદ્ધ આધ્યાત્મિક લક્ષ્ય અથવા અભ્યાસ માટે તે પ્રવૃત્તિઓ કરે તેવી પુખ્ત ઉંમરે હજી પહોંચ્યા નથી. છતાં માનવ મર્યાદાઓમાં જે કાંઈ પ્રાપ્ત થઈ શકે તે ગણનાપાત્ર અને વિપુલ હશે. આપણે જેને પ્રતિભા કહીએ છીએ તે માનવના વિકાસનો એક ભાગ છે; મન અને સંકલ્પબળની વસ્તુઓમાં પ્રતિભાની સિદ્ધિઓ ભગવાન પ્રત્યે આપણને અડધે રસ્તે લઈ જઈ શકે તેમ છે. શારીરિક ક્ષેત્રમાં મન અને સંકલ્પ-બળ જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે તે, શારીરિક સહિષ્ણુતા, અનેક પ્રકારનાં વીરતાભર્યાં કર્મો, થાકનો અભાવ, ભાંગી પડવું તે – અશક્ય લાગે તેવાં કર્મોની પાછળ મંડ્યા રહેવું, હિંમત, અનંત શારીરિક વેદનાને તાબે ન થવું તે, અને ચમત્કારિક ગણાય તેવા વિજયો માનવક્ષેત્રમાં જોવામાં આવે છે. તેમને આપણે સમગ્ર પરિપૂર્ણતાનો એક ભાગ ગણવો જોઈએ.

શરીર અચેતનનું સર્જન છે, તે પોતે અવચેતન ભાગોમાં અને નિગૂઢ કાર્યમાં અચેતન છે. પણ આપણે જેને અચેતન કહીએ છીએ, તે એક નિગૂઢ ચેતનાનો અથવા અતિચેતનાનો આભાસ છે, નિવાસસ્થાન છે, કરણ છે, કે જે અતિચેતને આ વિશ્વરૂપી ચમત્કારનું સર્જન કર્યું છે. પદાર્થ તત્ત્વ અચેતનનું સર્જન અને ક્ષેત્ર છે. અચેતન પદાર્થ તત્ત્વની ક્રિયાઓની પરિપૂર્ણતા, તે ક્રિયાઓને લક્ષ્યને અનુરૂપ બનાવવી તે, તે જે આશ્ચર્યકારક ક્રિયાઓ કરે છે તે, સૌન્દર્યનાં જે આશ્ચર્યોનું તે સર્જન કરે છે તે. આપણે ગમે તેટલો અજ્ઞાનપૂર્ણ વિરોધ કરીએ છતાં પણ, ભૌતિક વિશ્વના દરેક ભાગમાં અને ગતિમાં અતિચેતનની હાજરીને અને શક્તિને પુરવાર કરે છે. તે અતિચેતન શરીરમાં છે, તેણે શરીરનું સર્જન કર્યું છે. આપણી ચેતનામાં તે અતિચેતનનું પ્રાગટય એ ઉત્ક્રાન્તિનો નિગૂઢ ઉદ્દેશ છે, આપણા અસ્તિત્વના રહસ્યની ચાવી છે."

(અતિમનસ્‌નો આવિર્ભાવ, પૃષ્ઠ ૯–૧૧

માતાજી, રમતગમતોની હરીફાઈઓ આપણી પ્રગતિ માટે જરૂરી છે?

ભૌતિક કેળવણીની દૃષ્ટિએ તે આવશ્યક છે. કારણ કે જો માણસ સાચી ભાવનાથી તેમાં ભાગ લે, તો અહંતા પર પ્રભુત્વ મેળવવા માટે તે એક ઘણી સુંદર તક છે. જો પોતાની નબળાઈઓ અને નિમ્નતર ગતિઓ પર વિજય

મેળવવાનો પ્રયત્ન કર્યા સિવાય માણસ તેમાં ભાગ લે, તેને તેમાંથી કશો લાભ પ્રાપ્ત થતો નથી. પણ જો સાચી ભાવનાથી રમતગમતોની હરીફાઈમાં માણસ ભાગ લે, તેમાં નિમ્નતર ગતિને–અદેખાઈને મહત્ત્વાકાંક્ષાને ઘૂસી જવા ન દે, ખેલ-દિલીનું વલણ અપનાવે, યથાશક્તિ પ્રયાસ કરે અને પરિણામની દરકાર ન રાખે, નિષ્ફળતાથી વિક્ષિપ્ત ન બની જાય, તો તે હરીફાઈઓ બહુ ઉપયોગી નીવડે. તેમાં તે રીતે ભાગ લેવાથી માણસમાં વધારે આત્મ સંયમ અને પરિણામો પ્રત્યે અનાસકિત આવે, જે ઉચ્ચ ચારિત્ર્યના નિર્માણમાં ખૂબ મદદગાર છે. સ્વાભાવિક રીતે જ, જો તમે તે સામાન્ય રીતે જ કરો, સામાન્ય પ્રતિકાર્યો અને વરવી ગતિઓ સાથે કરો, તો તે જરા પણ મદદગાર ન નીવડે. પણ તે વાત માત્ર રમતગમતોને જ નથી પડતી. બૌદ્ધિક ક્ષેત્રમાં પણ જો તમે સામાન્ય રીતે જ કામ કરો, તો તે સમયનો બગાડ છે. પણ રમતગમતોની હરીફાઈઓમાં અથવા ટુર્નામેન્ટોમાં તમે સાચી ભાવનાથી ભાગ લો, તો તે એક બહુ સુંદર કેળવણી છે, કારણકે તેમાં તમારે એક ખાસ પ્રયાસ કરવો પડે છે. તમારી સામાન્ય મર્યાદાઓને ઓળંગી જવી પડે છે, તમારી ઘણી ગતિઓને સભાન બનાવવા માટે તે ચોકકસ એક તક પૂરી પાડે છે, કે જે ગતિઓ નહિ તો અભાન રહી ગઈ હોત.

પણ તમારે એ ભુલી જવું ન જોઈએ કે આ એક તક છે, પ્રગતિ માટેનું સાધન છે. જો તમે સામાન્ય રીતે જ તેમાં ભાગ લો, તો તે સમયનો બગાડ છે, પણ તે માત્ર રમતગમતોને જ નહિ, પણ દરેક વસ્તુને લાગુ પડે છે. દા. ત. અભ્યાસનો, દરેક વસ્તુ તે જે રીતે કરવામાં આવે છે તેના પર આધાર રાખે છે; માણસ જે કરે છે તેના પર નહિ. પણ કયી ભાવનાથી તે કરે છે તેના પર.

જો તમે યોગી હો, અને તમારાથી શકય પ્રયાસથી, શકયતાઓથી, બને તેટલી સરસ રીતે, વધારે સારી રીતે કરવાની તમન્નાથી તે કામ કરો તો હરીફાઈઓની, ઈનામોની, બદલાઓની કોઈ જરૂર ન રહે. પણ શ્રી અરવિંદ લખે છે તેમ, નાનાં બાળકો યોગીઓ બને તેવી આશા ન રાખી શકાય. તૈયારીના સમય દરમિયાન, સ્થૂળ ભૌતિક ચેતના પ્રગતિ માટે પ્રયત્ન કરે તે માટે, પ્રોત્સાહનની જરૂર હોય છે. આ બાલ્યાવસ્થાનો સમય ઘણા વર્ષો સુધી પણ ચાલુ રહે!

છેલ્લા બુલેટિનમાં (એપ્રિ ૧૯૫૭) મેં જે લખ્યું છે, તે આદર્શ છે. મને ખબર નથી કે તે તમે વાંચ્યું છે કે નહિ. પણ મેં આવું કંઈક લખ્યું છે:

મહત્ત્વાકાંક્ષા ન રાખો.
કોઈ પ્રકારનો દંભ ન કરો,
પણ હરક્ષણે પ્રયત્નપૂર્વક
તમે જે બની શકો તેવા બનો.

જો તમને ગમતું હોય, તો આને આપણે આપણા ધ્યાનનો વિષય બનાવીશું.

(ધ્યાન)

માતાજી, મોટે ભાગે અમારામાંના ઘણાખરા જે રમત-ગમતોમાં કંઈક ઉશ્કેરાટ હોય છે, તેમાં જ રસ લેતા હોઈએ છીએ. પણ ગંભીર પ્રવૃત્તિઓમાં, ગંભીર કસરતોમાં બહુ થોડા જ રસ લેતા હોય છે. આનું કારણ શું?

કારણ કે મોટાભાગના લોકોમાં પ્રાણિક સંતોષ રસ પેદા કરતો હોય છે. રસ પેદા ન કરે તેવી, તમને તાલીમ આપતી, રમતગમતોમાં રસ લેવા માટે તમારે તર્કબુદ્ધિને અસ્તિત્વનું નિયમન કરવા દેવું જોઈએ. સામાન્ય લોકોમાં તર્કબુદ્ધિ માનવચેતનાનું શિખર હોય છે, અને તેણે અસ્તિત્વના બીજા ભાગોનું નિયમન કરવું જોઈએ, કારણકે તે વ્યવસ્થિત હોય છે. તર્કબુદ્ધિ વ્યવસ્થા માટે, ભદ્રતા માટે, ઉપયોગિતા માટે, યોજના માટે સભાન બનીને કાર્ય કરતી હોય છે; જ્યારે અસ્તિત્વના પ્રાણિક ભાગને ઉશ્કેરાટ, અનપેક્ષિત વસ્તુ, સાહસ, રમત-ગમતોને આકર્ષક બનાવે તેવાં બધાં જ તત્ત્વો, સ્પર્ધા, જિતવા માટેનો પ્રયાસ, પ્રતિસ્પર્ધી પર વિજય ગમતાં હોય છે. માણસમાં રહેલો પ્રાણિક આવેગ ઉત્સાહનું, ઉત્કટતાનું, સામાન્ય શક્તિનું નિવાસસ્થાન છે. જ્યારે અનપેક્ષિત વસ્તુનું, સંઘર્ષનું, વિજયનું આકર્ષણ નથી હોતું, ત્યારે પ્રાણિક આવેગ ઊંઘી જાય છે, સિવાય કે તેને તર્કબુદ્ધિના સંકલ્પની, નિયમિત અને સ્વયંભૂ રીતે, આજ્ઞા પાળવાની ટેવ હોય. આ પ્રથમ કોટિની વસ્તુ છે, જેને માટે શારીરિક તાલીમ ઉપયોગી નીવડે છે જો શરીરને પ્રાણિક આવેગને બદલે તર્કબુદ્ધિની આજ્ઞા પાળવાની ટેવ ન હોય, તો તે કામ બરાબર કરી શકતું હોતું નથી. દા. ત. શારીરિક પરિપૂર્ણતાના સમગ્ર વિકાસ માટે, ડમ્બેલ્સ વડે તથા કસરતો વડે, જેમાં કશું ઉશ્કેરાટજનક નથી અને જે શિસ્ત તથા નિયમિત તર્કયુકત ટેવો માગી લે છે, જેમાં આવેગને કોઈ અવકાશ

નથી કામનાને, આવેશને કોઈ અવકાશ નથી, તેમને સારી રીતે કરવા માટે માણસે ખૂબ નિયમિત અને ખૂબ કડક શિસ્ત અનુસાર જીવનને વ્યવસ્થિત બનાવવું જોઈએ. તેમને સારી રીતે કરવા માટે, માણસે તર્કબુદ્ધિ વડે જીવનનું નિયમન કરવાની ટેવ પાડવી જોઈએ.

આ મોટે ભાગે જોવામાં આવતું નથી. જો તર્કબુદ્ધિ વડે જીવનનું નિયમન કરવામાં ન આવ્યું હોય તો કામનાના આવેગો, ઉત્સાહોના આવેગો, અને તેમનાં પ્રતિકાર્યો માનવ જીવનનો કબજો લઈ લે છે. શરીરની કડક શિસ્તમાંથી પસાર થવા માટે અને શરીર પાસેથી પરિપૂર્ણતા લાવે તેવા વ્યવસ્થિત નિયમિત પ્રયાસને પ્રાપ્ત કરવા માટે માણસે થોડા ઘણા પ્રમાણમાં સંત બનવું પડે છે. તેમાં કામનાની કલ્પનાઓ માટે કોઈ અવકાશ રહેતો નથી. માણસ જ્યારે અતિશયતાઓને, મધ્યમસરતાના અભાવને, અવ્યવસ્થિત જીવનને અવકાશ આપે છે, ત્યારે શરીર પર કાબૂ રાખવાનું અને તેનો સામાન્ય વિકાસ કરવાનું અશક્ય બની જાય છે, પોતાનું આરોગ્ય બગાડે છે, અને પરિણામે પરિપૂર્ણ શરીરના આદર્શનો એક મહત્વનો ભાગ અદૃશ્ય બની જાય છે, કારણકે રોગિષ્ઠ શરીર વડે, નાદુરસ્ત તબિયત વડે માણસ કોઈ પણ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. કામના અને પ્રાણિક આવેગોનો સંતોષ, અમુક મહત્ત્વાકાંક્ષાઓની અતાર્કિક માંગોનો સંતોષ માણસના શરીરને માંદું પાડે છે.

સ્વાભાવિક રીતે જ, માણસો જીવનના ઘણાખરા પાયાના નિયમોને પણ જાણતા હોતા નથી, તે તેમનું અજ્ઞાન છે. પણ દરેક માણસે કેમ જીવવું તે જાણવું જોઈએ, દા. ત. અગ્નિ બળે છે અને પાણી ડૂબાડી દે છે! માણસોને તે વસ્તુઓ કહેવી પડતી નથી, તેઓ મોટા થાય છે કે તરત જ તે વસ્તુઓ શીખી લે છે. પણ નિકૃષ્ટ કોટિનો માણસ હંમેશાં એ વાત સ્વીકારતો હોતો નથી કે, સારા આરોગ્ય માટે જીવન પર તર્કબુદ્ધિનો કાબૂ હોવો તે તદ્દન અનિવાર્ય છે, તે માણસને તો પોતાના આવેગો અનુસાર જીવવામાં જ મજા પડી હોય છે.

મને એક માણસ યાદ આવે છે. બહુ સમય પહેલાં તે સરકારમાં ઉમેદવાર તરીકે ઉભા રહેવા માટે અહીં આવ્યો હતો. તે લોકોએ મને તેની મુલાકાત કરાવી. કારણકે તેઓ તે માણસ વિષે મારો અભિપ્રાય જાણવા માગતાં હતા. તેણે મને આશ્રમ વિષે, અહીં ગાળવામાં આવતા જીવન વિષે, હું જેને જીવન માટે અનિવાર્ય શિસ્ત ગણતી હતી તેને વિષે પ્રશ્નો પૂછ્યા. તે માણસ આખો દિવસ

સિગારેટો પીયા કરતો હતો અને જરૂર કરતાં વધારે દારૂ ઢીંચતો હતો; તેથી તેણે ફરિયાદ કરી કે ઘણી વાર હું થાકી જાઉં છું. કેટલીક વાર હું મારી જાત પર કાબુ રાખી શકતો નથી. મેં તેને કહ્યું કે પ્રથમ તો તમારે સિગરેટ પીવાનું અને દારૂ પીવાનું છોડી દેવું જોઈએ. માની શકાય તેવા ગુંચવાડા સાથે મારી સામે જોઈને તે બોલ્યો કે જો માણસ સિગારેટ અને દારૂ ન પીએ, તો જીવનમાં મજા શી રહે? મેં જવાબ આપ્યો કે જો તમે હજી તે સ્થિતિમાં હો, તો તમને વધારે કાંઈ કહેવું તે નિરર્થક છે.

આમ તમે ધારો તેના કરતાં ઘણી વાર જુદું બનતું હોય છે. આપણને તે વિચિત્ર, અસંભવિત લાગતું હોય છે, કારણકે આપણને સિગારેટ અને દારૂ પીવા કરતાં બીજી કોઈ વસ્તુમાં વધારે રસ હોય છે. પણ સામાન્ય માણસો માટે,કામનાઓની તૃપ્તિ એ જ જીવનનો હેતુ હોય છે. પોતાની તે પ્રકારની ટેવોને તેઓ સ્વતંત્રતા માનતા હોય છે, જીવનનો હેતુ માનતા હોય છે, તે એક વિકૃતિ છે, જીવન વૃત્તિનો અસ્વીકાર છે, વરવું રૂપ છે, શારીરિક જીવનમાં વિચારની અને પ્રાણિક આવેગની દખલગીરી છે, તે અનારોગ્યપ્રદ આવેગ મોટે ભાગે પશુઓમાં પણ જોવામાં આવતો નથી. પશુઓની વૃત્તિ માનવોની વૃત્તિ કરતાં અનંતગણી વધારે તર્કયુકત હોય છે. માણસમાં તો વૃત્તિ રહેવા જ પામી નથી. તેનું સ્થાન એક ખૂબ વિકૃત આવેગે લઈ લીધું છે.

વિકૃતિ એ માનવી રોગ છે. પશુઓમાં તે ભાગ્યે જ જોવામાં આવે છે. વિકૃતિ એ પશુઓમાં જ જોવામાં આવે છે કે જે માનવના ખૂબ સંપર્કમાં આવ્યાં હોય છે અને જેમને માનવની વિકૃતિનો ચેપ લાગ્યો છે.

અલ્જીરિયામાં–ઉત્તર આફ્રિકામાં કેટલાક અમલદારો વિષે એક કથા છે. તેમણે એક વાંદરો દત્તક લીધો હતો. વાંદરો તેમની સાથે રહેતો હતો. એક દિવસ ભોજન સમયે તે લોકોમાં એક વિચિત્ર વિચાર આવ્યો, તેમણે વાંદરાને આલ્કાહોલ દારૂ પીવા આપ્યો, વાંદરાએ બીજા લોકોને તે પીતા જોયા. તેમાં તેને મજા પડી. તેણે પણ દારૂનો એક પ્યાલો પીધો. પછી તે વાંદરો માંદો પડયો. ખૂબ માંદો પડયો. ટેબલ નીચે તે ખૂબ પીડાથી આળોટવા લાગ્યો, તેની સ્થિતિ બહુ ખરાબ બની ગઈ. જ્યારે શારીરિક પ્રકૃતિ વિકૃત બની ગઈ હોતી નથી, ત્યારે દારૂની જે સ્વયંભૂ અસર થાય છે તેનું દૃષ્ટાંત તે વાંદરાએ તેમને પૂરું પાડયું. તે દારૂના ઝેરથી

અધમૂઓ બની ગયો. પછી તે સાજો થયો. થોડાક સમય પછી તેને ફરી વાર ભોજન સમયે હાજર રાખવામાં આવ્યો. કોઈએ તેની આગળ દારૂનો પ્યાલો મૂકયો. ખૂબ ક્રોધપૂર્વક તેણે તે પ્યાલો ઉપાડીને આપનાર માણસના માથા પર ફેંકયો. તે રીતે તેણે બતાવી આપ્યું કે પોતે માણસો કરતાં ઘણો વધારે ડાહ્યો હતો!

કાર્યસાધક જીવન જીવવા માટે અને શરીર પાસેથી તેનાથી શકય હોય તેટલું કામ કઢાવી લેવા માટે, માણસે તર્કબુદ્ધિને પોતાના ઘરની સ્વામિની બનાવવી જોઈએ. આ વાત નાની ઉમ્મરમાં શીખી લેવી તે એક સરસ વાત છે. તેમાં યોગનો કે ઉચ્ચતર સાક્ષાત્કારનો જ પ્રશ્ન નથી. તે સર્વત્ર, દરેક શાળામાં, દરેક કુટુંબમાં, દરેક ઘરમાં શિખવાડવું જોઈએ. માણસનું સર્જન, તે માનસિક સત્તા બને તેટલા માટે, કરવામાં આવ્યું હતું. આપણે માત્ર માનવ બનવાની જ વાત કરીએ છીએ, બીજા કશાની નહિ. માનવ બનવા માટે, તેણે પોતાની જાતનું નિયમન તર્કબુદ્ધિ વડે કરવું જોઈએ, પ્રાણિક આવેગો વડે નહિ. આ વાત બાળકોને તેમની બાલ્યાવસ્થામાંથી જ શિખવાડવી જોઈએ. જો માણસનું નિયમન તર્કબુદ્ધિ વડે ન થાય, તો તે પશુ કરતાં પણ બદતર છે, કારણ કે પશુઓમાં નિયમન કરનાર મન કે તર્કબુદ્ધિ નથી હોતાં, પણ તેઓ જાતિની સાહજિક વૃત્તિની આજ્ઞાનું પાલન કરે છે. તે વૃત્તિ ખૂબ તર્કયુકત હોય છે. તે પશુઓની બધી પ્રવૃત્તિઓનું નિયમન કરતી હોય છે. તે જાતિના દૃષ્ટિબિંદુથી જોતાં, તે વૃત્તિ ખૂબ તર્કયુકત હોય છે. જે પશુઓમાં, માણસોની સાથે રહેવાને કારણે, તે વૃત્તિ નથી હોતી, જેઓ પોતાની વૃત્તિને બદલે માનવની આજ્ઞાનું પાલન કરે છે, તેઓ વિકૃત બની જાય છે. અને પોતાની જાતિના ગુણો ગુમાવી બેસે છે. પણ જે પશુ પોતાનું સ્વાભાવિક જીવન ગાળતું હોય છે, માનવની અસરથી મુકત હોય છે, તે પોતાના દૃષ્ટિબિન્દુથી એક ખૂબ તર્કયુકત પ્રાણી હોય છે. કારણ કે તે પોતાની પ્રકૃતિ સાથે સુસંગત, પોતા માટે કલ્યાણકારી વસ્તુઓ જ કરતું હોય છે. સ્વાભાવિક રીતે જ, તેને માથે સંકટો આવી પડે છે, કારણ કે તે સતત પોતાની જાતિનાં બીજા પશુઓ સાથે ઝઘડતું હોય છે; પણ તે મૂર્ખાઈભરેલી રીતે વર્તતું હોતું નથી. મૂર્ખાઈઓનો અને વિકૃતિનો પ્રારંભ સચેતન મન સાથે, માનવજાતિ સાથે થતો હોય છે. માનવ પોતાની માનસિક શકિતઓનો ખરાબ ઉપયોગ કરતો હોય છે તે તેમાં કારણભૂત છે. વિકૃતિની શરૂઆત માનવજાતિથી થાય છે. માનસિક ચેતના જેનું પ્રતિનિધિત્વ કરે છે તે પ્રકૃતિની પ્રગતિની તે વિકૃતિ છે. માટે માણસ વિચાર કરતો બને ત્યારે તેને પ્રથમ આ વસ્તુ શિખવાડવી જોઈએ કે તારે માનવજાતિની પરમ વૃત્તિરૂપ તર્કબુદ્ધિના આદેશોનું પાલન કરવું જોઈએ.

KALPANA ART NO. NAVSARI

તર્કબુદ્ધિ માનવજાતિના સ્વભાવનો સ્વામી છે. માણસે તર્કબુદ્ધિના આદેશોનું પાલન કરવું જોઈએ, વૃત્તિઓના ગુલામ બનવાનો ઈન્કાર કરવો જોઈએ. અહીં હું તમને યોગ વિષે નથી કહેતી, આધ્યાત્મિક જીવન વિષે નથી કહેતી. એ તો માનવજીવનનું પાયાનું ડહાપણ છે. જે માણસ તર્કબુદ્ધિ કરતાં બીજા કશાના આદેશોનું પાલન કરે છે, તે પશુ કરતાં પણ બદતર છે. આ વસ્તુ બધે જ શીખવાડવી જોઈએ. આ પાયાની કેળવણી બાળકોને અપાવી જોઈએ.

જ્યારે ભગવાનના સંકલ્પને પ્રગટ કરનાર ચૈત્ય નિયમનો ઉદય થાય, ત્યારે જ તર્કબુદ્ધિના સામ્રાજ્યનો અંત આવી શકે.

*

૧૫ મે ૧૯૫૭

માતાજી, સૃષ્ટિના પ્રારંભ કાળથી આ પુરુષ અને સ્ત્રીની વચ્ચે તફાવત શા કારણે છે?

કયી સૃષ્ટિના પ્રારંભ કાળથી? તમે કયી સૃષ્ટિની વાત કરો છો? પૃથ્વીની?

હા.

પ્રથમ તો આ વાત સાચી નથી. એવી જાતિઓ છે જ્યાં સ્ત્રીપુરુષ વચ્ચે કોઈ ભેદ નથી હોતો. પ્રારંભમાં પણ ન હતો. બીજો મુદ્દો. પાર્થિવ સૃષ્ટિ કેવળ ભૌતિક સૃષ્ટિ છે, તે વૈશ્વિક સૃષ્ટિનું એક પ્રકારનું ભૌતિકીકરણ છે, જડતામાં થીજી ગયેલું રૂપ છે. પણ વૈશ્વિક સૃષ્ટિમાં આ તફાવત અનિવાર્ય રીતે નથી

હોતો. તેમાં બધી શકયતાઓ હોય છે, બધી શકય વસ્તુઓ તેમાં હતી અને છે, આ તફાવત જરાપણ સૃષ્ટિનો પાયો નથી.

એટલે તમારો પ્રશ્ન ખોટો છે, ઉભો રહી શકે તેમ નથી.

પણ ભૌતિક સૃષ્ટિમાં તે તફાવત શા માટે છે ?

તે ભેદ પ્રારંભકાળથી નથી. પ્રાણીશાસ્ત્રી તમને કહી શકશે કે, કેટલીક જાતિ-ઓમાં નરમાદાના ભેદ નથી હોતા. પ્રકૃતિએ આ પદ્ધતિનો પ્રયોગ કર્યો છે. તે ઘણી વસ્તુઓના પ્રયોગો કરે છે, તેણે સર્વ શકય જાતિઓનું સર્જન કર્યું છે, એકમાંથી બે બનાવ્યાં છે, દરેક શકય વસ્તુ બનાવી છે. તેણે નરમાદાનો પ્રયોગ કર્યો છે, કારણ કે તે તેને વધારે વ્યવહારુ લાગ્યો હશે. હું ચોક્કસ કહી શકતી નથી. બસ.

પણ બીજી ભૂમિકાઓ પર, પાર્થિવ જગતમાં પણ, પાર્થિવ જગતની વધારે સૂક્ષ્મ ભૂમિએકા પર, સૂક્ષ્મ શારીરિક, પ્રાણિક, માનસિકમાં પણ, આમ નરમાદા રૂપે વિભકત થયેલાં સત્ત્વો હોય છે, પણ એવાં પણ સત્ત્વો હોય છે કે જે પુરુષ પણ નથી અને માદા પણ નથી હોતાં. તેઓ અસ્તિત્વ ધરાવે છે. દા. ત. પ્રાણિક જગતમાં જાતીય ભેદો બહુ જ વિરલ જોવામાં આવે છે, તે સત્વો મોટે ભાગે જાતિ-હીન હોય છે (નર પણ નહિ, અને માદા પણ નહી.) અને એવી શંકા જાય છે કે, માણસો વડે વર્ણવાયેલાં દેવોના જગત પર માનવ વિચારની ખૂબ અસર પડેલી છે. એવા ઘણા દેવો છે કે જે જાતિરહિત છે. બધા દેશોના દેવો વિષે કહેવાયેલી કથાઓમાં એવી ઘણી વસ્તુઓ છે, જેના પર માનવી વિચારની ઘણી અસર પડેલી છે. એટલે આ જાતીય ભેદ એક સાધન માત્ર છે, જેનો ઉપયોગ પ્રકૃતિએ પોતાનો હેતુ સિદ્ધ કરવા માટે કરેલો છે. જાતીય ભેદ કોઈ સનાતન પ્રતીક નથી.

કેટલાક લોકો આ જાતીય ભેદને બહુ મહત્વ આપે છે. જો તે તેમને ગમતો હોય, તો ભલે તેઓ તેને રાખે, પણ તે આખરી, સનાતન, કે પરિપૂર્ણ નથી. કદાચ તે અધિમનસ્ના સર્જનનો આદર્શ હતો, તે વાત શકય છે. પણ તે સંપૂર્ણ પણે શકય નથી. આંશિક રીતે શકય છે. પણ જેમને આ જાતીય ભેદ ખૂબ ગમતો હોય, તે ભલે તેને રાખે. જો તેમને સુખ આપતો હોય તો ! તેના લાભો છે, પણ ગેરલાભો ઘણા છે.

માતાજી, તો પછી પ્રાણિક જગતની શક્તિઓ આ શરત-માંથી કેમ છટકી જાય છે?

શું?

તમે કહો છો કે, આ જાતીય ભેદ પ્રાણિક જગતમાં અસ્તિત્વ ધરાવતો નથી. હું એમ નથી કહેતી કે, તે અસ્તિત્વ ધરાવતો નથી. હું કહું છું કે, તે સર્વ-સામાન્ય નિયમ નથી, ઊલટું તેમાં જાતીય ભેદવાળાં સત્ત્વો કરતાં જાતીય ભેદ વગરનાં સત્ત્વો વધારે જોવા મળે છે. સંભવ છે કે પ્રાણિક જગતમાં આ ભેદ આવવાનું કારણ ઘણે ભાગે પૃથ્વીની અસર હોય.

તમે આ સવાલો શા માટે પૂછો છો? તમે શો અર્થ કઢાવવા માગો છો? મારે તે જાણવું છે. સૃષ્ટિના પ્રારંભકાળથી જાતીય ભેદ હતો, એમ તમને કોણે કહ્યું? તે લોકોએ, કે જેમને તે ભેદ ચાલુ રહે તેમાં ખૂબ મજા પડે છે? જો તેમને તે ગમતો હોય, તો ભલે તેઓ તેને ચાલુ રાખે, કોઈ તેમાં વિક્ષેપ નહિ કરે. જો તેથી તેઓ સુખી થતા હોય, તો ભલે તેને તેઓ ચાલુ રાખે.

"આપણને અત્યારે ખ્યાલ ન આવી શકે તેવી માનવી ઉચ્ચતર ભૂમિકાઓ છે. એક દિવસ આપણે ત્યાં પહોંચવું જોઈએ, અને પછી તેમનાથી પણ પર જઈ મહત્તર આધ્યાત્મિક અસ્તિત્વની ઊંચાઈઓ પર પહોંચવું જોઈએ. આપણે જેમ જેમ ઊર્ધ્વમાં જઈએ છીએ, તેમ તેમ તે ભૂમિકાઓ, ઊંચાઈઓ પ્રત્યે આપણે આપણા નિમ્નતર ભાગોને ખુલ્લા કરવા જોઈએ અને તેમને પ્રકાશના અને શક્તિના ઉચ્ચતર પરમ આવેગોથી પરિપૂર્ણ કરવા જોઈએ. આપણે શરીરને વધારેને વધારે સચેતન કરણ, આત્માનું સચેતન ચિહ્ન-સીલ અને શક્તિ બનાવવાનું છે. જેમ જેમ તે આ પરિપૂર્ણતામાં વૃદ્ધિ પામે છે, તેમ તેમ તેના વેગીલા કાર્યનું બળ તથા માત્રા, અને આત્મા પ્રત્યેનાં તેનાં પ્રત્યુત્તર અને સેવા વધવાં જોઈએ, તેના પર આત્માના કાબૂમાં પણ વૃદ્ધિ થવી જોઈએ, તેના વિકસિત અને પ્રાપ્ત કરેલા શક્તિના ભાગોમાં, અત્યારે કેવળ અંગોના ગણાય તેવાં તેનાં સ્વયંભૂ પ્રતિકાર્યોમાં, અત્યારે જે યાંત્રિક અવચેતનતાની લાગે છે તેવી તેની ગતિઓમાં, આ બધાનાં કાર્યોમાં શરીરની મુલાયમતા વૃદ્ધિ પામવી જોઈએ. સાચાં રૂપાંતર સિવાય આ બની ન શકે. આપણી ઉત્ક્રાન્તિ નિગૂઢ રીતે જે પરિવર્તન તરફ ગતિ કરી રહી છે, તે

મન-પ્રાણ શરીરનું રૂપાંતર છે. આ રૂપાંતર સિવાય, પૃથ્વી પર દિવ્ય જીવનની સમગ્ર પરિપૂર્ણતા પ્રગટ ન થઈ શકે. આ રૂપાંતરમાં શરીર પોતે પણ એજન્ટ અને ભાગીદાર બની શકે. એ શકય છે કે, શરીર એક નિષ્ક્રિય અને અપૂર્ણ રીતે સચેતન એવું, છેક નીચેનું, ભૌતિક કાર્ય કરવા માટેનું સાધન રહે, અને છતાં આત્મા એક મહાન આવિર્ભાવને સિદ્ધ કરી શકે, પણ આને પરિપૂર્ણ ન કહી શકાય. સંપૂર્ણ રીતે સચેતન શરીર સાચી ભૌતિક પદ્ધતિને અને ભૌતિક રૂપાંતરની પ્રક્રિયાને શોધી કાઢી શકે અને કાયાન્વિત પણ બનાવી શકે. અલબત્ત, એમ બને તે માટે, આત્માનો પરમ પ્રકાશ, શકિત, અને સર્જનાત્મક આનંદ વ્યકિતગત ચેતનાના શિખર પર થયેલાં હોવાં જોઈએ. અને તેમણે પોતાના હુકમને શરીરમાં મોકલ્યો હોવો જોઈએ."

(અનિમેનસ નો આવિર્ભાવ, પૃષ્ઠ ૧૫-૧૬)

માતાજી, શરીરનું રૂપાંતર મન-પ્રાણના રૂપાંતર પછી આવશે કે તે સ્વયંભૂ રીતે જાતે જ આવી જશે?

સામાન્ય રીતે આ પ્રકારનું રૂપાંતર ઊર્ધ્વમાંથી નીચે આવતું હોય છે, નીચેથી ઊર્ધ્વમાં નહિ.

સ્પષ્ટ છે કે જો તમે પૂરા ભૌતિકવાદી હશો તો તમે કહેશો કે રૂપનો વિકાસ નવીન શકિતઓ પ્રગટ કરે છે. પણ તે વાત તદ્દન સાચી નથી. વસ્તુઓ મોટે ભાગે તે પ્રકારે બનતી હોતી નથી. હું તમને પડકાર ફેંકું છું કે પ્રથમ મનનું રૂપાંતર સિદ્ધ કર્યા પહેલાં તમારા શરીરનું રૂપાંતર કરી બતાવો. પ્રયત્ન કરો, અમને જોવા દો!

મન વચ્ચે કાર્ય ન કરે, તો તમે આંગળી પણ હલાવી ન શકો, એક શબ્દનું પણ ઉચ્ચારણ ન કરી શકો, એક ડગલું પણ ન ચાલી શકો. તો પછી જો મનનું રૂપાંતર ન થઈ ચૂકયું હોય, તો તમે કયા સાધન વડે શરીરનું રૂપાંતર કરી શકવાના હતા?

જો તમે પૂર્ણ અજ્ઞાનની સ્થિતિમાં રહો, જેમાં તમારું મન અત્યારે છે, તો તમારા શરીરના રૂપાંતરની આશા તમે કેવી રીતે રાખી શકો?

કેટલીક વાર માણસને શરીરમાં ખૂબ પ્રતિરોધ જણાય છે. તેનું કારણ શું છે? મન વચ્ચે પડતું નથી, પણ પ્રતિરોધ હોય છે. મોટામાં મોટો પ્રતિરોધ શરીરમાંથી આવતો હોય છે; ભૌતિકનો પ્રતિરોધ એક ખાસ પ્રકારનો હોય છે.

સૌથી મોટો પ્રતિરોધ કયાં છે? તમારા મસ્તિષ્કમાં (હસાહસ). આ કોઈ ખાસ કિસ્સો નથી. ઘણીવાર ભૌતિક મન જ પરિવર્તન પ્રત્યે વધારેમાં વધારે પ્રતિરોધ કરતું હોય છે. તેને પોતાની શકિત માટે ખૂબ ખાતરી હોય છે, તે જકકી હોય છે, નહિ વારું? પોતાના અજ્ઞાન પ્રત્યેના પ્રેમમાં, પોતાની વિચારણાના પ્રકારમાં, પોતાના અજ્ઞાનના પ્રકારમાં ભૌતિક મન બહુ જ જકકી હોય છે.

બસ, પતી ગયું? ઠીક, તો પછી આપણે વાર્તાલાપ બંધ કરીશું.

હું તેના ઉપાય વિષે પૂછું છું.

ઓહ! ઓહ!...(લાંબા સમય સુધી મૌન)...એ તો ઉપાય છે. *

૨૯ મે ૧૯૫૭

"દિવ્ય શરીરમાં દિવ્ય જીવન - આપણા આદર્શની એ ફોર્મ્યુલા છે. પૃથ્વી પર ઉત્ક્રાંતિની પ્રક્રિયા ધીમી અને વિલંબયુક્ત છે. રૂપાંતર, પ્રગતિકારક અથવા ઓચિંતુ પરિવર્તન થાય તે માટે કયા તત્ત્વે દરમિયાનગિરી કરવાની છે?

સાચે જ, આપણી ઉત્ક્રાંતિના પરિણામરૂપે જ આપણે રૂપાંતરની શકયતાને પ્રાપ્ત કરી શકયા છીએ. પ્રકૃતિ પદાર્થતત્ત્વમાંથી ઉત્ક્રાંત બની, અને તેણે પ્રાણ-

તત્ત્વને પ્રગટ કર્યું. પ્રાણતત્ત્વમાંથી ઉત્ક્રાંત બનીને તેણે મન પ્રગટ કર્યું. તેજ રીતે, તેણે મનથી પર ઉત્ક્રાંત થઈને, આપણા માનસિક અસ્તિત્વની અપૂર્ણતાઓથી તથા મર્યાદાઓથી મુકત એવા અસ્તિત્વની શકિતને–ચેતનાને પ્રગટ કરવી જોઈએ. તે અતિમાનસ અથવા ઋત-ચેતના હશે, તે આત્માની શકિતને તથા પરિપૂર્ણતાને વિકસાવવા સમર્થ હશે. અહીં આપણી ઉત્ક્રાન્તિનું નિયમન કે રીત એવાં નહી હોય, કે જેથી પરિવર્તન ધીમું અને વિલંબયુકત બને. જ્યાં સુધી માનસિક અજ્ઞાન આપણા આરોહણને ચોંટી રહે, તેમાં અવરોધ ઉભા કરે, ત્યાં સુધી જ ઓછાવત્તા પ્રમાણમાં તે પરિવર્તન ધીમું અને વિલંબયુકત બને. પણ એકવાર આપણે ઋત ચેતનામાં વૃદ્ધિ પામીએ, તો પછી અસ્તિત્વના આધ્યાત્મિક સત્યની શકિત જ બધું નકકી કરી લેશે.

એમ પણ બને કે રૂપાંતર કમશઃ સિદ્ધ થાય. માનસિક પ્રદેશની એવી શકિતઓ છે, જે આપણી માનવ માનસિકતાથી પર રહેતા, વૃદ્ધિ પામતા સત્યની માત્ર શકયતાઓ જ છે અને જે ભગવાનના પ્રકાશમાં અને શકિતમાં ભાગીદાર હોય છે. આ ભૂમિકાઓમાં થઈને આપણા આરોહણમાં પણ તે ભાગીદાર હોય છે; તેઓ માનસિક અસ્તિત્વમાં ઘાછાં અવરોહણ કરે એ ઉત્ક્રાન્તિનો સ્વાભાવિક કમ હોય છે. પણ વ્યવહારમાં એમ જણાય છે કે આ વચગાળાની ભૂમિકાઓ સમગ્ર રૂપાંતર માટે પર્યાપ્ત નથી, કારણ કે તે માનસિક અસ્તિત્વના પ્રકાશમય શકયતાઓ છે, તેના પૂરા અર્થમાં તે અતિમાનસ નથી હોતી. તેઓ મન માત્ર આંશિક દિવ્યતા લાવી શકે અથવા મનને તેની પ્રત્યે ઊર્ધ્વીકૃત બનાવી શકે; પણ ઋતચેતના પરિપૂર્ણ અતિમાનસિકતામાં તેનું ઊર્ધ્વીકરણ સિદ્ધ ન કરી શકે. છતાં આ ભૂમિકાઓ આરોહણની કમિક અવસ્થાઓ બની શકે. જેમને કેટલાક પહોંચી શકે અને ત્યાં અટકી જાય, જ્યારે બીજાઓ વધારે ઊર્ધ્વમાં જાય, અર્ધદિવ્ય અસ્તિત્વની ઉચ્ચતર ભૂમિકાઓને પ્રાપ્ત કરે અને તેમાં જીવે. એમ માની લેવાનું નથી કે સમગ્ર માનવજાતિ સમૂહરૂપે અતિમનસ્‌માં પહોંચી જશે."

(અતિમનસ્‌નો આવિર્ભાવ, પૃષ્ઠ ૨૦–૨૨)

આજે સાંજે આ પ્રગતિશીલ રૂપાંતર વિષે હું તમને વાત કરવાની છું. ઘણીવાર પૂછવામાં આવ્યું કે–"આપણે એક આદર્શ સિદ્ધાંત સ્થાપિત કર્યો છે કે જ્યારે આપણે આપણા શરીર સાથે કામ લઈએ, ત્યારે આપણે તેવા જ્ઞાનપૂર્વક તેમ

કરવું જોઈએ કે શરીર વિશ્વની પરમ વાસ્તવિકતાનું, આપણા અસ્તિત્વના સત્યનું પરિણામ અને સાધન માત્ર છે. આ સત્યનો સાક્ષાત્કાર કરવાનો છે એમ શિખવાડયા પછી, આપણા આશ્રમમાં ડોકટરો, દવાખાનાં, આધુનિક સિદ્ધાંતો પર સ્થાપિત એવી શારીરિક કેળવણી શા માટે છે? જ્યારે તમારામાંના કેટલાક વન-ભોજન માટે બહાર જાઓ છો, ત્યારે હું તમને ગમે ત્યાંથી પાણી પીવાની મનાઈ શા માટે કરું છું? શા માટે હું તમને ફિલ્ટર કરેલું (ગાળેલું) પાણી સાથે લઈ જવાનું કહું છું? તમે જે ફળો ખાઓ છો, તેમાંથી ચેપ કાઢી નાંખવા માટે હું શા માટે દવાઓનો ઉપયોગ કરું છું? વગેરે.

આ બધું વિરોધી લાગે છે. પણ આજે સાંજે હું તમને તે વિરોધી લાગણી તમારામાંથી દૂર થઈ જાય તેવી સમજૂતી આપવા માગું છું. હકીકતમાં મેં તમને અનેક વાર કહ્યું છે કે જ્યારે બે વિચારો અથવા સિદ્ધાંતો એક બીજાથી વિરોધી દેખાય, ત્યારે તમારે તમારા વિચારમાં જરાક ઊર્ધ્વમાં જવું જોઈએ, અને જ્યાં તે વિરોધો એક વિશાળ સમન્વયમાં એકઠા મળે છે તે બિંદુને શોધી કાઢવું જોઈએ.

અહીં એક વસ્તુ જાણવાથી બધું સુગમ બની જશે. અને તે એ કે આપણા શરીરને આપણે ટકાવી રાખવા માટે, તેને સુસ્થિતિમાં રાખવા માટે, તેમાં સુધારણા કરવા માટે, તેને નીરોગી રાખવા માટે આપણે જે પદ્ધતિનો ઉપયોગ કરીએ છીએ, તે માત્ર આપણી ચેતનાની સ્થિતિ ઉપરજ આધાર રાખે છે, કારણ કે આપણું શરીર આપણી ચેતનાનું કરણ છે, આપણી ચેતના સીધી રીતે તેના પર કાર્ય કરી શકે છે, અને પોતે જે ઈચ્છે છે તેને તેની પાસેથી પ્રાપ્ત કરી શકે છે.

જો તમે સામાન્ય શારીરિક ચેતનામાં હશો, જો તમે સામાન્ય શારીરિક ચેતનાની આંખો વડે વસ્તુઓને જોતા હશો, જો તમે સામાન્ય શારીરિક ચેતના વડે તેમને વિષે વિચાર કરતા હશો, તો તમારે તમારા શરીર પર કાર્ય કરવા માટે સામાન્ય ભૌતિક (શારીરિક) સાધનોનો ઉપયોગ કરવો પડશે. આ ભૌતિક સાધનો સમગ્ર વિજ્ઞાનમાં એકત્રિત કરાયાં છે, જે વિજ્ઞાને માનવ અસ્તિત્વનાં હજારો વર્ષો દરમિયાન તેમને એકત્રિત કર્યાં છે. આ વિજ્ઞાન બહુ જટિલ છે, તેની પ્રક્રિયાઓ અસંખ્ય, ગૂંચવાડાભરેલી, અનિશ્ચિત, ઘણી વાર પરસ્પર વિરોધી, હંમેશાં પ્રગતિશીલ, અને લગભગ તદ્દન સાપેક્ષ છે! છતાં બહુ નિશ્ચિત પરિણામો પ્રાપ્ત કરવામાં આવ્યાં છે. જ્યારથી શારીરિક કેળવણીમાં માણસો ગંભીરતાપૂર્વક રસ લેતા થયા છે, ત્યારથી

અમુક સંખ્યામાં પ્રયોગો, અધ્યયનો, અવલોકનો વધતાં ગયાં છે, જેને પરિણામે આહારનું, ક્રિયાઓનું, કસરતનું જીવનના સમગ્ર બાહ્ય સંગઠનનું નિયમન કરી શકીએ છીએ, અને એક પર્યાપ્ત પાયો સ્થાપી શકીએ છીએ કે જે લોકો આ વસ્તુઓનું અધ્યયન કરવાનો અને કડકાઈપૂર્વક તેમને અનુરૂપ બનવાનો પ્રયત્ન કરશે, તેમનું શરીર આરોગ્યમય બનશે, તેઓ શરીરની ખોડખાંપણોનું નિવારણ કરી શકશે, શરીરની સામાન્ય સ્થિતિ સુધારી શકશે, અને નોંધપાત્ર પરિણામો પ્રાપ્ત કરી શકશે.

હું ઉમેરીશ કે આ બૌદ્ધિક માનવ વિજ્ઞાન, સત્યને શોધવા માટેના તેના સાચા દિલના પ્રયાસોમાં, આશ્ચર્યજનક રીતે પર્યાપ્ત છે. તે આત્માના તાત્ત્વિક સત્યની વધારે ને વધારે નજીક પહોંચતું જાય છે. આ બંને તાત્ત્વિક સત્યની એક ખૂબ ગહન અને નિકટની સમજૂતિમાં એક બીજા સાથે સંયુકત થશે તે ગતિનું પૂર્વદર્શન કરવું તે અશકય નથી.

એટલે જે લોકો શારીરિક ભૂમિકા પર જીવે છે, ભૌતિક ચેતનામાં જીવે છે, તેમણે શરીર સાથે કામ લેતી વખતે ભૌતિક સાધનોનો અને પ્રક્રિયાઓનો ઉપયોગ કરવો પડશે. આશ્રમમાં પણ મોટા ભાગના લોકો તદ્‌ન શારીરિક ચેતનામાં, અથવા તો મહદંશે શારીરિક ચેતનામાં જીવે છે; એટલે શરીરની દરકાર રાખવા માટે ભૌતિક વિજ્ઞાને જે સિદ્ધાંતો વિહિત કરેલા છે તેમને અનુસરવું અને તેમનું પાલન કરવું તે તેમને માટે તદ્‌ન સ્વાભાવિક છે.

શ્રી અરવિંદ આપણને શિખવે છે તે મુજબ, આ આખરી સાક્ષાત્કાર નથી, આપણે તે આદર્શને પહોંચવા માગતા નથી. આના કરતાં એક ઉચ્ચતર સ્થિતિ છે; જેમાં ચેતના જો કે તે હજી, મુખ્યત્વે અથવા આંશિક રીતે, પોતાના કાર્યમાં માનસિક હોય છે. છતાં પણ આધ્યાત્મિક જીવન માટેની અભીપ્સામાં ઉચ્ચતર પ્રત્યે અને અતિમાનસ અસર પ્રત્યે ખુલ્લી હોય છે.

ત્યારે આ ખુલ્લાપણું આવે છે, કે તરત જ માણસ જીવન જેમાં કેવલ ભૌતિક હોય છે તેનાથી પર ચાલ્યો જાય છે. હું 'ભૌતિક' માં સમગ્ર માનસિક અને બૌદ્ધિક જીવનનો અને ખૂબ નોંધપાત્ર માનવ સિદ્ધિઓનો સમાવેશ કરું છું. હું તે ભૌતિકની વાત કહું છું કે જે માનવ શકિતઓનું, પાર્થિવ અને ભૌતિક જીવનનું શિખર છે, જેમાં માણસ, માનસિક અને બૌદ્ધિક દૃષ્ટિબિંદુથી, ઉચ્ચતર પ્રકારનાં

મૂલ્યોને અભિવ્યકત કરી શકે છે. માણસ તે સ્થિતિથી પર જઈ શકે છે, અત્યારે પૃથ્વી પર કાર્ય કરતી અતિમાનસ શકિત પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરી શકે છે, અને એક પરિવર્તનમય પ્રદેશમાં પ્રવેશ કરે છે, જ્યાં બે અસરો મળે છે એક-બીજાને ભેદ છે, જ્યાં ચેતના હજી સુધી પોતાના કાર્યમાં માનસિક અને બૌદ્ધિક છે, પણ અતિમાનસ શકિતનો તે બંનેમાં પર્યાપ્તપણે પ્રવેશ થયેલો હોય છે, જેથી તે ઉચ્ચતર સત્યનું કરણ બની શકે.

અત્યારે, જે લોકોએ પ્રગટ થતી અતિમાનસ શકિતને ઝીલવા માટે પોતાની જાતને તૈયાર કરી હોય છે, તેઓ જ પૃથ્વી પર આ સ્થિતિને સિદ્ધ કરી શકે છે. તે સ્થિતિમાં તે ચેતનાની સ્થિતિમાં, પહેલાંના કરતાં ખૂબ વધારે સારી સ્થિતિમાંથી લાભ મેળવી શકે છે. શરીરને અસ્તિત્વના તાત્ત્વિક સત્ય સાથે સીધા સંપર્કમાં મૂકી શકાય છે, અને તે પણ એટલી માત્રામાં કે જે કાંઈ કરવાનું છે તેને તે શરીર સ્વયંભૂ રીતે, વૃત્તિજન્ય રીતે હર ક્ષણે જાણે છે અને તેને સિદ્ધ કરી શકે છે.

હું કહું છું તેમ, અત્યારે આ સ્થિતિ માત્ર તેજ લોકો સિદ્ધ કરી શકે છે કે જેઓ અતિમાનસ શકિતને સ્વીકારવા માટે, તેને આત્મસાત્ કરવા માટે, અને તેની આજ્ઞાનું પાલન કરવા માટે, પોતાની જાતને તૈયાર કરવા જહેમત ઉઠાવે છે.

અલબત્ત, આ સ્થિતિ કરતાં એક ઉચ્ચતર સ્થિતિ છે, જેને શ્રી અરવિંદ આપણે સિદ્ધ કરવાનો આદેશ આપે છે. દિવ્ય શરીરમાં દિવ્ય જીવન. પણ તે પોતે જ આપણને કહે છે કે આને સમય લાગશે; તે એક પરિપૂર્ણ રૂપાંતર છે, જે એક ક્ષણમાં સિદ્ધ થઈ શકતું નથી. તે ખૂબ વધારે સમય પણ લે. પણ જ્યારે તે સિદ્ધ થશે, જ્યારે ચેતના અતિમાનસ ચેતના બની જશે, ત્યારે કાર્યનો નિર્ણય હર ક્ષણે માનસિક પસંદગી દ્વારા નહિ થાય અથવા તે શારીરિક શકિત ઉપર આધાર નહિ રાખે. સમગ્ર શરીર, સ્વયંભૂ રીતે, સમગ્ર રીતે, આંતર સત્યની પરિપૂર્ણ અભિવ્યકિત બની રહેશે.

આપણે આ આદર્શને આપણી સમક્ષ રાખવાનો છે, જેના સાક્ષાત્કાર માટે આપણે પ્રયાસ કરવાનો છે. પણ આપણે આપણી જાતની પ્રતારણા કરીને એમ ન માની લેવું જોઈએ કે તે એક ઝડપી રૂપાંતર હશે? ચમત્કારિક, હમણાં જ બને તેવું, અદભુત રૂપાંતર હશે, જે પ્રયાસ અને પરિશ્રમ વગર સિદ્ધ થઈ શકશે.

છતાં, તે માત્ર એક શકયતા નથી, દૂર-સુદૂરના ભાવિ માટેનું વચન માત્ર નથી; તેનું નિર્માણ થઈ રહ્યું છે. માણસ તે ક્ષણનું માત્ર પૂર્વદર્શન જ નહિ, પણ અનુભવ પણ કરી શકે, જ્યારે જેમ આત્માએ કયારનું એ કર્યું છે તેમ, શરીર, સમગ્ર રીતે અસ્તિત્વના એક સૌથી વધારે આધ્યાત્મિક ભાગની અનુભૂતિનું પુનરાવર્તન કરવા સમર્થ બનશે, પોતાની શારીરિક ચેતનામાં પરમ વાસ્તવિકતા સમક્ષ ઉભું રહી શકશે. પોતાના સર્વ કોશાણુઓના સંપૂર્ણ આત્મસમર્પણમાં સંપૂર્ણપણે તેના પ્રત્યે વળીને દિલની સચ્ચાઈપૂર્વક કહેશે કે "કેવળ, પરિપૂર્ણ રીતે, અનંત રીતે, સનાતન કામ માટે, તદ્દન સરલતાપૂર્વક તારારૂપ બનાવવા માટે." *

૫ જુન ૧૯૫૭

તમારે કોઈ પ્રશ્ન પૂછવાના છે? ના?

વહાલાં માતાજી, જે પ્રશ્નો સ્વયંભૂ રીતે ઉભા નથી થતા, તે પૂછવા જોઈએ?

સ્વયંભૂ રીતે ન ઉભા થતા પ્રશ્નો નો તમે શો અર્થ કરો છો?

ઘણે ભાગે, જો અમે વર્ગમાં સવાલો પૂછાતા હોતા નથી, તો તમે કશું જ કહેતાં નથી. તેથી અમારે ખૂબ વિચાર કરીતે પ્રશ્નો પૂછવા પડે છે!

તે તો તમને જે પ્રશ્ન જડે તેના પર આધાર રાખે છે. તમે પ્રશ્ન શોધી કાઢવા પ્રયત્ન કરો છો, તેથી કાંઈ તે ખરાબ હોય એવું નથી. આ તો એક રસપ્રદ બીના કહેવાય.

તમારે એ પ્રકારનો કોઈ પ્રશ્ન પૂછવાનો છે?
ના

(લાંબા વખત સુધી મૌન)

જો કોઈ શ્રી અરવિંદે જે કાંઈ લખ્યું છે તે ધ્યાનપૂર્વક વાંચે તો તેને દરેક સવાલનો જવાબ મળી રહે. પણ અમુક ક્ષણો અને વિચારો રજૂ કરવાની અમુક રીતો હોય છે જે ચેતના ઉપર સક્રિય અસર પેદા કરે છે અને તમને આધ્યાત્મિક પ્રગતિ કરવામાં મદદ કરે છે. રજૂઆત અસરકારક બનાવવા માટે, ચોક્કસ એક સીધી અનુભૂતિની સ્વયંભૂ અભિવ્યકિત હોવી જોઈએ. જે વસ્તુઓ ભૂતકાળમાં કહેવાઈ ગઈ છે. જે ભૂતકાળની અનુભૂતિની હોય છે, તેમનું જો પુનરાવર્તન તે જ રીતે કરવામાં આવે તો તે એક પ્રકારનાં ઉપદેશાત્મક વાર્તાલાપ બની જાય છે, તેથી મસ્તિષ્કનાં અમુક કોશાણુઓ ગતિમાન બને છે, પણ હકીકતમાં તે બહુ ઉપયોગી નથી હોતું.

હું જે કરવા પ્રયત્ન કરી રહી છું, તેમાં હંમેશાં મૌનમાં કાર્ય વધારે મહત્ત્વનું હોય છે. કાર્ય કરી રહેલી શકિત શબ્દોથી મર્યાદિત નથી બનતી; આ તેને અનંતગણું વધારે બળ આપે છે; તે પોતાની જાતને દરેક ચેતનામાં, તેના ખાસ પ્રકાર અનુસાર, પોતાની જાતને અભિવ્યકત કરે છે. જે તેને અનંતગણી અસરકારક બનાવે છે. અમુક નિશ્ચિત પરિણામ લાવવા માટે, ખાસ હેતુપૂર્વક, મૌનમાં અમુક આકંપન મોકલવામાં આવે છે. પણ દરેક માણસની માનસિક ગ્રહણશીલતા અનુસાર, તે દરેક વ્યકિતની ચેતનામાં બરાબર તે જ રૂપમાં અભિવ્યકત થાય છે, જે ખૂબખૂબ અસરકારક બની શકે, ખૂબ સક્રિય, દરેક વ્યકિતને ખૂબ ઉપયોગી બની શકે; જો તેને શબ્દોની ફોર્મ્યુલામાં કહેવામાં આવે, તો દરેક માણસે તે ફોર્મ્યુલાને તેની નિશ્ચિતતામાં સ્વીકારવાની રહે છે, તે શબ્દોએ આપેલી નિશ્ચિતતા હોય છે. તે પોતાના ખૂબ બળને અને ક્રિયાની પરિપૂર્ણતાને ગુમાવી બેસે છે. કારણકે એક તો શબ્દોને હંમેશાં યથાર્થ રીતે સમજાવવામાં આવતા હોતા નથી, અને બીજું કે તે શબ્દો દરેક જણની સમજ શકિતને અનુરૂપ બનાવેલા હોતા નથી.

એટલે મારા મત અનુસાર, જો પ્રશ્ન એક નવી ફોર્મ્યુલામાં અભિવ્યકત થઈ શકે તેવી અનુભૂતિને તરત ઉત્પન્ન ન કરતો હોય, તો મૌન રાખવું એ વધારે સારું છે. જો પ્રશ્ન જીવંત હોય, તો જ તે એવી અનુભૂતિને ઉત્પન્ન કરે કે જે એક જીવંત ઉપદેશ માટે પ્રસંગરૂપ બને. પ્રશ્ન જીવંત ત્યારેજ કહેવાય કે જ્યારે તે પ્રગતિ માટેની કોઈ આંતર જરૂરિયાતને વાચા આપી શકતો હોય. માનસિક અથવા તો બીજી ભૂમિકા પર પ્રગતિ કરવા માટેની સ્વયંભૂ જરૂરિયાતને વાચા આપી શકતો હોય. પણ જો અકસ્માત તે આંતર અભીપ્સાને, પોતે જેનો ઉકેલ

લાવવા મથે છે તેવી સમસ્યાને વાચા આપતો હોય, તો તે પ્રશ્ન રસપ્રદ અને જીવંત બની જાય છે. તે એક દર્શનને, ઉચ્ચતર ભૂમિકા ઉપર કોઈ દર્શનને, ચેતનામાં કોઈ અનુભૂતિને પેદા કરે છે, જે ફોર્મ્યુલાને નવીન બનાવી દે છે, જેથી તેનામાં સાક્ષાત્કાર માટેની એક નવીન શકિત આવેલી હોય છે.

તેવા કિસ્સાઓને બાદ કરીએ તો હું હંમેશાં મૌન રાખવાનું વધારે સારું માનું છું, ધ્યાનની થોડી ક્ષણો હંમેશાં બહુ ઉપયોગી નીવડતી હોય છે.

શરૂઆતમાં હું જે વાચન કરું છું, તેણે વિચારને અમુક નીકમાં વહેવડાવવો જોઈએ, વિચારને અમુક સમસ્યા પર અથવા અમુક વિચારો પર, અથવા વાંચેલા ફકરાની સમજૂતિની નવીન શકયતા પર કેન્દ્રિત કરવો જોઈએ. હકીકતમાં, વાચન પછી કરાતા મૌનમાં તે ધ્યાનનો વિષય બની જવો જોઈએ.

બોલવા ખાતર બોલવું એ જરા પણ રસપ્રદ નથી. તેને માટે તો નિશાળો હોય છે! અહીં તેમ કરવામાં આવતું હોતું નથી.

પણ વહાલાં માતાજી, જયારે તમે બોલો છો, ત્યારે તેવું નથી હોતું!

(મૌન)

(બીજો બાળક) માતાજી, જયારે તમે બોલો છો, ત્યારે અમે મન વડે સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. પણ જયારે તમે મૌનમાં કશું સંક્રાંત કરતાં હો છો ત્યારે અમારે અસ્તિત્વના કયા ભાગ પર એકાગ્રતા કરવી જોઈએ?

ધ્યાન માટે તે હંમેશાં વધારે સારું છે. પણ તેનો અર્થ એવો નથી કે મસ્તિષ્કની આસપાસ વિચારોને ફેરવ્યા કરવા તેથી તદ્દન ઊલટું જ કરવાનું હોય છે. અભીપ્સાના કેન્દ્રમાં, જયાં અભીપ્સાની જવાલા જલતી હોય ત્યાં, સૂર્યચક્રમાં સર્વ શકિતઓને એકત્રિત કરવી અને એકાગ્ર સાવધાન મનને પ્રાપ્ત કરવું તે હંમેશાં વધારે સારું છે. તે મૌન એવું હોવું જોઈએ કે જાણે માણસ કોઈક ખૂબ સૂક્ષ્મ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરવા ન માગતો હોય, કે જે ધ્યાન સંપૂર્ણ એકાગ્રતાની,

ધ્યાનની, મૌનની માગણી કરે છે. પછી જરા પણ હાલવું ચાલવું નહિ, વિચાર ન કરવો, હાલવું નહિ, અને સ્વીકારી શકાય તેવી બધી વસ્તુ પ્રત્યે ખુલ્લા બનવું. પણ તેમાં જે બને તે શા માટે બને છે તે જાણવા પ્રયાસ ન કરવો, કારણ કે જ્યારે માણસ સક્રિય રીતે સમજવાનો અથવા અવલોકન કરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તેના મસ્તિષ્કની ક્રિયા ચાલુ રહેતી હોય છે. જે સ્વીકૃતિની પરિપૂર્ણતા માટે પ્રતિકૂળ છે. યથાશકય સંપૂર્ણ મૌન બનો, એકાગ્ર ધ્યાનમાં મૌન બનો.

જ્યારે માણસ આ પ્રકારના મૌનમાં - ધ્યાનમાં સફળ બને છે, ત્યારે ધ્યાન છૂટયા પછી - થોડાક સમય પછી, ચેતનામાં કોઈક નવીન વસ્તુ પ્રગટ થાય છે. નવીન સમજ, વસ્તુઓનું નવીન મૂલ્યાંકન, જીવનમાં એક નવીન વલણ, ટૂંકમાં અસ્તિત્વનો એક નવીન પ્રકાર; આ વસ્તુ છટકી જાય તેવી હોય; નજીકની સાચી સમજ હોઈ શકે અથવા રૂપાંતરની શકિત હોઈ શકે જે તેમને પણ તે ક્ષણે માણસ જો અવલોકન કરે, તો તેને જણાય કે, સમજના અથવા રૂપાંતરના માર્ગ પર કોઈક વસ્તુએ એક ડગલું આગળ ભર્યું છે. તે પ્રકાશ હોઈ શકે, સત્યની માનસશાસ્ત્રીય પ્રગતિ ચેતનાની વિસ્તૃતતા, તમારી ગતિઓ ઉપર - અસ્તિત્વની ક્રિયાઓ પર વધારે કાબૂ સિદ્ધ કરવામાં મદદ કરે છે.

આ પરિણામો કદી એકદમ આવતાં હોતાં નથી. જો માણસ તે પરિણામોને જલ્દી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે, તો તેને ક્રિયાની સ્થિતિમાં રહેવું પડતું હોય છે, જે સાચા ખુલ્લાંપણાંથી તદ્ન વિરુદ્ધની વસ્તુ છે. માણસે તદ્ન તટસ્થ, સ્થિર, યથાશકય નિષ્ક્રિય રહેવું જોઈએ. તેની પીઠમાં મૌન અભીપ્સા રહેવી જોઈએ, જેને શબ્દોમાં વિચારોમાં કે લાગણીઓમાં ગોઠવવાની હોતી નથી. કંઈક આમ કરવાનું (ઉપર ચઢતી જવાલા જેવો અભિનય); તેમાં ઉત્કટ આકંપન હોવું જોઈએ, પણ તેને કોઈ ફોર્મ્યુલામાં ગોઠવવાનું નથી, તે પોતાની જાતને સમજવાનો પ્રયત્ન કરતું નથી.

થોડાક અભ્યાસથી માણસ એક એવી સ્થિતિમાં પહોંચી જાય છે, કે જે સ્થિતિને મરજી પડે ત્યારે થોડીક ક્ષણોમાં પ્રાપ્ત કરી શકાય છે. અર્થાત તે માણસ ધ્યાનના સમયનો બગાડ કરતો નથી. સ્વાભાવિક રીતે જ, પ્રારંભમાં માણસે મનને ધીમે ધીમે શાન્ત કરવું પડશે, પોતાની ચેતનાને એકત્રિત કરવી પડશે, એકાગ્રતા કરવી પડશે. માણસ ધ્યાનનો પોણો ભાગ તો તૈયારી કરવામાં ગુમાવતો હોય છે.

પણ અભ્યાસ કર્યા પછી, માણસ બે કે ત્રણ ક્ષણોમાં એ સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે, અને પછી ખુલ્લાપણાના સમગ્ર સમયનો લાભ તેને મળે છે.

સ્વાભાવિક રીતે જ, હજી પણ વધારે પ્રગતિમાન અને પરિપૂર્ણ સ્થિતિઓ છે, પણ તે પાછળથી આવે છે, પણ જો માણસ તે સ્થિતિને પહોંચે તો તેને ધ્યાનનો પૂર્ણ લાભ મળે.

તેને માટે આપણે પ્રયત્ન કરીશું

(ધ્યાન)

૧૨ જુન ૧૯૫૭

"ખૂબ લાંબા સમય સુધી ઉપવાસ કરીએ ત્યારે પણ આત્માની, મનની, પ્રાણની, અને શરીરની પણ ક્રિયાઓને તથા શક્તિઓને પૂર્ણ રીતે ટકાવી રાખવી; બધો સમય યોગમાં એકાગ્ર અને જાગૃત રહેવું, ઊંડો વિચાર કરવો અને રાત-દિવસ લેખો લખવા, નિદ્રા વગર ચલાવી લેવું, દિવસના આઠ કલાક ચાલવું આ બધી ક્રિયાઓ વારાફરતી અથવા એકસાથે કરવી, અને છતાં નિર્બળ ન બનવું, થાક ન લાગવો, કોઈપણ પ્રકારની નિષ્ફળતા કે ક્ષીણતા ન અનુભવવી એ સાચેજ શક્ય છે. ઉપવાસના અંગે પહેલાંના જેટલો જ અથવા તેથી વધારે પણ ખોરાક લઈ શકાય અને તેમાં કોઈ સાવચેતી રાખવાની જરૂર ન પડે જેને વિષે દાકતરી વિજ્ઞાન સલાહ આપે છે. જાણે કે પૂર્ણ ઉપવાસ અને પૂર્ણ મિજબાની એને તદ્ન સ્વાભાવિક સ્થિતિઓ ન હોય, ઉપવાસની સ્થિતિમાંથી તદ્ન સરળતાપૂર્વક મિષ્ટાન્ન-ભોજન પ્રત્યે જઈ શકાય છે. જો એક પ્રકારના પ્રાથમિક રૂપાંતર દ્વારા શરીરને યોગની શક્તિઓનું તથા ક્રિયાઓનું કરણ બનવાની તાલીમ આપવામાં આવી હોય. પણ તેમાં શરીરના ભૌતિક

તંતુઓની, માંસની પદાર્થતત્ત્વની ક્ષીણતામાંથી છટકી શકાતું નથી. જો કોઈ વ્યવહારૂ ઉપાય અને સાધન શોધી કાઢવામાં આવે તો આ છેલ્લા અજેય વિઘ્નને પણ પાર કરી શકાય અને ભૌતિક પ્રકૃતિની શકિતઓની તથા શરીરની શકિતઓની અદલાબદલીથી, જેમાં વ્યકિત પ્રકૃતિને તેની જરૂરિયાત અનુસાર આપે અને પ્રકૃતિના વૈશ્વિક અસ્તિત્વને ટકાવી રાખે તેવી શકિતઓમાંથી વ્યકિત સીધી રીતે પોતાને જરૂરી સામગ્રી આપણે જીવનની ઉત્ક્રાંતિના પાયામાં જે વસ્તુ જોઈએ છીએ તેને ઉત્ક્રાન્તિના શિખર પર ફરી શોધી કાઢી શકાય અને સ્થાપિત કરી શકાય—પોતે ટકી રહે તે માટે પોતાના નવીનીકરણ માટેના સાધનો સર્વ આસપાસની વસ્તુઓમાંથી ખેંચી લેવાની શકિત અથવા આસપાસના વાયુમંડળમાંથી તે સાધનોને ખેંચવાને બદલે, ઉત્ક્રાન્ત થયેલો માનવ ઊર્ધ્વમાંથી વધારે મહાન શકિત પ્રાપ્ત કરી શકે, આસપાસથી અને નીચેથી પણ."

(અતિમનસનો આવિર્ભાવ, પૃષ્ઠ ૨૮-૨૯)

શ્રી અરવિંદ અહીં જે લાંબા ઉપવાસનું અને છતાં સર્વ ક્રિયાઓ ટકાવી રાખવાનું વર્ણન આપે છે, તે તેમના પોતાના અનુભવનું વર્ણન છે.

તે શકયતાની વાત નથી કરતા, પણ પોતે જે કર્યું હતું એની વાત કરે છે. પણ તે અનુભવનું તેના બાહ્ય રૂપમાં અનુકરણ થઈ શકે એમ માનવું એ એક મોટી ભૂલ છે જો કોઈ સંકલ્પના બળથી તેમ કરી શકે, તો પણ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી તે તદ્દન બિનઉપયોગી બને, કારણ કે તે અનુભવની પહેલાં ચેતનાનું પરિવર્તન થયેલું હોવું જોઈએ, કે જે પ્રાથમિક મુકિત છે.

ઉપવાસથી તમે આધ્યાત્મિક પ્રગતિ સાધી ન શકો તે માટે તમારે માત્ર આસકિતથી, સર્વ કામનાઓથી, ખોરાકના રસમાંથી મુકત બનવાનું છે એટલું જ નહિ, પણ તેની જરૂરિયાતથી પણ મુકત બનવાનું છે. તમારે એવી સ્થિતિ પ્રાપ્ત કરવાની હોય છે કે જેમાં આ બધી વસ્તુઓ તમારી ચેતનાને પરદેશી - અપરિચિત લાગે અને તેમને માટે કોઈ સ્થાન ન હોય. ત્યારે જ, એક સ્વયંભૂ સ્વાભાવિક પરિણામરૂપે, તમે ખાવાનું બંધ કરી શકો. એમ કહી શકાય કે ખાવાનું ભુલી જવું એ અનિવાર્ય શરત છે, કારણ કે અસ્તિત્વની બધી શકિતઓ અને તેની એકાગ્રતા વધારે સંપૂર્ણ, વધારે સાચા આંતર સાક્ષાત્કાર પ્રત્યે વળેલી હોય છે. આ શરીરના

કોષાણુઓ સહિત સમગ્ર અસ્તિત્વને દિવ્ય શકિતઓનાં આકંપનો સાથે એકરૂપ કરવા પ્રત્યે વળેલી હોય છે, પ્રગટ થતી અતિમાનસ શકિત સાથે એકતા સ્થાપવા તરફ વળેલી હોય છે, જેથી આ જીવન સત્ય બની શકે, માત્ર જીવનનો હેતુ જ નહિ, પણ જીવનનું સારતત્ત્વ, માત્ર જીવનની અનિવાર્ય જરૂરિયાત જ નહિ, પણ તેનો સર્વ આનંદ અને સર્વ હેતુ.

જયારે આ સાક્ષાત્કાર સીધો થયો હોય છે, ત્યારે ખાવું કે ન ખાવું, ઊંઘવું કે ન ઊંઘવું, આ બધાનું કોઈ મહત્વ રહેતું નથી. તે એક બાહ્યતર છંદોમયતા છે, જેને વૈશ્વિક શકિતઓની લીલા પર છોડી દેવામાં આવી હોય છે અને જે તમારી આસપાસના લોકો અને સંજોગો દ્વારા અભિવ્યકત કરવામાં આવતી હોય છે. ત્યારે આંતર સત્ય સાથે એકરૂપ બનેલું શરીર ચપળતા, સતત અનુરૂપ બનવાની શકિતને પ્રાપ્ત કરે છે. જો ભોજન આવી પડે, તો તે ખાય છે. જો ભોજન ન આવી પડે, તો તેને તેનો કશો વિચાર આવતો હોતો નથી. બીજી બધી વસ્તુઓની બાબતમાં પણ તેમ જ બનતું હોય છે. આ જીવન નથી! તે અસ્તિત્વ ધરાવવાની એવી રીતો છે કે તેમને વિષે વિચાર કર્યા વગર તમે એમને અનુરૂપ બની જાઓ છો. જેમ પુષ્પ છોડ પર ખીલે છે, તેવી ખીલવાની કોઈક લાગણી તમે અનુભવો છો. તે એકાગ્ર બનેલા સંકલ્પમાંથી આવતી ક્રિયા જેવું નથી હોતું, પણ તે તમારી આસપાસની સર્વ શકિતઓ સાથે સંવાદિતામાં છે. તમે જે સંજોગોમાં જીવો છો તેને અનુરૂપ અસ્તિત્વનો એક પ્રકાર છે. જે સંજોગોને પોતામાં કશું મહત્વ હોતું નથી.

એવી એક ક્ષણ આવે છે, જયારે તે માણસ બધી વસ્તુઓથી સ્વતંત્ર બની જાય છે, તેને કશાની જરૂર પડતી હોતી નથી, તે ગમે તે વસ્તુનો ઉપયોગ કરી શકે છે, ગમે તે વસ્તુ કરી શકે છે અને છતાં તેની ચેતના પર તેની કશી અસર પડતી હોતી નથી. આ બહુ મહત્વની સ્થિતિ છે. ઉચ્ચતર જીવન માટેની અભીપ્સા કરતી માનસિક ચેતનામાંથી આવતા સ્વચ્છંદી નિર્ણયો અથવા બાહ્ય અભિનયો દ્વારા તે સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો એ સાધન હોઈ શકે, બહુ અસરકારક સાધન તો નહિ જ; તે પ્રયત્ન અસ્તિત્વને યાદ દેવરાવે છે કે તું તારી પશુતામાં જે છે, તેનાથી તારે કોઈ બીજી જ વસ્તુ બનવું જોઈએ, પણ એટલું જ માત્ર બસ નથી. જે માણસ પોતાની આંતર અભીપ્સામાં સંપૂર્ણપણે નિમગ્ન બની શકે, આ બધી બાહ્ય વસ્તુઓની દરકાર તેને ન રાખવી પડે, તેમનો વિચાર સરખો પણ તેને ન આવે, જે આવી પડેલી વસ્તુને સ્વીકારે અને ન આવેલી વસ્તુનો વિચાર

સુધ્ધાં ન કરે, તે સાક્ષાત્કાર પ્રાપ્ત થશે એવા ખ્યાલથી તપસ્યા કરનાર માણસ કરતાં આધ્યાત્મિક માર્ગમાં અનંતગણો આગળ વધેલો ગણાય.

માત્ર ચેતનાનું પરિવર્તન એજ સાચી રીતે અસરકારક વસ્તુ છે, તે અતિ-માનસ શકિતઓમાં આકંપનો સાથે સઘન, સતત, પરિપૂર્ણ, અનિવાર્ય મિલન દ્વારા પ્રાપ્ત થતી આંતર મુકિત છે. દરેક ક્ષણનો ઈરાદો, અસ્તિત્વનાં સર્વ તત્ત્વોનો સંકલ્પ, શરીરનાં કોષાણુઓ સહિત સમગ્ર અસ્તિત્વની અભીપ્સા, આ અતિમાનસ દિવ્ય શકિતઓ સાથેના મિલન માટે હોય છે, પછી પરિણામોની દરકાર કરવાની જરૂર રહેતી નથી. જે વસ્તુ વૈશ્વિક શકિતઓની લીલામાં અને તેમના પ્રગટી-કરણમાં બનવાની છે, તે સ્વાભાવિક રીતે જ, સ્વયંભૂ રીતે આપોઆપ થઈ રહેશે. તેનો વિચાર કરવાની કશી જરૂર નથી. અતિમાનસ ચેતનાનાં શકિતપ્રકાશ-સત્ય-બળ અને અનિવર્ચનીય આનંદ સાથે સતત,સમગ્ર, પરિપૂર્ણ સંપર્ક એજ મહત્ત્વની વસ્તુ છે.

તે દિલની સચ્ચાઈ છે. બીજું બધું અનુકરણ માત્ર છે, પોતાને માટે માનવ દ્વારા ભજવાતું નાટક માત્ર છે.

સદા વધારેને વધારે પ્રમાણમાં, આત્મપરિપૂર્ણતા લાવતા જીવનમાં અવસ્થિત બનવું એજ પરિપૂર્ણ વિશુદ્ધિ છે. માણસે તેવા વિશુદ્ધ હોવાનો દંભ ન કરવો જોઈએ. તેણે સ્વયંભૂ રીતે બનવું જોઈએ. તેનું નામ દિલની સચ્ચાઈ.

૧૯ જુન ૧૯૫૭

વહાલાં માતાજી, જો કોઈ માણસ ગંભીર માંદગીમાં સપડાઈ જાય તો એ તથ્ય કેવળ શારીરિક ઘટના છે કે આધ્યાત્મિક જીવનમાં કોઈ મુશ્કેલીનો નિર્દેશ કરે છે ?

તે વાત તે વ્યકિત ઉપર આધાર રાખે છે. જો તે માણસ યોગ કરવાનો હોય તો તે સ્પષ્ટ રીતે તેના આધ્યાત્મિક જીવનમાં કોઈ મુશ્કેલી છે. જો માણસ યોગસાધના ન કરતો હોય અને સામાન્ય પ્રકારે સામાન્ય જીવન ગાળતો હોય તો તે એક તદ્દન સામાન્ય અકસ્માત છે. તે માણસ પર આધાર રાખે છે. બાહ્ય ઘટનાઓ એક સરખી હોય, પણ આંતર કારણો તદ્દન ભિન્ન હોય છે. રોગો પર લેબલ ચોડવામાં આવે છે. અને તેમને એક સમુહમાં ગોઠવવા માટે પ્રયાસો કરવામાં આવે છે, પણ બે માંદગીઓ સમાન નથી હોતી. હકીકતમાં દરેક માણસ તેની પોતાની રીતે માંદો હોય છે. તે પ્રકાર તે જે હોય છે તેના પર, તેની ચેતનાની સ્થિતિ પર, તે જે પ્રકારનું જીવન ગાળતો હોય છે તેના પર આધાર રાખે છે.

અમે હંમેશાં કહ્યું છે કે માંદગીઓ હંમેશાં સમતુલાના વિક્ષેપનું પરિણામ હોય છે, પણ આ વિક્ષેપ અસ્તિત્વની તદ્દન ભિન્ન-ભિન્ન સ્થિતિઓમાં પેદા થઈ શકે છે. જેની ચેતના બાહ્ય ભૌતિક જીવનમાં કેન્દ્રિત થયેલી હોય છે તેવા સામાન્ય માણસને માટે, તે સમતુલાનો ભંગ કેવળ ભૌતિક હોય છે, ભિન્ન ભિન્ન અંગોની કામગીરી પરત્વેનો હોય છે. પણ જ્યારે આ કેવળ બાહ્ય જીવનની પાછળ આંતર જીવનનું નિર્માણ થતું હોય ત્યારે માંદગીના કારણો બદલાઈ જાય છે, તે કારણો હંમેશાં અસ્તિત્વના ભિન્નભિન્ન ભાગો વચ્ચેના વિક્ષેપની અભિવ્યકિત હોય છે. તે વિક્ષેપ આંતર પ્રગતિ અથવા પ્રયાસ અને બાહ્ય પ્રતિરોધો અથવા પોતાના જીવનની પરિસ્થિતિ વચ્ચેનો હોય છે.

સામાન્ય બાહ્ય દૃષ્ટિબિંદુમાંથી જોતાં પણ એ વાત ઘણા સમયથી સ્વીકારવામાં આવી છે કે નિકટનાં નૈતિક કારણોને લીધે પ્રાણશકિતમાં રહેલી પ્રતિરોધ કરવાની શકિત ઓછી થઈ જાય છે, એને તે માંદગીને પેદા કરે છે, જ્યારે માણસ સમતુલાની સામાન્ય સ્થિતિમાં હોય છે અને તે સામાન્ય શારીરિક સંવાદિતામાં જીવતો હોય છે ત્યારે શરીરમાં પ્રતિરોધ કરવાની શકિત હોય છે, તેમાં માંદગીનો પ્રતિકાર કરવા માટે પૂરતું બળવાન વાયુમંડળ હોય છે. શરીરનું ખૂબ ભૌતિક તત્ત્વ એવાં સૂક્ષ્મ આકંપનો બહાર પ્રગટ કરે છે, કે જેમનામાં રોગોનો પણ પ્રતીકાર કરવાનું બળ હોય છે. હકીકતમાં બધા આકંપનો ચેપી હોય છે, પણ, કેટલાક રોગો ખાસ ચેપી મનાય છે. જે માણસ કેવળ બાહ્ય દૃષ્ટિબિન્દુથી પણ એવી સ્થિતિમાં છે કે તેના અંગો સંવાદિતાપૂર્વક કામ કરી શકે અને જેનામાં પૂરતા

પ્રમાણમાં માનસશાસ્ત્રીય સમતુલા હોય છે, તેનામાં ચેપની અસર પોતા પર ન પડે એવી પ્રતીકારશક્તિ હોય છે, પણ જો એક યા બીજા કારણે તે આ સમતુલા ગુમાવી બેસે, અને અવસાદને-અસંતોષને નૈતિક મુશ્કેલીઓને અથવા ખૂબ થાકને કારણે તે સમતુલા નબળી પડી ગઈ હોય, તો તેના શરીરની પ્રતીકારશક્તિ ઘટી જાય છે અને તે માંદગી પ્રત્યે ખુલ્લો બને છે. પણ જો આપણે કોઈ યોગ કરનાર માણસની વાત કરીએ, તો સમતુલાના ભંગના કારણો તદ્ન ભિન્ન હોય છે. અને માંદગી જેને જીતવાની છે એવી કોઈ આંતર મુશ્કેલીની અભિવ્યકિત બની જાય છે.

એટલે પોતે શા માટે માંદો પડયો છે તે દરેક જણે પોતે શોધી કાઢવું જોઈએ. પણ સામાન્ય દ્રષ્ટિબિંદુથી જોતાં, ઘણાખરા કિસ્સાઓમાં, મોટે ભાગે ભય ચેપનું દ્વાર ખોલી નાંખતું હોય છે; પછી તે ભય માનસિક હોય કે પ્રાણિક હોય, મોટે ભાગે તો તે શારીરિક ભય હોય છે, કોષાણુઓમાં રહેતો ભય હોય છે. જેમનામાં પોતાની જાત પર થોડોક પણ કાબૂ છે અથવા માનવી ગૌરવ છે, તેઓ માનસિક ભયને દૂર કરી શકે છે પ્રાણિક ભય વધારે સૂક્ષ્મ હોય છે, અને તે વધારે કાબૂ માગી લે છે. શારીરિક ભયને જીતવા માટે સાચા યોગની જરૂર પડે છે, કારણ કે શરીરનાં કોષાણુઓ દરેક પીડાજનક, અપ્રિય વસ્તુથી ડરતાં હોય છે. થોડીક પણ બેચેની લાગે પછી ભલે તે તદ્ન નાનકડી-નગણ્ય હોય, તો શરીરનાં કોષાણુઓ ચિંતિત બની જાય છે, તેમને બેચેની ગમતી હોતી નથી. તેના પર જિત મેળવવા માટે, સચેતન સંકલ્પનો કાબૂ જરૂરી છે. મોટે ભાગે, આ પ્રકારનો ભય માંદગીના દ્વારને ખોલી નાંખતો હોય છે. હું પહેલા બે પ્રકારના ભયોની વાત નથી કરતી, કારણ કે જે માણસ તે શબ્દના ઉદાત્તતમ અર્થમાં માનવ બનવા માગે છે, તે બે ભયો પર જય મેળવી શકે છે, કારણ કે ભય એ બાયલાપણું છે, નામર્દાઈ છે. પણ શારીરિક ભયને જીતવો તે વધારે કઠિન છે, જો તે ભય ન હોય તો ખૂબ ખૂબ બળવાન આક્રમણોને પણ ખાળી શકાય છે. જો માણસમાં પોતાના શરીર પર થોડો પણ કાબૂ હોય, તો તેની અસરો ઓછી કરી શકાય છે, પણ તે ચેપમાંથી મુકિત નથી હોતી. શરીરના કોષાણુઓમાં આ પ્રકારની, ભૌતિક શારીરિક ભયની ધ્રુજારી બધા રોગોને વધારી મૂકતી હોય છે.

કેટલાક લોકો શરીરમાં પણ સ્વયંભૂ રીતે જ ભયથી મુકત હોય છે. તેમનામાં પૂરતા પ્રમાણમાં પ્રાણિક સમતુલા હોય છે, તેમના પ્રાકૃતિક જીવનના છંદોમયતામાં

એક સ્વાભાવિક સંવાદિતા હોય છે, કે જેથી તેઓ ભયથી મુકત રહી શકે છે અને માંદગીને ઓછામાં ઓછી બનાવી દેવા માટે શકિતમાન હોય છે. તેથી ઊલટું, કેટલાક લોકો એવા હોય છે, જેમને માટે વસ્તુઓ બની શકે તેટલી ખરાબ બની જતી હોય છે, કેટલીક વાર તો તે મહાન સંટકરૂપ બની જાય તેટલી હદે પહોંચી જતી હોય છે. આ એક સહેલાઈથી જોઈ શકાય તેવો વિસ્તૃત પ્રદેશ હોય છે. આનો આધાર તેમના જીવનની ગતિની એક પ્રકારની સુખમય છંદોમયતા ઉપર હોય છે, જે છંદોમયતા તેમને માંદગીના બાહ્ય આક્રમણોનો પ્રતીકાર કરવાની શકિત આપે છે. કેટલાક લોકોમાં તે શકિત પૂરતી હોતી નથી, અને તેથી તેઓ ભય વડે ધ્રુજારી અનુભવતા હોય છે. તે પ્રકારનું વૃત્તિજન્ય દુઃખ થોડા એવા બેચેનીજનક સંપર્કને પણ ખૂબ દુઃખદાયી અને નુકસાનકારક બનાવી મૂકે છે. તે વિસ્તૃત પ્રદેશ એવી રીતે વિસ્તરતો હોય છે કે એક માણસ ખરાબમાં ખરાબ ચેપી રોગો પાસેથી પસાર થાય છતાં પણ ચેપ લાગતો હોતો નથી, જ્યારે બીજો માણસ નાનામાં નાની તક મળતાં માંદો પડી જતો હોય છે. એટલે સ્વાભાવિક રીતે જ, તે વસ્તુ માણસના બંધારણ પર આધાર રાખતી હોય છે. જ્યારે માણસ પ્રગતિ માટે પ્રયાસ કરવાની ઈચ્છા કરે છે, ત્યારે તે સ્વાભાવિક રીતે જ તેણે મન પર પ્રાપ્ત કરેલા કાબૂ પર આધાર રાખતી હોય છે. જ્યારે શરીર ઉચ્ચતર સંકલ્પનું આજ્ઞાંકિત કરણ બની જાય છે, અને તેની પાસેથી સર્વ આક્રમણોનો પ્રતીકાર કરવાની તાકાત મેળવે છે, ત્યારે માંદગી કે તેનો ભય તે માણસ પાસે ફરકતાં હોતાં નથી.

જ્યારે માણસ ભયને દૂર કરે છે, ત્યારે તે હંમેશાં સલામત હોય છે. દા. ત. અત્યારે ચાલી રહેલા ચેપી રોગોમાંના ૯૯ ટકા રોગો ભય વડે ઉત્પન્ન થતા હોય છે. તે ભય એક પ્રકારનો માનસિક ભય બની જાય છે, તે ખૂબ શોકજનક રૂપ ધારણ કરે છે, અને સમાચાર પત્રો વાંચવાથી, નકામી વાતો કરવાથી, વગેરેથી તેમાં વૃદ્ધિ થાય છે.

માતાજી, તદ્દન અચેતન નહિ એવા શરીર માટે દવાઓનો ઉપયોગ કેવી રીતે કરવો? જ્યારે આપણે ભગવાનની કૃપાને પોકાર કરતા હોઈએ છીએ, ત્યારે પણ થોડીક દવાની તો જરૂર આપણને પડતી હોય છે. જો તેને થોડીક દવા આપવામાં આવે, તો તેની અસર સારી નીપજે છે. શું આનો અર્થ એવો થાય છે કે માત્ર શરીરને જ દવાની જરૂર છોય છે, કે પછી મનમાં અને પ્રાણમાં પણ કોઈક ગરબડ હોય છે?

ઘણાં ખરા કિસ્સાઓમાં, યોગ્ય માત્રામાં દવાનો ઉપયોગ માત્ર શરીરને પોતામાં વિશ્વાસ પ્રાપ્ત કરવામાં મદદ કરવા પૂરતો હોય છે. પણ દવાથી શરીરમાં ઝેર ઉત્પન્ન ન થાય તેની માણસે દરકાર રાખવી પડે છે. શરીર પોતે જ પોતાને રોગ મટાડી દેતું હોય છે. જ્યારે તે સાજા થવાની ઈચ્છા કરે છે, ત્યારે તે સાજું થઈ જાય છે. અત્યારે આ વસ્તુનો વ્યાપક પ્રમાણમાં સ્વીકાર કરવામાં આવેલો છે. ખૂબ પરંપરા જાળવનારા ડોકટરો પણ તમને કહેતા હોય છે કે હા, દવાઓ રોગને મટાડે છે, મટાડવામાં મદદ કરે છે. પણ દવાઓ મટાડતી નથી હોતી, પણ શરીર પોતે જ સાજા થવાનો નિર્ણય કરી લેતું હોય છે." જ્યારે શરીરને એમ કહેવામાં આવે છે આ દવા ખા, ત્યારે શરીર પોતાની જાતને કહે છે કે હવે હું સાજું થઈ જઈશ, અને પરિણામે તેનો રોગ મટી જતો હોય છે

લગભગ દરેક કિસ્સામાં, વસ્તુઓ જો યોગ્ય મર્યાદામાં લેવામાં આવે, તો તે શરીરને સાજાં થવામાં મદદ કરે છે. જો તે દવાઓ યોગ્ય પ્રમાણમાં લેવામાં ન આવે, તો શરીર જરૂર તદ્ન ભાગી પડવાનું. તમે એક રોગને મટાડો છો. પણ બીજા એક વધારે ખરાબ રોગને પકડી લેતા હો છો. પણ તમારા શરીરને વિશ્વાસ પ્રાપ્ત કરાવે, તેવી થોડી દવા, થોડી ઘણી મદદ રૂપ બને છે. "હવે હું સાજો થઈ જઈશ. મેં આ દવા ખાધી છે, એટલે મને મટી જશે" આ વિચાર શરીરને ખૂબ મદદ કરતો હોય છે. પછી શરીર રોગમુકત બનવાનો નિર્ણય કરે છે, અને તેનો રોગ જતો રહે છે.

તેમાં પણ શકયતાઓનો એક વિસ્તૃત પ્રદેશ હોય છે. યોગીમાં આંતર કાબૂની પરિપૂર્ણ સ્થિતિ હોય છે, એટલે તે ઝેર લે તો પણ તેને તેની કશી અસર થતી હોતી નથી. તેથી ઊલટું, બીજો એક એવા માણસ હોય છે કે જે ઊઝરડો પડતાં વેંત ડોકટરો પાસે દોડી જતો હોય છે અને શરીર સારું થઈ જાય તે પ્રકારની ગતિ શરીર કરી શકે, તે માટે તેને અનેક પ્રકારની ખાસ દવાઓની જરૂર પડે છે. સમગ્ર પરમ પ્રભુત્વથી માંડીને તે બાહ્ય દવાઓના સંપૂર્ણ બંધન સુધી તે વિસ્તૃત પ્રદેશ વિસ્તારતો હોય છે. સંપૂર્ણ બંધન અને સંપૂર્ણ મુકિત. એટલે બધું જ શકય છે. તે એક પ્રકારનું જટિલ અને પરિપૂર્ણ કી-બોર્ડ (ચાવીઓ ભરાવવાનું પાટિયું) હોય છે, જેના પર તમે રમત કરી શકો છો અને શરીર તેનું કારણ છે.

માતાજી, થોડાક પ્રયાસથી દા. ત. માંદગીના સમયમાં દવા ન લેવાના

નિશ્ચયથી માણસ શરીરને સમજાવવામાં સફળતા પ્રાપ્ત કરી શકે ખરો ?

માનસિક નિશ્ચય પૂરતો નથી. તમારા શરીરમાં સૂક્ષ્મ પ્રતિકાર્યો થતાં રહેતાં હોય છે, જે માનસિક નિશ્ચયની આજ્ઞા માનતાં હોતા નથી. તેથી નિશ્ચય જ આજ્ઞા પર્યાપ્ત નથી. બીજા કશાંકની જરૂર છે.

બીજા પ્રદેશોનો સંપર્ક સાધવો પડે છે. મન કરતાં ઉચ્ચતર શકિતની જરૂર પડે છે.

આ દૃષ્ટિબિંદુથી જોતાં, મનમાં જે કાંઈ છે, તે હંમેશાં શંકાને આધીન હોય છે. તમે નિશ્ચય કરો, પણ તેમાં જરૂર એવું કાંઈક આવી પડવાનું, કે જે ખુલ્લી રીતે મન સાથે ઝઘડતું હોતું નથી, પણ જે તેની અસરકારકતા બાબતમાં શંકા ઉઠાવવાનું. જરા પણ શંકા પેદા થાય, એટલે નિશ્ચયની અર્ધી અસરકારકતા ચાલી જાય છે. જયારે તમે કહો છો કે હું આ વસ્તુ ઈચ્છું છું, ત્યારે બીજી કોઈક, પશ્ચાદ્-ભૂમિમાં કયાંક લપાઈ બેઠેલી વસ્તુ માનપૂર્વક પૂછતી હોય છે કે આનું પરિણામ શું આવશે ? તે શંકા બધી બાજુને બગાડી મુકે છે.

મનની આ રમત બહુ સૂક્ષ્મ હોય છે. સામાન્ય માનવી મન તેને સંપૂર્ણપણે કાબૂમાં રાખવામાં સફળ થતો હોતો નથી, દા. ત. યોગ કરતાં અને શરીર પર સંયમ રાખવા ઈચ્છતા લોકો નીચેની વાત બરાબર જાણતા હોય છે. પ્રયત્નપૂર્વક પોતામાંની કોઈક વસ્તુ પર કાબૂ મેળવામાં તેઓ સફળ થયા હોય, શરીરની અમુક નબળાઈ પર, અમુક સમતુલાના ભંગ પ્રત્યે ખુલ્લા ન રહેવામાં તેઓ સફળ બન્યા હોય, ઘણાં વર્ષો સુધી તે સમતુલાનો ભંગ ચેતનામાંથી અદૃશ્ય થઈ ગયો હોય, એક દિવસ તેમને એમ લાગ્યું હોય કે મેં આ વસ્તુ પૂરેપૂરી સિદ્ધ કરી લીધી છે. છતાં પણ બીજી જ ક્ષણે તે નબળાઈ પાછી તેમનામાં આવતી હોય છે. તેનો અર્થ એ થયો કે જે વસ્તુનો તેમણે ઈન્કાર કર્યો હતો, તેનાં આકંપનો સાથે તેઓ સંપર્કમાં આવ્યા હતા, કારણ કે તે વિચારની ભૂમિકા પર તેઓ આક્રમણ પ્રત્યે ખુલ્લા હતા. એક યા બીજા કારણે, શકિતઓની લીલામાં તેઓ ખુલ્લા હતા અને તેથી તે નબળાઈ પાછી આવી જાય છે.

આ વસ્તુ યોગમાં ઘણી જાણીતી છે. પોતે પ્રાપ્ત કરેલા વિજયનું માનસિક રીતે અવલોકન, તેનો વિચાર વર્ષો સુધી કેટલા યોગની અસરનો નાશ કરવા માટે

પૂરતો છે. બાહ્ય આક્રમણોને અંદર ન ઘુસવા દે તેવી બળવાન, માનસિક શાન્તિ અનિવાર્ય છે. તે શાંતિ પ્રાપ્ત કરવી ઘણી કઠીન છે. તે માટે તો, શ્રી અરવિંદ કહે છે તેમ તેણે નિમ્નતર ગોળાર્ધમાંથી ઉચ્ચતર, કેવળ આધ્યાત્મિક ગોળાર્ધમાં જવું પડે છે.

—

માનસિક ક્ષેત્રમાં વિજયો પ્રાપ્ત થતા હોતા નથી. તે અશકય છે. મન બધી અસરો પ્રત્યે, સર્વ વિરોધી પ્રવાહો પ્રત્યે ખુલ્લું હોય છે. માનસ જે જે માનસિક રચનાઓ કરે છે, તેમનામાંજ તેમનો વિરોધ રહેલો હોય છે. માણસ તે વિરોધોને ન ગાંઠે, બને તેટલા બિનનુકશાનકારક બનાવે, છતાં વિરોધ અંદર રહી જતો જ હોય છે. જરા પણ નબળાઈ આવે, સાવધાનતામાં ચૂકી જવાય, તો તે અંદર ઘુસી જાય છે. અને બધા કાર્યનો વિનાશ કરી દે છે. માનસિક રીતે માણસ બહુ થોડા પરિણામો પ્રાપ્ત કરી શકતો હોય છે, અને વળી તે મિશ્રિત હોય છે. બીજી કોઈ વસ્તુની જરૂર છે, સલામત રીતે કાર્ય કરવા માટે, માણસે મનમાંથી શ્રદ્ધાના અથવા ઉચ્ચતર ચેતનાના ક્ષેત્રમાં જવું જોઈએ.

એ વાત તદ્દન સ્પષ્ટ છે કે શરીર પર કાર્ય કરવા માટે શ્રદ્ધા એક ખૂબ બળવાન સાધન છે. જે લોકો સરળ હૃદયના હોય છે. ખૂબ ગુંચવાડા ભરેલા મનવાળા નથી હોતા, જેમનામાં બહુ મહાન અને જટિલ માનસિક વિકાસ નથી હોતો પણ ખૂબ ઉંડી શ્રદ્ધા હોય છે તેમનામાં શરીર પર કાર્ય કરવાની મહાન શકિત હોય છે. તેથી કેટલાક માણસો કેટલીક વાર ખૂબ આશ્ચર્યચકિત બની જાય છે, કે "આ એક મહાન સાક્ષાત્કારવાળો માણસ છે. અપવાદ રૂપ વ્યકિત છે. પણ તે સર્વ નાનામાં નાની ભૌતિક વસ્તુઓનો ગુલામ છે, જ્યારે આ માણસ તદ્દન સરળ છે. ખૂબ અણઘડ દેખાય છે, પણ તેનામાં ખૂબ શ્રદ્ધા છે, અને મુશ્કેલીઓમાંથી તથા વિઘ્નોમાંથી તે વિજેતાની પેઠે પસાર થઈ જાય છે."

હું એમ નથી કહેતી કે ખૂબ સુસભ્ય માણસમાં શ્રદ્ધા ન હોઈ શકે, પણ તેમ હોવું વધારે કઠિન છે, કારણકે આ માનસિક તત્ત્વ હમેંશાં વિરોધ કરતું હોય છે, ચર્ચા ચલાવતું હોય છે. સમજવા માટે કોશિશ કરતું હોય છે. જેને ખાતરી કરી આપવી તે મુશ્કેલ હોય છે. જેને સાબિતીઓ જોઈતી હોય છે, તેની શ્રદ્ધા ઓછી વિશુદ્ધ હોય છે. તેને ઉત્ક્રાન્તિની સીડીમાં વધારે ઊંચે જવાની જરૂર હોય

છે માનસિકમાંથી આધ્યાત્મિકમાં જવાનું હોય છે, પછી શ્રદ્ધામાં એક ખૂબ ઉચ્ચ પ્રકારનો ગુણ પેદા થાય છે. રોજિંદા સામાન્ય જીવનમાં ઉત્કટ શ્રદ્ધાવાળો, તદ્દન સરળ માણસ પોતાના શરીર ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકે છે. પણ તે સાચા અર્થમાં પ્રભુત્વ નથી હોતું, તે માત્ર એક સ્વયંભૂ ગતિ હોય છે, તેને પોતાના શરીર પર કાબૂ હોય છે. જે વધારે ઉચ્ચતર વિકાસ પામેલા માણસના કાબૂ કરતા ખૂબ-ખૂબ વધારે મહાન હોય છે.

માતાજી, હું તમને એક નાનો, અંગત સવાલ પૂછું છું. ન મટાડી શકાય તેવો રોગ, અંગોની માંદગી તમારી કૃપાથી મટી ગઈ છે, પણ કેવળ ક્રિયા બાબતની માંદગી મટી શકી નથી તેમ કેમ બન્યું ? તેજ શરીરમાં એમ કેમ બન્યું ? તે ખુલ્લાપણાના અભાવને કારણે હતું કે પછી ?

તે એટલું બધું અંગત છે, કે તેનો જવાબ આપવો અશકય છે. દરેક માણસનો કેઈસ તદ્દન ભિન્ન ભિન્ન હોય છે તે અંગોની ક્રિયાઓની વિગતમાં ઉતર્યા સિવાય આ વસ્તુઓની સમજૂતી આપી શકાતી હોતી નથી. દરેક જણ માટે કેઈસ ભિન્ન ભિન્ન હોય છે.

દરેક વસ્તુ માટે, દરેક ઘટના માટે. ચેતનાની જેટલી ભૂમિકાઓ છે તેટલી સમજૂતિઓ હોય છે. તદ્દન સરળ રીતે કહીએ તો, શારીરિક સમજૂતિ હોય છે, પ્રાણિક સમજૂતિ હોય છે, માનસિક સમજૂતિ હોય છે. એક જ ઘટના માટે તમે અસંખ્ય સમજૂતિઓ આપી શકો; તે સીડીનાં પગથિયાં પેઠે એક ક્રમિક પરંપરા હોય છે. જો તેમાંની કોઈ એક સંપૂર્ણપણે સાચી નથી હોતી : બધીમાં સત્યનો કાંઈક અંશ હોય છે. જો તમે સમજૂતિઓના સમગ્ર ક્ષેત્રને લો, એક વસ્તુ લો અને તેની પાછળ પાછળ આગળ વધો, તો તમારે હંમેશાં તે એક વસ્તુને બીજી વસ્તુ દ્વારા સમજાવવી પડશે ; તમે અનિશ્ચિત રીતે આખા જગતમાં ફરી વળો, એક વસ્તુને બીજી દ્વારા સમજાવવો, અને છતાં તમે સમજૂતિના અંતને નહિ પ્રાપ્ત કરો.

જ્યારે માણસ આને સમગ્રપણે અને તાત્ત્વિક રીતે જુએ છે, ત્યારે તે વધારેમાં વધારે ડહાપણભરેલી રીતે એમ જ કહી શકે કે તે આ પ્રકારનું છે, અને તેથી તે આવું છે.

૨૬ જુન ૧૯૫૭

" પણ હજીય આપણે સંતતિ પ્રજનનના સામાન્ય સાધનનો, ભૌતિક પ્રકૃતિની સ્થૂળ પદ્ધતિનો આશ્રય લેવાની જરૂર રહે છે. જો આપણે એ જરૂરને દૂર કરવી હોય, તો કેવળ રહસ્યવાદી પદ્ધતિને, ભૌતિક પરિણામો માટે અતિભૌતિક સાધનો વડે કામ કરતી અતિભૌતિક પ્રક્રિયાના આશ્રયને શકય બનાવવો જોઈએ. નહિ તો જાતીય આવેગના આશ્રયથી, અને તેની પાશવી પ્રક્રિયાથી પર જઈ નહિ શકાય. ભૌતિકીકરણ અને અભૌતિકીકરણ બાબત, તે શકય હોવાનો જે દાવો મર્મીઓ કરે છે, અને આપણે જોએલી અનેક ઘટનાઓ તેમની સત્યતા વિશે સાબીતી આપે છે તે જો સત્ય હોય, તો આ પ્રકારની પદ્ધતિને આપણે અશકય ન માની શકીએ. કારણ કે ગૂઢવાદીઓના સિદ્ધાંતમાં અને યોગનું જ્ઞાન આપણા અસ્તિત્વ જે ક્રમિક ભૂમિકાઓ ગણાવે છે તેમાં, એમ જણાવેલું છે કે સૂક્ષ્મ ભૌતિક શકિત છે. એટલું જ નહિ પણ જીવન અને સ્થૂળ પદાર્થ તત્ત્વની વચ્ચે એક સૂક્ષ્મ ભૌતિક પદાર્થ તત્ત્વ છે. ને સૂક્ષ્મ ભૌતિક પ્રદાર્થ તત્ત્વમાં સર્જન કરવા, અને તે રીતે

---

૧. જ્યારે શ્રી અરવિંદ પોંડીચેરીમાં 'અતિથિ-ગૃહ'માં રહેતા હતાં, ત્યારે ૧૯૨૧માં બનેલી ઘટના વિષે તે અહીં ઉલ્લેખ કરે છે. એક રસોઈઆને કાઢી મૂકવામાં આવ્યો હતો. વેર લેવા માટે તે એક સ્થાનિક મેલી વિદ્યા જાણનાર અભિચાર ક્રિયા કરનાર માણસ પાસે ગયો. કેટલાક દિવસો સુધી, અતિથિ ગૃહમાં નિયમિત રીતે પત્થરનો વરસાદ વરસવો શરૂ થયો. પહેલા માળ પરના લોકો પોતાની આંખો સામે આકાર ધારણ કરતા પત્થરોને જોઈ શકતા હતાં. પછી તે પત્થરો આંગણામાં વરસતા હતા, તે પત્થરો એટલા બધા સાચા હતા કે તેમનાથી એક જુવાન નોકરને ઈજા થઈ હતી. તે પત્થરોને ઉંચકી લઈ શકતા હતા. આશ્ચર્યની વાત તો એ હતી કે તે બધા પત્થરો પર શેવાળ જમી ગઈ હતી. આખરે બંધ બારણાવાળી રૂમોમાં મોટા ને મોટા પત્થરો પડવા લાગ્યા. તે ગૂઢવાદી રીતે ઉત્પન્ન કરવામાં આવ્યા હતા, તે વિષે કોઈ સંદેહ નરહ્યો. માતાજી, પોતાની આંતર શકિત સાથે વચ્ચે પડયાં. અને પત્થરનો વરસાદ બંધ થઈ ગયો. થોડાક દિવસ પછી તે રસોઈઆની પત્ની દોડતી દોડતી શ્રી અરવિંદની માફી માગવા આવી. રસોઈઓ દવાખાનામાં મરણ પથારી પર પડયો હતો. પત્થરોની વૃષ્ટિ પાછી ફરીને તેના પર થઈ હતી. શ્રી અરવિંદે જવાબ આપ્યો કે આ કારણે તેણે મરી જવાની જરૂર નથી! પછી બધું ઠીકઠાક થઈ ગયું. આ ઘટનાનું વિસ્તૃત વર્ણન શ્રી અંબુભાઈ પુરાણીએ તેમનાં શ્રી અરવિંદનુ જીવન-ચરિત્ર "નામના પુસ્તકમાં કર્યું છે, ૧૯૬૪ની આવૃત્તિ, પૃષ્ટ ૨૮૨-૮૩.

નિર્માણ થયેલાં રૂપોને આપણી સ્થૂળતર ભૌતિકતામાં પ્રગટ કરવા એ શકય છે. આ સૂક્ષ્મ ભૌતિક પદાર્થ તત્ત્વમાં નિર્માણ કરાયેલી વસ્તુ સૂક્ષ્મતામાંથી સ્થૂળ પદાર્થ તત્ત્વની સ્થિતિમાં સંક્રાન્ત થઈ શકે છે. ગૂઢવાદી શકિત અને પ્રક્રિયા, કોઈ સ્થૂળ ભૌતિક ક્રિયા દ્વારા અથવા તો તેની મદદ સિવાય, તે વસ્તુને સૂક્ષ્મમાંથી સ્થૂળમાં લાવી શકે છે. જે આત્મા શરીરમાં પ્રવેશ કરવા માગતો હોય અથવા શરીરનું નિર્માણ કરવા માગતો હોય અને પૃથ્વી પર દિવ્ય જીવનમાં ભાગ લેવા ઈચ્છતો હોય, તેને જાતીય પ્રક્રિયા વડે જન્મ પ્રાપ્ત કર્યા સિવાય, કોઈ અવનતિમાં ઉતર્યા સિવાય, આપણા અત્યારના અસ્તિત્વમાં અનિવાર્ય એવા શરીર કે મનમાં વૃદ્ધિ કે વિકાસની ભારે મર્યાદાઓ સ્વીકાર્યા સિવાય, તે આ રીતે તેમ કરી શકે છે.

માતાજી, હવે અતિમનસ પૃથ્વી પર આવ્યું છે, એટલે જન્મમાંથી પસાર થયા સિવાય શરીર ધારણ કરવાની આ પદ્ધતિ શકય છે ખરી ?

તે શકય છે એમ તમે પુછો છો ? દરેક વસ્તુ શકય છે. તમે શું જાણવા માગો છો ? આ કરવામાં આવ્યું છે ખરૂં, એમ પુછવા માગો છો.

હા.

તદ્ન ભૌતિક ભૂમિકા સુધી તો નહિ, દૃષ્ટિગોચર સૂક્ષ્મ ભૌતિક વચગાળાની ઈન્દ્રિયોને દૃષ્ટિગોચર, ભૌતિક ઈન્દ્રિયો અને સૂક્ષ્મ પદાર્થતત્ત્વની ભૌતિક ઈન્દ્રિયોના વચગાળાની ઈન્દ્રિયોને દૃષ્ટિગોચર. દા. ત. વાસ એક મૃદુ વાયુલહરી સમાન અનુભવાય છે, અત્તર જેવા કેટલાક ગંધના અનુભવો આ બધાને આંતર દર્શનાવાળા લોકો જોઈ શકે છે. પણ ખૂબ ભૌતિક ઈન્દ્રિયો માટે તે શકય નથી. આપણે ભૌતિક રીતે જેને જાણીએ છીએ તે રીતે ભૌતિક શરીર વડે તેમને સ્થાયીપણું મળ્યું નથી. કેટલાંક દૃશ્યો જોઈ શકાય છે, પણ તે અસ્થિર હોય છે. તેમાં પદાર્થતત્ત્વની સ્થિરતા, નિશ્ચિતતા પ્રાપ્ત થઈ નથી. તેમાં સ્પર્શનો કે દર્શનનો સંપર્ક સધાયો હોય છે, પણ ભૌતિક શરીર જે આપે છે તેવું સ્થાયીપણું હજી તેમાં પ્રાપ્ત થયું નથી. તે ક્ષણભંગુર ઘટનાઓ હોય છે, જે ઈન્દ્રિયજન્ય વાસ્તવિકતાની લાગણી આપી શકતી હોતી નથી. છતાં તેમની અસર સતત થતી રહેતી હોય છે. તેઓ સતત રીતે આવતાં રહેતાં હોય છે, તેમનું દર્શન સતત થતું રહેતું હોય છે, પણ તેમાં શરીરની સ્થિરતા નથી હોતી. જે રીતે શરીર રૂમની બહાર જાય છે અને તે જ રૂપમાં પાછું રૂમમાં આવે છે, તેવું તેમાં નથી હોતું, સમજ્યા ? જ્યારે તમે અમુક જગ્યાએ બેસો છો, ત્યારે શરીર સાધન રીતે એ જગ્યાને રોકતું હોય છે.

હું કહી શકતી નથી, કારણ કે પૃથ્વી પર જે બની ગયું છે અને જે બની રહ્યું છે તે સર્વને હું જાણતી નથી. પણ હું જાણું છું ત્યાં સુધી, આ સઘન સ્થાયીપણું હજી સુધી પ્રાપ્ત થયું નથી.

છતાં તે પદાર્થતત્ત્વનું હતું, કારણ કે તેમાં દર્શન, સ્પર્શ, શ્રાવણ હતાં પણ શ્રાવણને બહુ ભૌતિક બનવાની જરૂર નથી પડતી. સૂક્ષ્મ ભૌતિક જીવનના ધ્વનિઓ તેનાં આકંપનો બહુ સારી રીતે સાંભળી શકાય છે. અને આશ્ચર્યની વાત તો એ છે કે સૂક્ષ્મ ભૌતિક જગતમાં શ્રાવણ અને ગંધ વધારેમાં વધારે સ્થાયી જણાય છે. રૂપના દર્શન કરતાં પણ વધારે. સંપર્કની અમુક માગણી પણ ખૂબ ખૂબ સઘન હોય છે. આ ભૌતિક શરીરની ભારે ભૌતિક હાજરી એક તદ્દન નિશ્ચિત અને સઘન જગ્યાને રોકતું હોય છે, તે બીજી કોઈ વસ્તુને તે જગ્યાએ બેસવા દેતું હોતું નથી; તેવું હજી તે અનુભવોમાં શક્ય બન્યું નથી. તેથી જે સિદ્ધ થયું છે તે ખૂબ ભારે પદાર્થતત્ત્વ કરતાં જરાક વધારે પ્રવાહી હોય છે.

શું આ પ્રગતિ માનવ ચેતના પર આધાર રાખે છે?

તમે વધારે પરિપૂર્ણ ભૌતિકીકરણ વિષે પૂછો છો? તેનો આધાર પદાર્થ-તત્ત્વનાં આકંપનો સાથે કામ લેવાની શક્તિ પર છે. આકંપનો સાથે કામ લેવાની આ શક્તિ ચેતનાની અમુક સ્થિતિના પરિણામરૂપ હોય છે. તમે જે દૃષ્ટિબિંદુ સ્વીકારો તેના પર તે બધાંનો આધાર છે, કારણકે ભગવાનના સંકલ્પની સત્તા સિવાય કાંઈ વ્યક્તિગત પ્રગતિ સિદ્ધ થતી હોતી નથી. આખરે, ભગવાનના સંકલ્પની મંજુરી સિવાય, સૃષ્ટિમાં કશું જ બની શકતું હોતું નથી.

માતાજી, પ્રથમ અતિમાનસ શરીર આના જેવું જ હશે?

શેના જેવું?

પાર્થિવ જન્મમાંથી પસાર થયા વિના સીધું કેટલું રૂપાંતર?

મને માફ કરો તમારે વસ્તુઓને ગૂંચવી નાંખવી ન જોઈએ. બે વસ્તુઓ છે. એક બાજુએ કેવળ અતિમાનસ સર્જનની શક્યતા છે, અને બીજી બાજુએ, ભૌતિક શરીરના અતિમાનસ શરીરમાં વિકાસશીલ રૂપાંતરની શક્યતા છે. માનવ

શરીરના અતિમાનવ શરીરમાં રૂપાંતરની શકયતા છે. તો તો તે વિકાસશીલ રૂપાંતર હશે, જેને સીધુ થતાં ઘણાં ઘણાં વર્ષો લાગે, અને જે એવા પ્રાણીને પેદા કરે છે કે જેને પશુ-અર્થમાં આપણે માનવ ન કહી શકીએ, પણ જે પશુતાથી તદ્દન મુકત એવું અતિમાનસ પ્રાણી નહિ હોય, કારણ કે તેનો વર્તમાન ઉદ્‌ગમ અનિવાર્ય રીતે પશુના જેવો છે. એટલે એવું રૂપાંતર સીધું થાય કે જે માણસને આ ઉદ્‌ગમમાંથી મુકત કરવા સમર્થ હોય. પણ તે સમગ્રપણે અને વિશુદ્ધ રીતે અતિમાનસ સર્જન નહિ હોય. શ્રી અરવિંદે કહ્યું છે કે એક વચગાળાની જાતિ આવશે. જાતિ કે અમુક વ્યકિતઓ તે આપણે જાણતાં નથી, જે એક માર્ગ બનાવવાની સેવા આપશે. અથવા સૃષ્ટિની જરૂરિયાત અનુસાર જેમને કાયમ બનાવવામાં આવશે, પણ જો અત્યારે જે રીતે શરીરો પેદા થાય છે તે રીતે પેદા થયેલા શરીરથી તેણે પ્રારંભ કર્યો હશે, તો કેવળ અતિમાનસ પદ્ધતિથી અને પ્રકિયાથી નિર્માણ થયેલા શરીર દ્વારા જે પરિણામો આવે તેના જેવાં પરિણામો નહિ આવી શકે. તે વધારે પ્રમાણમાં અતિમાનસ હશે, કારણ કે સર્વ પશુ અભિવ્યકિત અદૃશ્ય થઈ ગઈ હશે, પણ તે તેના નિર્માણમાં વિશુદ્ધ રીતે અતિમાનસ શરીર નહિ હોય, અને તેથી તેવા શરીરની પૂર્ણ પરિપૂર્ણતા પ્રાપ્ત કરવા તે સમર્થ નહિ હોય.

આ રૂપાંતર સિદ્ધ કરેલા માનવ શરીરમાં સ્ત્રી-પુરુષના ભેદ હશે?

તમે શું કહો છો?

જો અતિમનસ આ રૂપાંતર પામેલા શરીરનો સ્વીકાર કરે, તો...

'સ્વીકાર કરે' તે શબ્દ વડે તમે શું કહેવા માગો છો?

હું એમ કહેવા માગું છું કે આ અર્ધમાનવ શરીરમાં જો અતિમનસ અવતરણ કરે, તો તેમાં સ્ત્રી-પુરુષના ભેદ હશે?

પણ તે માણસ જેમ એક શીશીમાં કોઈ પ્રવાહી રેડે, તેના જેવી વાત નથી!

તમે એમ પૂછો છો કે ત્યારે શરીર તેનું પુરૂષનું અથવા સ્ત્રીનું રૂપ રાખશે? મકાનમાં રહેવા આવનાર માણસની પસંદગી પર તે વાત છોડી દેવાશે. શું તમને આ સ્ત્રી-પુરુષના ભેદમાં ખૂબ રસ છે? (હસાહસ)

તમે અમને કહો છો કે ત્યારે એવો કોઈ ભેદ નહિ હોય. પણ હજી સુધી તો તેવો ખૂબ ભેદ છે.

કયા દૃષ્ટિબિન્દુથી ? જો તે શારીરિક દેખાવ બાબત હોય, તો હું સંમત થાઉ છું, અને છતાં તે ભેદ ઝાઝો નહિ હોય. કયા દૃષ્ટિબિન્દુથી?

જાતીય વિચારના દૃષ્ટિબિન્દુથી પુરૂષ અને સ્ત્રી બે ભિન્ન જાતિઓ છે, હજી પણ છે.

આંતર વિચારમાં તે માગણી અનુભવાય છે, પણ ભૌતિક જીવનની વાસ્તવિકતામાં.....

કેવો વિચાર ! તેવો વિચાર કરનાર માણસનો તે ભૂલ છે. તે વિચાર કરવો બંધ કરવો તે ઠીક છે. તમે શરીરનું રૂપાંતર સિદ્ધ કરવા પ્રયત્ન કરો, ત્યાર પહેલાં વિચારની આ ક્ષુદ્ર મર્યાદાઓ અદૃશ્ય થઈ જવી જોઈએ. જો આ ક્ષુદ્ર, કેવળ પાશવી વિચારો તમારામાં હજી રહ્યા હોય, તો તમારા શરીરનું રૂપાંતર કરવાની પ્રક્રિયા તમે શરૂ કરી શકો તેવી બહુ આશા નથી પ્રથમ તો તમારે તમારા વિચારનુ રૂપાંતર કરવું જોઈએ, કારણ કે તે તો હજી ખૂબ નીચે કીડાની માફક પેટે ચાલવા જેવું છે. જો તમે એવો વિચાર ન કરી શકતા હો કે સચેતન અને જીવંત પ્રાણી જાતીય માગણીથી અમુક નિશ્ચિત રૂપમાં પણ તદ્દન મુકત ન બની શકે, તો તેને અર્થ એ થયો કે હજી તમે મૂળની પશુતામાં ગળાબૂડ ડૂબેલા છો.

વાસ્તવિકતા વિષે શું ?

બાહ્ય જીવનમાં મને હજી તેનો સાક્ષાત્કાર થયો નથી આંતર...

તે વિષે વિચાર કરવામાં તમે તમારો સમય ગાળો છો ?

આ જાતીય ભેદ વિષે એક પણ વિચાર આવવા દીધા સિવાય માણસ દિવસના ચોવીસેય કલાક ગાળી શકે છે ! તમે આ બાબતથી હિપ્નોટાઈઝ થઈ ગયા છો (તમારા પર જાદુ થયો હોય તેમ લાગે છે). શું તમે એમ માનો છો કે જ્યારે હું તમારી સાથે વાત કરતી હોઉં છું, ત્યારે હું એમ વિચાર કરતી હોઉં છું કે તમે પુરૂષ છો; અને તારા સાથે વાત કરતી હોઉં, ત્યારે એમ વિચાર કરતી હોઉં છું કે તે સ્ત્રી છે ?

છતાં ભેદ તો છે જ!

પણ તેની જરાય જરૂર નથી.

સિદ્ધાંતમાં તો તે વાત હું સમજું છું.

સિદ્ધાંતમાં ? કયા સિદ્ધાંતમાં ?

કે સ્ત્રી પુરૂષ વચ્ચે ભેદ નથી. પણ જ્યારે હું કોઈના સંપર્કમાં આવું છું, ત્યારે મને વિચાર આવે છે કે તે સ્ત્રી છે કે પુરૂષ ?

ભલે, પણ તે તમારે માટે એમ જ, તે બીજી વ્યકિત માટે ખૂબ શોચનીય છે.

ના, જે હોવું જોઈએ તેના કરતાં તે તદ્દન ઊલટી વાત છે ! જ્યારે તમે કોઈના સંપર્કમાં આવો છો અને તેની સાથે વાત કરો છો, ત્યારે તમારે પશુતાથી જે પર છે તેની સાથે વાત કરવી જોઈએ, તમારે આત્મા સાથે વાત કરવી જોઈએ, શરીર સાથે નહિ. તમારી પાસે તો તેથી પણ વધારેની આશા રાખવામાં આવે છે, કારણ કે તમે ભગવાન સાથે વાત કરી રહ્યા છો, આત્મા સાથે પણ નહિ, કે જે ભગવાન દરેક પ્રાણીમાં છે. તમારે તેનાથી સભાન બનવું જોઈએ.

પણ જો એક જણ સભાન હોય, અને બીજી વ્યકિત પશુ હોય તો શું બને ?

જો તમે એકલા સભાન હો તો ? તમે બીજા વિષે શું જાણો છો ? બીજી વ્યકિત સભાન નથી એવો નિર્ણય તમે કેવી રીતે અને કયી ભૂમિકા પર કરો છો ?

તેની જવાબ આપવાની રીત પરથી.

પણ કદાચ તે વ્યકિત તમારે વિષે તેવું જ ધારતી હોય તો ?

જો તમે જેની સાથે વાત કરો છો, તેને ભગવાન માનો તો તેનો અર્થ એ થયો કે તમે પોતે તેનાથી સભાન નથી. તો તે પછી બીજી વ્યકિતની સ્થિતિ માટે નિર્ણય બાંધવો ભંયકર ધૃષ્ટતા છે. તમે તે સ્થિતિ વિષે શું જાણો છો ? જો તમે પોતે જ બીજામાં રહેલા ભગવાનથી સભાન ન હો, તો તે સભાન છે કે નહિ તે કહેવાનો તમને શો અધિકાર છે ? કયા પાયા ઉપર ? તમારી નાનકડી બાહ્ય બુદ્ધિના પાયા ઉપર ? પણ તે તો કાંઇ જ જાણતી નથી હોતી ! તે કશું જાણવા માટે સમર્થ નથી હોતી.

જ્યાં સુધી તમે બધી વસ્તુઓમાં ભગવાનનાં દર્શન કરી શકતા હોતા નથી, ત્યાં સુધી બીજાઓ કયી સ્થિતિમાં છે તેનો નિર્ણય કરવાનો તમને અધિકાર નથી. એટલું જ નહિ, પણ તેમ કરવાની તમારામાં શક્તિ પણ નથી. સ્વયંભૂ રીતે, પ્રયત્ન કર્યા સિવાય, આ દૃષ્ટિને પ્રાપ્ત કર્યા સિવાય કોઈને વિષે નિર્ણય બાંધવો, ઉચ્ચારવો, તેને શ્રી અરવિંદ માનસિક ધૃષ્ટતાનો દાખલો કહેતા, જેનામાં દર્શન હોય છે, ચેતના હોય છે, સર્વ વસ્તુઓમાં રહેલા સત્યને જોવાની શક્તિ હોય છે. તેમને કોઈ પણ વસ્તુ કે વ્યકિત વિષે નિર્ણય બાંધવાની જરૂર જ પડતી નથી. કારણ કે તે બધું જ જાણતો હોય છે, સમજતો હોય છે. માટે સર્વ સમયે તમારે તમારી જાતને કહી દેવું જોઈએ કે જે ક્ષણે તમે વસ્તુઓ, માણસો, સંજોગો વિષે નિર્ણય બાંધવાની શરૂઆત કરો છો, તે જ ક્ષણે તમે સંપૂર્ણ માનવ અજ્ઞાનમાં હો છો.

ટુંકમાં આપણે એમ કહી શકીએ કે જ્યારે માણસ સમજે છે, ત્યારે તે નિર્ણય કરતો હોતો નથી, અને જ્યારે માણસ નિર્ણય કરતો હોય છે. ત્યારે તે જાણતો હોતો નથી.

અતિમાનસ માર્ગ પર એક ડગલું પણ આગળ ભરતાં પહેલાં, પ્રથમ તો માણસો વિષે નિર્ણય બાંધવાનું બંધ કરી દેવું જોઈએ, કારણ કે તે ભૌતિક કે શારીરિક પ્રગતિ નથી, તે માત્ર વિચારની થોડીક જ પ્રગતિ છે, માનસિક પ્રગતિ છે. જ્યાં સુધી તમે મનના સર્વ અજ્ઞાનને દૂર કરતા હોતા નથી, ત્યાં સુધી તમે અતિમાનસ માર્ગ પર એક પણ ડગલું આગળ ભરી શકતા નથી.

હકીકતમાં તમે એક ભયંકર વાત કહી છે. જ્યારે તમે કહ્યું કે "તે પશુ હોત, તો હું આત્મા સાથે વાત કરી શકતો નથી," ત્યારે તમે બાજી હારી ગયા છો, તમે તમારી જાત ઉપર લેબલ ચોટી દીધું છે.

જે લોકોને સાચી રીતે અને દિલની સચ્ચાઈપૂર્વક ભગવાનની હાજરીનો અનુભવ હોય છે, જેઓ સાચી રીતે ભગવાનના સંપર્કમાં આવ્યા છે, તેમણે હંમેશાં એક જ વાત કરી છે કે માણસો જેનો ખૂબ ખૂબ તિરસ્કાર કરતા હોય છે, માનવી જ્ઞાન જેને ખૂબ-ખૂબ ધિક્કારતું હોય છે, તેનામાં માણસ ભગવાન પ્રકાશને પ્રકાશતો જોઈ શકે છે.

આ માત્ર શબ્દો નથી, પણ જીવંત અનુભૂતિઓ છે.

સારા નરસાના, ઉચ્ચ અધમના ખ્યાલો માનવ મનના અજ્ઞાનના હોય છે. જો માણસ ખરેખર દિવ્ય જીવનના સંપર્કમાં આવવું હોય, તો તેણે સંપૂર્ણપણે તે અજ્ઞાનમાંથી પોતાની જાતને મુક્ત કરવી જોઈએ, તેણે તે ચેતનાના ઉચ્ચતર પ્રદેશમાં જવું જોઈએ, જ્યાં આ વસ્તુઓમાં વાસ્તવિકતા રહેતી નથી ત્યાં ઉચ્ચતાની અને નીચતાની માગણી તદ્ન નાબૂદ થઈ જાય છે. તેને સ્થાને એક ખૂબ ભન્ન સ્વભાવની વસ્તુ આવીને બેસી જાય છે, દેખાવોને ફિલ્ટર કરવાની, ગાળવાની, શકિત આવી જાય છે. મ્હોરાંને ચીરીને ભીતરમાં જવાની, દૃષ્ટિબિંદુ પલ્ટી નાખવાની શકિત આવી જાય છે.

આ માત્ર શબ્દો નથી; તે તદ્ન સાચી વાત છે કે ત્યારે દરેક વસ્તુ તેના દેખાવમાં સંપૂર્ણપણે પરિવર્તન પામી જાય છે. જીવન અને વસ્તુઓ જેવાં દેખાતાં હોય છે તેનાથી તદ્ન ભિન્ન પ્રકારનાં બની જાય છે.

આ જગતનો સર્વ સંપર્ક, તેનું સામાન્ય દર્શન સંપૂર્ણપણે તેની વાસ્તવિકતા ગુમાવી દે છે. તે અવાસ્તવિક, કાલ્પનિક, ભ્રાન્તિરૂપ, અસત્ બની જાય છે. ત્યારે કોઈક ભૌતિક, ખૂબ સઘન, ખૂબ શારીરિક વસ્તુ અસ્તિત્વની વાસ્તવિકતા બની જાય છે. તે જોવાના સામાન્ય પ્રકારથી તદ્ન ભિન્ન હોય છે. જ્યારે માણસને દિવ્ય શકિતના આ કાર્યનું, દેખાવની પશ્ચાદ્ભૂમિમાં સઘળી ગતિનું દર્શન થાય છે, ત્યારે તે માનવના સામાન્ય જૂઠાણાં કરતાં કોઈ વધારે સાચી વસ્તુને જીવવા માટે તૈયારી કરે છે, તેથી પહેલાં નહિ.

આમાં તડજોડ નથી હોતી, સમજ્યા? તે માંટગી પછી સાજા થવાની ક્રિયા જેવું નથી હોતું. તમારે જગતોનું પરિવર્તન કરવાનું હોય છે. જ્યાં સુધી તમે મનને વાસ્તવિક માનો છો, તમારી વિચારસરણીને સાચી અને સઘન માનો છો, ત્યાં સુધી તમે તે સ્થિતિને પ્રાપ્ત નથી કરી એ વાત સિદ્ધ થાય છે. તમારે પ્રથમ તો બીજી બાજુએ ચાલ્યા જવાનું હોય છે. પછી તમે મારી વાતને સમજી શકશો.

બીજી બાજુએ ચાલ્યા જાઓ.

માણસ ધીરે ધીરે સમજતો હોય છે એ વાત સાચી નથી. આ પ્રકારના પ્રગતિ ભિન્ન હોય છે. વધારે સાચી વાત તો એ છે કે ઈંડામાં બચ્ચાનું બનતું હોય છે તેમ, તે માણસ એક કોચલામાં પૂરાઈ રહ્યો હોય છે અને અંધર કાંઈક બની

રહ્યું હોય છે. તે જોઈ શકતું હોતું નથી. કોચલામાં કાંઈક થઈ રહ્યું હોય છે, પણ બહાર કશું દેખાતું હોતું નથી. જ્યારે અંદર બધું તૈયાર થઈ જાય છે, ત્યારે કોચલાને ભેદવાની અને દિવસના પ્રકાશમાં જન્મવાની શક્તિ આવે છે.

ત્યારે માણસ ધીમે ધીમે વધારે ને વધારે દૃષ્ટિગોચર બનતો જાય છે એવું નથી હોતું. તે તો અંદર પૂરાઈ ગયેલો હોય છે. સામાન્ય લાગણીવશ લોકોને તો એમ પણ લાગતું હોય છે કે હું કચડાઈ-ભીંસાઈ રહ્યો છું, બહાર આવતાં ભીંત સાથે અફળાઈ રહ્યો છું, તે દ્વાર ખખડાવતો જ રહે છે, પણ બહાર આવી શકતો નથી.

જ્યાં સુધી માણસ અંદર હોય છે, ત્યાં સુધી તે અસત્યમાં હોય છે. જ્યારે ભગવાનની કૃપાથી એક દિવસ તે કોચલાને ભેદીને બહાર આવે છે, ત્યારે જ તે મુક્ત બને છે.

આ ઓચિંતુ, સ્વયંભૂ અને પદ્ધતિપૂર્વક બની શકે.

મને એમ નથી લાગતું કે માણસ ધીમે-ધીમે તેમાંથી પસાર થઈ શકે. તે કોચલું ધીમે ધીમે ઘસાઈ જાય અને પોતે તેની આર પાર જોઈ શકે, હજી સુધી મને તેવું દૃષ્ટાંત જડયું નથી. તેમાં તો આંતર શક્તિમાં એક પ્રકારની વૃદ્ધિ થતી જ રહે છે, જરૂરિયાત ઉત્કટ બનતી ચાલે છે, તે પ્રયત્ન કરવામાં એવી સહિષ્ણુતા આવે છે કે જે સર્વ ભયથી, સર્વ ચિંતાથી, સર્વ ગણતરીથી મુક્ત બની જતી હોય છે; તે જરૂરિયાત પછી પરિણામોની દરકાર કરતી હોતી નથી.

તે એવો એક ભડાકો હોય છે, કે જેનો પ્રતિરોધ કોઈ પણ વસ્તુ કરી શકતી નથી. ત્યારે માણસ પોતાની જેલમાંથી પ્રકાશના ઝળહળાટમાં કૂદી પડે છે.

પછી તે માણસ કદી પાછો તે કોચલામાં પડી જતો હોતો નથી.

તે સાચે જ એક નવીન જન્મ હોય છે.

*

૩ જુલાઈ ૧૯૧૭

મને પૂછવામાં આવ્યું છે કે આપણે સામૂહિક યોગ કરી રહ્યા છીએ? સામૂહિક યોગની શર્તો શી છે?

પ્રથમ તો મારે તમને કહેવું જોઈએ કે સામૂહિક યોગ કરવા માટે પ્રથમ તો સમૂહ હોવો જોઈએ. અને પછી તે સમૂહ બનવા માટે જે અનેક પ્રકારની શરતો છે તે વિષે વાત કરવી જોઈએ. (સ્મિત કરતાં) પણ ગઈ કાલે રાતે મને આપણી સામૂહિકતાની એક પ્રતીકમય અનુભૂતિ પ્રાપ્ત થઈ હતી.

તે અનુભૂતિ રાતના પ્રથમના ભાગમાં પ્રાપ્ત થઈ હતી. તેથી હું અણગમતી માગણીપૂર્વક જાગી ગઈ હતી. પછી હું ઊંઘી ગઈ અને તે અનુભૂતિ ભૂલી ગઈ. જ્યારે હમણાં જ મને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે એકાએક તે અનુભૂતિ મારી પાસે પાછી આવી. તે અનુભૂતિ ખૂબ ઉત્કટતાપૂર્વક અનિવાર્ય રીતે મારામાં પાછી આવી. શ્રીઅરવિંદ 'દિવ્ય જીવન'ના છેલ્લા પ્રકરણમાં જે આદર્શ રજુ કર્યો છે તે અનુસાર આપણે કયા પ્રકારના સમૂહનો સાક્ષાત્કાર કરવો જોઈએ, તે વિષે હું વાત કરવા માગતી હતી. તે સમૂહ અતિમાનસ, જ્ઞાનપૂર્ણ હોવો જોઈએ, તો જ તે શ્રીઅરવિંદના પૂર્ણયોગનો અભ્યાસ કરી શકે, અને પ્રગતિમય સામૂહિક શરીરમાં ભૌતિક રીતે તેનો સાક્ષાત્કાર થઈ શકે, ને ભૌતિક શરીર વધારેમાં વધારે દિવ્ય બનતું ચાલે. આ અનુભૂતિની સ્મૃતિ એટલી બધી બળવાન, અને અનિવાર્ય હતી કે, તેણે મને બોલતાં અટકાવી.

તેનું પ્રતીક સ્પષ્ટ અને તદ્દન પરિચિત હતું. પણ પરિચિતતામાં તે ભૂલ ન થઈ શકે તે રીતે વાસ્તવિક હતું. તે એટલું બધું જટિલ હતું કે જો હું તમને વિસ્તારપૂર્વક તેનું વર્ણન કરું, તો કદાચ તમે તે સમજી નહિ શકો. તે પ્રતીક એક હોટેલનું હતું, જેમાં ભિન્ન ભિન્ન ખંડોમાં સર્વ પાર્થિવ શક્યતાઓને નિવાસ આપવામાં આવ્યો હતો. તે બધું સતત પરિવર્તનની સ્થિતિમાં હતું. તે મકાનના ટૂકડા અથવા સમગ્ર પાંખો એકદમ ભાંગી નાંખવામાં આવતાં હતાં, અને તેમનું નવનિર્માણ કરવામાં આવતું હતું. છતાં બધા લોકો હજી પોતાના ખંડોમાં રહેતા હતાં અને તે પણ એવી રીતે કે જો કોઈ માણસ હોટેલમાં જ પોતાના ખંડની બહાર ગયો હોય, તો તેને ફરી પોતાનો ખંડ ન જડે! કારણકે તે ખંડને ભાંગી નાંખવામાં

આવ્યો હતો અને બીજી યોજના અનુસાર તેનું નવનિર્માણ થઈ રહ્યું હતું. ત્યાં વ્યવસ્થિતતા હતી, સંગઠન હતું, અને છતાં ત્યાં મેં વર્ણવી છે તેવી વિચિત્ર અંધાધૂંધી હતી, તેમાં એક પ્રતીક હતું, જે શ્રી અરવિંદે જેને વિષે લખ્યું છે તેને બરાબર લાગુ પડે છે. શ્રી અરવિંદે શરીરના રૂપાંતરની જરૂરિયાત વિષે, જીવન દિવ્ય બને તે માટે, તે રૂપાંતર કયા પ્રકારનું હોવું જોઈએ તે વિષે લખ્યું છે.

તે કાંઈક આ પ્રકારનું પ્રતીક હતું. તે મકાનના મધ્ય ભાગમાં એક ખંડ એક માતા અને તેની પુત્રી માટે અલાયદો રાખવામાં આવ્યો હતો. માતા વૃદ્ધ હતી. તે પોતાની જાતને ખૂબ મહત્ત્વ આપતી. તે સત્તાશીલ હતી. તે સમગ્ર સંગઠન પર પોતાના અભિપ્રાયો ઠોકી બેસાડતી હતી. પુત્રીમાં ગતિની અને ક્રિયાની એવી શકિત હતી કે તે પોતાની રૂમમાં જ બેઠી હોય, અને છતાં તેજ સમયે તે સર્વત્ર હોય તેમ અનુભવતી. તે ખંડ જરાક મોટો હતો, તેનું મુખ્ય લક્ષણ એ હતું કે તે ખંડ કેન્દ્રમાં હતો. પણ પુત્રી સતત પોતાની માતા સાથે દલીલો કર્યા કરતી. માતા વસ્તુઓ હતી તેમ જ રાખવા માગતી હતી, તેની તેજ છંદોમયતા જાળવી રાખવા માગતી હતી, તે છંદોમયતા અનુસાર જ એક વસ્તુ ભાંગી નાંખીને તેનું નવનિર્માણ કરવાની તેને ટેવ હતી. જેને પરિણામે મકાનમાં ભીષણ ગૂંચવાડો ઉભો થતો હતો. પુત્રીને તે પસંદ ન હતું. તેની પાસે બીજી યોજના હતી. તે આ સંગઠનમાં કોઈક તદ્દન નવી જ વસ્તુ લાવવા માગતી હતી, એક પ્રકારનું અલૌકિક સંગઠન, જે આ બધા ગૂંચવાડાને નિરર્થક બનાવી દે. માતા સાથે કોઈ સમજૂતિ પર ન આવી શકવાને કારણે, પુત્રી પોતાના ખંડમાંથી આખા મકાનનું નિરીક્ષણ કરવા ફરવા લાગી. તેણે બધું નિરીક્ષણ કરી લીધું. પછી તેને પોતાના ખંડમાં જવાની ઈચ્છા થઈ. ત્યાં જઈને તે કોઈ નિર્ણયાત્મક કાર્ય કરવા માગતી હતી. ત્યારે એક ખાસ, વિચિત્ર ઘટના બનવા લાગી. પોતાનો ખંડ કયાં હતો તે તેને બરાબર યાદ હતું. પણ દરેક વખતે, જ્યારે તે એક માર્ગે પોતાના ખંડમાં જવા નીકળતી, ત્યારે કાંતો નીસરણીનાં પગથિયાં અદૃશ્ય થઈ જતાં અથવા વસ્તુઓ એટલી બધી પરિવર્તન પામી જતી કે તે પોતાનો માર્ગ ને ઓળખી શકતી નહિ! એટલે તે આમતેમ ફરી, ઉપર ચઢી અને નીચે ઉતરી, શોધ કરી, અંદર ગઈ અને બહાર આવી, પણ તેને પોતાના ખંડનો રસ્તો જડયો નહિ! આ બધું એક ભૌતિક દેખાવ હતો. જે ખૂબ પરિચિત અને સામાન્ય હતો. પ્રતીકમય અનુભૂતિઓમાં હંમેશાં એવું જ બનતું હોય છે. પણ કયાંક તે હોટેલના મેનેજરની ઓફિસ

હતી. મેનેજર એક સ્ત્રી હતી. તેની પાસે બધી ચાવીઓ હતી. દરેક જણ કયાં રહેતું હતું તે તે જાણતી હતી. એટલે પુત્રીએ તેની પાસે જઈને પૂછયું કે તમે મને મારા ખંડનો માર્ગ બતાવશો? તેણે જવાબ આપ્યો કે હા, જરૂર, તે બહુજ સહેલી વાત છે. બધા લોકો જાણે આશ્ચર્યપૂર્વક કહી રહ્યા હતા કે તમે એમ કેવી રીતે કહી શકો છો? પણ તે ઉભી થઈ, અને સત્તાવાહી અવાજમાં તેણે પૂછયું કે તે ખંડની ચાવી કયાં છે? હું તમને ત્યાં લઈ જઈશ. પછી તે બધા માર્ગો પર ફરી વળી. તે બધા માર્ગો બહુ જટિલ, ગૂંચવાયેલા હતા! તે પોતાની નજર બહાર ચાલી ન જાય તે રીતે, પુત્રી ધ્યાનપૂર્વક તેની પાછળ પાછળ ગઈ. જે ક્ષણે તેઓ તે પુત્રીના ખંડ પાસે આવતાં હતાં તેજ ક્ષણે તે મેનેજર ચાવી સાથે, અદૃશ્ય થઈ ગઈ! આ અદૃશ્ય બની જવાની લાગણી એવી તો તીવ્ર હતી કે તેની સાથે બધું જ અદૃશ્ય થઈ ગયું.

તમે આ સમસ્યાને સમજી શકો એટલા માટે હું કહીશ કે માતા એ ભૌતિક પ્રકૃતિ છે, પુત્રી એ નવીન સૃષ્ટિ છે. માનસિક ચેતના એ મેનેજર છે, જે પ્રકૃતિએ અત્યાર સુધી બનાવેલા જગતનું સંગઠન કરે છે, અર્થાત્ ભૌતિક પ્રકૃતિમાં પ્રગટ થયેલા વર્તમાન સંગઠનની ઉચ્ચતમ ભાવના છે. અનુભૂતિની આ ચાવી છે. સ્વાભાવિક રીતે જ, જ્યારે હું જાગી ગઈ, ત્યારે જેનો ઉકેલ લાવી શકવો અઘરું હતું એ સમસ્યાનો ઉકેલ કોણ લાવી શકે તે મેં તરત જાણી લીધું. મેનેજર અને ચાવી અદૃશ્ય થઈ ગયાં તે સ્પષ્ટ રીતે સૂચવે છે કે તે સાચી જગ્યાએ નવીન સૃષ્ટિની સર્જનાત્મક ચેતના પ્રત્યે દોરી જવા માટે અસમર્થ હતી.

હું તે જાણતી હતી, પણ તેના ઉકેલની અનુભૂતિ મને પ્રાપ્ત થઈ ન હતી, અર્થાત તે એક એવી વસ્તુ છે કે જેનું પ્રાગટય હજી કરવાનું બાકી છે. તે હોટેલના મકાનમાં હજી તે વસ્તુ પ્રગટ થઈ ન હતી. ચેતનાનો આ જ નિશ્ચિત પ્રકાર છે, જે અસંબદ્ધ સૃષ્ટિને કોઈક એવી વસ્તુમાં પરિવર્તિત કરશે, કે જે વાસ્તવિક હશે, જેનો ખ્યાલ સાચી રીતે બાંધવામાં આવ્યો હશે, જેને માટે સંકલ્પ કરવામાં આવ્યો હશે, જે કાર્યાન્વિત બનશે, જેનું કેન્દ્ર તેની સાચી સ્વીકૃત જગ્યાએ હશે, જેનામાં સાચી અસરકારક શકિત હશે.

(મૌન)

---

૧. 'અતિ-મનસ્નો આવિર્ભાવ પૃષ્ઠ ૩૩-૩૬.

તેનું પ્રતીક સાવ સ્પષ્ટ છે, અર્થાત ત્યાં બધી જ શકયતાઓ છે, સર્વ ક્રિયાઓ છે, પણ તે બધી અવ્યવસ્થિત અને ગૂંચવાડા ભરેલી સ્થિતિમાં છે. તે બધાંનો સમન્વય સાધવામાં નથી આવ્યો, એક કેન્દ્રસ્થ સત્યચેતના અને સંકલ્પની આસપાસ તેમને એકત્રિત કરવામાં નથી આવી હવે આપણે સામૂહિક યોગની વાત પર આવીએ, તેનો સાક્ષાત્કાર કરી શકે તેવા સમૂહની વાત પર આવીએ. આ સમૂહ કેવા પ્રકારનો હોવો જોઈએ?

તે ચોક્કસ સામાન્ય માણસો વડે નિર્માણ કરાતી સ્વેચ્છાપૂર્વકની ઈમારત નથી, જેમાં તેઓ બધી વસ્તુઓ અસ્તવ્યસ્ત રીતે ખડકતા હોય છે, જેમાં કોઈ વ્યવસ્થા કે વાસ્તવિકતા નથી હોતી, જ્યાં બધી વસ્તુઓ ભ્રાન્તિમય કડીઓ વડે એક બીજા સાથે સાંકળવામાં આવતી હોય છે. જેનું પ્રતીક અહીં હોટેલની ભીંતો હતી. સામાન્ય માનવીય રચનાઓમાં જો આપણે એક ધાર્મિક સંઘનો દાખલો લઈએ, તો તેનાં પ્રતીકો હોય છે. મઠ, એક જ પ્રકારનો વેશ, એક જ પ્રકારની ક્રિયાઓ, એક જ પ્રકારની ગતિઓ. હું તેને વધારે સ્પષ્ટ કરીશ. દરેક જણ એક જ પ્રકારનો ગણવેશ પહેરે છે, દરેક જણ તેજ નિશ્ચિત કલાકે જાગે છે, એક જ પ્રકારની વસ્તુઓ ખાય છે, એકઠા મળીને એક જ પ્રકારની પ્રાર્થનાઓ કરે છે વગેરે. આ સર્વસાધારણ એક જ પ્રકારની સમાનતા છે. અને સ્વાભાવિક રીતે જ, અંદર ચેતનાની અંધાધુંધી હોય છે. દરેક જણ પોતાની રીતે વર્તતો હોય છે. કારણ કે માન્યતાની અને કટ્ટર સિદ્ધાંતની આ એકતા અને સમાનતા તદ્દન ભ્રાન્તિમૂલક એકતા અને સમાનતા હોય છે.

માનવ સમૂહ મોટે ભાગે આ પ્રકારનો હોય છે. તે એક સર્વસાધારણ આદર્શની આસપાસ, એક સર્વસાધારણ ક્રિયાની આસપાસ, એક સર્વસાધારણ સાક્ષાત્કારની આસપાસ એકત્રિત થયેલો હોય છે, સંકળાયેલો હોય છે; પણ તે તદ્દન કૃત્રિમ રીતે. આનાથી વિરુદ્ધ, શ્રીઅરવિંદ આપણને કહે છે કે સાચો, અતિમાનસિક, જ્ઞાનમય સંઘ તેમાંના દરેક સભ્યના આંતર સાક્ષાત્કારના પાયા પર જ રચાઈ શકે. તેમાં દરેક સભ્યે સંઘના બીજા સભ્યો સાથે સાચી, સઘન એકતા સાધવાની છે. તેમાં દરેક સભ્યને લાગવું જોઈએ કે બધા સભ્યો મારામાં એકરૂપ છે, નહિ કે કોઈક રીતે હું બીજા સભ્યો સાથે જોડાયેલો છું. દરેકને બીજા બધા સભ્યો, પોતાના શરીર જેવા જ, પોતાના રૂપ લાગવા જોઈએ,અને તે પણ માનસિક અને કૃત્રિમ રીતે નહિ, પણ ચેતનાની હકીકત વડે, આંતર સાક્ષાત્કાર વડે.

(મૌન)

તેનો અર્થ એ થયો કે આ જ્ઞાનમય સંઘના નિર્માણની આશા રાખતા પહેલાં, દરેક જણે પ્રથમ જ્ઞાનમય બનવું જોઈએ અથવા બનવા માટે પ્રયત્ન કરવો જોઈએ, આ વાત સ્પષ્ટ છે. વ્યકિતનું કાર્ય આગળ ધપવું જોઈએ, અને સાંઘિક કાર્યે તેને અનુસરવું જોઈએ. પણ તેમાં એવું બને છે કે સ્વયંભૂ રીતે, સંકલ્પની કોઈ સ્વૈચ્છિક દખલગીરી સિવાય, વ્યકિતની પ્રગતિ સાંઘિક સ્થિતિ વડે રુંધાઈ જાય છે. વ્યકિત અને સંઘ એક બીજા પર આધાર રાખતાં હોય છે; પ્રયત્ન કરવા છતાં કોઈ વ્યકિત તેમાંથી છટકી જઈ શકતી નથી, જે માણસ ચેતનાની પાર્થિવ અને માનવીય સ્થિતિમાંથી પોતાની જાતને સંપૂર્ણપણે મુકત કરવાનો પ્રયત્ન, પોતાના યોગમાં કરે છે, તે પણ, છેવટે તેની અવચેતનામાં, સમૂહની સ્થિતિ વડે બંધાઈ જતો હોય છે, જે સ્થિતિ બ્રેકની પેઠે કામ કરે છે અને તેને ખરેખર પાછો ખેંચી પાડે છે. માણસ વધારે ઝડપથી પ્રગતિ કરવા પ્રયત્ન કરે, આસકિત-ઓના અને જવાબદારીઓના સર્વ વજનને ફેંકી દેવાનો પ્રયત્ન કરે, પણ છતાં ઉત્ક્રાંતિની આગેકૂચમાં પ્રથમ રહેલા, શિખર પર પહોંચેલા માણસનો પણ સાક્ષાત્કાર, સમગ્રના સાક્ષાત્કાર ઉપર, પાર્થિવ સમૂહની સ્થિતિ ઉપર આધાર રાખતો હોય છે, તે તેને પાછો ખેંચતો હોય છે, અને કેટલીક વાર તો, પૃથ્વી તૈયાર થાય તે માટે, જે કરવાનો છે તે સાક્ષાત્કાર સિદ્ધ કરવા માટે, તેણે સદીઓ સુધી રાહ જોવી પડતી હોય છે.

તેથી શ્રી અરવિંદ અન્યત્ર કહે છે કે " દ્વિમુખી ગતિની જરૂર છે. વ્યકિતગત પ્રગતિના અને સાક્ષાત્કારના પ્રયાસને સમગ્ર સમૂહને ઉન્નત બનાવવાના પ્રયાસ સાથે જોડી દેવાનો હોય છે, જેથી વ્યકિતની મહત્તર પ્રગતિને શકય બનાવવા માટે અનિવાર્ય એવી સામૂહિક પ્રગતિ પણ સધાય. તેને તમે સામૂહિક પ્રગતિ કહી શકો, કે જે વ્યકિતને એક ડગલું આગળ વધવા માટે છૂટ આપે છે.

તેથી હું સામૂહિક ધ્યાનને ઉપયોગી માનું છું, જેથી ગઈ કાલે રાતે મને જે હોટેલનું દર્શન થયું હતું તેના કરતાં વધારે સંગઠિત, સર્વસાધારણ વાતા-વરણના સર્જન ઉપર કાર્ય કરી શકાય.

આપણે હવે વહેંચણીઓને બદલે વધારે વાર ટૂંકા સમય માટેનાં ધ્યાનો કરીએ છીએ. આ ધ્યાનોનો શ્રેષ્ઠ ઉપયોગ આ રીતે કરી શકાય; અંદર પ્રવેશ

કરવો, પોતાના અસ્તિત્વના ઊંડાણોમાં યથાશક્તિ જવું, એવી એક જગ્યા ખોળી કાઢવી, જરૂર પડે તેનું સર્જન કરવું, જ્યાં એકતાનું વાતાવરણ હોય, જેમાં વ્યવસ્થાની અને સંગઠનની શક્તિ દરેક તત્ત્વને એની યોગ્ય જગ્યાએ મૂકી આપે, અને અત્યારની અંધાધુંધીમાંથી એક નવી સમન્વિત સૃષ્ટિનું સર્જન કરે.

*

૯ જુલાઈ ૧૯૫૭

અપવાદ રૂપે, એક મંગળવારે, ધ્યાન પહેલાં આ ટૂંકો વાર્તાલાપ બાળકોને આપવામાં આવ્યો હતો.

આપણે કહ્યું કે આપણે પદ્ધતિપૂર્વક આપણી જાતને સાધના માટે તૈયાર કરવા માગીએ છીએ. મેં એક મુદ્દા પર બહુ જ ભાર મૂક્યો છે, પણ કમનસીબે તેનું તમારા પર ઝાઝું પરિણામ આવ્યું હોય તેમ દેખાતું નથી. તેથી મેં વિચાર્યું કે ભાવિ સાધના માટે તમને તૈયાર કરવા કદાચ તેનાથી શરૂઆત કરવી એ વધારે સારું થશે.

એટલે આજ સાંજના આપણા ધ્યાનનો વિષય રહેશે "વાણીના અસંયમથી થતું નુકસાન."

મેં તમને ઘણીવાર કહ્યું છે કે નિરર્થક બોલાયેલો દરેક શબ્દ એ જોખમકારક બબડાટ છે. પણ અહીં તો સ્થિતિ પરાકાષ્ઠાએ પહોંચી ગઈ છે. માનવ જાતિને પરિપૂર્ણ બનાવવા મથનાર લોકો વડે અમુક વસ્તુઓ વારંવાર કહેવામાં આવી છે, પણ કમનસીબે તેનું પરિણામ ઝાઝું આવ્યું નથી. તે દ્વેષપૂર્ણ ગપ્પાં મારવાની ટેવ છે, નિંદા કરવાની ટેવ છે, બીજાનું ભૂંડું બોલવાની ટેવ છે. આ પ્રકારના વાણીના અસંયમમાં મજા લેનાર માણસ પોતાની ચેતનાને નિકૃષ્ટ બનાવે છે. જ્યારે વાણીના આ અસંયમમાં જંગલી કન્જિયા કરવાની અને તેમને કઠોર ભાષામાં

વ્યકત કરવાની ટેવ ઉમેરાય છે, ત્યારે તે પોતાની જાતમાં આધ્યાત્મિક આપઘાત બની જાય છે.

હું આ બાબત પર ભાર મૂકું છું, અને આગ્રહ કરું છું કે તમે આ બાબતનો ખૂબ ગંભીરતાપૂર્વક વિચાર કરો.

(ધ્યાન) *

૧૦ જુલાઈ ૧૯૫૭

"એમ પણ બને કે ઉત્ક્રાન્તિનો આવેગ, તેમના ભૌતિક કાર્યમાં, અંગોને પરિવર્તિત કરે, તેમનો કરણો તરીકે ઉપયોગ કરવાનું ઓછું કરી જ નાંખે, અને તેમના અસ્તિત્વની પણ પછી જરૂર ન રહે. પછી તે માણસ સૂક્ષ્મ શરીરનાં કેન્દ્રોથી, ચક્રોથી સભાન બને છે, તેમાં ચાલતી સર્વ ઘટનાઓથી સભાન બને. પછી તે ચક્રો પોતાની શકિતઓ ભૌતિક જ્ઞાનતંતુમાં, મજ્જાતંતુમાં રેલાવે અને તેમને આખા ભૌતિક શરીરમાં પ્રકાશિત કરે. આ નવીન અસ્તિત્વમાં, સર્વ શારીરિક જીવનને અને તેની જરૂરી ક્રિયાઓને આ ઉચ્ચતર શકિતઓ, વધારે મુકત અને વિશાળ રીતે, ટકાવી રાખે અને સક્રિય બનાવે અને તે પણ ઓછી ભારદાયક અને નિયંત્રણકારી પદ્ધતિથી એ વાત ત્યાં સુધી પહોંચી જાય કે આ અંગો પછી અનિવાર્ય ન બની રહે, તે રૂકાવટકારી લાગે કેન્દ્રસ્થ શકિત તેમનો થોડોને થોડો ઉપયોગ કરે, અને આખરે તેમના ઉપયોગને સંપૂર્ણપણે ફેંકી દે. તેમ બને, તો અંગો બિનઉપયોગથી ક્ષીણ બની જાય, તેમનો થોડામાં થોડો ઉપયોગ થાય, અથવા છેવટે તે અદૃશ્ય બની જાય. કેન્દ્રસ્થ શકિત તેમને બદલે ખૂબ જુદા પ્રકારના સૂક્ષ્મ અંગો સ્થાપે અથવા જો કોઈક ભૌતિક વસ્તુની જરૂર પડે તો ક્રિયાશીલતાના રૂપો જેવાં, સ્થિતિસ્થાપક ટ્રાન્સમિટરો જેવાં કરણોનો ઉપયોગ કરે, આપણે જેમને અંગો જાણીએ છીએ તેમનો નહિ. શરીરના સમગ્ર પરિપૂર્ણ રૂપાંતરનો આ એક ભાગ બની રહે, જો કે આપણે આખરી તો નથી જ. આવા પરિવર્તનોની ઝાંખી કરવી એટલે ખૂબ ખૂબ આગળ જોવું. વસ્તુઓના અત્યારના રૂપમાં આસકત મન આ

શકયતાને માનવા માટે સમર્થ ન બને, ઉત્ક્રાન્તિના આવેગ પર એવી કોઈ મર્યાદાઓ, જરૂરી પરિવર્તન બાબત એવી કોઈ અશકયતા ન લાદી શકાય જેનાથી આગળ વધવાનું છે, જેનો હવે કોઈ ઉપયોગ રહ્યો નથી, જે નિકૃષ્ટ બની ગયું છે. જે મદદરૂપ રહ્યું નથી અથવા જે પ્રતિરોધક છે, તે બધાને માર્ગમાં ફેંકી દેવુ જોઈએ. ઉત્ક્રાન્તિના ઈતિહાસમાં શરીર પ્રથમ પ્રાથમિક રૂપોવાળું હતું, તે વિકસીને માનવીય રૂપનું બન્યું, તે આજ વાતને સિદ્ધ કરે છે. માનવીય શરીર દિવ્ય શરીર બને, તે રૂપાંતરમાં આ પ્રક્રિયા વચ્ચે ન આવે એમ માનવાને કોઈ કારણ નથી. પૃથ્વી પર દિવ્ય શરીરનો આવિર્ભાવ કરવા માટે અથવા તો તેનું નિર્માણ કરવા માટે, એક પ્રાથમિક પરિવર્તન થવું જોઈએ; એક નવીન મહત્તર, વધારે વિકસિત પ્રકાર (ટાઈપ) પેદા થવો જોઈએ. તેમાં અત્યારના ભૌતિક રૂપને અને તેની મર્યાદિત શકયતાઓને ચાલુ ન રાખી શકાય."

(અતિમનસ્નો આવિર્ભાવ, પૃષ્ઠ ૩૮-૩૯)

અસ્તિત્વની જૂની ટેવોમાંથી મુક્ત બનવું, અને મુક્ત રીતે નવીન જીવન વિષે, નવીન જગત વિષે ખ્યાલ બાંધવા સમર્થ બનવું એ બહુ કઠિન છે. સ્વાભાવિક રીતે જ મુકિત ચેતનાથી ઉચ્ચતમ ભૂમિકાઓ પર શરુ થતી હોય છે. પ્રાણિક સત્ત્વ કરતાં મન અથવા તો ઉચ્ચતર બુદ્ધિ નવીન વસ્તુઓનો ખ્યાલ વધારે સહેલાઈથી કરી શકે છે. દા. ત. વસ્તુઓને એક નવીન પ્રકારે અનુભવવી, એ નવીન જગત કેવું હશે તેનું સ્પષ્ટ ભૌતિક દર્શન કરવું તે શરીરને માટે તો તેથી (પ્રાણિક કરતાં) પણ વધારે કઠિન છે. છતાં આદર્શને, ભૌતિક રૂપાંતર સીધું થતાં પહેલાં આવવું જોઈએ. પ્રથમ તો માણસને જુની વસ્તુઓની વિચિત્રતા તેમની સંબદ્ધતાનો અભાવ સઘન રીતે અનુભવવો જોઈએ. તેને એવી માગણી, –ભૌતિક સંસ્કાર થવો જોઈએ કે આ જૂની વસ્તુઓનો સમય હવે રહ્યો નથી, તે ભૂતકાળની બની ગઈ છે અને તેથી નિરર્થક બની ગઈ છે. જે ભૂતકાળની વસ્તુ ઐતિહાસિક બની ગઈ છે તે દૃષ્ટિબિંદુથી જેમનામાં રસ લઈ શકાય તેમ છે અને જે વર્તમાનકાળની તથા ભાવિની પ્રગતિમાં મદદ કરે છે, તેમના સંસ્કારો પણ જૂના જગતની ગતિરૂપ છે. તે જૂનું જગત જ ભૂતકાળને, વર્તમાનને અને ભાવિને પ્રગટ કરતું રહે છે. પણ નવીન જગતના સર્જન માટે પરિવર્તનનું સાતત્ય જરૂરી છે. તેમાં બે વસ્તુઓ એક બીજા સાથે મિશ્રિત થઈ ગયેલી હોય છે. અને છતાં તે વિભિન્ન હોય છે તેનો ખ્યાલ તે પરિવર્તન આપતું

હોય છે. ભૂતકાળની વસ્તુઓમાં, નવીન વસ્તુઓની મધ્યમાં, ટકી રહેવાનું બળ નથી. પછી તેમનામાં ગમે તેટલા ફેરફારો કરવામાં આવે તે બીજું જગત આવશ્યક રીતે એક તદ્દન નવી અનુભૂતિ છે. તેનો સમય શોધી કાઢવા માટે, આપણે તે સમય પર પાછા જવું જોઈએ કે જ્યારે પશુમાંથી માનવતારૂપમાં પરિવર્તન થયું હતું ત્યારે ચેતનાનું આટલું બધું માનસીકરણ થયું ન હતું કે જેથી તે પરિવર્તનનું અવલોકન કરી સમજી શકે. બુદ્ધિપૂર્વક અનુભવી શકે તે માર્ગ બહુ સુસ્પષ્ટ રીતે વટાવવામાં આવ્યો હોવો જોઈએ. એટલે હું જેને વિષે વાત કરી રહી છું તે એક તદ્દન નવી વસ્તુ છે. પાર્થિવ સૃષ્ટિમાં અસાધારણ વસ્તુ છે, અભૂતપૂર્વ વસ્તુ છે. સાચી રીતે એક નવીન, તદ્દન વિચિત્ર અનુભૂતિ, સંસ્કાર છે. (થોડીક વાર મૌન પછી) તે એક પ્રકારનો વિચ્છેદ છે. જૂની વસ્તુનો જવાનો સમય આવી પહોંચ્યો છે, તેને અસ્તિત્વનું ખૂબ ગૌણ બળ છે, જે નવી વસ્તુ આવી રહી છે તેનાથી તદ્દન ભિન્ન છે. પણ નવી આવતી વસ્તુ હજી બાલ્યાવસ્થામાં દૃષ્ટિ-ગોચર નથી, નિર્બળ છે, હજી તેનામાં જૂની વસ્તુનું સ્થાન લેવાની શકિત નથી, તેના પર પ્રભુત્વ મેળવે એટલું બળ નથી, એટલે તે બન્ને સાથે સાથે રહે છે અને છતાં તે બેમાં વિચ્છેદ છે, તે બે વચ્ચેનો સંબંધ હજી ઉપલબ્ધ થયો નથી.

તેનું વર્ણન કરવું અઘરું છે. પણ હું તમને એને વિષે કહી રહી છું. કારણ કે ગઈ કાલે સાંજે મને તેનો અનુભવ થયો હતો. મને તે એવો તો તીવ્ર અનુભવ થયો હતો કે, મને તેણે અમુક વસ્તુઓ તરફ જોવાની ફરજ પાડી અને જોયા પછી મને એમ લાગ્યું કે તેના વિષે તમને કહેવું એ રસપ્રદ થઈ પડશે.

(મૌન)

ફિલ્મ-શો જેવું કંઈક નવીન, કંઈક ખાસ, કંઈક અનપેક્ષિત જેવું બને છે, એ વિચિત્ર વાત છે. જે લોકો એમ માને છે કે અમુક વસ્તુઓ મહત્ત્વની છે અને અમુક વસ્તુઓ મહત્ત્વની નથી, કેટલીક ક્રિયાઓ યોગમાં મદદરૂપ હોય છે અને બીજી તેમાં મદદગાર નથી હોતી, તે ખોટા છે એમ સાબિત કરવાની આ એક વધારે તક છે. મેં હંમેશાં જોયું છે કે અનપેક્ષિત વસ્તુઓ જ ખૂબ રસપ્રદ અનુભૂતિઓ આપતી હોય છે.

ગઈ કાલે સાંજે ઑથિંતી જે વસ્તુ બની હતી, તેનું વર્ણન મેં હમણાં જ યથાશકિત કર્યું છે. તમે મને સમજી શકયા છો કે નહિ, તે હું જાણતી નથી.

પણ તે તદ્દન નવીન અને અનપેક્ષિત હતું. આપણને જરાક બેહૂદી રીતે, ગંગાતટ પરના તે મંદિરનું ચિત્ર મને લાગે છે કે તે મૂર્તિની છબી હતી; હું તેની ચોક્કસ માહિતી મેળવી શકી નથી. મને તે બતાવવામાં આવ્યું હતું. જ્યારે હું તે ઉપરચોટિયું અને બેહૂદુ ચિત્ર જોતી હતી, ત્યારે મને તેના પીઠમાં જે વાસ્તવિકતા હતી, જે વસ્તુને બનવા માટે તે પ્રયત્ન કરતું હતું, તે દેખાઈ. તે દર્શને મને ધર્મના, પૂજાના, અભીપ્સાના, માણસના દેવો સાથેના સમગ્ર સંબંધના, માનવ કરતાં વધારે દિવ્ય એવી કોઈક વસ્તુ પ્રત્યેના માનવના આધ્યાત્મિક પ્રયત્નના પુષ્પરૂપ, માનવ કરતાં ઉચ્ચતર તત્ત્વ પ્રત્યે માનવના પ્રયાસની જે ઉચ્ચતમ અને વિશુદ્ધતમ અભિવ્યક્તિ છે તેવા કાંઈકના સંપર્કમાં મૂકી આપી. મને એચિંતી, સઘનતાપૂર્વક, ભૌતિક રીતે એવી લાગણી થઈ આવી કે તે એક બીજું જગત હતું, જે વાસ્તવિક અને જીવંત રહ્યું નથી, જે પુરાણું બની ગયું છે, જેણે પોતાની વાસ્તવિકતા અને પોતાનું સત્ય ગુમાવી દીધાં છે, જેણે જન્મ લીધો છે અને જે પોતાની જાતને પ્રગટ કરવાની શરૂઆત કરી રહ્યું છે તેવું કાંઈક તે પુરાણું જગતથી પર અધિક બની રહ્યું છે, પણ તે કાંઈક એવું તો ઉત્કટ, સત્ય અને ઉદાત્ત હતું કે જેની આગળ આ પુરાણું જગત અસત્ય, અવાસ્તવિક, મૂલ્ય વગરનું બની ગયું.

ત્યારે મસ્તિષ્ક અને બુદ્ધિ વડે નહિ પણ શરીર વડે, શરીરના કોશાણુંઓમાં હું સમજી કે એક નવીન જગત જન્મી ચુકયું છે અને વૃદ્ધિને પ્રાપ્ત કરી રહ્યું છે.

જ્યારે મેં આ બધું જોયું, ત્યારે ૧૯૨૬માં જે બન્યું હતું તે મને યાદ આવ્યું.

શ્રી અરવિંદે મને બાહ્ય કામકાજ સોંપ્યું, કારણ કે તે ધ્યાન કરવા માટે એકાંતમાં ચાલ્યા જવા માગતા હતા, જેથી અતિમનસની ચેતનાનું પ્રાગટય જલ્દી થાય. જેઓ ત્યાં હતા તે થોડાક લોકોને તેમણે કહ્યું હતું કે "તમને માર્ગદર્શન આપવાનું અને મદદ કરવાનું કામ માતાજીને સોપ્યું છું. માતાજી મારી સાથે સ્વાભાવિક રીતે જ સંપર્કમાં રહેશે. તેમની મારફતે હું કાર્ય કરીશ." વસ્તુઓએ એચિંતો, તરત જ અમુક આકાર લીધો, અસાધારણ વિગતોપૂર્વક એક તેજોમય સૃષ્ટિનું નિર્માણ થયું, જેમાં અદ્‌ભુત અનુભૂતિઓ હતી, દિવ્ય સત્ત્વો સાથે સંપર્કો હતા, અને ચમત્કારો ગણાય તેવા સર્વ પ્રકારના આવિર્ભાવો હતા. એક પછી બીજી

એમ, અનુભૂતિઓ થવા લાગી, વસ્તુઓ તદ્દન તેજોમય રીતે પ્રગટ થવા લાગી અને તે પણ ખૂબ રસપ્રદ રીતે.

એક દિવસ, નિયમ પ્રમાણે શું બની રહ્યું હતું તે કહેવા માટે હું શ્રી અરવિંદ પાસે ગઈ. સાચે જ, કોઈ ખૂબ રસપ્રદ વસ્તુ આપણને પ્રાપ્ત થઈ હતી. મેં તેનું વર્ણન જરાક ઉત્સાહપૂર્વક શ્રી અરવિંદ આગળ કર્યું. મારા તરફ જોઈને શ્રી અરવિંદ બોલ્યા, "હા, એ અતિમનસ્‌ની સૃષ્ટિ છે. તે ખૂબ રસપ્રદ છે, સારી રીતે કરવામાં આવી છે. તમે એવા ચમત્કારો કરશો, કે જે તમને જગતમાં વિખ્યાત બનાવી મૂકશે. સાચે જ, તમે પૃથ્વી પરની સર્વ ઘટનાઓને ઊંધી-ચત્તી કરી મુકશો." પછી તે સ્મિત કરીને બોલ્યા, "તે એક મહાન સફળતા હશે પણ તે અતિમનસ્‌ની સૃષ્ટિ છે. આપણે તે સફળતા માગતા નથી; આપણે પૃથ્વી પર અતિમનસ્‌ને સ્થાપવા માગીએ છીએ. નવીન જગતનું સર્જન કરવા માટે, સંપૂર્ણપણે અતિમનસ્‌ની સૃષ્ટિનું સર્જન કરવા માટે, આપણને નિકટની સફળતાનો ત્યાગ કરતાં આવડવું જોઈએ."

મારી આંતર ચેતના વડે હું તે વાત તરત સમજી ગઈ. થોડા કલાક પછી તે સૃષ્ટિ ચાલી ગઈ. તે ક્ષણથી અમે, બીજા પાયાઓ ઉપર, નવીન પ્રારંભ કર્યો.

મેં તમારી આગળ જાહેર કર્યું કે આ નવીન જગત જન્મી ચૂકયું છે. પણ જૂનું જગત તેને એટલું બધું વીંટળાઈ વળ્યું છે કે ઘણા લોકોને તે બે વચ્ચેનો તફાવત દેખાયો નથી. છતાં નવીન શકિતઓનું કાર્ય ખૂબ નિયમિત રીતે, ખૂબ આગ્રહપૂર્વક, ખૂબ સ્થિરતાપૂર્વક, અને અમુક પ્રમાણમાં ખૂબ અસરકારક રીતે, ચાલુ રહ્યું છે. ગઈ કાલનો મારો સાંજનો અનુભવ એ આ કાર્યનો એક નવીન આવિર્ભાવ હતો. મેં આ બધાનું પરિણામ, ક્રમિક રીતે, લગભગ દૈનિક અનુભૂતિ-ઓમાં જોયું છે, તેને સંક્ષેપમાં, એક લીટીની રીતે, અભિવ્યકત કરી શકાય.

પ્રથમ તો આ આધ્યાત્મિક જીવનનો અને દિવ્ય વાસ્તવિકતાનો એક નવીન ખ્યાલ માત્ર નથી. તે ખ્યાલને શ્રી અરવિંદે વ્યકત કર્યો છે, મેં પણ તે ઘણીવાર

'૧. રાણી રાસમણિ' નામની એક બંગાળી ફિલ્મમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ અને એક ખૂબ સમૃદ્ધ, બુદ્ધિશાળી, રાણી રાસમણિ નામની વિધવાનું વર્ણન આવે છે. તે વિધવાએ ૧૮૪૭માં દક્ષિણેશ્વરમાં (બંગાળમાં) કાલી મંદિર બંધાવ્યું હતું જ્યાં રામકૃષ્ણ રહેતા હતા અને કાલીની પૂજા કરતા હતા. ૨. ૧૯૨૬ની ૨૪મી નવેમ્બરે શ્રી અરવિંદ એકાન્તમાં ચાલ્યા ગયા. અને માતાજીએ આશ્રમનું કામકાજ સંભાળવાનું માથે લીધું.

વ્યક્ત કર્યો છે. તેને આમ રજૂ કરી શકાય; જૂની આધ્યાત્મિકતા એ જીવનમાંથી દિવ્ય વાસ્તવિકતામાં ભાંગી છૂટવાની વાત હતી. તેમાં જગત જ્યાં હતું અને જેવું હતું તેને ત્યજી દેવાની વાત હતી. તેથી ઊલટું, અમારું નવા દર્શન જીવનનું દિવ્યીકરણનું છે, ભૌતિક જગતનું દિવ્ય જગતમાં રૂપાંતરનું છે. આ વાત વારંવાર કહેવામાં આવી છે, થોડી ઘણી સમજાઈ પણ છે, સાચે જ, તે આપણે જે કરવા માગીએ છીએ તેનો પાયાનો વિચાર છે. પણ તે થોડાક સુધારા વધારા સાથે જૂની વસ્તુને ચાલુ રાખવા જેવું પણ બની રહે, તે જૂના જગતનું વિસ્તૃતીકરણ બની રહે. વિચારના ક્ષેત્રમાં તે એક ખ્યાલ માત્ર બની રહે. પણ જે સાચી નવી વસ્તુ બની છે તે એ છે કે એક નવીન જગત જન્મ્યું છે, જન્મ્યું છે, જન્મ્યું છે. તે રૂપાંતર પામેલું જૂનું જગત નથી. તે જન્મેલું નવીન જગત છે. આપણે આ પરિવર્તનના સમયની બરાબર મધ્યમાં છીએ, જેમાં બંને એકબીજા સાથે ગૂંચવાઈ ગયા છે, જેમાં જૂનું જગત સર્વ સમર્થ છે, સામાન્ય ચેતના પર પ્રભુત્વ સ્થાપીને બેઠું છે, જ્યારે નવું જગત શાન્તિપૂર્વક સરકી આવી રહ્યું છે, તે ખૂબ વિનમ્ર છે, એટલું બધું અદૃષ્ટ છે કે બાહ્ય રીતે તે અત્યારે તો કોઈ પણ વસ્તુને વિક્ષિપ્ત બનાવતું નથી, ઘણાખરા લોકોની ચેતનામાં તે તદ્દન અદૃષ્ટિગોચર છે. અને છતાં તે કાર્ય કરી રહ્યું છે, વૃદ્ધિ પામી રહ્યું છે. આખરે તે દૃષ્ટિગોચર રીતે કાર્ય કરવા શકિતમાન થશે.

આ વાતને સાદી રીતે મૂકીએ તો, શ્રી અરવિંદ જેને અધિમનસ્ સૃષ્ટિ કહી હતી તે જૂનું જગત દેવોનો અને ધર્મોનો યુગ હતો. પરતત્ત્વ પ્રત્યેના માનવીય પ્રયાસના પુષ્પે અસંખ્ય ધાર્મિક રૂપોને, શ્રેષ્ઠ જીવાત્માઓ અને અદૃશ્ય જગત વચ્ચેના ધાર્મિક સંબંધને પ્રગટાવ્યા હતાં. તે સર્વના શિખર પર, ઉચ્ચતર સાક્ષાત્કાર પ્રત્યે પ્રયાસના રૂપમાં, બધા ધર્મોની એકતાનો વિચાર ઉદ્‌ભવ્યો છે, આ સર્વ આવિર્ભાવોની પીઠમાં રહેલી એક વસ્તુનો વિચાર ઉદ્‌ભવ્યો છે. આ વિચાર ખરેખર માનવીય અભીપ્સાની છેલ્લામાં છેલ્લી મર્યાદા છે. તે સીમાડા પર છે. તે હજી સંપૂર્ણપણે અધિમનસ્‌ના જગતની છે. તે અધિમનસ્‌ની સૃષ્ટિ ત્યાંથી આ નવીન સૃષ્ટિ પ્રત્યે દૃષ્ટિ નાંખી રહી છે, પણ તેને તે સમજી શકતી નથી. તેને પહોંચવાનો તે પ્રયત્ન કરે છે. તેને આવતી તે અનુભવી શકે છે, પણ સમજી શકતી નથી. જો વસ્તુઓ તદ્દન પલ્ટાઈ જાય, જો અદલા બદલી થઈ જાય તો જ તે તેને સમજી શકી. અધિ-મનસ્‌ની સૃષ્ટિનો ત્યાગ કરવાની જરૂર છે. તેની જગ્યાએ અતિમાનસ સૃષ્ટિ, આ નવીન સૃષ્ટિ આવે એ જરૂરી છે.

હવે આ બધી જૂની વસ્તુઓ ખૂબ જૂની લાગે છે, સમય બહાર ની મરજી મુજબ કરાયેલી, વાસ્તવિક સત્યની ઠઠ્ઠા-મશ્કરી સમાન લાગે છે.

અતિમાનસ્ સૃષ્ટિમાં કોઈ ધર્મો નહિ હોય. સમગ્ર જીવન જગતમાં પ્રગટ થતી દિવ્ય એકતાની અભિવ્યકિત હશે. રૂપોમાં ખિલવવાની કિયારૂપ હશે. માણસો અત્યારે જેમને દેવો કહે છે, તે પણ તે સૃષ્ટિમાં નહિ હોય.

આ મહાન દિવ્ય સત્ત્વો પોતે જ આ નવી સૃષ્ટિમાં ભાગ લેવા શકિતમાન બનશે. પણ તેમ કરવા માટે તેમણે પૃથ્વી પર અતિમાનસ તત્ત્વને ધારણ કરવું પડશે. જો તેમાંનાં કેટલાંક પોતાના જગતમાં પોતે છે તેવાં જ રહેવા માગશે, જો તે ભૌતિક રીતે પ્રગટ થવાનો નિર્ણય નહિ કરે, તો અતિમાનસ સૃષ્ટિનાં સત્ત્વો સાથે તેમનો સંબધ મિત્રો તરીકેનો રહેશે, સહકાર્યકરો તરીકેનો, સમાન દરજ્જાના સત્ત્વો તરીકેનો રહેશે, કારણ કે પૃથ્વી પર નવીન અતિમાનસ જગતનાં સત્ત્વોમાં ઉચ્ચત્તમ દિવ્ય તત્ત્વ પ્રગટ થયું હશે.

જયારે ભૌતિક પદાર્થતત્ત્વનું અતિમાનસીકરણ થશે, ત્યારે પૃથ્વી પર અવ-તરવું એ નિકૃષ્ટતાનું કારણ નહિ હોય, તેથી તદ્ન ઉલટી જ વાત હશે, તે એક એવી પરિપૂર્ણતા હશે, કે જે તેમ કર્યા સિવાય ન બને.

પણ આ બધી તો ભાવિની વાત છે, જેનો પ્રારંભ થઈ ચૂકયો છે, પણ સંપૂર્ણપણે જેનો સાક્ષાત્કાર કરતાં હજી સમય લાગશે. તે દરમિયાન આપણે એક ખાસ, વિશિષ્ટ પરિસ્થિતિમાં છીએ કે, જે અભૂતપૂર્વ છે. અત્યારે આપણે એક નવીન જગતના જન્મને જોઈ રહ્યા છીએ જે બહુ બાલ્યાવસ્થામાં છે, નિર્બળ છે. સારતત્ત્વમાં નિર્બળ નહિ પણ બાહ્ય આવિર્ભાવમાં જેને હજી મોટા ભાગના લોકોએ સ્વીકૃતિ આપી નથી, જેનો તેમણે અનુભવ કર્યો નથી, જેનો તેઓ ઈન્કાર પણ કરતા હોય છે, પણ તે અતિમનસ અહીં આવી ચૂકયું છે. તે વૃદ્ધિ પામવાનો પ્રયાસ કરી રહ્યું છે, પોતાના પરિણામ બાબત તેને પૂરી ખાતરી છે. પણ તેનો માર્ગ એક તદ્ન નવીન માર્ગ છે, તે હજી સુધી કોઈ ખોળી શકયું ન હતું, જયાં હજી સુધી કોઈ ગયું નથી, કોઈએ તે વસ્તુ સિદ્ધ કરી નથી. તે એક વૈશ્વિક પ્રારંભ છે. તેથી તે એક અચિંતિત સાહસ છે, જેને વિષે કોઈ આગાહી ન કરી શકાય.

કેટલાક લોકો સાહસને ચાહતા હોય છે. તેમને હું બોલાવું છું. કહું છું કે આ મહાન સાહસમાં ભાગ લેવા હું તમને નિમંત્રું છું.

તે આપણી પહેલાંના લોકોએ કરેલી વસ્તુનું આધ્યાત્મિક રીતે પુનરાવર્તન કરવાની વાત નથી, કારણકે આપણું સાહસ તેથી પરનું છે, તેથી પર આપણા સાહસનો પ્રારંભ થાય છે. તે એક તદ્દન નવી સૃષ્ટિ પેદા કરવાની વાત છે, જેમાં અનેક અદૃષ્ટપૂર્વ ઘટનાઓ, જોખમો રહેલાં છે. તે એક વાસ્તવિક સાહસ છે, જેનું લક્ષ્ય નિશ્ચિત વિજય છે, પણ જેનો માર્ગ અજાણ્યો છે અને જે માર્ગને આપણે અજ્ઞાતમાં એક પછી બીજું એમ ડગલાં મારીને શોધી કાઢવાનો છે. તે એક એવી વસ્તુ છે, કે જે આ વર્તમાન વિશ્વમાં પહેલાં કદી બની ન હતી અને તેજ રીતે જે ભવિષ્યમાં બનવાની નથી. જો તેમાં તમને રસ પડતો હોય, તો ચાલો આપણે તે સાહસમાં જંપલાવીએ. આવતી કાલે તમારું શું થશે હું જાણતી નથી.

જે પહેલેથી જોવાયું હતું, જેની યોજના પહેલાં ઘડાઈ હતી, જેનું નિર્માણ પહેલાં થયું હતું, તે બધાને બાજુએ મૂકી દેવું પડશે. અને અજ્ઞાતમાં ચાલી નીકળવું પડશે. પછી ભલે જે થવાનું હોય તે થાય ?

કોઈને આપણા વાંચન અંગે કોઈ પ્રશ્નો પૂછવાના નથી ? આજે સાંજે મારે તમને ખાસ કશું કહેવાનું નથી. શરીરની નવી પરિપૂર્ણતાઓ વિષે તમને કોઈને જાણવાની ઉત્કંઠા હોય એમ લાગતું નથી.

માતાજી, અમે અહીં જે શારીરિક કેળવણી લઈએ છીએ, તેમાં અમારો હેતુ શરીર પર વધુ ને વધુ કાબૂ મેળવવાનો હોય છે, નહિ વારું ? આપણે ગઈ વખતે જે વાંચ્યું હતું તેમાં શ્રી અરવિંદ કહે છે કે હઠયોગ અને તાંત્રિક પદ્ધતિઓ શરીર પર એક ખૂબ મહાન કાબૂ આપે છે ? આપણે શા માટે આપણી પદ્ધતિમાં તે દાખલ કરતા નથી ?

આ શરીર પર કાર્ય કરવા માટેની ગૂઢવાદી, તાંત્રિક પ્રક્રિયાઓ છે, જ્યારે વિકાસની આધુનિક પદ્ધતિઓ, સમયમાં શરીર જે પરિપૂર્ણતા સિદ્ધ કરી શકે છે તેમ છે તેની સામાન્ય શારીરિક પ્રક્રિયાનું અનુસરણ કરતી હોય છે. હું તમારા પ્રશ્નને બરાબર સમજી શકતી નથી. પ્રક્રિયાઓ તદ્દન ભિન્ન ભિન્ન હોય છે.

આ બધી પદ્ધતિઓનો પાયો છે પદાર્થતત્ત્વ ઉપર સચેતન સંકલ્પ જે શક્તિ ચલાવે છે તે. સામાન્ય રીતે, એ પદ્ધતિનો ઉપયોગ કોઈક માણસે સફળતાપૂર્વક

કર્યો હોય છે, અને તેણે કાર્ય કરવાનો એક સિદ્ધાંત સ્થાપ્યો હોય છે. તેણે તે બીજા લોકોને શિખવાડયો હોય છે. બીજા લોકો તે પદ્ધતિને ચાલુ રાખે છે અને તેને પરિપૂર્ણ બનાવે છે. આખરે તે એક પ્રકારનું નિશ્ચિત રૂપ ધારણ કરે છે, અને એક પદ્ધતિ બની જાય છે. પણ તેનો પાયો શરીર પર કાર્ય કરતો સચેતન સંકલ્પ છે. પદ્ધતિનું નિશ્ચિત રૂપ બહુ મહત્ત્વનું નથી. ભિન્ન ભિન્ન સમયે, એક યા તો બીજી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હોય છે. પણ તેની પીઠમાં હમેશાં એક વહેતી માનસિક શકિત હોય છે, જે પદ્ધતિપૂર્વક કાર્ય કરતી હોય છે અલબત્ત, કેટલીક પદ્ધતિઓ ઉચ્ચતર શકિતનો ઉપયોગ કરવા પ્રયત્ન કરે છે, કે જે શકિત પોતાનું બળ માનસિક શકિતમાં સંક્રાંત કરતી હોય છે. જો માનસિક પદ્ધતિમાં ઉચ્ચતર પ્રકારની શકિતને રેડવામાં આવે, તો આ પદ્ધતિ સ્વાભાવિક રીતે

---

૧. આપણામાં કાંઈક એવું છે અથવા કાંઈક એવું વિકસાવવાનું છે, કદાચ આપણા અસ્તિત્વના કેન્દ્રસ્થ અને હજી સુધી નિગૂઢ ભાગમાં એવી શકિતઓ છે કે જે આપણા વર્તમાન સક્રિય બંધારણમાં હોવી જોઈએ તેનો માત્ર ખંડ જ છે. પણ જો તે શકિતઓ પરિપૂર્ણ અને પ્રભાવશાળી બને, તો તે શકિતઓ, આત્માની અને ગુપ્ત ચેતનાની શકિત તથા પ્રકાશ વડે જરૂરી શારીરિક રૂપાંતર અને તેનાં પરિણામો સિદ્ધ કરી શકે. તાંત્રિક જ્ઞાન વડે પ્રગટ થતા ચક્રોની પદ્ધતિમાં તથા યોગની પદ્ધતિ ઓમાં આ વસ્તુ જોવામાં આવે છે તે સચેતન કેન્દ્રોમાંથી, આપણા અસ્તિત્વની ક્રિયાશીલ શકિતઓનાં ઉદ્‌ગમ-સ્થાનોમાંથી તેમના કાર્યનું સંગઠન થતું હોય છે. નિમ્નતર શારીરિક કેંદ્રમાંથી, ચઢતી શ્રેણિમાં, ઉચ્ચતમ માનસિક કેંદ્રમાં અને આધ્યાત્મિક કેંદ્રમાં જઈ શકાય છે, જેને હજાર પાંખડીઓવાળું કમળ (સહસ્રારચક્ર) કહેવામાં આવે છે, જ્યાં તાંત્રિકોની કુંડલિની શકિતનું બ્રહ્મ સાથે મિલન થાય છે, અને પછી તે પ્રકૃતિ દિવ્ય સત્‌માં મુકત બને છે. આપણામાં આ ચક્રો બંધ અથવા અડધા બંધ હોય છે. તેમને ઉઘાડવાનાં હોય છે, પછી જ તેમની પરિપૂર્ણ શકિત આપણી શારીરિક પ્રકૃતિમાં પ્રગટ થાય છે. એક વાર તે ખુલી જાય અને સક્રિય બને તો પછી તેમની શકિતઓ પર, તેમનાં વિકાસ પર, અને સંપૂર્ણ રૂપાંતર પર કાંઈ મર્યાદાઓ રહેતી નથી. છતાં પણ આ પરિવર્તનો સિદ્ધ કર્યા પછી પણ, ભૌતિક પ્રક્રિયાઓનો અવશેષ રહે છે, તે પોતાની જૂની રીતે જ કાર્ય કરે છે, તે ઉચ્ચતર નિયમનને તાબે થતી હોતી નથી. જો તેમનું પરિવર્તન કરવામાં ન આવે, તો રૂપાંતરનું કાર્ય અધૂરું રહે છે, તેમાં રુકાવટ આવે છે. શરીરનું પરિપૂર્ણ રૂપાંતર આખા યંત્રના ખૂબ ભૌતિક ભાગનું પણ પર્યાપ્ત પરિવર્તન માગી લે છે. તેનાં બંધારણનું, તેની પ્રક્રિયાઓનું, તેની પ્રકૃતિનું પણ પર્યાપ્ત પરિવર્તન માગી લે છે.

(અતિમનસનો આવિર્ભાવ, પૃ૦ ૩૪-૩૫)

જે વધારે અસરકારક અને શકિતશાળી બની જાય છે. પણ આ બધી પદ્ધતિઓ તેમનો ઉપયોગ કરનાર વ્યકિત ઉપર, અને તે તેમનો ઉપયોગ કેવી રીતે કરે છે તેનો ઉપર આધાર રાખતી હોય છે. માણસ, ખૂબ ખૂબ ભૌતિક અને સામાન્ય પદ્ધતિઓમાં પણ, તેમનામાં ઉચ્ચતર પ્રકારની શકિતઓ રેડવા માટે, આ તદ્ન બાહ્ય પાયાનો ઉપયોગ કરી શકે. પદ્ધતિ ગમે તે હોય. પણ બધી પદ્ધતિઓ માત્ર તેમનો ઉપયોગ કરનાર વ્યકિત ઉપર, તે વ્યકિત તે પદ્ધતિઓમાં શું રેડી આપી શકે તેના ઉપર આધાર રાખતી હોય છે.

જો પદાર્થતત્ત્વનો વિચાર તેના અદ્યતન, ખૂબ બાહ્ય રૂપમાં કરવામાં આવે, તો આપણે રોજ-રોજ આપણા દૈનિક જીવનમાં સતત જે ગતિઓ કરતા હોઈએ, જો તે શારીરિક કામ હોય તો જે ગતિઓ આપણે કરવી પડતી હોય છે, તે સ્નાયુઓ વિકસાવવામાં અથવા શરીરમાં સંવાદિતાનું સર્જન કરવામાં તે કેમ મદદરૂપ થતી નથી, અથવા તો બહુ નજીવા પ્રમાણમાં થતી હોય છે? તેથી ઊલટું, જો તે જ ગતિઓ સભાનતાપૂર્વક, વિચારપૂર્વક, નિશ્ચિત હેતુપૂર્વક કરવામાં આવે, તો એકદમ તે તમારા સ્નાયુઓને વિકસાવવામાં અને શરીરને સુઘટિત કરવામાં મદદ બની જાય છે. એવાં કામો હોય છે, જેમાં માણસોને સીમેન્ટના થેલા, અનાજના કોથળા, કોલસાના કોથળા જેવી વજનદાર વસ્તુઓ ઊંચકીને લઈ જવી પડતી હોય છે અને તેમાં ખૂબ પરિશ્રમ કરવો પડતો હોય છે. અમુક પ્રમાણમાં તે કામ તેઓ પ્રાપ્ત કરેલી સહેલાઈથી કરતા હોય છે, પણ તેથી તેમને શરીરની સંવાદિતા પ્રાપ્ત થતી હોતી નથી, કારણકે તેઓ તે કામ સ્નાયુઓનો વિકાસ કરવાના હેતુથી કરતા હોતા નથી; કરવું પડે છે માટે તેઓ તે કામ કરતાં હોય છે. જે માણસ પોતે રાખેલી અથવા પોતાને માટે કાર્યાન્વિત કરેલી પદ્ધતિનું અનુસરણ કરે છે. એક યા તો બીજા સ્નાયુનો વિકાસ કરવા માટે અને પોતાના શરીરમાં સામાન્ય સંવાદિતાનું સર્જન કરવા માટે, આ જ ગતિઓ સંકલ્પપૂર્વક કરતો હોય છે, તે સફળ થાય છે. એટલે સચેતન સંકલ્પમાં જ એવું કાંઈક છે, કે જે આ ગતિમાં ખૂબ વૃદ્ધિ કરતું હોય છે. જે લોકો અત્યારે સમજવામાં આવે છે તે પ્રકારનો શારીરિક વ્યાયામ કરવાની સાચી ઈચ્છા રાખતા હોય છે, તેઓ જે કાંઈ કરતા હોય છે તે સભાનતાપૂર્વક કરે છે. તેઓ સભાનતાપૂર્વક નીસરણીનાં પગથિયાં ઉતરતા હોય છે, તેઓ જીવનની સામાન્ય ગતિઓ સભાનતાપૂર્વક કરતા હોય છે, યાંત્રિક રીતે નહિ. ધ્યાનયુકત આંખ કદાચ તેમાં થોડોક તફાવત જોઈ શકશે, પણ મોટો તફાવત તો તે વ્યાયામમાં જે સંકલ્પ મૂકી આપતા હોય છે, તેમાં તેઓ જે ચેતના મૂકી

આપતા હોય છે તેમાં હોય છે. કોઈ જગ્યાએ જવા માટે ચાલવું અને વ્યાયામ માટે ચાલવું એ બે એક જ વસ્તુ નથી. આ બધી વસ્તુઓમાં સભાન સંકલ્પ જ મહત્ત્વનો હોય છે, તે જ પ્રગતિ અને પરિણામ લાવી આપતો હોય છે. એટલે હું એમ કહેવા માગું છું કે માણસ જેનો ઉપયોગ કરે છે તે પદ્ધતિ બહુ મહત્ત્વની નથી, અમુક પરિણામ લાવવાનો સંકલ્પ જ મહત્ત્વનો હોય છે.

યોગી અથવા અભીપ્સા સેવતો યોગી, જે આધ્યાત્મિક પરિણામ લાવવા માટે અથવા તો માત્ર શારીરિક કાબૂ પ્રાપ્ત કરવા માટે આસનો કરતો હોય છે. તે આ હેતુ લક્ષ્યમાં રાખીને આસનો કરે છે અને તેથી આ પરિણામોને પ્રાપ્ત કરતો હોય છે. જ્યારે હું એવા કેટલાક લોકોને જાણું છું કે જેઓ બરાબર તે જ વસ્તુઓ કરતા હોય છે, પણ તેમનાં તે કરવાનાં કારણોને આધ્યાત્મિક વિકાસ સાથે કોઈ સંબંધ હોતો નથી, અને તેથી તેઓ સારું આરોગ્ય પણ પ્રાપ્ત કરી શકયા હોતાં નથી! અને છતાં તેઓ તે જ કાર્યો કરતા હોય છે કેટલીક વાર તો યોગી કરતાં પણ વધારે સારી રીતે, અને છતાં તેમને સ્થિર આરોગ્ય પ્રાપ્ત થતું હોતું નથી, કારણકે તેમણે તે બાબત વિચાર કર્યો હોતો નથી, મનમાં હેતુ રાખીને તે વસ્તુઓ કરેલી હોતી નથી. મેં તેમને પૂછયું છે કે આ બધું કર્યું હોવા છતાં તમે માંદા કેમ પડો છો? તેઓ મને જવાબ આપતા હોય છે કે મેં એ બાબત કશો વિચાર જ કર્યો ન હતો; સારું આરોગ્ય પ્રાપ્ત કરવા માટે મેં આસનો કર્યાં જ ન હતાં. આનો અર્થ એ થયો કે સચેતન સંકલ્પ જ મહત્ત્વનો છે, તે જ પદાર્થતત્ત્વ ઉપર કાર્ય કરે છે, ભૌતિક ક્રિયા મહત્ત્વની નથી હોતી.

તમારે માત્ર તે માટે પ્રયત્ન કરવાની જરૂર છે. તમે મારા કહેવાનો ભાવાર્થ પછી સારી રીતે સમજી જશો. દા. ત. કપડાં પહેરતી વખતે, સ્નાન કરતી વખતે, તમારી રૂમ વાળી ઝૂડીને સાફ કરતી વખતે ગમે તે કામ કરતી વખતે, તમે જે ગતિઓ કરતા હો છો, તેમને સભાનતાપૂર્વક કરો, આ સ્નાયુએ કામ કરવું જોઈએ, પેલા સ્નાયુએ કામ કરવું જોઈએ, એવા સંકલ્પપૂર્વક કરો તો તમને માલમ પડશે કે તમે આશ્ચર્યકારક પરિણામો પ્રાપ્ત કરી શકશો.

નીસરણીનાં પગથિયાં ચડતાં અથવા ઉતરતાં તે ક્રિયા શારીરિક વ્યાયામની દ્રષ્ટિએ કેટલી બધી ઉપયોગી નીવડી શકે છે તેની તમને કલ્પના નહિ આવે; પણ તે ઉપયોગી ત્યારે જ નીવડે, કે જો તમને તે ક્રિયાનો ઉપયોગ કરતાં આવડતો હોય. સામાન્ય માણસની પેઠે, ઉપર જવાનું છે માટે તમે પગથિયાં ચઢો અને નીચે

જવાનું છે માટે તમે પગથિયાં ઉતરો તેને બદલે જો તમે કાર્ય કરતા સ્નાયુઓની અને તેમને સંવાદિતાપૂર્વક કાર્ય કરાવવાનાં ચેતના સાથે ચઢો અથવા ઉતરો, તો ઘણો ફેર પડી જાય. તમે તે પ્રકારનો પ્રયત્ન કરો, અને તમને તે વાત સમજાશે! આનો અર્થ એ થયો કે શરીરના સંવાદિતામય વિકાસ માટે તમે તમારા જીવનની સર્વ ગતિઓનો ઉપયોગ કરી શકો છો.

કાંઈક વસ્તુ ઉંચકી લેવા માટે તમે નીચા નમતા હો છો. કબાટ ઉપરની અમુક વસ્તુને લેવા માટે તમે ઊંચા થતા હો છો, તમે બારણું ઉઘાડો છો, બંધ કરો છો, તમારે વિંધીને પાર કરવાનું હોય છે. તમે સભાનતાપૂર્વક એકસો અને એક વસ્તુઓ કરતા હો છો. તે બધાનો ઉપયોગ તમે શારીરિક વ્યાયામ માટે કરી શકો છો. તેમ કરતાં તમે જોઈ શકશો કે કર્મો કરવાની ભૌતિક હકીકત કરતાં સો ગણી વધારે અસર તેમાં ચેતના મૂકવાથી પ્રાપ્ત કરી શકાય છે. એટલે તમને મનપસંદ આવે તેવી પદ્ધતિને પસંદ કરો પણ તમે આ રીતે તમારા દૈનિક જીવનનો ઉપયોગ કરી શકો છો. તેમાં તમારે સતત શરીરની સંવાદિતા બાબતો ગતિઓના સૌંદર્ય બાબત, કોઈપણ અસુંદર અને બેહૂદી વસ્તુ ન કરવા બાબત ધ્યાન રાખવાનું હોય છે, તેમ કરવાથી તમે અસાધારણ ગતિની અને અભિનયની છંદોમયતા પ્રાપ્ત કરી શકશો.

આજે આપણે આ બાબત ધ્યાન કરવાનાં છીએ.

*

૨૪ જુલાઈ ૧૯૫૭

"અતિમનસ કયારનુંય અહીં આવી ગયેલું છે, પણ તે પ્રગટ થયેલાં મન, પ્રાણ પદાર્થતત્ત્વની પીઠમાં નિગૂઢ છે, તે દેખાય તે રીતે હજી કાર્ય કરતું નથી. પોતાની શક્તિપૂર્વક કાર્ય કરતું નથી. તે આ નિકૃષ્ટ પ્રકારની શક્તિ દ્વારા કાર્ય કરે છે, તેમના લક્ષણોને કારણે તેમાં થોડુંઘણું પરિવર્તન આવી જતું હોય છે, અને તેથી તે ઓળખી શકાય તેવું નથી. માત્ર અતિમનસ્‌ના આગમન અને અવ-

તરણ દ્વારા જ પૃથ્વી પર તેને મુકત કરી શકાય, અને તે આપણા ભૌતિક, પ્રાણિક અને માનસિક ભાગોમાં પ્રગટ થઈ શકે, જેથી આ નિમ્નતર શકિતઓ આપણા સમગ્ર અસ્તિત્વની પરિપૂર્ણ દિવ્ય ક્રિયાના ભાગો બની શકે. તે જ આપણે માટે સંપૂર્ણપણે સાક્ષાત્કાર કરાયેલી દિવ્યતા અથવા દિવ્ય જીવન લાવી શકે. તેજ રીતે પદાર્થતત્ત્વમાં નિગૂઢ રહેલો પ્રાણ અને મન અહીં પ્રગટ થયાં છે, કારણકે જે નિગૂઢ હોય તેજ ઉત્ક્રાંત થઈ શકે, તે સિવાય કોઈ પ્રાગટય સંભવી ન શકે"

(અતિમનસ્નો આવિર્ભાવ, પૃષ્ઠ ૪૩)

વહાલાં માતાજી, નિગૂઢ અતિમનસ્ શું છે?

તે જ પ્રગટ અતિમનસ્ છે!

શ્રીઅરવિંદ તે જ વાત કહે છે કે " જો સર્વના કેન્દ્રમાં ભગવાન ન હોય, તો તે કદી વિશ્વમાં પ્રગટ ન થઈ શકે. તાત્ત્વિક રીતે, પોતાના ઉદ્ગમમાં અને ગહનતમ બંધારણમાં, સૃષ્ટિ દિવ્ય છે, જગત દિવ્ય છે. તે જ કારણે, એક દિવસ આ દિવ્યતા પ્રગટ થઈ શકશે, સ્પર્શગમ્ય બની શકશે, અત્યારે તેને જે વસ્તુ આવૃત કરી રહી છે, કદ્રુપ બનાવી રહી છે તેને સ્થાને પોતાની જાતને તે પરિપૂર્ણ રીતે પ્રગટ કરી શકશે. અત્યાર સુધી તો આપણે જાણીએ છીએ તેનો જગતરૂપે જ આ દિવ્યતા પ્રગટ થઈ છે, પણ આવિર્ભાવ અનન્ત છે. અત્યારના માનસિક જગતનું શિખર છે માનવ. પણ હવે પછી બીજી વાસ્તવિકતા પ્રગટ થશે, જેને શ્રી અરવિંદ અતિમનસ્ કહે છે, કારણકે મન પછીનું પગલું અતિમનસ્ છે. એટલે અત્યારે જગત જેવું છે તેની દૃષ્ટિથી જોતાં, તે સ્વાભાવિક રીતે જ અતિમનસ્ હશે, મનથી પર હશે, શ્રી અરવિંદ કહે છે કે તે આ જગતનું બીજા જગતમાં પરિવર્તન હશે. કારણ કે અત્યાર સુધી સમગ્ર સૃષ્ટિ નિમ્નતર ગોળાર્ધમાં રહેલી હતી. તે ગોળાર્ધ પર અજ્ઞાનનું નિયમન ચાલે છે. તે ગોળાર્ધ અવચેતનના પાયા પર આધારિત છે. જ્યારે ઊર્ધ્વતર ગોળાર્ધ તેનાથી તદ્દન ઊલટા પ્રકારનો હશે, તેમાં કોઈ બીજા જ પ્રકારના જગતનું તત્ત્વ ઓચિંતુ પ્રગટ થશે. તે અજ્ઞાન પર નહિ, પણ સત્ય પર આધારિત હશે. તેથી તે સાચી રીતે એક નવીન જગત બની રહેશે. જો આ જગતનાં સારતત્ત્વનો સમાવેશ આપણાથી જ્ઞાત એવા પહેલાંના જગતમાં ન થયેલો હોત તો તે જૂના જગતનું આજના જગતમાં રૂપાંતર સિદ્ધ કરવાની આશા ન

રાખી શકાઈ હોત. તે બે જગતો એક બીજાથી એટલાં બધાં ભિન્ન અને વિરોધી હોત કે તેમની વચ્ચે કોઈ સંપર્ક ન રહી શકે; જ્યારે માણસ આ જગતમાંથી સત્યના, પ્રકાશના, જ્ઞાનના જગતમાં જાય, ત્યારે અનિવાર્ય રીતે તે અદૃષ્ટિગોચર બની જાય, અજ્ઞાનના અને અચેતનતાના જગત માટે તે અસ્તિત્વ વગરનો બની જાય.

જ્યારે આ પરિવર્તન સિદ્ધ થાય, ત્યારે જૂના અને નવા જગત વચ્ચે સંબંધ કેવી રીતે સ્થપાઈ શકે? આ નવું જગત જૂના જગત પર કેવી રીતે કાર્ય કરી શકે? તેનું કારણ એ જ છે કે તાત્ત્વિક રીતે, જૂના જગતમાં આ નવું જગત સમાવિષ્ટ હતું; તે તેની અંદર, તેના ઊંડાણોમાં નિગૂઢ, અદૃશ્ય, અનપેક્ષિત હતું; પણ તાત્ત્વિક રીતે તે ત્યાં હતું જ. જો પોતાની પરમ ઊંચાઈઓ પરથી અતિમાનસ ચેતના, શક્તિ અને આનંદ સીધી રીતે આ જગતમાં પ્રગટ ન થાય, જેવું દોઢ વર્ષ પહેલાં બન્યું હતું, તો ભૌતિક જગતની આધારશિલારૂપ આ અતિમનસ્‌ને પોતાની જાતને અહીં પ્રગટ કરવાની શક્યતા જ ન રહે. તે જાગૃત થાય, અહીં નીચે દૃષ્ટિગોચર થાય તે ઊર્ધ્વના સ્પર્શના જવાબરૂપ હશે, અને અત્યારના પદાર્થતત્ત્વનાં ઊંડાણોમાં નિગૂઢ અનુરૂપ તત્ત્વને પ્રગટ કરશે. અત્યારે આ જ વસ્તુ બની રહી છે. મેં તમને બે અઠવાડિયાં પહેલાં કહ્યું હતું કે- આ ભૌતિક જગત એટલું બધું શક્તિશાળી છે, સામાન્ય ચેતના માટે એટલું બધું વાસ્તવિક છે, કે તેણે આ પ્રગટ થતી અતિમાનસ્‌ શક્તિને આવૃત કરી લીધી છે. તેની હાજરીની ઝાંખી થાય, તેની અનુભૂતિ થાય, એક યા બીજી રીતે તે દૃષ્ટિગોચર અને, ત્યાર પહેલાં ખૂબ લાંબા સમય સુધી તૈયારી કરવાની જરૂર છે. અત્યારે તે અતિમનસ્‌ આ જ કાર્ય કરી રહ્યું છે.

તેને કેટલો સમય લાગશે તેની આગાહી કરવી કઠિન છે. તે અમુક સંખ્યાના માણસોની સદ્‌ભાવના ઉપર તથા તેમના ખુલ્લાંપણા ઉપર મોટે ભાગે આધાર રાખે છે, કારણ કે હંમેશાં વ્યકિત સમૂહ કરતાં વધારે ઝડપી પ્રગતિ કરી શકતી હોય છે, અને પોતાના સ્વભાવ વડે જ, પ્રકૃતિ વડે જ, માનવ જાતિ સૃષ્ટિના બીજા ભાગો કરતાં અતિમનસ્‌ને પહેલું પ્રગટ કરે એવું ભાવિનું નિર્માણ છે.

આ સહકાર્યના પાયામાં પરિવર્તન માટેનો સંકલ્પ ખૂબ જ અનિવાર્ય છે. માણસે જેવો પોતે છે એવો ન રહેવાનો, વસ્તુઓ જેવી છે તેવી ન રહેવી જોઈએ તે પ્રકારનો સંકલ્પ કરવાનો છે. તેને પ્રાપ્ત કરવાની અનેક પદ્ધતિઓ છે. જ્યારે

તેઓ સફળ બને છે, ત્યારે તે બધી સારી જ છે એમ કહી શકાય! માણસ પરિસ્થિતિથી ખૂબ કંટાળી ગયો હોય, તે બધામાંથી બહાર આવવાની ઉત્કટતા સેવતો હોય, બીજી કોઈક વસ્તુ પ્રાપ્ત કરવા ઈચ્છતો હોય; અને વધારે વિધાયક રીત તો આ છે કે તેને પોતાની અંદર કોઈક સુંદર અને સાચી વસ્તુનો સ્પર્શ લાધ્યો હોય, અને રાજીખુશીથી બીજી બધી વસ્તુઓ છોડી દેવાની તેનામાં ઈચ્છા પ્રગટી હોય, જેથી આ નવીન સત્ય અને સૌન્દર્ય પ્રત્યેની તેની યાત્રામાં કોઈ પણ વસ્તુ બોજારૂપ ન બને.

દરેક કિસ્સામાં અનિવાર્ય વસ્તુ છે પ્રગતિ માટે ઉત્કટ સંકલ્પ, પ્રગતિમાં રૂકાવટ નાખનારી બધી વસ્તુઓનો હર્ષપૂર્વક, રાજીખુશીથી ત્યાગ, પ્રગતિમાં રૂકાવટ કરતી સર્વ વસ્તુઓને ફગાવી દેવી, એવી ઉત્કટ શ્રદ્ધાથી અજ્ઞાનમાં ચાલી નીકળવું કે આ જ આવતી કાલનું સત્ય છે, તે અનિવાર્ય છે, કોઈ પણ વસ્તુ કોઈ પણ માણસ, પ્રકૃતિનો પણ બૂરો સંકલ્પ તેને વાસ્તવિકતા બનતાં રોકી શકે એમ નથી, કદાચ નજીકના ભવિષ્યમાં જ તે વાસ્તવિકતા આવી રહેવાની છે. તે વાસ્તવિકતા સાકાર બને એટલા માટે કાર્ય ચાલી રહેલું છે, જે લોકોને પરિવર્તન કેમ કરવું તે આવડે છે, જેઓ જૂની ટેવોના ભારને કેવી રીતે વહન કરવો તે જાણતા હોય છે. આવા લોકો ચોક્કસ અતિમનસ્‌ને માત્ર જોવા પૂરતી જ નહિ, પણ તેનો સાક્ષાત્કાર કરવા પણ ભાગ્યશાળી બનશે.

માણસો ઊંઘતા હોય છે, ભુલી જતા હોય છે, જીવનનો સ્વીકાર હળવી રીતે કરતા હોય છે. પણ જો આપણે યાદ રાખીએ કે આપણે સમય અપવાદરૂપ છે, અસાધારણ છે, આપણને આ મહાન સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે, નવીન જગતના જન્મ સમયે હાજર રહેવાનો આપણને અમૂલ્ય વિશિષ્ટ અધિકાર સાંપડયો છે તો આપણે આપણી પ્રગતિમાં રૂકાવટ નાખનાર બધી વસ્તુઓને સહેલાઈથી ફગાવી દઈ શકીએ.

એટલે સૌથી અગત્યની વાત આ છે કે સઘન અનુભૂતિ ન થતી હોય તો પણ, ત્યારે પણ આ વસ્તુને યાદ રાખવી, તેમાં શ્રદ્ધા, ખાતરી રાખવી તે વાતને હંમેશાં યાદ રાખવી, સતત યાદ રાખવી, તે વિચાર કરીને જ ઊંઘી જવું, આ વાતને યાદ કરતાં કરતાં જ ઊંઘમાંથી જાગવું, આ મહાન સત્યને પશ્ચાત્‌ ભૂમિ-

કામાં રાખીને જ બધાં કામો કરવાં, તે સત્યનો જ સતત આધાર રાખવો કે આપણે નવીન જગતનો જન્મ જોઈ રહ્યા છીએ.

આપણે તેમાં ભાગ લઈ શકીએ, આપણે આ નવીન જગત બની શકીએ. સાચે જ, જ્યારે માણસને આવી અદ્‌ભુત તક સાંપડી છે, ત્યારે તેની ખાતર તેણે સર્વસ્વનો ભોગ આપવા માટે તૈયાર રહેવું જોઈએ.

*

૩૧ જુલાઈ ૧૯૫૭

વહાલા માતાજી, શુક્રવારે તમે ધ્યાન માટે "ભગવાન માટે શરીરમાં અભીપ્સા કેવી રીતે જાગૃત કરવી?" એ વિષય આપ્યો હતો.

હા.

વહાલા માતાજી, તે અભીપ્સા કેવી રીતે જાગૃત કરી શકાય?

સ્વાભાવિક રીતે જ, તે કરવાની અનેક રીતો છે; દરેક જણે પોતાની રીત શોધી લેવાની હોય છે. પણ તેનું આરંભબિંદુ તદ્દન ભિન્ન હોઈ શકે, દેખીતી રીતે લગભગ તદ્દન વિરુદ્ધ પણ હોય.

જ્યારે યોગ જીવનમાંથી ભાગી છૂટવા માટે હતો તે પ્રાચીન સમયમાં, કેટલાક પૂર્વનિર્ધારિત લોકોની વાત છોડી દઈએ તો, લોકો મોટે ભાગે વૃદ્ધાવસ્થામાં જ યોગ વિષે વિચાર કરતાં, જે અવસ્થાએ પહોંચતા પહેલાં તેમણે ઘણો ઘણો અનુભવ કરી લીધો હોય, જીવનનાં સંકટો જોઈ લીધાં હોય, જીવનનાં સુખો, દુઃખો જવાબદારીઓ, ભ્રાંતિઓ ભાગી જાય તે સ્થિતિ, જીવનની ઘણીખરી અનુભૂતિઓ ભોગવી લીધાં હોય. પરિણામે સ્વાભાવિક રીતે જ અસ્તિત્વનાં સુખ વિષેની ભ્રમણાં ભાંગી ગઈ હોય. એટલે તેઓ બીજી કોઈ વસ્તુનો વિચાર કરી શકે. તે સમયે શરીરમાં

યૌવનનો ઉત્સાહ ન રહ્યો હોય એ વાત ખરી, પણ, કામથી કામ, તે વિક્ષેપરૂપ બની શકે તેવી સ્થિતિમાં તો ન જ હોય. કારણ કે શરીર બધું ભોગવીને ધરાઈ ગયું હોય, એટલે તે વધારે ભોગવવાની માગણી તો ન જ કરે. જો માણસ આધ્યાત્મિક વલણ દ્વારા જીવનમાંથી ભાગી જવા માગતો હોય, તો તો એ છેડાથી શરૂઆત કરવી તે બરાબર ગણાય, કારણ કે તે રૂપાંતર સિદ્ધ કરવામાં શરીરના સહકારની અપેક્ષા રાખતો હોતો નથી. આ સ્પષ્ટ રીતે સહેલામાં સહેલી પદ્ધતિ છે. પણ જો માણસ ભૌતિક અસ્તિત્વ પણ દિવ્ય જીવનમાં ભાગીદાર બને એવી અપેક્ષા રાખતો હોય. ભૌતિક અસ્તિત્વને કાર્યનું તથા સાક્ષાત્કારનું ક્ષેત્ર બનાવવા માગતો હોય, તો ઘસારાથી શરીર ક્ષીણ, શાંત બની જાય અને યોગમાં વિક્ષેપ ન કરી શકે ત્યાં સુધી રાહ જોવી એ ઈચ્છનીય નથી. તેથી ઉલટું, શરીર જ્યારે તદ્દન યુવાન હોય, શકિતપૂર્ણ હોય, અભીપ્સામાં ખૂબ વેગ અને ઉત્કટતા મૂકી આપી શકે તેવી સ્થિતિમાં હોય, ત્યારે યોગ શરૂ કરવો એ વધારે સારું છે. આ બાબતમાં, કશું જ ન માગતા કંટાળા, થાક ઉપર આધાર રાખવા કરતાં. માણસે પરિપૂર્ણતા માટે, નવીન અજ્ઞાત વસ્તુ માટે, એક પ્રકારના આંતર ઉત્સાહ પર આધાર રાખવો જોઈએ. બાલ્યાવસ્થામાંથી જ માર્ગદર્શન અને મદદ મળે તેવી સ્થિતિ પ્રાપ્ત કરવા તમે ભાગ્યશાળી બન્યા હો, તો યુવાવસ્થામાં જ તમારે જીવનનાં અસ્થિર છેતરામણાં સુખો તથા પરિપૂર્ણતાના અને સત્યના જગતમાં જીવન અને કાર્ય વૃદ્ધિની પ્રાપ્તિ વચ્ચે વિવેક કરી લેવો જોઈએ. તે પરિપૂર્ણતાના અને સત્યના જગતમાં સર્વ મર્યાદાઓ અને સામાન્ય અશકિતઓને દૂર કરી દેવામાં આવી હોય છે.

જ્યારે માણસ યુવાન અને સુજાત અર્થાત અંદર સભાન ચૈત્ય અસ્તિત્વ સાથે જન્મેલો હોય છે, ત્યારે તે બાળકનાં સ્વપ્નોમાં એક પ્રકારની અભીપ્સા હોય છે, જે તે બાળકની ચેતનામાં એક પ્રકારની મહત્ત્વાકાંક્ષા હોય છે, કદ્રુપતા વગરની સુંદરતા માટે અન્યાય વગરના ન્યાય માટે, અમર્યાદ ભદ્રતા માટે, સભાન સતત વિજય માટે સતત ચમત્કાર માટે મહત્ત્વાકાંક્ષા હોય છે. બાળક જ્યારે યુવાન થાય છે, ત્યારે તે ચમત્કારોનાં સ્વપ્નો સેવતો હોય છે, બધી દુષ્ટતા અદૃશ્ય બની જાય, બધું હંમેશાં તેજોમય, સુંદર, સુખમય હોય તેવાં સ્વપ્ન સેવતો હોય છે, તેને સુખની કથાઓ ગમતી હોય છે. માણસે તેના પર આધાર રાખવો જોઈએ. જ્યારે શરીરને દુ:ખોની, તેની મર્યાદાઓની માગણી અનુભવાતી હોય છે, ત્યારે માણસે તેમાં અમર્યાદ બળનું, કલ્પનાવિહોણી સુંદરતાનું, અને અદ્‌ભુત શકિતઓનું સ્વપ્ન સ્થાપી આપવું જોઈએ. સાચે જ જ્યારે માણસ યુવાન હોય છે, ત્યારે તે હવામાં

ઉડવાનાં, જરૂર હોય ત્યાં જવાનાં, વિકૃત બનતી વસ્તુઓને ઠીકઠાક બનાવવાનાં, માંદાને સાજા કરવાનાં, સર્વ પ્રકારનાં સ્વપ્નો સેવતો હોય છે. મોટે ભાગે માતાપિતા અથવા શિક્ષકે તેના પર ઠંડું પાણી રેડવામાં સમય ગાળતાં હોય છે. તેઓ કહેતા હોય છે કે ઓહ, આ તો સ્વપ્ન છે, વાસ્તવિકતા નથી.તેમણે તેથી ઊલટી જ વાત કહેવી જોઈએ! બાળકોને શિખવાડવું જોઈએ કે, "હા, તમારે આ જ વસ્તુ સિદ્ધ કરવા પ્રયત્ન કરવો જોઈએ, જો તમે તમારામાં રહેલા તે ભાગ સાથે સંપર્કમાં આવો કે જે આ વસ્તુઓ સિદ્ધ કરવા શકિતમાન છે, તો તમે જરૂર તે સિદ્ધ કરી શકો. આ વસ્તુએ તમારા જીવનને માર્ગદર્શન આપવું જોઈએ સામાન્ય જગત જેને ભ્રાન્તિ કહે છે તેને સત્ય, વાસ્તવિકતા બનાવવાની દિશામાં તમારે વિકાસ સાધવો જોઈએ."

બાળકોને સામાન્ય અને જડ બનાવવાને બદલે, ગ્રામ્ય, સામાન્ય બુદ્ધિવાળાં બનાવવાને બદલે, તેમને એ પ્રકારનાં બનાવવાં જોઈએ. તે જડતા, ગ્રામ્યતા એક બળવાન ટેવ બની જાય છે. તે ટેવ જ્યારે કાંઈક સારું બનતું હોય છે, ત્યારે તે એવો વિચાર ઊભો કરે છે કે આ લાંબો સમય ટકી નહિ રહે! જ્યારે કોઈ માણસ ભલમનસાઈ આચરતો હોય છે, ત્યારે તે કહે છે કે, ઓહ, તેનામાં પરિવર્તન થઈ જશે! જ્યારે કોઈ અમુક વસ્તુ કરવા સમર્થ બને છે ત્યારે તે કહે છે કે ઓહ, આવતી કાલે તે આવી સુંદર રીતે તે વસ્તુ નહિ કરી શકે. આ અસ્તિત્વમાં એક પ્રકારના વિનાશક તેજાબ જેવી ચીજ છે, જે આશાનો, અને ભાવિ શકયતાઓમાં શ્રદ્ધાનો વિનાશ કરે છે.

જ્યારે બાળકમાં ઉત્સાહ તરવરતો હોય, ત્યારે કદી તેના પર ઠંડું પાણી ન રેડશો. તેને એમ ન કહેશો કે, તું જાણે છે કે જીવન એ પ્રકારનું નથી હોતું. તમારે હંમેશાં તેને પ્રોત્સાહન આપતાં કહેવું જોઈએ કે, "હા, અત્યારે વસ્તુઓ તે પ્રકારની નથી, વરવી છે, પણ તેની પાછળ બહાર પ્રગટ થવા મથતું સૌન્દર્ય છે. તારે તેને ચાહવું જોઈએ, આકર્ષવું જોઈએ, તેને તારા સ્વપ્નોનો, મહત્ત્વાકાંક્ષાઓનો વિષય બનાવી દેવો જોઈએ."

જો બાલ્યાવસ્થામાં એ ન બને, તો મોટા થયા પછી ખરાબ કેળવણીની ખરાબ અસરોને નાબૂદ કરવામાં, જીવન પાસેથી કશી જ સારી આશા ન રાખનારી ક્ષુદ્ર સામાન્ય બુદ્ધિને ઉખેડી નાંખવામાં કે જે ક્ષુદ્ર સામન્ય બુદ્ધિ જીવનને

સહીન, કંટાળાભરેલું બનાવે છે અને સવ આશાઓનો, સૌન્દર્યની કહેવાતી ભ્રમણાંઓનો વિરોધ કરે છે. તેથી ઊલટું, તમારે બાળકને અથવા તમારી જાતને કહેવું જોઈએ કે તારામાં જે અવાસ્તવિક, અશકય, ભ્રાન્તિમય દેખાય છે, તે જ સાચું છે; તારે તે જ ખિલવવું જોઈએ. જયારે તમારામાં અભીપ્સા હોય છે કે કેટલીક અશકિતઓથી હું મર્યાદિત નહિ બનું, કોઈ અસત્ સંકલ્પ વડે હું હંમેશને માટે રોકાઈ નહિ જઉં, ત્યારે તમારે તમારામાં આ શ્રદ્ધા ખિલવવી જોઈએ કે એ જ વસ્તુ તાત્ત્વિક રીતે સત્ય છે, તેને હું સિદ્ધ કરીને જ જંપીશ.

ત્યારે શરીરનાં કોશાણુઓમાં શ્રદ્ધા જાગૃત થાય છે, ત્યારે તમારા શરીરમાં જ તમને પ્રત્યુત્તર પ્રાપ્ત થશે, ત્યારે શરીરને પોતાને લાગશે કે જો મારો આંતર સંકલ્પ મદદ કરશે, બળ પૂરશે, દોરવણી આપશે, તો ધીમે ધીમે મારી બધી મર્યાદાઓ અદૃશ્ય બની જશે.

જયારે પ્રથમ અનુભૂતિ આવે છે, કે કેટલીક વાર બાલ્યાવસ્થામાં આવતી હોય છે, ત્યારે આંતર આનંદનો, આંતર સૌન્દર્યનો, આંતર પ્રકાશનો પ્રથમ સંપર્ક એકદમ તમારામાં એવી લાગણી પેદા કરે છે કે, ઓહ, હું આ જ વસ્તુ માગું છું. તમારે તેને ખિલવવી જોઈએ, તેને કદી ભુલી જવી ન જોઈએ, હંમેશાં સતત તમારી સમક્ષ જ રાખવી જોઈએ, અને તમારી જાતને કહેવું જોઈએ કે, "એકવાર મેં તેનો અનુભવ કર્યો છે, એટલે બીજી વાર પણ હું તેનો અનુભવ કરી શકીશ. આ મારે માટે એક ક્ષણ માટે પણ વાસ્તવિક બની છે; હું તેને મારી જાતમાં ફરી પુનર્જીવિત કરીશ." તમારા શરીરને તેની ખોજ કરવાનું પ્રોત્સાહન આપો. ખાતરી રાખો કે, "શરીરમાં જ તે શકયતા રહેલી છે. જો શરીર તેને ફરી બોલાવશે, તો તે ફરી આવશે જ, ફરી તેને સિદ્ધ કરી શકાશે."

જયારે માણસ નાનો હોય, ત્યારે જ આ વસ્તુ થવી જોઈએ. જયારે જયારે પોતાની જાતને યાદ કરવાની, પોતાની જાત સાથે સંબંધ જોડવાની, પોતાની જાતને ખોજવાની તક મળે, ત્યારે ત્યારે, દર વખતે, આ જ કરાવું જોઈએ.

જયારે માણસ સાધારણ હોય છે અર્થાત્ ખરાબ કેળવણીથી, ઉપદેશથી અને, દૃષ્ટાંતથી બગડી ગયો હોતો નથી, જયારે તે એક આરોગ્યમય, સમતોલ પરિસ્થિતિમાં

જન્મ્યો અને ઉછર્યો હોય છે, ત્યારે માનસિક અથવા પ્રાણિક રીતે તેમાં દખલગીરી કરવાની જરૂર સિવાય જ, શરીરને એવી ખાતરી હોય છે કે, જો કાંઈક ખોટી વસ્તુ બની હશે, તો તેને સુધારી શકશે, શરીરમાંજ એવી ખાતરી હોય છે કે, માંદગી અથવા ગેરવ્યવસ્થા ચોક્કસ અદશ્ય થઈ જવાની છે, હું સાજું બની જ જવાનું છું. વાતાવરણમાંથી મળેલી ખોટી કેળવણીને કારણે, ધીમે ધીમે શરીરને એમ શિખાડવામાં આવતું હોય છે કે, કેટલાક અસાધ્ય રોગો હોય છે, જેમને દૂર ન કરી શકાય તેવા અકસ્માતો હોય છે. શરીર વૃદ્ધ બને છે; આ બધું શરીરમાં રહેલી શ્રદ્ધાનો અને વિશ્વાસનો નાશ કરે છે. સામાન્ય બાળકના શરીરને જ, જો કાંઈક ગરબડ તેમાં પેદા થઈ હોય તો, એમ લાગે છે કે, હું સાજું થઈ જઈશ. જો તેમ ન હોય, તો સમજવું કે તેમાં વિકૃતિ આવી ગઈ છે. આરોગ્યમય હોવું તો શરીરને સ્વાભાવિક લાગતું હોય છે. જો તે માંદું પડે, તો તે તેને કંઈક અસ્વ-ભાવિક લાગતું હોય છે. પોતાની સાહજિક વૃત્તિ વડે જ શરીર જાણી લેતું હોય છે કે, બધું ઠીકઠીક થઈ જશે. માત્ર વિચારની વિકૃતિ જ આ વસ્તુનો નાશ કરતી હોય છે. માણસ જેમજેમ મોટો થતો જાય છે, તેમ તેમ વિચાર વધારેને વધારે વિકૃત બનતો જાય છે, સામૂહિક સૂચનની અસર તેના પર પડતી હોય છે; અને પરિણામે ધીમેધીમે શરીર પોતાનો આત્મવિશ્વાસ ગુમાવી દે છે, અને પોતાની સમતુલાનો ભંગ થાય ત્યારે તેને ફરી પાછી પોતામાં સ્થાપવાની સ્વયંભૂ શકિત શરીર ગુમાવી બેસે છે.

પણ જો નાનપણથી જ તમને અનેક પ્રકારની નિરાશાજનક, અવસાદકારી વસ્તુઓ શિખવવામાં આવી હોય કે જે શરીરનું વિઘટન કરે છે, તો આ શરીર વિકૃત બની ગયેલું, અવ્યવસ્થિત બની ગયેલું હોવાને કારણે, તેનામાં આંતર બળનું અને પ્રતિકાર્ય કરવાની શકિતનું ભાન ગુમાઈ ગયેલું હોવાને કારણે, શરીર ખૂબ પ્રયત્ન કરે છતાં પણ તે રોગને કે અવ્યવસ્થાને દૂર કરી શકતું નથી.

જો શરીર વિકૃત ન બને તેવી દરકાર માણસ રાખે, તો શરીરમાં પોતામાં જ વિજયની ખાતરી હોય છે. વિચારનો ખોટો ઉપયોગ અને શરીર પર પડતી તેની અસર જ શરીરમાં રહેલી વિજયની ખાતરી દૂર કરી દે છે. માટે પહેલી વસ્તુ એ જ કરવાની છે કે, એ પ્રકારની ખાતરી કેળવવી, તેનો નાશ ન કરવો. જો તે હશે, તો પ્રયત્ન કરવાની જરૂર નહિ રહે, અભીપ્સા કરવાની જરૂર નહિ રહે, પણ વિજયની આંતર ખાતરીને માત્ર ખિલવાનું રહેશે.

શરીરમાં પોતાની દિવ્યતાનું ભાન છે. જો તમે તેને ગુમાવી દીધું હોય, તો તમારે તેને ફરી શોધી કાઢવા પ્રયત્ન કરવો જોઈએ.

જ્યારે બાળક તમને કહે કે. મને એક સુંદર સ્વપ્ન આવ્યું હતું, જેમાં મારામાં ખૂબ શક્તિઓ હતી, બધી વસ્તુઓ સુંદર હતી, ત્યારે તમે ડાહ્યા થઈને તેને કદી એમ ન કહેશો કે, ઓહ, જીવન તે પ્રકારનું નથી હોતું, કારણ કે તેથી તમે એક ખરાબ વસ્તુ કરી રહ્યા છો. ઉલ્ટું તમારે તો, તેને એમ કહેવું જોઈએ કે, જીવન તે પ્રકારનું જ હોવું જોઈએ અને તે જરૂર પ્રકારનું બનશે.

*

૭ ઓગસ્ટ ૧૯૫૭

શ્રી અરવિંદે લખ્યું છે કે "અતિમનસ્‌નું અવતરણ તેને સ્વીકારનાર અને બળ ચેતનામાં પરિપૂર્ણ બનેલા માણસમાં દિવ્ય જીવનની સર્વ શકયતાઓને સ્થાપશે તે માત્ર આધ્યાત્મિક જીવનની સમગ્ર લાક્ષણિક અનુભૂતિને જ નહિ, પણ અત્યારે આપણે જેને બિન-આધ્યાત્મિક કહીએ છીએ તેને પણ આવરી લેશે."

(અતિ-મનસ્‌નો આવિર્ભાવ, પૃષ્ઠ ૪૭)

તો પછી તમે પૂછો છો? કયી વસ્તુ તેમાંથી બાકાત રહેશે તે?

આપણે જેને બાકાત રાખીએ તે તો તે માણસ પર આધાર રાખે છે. પણ તમે સાચી રીતે શું પૂછો છો?

આપણે કોઈ પણ વસ્તુ બાકાત રાખી શકતા નથી.

ઓહ, તે તો બહુ ડહાપણ ભરેલી વાત છે. અહીં આપણે કહીએ છીએ કે આપણે કોઈ પણ વસ્તુને બાકાત રાખતા નથી. તેનું તે જ કારણ છે. આપણે બધી જ માનવીય પ્રવૃત્તિઓને ઓછામાં ઓછી આધ્યાત્મિક ગણાતી પ્રવૃત્તિઓને પણ લઈ લીધેલી છે. પણ મારે કહેવું જોઈએ કે તેમનો સ્વભાવ બદલવો એ બહુ કઠિન છે; છતાં આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ. આપણે તેમાં સર્વ શકય સદ્‌ ભાવના મૂકીએ છીએ.

એમ પણ કહેવામાં આવ્યું છે કે અતિમનસ્‌નું અવતરણ રૂપાંતરને વધારે સહેલું બનાવશે? તેમાં બે વસ્તુઓ બળપૂર્વક પ્રતિરોધ કરે છે: એક રાજકારણ, અને બીજું અર્થકારણ. આ બે બાબતોમાં માનવીય વલણનું પરિવર્તન કરવું તે સૌથી વધારે કઠિન છે.

સિદ્ધાંતરૂપે અમે કહ્યું છે કે રાજકારણ સાથે આપણને કોઈ નિસ્બત નથી. તે વાત સાચી છે કે અત્યારે જે પ્રકારે રાજકારણ આચરાય છે તેની સાથે આપણને કોઈ નિસ્બત નથી. પણ જો રાજકારણને તેની સાચી ભાવનાપૂર્વક સ્વીકારવામાં આવે, માનવસમૂહોના સંગઠનના રૂપમાં, સરકારી તંત્રની સર્વ વિગતોમાં, સામૂહિક જીવનના નિયંત્રણમાં, બીજા સમૂહો, રાષ્ટ્રો, દેશો સાથેના સંબંધોમાં, તો રાજકારણ જરૂર અતિમાનસિક રૂપાંતરમાં પ્રવેશી શકે, કારણ કે જ્યાં સુધી રાષ્ટ્રજીવન અને રાષ્ટ્રો વચ્ચેના સંબંધો જેવા અત્યારે છે તેવા રહે, ત્યાં સુધી પૃથ્વી પર અતિમાનસિક જીવન જીવવું તે તદ્દન અશક્ય છે. એટલે આપણે રાજકારણમાં પણ પરિવર્તન લાવવું પડશે, આપણે તેની સાથે પણ કામ લેવું પડશે.

અર્થકારણની બાબતોમાં, વિનિમયનું અને ઉત્પાદનનું સાધન શોધી કાઢવું તે સરળ છે. પ્રાથમિક જમાનામાં લોકો એક વસ્તુ આપીને બદલામાં બીજી વસ્તુ લેતા હતા. તેના કરતાં આપણે વિનિમયને વધારે સરળ બનાવી શકીએ. સિદ્ધાંતની દૃષ્ટિએ પ્રાચીન સમયની વિનિમય પદ્ધતિ સર્વત્ર લાગુ પાડી શકાય. જીવનના સરળીકરણ માટે તે અનિવાર્ય છે. પણ માનવ પ્રકૃતિમાં તેથી વિરુદ્ધનું જ બનતું હોય છે! ત્યાં પરિસ્થિતિ લગભગ અસહ્ય બની ગઈ છે. બીજા દેશો સાથે જરા પણ સંબંધ રાખવો એ લગભગ અશક્ય બની ગયું છે. જેને વિષે ખૂબ બડાશો મારવામાં આવી હતી તે વિનિમયનાં સાધનો સરળીકરણ કરવાને બદલે ખૂબ જટિલ બની ગયાં છે, કદાચ તેમાં વ્યવહારબંધી નજીકના ભાવિમાં થાય તેવો સંભવ છે. પછી આપણે કાંઈ ન કરી શકીએ. દરેક વસ્તુમાં બધુ થઈ જઈએ એવી દહેશત છે. જો માણસને બીજા દેશમાંથી એક નાનામાં નાની વસ્તુ મંગાવવી હોય, તો તેને ખૂબ ગૂંચવાડાભરેલી અને પરિશ્રમયુકત પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડતું હોય છે. પરિણામે કદાચ તે માણસને પોતાના નાનકડા ખૂણામાં જ રહેવું પડે, પોતાના ખેતરમાં ઉગાડેલા બટાકાથી જ સંતોષ માનવો પડે; બીજા દેશોમાં શું બની રહ્યું છે તે જાણવાની આશા તેણે છોડી દેવી પડે.

આ બે વસ્તુઓ : રાજકારણ અને અર્થકારણ ખૂબ પ્રતિરોધક છે. માનવ ચેતનામાં આ બે વસ્તુઓ અજ્ઞાનનાં, અચેતનતાનાં, અસદ્‌ભાવનાનાં બળોને પરાધીન છે. આ બે સત્ય પ્રત્યેની પ્રગતિનો, આગેકૂચનો ખૂબ- ખૂબ વિરોધ કરતી હોય છે. કમનસીબે, દરેક માનવ વ્યક્તિમાં પણ એ બે વસ્તુઓ જ વિરોધ કરતી હોય છે, જે વસ્તુઓ મૂર્ખાઈભરેલી છે અને જે પરિચિત વસ્તુઓને સમજવાનો ઈન્કાર કરતી હોય છે. આ વસ્તુઓને લઈ તેમનું રૂપાંતર કરવું એ એક વીરતાભર્યું કાર્ય છે, આપણે તે માટે પણ પ્રયત્ન કરીએ છીએ. તે સિદ્ધ ન થાય ત્યાં સુધી પૃથ્વીની પરિસ્થિતિમાં પરિવર્તન આવવું તે અશકય છે.

સામાજિક અને અર્થકારણી સ્થિતિઓને બદલવી તે રાજકારણી નાણાંકીય સ્થિતિઓને બદલવા કરતાં વધારે સહેલું છે. અર્થકારણી અને સામાજિક દૃષ્ટિબિંદુથી જોતાં, અમુક સામાન્ય વિશ્વવ્યાપી વિચારો છે, જેમની પાસે માનવવિચાર જઈ શકે તેમ છે. અમુક મુકિતઓ, અમુક વિશાળતા, અમુક સામૂહિક સંગઠન, કે જે તદ્‌ન અર્થહીન અને સિદ્ધ ન થઈ શકે તેવાં નથી દેખાતાં. પણ જયારે તમે બીજા બે મહત્ત્વના પ્રશ્નોને સ્પર્શ કરો છો, ખાસ કરીને રાજકારણી પ્રશ્નને, ત્યારે સ્થિતિ તદ્‌ન જુદા જ પ્રકારની લાગે છે. નાણાંકીય ગૂંચવણો વગરના જીવનની કલ્પના થઈ શકે છે જો કે તે સાચી દરીદ્રતા હશે. નાણાંકીય શકયતાઓ અને

---

૧. "દિવ્ય જીવન- પૃથ્વી પરનું દિવ્ય જીવન એક અલગ અને બાકાત રાખનારી વસ્તુ નહિ હોય, કે જેને સામાન્ય પાર્થિવ અસ્તિત્વ સાથે કશી લેવા-દેવા નથી, તે માનવીય જીવનને અને માનવીય અસ્તિત્વને હાથમાં લેશે, શકય હશે તેનું રૂપાંતર કરશે, શકય હશે તેનું આધ્યાત્મીકરણ કરશે, બાકીની વસ્તુઓ પર પોતાની અસર પાડશે, તેમાં ભૌતિક અથવા તો ઉદાત્ત બનાવે તેવું પરિવર્તન લાવશે, વૈશ્વિક અને વચ્ચે ગહનતર આપલેનો સંબંધ સ્થાપશે, આધ્યાત્મિક સત્યનો જે તેજોમય પડછાયો હશે તે આદર્શ ઉપર આક્રમણ કરશે, અને મહત્તર અથવા ઉચ્ચતર અસ્તિત્વ પ્રત્યે આરોહણમાં મદદ કરશે, જો અતિમનસ્ આવશે, અને અત્યારે જેમ મન એ અગ્રણી તત્ત્વ છે તેમ પાર્થિવ પ્રકૃતિમાં અતિમાનસ અસ્તિત્વને અગ્રણી તત્ત્વ તરીકે સ્થાપશે અને તે પણ પૂરી ખાતરીપૂર્વક. પાર્થિવ અસ્તિત્વના સંપૂર્ણ નિયમનપૂર્વક,તો મન પોતાની અપૂર્ણતાને કારણે જે કરી શકયું ન હતું તે રૂપાંતરની શકિત, તેમની સ્વાભાવિક મર્યાદાઓમાં અને તેમની ભૂમિકા ઉપર, માનવજીવનનું મહાન પરિવર્તન થશે. પછી ભલે તે દિવ્ય રૂપાંતર સુધી ન પહોંચે, પણ તે અનિવાર્ય બનશે.

(અતિમનસનો આવિર્ભાવ, પૃષ્ઠ ૪૭-૪૯)

પ્રક્રિયાઓ જે વસ્તુ લાવે છે તેમાં શકયતાઓની ખૂબ સમૃદ્ધિ છે, કારણ કે જો તેમનો સાચી રીતે ઉપયોગ કરવામાં આવે, સાચી ભાવનાપૂર્વક ઉપયોગ કરવામાં આવે, તો ખૂબ પ્રમાણમાં બધા માનવીય સંબંધો અને કાર્યો સરળ બની જાય અને જીવનની એવી એક જટિલતાને શકય બનાવે કે જે બીજી પરિસ્થિતિઓમાં ખૂબ કઠિન બની જાય. પણ મને સમજાતું નથી, સિવાય કે શ્રેષ્ઠ ઘટના પહેલાં કનિષ્ઠ ઘટના બનતી હોય છે, કે સરળીકરણનો માર્ગ અપનાવવાને બદલે માણસો જટિલીકરણનો માર્ગ શા માટે પસંદ કરતા હોય છે, અને તે પણ એટલી હદ સુધી કે વિમાનો તમને બે દિવસમાં જગતના એક ખૂણેથી બીજે છેડે લઈ જઈ શકે છે. આધુનિક સંશોધનોએ જીવનને એટલું બધું નાનકડું અને નજીકનું બનાવી દીધું છે કે ૮૦ દિવસને બદલે અત્યારે આપણે થોડા જ દિવસોમાં પૃથ્વીની પરિક્રમા કરી શકીએ; અને છતાં પણ દા. ત. વિનિમયના ગૂંચવાડાઓ એટલા બધા મોટા છે કે માણસો પોતાને ઘેરથી બીજે જઈ શકતા નથી, પોતાના દેશમાંથી બહાર જઈ શકતા નથી, કારણકે તેમની પાસે બીજા દેશમાં જવા માટે ત્યાંનાં ચલણી નાણાં નથી હોતાં. જો તેઓ તે નાણાંની માગણી કરે, તો તેમને પૂછવામાં આવે છે કે, "તમારે તે દેશમાં જવું એ શું ખૂબ મહત્ત્વનું છે? તમે થોડોક સમય રાહ જુઓ, કારણ કે અત્યારે અમે તે નાણાં તમને આપી શકીએ તેમ નથી." હું મશ્કરી નથી કરતી, આ હું ગંભીરતાપૂર્વક કહી રહી છું, આવું બનતું હોય છે. તેનો અર્થ એ થયો કે આપણે આપણા જન્મસ્થાનમાં કેદી બનતા જઈએ છીએ, જ્યારે સર્વ વૈજ્ઞાનિક સંશોધનો દેશો વચ્ચે એટલી બધી નિકટતા લાવી રહ્યાં છે કે આપણે બહુ સહેલાઈથી વિશ્વના, કમથી કમ સમગ્ર જગતના રહેવાસી બની શકીએ.

પરિસ્થિતિ આવી છે. ગયા મહાયુદ્ધ પછી તે વધારે ખરાબ બની ગઈ છે. વર્ષે વર્ષે તે વધારે ને વધારે ખરાબ બનતી ચાલે છે. માણસ પોતાની જાતને એવી હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકાયેલો જુએ છે કે કમ નસીબે જે સરળ વસ્તુને જટિલ બનાવી દેવામાં આવી છે તેનો છેડો દેખાતો નથી, અને પાર્થિવ ચેતનામાં એક એવો વિચાર પેદા થઈ રહ્યો છે, જેને આપણે બેહુદો ગણી શકીએ. પણ તે બેહુદો હોવા કરતાં પણ વધારે ખરાબ બની રહ્યો છે, તેને સંકટ રૂપ કહી શકાય. તે વિચાર એ છે કે જો કોઈ મોટી ઉથલપાથલ થાય, તો પછી બધું ઠીક ઠાક થઈ રહે. માણસ નિષેધોની, અશકયતાઓની, અવરોધોની, નિયમોની, હરક્ષણે આવી પડતી જટિલતાઓની વચ્ચે એવો તો ભીંસાઈ ગયો છે કે માણસ ગુંગળાઈ જાય

છે અને એવો વિચાર કરતો બની જાય છે કે જો આ બધાને સંપૂર્ણ વિનાશ કરી દેવામાં આવે, તો પછી બધું વધારે સારું બની જાય ! તે વિચાર હવામાં ફેલાઈ રહ્યો છે. બધી સરકારોએ પોતાની જાતને એવી અશકય સ્થિતિમાં મુકી દીધો છે. તે એટલી બધી બંધનમાં સપડાઈ ગઈ છે કે તેમને એમ લાગે છે કે આગળ વધી શકવા માટે બધી વસ્તુઓને ભાંગી-તોડી નાંખવી પડશે. (મૌન) કમનસીબે, આ શકયતા કરતાં કાંઈક વધારે છે. એ એક ખૂબ ગંભીર ધમકી છે. અને જીવન હજી પણ વધારે અશકય બને તેવો સંભવ છે, કારણ કે એ જટિલતાઓની અંધાધુંધીમાંથી બહાર નીકળી આવવા માટે માણસ અસમર્થ બની ગયો છે, કે જે અંધાધુંધીમાં માનવ-જાતિએ પોતાની જાતને મુકી દીધી છે. માનવ ચેતનામાં જ એક નવીન આશા ઉગી છે તેનો જે એક સક્રિય પડછાયો છે તે આશા અને જરૂરિયાત કોઈક વધારે સંવાદમય વસ્તુની છે. જેમ જેમ આધુનિક જીવનનું સંગઠન તેથી વધારે ને વધારે વિરુદ્ધ બનતું જાય છે, તેમ તેમ તે જરૂરિયાત વધુ ને વધુ તીવ્ર બનતી જાય છે. એ બે વિરુદ્ધ વસ્તુઓ એવી ઉત્કટતાથી એકબીજાની સામે આવીને ઊભી રહી છે કે તેમાંથી ભડાકા જેવું કાંઈક પ્રગટે.

(મૌન)

પૃથ્વીની આ સ્થિતિ છે, તે બહુ તેજસ્વી, આશાપ્રદ નથી. પણ આપણે માટે એક શકયતા રહે છે, મેં તે વિષે તમને અનેક વાર વાત કરી છે, ભલે બહારની વસ્તુઓ પૂરેપૂરી ખરાબ બનતી ચાલે, અને સંકટને કદાચ દૂર ન રાખી શકાય, તો પછી જે લોકોને માટે અતિમાનસિક જીવન એક વ્યર્થ સ્વપ્નરૂપ નથી રહ્યું, જેમ તે તેની વાસ્તવિકતામાં શ્રદ્ધા છે અને તેનો સાક્ષાત્કાર કરવા માટેની અભીપ્સા છે, હું અહીં પોંડીચેરીમાં આશ્રમમાં આવેલા લોકોની વાત નથી કરતી, પણ તે લોકોની વાત કરું છું કે જેમની વચ્ચે શ્રી અરવિંદે આપેલા જ્ઞાનની કડી (જોડનારી કડી) છે અને તે જ્ઞાન અનુસાર જીવવાનો સંકલ્પ છે. તેમણે પોતાની અભીપ્સાને, સંકલ્પને પ્રયાસને વધારે ઉત્કટ બનાવવાં પડશે, પોતાની શકિતઓને એકત્રીત કરવી પડશે, અને સાક્ષાત્કાર માટેના સમયને ટૂંકો બનાવવો પડશે. તેમણે વ્યકિતગત રીતે અને થોડાક પ્રમાણમાં સામૂહિક રીતે, આ સાક્ષાત્કાર માટે જરૂરી અવકાશ, ગાળો, અને સમય પર વિજય પ્રાપ્ત કરવાનો ચમત્કાર બનાવવો પડશે. તેમણે સમયને સ્થાને પ્રયાસની ઉત્કટતા મૂકી આપવી પડશે, અને જગતની વર્તમાન પરિસ્થિતિનાં પરિણામોમાંથી પોતાની જાતને મુકત કરવા માટે ખૂબ જલ્દી,

ખૂબ દૂર તે સાક્ષાત્કાર પ્રત્યે આગળ વધવું પડશે. તેમણે શક્તિને, બળને, પ્રકાશને, સત્યને એવાં એકાગ્ર બનાવવાં પડશે કે આ સાક્ષાત્કાર દ્વારા તેઓ આ પરિણામોથી પર અને સલામત રહી શકે, આંતર રૂપાંતર દ્વારા તેમને પ્રાપ્ત થયેલા, પ્રકાશ, સત્ય, દિવ્ય વિશુદ્ધિએ આપેલા રક્ષણને માણી શકે. જેથી નિકટના ભાવિની આ મહાન આશાનો નાશ કર્યા સિવાય આ ઝંઝાવાત જગત પરથી પસાર થઈ જાય, તે ઝંઝાવાત આ સાક્ષાત્કારના પ્રારંભને ઘસડી ન જાય.

આરામમય શાંતિમાં ઊંઘી જવાને બદલે, વસ્તુઓને પોતાની છંદોમયતા અનુસાર બનવા દેવાને બદલે, જો માણસ પોતાના સંકલ્પને અભીપ્સાને ખૂબ વધારે અને પ્રકાશમાં કૂદી પડે, તો તે પોતાના મસ્તકને ઉચ્ચતર રાખી શકે, પોતાની ચેતનાના ઉચ્ચતર પ્રદેશમાં જીવવા માટે, શ્વાસોચ્છ્વાસ લેવા માટે, વહી જતા ઝંઝાવાતથી પર રહીને વિકાસ સાધવા માટે મોકળાશ મેળવી શકે.

આ શક્ય છે. જ્યારે શ્રી અરવિંદ અહીં હતા ત્યારે છેલ્લા મહાયુદ્ધ વખતે, ઘણાથોડા પ્રમાણમાં આ વસ્તુ કરવામાં આવી હતી. તે જ ફરીથી પણ કરી શકાય, પણ માણસને તેની ઇચ્છા હોવી જોઈએ, દરેક જણે પોતાનું કાર્ય કરવું જોઈએ, યથાશક્તિ દિલની સચ્ચાઈપૂર્વક અને પરિપૂર્ણ રીતે.

*

૧૪ ઓગસ્ટ ૧૯૫૭

આજ સાંજે પ્રશ્નોના ઉત્તર આપવાને બદલે, આપણે શ્રી અરવિંદની સ્મૃતિપર ધ્યાન કરીશું, તે સ્મૃતિને આપણામાં કેવી રીતે જીવંત રાખી શકાય તેના પર, તેમનો આપણે જે આભાર માનવો જોઈએ તેના ધ્યાન કરીશું. કારણકે શ્રી અરવિંદે આપણે માટે ઘણુંઘણું કર્યું હતું, અને હજી પણ કરતા રહે છે. તે આ મહાન સાક્ષાત્કાર માટે પોતાની તેજોમય, જીવંત, સક્રિય ચેતનામાં તેમણે ઘણું કર્યું હતું અને હજી પણ કરતા રહે છે. તે આ મહાન સાક્ષાત્કારની પૃથ્વીને જાહેરાત કરવા માટે જ માત્ર ન હતા આવ્યા, પણ તેને સિદ્ધ કરવા પણ આવ્યા હતા. હજી પણ તે સાક્ષાત્કારને તેઓ સિદ્ધ કરી રહ્યા છે.

આવતી કાલે તેમના જન્મશતાબ્દી દિન છે. વિશ્વના ઈતિહાસમાં તે સનાતન જન્મ છે.

૨૧ ઑગસ્ટ ૧૯૫૭

માતાજી, થોડાક સમયથી આપણી પ્રવૃત્તિઓમાં સામાન્ય ચેતના નીચે ઉતરી ગઈ છે. ખાસ કરીને આશ્રમ ખૂબ વિશાળ બની ગયો ત્યારથી એમ લાગે છે. તેનું કારણ શું છે અને તે સ્થિતિને આપણે કેવી રીતે સુધારી શકીએ?

તમે આશ્રમની બધી પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરો છો કે માત્ર રમતગમતોનો? આશ્રમની બધી પ્રવૃત્તિઓમાં?

માતાજી, બધી પ્રવૃત્તિઓને હું જાણતો નથી. હું જેમને જોઈ શકું છું, તેમની હું વાત કરું છું.

(ખૂબ લાંબા સમયના મૌન પછી) આ ખૂબ ગૂંચવાડાભરેલો પ્રશ્ન છે. હું તેને સમજાવવા પ્રયત્ન કરીશ.

ઘણા સમય સુધી આશ્રમ માત્ર વ્યક્તિઓનું મિલન સ્થાન હતું, દરેક જણ કોઈક વસ્તુનું પ્રતિનિધિત્વ કરતો હતો, પણ તે વ્યક્તિ તરીકે. તેમાં સામૂહિક સંગઠન ન હતું. તેઓ શેતરંજના પટ પરનાં ભિન્નભિન્ન મહોરાં હતાં. તેઓ માત્ર દેખાવમાં જ સંયુક્ત હતા. તેઓ કેવળ એક જ જગ્યાએ રહેવાને કારણે, કેટલીક સામાન્ય ટેવો હોવાને કારણે અને તે પણ થોડી જ ટેવોમાં સમાન હતા, આ કેવળ બાહ્ય હકીકતને કારણે તેઓ કાંઈક સંગઠિત કહી શકાય. દરેક જણ પોતાની શક્તિ અનુસાર પ્રગતિ કરતો હતો અથવા કરતો ન હતો. એકને બીજા સાથે ઓછામાં ઓછા સંબંધો હતા. જે વ્યક્તિઓ આ વિચિત્ર સમૂહનું નિર્માણ કરતી હતી, તેમના મૂલ્ય અનુસાર એક સામાન્ય (સર્વસાધારણ) મૂલ્યવત્તા હતી. પણ તે મૂલ્યવત્તા ખૂબ અસ્પષ્ટ, પ્રાથમિક પ્રકારની હતી. તેમાં સામૂહિક વાસ્તવિકતા ન હતી. આ સ્થિતિ ઘણો લાંબો સમય ચાલી. તાજેતરમાં જ સામૂહિક વાસ્તવિકતાની જરૂર દેખાવા લાગી છે. તે જરૂરિયાત આશ્રમ પૂરતી જ મર્યાદિત નથી, પણ તે હોવા લોકોને પણ આલિંગી લે છે કે જેમણે, ભૌતિક રીતે નહિ પણ પોતાની ચેતનામાં, પોતાને શ્રી અરવિંદના શિષ્યો તરીકે જાહેર કર્યા છે અને જેમણે શ્રી અરવિંદના ઉપદેશને જીવનમાં ઊતારવા પ્રયાસ કર્યો છે. અતિમાનસિક ચેતનાનું અને શક્તિનું પ્રાગટય થયું ત્યારથી, તે બધા લોકોમાં એક સાચા સાંઘિક જીવનની જરૂરિયાત જાગૃત થઈ છે. જે સંઘ માત્ર કેવળ બાહ્ય ભૌતિક સંજોગો પર આધા-

રિત નથી, પણ જે ગહનતર સત્યનું પ્રતિનિધિત્વ કરી શકે, જેને શ્રી અરવિંદ અતિમાનસ અથવા જ્ઞાનમય સંઘ કહે તેવો બની શકે. અલબત્ત, શ્રી અરવિંદે કહ્યું છે કે તે સંઘમાંની વ્યકિતઓએ પોતે અતિમાનસ ચેતનાને પ્રાપ્ત કરેલી હોવી જોઈએ. પણ વ્યકિતગત પરિપૂર્ણતા પ્રાપ્ત કર્યા સિવાય પણ, તેમાં આ સામૂહિક વ્યકિતત્વનું સર્જન કરવાનો આંતર પ્રયાસ હતો. સાચી એકતા ગહનતર ગ્રંથિ માટેની જરૂરિયાત વરતાઈ છે, અને તેને સિદ્ધ કરવા માટેના પ્રયાસો ચાલુ થયા છે.

તેથી કાંઈક વિક્ષેપ થયો છે. પહેલાં વલણ ખૂબ વ્યકિતગત હતું, જેથી કેટલીક ટેવો ઉજળી પડી છે ભૌતિક રીતે નહિ, કારણ કે વસ્તુઓ પહેલાં હતી તેના કરતાં અત્યારે બહુ ભિન્ન નથી, પણ વધારે ગહન ચેતના આવી છે, હું એ વાત પર ભાર મૂકવા માગું છું કે આણે અમુક આંતર પરસ્પર આધારનું સર્જન કર્યું છે, જેથી વ્યકિતગત ધોરણ થોડુંક નીચે આવી ગયું છે, સિવાય તે લોકોમાં કે જેમણે આ બધાને સમાન સ્તર પર લાવવાની ગતિનો પ્રતીકાર કરી શકે તેવા બળવાન આંતર સાક્ષાત્કારને પ્રાપ્ત કર્યો હતો. તે વસ્તુ એવી છાપ ઉભી કરે છે કે સર્વસાધારણ સ્તર નીચે ઉતરી ગયુ છે, પણ આ વાત સાચી નથી. પહેલાં હતું તેના કરતાં સર્વસાધારણ સ્તર ઉચ્ચતર ભૂમિકા પર ગયું છે, પણ વ્યકિતગત સ્તર, ઘણા માણસોમાં, પહેલાંના કરતાં નીચે ગયું છે. જે વ્યકિતઓ એક યા બીજો સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા સમર્થ હતી, તેમને લાગ્યું છે કે અમારે પહેલાં જે ભાર વહન કરવો પડતો ન હતો તે હવે વહન કરવો પડે છે જો કે તેનું કારણ તેઓ સમજતા હોતા નથી, તે આ પરસ્પર આધારનું પરિણામ છે. ઉલટું, તે એક અસ્થાયી (થોડા સમય માટેની) અસર છે, જે સુધારા પ્રત્યે, ખૂબ અનુભવી શકાય તેવી સર્વસાધારણ પ્રગતિ પ્રત્યે દોરી જશે.

અલબત્ત, જો દરેક વ્યકિત સચેતન હોત, જો તેણે આ સમાન સ્તર પર બધાને લાવવાની અસરને તાબે થવાને બદલે, સમૂહમાંથી આવતાં તત્ત્વોને, અસરોને, પ્રવાહોને ઉન્નત બનાવવા માટે, તેમનું રૂપાંતર કરવા માટે, તેમનો પ્રતીકાર કર્યો હોત, તો સમગ્ર સમૂહે પહેલાંના કરતાં ઉચ્ચતર ચેતનામાં આરોહણ કર્યું હોત.

હું તે જ લક્ષ્ય સિદ્ધ કરવા માગું છું. તમને તે વિસ્તારપૂર્વક સમજાવતી નથી. જ્યારે મેં તમને પ્રયાસ કરવાની ઉત્કટ જરૂરિયાત વિષે વાત કરી હતી,

ત્યારે હકીકતમાં હું તમને સમજાવવા માગતી હતી કે તમે જે વ્યક્તિગત રીતે પ્રયાસ કરશો તે માત્ર વ્યક્તિગત પ્રગતિ માટેનો નહિ બની રહે, પણ તે પ્રસરશે અને ખૂબ મહત્ત્વનાં સામૂહિક પરિણામો નીપજાવશે. પણ મહીનાઓ સુધી મેં કાંઈ જ કહ્યું નહિ, કારણ કે હું વ્યક્તિગત ચેતનાને આ સામૂહિક વ્યક્તિત્વ માટેની આ જરૂરિયાત સ્વીકારવા માટે તૈયાર કરવા માગતી હતી. હવે મારે તે તમને સમજાવવું જોઈએ. આ દેખીતા પતન માટે બીજું કોઈ જ કારણ નથી. તે પ્રગતિની ધીરે ધીરે ઊર્ધ્વમાં આરોહણ કરતી ગતિ છે, જે અમુક સાક્ષાત્કારને વધારે વિશાળ અને ઉચ્ચતર બનાવવા માટે તેનો ત્યાગ કરવાની જરૂરિયાત ઉભી કરે છે. જો દરેક જણ તેમાં સચેતન રીતે અને સદ્‌ભાવનાથી સહકાર આપે, તો તે બહુ જલ્દી સિદ્ધ થાય.

જો આ આશ્રમના જીવનને ગતિશીલ બનાવવું હોય, તો તે જરૂરિયાત અનિવાર્ય હતી. જે વસ્તુ પ્રગતિ નથી કરતી, તે ચોક્કસ અવનતિ કરે છે, નાશ પામે છે. આશ્રમે ટકી રહેવા માટે પોતાની ચેતનામાં પ્રગતિ સાધવાની હતી, એક જીવંત તત્ત્વ બનવાનું હતું. આપણે ઊર્ધ્વ ગતિમાં, કેટલાંક વર્ષ પહેલાંના સાક્ષાત્કારની રેખાથી ખૂબ આગળ વધ્યા છીએ; પણ ઉચ્ચતર સ્તર પર આપણે ત્યાં પાછા આવીશું.

તે તમારા પ્રશ્નનો જવાબ છે.

મેં તમને હમણાં જે કહ્યું છે તેનો વિરોધ કરતી લાગે એવી ગતિઓ દેખાય, પણ હંમેશાં તેવું જ બનતું હોય છે. કારણ કે જ્યારે જ્યારે માણસ અમુક વસ્તુને સિદ્ધ કરવા માગે છે, ત્યારે ત્યારે તેને પહેલી મુશ્કેલી એ જણાય કે જે પહેલાં નિષ્ક્રિય હતું તે હવે પ્રતિરોધ કરવા ઊભું થઈ જાય છે. જે વસ્તુ આ પરિવર્તન સ્વીકારવાની ઈચ્છા રાખતી નથી, તે સ્વાભાવિક રીતે જ જાગીને બળવો પોકારે છે, પણ તે મહત્ત્વનું નથી. તે વાત વ્યક્તિમાં બને છે તે જ પ્રકારની છે, જ્યારે તમે પ્રગતિ કરવા માગો છો, ત્યારે તમારી ચેતનામાં, તમે જે મુશ્કેલીને જીતવા માગતા હો છો તે તરત જ, મહત્ત્વની અને ઉત્કટતાની દૃષ્ટિએ દશગણી વધી જાય છે. પણ છતાં ખંતપૂર્વક આગળ વધ્યે જ જવાનું હોય છે, તો મુશ્કેલી ચાલી જશે.

૨૮ ઑગસ્ટ ૧૯૫૭

માતાજી, અહીં શ્રી અરવિંદ કહે છે, "અતિમાનસિક અસરનો સ્પર્શ સમગ્ર માનવજાતિને થશે કે તે પરિવર્તન માટે તૈયાર થયેલા અમુક ભાગને જ, તેનો આધાર વિશ્વના ચાલુ ક્રમમાં જે વસ્તુનો ઈરાદો હતો અથવા જે શક્ય હતું તેના પર રહે છે."

(અતિમનસ્‌નો આવિર્ભાવ, પૃષ્ઠ ૬૫.)

"જે વસ્તુનો ઈરાદો હતો અથવા જે શક્ય હતું" તેનો અર્થ શો છે? બે વસ્તુઓ ભિન્ન છે. અત્યાર સુધી તમે કહ્યું છે કે જો માનવજાતિ પરિવર્તિત બને, જો તે નવીન જન્મમાં ભાગીદાર બનવા ઇચ્છે .....

તે એક જ વસ્તુ છે. જ્યારે તમે કોઈ પદાર્થને અમુક સ્તર પર જુઓ, ત્યારે તમે તેને વિસ્તૃત રીતે, ચારે બાજુએ પ્રસરતી રીતે જુઓ છો, જ્યારે તમે તે જ પદાર્થને બીજા સ્તર પર જુઓ છો, ત્યારે તમે તેને ઉભી રેખામાં જુઓ છો, (માતાજી પોતાના પુસ્તકનું પૂઠું અને તેની પાછલી બાજુ બતાવે છે). એટલે જો માણસ ઉર્ધ્વમાંથી જુએ, તો તે કહેશે કે જેનો ઈરાદો હતો તે, જો માણસ નીચેથી જુએ તો તે કહેશે જે શક્ય હતું તે. પણ તે બંને એક જ વસ્તુ છે, માત્ર દૃષ્ટિબિન્દુ ભિન્ન-ભિન્ન છે.

તો તો પછી, આપણી અશક્તિ અથવા પરિવર્તન કરવા માટે સંકલ્પનો અભાવ કોઈ ભેદ પેદા કરતો નથી.

અમે ઘણીવાર આ વસ્તુ કહી છે. જો તમે માનસિક રીતે કાર્ય કરતી ચેતનામાં રહો પછી ભલે તે ઉચ્ચતમ મન હોય, તો તમારામાં કાર્ય કારણ સંબંધી કેવળ ભવિતવ્યતાવાદનો ખ્યાલ હોય છે, તમને એમ લાગતું હોય છે કે વસ્તુઓ અમુક પ્રકારની છે, એટલે જ તે અમુક પ્રકારની હોઈ જ ન શકે.

જ્યારે તમે સંપૂર્ણપણે માનસિક ચેતનામાંથી બહાર આવો છો, અને વસ્તુઓના ઉચ્ચતર, આધ્યાત્મિક અથવા દિવ્ય દર્શનમાં પ્રવેશ કરો છો, ત્યારે જ તમે પરિપૂર્ણ સ્વતંત્રતાની સ્થિતિને એકદમ પ્રાપ્ત કરો છો, જેમાં સર્વ વસ્તુ શક્ય બનતી હોય છે.

(મૌન)

જે લોકોએ તે સ્થિતિનો સંપર્ક સાધ્યો હોય છે અથવા એક ક્ષણ માટે પણ તેમાં જીવ્યા હોય છે, તેઓ તેને કાર્યાન્વિત પરમ સંકલ્પના ભાવરૂપે વર્ણવે છે, કે જે ભાવ માનવીય માનસિકતાને એકદમ યથેચ્છ વર્તનારો લાગતો હોય છે. તે વિકૃતિને પરિણામે એવો વિચાર ઉદ્‌ભવે છે જે વિચાર હું પરંપરાપ્રાપ્ત કહું છું કે ભગવાન પરમ યથેચ્છ રીતે વર્તે છે, જે વાત કોઈ પણ પ્રકાશયુકત મનને સ્વીકાર્ય નથી. હું ધારું છું કે ખરાબ રીતે વ્યકત કરાયેલો એ અનુભવ આ ખ્યાલના મૂળમાં છે. હકીકતમાં, તેને સ્વેચ્છાવર્તી સંકલ્પ કહેવો તે ખોટું છે; તે સંકલ્પ તો તદ્દન, તદ્દન, તદ્દન, જુદા જ પ્રકારનો હોય છે. માણસ એમ સમજતો હોય છે કે સંકલ્પ એટલે લેવાયેલો અને અમલમાં મૂકાયેલો નિર્ણય, આપણને સંકલ્પ શબ્દ નો ઉપયોગ કરવાની ફરજ પડે છે, પણ સાચી રીતે જોતાં વિશ્વમાં કાર્ય કરી રહેલો સંકલ્પ એ પસંદગી પણ નથી. મને તેને માટે 'દર્શના' શબ્દ યોગ્ય લાગે છે. વસ્તુઓ છે, કારણકે તે દૃષ્ટિગોચર છે. પણ તે જોવાનો અર્થ આપણી આંખો વડે આપણે જોઈએ છીએ તેવો નથી માતાજી પોતાની આંખો નો સ્પર્શ કરે છે. છતાં પણ તે પોતાની જાતને પ્રગટ કરતી દર્શના હોય છે.

જેમ જેમ વિશ્વને પ્રગતિશીલ રીતે જોવામાં આવે છે, તેમ તેમ તે દૃશ્ય બનતું ચાલે છે.

તેથી શ્રી અરવિંદે કહ્યું છે કે જેનો ઈરાદો રચાયો હતો તે અથવા જે શકય હતું તે! તે બેમાંથી તે એકકેય નથી. જે કાંઈ કહી શકાય તે વિકૃતિ છે.

(મૌન)

વૈશ્વિક દૃશ્યીકરણ એ દેશ કાળમાં વિસર્ગ જેવી ચીજ છે, જે શાશ્વત કાળથી છે, તેનું જીવંત પ્રતિબિંબ છે. જેમ જેમ દેશકાળના પડદા ઉપર તે પ્રતિબિંબનો ધીમે ધીમે વિસર્ગ થતો જાય છે, તેમ તેમ તે દૃશ્ય બનતું ચાલે છે.

પરમાત્મા પોતાના પ્રતિબિંબનું ધ્યાન કરે છે.

*

૪ સપ્ટેમ્બર ૧૯૫૭

શ્રી અરવિંદના જન્મ દિનને આગલે દિવસે, ૧૪મી ઑગસ્ટે, મેં જે શબ્દ ગુચ્છનો પ્રયોગ કર્યો હતો તે વિષે મને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો છે, તે પ્રશ્ન મને રસપ્રદ લાગ્યો, કારણકે તે એક એવો ગૂઢ શબ્દગુચ્છ વિષે હતો, કે જે ખૂબ સરળીકરણને કારણે લગભગ ન સમજી શકાય તેવો બની જતો હોય છે. તેનો હેતુપૂર્વક તે રીતે પ્રયોગ કરવામાં આવ્યો હતો, જેથી દરેક જણ, પોતપોતાની ચેતનાની ભૂમિકા અનુસાર તે સમજે. એક જ શબ્દને ભિન્ન-ભિન્ન ભૂમિકાઓ ઉપર સમજવાની શકયતા બાબત મેં તમને ઘણી વાર કહ્યું છે. તે શબ્દો ઈરાદાપૂર્વક સરળીકરણ સાથે, વ્યક્ત કરવામાં આવ્યા હતા, હેતુપૂર્વકની અનિશ્ચિતતા તેમાં રાખવામાં આવી હતી, જેથી તેમને અર્થની જે જટિલતા વ્યક્ત કરવાની હતી તેનું તે વાહન બની શકે.

ભિન્ન ભિન્ન ભૂમિકાઓ પર આ અર્થ જરાક ભિન્ન ભિન્ન હોય છે, પણ તે એકબીજાના પૂરક છે. જ્યારે, એકી સાથે, આ બધી જ ભૂમિકાઓ પર તેને સમજવા માટે માણસ સમર્થ બને છે, ત્યારે જ તે વાસ્તવિક રીતે પરિપૂર્ણ બને છે. સાચી સમજ એ એકી વખતે થતી સમજ હોય છે, જેમાં બધા અર્થો ગ્રહણ થતા હોય છે, એકી સાથે જ પકડાતા, સમજાતા હોય છે. પણ તેમને આપણી ગરીબડી ભાષામાં વ્યકત કરવા માટે આપણને તેમને એક પછી એક, ઘણા શબ્દોમાં, અને ઘણી સમજૂતિઓ સાથે, કહેવાની ફરજ પડે છે. હવે હું તેમ જ કરવા માગું છું.

શ્રી અરવિંદના જન્મ દિનને આગલે દિવસે મેં જે શબ્દગુચ્છનો પ્રયોગ કર્યો હતો તે આ હતો, 'શાશ્વત જન્મ.' મને પૂછવામાં આવ્યું છે કે, શાશ્વત એટલે શું ?

અલબત્ત, જો શબ્દોનો અક્ષરાર્થ કરવામાં આવે, તો 'શાશ્વત જન્મ' શબ્દ કાંઈ વધારે સૂચવી શકે તેમ નથી, પણ હું તમને એ વાત સમજાવવા માગું છું કે એ અંગે ભૌતિક (શારીરિક) સમજ હોઈ શકે, માનસિક, ચૈત્યિક અને આધ્યાત્મિક સમજ હોઈ શકે.

ભૌતિક રીતે, તે શબ્દ ગુચ્છનો અર્થ એ છે કે જ્યાં સુધી પૃથ્વી ટકી રહેશે, ત્યાં સુધી આ જન્મનાં પરિણામો ટકી રહેશે. શ્રી અરવિંદના જન્મનાં

પરિણામો પૃથ્વીના સમગ્ર અસ્તિત્વમાં અનુભવાશે. તેથી કાવ્યમય રીતે મેં તે જન્મને 'શાશ્વત' કહ્યો હતો.

માનસિક રીતે, તે એવો જન્મ છે કે જેની સ્મૃતિ સનાતન કાલ માટે ટકી રહેશે. યુગો સુધી શ્રી અરવિંદના જન્મને તથા તેનાં સર્વ પરિણામોને લોકો સ્મૃતિમાં રાખશે.

ચૈતસિક રીતે, તે એવો જન્મ છે, કે જે સનાતન કાળ માટે, એક યુગથી બીજા યુગમાં, વિશ્વના ઈતિહાસમાં વારંવાર બનતો રહેશે. આ જન્મ પૃથ્વીના ઈતિહાસમાં અવાર નવાર, એક યુગથી બીજા યુગમાં, પ્રગટ થતો રહે છે. તે જન્મનું જ પુનરાવર્તન થતું હોય છે, તે દરેક વખતે કાંઈક નવીન વધારેની વસ્તુ લઈ આવતો હોય છે, વધારે પરિપૂર્ણ વસ્તુ લઈ આવતો હોય છે, પણ તે એ જ અવતરણની ગતિ હોય છે, પાર્થિવ શરીરમાં જન્મની, આવિર્ભાવની ગતિ હોય છે.

શુદ્ધ આધ્યાત્મિક દૃષ્ટિબિન્દુથી જોતાં, એમ કહી શકાય કે પૃથ્વી પર તે સનાતનનો જન્મ છે. જ્યારે દરેક વખતે અવતાર ભૌતિક રૂપ ધારણ કરે છે, ત્યારે તે પૃથ્વી પર સનાતનનો પોતાનો જન્મ હોય છે.

આ બધાનો સમાવેશ મેં બે શબ્દોમાં કર્યો હતો : 'સનાતન જન્મ.'

છેવટે હું તમને સલાહ આપું છું કે ભવિષ્યમાં શા માટે ? આનો અર્થ શો ? મને તે બિલકુલ સમજાતું નથી. કદાચ તેને યોગ્ય રીતે વ્યક્ત કરવામાં આવ્યું નથી." તમારે તમારી જાતને કહેવું જોઈએ કે "કદાચ હું સમજી શકું તેવી ભૂમિકા પર હું નથી," અને માત્ર શબ્દો કરતાં કાંઈક વધારે, શબ્દોની પીઠમાં રહેલી વસ્તુને ખોળી કાઢવા તમારે પ્રયત્ન કરવો જોઈએ.

મને લાગે છે કે આપણા ધ્યાન માટે આ સારો વિષય બની રહેશે.

(ધ્યાન)

*

મધુર માતાજી, કેટલાક લોકોને જોતાં પ્રથમ દૃષ્ટિએ તેમના પ્રત્યે આકર્ષણ કેમ થતું હોય છે, અને બીજાઓને જોઈને અણગમાની લાગણી મોટે ભાગે આનો આધાર પ્રાણિક સમાનતાઓ પર રહેલો હોય છે, બીજા કશા પર નહિ. કેટલાંક પ્રાણિક આકંપનો સંવાદી બની રહેતાં હોય છે, જ્યારે કેટલાંક નહિ. તે એક પ્રાણિક રસાયનશાસ્ત્ર છે.

તેમ ન બને તેટલા માટે, માણસે ખૂબ ગહનતર અને વધારે સ્પષ્ટદર્શી ચેતનામાં હોવું જોઈએ. ચૈત્યિક ચેતના પર આધાર રાખતું એક આંતર દર્શન હોય છે, જે તમને બતાવી આપે છે કે કયા માણસોમાં તમારા જેવી જ અભીપ્સા છે, તમારા જેવું જ લક્ષ્ય છે, અને કયા માણસો માર્ગમાં તમારા સાથીદારો બની શકે તેમ છે. તે જ દર્શન તમને એ પણ સ્પષ્ટ બતાવી આપે છે કે કયા માણસોનો માર્ગ ભિન્ન છે, કયા માણસોમાં એવાં બળો છે કે જે તમારાં વિરોધી છે અને તમારા વિકાસમાં તમને હાનિકારક છે. પણ તે દર્શન પ્રાપ્ત કરવા માટે, માણસે પોતે માત્ર પોતાની જ આધ્યાત્મિક પ્રગતિમાં અને સમગ્ર સાક્ષાત્કારમાં મશગૂલ રહેવું જોઈએ. મોટે ભાગે તેમ હોતું નથી.

જ્યારે માણસે આ આંતર સ્પષ્ટ દર્શન પ્રાપ્ત કર્યું હોય છે, ત્યારે મોટે ભાગે તે આકર્ષણના અને અણગમાના રૂપમાં વ્યકત થતું હોતું નથી, પણ ખૂબ દૃશ્યગત જ્ઞાન વડે, તમને શાન્તિપૂર્વક અને તર્કયુકત રીતે કાર્ય કરાવે તેવી આંતરિક ખાતરી વડે, આકર્ષણો અને અણગમાઓ વગર જ, વ્યકત થતું હોય છે.

એટલે સામાન્ય રીતે ખાતરીપૂર્વક કહી શકાય કે જે લોકો નિશ્ચિત અને આવેગમય ગમાઓ અતે અણગમાઓ હોય છે, તેઓ પ્રાણિક ચેતનામાં જીવતા હોય છે. આની સાથે માનસિક સમાનતાઓ મિશ્રિત થઈ જાય, અર્થાત્ કેટલાંક મનને એકસરખાં કાર્યોમાં સંબંધો રાખવા ગમતા હોય છે, પણ આ લોકો બૌદ્ધિક રીતે બહુ ઊંચા સ્તર પર હોય છે. તે સંબંધોમાં, પ્રાણિક સંબંધો સાથેની સરખામણીમાં, વધારે સરલતા સહેલાઈ હોય છે, કોઈક વધારે શાન્ત અને અનાસક્ત તત્ત્વ હોય છે, કેટલાક માણસો સાથે વાતચીત કરવામાં મજા આવતી હોય છે, બીજાઓ માટે આકર્ષણ નથી હોતું, માણસને તેમાંથી કશું પ્રાપ્ત થતું હોતું નથી. તે જરાક

વધારે દૂરનું અને શાન્ત હોય છે. તે વધારે તર્કબુદ્ધિના ક્ષેત્રનું હોય છે. પણ ગમાઓ તથા અણગમાઓ સ્પષ્ટ રીતે પ્રાણિક જગતની વસ્તુઓ છે, ભૌતિક રસાયનશાસ્ત્રીની પેઠે, પ્રાણિક રસાયણશાસ્ત્ર હોય છે, કેટલાંક શરીરો એકબીજા પ્રત્યે અણગમો સેવતાં હોય છે, પ્રત્યાકર્ષણ કરતાં હોય છે, જ્યારે બીજા શરીરો આકર્ષતાં હોય છે. કેટલાક પદાર્થો સંયુક્ત બની જતા હોય છે, જ્યારે કેટલાક પદાર્થો ભડાકો કરતા હોય છે. કેટલાંક પ્રાણિક આકર્ષનો એટલાં બધાં સંવાદમય બની જતાં હોય છે કે તેમાંની ૯૯ ટકા સહાનુભૂતિઓ પ્રેમ બની જતી હોય છે; અને માણસ એકદમ બોલી ઉઠતો હોય છે કે હું તેની જ રાહ જોઈ રહ્યો હતો; હું તે નારીની જ ખોજમાં હતો! (હસાહસ) પછી તેઓ એક બીજા પ્રત્યે ધસી જાય છે, પણ છેવટે તેમને જણાય છે કે એ બધું માત્ર ઉપરછલ્લું હતું; આ વસ્તુ ટકી શકે તેમ નથી. તેથી યોગ કરવા ઈચ્છતા લોકોને પ્રથમ સલાહ આપવામાં આવે છે કે ગમાઓથી તથા અણગમાઓથી પર બની જાઓ. આ વસ્તુમાં કોઈ વધારે ઊંડી વાસ્તવિકતા હોતી નથી; તે તમને એવી મુશ્કેલીઓ પ્રત્યે દોરી જાય છે, કે જેનાથી બહાર આવવું બહુ કઠિન પડે છે. આ વસ્તુઓ વડે તમે તમારા જીવનનો વિનાશ કરી શકો છો. શ્રેષ્ઠ વસ્તુ એ છે કે તેમના તરફ ધ્યાન જ ન આપવું, તમારી જાતમાં થોડાક ડૂબી જઈને તમારી જાતને પૂછવું આ કંઈ બહુ રહસ્યમય વાત નથી કે, " તને આ માણસને મળવું કેમ ગમે છે, અને પેલા માણસને મળવું કેમ નથી ગમતું ? "

પણ એક ક્ષણ એવી આવે છે કે જ્યારે માણસ પોતાની સાધનામાં જ મશગૂલ બની જાય છે, અને તેને ખૂબ શાંતિપૂર્વક અને સૂક્ષ્મ રીતે લાગતુ હોય છે કે અમુક સંપર્ક મારી સાધનાને અનુકૂળ બની રહેશે અને અમુક સંપર્ક મારી સાધનાને પ્રતિકૂળ બની રહેશે. પણ તે હંમેશાં એક વધારે અનાસક્ત રૂપ ધારણ કરે છે, અને ઘણીવાર પ્રાણિક આકર્ષણોનો અને અણગમાઓનો વિરોધ કરે છે; ઘણીવાર તેને તે ગમા-અણગમાઓ સાથે કોઈ નિસ્બત હોતી નથી.

એટલે શ્રેષ્ઠ વસ્તુ એ છે કે તે બધી વસ્તુઓ પ્રત્યે થોડાક દૂરથી જોવું, અને એ વસ્તુઓની નિરર્થકતા વિષે તમારી જાતને પ્રવચન આપવું.

સ્પષ્ટ છે કે કેટલાંક સ્વભાવો પાયાભૂત રીતે ખરાબ હોય છે; તે સત્ત્વોદુષ્ટ જ જન્મેલાં હોય છે; જો તેમને બીજાને હાનિ પહોંચાડવી એ ગમતું હોય છે. જો

માણસ તદ્દન સ્વાભાવિક હોય, વિકૃત ન હોય, પશુઓ પેઠે સ્વાભાવિક હોય - પશુઓ આ દૃષ્ટિબિંદુથી તેમાં, માણસ કરતાં વધારે સારાં હોય છે, વિકૃતિની શરૂઆત તો માનવ જાતિથી થતી હોય છે તો તેવાં સત્ત્વોથી તે માણસ દૂર રહે છે - જેમ પાયાભૂત રીતે નુકશાનકારક વસ્તુથી માણસ દૂર ભાગતો હોય છે તેમ; પણ સદ્-ભાગ્યે આવા કેઈસો બહુ નથી હોતા. મોટે ભાગે જીવનમાં આપણને મળતા લોકો મિશ્ર સ્વભાવવાળા હોય છે, જેમનામાં સારા નરસા વચ્ચે એક પ્રકારની સમતુલા હોય છે, અને સારા તથા નરસા બંને પ્રકારના સંબંધોની આશા રાખી શકાય. ખરાબ લોકો પ્રત્યે ખૂબ અણગમો રાખવાનું કોઈ કારણ નથી, કારણ કે દરેક જણ પોતે પણ સારા નરસાનું મિશ્રાણ હોય છે, (હસાહસ), અને સરખી વસ્તુ પોતાના જેવી વસ્તુને મળે છે!

કેટલાક લોકો પ્રાણ ચૂસી લેનારાં સત્ત્વો જેવા હોય છે. જ્યારે તેઓ બીજા કોઈની પાસે આવે છે, ત્યારે તેઓ તે માણસની પ્રાણશકિતને ચૂસી લેતા હોય છે. માણસે, ગંભીર જોખમની પેઠે, તેમનાથી સાવધ રહેવાની જરૂર છે. તેવાં સત્ત્વો નથી એમ નથી, પણ તેઓ વિરલ હોય છે. તે સંપૂર્ણ રીતે પ્રાણશોષક સત્ત્વ નથી એટલે જ્યારે એવો માણસ મળે, ત્યારે તેનાથી દૂર ભાગી જવાની જરૂર નથી.

એટલે તાત્ત્વિક રીતે, માણસ જો આધ્યાત્મિક રીતે વિકાસ સાધવા માગતો હોય, તો પ્રથમ તો તેણે પોતાના ગમા, અણગમાઓ ઉપર વિજય મેળવવો જોઈએ. તેમની બધાની સામે સ્મિતપૂર્વક જુઓ.

(મૌન)

"નવી માનવ જાતિ, પૃથ્વી પર અને પાર્થિવ શરીરમાં, માનસિક પ્રાણીઓની જાતિ હશે. પણ તે વૈશ્વિક અજ્ઞાનના સામ્રાજ્યમાં તેની અત્યારની સ્થતિમાંથી એટલી બધી મુક્ત બનેલી હશે કે તેમનું મન પરિપૂર્ણ હશે, પ્રકાશમય હશે, જે મન અતિમનસ્‌નું અથવા ઋત ચેતનાનું ગૌણ કાર્ય બની શકે તેવું હશે, તે સત્યને સ્વીકારનાર મનની પરિપૂર્ણ શકયતાઓ માટે સમર્થ હશે, વિચારમાં તથા જીવનમાં તે સત્યના ગૌણ કાર્યરૂપ હશે. તે પૃથ્વી પરના દિવ્ય જીવનનો એક ભાગ હશે, જ્ઞાનની ઉત્ક્રાંતિનો પ્રારંભ હશે, સંપૂર્ણપણે અથવા પ્રધાનપણે તે અવિદ્યાને વશ નહિ હોય. તે સમગ્ર માનવ જાતિને આલિંગી લેશે કે તેના માત્ર વિકસિત ભાગને,

તેનો આધાર ઉત્ક્રાંતિના ઈરાદા પર, વિશ્વની ગતિઓને દોરવણી આપનાર વૈશ્વિક અથવા પરાત્પર સંકલ્પના ઈરાદા પર રહેશે"

(અતિમનસનો આવિર્ભાવ, પૃષ્ઠ ૬૦)

શું આ ઈરાદો અજ્ઞાત છે?

શું તમે એ જાણો છો?

એ વાત તો સ્પષ્ટ છે કે ઉત્ક્રાંતિને હેતુ છે, લક્ષ્ય છે; અને તેથી તે હવે વચ્ચે અટકી ન શકે.

આ વાત તમે જાણો છો, કારણકે તમે શ્રી અરવિંદનાં પુસ્તકો વાંચ્યાં છો, પણ માર્ગમાં મળતા ગમે તે માણસને પૂછો કે વિશ્વનો અને ઉત્ક્રાંતિનો ઈરાદો શો છે? તે જવાબ આપશે કે મને તેને વિશે કશી ખબર નથી. સ્વાભાવિક રીતે જ, જેમણે શ્રી અરવિંદનાં પુસ્તકો વાંચ્યાં છે, તેઓ તે વિષે કંઈક જાણતા હોય છે, જ્યારે શ્રી અરવિંદે આ લખ્યું, ત્યારે જે લોકોને યોગમાં રસ ન હતો અને જેમણે તેમના પુસ્તકો વાંચ્યાં ન હતાં, તેમને માટે તેમણે આ લખ્યું હતું. શારીરિક વ્યાયામ સાથે નિસ્બત ધરાવનાર લોકો માટે તેમણે તે લખ્યું હતું; એટલે તેમણે પોતાની જાતને તેમની જગ્યાએ મૂકી હતી, તેમના વિચારોને વ્યક્ત કર્યા હતા, અને તેમને થોડાક આગળ દોરી જવા પ્રયત્ન કર્યો હતો, તેમણે તેમનાં પુસ્તકો જેમણે વાંચ્યાં હતાં તેમનું દૃષ્ટિબિંદુ અપનાવ્યું હતું.

પણ તમે કહ્યું કે એ વાત પોતે જાતે જ સ્પષ્ટ છે. અહીં એવા સેંકડો લોકો છે, જેમને તમે કહો કે "તમે જે વાંચ્યું છે તેનું પુનરાવર્તન ન કરશો, પણ વૈશ્વિક ઉત્ક્રાંતિના ઈરાદા વિષે તમે શું વિચારો છો, તમને શું માગે છે તે કહો; વૈશ્વિક ઉત્ક્રાંતિમાં કોઈ ઈરાદો છે કે નહીં?" તો મને લાગે છે કે, કોઈ તમને દિલની સચ્ચાઈપૂર્વક આવો જવાબ નહિ આપી શકે કે, તે ઈરાદો આવો છે, તે ઈરાદો તેવો છે, તેમાંના કેટલાક લોકો શ્રી અરવિંદના ફકરાઓ બોલી જશે, પણ બાકી તો.....

તમે જે વાંચ્યું છે તેની મદદ વડે વિચારવાનું જો તમે બંધ કરી દો, અને તમારી અંગત અનુભૂતિ વ્યક્ત કરવાનો પ્રયત્ન કરો, તો તમારામાં કોઈ ખાતરી છે ખરી?

તમે જે વાંચ્યું છે અથવા શીખ્યા છો તેના પરિણામ વિષે હું વાત નથી કરતી. હું તમારી અંગત અનુભૂતિના પરિણામ, તમને જે સ્પષ્ટ રીતે અનુભવાયું છે તેને વિષે વાત કરું છું, કારણકે તે તમારું પોતાનું જીવન છે, તમારી પોતાની અનુભૂતિ છે. તમે તેનું વર્ણન કરી શકશો?

હા.

ઠીક, હું તમને અભિનંદન આપું છું.

હું ઇચ્છતો હોઉં કે નહિ, પણ તે બનતું હોય છે,

બહુ સરસ. હું આશા રાખું છું કે તમારા જેવા ઘણા હોય.

મારામાં ઘણાં પરસ્પર વિરોધી તત્ત્વો છે, છતાં ય મારામાં કાંઈક છે.

હા, બહુ સુંદર, બહુ સુંદર.

એટલે હું તમને કહી શકું કે અહીં આવ્યા પછી તમે તમારું જીવન વેડફી નથી નાંખ્યું!

(હસાહસ)

ઠીક, આપણે આ વાતને આપણી અંદર જોવા પ્રયત્ન કરીશું,

(ધ્યાન)

*

૧૮ સપ્ટેમ્બર ૧૯૫૭

માતાજી, અતિમાનસ જીવનમાં રહસ્યવાદને શું સ્થાન હશે?

ખાસ રહસ્યવાદને જ શા માટે?

કારણકે, બધું જ્ઞાત બની ગયું હશે, નહિ વારુ?

રહસ્યવાદ જ શા માટે? અતિમાનસિક જીવનમાં દરેક વસ્તુને સ્થાન હશે તમને તેમાં ખાસ રસ છે?

ગૂઢવાદ વિષે આપણે જે કાંઈ જાણીએ છીએ, તે અનુસાર તે એક એવું વિજ્ઞાન છે કે જેના વડે અદૃશ્ય વસ્તુઓ જોઈ શકાય. અદૃશ્ય જગત, અદૃશ્ય શકિતઓ. પણ અતિમાનસ જગતમાં આ બધી વસ્તુઓ જ્ઞાત હશે.

તમે ગૂઢવાદ એટલે શું સમજો છો?

અદૃશ્ય જગતનું અને અદૃશ્ય શકિતઓનું જ્ઞાન.

હું બરાબર સમજી શકતી નથી. અતિમાનસ્માં માણસને કોઈ જ્ઞાન નહિ હોય, અથવા શું હશે?

સંકલ્પને જ્ઞાન પ્રાપ્ત થયેલું જ હશે એટલે.....

પણ તેથી શું? તે ગૂઢવાદી જ્ઞાન હશે! હું બરાબર સમજી શકતી નથી. ગૂઢવાદ એ એ વસ્તુઓ સાથે કામ પાડવાની એક ખાસ પદ્ધતિ છે. 'દિવ્ય જીવન' માં શ્રી અરવિંદે આને વિષે વિસ્તારપૂર્વક લખ્યું છે. જ્ઞાન તથા કાર્ય પ્રત્યે તે એક ખાસ અભિગમ છે, અને તે અદૃશ્ય બની જાય તે માટે કોઈ કારણ નથી.

તે સ્વાભાવિક ચેતના બની જશે. પછી આ ગૂઢવાદી જ્ઞાન શીખવાની માણસને કોઈ જરૂર નહિ રહે.

ઓહ, તમે એમ માનો છો કે, માણસ જેમ પિયાનો વગાડતા શીખી શકે છે, તેમ ગૂઢવાદ શીખી શકાય. (હસાહસ) પણ તદ્દન તેમ બનતું હોતું નથી તે રીતે વસ્તુઓ બનતી હોતી નથી. હકીકતમાં, જે માણસને તે માટે વલણ છે, તે ગૂઢવાદ પરનાં પુસ્તકો વાંચી શકે છે, અને છતાં તેનો અમલ કેમ કરવો તે તે જાણી શકાતો હોતો નથી. તે માટે ખાસ શકિતની જરૂર હોય છે.

તે વાત પણ સાચી છે કે, પિયાનો કેમ વગાડવો તે વિષે તમે જગતમાંનાં બધાં પુસ્તકો વાંચી લો, પણ જો તમે તે વગાડો નહિ, તો તમને પિયાનો વગાડતાં કદી ન આવડે. પણ કેટલાંક લોકો જન્મથી જ સંગીતકારો હોય છે, કલાકારો હોય છે; છતાં પણ તે આખો જન્મ તેમાં માથાકૂટ કરે અને પરિણામ શૂન્ય આવે. ગૂઢવાદની વાત પણ તેવી જ છે. જો તમે એમ માનતા હો કે, અતિમાનસ તત્ત્વને પ્રાપ્ત કરેલો માણસ બધું જ કરી શકશે, તો તે બરાબર નથી, તેનામાં

ગૂઢવાદનું જ્ઞાન આપોઆપ આવી જતું હોતું નથી. શકય છે કે, તમારે તમારા વિષય ઉપર ચિત્તને એકાગ્ર બનાવવું પડશે અને તે કાર્ય શીખવું પડશે. તે પણ શકય છે કે, માણસ બધું જ કરી શકવા સમર્થ હોય; પણ બધાં જ કાર્યો કરવાની જરૂર નથી હોતી! માણસો અનુસાર અને તેમના વ્યકિતગત રસો અનુસાર, ખાસ કામો થતાં રહેવાનાં, તેમાં ભેદો અને વર્ગીકરણો રહેવાનાં. અતિ-માનસિક જગતમાં ગૂઢવાદ ન હોવો જોઈએ એમ માનવાને કોઈ કારણ નથી.

અતિ-માનસિક જીવન વિષે તમારો શો ખ્યાલ છે? શું તમે તેને એવું એક સ્વર્ગ માનો છો કે જેમાં દરેક જણ એકસરખું જ કામ, એકસરખી રીતે જ કરશે? શું તમે સ્વર્ગ વિષેના પ્રાચીન ખ્યાલમાં માનો છો કે જેમાં દરેક જણ વીણા વગાડતો દેવદૂત હોય? હકીકતમાં તેમ નથી. ત્યાં દરેક પ્રકારના ભેદો હશે, અનેક પ્રકારની ક્રિયાઓ હશે; પણ માનવીય અજ્ઞાનમાં કાર્ય કરવાને બદલે દિવ્ય જીવનમાં માણસ જ્ઞાનપૂર્વક કાર્ય કરતો હશે, તે મોટો તફાવત હશે.

અતિ-માનસિક જીવનમાં શકિતઓમાં પણ વૃદ્ધિ થશે, નહિ વારુ?

શકિતઓ? તમે ગૂઢવાદને અર્થ જીવનભર અને વસ્તુઓ પર કાર્ય કરવાની શકિતની પ્રકિયા માનો છો પણ તે ગૂઢવાદ નથી, તે તો જાદુ છે.

ગૂઢવાદ એટલે ચેતનાનો ખાસ ઉપયોગ. અત્યારે જે રીતે ગૂઢવાદનો પ્રયોગ થાય છે તે આભાસોની પીઠમાં રહેલી શકિતઓનું, બળોની લીલાની પીઠમાં રહેલી શકિતઓનું સીધે સીધું અને સચેતન દર્શન છે. તે દર્શન કારણે, તે માણસ તે શકિતઓ ઉપર કાર્ય કરી શકે છે. આ શકિતઓની લીલામાં કોઈ ઉચ્ચતર સંકલ્પનો પ્રવેશ કરાવી શકે છે, જેથી ઈચ્છિત પરિણામ આવે.

અતિમાનસિક જીવનમાં માણસને આપોઆપ આ શકિતઓ પ્રાપ્ત થશે?

આપોઆપ? પોતે શું કરે છે તે જાણ્યા સિવાય જ, માણસ ગૂઢવાદનો અભ્યાસ કરતો હોય છે. દરેક જણમાં સ્વયંભૂ રીતે જ આ શકિત હોય છે, પણ પોતાનામાં તે શકિત છે એમ તે જાણતો હોતો નથી. તે શકિત ટાંકણીના માથા જેવી નાનકડી હોય; તે પૃથ્વી જેટલી વિશાળ હોય, વિશ્વ જેટલી પણ વિશાળ હોય. પણ ગૂઢવાદ આચર્યા સિવાય તમે જીવી જ ન શકો; એટલું જ કે તમે તે

જાણતા હોતા નથી. એટલે તમે એટલો જ તફાવત કરી શકો કે અતિમાનસિક ચેતનાવાળો માણસ તે વાત જાણતો હશે. એટલે તમારો પ્રશ્ન ઉડી જાય છે.

મેં તમને આ વાત અનેક વાર સમજાવી છે. જ્યારે તમે વિચાર કરો છો, ત્યારે તમે ગૂઢવાદ આચરો છો. માત્ર તે વાત તમે જાણતા હોતા નથી. જ્યારે તમે કોઈ વ્યકિત વિષે વિચાર કરો છો, ત્યારે તમારો અમુક ભાગ સ્વયંભૂ રીતે જ તે વ્યકિત સાથે સંપર્કમાં આવતો હોય છે. અને તમારા તેને વિષેના વિચારમાં તમે તમારાં સંકલ્પને ઉમેરો કે તે વ્યકિત આવી હશે કે તેવી હશે, તેણે આમ કરવું જોઈએ કે તેમ કરવું જોઈએ, તેણે આ સમજવું કે પેલું સમજવું જોઈએ, તો તમે ગૂઢવાદ આચરી રહ્યા હો છો; માત્ર તે વાત તમે જાણતા નથી હોતા. કેટલાક લોકો આ કામ શકિતપૂર્વક કરતા હોય છે; અને જો તેમનાં બળવાન વિચાર હોય, તો તે પ્રગટ થાય છે, સિદ્ધ થાય છે. કેટલાક લોકોમાં તે સંકલ્પ નબળો હોય છે; તેમને બહુ પરિણામો મળતાં હોતાં નથી. તેનો આધાર તમારા વિચાર ઉપર તથા તમારી એકાગ્રતાની શકિત ઉપર રહે છે. પણ આ પ્રકારનો ગૂઢવાદ, જાણ્યા સિવાય, દરેક જણ આચરતો હોય છે. એટલે સાચી રીતે ગૂઢવાદ આચરનાર માણસ તે જાણતો હોય છે અને કઈ રીતે તે કરવું તે પણ જાણતો હોય છે.

શ્રી એકસ વિષે તમે અમને ઘણીવાર કહ્યું છે કે તે એક મહાન ગૂઢવાદી હતો. હું એમ ધારતો હતો કે અતિમાનસિક જગતમાં તે સ્વાભાવિક બની જતો હશે. બધા જ માણસો શ્રી એકસ જેટલા શકિતશાળી બની જતા હશે.

પણ હું સમજતી નથી કે, તમે માત્ર ગૂઢવાદની જ વાત શા માટે કરો છો?

કારણ કે હું માનતો હતો કે, ગૂઢવાદના ક્ષેત્રમાં અદૃશ્ય જગતના સર્વ જ્ઞાનનો સમાવેશ થઈ જતો હશે.

સામાન્ય જીવનમાં માણસ અચેતન હોય છે, અર્ધચેતન હોય છે. પણ પરિપૂર્ણ ચેતનામાં, તેને ગૂઢવાદની પરિપૂર્ણ ચેતના પણ પ્રાપ્ત થતી હોવી જોઈએ.

ના, શું તમે એમ માનો છો કે, અતિમાનસિક જીવનમાં કાર્યોનું કોઈ વર્ગીકરણ નહિ હોય? શું ત્યારે બધું જ એક સામાન્ય, સ્વયંભૂ શકિતમાં મિશ્રિત બની ગયું હશે?

ના, તેમાં પણ ચઢતી ઉતરતી કક્ષા હશે.

ત્યારે પણ વસ્તુઓ સાથે કામ લેવાના ભિન્ન ભિન્ન પ્રકારો હશે. કદાચ ગૂઢવાદી વધારે ઉપયોગમાં લેવાની હશે. પણ જો તમે એવી જગતની કલ્પના કરતા હો કે જ્યાં દરેક જણમાં એક જ પ્રકારની ગૂઢવાદી શક્તિ હશે, તો તો પછી કોઈ ભેદ નહિ રહે. સમજ્યાં? એવા લોકો છે કે જેમનામાં ગૂઢવાદી શક્તિ છે, અને જેમનામાં તે શક્તિ નથી હોતી તેમના પર તેઓ કાર્ય કરે છે. પણ જો દરેક જણમાં સરખી જ ગૂઢવાદી શકિત હોય, તો પછી તે ગૂઢવાદ જ નહિ રહે! શું તમે તે રીતે સમજો છો?

મને ખાતરી છે કે ખૂબ પરિપૂર્ણ અતિમાનસ સાક્ષાત્કારમાં પણ, દરેક જણની શક્તિઓમાં અને કાર્યોમાં ભેદ રહેવાનો. પણ યોગ્ય સ્થાને હોવું અથવા ન હોવું, કરવા યોગ્ય કાર્ય કરવું કે ન કરવું, તે અચેતનતાપૂર્વક કરવાને બદલે દરેક જણ પોતાના યોગ્ય સ્થાને જ હશે, અને પોતાને કરવા યોગ્ય કાર્ય સભાનતા-પૂર્વક કરતો હશે. અર્થાત, હંમેશાં અંધકારમાં ફાંફાં મારવાને બદલે, જાણવાનો પ્રયત્ન કરવાને બદલે, દરેક જણ એ શું કરવું તે અને આ રીતે તે કેમ કરવું, તે જાણતો હશે. તે જ સમગ્ર તફાવત છે, ભેદો તો ત્યાં પણ હોવાના જ, દરેક જણને પોતે ભજવવાનો ભાગ હોવાનો જ, પોતાનું સ્થાન, પોતાનું કાર્ય હોવાનું જ. એમ ન માની લેવું કે બધા એક સરખા દેખાતા હશે, એક જ રીતે એકજ પ્રકારનું કામ કરતા હશે! એતો ખૂબ ભીષણ જગત બની જાય.

આપણે એમ કહી શકીએ કે, અતિમાનસ જગતની તથા વર્તમાન જગતની વચ્ચે આ તફાવત હશે: તમે જે નહિ જાણતા હો, તે ત્યાં તમે જાણતા હશો, તમે જે નહિ કરી શકતા હો તે ત્યાં કરવા સમર્થ બનશો, તમે જે નહિ સમજતા હો તે ત્યાં સમજી શકશો, અને જેનાથી તમે સભાન છો તેનાથી તમે સભાન બનશો. પણ પાયાની રીતે નવી સૃષ્ટિનો આ પાયો છે. અજ્ઞાનની જગ્યાએ જ્ઞાન સ્થાપી આપવું અચેતનતાની જગ્યાએ ચેતના મૂકી આપવી, નબળાઈની જગ્યાએ બળ મુકી આપવું. પણ તેનો અર્થ એવો નથી કે દરેક વસ્તુ એટલી બધી મિશ્રિત થઈ જશે કે તેને ઓળખી ન શકાય!

(લાંબા સમય માટે મૌન)

શ્રી અરવિંદ આપણને કહ્યું છે કે, અતિમનસ્‌માં પોતામાં સાક્ષાત્કારની ભિન્ન ભિન્ન ભૂમિકાઓ ક્રમશ: પ્રગટ થશે, જેમાં તે જ પ્રગતિશીલ ગતિ હશે કે જે હંમેશાં વૈશ્વિક વિકાસની અધિષ્ઠાત્રી છે. અત્યાર સુધી તે જગત માનવ જાતિના મોટા ભાગ માટે બંધ છે અથવા કેટલાક જણ માટે અર્ધ ખુલ્લું છે, અને તેથી અતિમાનસ જીવનમાં આ પ્રગતિનો ખ્યાલ બાંધવો તે કઠિન છે. પણ તે છે જ; જે ક્ષણે પ્રગતિ થતી હોય છે, તે ક્ષણે આરોહણ થતું હોય છે; પોતાના નિયમ અનુસાર પરિપૂર્ણતા વિકસતી ચાલે છે, જે નિયમ ચેતના આગળ ધીમે ધીમે પ્રગટ થતો ચાલે છે, પરિપૂર્ણ રીતે પ્રકાશમય ચેતના આગળ પણ, અને જે અજ્ઞાનને બદલે જ્ઞાનમાં કાર્ય કરતો હોય છે. આ કંઈક વસ્તુ, જે અત્યારે પરિપૂર્ણ રીતે, સમગ્ર રીતે, સામૂહિક રીતે આવિર્ભાવમાં નથી, પણ પ્રગતિશીલ છે, તે આપણે જે જગતમાં રહીએ છીએ તે જગતના વિકાસના નિયમને અનુસરશે; પણ આપણે કયાં જઈ રહ્યા છીએ તે ન જાણવાને બદલે આપણે માર્ગને જાણીશું અને સભાનતાપૂર્વક તેને અનુસરીશું. શું બનવાનું છે તેને વિષે કલ્પનાઓ, અનુમાનો કરવાને બદલે, આપણે કયાં જઈ રહ્યા છીએ તે, અને ત્યાં કેવી રીતે જવું તે જાણીશું. તે તાત્ત્વિક તફાવત હશે. એ વાત ચોક્કસ કે તે એક નીરસ અસ્તિત્વ નહિ હોય, જેમાં દરેક વસ્તુ, પરિવર્તન કર્યા સિવાય, અનિશ્ચિત રીતે ચાલ્યા કરતી હોય છે.

હું માનું છું કે, માનવ ચેતનામાં એવું એક વલણ હોય છે કે મારે કયાંક જવું જોઈએ, ઠરીને ઠેકાણે બેસવું જોઈએ અને આખરે એવી માગણીનો અનુભવ કરવો જોઈએ કે "હવે હું આવી પહોંચ્યો, અહીં ઠરીને ઠેકાણે બેસીશ, હવે હું હેરફેર નહિ કરું!" એ તો અતિમનસ્‌નો ક્ષુદ્ર પ્રકાર હોય.

પણ વૃદ્ધિ પામવી પરિપૂર્ણતા પ્રત્યે આ આરોહણ કરતી, પ્રગતિશીલ ગતિ જરૂર વધારે આગળ પડતો ભાગ ભજવતી હશે. જ્યાં દરેક જણ આંધળો ભીંત છે અને ફાંફા મારે છે તેવો અંધકારમાં પોતાની જાતને પ્રગટ કરવાને બદલે, તે પ્રકાશમાં પોતાની જાતને પ્રગટ કરશે, અને પોતે કયાં જઈ રહ્યો છે, પોતે શું કરી રહ્યો છે તે જાણવાનો આનંદ માણસને પ્રાપ્ત થશે. એટલે માણસે આવીને એમ ન પૂછવું જોઈએ કે, આ વસ્તુ સિદ્ધ થશે કે નહિ થાય? અત્યારે આપણી પાસે છે તેના કરતાં ત્યારે આપણી પાસે ઘણી વસ્તુઓ હશે, દરેક શક્ય વસ્તુ ત્યાં હશે.

*

૨૫ સપ્ટેમ્બર ૧૯૫૭

૧" આપણે માટે નવીન માનવ જાતિ એટલે માનસિક પ્રાણીઓની જાતિનું અથવા ટાઈપનું એવું પ્રાગટય અને વિકાસ, કે જેમની માનસિકતાનું તત્ત્વજ્ઞાનની ખોજ કરતું, અવિદ્યામાં રહેલું મન નહિ હોય, પણ જે પ્રકાશનું શોધક હશે પણ તેનો સ્વાભાવિક સ્વામી નહિ હોય, જે પ્રકાશ પ્રત્યે ખુલ્લું હશે પણ પ્રકાશનો નિવાસી નહિ હોય, જે પરિપૂર્ણ બનેલું કરણ નહિ હોય, ઋત-ચેતના નહિ હોય, અજ્ઞાનમાંથી મુકત નહિ બન્યું હોય, તેને બદલે તે મન એવું હશે કે જે પ્રકાશનું મન બન્યું હશે, સત્યમાં જીવી શકવા સમર્થ હશે, સત્યથી સભાન હશે, પોતાના જીવનમાં આડકતરી રીતે નહિ પણ સીધી રીતે જ્ઞાનને પ્રગટ કરવા સમર્થ હશે. તેની માનસિકતા અજ્ઞાનનું નહિ પણ પ્રકાશનું કરણ હશે. ઉચ્ચતમ સ્થિતિમાં, તે અતિમનસ્‌માં પહોંચવા સમર્થ હશે. તે નવી જાતિમાંથી અતિમાનસ પ્રાણીઓની જાતિની ભરતી કરવામાં આવશે, જે લોકો પાર્થિવ પ્રકૃતિની ઉત્ક્રાન્તિમાં અગ્રણીઓ બનશે.

(અતિમનસનો આવિર્ભાવ, પૃષ્ઠ ૬૭)

શ્રી અરવિંદ આપણી પાસેથી આવી અપેક્ષા રાખતા હતા. તેમની અતિ-માનવની કલ્પના એવી હતી કે તે વર્તમાન માનવજાતિ અને અતિમાનસ રીતે સર્જાયેલો અતિમાનસ પ્રાણી વચ્ચે દુભાષિયો દૂત બને. તે અતિમાનસ પ્રાણીમાં પશુતા બિલ્કુલ નહિ હોય, તે સર્વ પશુ જરૂરિયાતોથી મુકત હશે.

આપણે અત્યારે છીએ તેવા આપણું સર્જન સામાન્ય પશુ રીતે થયેલું છે. તેથી આપણે ભલે આપણું રૂપાંતર કરીએ, પણ આપણા પશુતુલ્ય ઉદ્‌ગમસ્થાનનો કંઈક અંશ તેમાં રહી જવાનો. શ્રી અરવિંદના ખ્યાલ મુજબ, અતિમાનસ પ્રાણી સામાન્ય પશુ રીતે નહિ જન્મ્યો હોય, પણ તેનું સર્જન સીધી રીતે, જે અત્યારે આપણને ગૂઢવાદી લાગે છે તેવી રીતે થયું હશે. તેમાં શકિતઓ અને પદાર્થ-તત્ત્વ સાથે એવી રીતે કામ લેવામાં આવ્યું હશે કે જેમાં શરીર એક ભૌતિકી-કરણ હશે, તેનું નિર્માણ સામાન્ય પશુતત્ત્વ અનુસાર નહિ થયું હોય.

એ સ્પષ્ટ છે કે વચગાળાનાં સત્ત્વોની જરૂર છે. તે વચગાળાનાં સત્ત્વોએ અતિમનસનાં પ્રાણીઓનું સર્જન કરવાનાં સાધનો ખોળી લેવાનાં રહેશે. જ્યારે

શ્રી અરવિંદે આ લખ્યું, ત્યારે તેમને ખાતરી થઈ ચૂકી હતી કે આપણે આ જ કરવાનું છે.

હવે મને ખાતરી થઈ ચૂકી છે કે શ્રી અરવિંદ જે અપેક્ષા રાખે છે તે આપણે સિદ્ધ કરી શકીશું, તે હવે આશા રહી નથી, પણ ખાતરી બની ચૂકી છે. આપણા વ્યક્તિગત પ્રયાસ ઉપર, આપણી એકાગ્રતા ઉપર, આપણી સદ્‌ભાવના ઉપર તે આધાર રાખે છે, અને તે અનુસાર તે સિદ્ધિ વહેલી કે મોડી પ્રાપ્ત થશે. આપણે તે સિદ્ધિને મહત્ત્વ આપીએ તો તે જલ્દી સિદ્ધ થાય. બેધ્યાન રીતે જોનારને વસ્તુઓ પહેલાં હતી તેવી જ લાગે. પણ જેને જોતાં આવડે છે, જે દેખાવો વડે ઠગાતો નથી, તેને તો એમ જ લાગવાનું કે વસ્તુઓ બરાબર ચાલે છે.

જો દરેક જણ શ્રેષ્ઠ પ્રયત્ન કરે, તો થોડાં જ વર્ષોમાં પ્રથમ દૃષ્ટિગોચર થાય તેવાં પરિણામો આવે.

જગતમાં બીજી કોઈ વસ્તુ કરતાં આમાં તમને વધારે રસ છે કે કેમ તે મારે જાણી લેવાનું છે. એવી એક ક્ષણ આવે છે કે જ્યારે શરીરને પોતાને લાગે છે કે આ રૂપાંતર સિદ્ધ કરવા માટે જીવવા કરતાં જગતની બીજી કોઈ વસ્તુ વધારે મહત્ત્વની નથી; આ રૂપાંતરમાં ઉત્કટ રસ લેવા કરતાં વધારે રસ બીજા કશામાં નથી. શરીરનાં બધાં કોશાણુઓને પ્રગટ થવા માગતા પ્રકાશ માટે ખૂબ તરસ લાગતી હોય છે, તેઓ તેને માટે માગ પોકારી રહ્યાં હોય છે, તેમને તેમાં ખૂબ આનંદ પડતો હોય છે, વિજય માટે તેમને ખાતરી હોય છે.

હું આ અભીપ્સા તમારામાં લાવવા માગું છું. તે સિવાયનું જીવનમાં બધું જ નીરસ છે, શુષ્ક છે, પ્રકાશમાં રૂપાંતરની સરખામણીમાં તુચ્છ છે.

૨ ઓકટોબર ૧૯૫૭

" અતિમનસનું તાત્ત્વિક લક્ષણ છે ઋત ચેતના પોતાના સ્વભાવના સાહજિક અધિકાર વડે, પોતાના પ્રકાશ વડે જાણતી હોય છે. તેને જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોતું નથી, તે જ્ઞાનની સ્વામિની છે. ખાસ કરીને પોતાના ઉત્ક્રાંતિના કાર્યમાં, તે જ્ઞાનને

પોતાની દેખીતી ચેતનાની પીઠમાં રાખે છે, અને આવરણની પાછળથી જ્ઞાનને લાવતી હોય તેમ દેખાય છે. પણ ત્યારે પણ તે આવરણ આભાસ માત્ર હોય છે, તે સાચી રીતે અસ્તિત્વ ધરાવતું હોતું નથી, જ્ઞાન હંમેશાં ત્યાં હોય છે જ; ચેતના તેની સ્વામિની છે અને જ્ઞાનને પ્રગટ કરતી હોય છે. પરિપૂર્ણ બનેલા પ્રકાશના મનમાં, સત્યનું આ લક્ષણ પારદર્શક રૂપમાં પોતાની જાતને પ્રગટ કરતું હોય છે, જ્યારે તે આવરણ નાંખતું હોય છે ત્યારે પણ, કારણકે તે પણ ઋત ચેતના અને જ્ઞાનની આત્મશકિત હોય છે. તે પણ અતિમનસમાંથી આવે છે અને તે ગૌણ અને મર્યાદિત હોવા છતાં, તે અતિમનસ્ પર આધાર રાખતું હોય છે. અમે જેને ખાસ પ્રકાશનું મન કહ્યું છે, તે ખરેખર ચેતનાની નીચે ઉતરતી ભૂમિકાઓમાંની છેલ્લી ભૂમિકા છે, જેના પર અતિમનસ્ જાતે પસંદ કરાયેલી મર્યાદા વડે અથવા આત્મપ્રાગટય કરતી પોતાનાં કાર્યોના પરિવર્તન વડે, પોતાની જાતને આવૃત કરતું હોય છે; પણ તેનું તાત્ત્વિક લક્ષણ તેનું તે જ રહે છે, તેમાં પ્રકાશનું, સત્યનું, જ્ઞાનનું કાર્ય હોય છે, જેમાં અચેતનતાને, અજ્ઞાનને, ભૂલને કોઈ સ્થાન હોતું નથી. તે જ્ઞાનમાંથી જ્ઞાન પ્રત્યે ગતિ કરતું હોય છે. હજી સુધી આપણે ઋત ચેતનાની હદોમાંથી અજ્ઞાનમાં પ્રવેશ કર્યો હોતો નથી.

(અતિમનસ્નો આવિર્ભાવ, પૃષ્ઠ ૭૦–૭૧)

મધુર, માતાજી, આ ફકરો હું સમજી શકયો નથી. "પરિપૂર્ણ બનેલા પ્રકાશના મનમાં સત્યનું આ લક્ષણ પોતાની જાતને પ્રગટ કરે છે, જ્યારે તે આવરણ કરતું લાગે છે ત્યારે તે આવરણ પારદર્શક હોય છે.

તેમાં તમને શું નથી સમજાતું?

પારદર્શક આવરણ...

આ એક પ્રતીક છે.

---

૧. જ્યારે આ વાર્તાલાપ પ્રથમ વાર છપાયો, ત્યારે માતાજીએ આ 'કંઈક' ની વ્યાખ્યા આ પ્રમાણે આપી હતી: "અપ્રગટ વસ્તુ, જે પ્રગટ થવા માટે અતિમાનસ જગતનો ઉપયોગ કરશે."

તે કાંઈક આ પ્રકારનું છે. અતિમાનસ દર્શનામાં, માણસ વસ્તુઓના જ્ઞાનને સીધી રીતે, સમગ્ર રીતે, તરત પ્રાપ્ત કરે છે. અર્થાત્ માણસ એકી સમયે દરેક વસ્તુને સમગ્ર રીતે જોતો હોય છે. જ્યારે તે તેને સમજાવવા કે વર્ણન કરવા માગે છે, ત્યારે તેને પ્રકાશના મનની ભૂમિકા પર નીચે આવવાની ફરજ પાડે છે, જ્યાં વસ્તુઓને એક પછી બીજી એ રીતે, અમુક ક્રમમાં, એક બીજા સાથેના અમુક સંબંધોમાં કહેવી પડે છે, વિચારવી પડે છે, અથવા વ્યક્ત કરવી પડે છે. એકી સાથે હોવાપણું અદૃશ્ય બની જાય છે, કારણકે વ્યકત કરવાની આપણી અત્યારની સ્થિતિમાં, બધી વસ્તુઓને એકદમ એકી સાથે કહેવી તે અશકય છે. એટલે આપણે જોતા અથવા જાણતા હોઈએ છીએ. તેના અમુક ભાગને આપણે આવૃત રાખવો પડે છે અને એક પછી બીજી વસ્તુનું કથન કરવું પડે છે. આને શ્રી અરવિંદ પારદર્શક આવરણ કહે છે, કારણકે માણસ દરેક વસ્તુ એકી જ વખતે જોતો જાણતો હોય છે, તેને વસ્તુનું પરિપૂર્ણ જ્ઞાન છે, પણ તે તેને પૂર્ણ રીતે એકી સમયે વ્યકત કરી શકતો નથી. આપણે જેવા છીએ તેવા રહીએ, ત્યાં સુધી તેમ કરવા માટે શબ્દો હોતા નથી, અભિવ્યકિતની શકયતા નથી. આપણી જાતને વ્યકત કરવા માટે આપણે અનિવાર્ય રીતે નિકૃષ્ટ પ્રક્રિયાનો આશ્રય લેવો પડે છે. અને છતાં તેજ વખતે આપણી પાસે પૂર્ણ જ્ઞાન હોય છે. તે જ્ઞાનને શબ્દોમાં સંક્રાન્ત કરવાની જરૂરિયાત જ આપણને તે જ્ઞાનના અમુક ભાગને આવૃત કરવાની, અને તે જ્ઞાનને ક્રમશ: પ્રગટ કરવાની ફરજ પાડે છે. પણ તે આવરણ પારદર્શક હોય છે, કારણકે આપણે તે વસ્તુને પરિપૂર્ણ રીતે જાણતા હોઈએ છીએ, જોતાં હોઈએ છીએ, સમજતાં હોઈએ છીએ, પણ આપણે એકી વખતે તે સર્વને વ્યકત કરી શકતા હોતા નથી. આપણે ક્રમશ: તેને કહેવું પડે છે. તે વ્યકત કરવાના કાર્ય પરના આવરણને, આપણા કથનને તથા સમજને અનુરૂપ બનાવવાની જરૂર પડે છે. જ્ઞાન તો વાસ્તવિક રીતે ત્યાં હોય જ છે. માણસને તેની ખોજ કરવાની હોતી નથી; પણ અભિવ્યકિતની માંગ એવી હોય છે કે આપણે ક્રમશ: તેનું કથન કરવું પડે, અને પરિણામે સ્વાભાવિક રીતે જ તે કથનની સર્વશકિતમત્તા ઘટી જાય છે, કારણ કે સર્વ શકિતમત્તા એટલે વસ્તુની સમગ્ર દર્શના અને સમગ્ર અભિવ્યકિત. સર્વજ્ઞતા પણ સિદ્ધાંત દૃષ્ટિએ ત્યાં હોય છે, પણ સર્વજ્ઞતાની સમગ્ર શકિત કાર્ય કરી શકતી નથી. કારણકે પોતાની જાતને વ્યકત કરવા માટે તેણે એક ભૂમિકા નીચે આવવું પડતું હોય છે.

હું જે કહું છું તે તમને સમજાય છે?

અતિમાનસ જ્ઞાનમાં પરિપૂર્ણ રીતે જીવી શકવા માટે, અત્યારે આપણી પાસે અભિવ્યકિતનાં જે સાધનો છે તેમના કરતાં ભિન્ન પ્રકારના સાધનોની જરૂર છે. અતિમાનસ જ્ઞાનને અતિમાનસ રીતે વ્યકત કરવા માટે, અભિવ્યકિતનાં નવીન સાધનોનું નિર્માણ કરવું પડશે. આપણે આપણી માનસિક શકિતને બને તેટલી ઊર્ધ્વમાં લઈ જવી પડશે, જેથી તેની અને અતિમનસની વચ્ચે નહિ જેવો જ સીમાડો રહે; છતાં થોડોક ભેદ તો રહે છે જ, કારણકે હજી સુધી અભિવ્યકિતનાં સર્વ સાધનો આ માનસિક જગતનાં હોય છે, તેમનામાં અતિમાનસ શકિત આવી હોતી નથી. તેને માટે જરૂરી અંગો આપણી પાસે નથી. અતિમાનસ જ્ઞાનને અતિમાનસ રીતે વ્યકત કરવા માટે, આપણે અતિમનસનાં પ્રાણી બનવું જોઈએ, અતિમાનસ પદાર્થતત્ત્વ હોવું જોઈએ, અતિમાનસ આંતર સંગઠન હોવું જોઈએ. હજી સુધી તો આપણે અડધે જ આવ્યા છીએ; આપણી ચેતનામાં કયાંક, આપણે સમગ્રપણે અતિમાનસ દર્શનમાં અને જ્ઞાનમાં આરોહણ કરી શકીએ, પણ આપણે તેને અભિવ્યકત ન કરી શકીએ. આપણી જાતને અભિવ્યકત કરવા માટે, ફરી આપણે એક ભૂમિકા નીચે આવવું પડે છે.

એટલે આવૃત કરતું દેખાતું આ આવરણ ચેતના માટે અતિદર્શક છે, કારણકે ચેતના અતિમાનસ રીતે વસ્તુઓને જોતી જાણતી હોય છે; પણ એક ભાગ આવૃત હોય છે અને તે પ્રગતિશીલ રીતે પ્રગટ થતો હોય છે, કારણકે તેમ કરવાનો બીજો કોઈ માર્ગ નથી. પણ ચેતના માટે તે પારદર્શક હોય છે જો કે દેખીતી રીતે આવૃત હોય છે.

(મૌન)

ગઈ કાલે આપણે જે ફિલ્મ જોઈ હતી, તે વિષે મને કેટલાક સવાલો પૂછવામાં આવ્યા છે. પહેલો પ્રશ્ન તદ્દન ગ્રામ્ય છે! તે પ્રશ્ન આ છે.

"તમે પ્રાર્થના અને ધ્યાનો' નામના તમારા પુસ્તકમાં જેમનું કથન કર્યું છે તે બધું તે જ છે કે જેમની મૂર્તિઓની પૂજા થાય છે?"

બુદ્ધની તો હજારો મૂર્તિઓ છે. ભારતમાં ઓળખાતા બુદ્ધ, સિલોનમાં ઓળખાતા બુદ્ધ, તિબેટમાં ઓળખાતા બુદ્ધ, ચીનમાં, કંબોડિયામાં, થાઈલેન્ડમાં,

જાપાનમાં અને બીજા દેશોમાં ઓળખાતા બુદ્ધ. જો તમે ઐતિહાસિક હકીકત વિષે પૂછતા હો, તો બધા જ લોકો તમને કહેશે કે, અમે ભારતના ગૌતમ બુદ્ધની પ્રાર્થના કરીએ છીએ. પણ હકીકતમાં, બૌદ્ધ ધર્મની દરેક શાખાને બુદ્ધ વિષે પોતાનો આગવો ખ્યાલ હોય છે; તેમને એક દિવ્ય સત્વ માનવા કરતાં, એક દેવ તરીકે તેમની મૂર્તિની પૂજા થતી હોય છે. જો તમે મને એક મૂર્તિ બતાવીને પૂછો કે, આ મૂર્તિમાં તમને તમે જેમને જાણો છો તે બુદ્ધની અસર અથવા હાજરી દેખાય છે? તો હું તમારા પ્રશ્નનો ઉત્તર 'હા' માં કે 'ના' માં આપી શકું. પણ જ્યારે તમે કહો છો કે 'જેમની મૂર્તિઓની પૂજા થાય છે,' ત્યારે હું તમને જવાબ ન આપી શકું, કારણકે તેનો આધાર, પૂજાની મૂર્તિમાં તેઓ જે કાંઈ લાવી શકયા હોય તેના પર છે. ઐતિહાસિક દૃષ્ટિએ, તે જ નામનો વ્યવહાર થાય છે, પણ તે તે જ આધ્યાત્મિક મહાપુરુષ છે કે કેમ તે હું જાણતી નથી! એટલે હું તમારા સવાલનો જવાબ આપી શકતી નથી.

જો તમે મને આપણે ગઈ કાલે જોઈ તે મૂર્તિઓ વિષે પૂછતા હો, તો તમે જાણો છો કે આપણે ઘણી ઘણી મૂર્તિઓ જોઈ હતી; તેમાંથી ઘણી ભિન્નભિન્ન હતી, દરેક બુદ્ધ ભિન્નભિન્ન હતા. આપણને એક બુદ્ધ બતાવવામાં આવ્યા હતા, જે ખૂબ પ્રમાણભૂત હતા; પણ બીજી મૂર્તિઓ બુદ્ધના વ્યકિતત્વનું ઓછામાં ઓછું પ્રતિનિધિત્વ કરતી હતી. તેનો આધાર તમારા અર્થ ઉપર છે. જો તમે ઐતિહાસિક દૃષ્ટિબિંદુથી પૂછતા હો, તો લોકો હંમેશાં કહે છે કે, તે બુદ્ધ છે. પણ દરેક મૂર્તિ ભિન્નભિન્ન હોય છે.

હવે આપણે બીજા પ્રશ્ન પર આવીએ, કે જે તદ્દન જુદા પ્રકારનો છે.

"અતિમાનસ કરણના માર્ગમાં બુદ્ધના ઉપદેશો માનવ જાતિને કઈ રીતે મદદરૂપ અથવા હાનિકારક બની શકે?"

પ્રગતિ કરવામાં માનવ જાતિને જે જે વસ્તુ મદદ કરે છે તે મદદરૂપ છે, અને તેને પ્રગતિમાં રુકાવટ ડાલે છે તે વિરોધી રૂપ છે.

હકીકતમાં, તમે આ પ્રશ્ન પૂછો છો, કારણ કે આપણે ધમ્મપદનું અધ્યયન કરીએ છીએ અને તેના પર ધ્યાન કરીએ છીએ. (કેટલાક મહીનાઓ સુધી, દર શુક્રવારે, માતાજી બાળકોના વર્ગમાં બુદ્ધ ધર્મના પવિત્ર, 'ધમ્મપદ' નામના પુસ્તક-

માંથી થોડાક શ્લોકોનું વાચન કરતાં હતાં.) સ્વાભાવિક રીતે જ મેં તે પુસ્તક પસંદ કર્યું હતું, કારણકે વિકાસના અમુક તબક્કામાં તે બહુ ઉપયોગી બની શકે તેવું છે. તેમાં તે કેટલીક ફોર્મ્યુલાઓ બહુ સુંદર રીતે સંક્ષેપમાં કહેવામાં આવી છે. જો માણસ તે ફોર્મ્યુલાઓનો ઉપયોગ લાભદાયી રીતે કરી શકે, તો તે બહુ મદદ-રૂપ બની શકે તેમ છે. નહિ તો મેં તે પુસ્તક પસંદ ન કર્યું હોત. કેટલું ઉપયોગી બનશે તેનો આધાર તે વ્યકિત ઉપર છે. પોતાને તેમાંથી લાભ ઉઠાવતાં આવડે છે કે નહિ, તેના પર તેનો આધાર છે.

હવે છેલ્લો પ્રશ્ન:

"શ્રી અરવિંદે કહ્યું છે કે, બુદ્ધ એક અવતાર હતા.

આપણે ઘણીવાર તેમ કહ્યું છે. પણ પછી એક વધારે રહસ્યમય વાત આવે છે.

"બુદ્ધના ઉપદેશોથી અલગ જગતમાં તેમનાં વ્યકિતત્વનું શું રહ્યું છે!" (પ્રશ્ન પૂછનાર શિષ્યને) તમે આવો ભેદ કેમ પાડો છો?

જ્યારે તે નિર્વાણમાં ચાલ્યા ગયા, ત્યારે એમ કહેવામાં આવ્યું હતું કે, હવે તેમના ઉપદેશો સ્મૃતિભંડારમાં રહેશે.

સ્મૃતિગૃહમાં! તેનો અર્થ તો એવો થયો કે, તે બે વસ્તુઓ સાથે સાથે રહેલી છે. તમે તેમને (તેમના ઉપદેશોને અને વ્યકિતત્વને) જુદાં કેમ પાડો છો, તે મને સમજાતું નથી. સ્વાભાવિક રીતે જ, તેમના ઉપદેશોમાં તેમના પ્રભાવનું કાંઈક રહેલું છે! તેમના ઉપદેશો જ માનસિક ક્ષેત્રમાં તેમની અસરને સંક્રાન્ત કરે છે.

તેમના ઉપદેશોથી અલગ, તેમનું સીધેસીધું કાર્ય તો ખૂબ થોડા લોકોમાં મર્યાદિત છે, કે જે લોકો તેમના ખૂબ ઉત્કટ અનુયાયીઓ છે અને જે લોકોમાં તેમના પ્રભાવને પોતામાં જાગૃત કરવાની શકિત છે. બાકી તેમના કાર્યનો સૌથી મહત્ત્વનો ભાગ, લગભગ તેમનું સમગ્ર કાર્ય તેમના ઉપદેશો સાથે જ સંલગ્ન છે. તે બેની વચ્ચે ભેદ પાડવો એ કઠિન છે.

(મૌન પછી) ભિન્ન ભિન્ન વ્યકિતઓમાં અવતરિત થયેલી દિવ્ય શકિતનાં રૂપો, વૈશ્વિક વિકાસથી અમુક ખાસ ક્ષણે, અમુક હેતુ તથા કાર્ય માટે જ અવતાર

ધારણ કરતાં હોય છે, પણ તાત્ત્વિક રીતે તે બધી એક જ સત્‌ની, ભગવાનની ભિન્ન ભિન્ન બાજૂઓ હોય છે; એટલે તેમના કાર્યના અમુક ખાસ હેતુમાં જ તેમનો તફાવત રહેલો છે. બાકી તો, તે જ સત્ય, તે જ શક્તિ, તે જ સનાતન જીવન આ રૂપોમાં પ્રગટ થતાં હોય છે, અને અમુક નિયત ક્ષણે, અમુક કારણ અને હેતુ માટે, આ રૂપોનું સર્જન કરતાં હોય છે એ વાત ઈતિહાસમાં સચવાઈ રહે છે, પણ સનાતન રીતે તે નવીન રૂપો હોય છે, જેમનો ઉપયોગ નવીન પ્રગતિ માટે થતો હોય છે. જેમ આકંપન ટકી રહે છે તેમ, જૂના રૂપો ટકી રહી શકે છે; પણ ઐતિહાસિક દૃષ્ટિથી જોતાં, તેમનો હેતુ તે સમય પૂરતો જ હતો; અને એક નવીન ડગલું આગળ ભરી શકાય તે માટે, એક રૂપની જગ્યાએ બીજું રૂપ આવે છે. માનવજાતિએ ભૂલ કરતી હોય છે કે, લોકો તેની પીઠમાં રહેલી વસ્તુ પર ટીંગાતા હોય છે, અને ભૂતકાળની વસ્તુને અનિશ્ચિત મુદત સુધી ચાલુ રાખવા માગતા હોય છે. જ્યાં સુધી આ વસ્તુઓ ઉપયોગી હોય, ત્યાં સુધી જ તેમનો ઉપયોગ કરવો જોઈએ. કારણકે દરેક વ્યક્તિગત વિકાસનો ઈતિહાસ હોય છે. તમે એની અવસ્થાઓમાંથી પસાર થઈ શકો, કે જેમાં આ નિયમોના અભ્યાસના થોડાક સમય માટે ઉપયોગિતા હોય; પણ તે સમય પસાર કરી દીધા પછી તમારે બીજા કોઈ અભ્યાસમાં પ્રવેશ કરવો જોઈએ, અને જોઈ લેવું જોઈએ કે, ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં, તે અભ્યાસ ઉપયોગી હતો, પણ હવે તે ઉપયોગી રહ્યો નથી. જે લોકો વિકાસની અમુક ભૂમિકાએ પહોંચ્યા છે અને અમુક માનસિક સંયમ જેમને પ્રાપ્ત કર્યો છે, તેમને હું જરૂર એમ તો નહિ જ કહું કે, ધમ્મપદ વાંચો અને તેના પર ધ્યાન કરો; તે તો વખતનો બગાડ થાય. જે લોકો ધમ્મપદની જરૂરિયાતથી પર સ્થિતિમાં ગયા નથી, તેમને જ હું તે પુસ્તક વાંચવા માટે, ધ્યાન કરવા માટે આપું છું. પણ માણસ હંમેશાં પોતાના ખભા ઉપર જેનો અંત જ ન આવે તેવો બોજો ઉપાડતો હોય છે. તેને ભૂતકાળની કોઈ વસ્તુ છોડી દેવાનું ગમતું હોતું નથી. તે નિરુપયોગી બોજાના ભાર નીચે વધારે ને વધારે નીચો નમી જતો હોય છે.

તમારા માર્ગના અમુક ભાગ સુધી તમારે ભોમિયાની જરૂર પડે છે. પણ જ્યારે તમે તે ભાગને વટાવી જાઓ છો, ત્યારે તમે તે માર્ગના ભાગને અને ભોમિયાને, બંનેને પાછળ મૂકીને આગળ ચાલ્યા જાઓ છો! માણસોને એ વાત કરવી કઠિન લાગતી હોય છે, જ્યારે તેઓ તેમને મદદરૂપ કાંઈક વસ્તુને પકડે છે ત્યારે તેઓ તેને ચીટકી રહે છે, પછી તેઓ આગળ વધવાની ઈચ્છા કરતા નથી. ખ્રિસ્તી

ધર્મની મદદથી પ્રગતિ કરેલા લોકો તેને છોડી દેવા માગતા હોતા નથી અને તેને ખભા પર લઈને ફરતા હોય છે. જે લોકોએ બૌદ્ધ ધર્મની મદદથી પ્રગતિ કરી છે, તેઓ તેને છોડવા માગતા નથી; તેઓ પોતાના ખભા પર તે બોજાનું વહન કરતા હોય છે. આ તમારી પ્રગતિમાં અવરોધ ઉભો કરે છે, અને તમારે અચોક્કસ મુદત સુધી વિલંબમાં રહેવું પડે છે.

એક વાર અમુક સ્થિતિમાંથી પસાર થઈ ગયા પછી, તમારે તેને છોડી દેવી જોઈએ. તમે આગળ જાઓ.

માતાજી, બૌદ્ધ ધર્મને પુનર્જીવિત કરવા માટેની, અત્યારની ધાર્મિક રાજકરણી ચળવળ .....

શું? હું રાજકારણમાં ભાગ લેતી નથી. તે તદ્દન નિરર્થક છે. લોકો રાજકારણી હેતુઓ માટે વસ્તુઓનો ઉપયોગ કરતા હોય છે, પણ તે જરા પણ રસપ્રદ નથી. *

૯ ઓકટોબર ૧૯૫૭

શ્રીમાતાજી 'અતિમનસ'નો આવિર્ભાવનાં છેલ્લા પૃષ્ઠ વાંચે છે.

"જે ભૌતિક જગત આપણને અજ્ઞાનનું જગત લાગે છે, અચેતનતામાંથી શરૂ થતી, કોઈ અંધ શકિતનાં કાર્યોનું જગત લાગે છે, અને અજ્ઞાનમાંથી પસાર થઈને અપૂર્ણ પ્રકાશ અને જ્ઞાન પ્રત્યે મુશ્કેલીથી પહોંચતું લાગે છે, તેમાં પણ વસ્તુઓમાં એક નિગૂઢ સત્ય રહેલું હોય છે, જે બધી વસ્તુઓની ગોઠવણી કરે છે, અસ્તિત્વની અનેક વિરોધી શકિતઓને આત્મા પ્રત્યે દોરી જાય છે, અને

---

૧. ગૌતમ બુદ્ધ વિષે એક અંગ્રેજી ફિલ્મ ૨. 'પ્રાર્થનાઓ અને ધ્યાનો' ૨૦-૨૧ ડિસેમ્બર, ૧૯૧૬.

પોતાની એવી ઊંચાઈઓ પર ઉર્ધ્વગતિ કરે છે, જ્યાં તે પોતાના ઉચ્ચતમ સત્યને પ્રગટ કરી શકે અને વિશ્વનો નિગૂઢ હેતુ સિદ્ધ કરી શકે. અસ્તિત્વના ભૌતિક જગતનું પણ નિર્માણ વસ્તુઓમાં રહેલા સત્યના નમૂના પર જેને આપણે પ્રકૃતિનો નિયમ કહીએ છીએ તેના પર, થતું હોય છે. આપણે એક સત્યમાંથી બીજા મહત્તર સત્યમાં આરોહણ કરીએ છીએ, અને આખરે આપણે પરમાત્માના પ્રકાશને પ્રાપ્ત કરીએ છીએ. સાચી રીતે જોતાં, પ્રકૃતિની કોઈ અંધ શક્તિએ આ જગતનું સર્જન નથી કર્યું; અચેતનતામાં પણ પરમ સત્યની હાજરી કાર્ય કરી રહેલી હોય છે; તેની પીઠમાં એક દર્શન કરતી શક્તિ છે, જે ભૂલ વગર કાર્ય કરતી હોય છે, ઠોકર ખાતાં, દેખાતાં, અજ્ઞાનનાં ડગલાં પણ તે જ દોરતી હોય છે. કારણકે આપણે જેને અજ્ઞાન કહીએ છીએ તે આવૃત જ્ઞાન છે, જે પોતાનું નહિ એવા શરીરમાં કાર્ય કરી રહેલું છે, પણ જે પોતાના પરમ આત્માની શોધમાં ગતિ કરી રહેલું છે. આ જ્ઞાન એ નિગૂઢ અતિમનસ છે, જે સૃષ્ટિનો આધાર છે, સર્વને પોતાની પ્રત્યે દોરી રહેલું છે, અને પોતપોતાની પ્રકૃતિના નિયમને અનુસરતાં, સર્વ મનોને, પ્રાણીઓને પદાર્થોને પોતાની પ્રત્યે દોરી રહ્યું છે. અસ્તિત્વના આ વિશાળ અને દેખીતી રીતે ગૂંચવાડા ભરેલા સમૂહમાં એક નિયમ છે, અસ્તિત્વનું એક સત્ય છે, જગતના અસ્તિત્વના હેતુને સિદ્ધ કરતી એક દોરવણી છે. અતિમનસ અહીં આવૃત છે, પોતાના લાક્ષણિક નિયમ અનુસાર તે કાર્ય કરી રહ્યું હોતું નથી, પણ તેના સિવાય કોઈ પણ વસ્તુ પોતાના લક્ષ્યને પહોંચી શકે નહિ. અજ્ઞાની મન વડે નિયમિત થતું જગત થોડા જ સમયમાં અંધાધુંધીમાં જઈને પડે. હકીકતમાં, તે પોતે જેનું આવરણ છે તે નિગૂઢ સર્વજ્ઞતા જો તેને ટકાવી ન રાખે, તો તેનું અસ્તિત્વ જ ન રહે. અંધ અચેતન શક્તિ વડે નિયમિત થયેલું જગત તેનાં તે જ યાંત્રિક કાર્યોની પુનરાવૃત્તિ કર્યા કરે પણ તેનો કશો અર્થ નથી, તે કયાંય પહોંચી ન શકે. આ એવી ઉત્ક્રાન્તિનું કારણ ન બની શકે, કે જે પદાર્થતત્ત્વમાંથી પ્રાણનું સર્જન કરે છે, પ્રાણમાંથી મનનું સર્જન કરે છે, અને પદાર્થતત્ત્વ, પ્રાણ, મનની ભૂમિકાઓનો ક્રમ છેવટે અતિમનસના ઉદયમાં પરિણમે છે. અતિમનસમાં પ્રગટ થતું નિગૂઢ સત્ય બધો સમય ત્યાં હતું જ, પણ હવે તે પોતાની જાતને પ્રગટ કરે છે, વસ્તુઓમાં રહેલા સત્યને પ્રગટ કરે છે, આપણા અસ્તિત્વના અર્થને પ્રગટ કરે છે."

(અતિમનસનો આવિર્ભાવ, પૃષ્ઠ ૭૩–૭૪)

હકીકતમાં આ વાચન પૂરું થયું. ન હતું તે ત્યાં જ અટકી ગયું. બીજા સાધકો આવવાના બાકી હતા. .....

(મૌન)

ત્યારે આજે આપણે પ્રશ્નો વગર જ પૂર્ણાહુતિ કરવાની છે?

માતાજી, આમાંના છેલ્લા ભાગ વિષે એક પ્રશ્ન છે. જો અતિમનસ વસ્તુઓની પીઠમાં નિગૂઢ હોય, તો પછી તેને શોધવું તે આટલું બધું કઠિન કેમ લાગે છે?

કારણકે તે નિગૂઢ છે! (હસાહસ)

અજ્ઞાનમાં પણ તે કાર્ય કરી રહેલું છે, તે સત્ય પ્રત્યે દોરી જાય છે. .....

શ્રીઅરવિંદ સમજાવે છે કે જો વસ્તુઓની પીઠમાં અતિમાનસ સત્ય રહેલું ન હોત, તો જગત અત્યારે જેટલું સંગઠિત છે તેટલું પણ સંગઠિત ન બન્યું હોત. આપણને એમ લાગે છે કે ખૂબ પ્રકાશમય સંકલ્પ સાથે એક ચેતના છે કે જેણે ખૂબ નિશ્ચિત યોજનાપૂર્વક સર્વ વસ્તુઓનું સંગઠન કર્યું છે, જે અજ્ઞાનનું અથવા અચેતનતાનું પરિણામ ન હોઈ શકે. હકીકતમાં, વસ્તુઓની પીઠમાં રહેલા અતિમનસને અથવા ઋતચેતનાને જોવાની તમારી મુશ્કેલી તમારા અંગત અજ્ઞાનની અને અચેતનતાની ચોકકસ માત્રા બતાવી આપે છે, કારણકે જે લોકો આ અજ્ઞાનમાંથી અને અચેતન તત્ત્વમાંથી બહાર આવેલા છે, તેઓ તો બહુ સ્પષ્ટ રીતે અતિમનસને જોતા હોય છે. મુશ્કેલી માણસની અચેતનતાની સ્થિતિ ઉપર આધાર રાખે છે. પણ જે માણસ અચેતનતાની આ સ્થિતિથી પર ચાલ્યો ગયેલો હોય છે, તેને અતિમનસ શોધી કાઢવામાં કશી જ મુશ્કેલી નડતી હોતી નથી, તે તો મૂળ દષ્ટિગોચર હોય છે.

(મૌન)

જો માણસ થોડી ઘણી આધ્યાત્મિક અને ચૈતસિક ચેતનામાં પ્રવેશ કરે, તો તે સહેલાઈથી વસ્તુઓની કાંઈક વિષયગત અવાસ્તવિકતાથી સભાન બને; અને સામાન્ય ચેતનાને જે વસ્તુ વાસ્તવિક, દૃષ્ટિગોચર, ગ્રાહ્ય, અને માપી શકાય તેવી લાગતી

હોય, તે એટલી બધી પ્રવાહી, અપદાર્થમય બની જાય કે જે ચેતના તેને જોતી હોય તેને માટે જ તે વાસ્તવિકતા બની રહે, તદ્દન પરિવર્તનશીલ વાસ્તવિકતા બની રહે અને કેટલીક વાર તો ચેતનાના દર્શનને અનુસાર તદ્દન વિરોધી બની જાય, જો આપણે જગત વિષે જે ભિન્ન ભિન્ન સમજૂતિઓ આપવામાં આવી છે તેમનો જે ભિન્ન ભિન્ન રીતે જગત અભિવ્યક્ત થયું છે તેમનો વિચાર કરીએ, તો આપણને ખ્યાલોની એવી એક પરંપરા પ્રાપ્ત થશે, જે કેટલીકવાર તદ્દન વિરોધી હોય છે, અને છતાં જે ભિન્ન ભિન્ન ચેતનાઓ વડે થતું એક જ વસ્તુનું દર્શન હોય છે. હકીકતમાં. આ છેલ્લા ફકરામાં એવા એક આખરી મુદ્દો રજૂ કરવામાં આવ્યો છે કે જે કાંઈ છે તે ભગવાનના અંગત સંકલ્પની પરિપૂર્ણ અને સમગ્ર અભિવ્યકિત છે, વિચારકોની અમુક શાખા, અનુભૂતિના પાયા પર, કહે છે કે દરેક વસ્તુ ભગવાનના સંકલ્પની પરિપૂર્ણ રીતે કરાયેલી અભિવ્યકિત છે તેથી વિરુદ્ધ, કેટલાક લોકો કહે છે કે જગત એ તર્કવિહોણી એક પ્રકારની અંધાધુંધી છે; તે કેવી રીતે અને શા માટે અસ્તિત્વમાં આવ્યું છે તે કહી શકાય તેમ નથી, તે કયાં જઈ રહ્યું છે તે પણ કહી શકાય તેમ નથી; તેમાં કોઈ તર્ક? કારણકે સંગઠન નથી; તે કેવળ અંધાધુંધી છે; તે આ પ્રમાણે બનતું ચાલે છે; પણ તેનાં કારણો જાણી શકતાં નથી. જો તમે આ બે છેડાનાં દૃષ્ટિબિંદુઓને લો અને જગત વિષે જે કાંઈ કહેવામાં આવ્યું છે, લખાયું છે, વિચારાયું છે તેના પર વિચાર કરો, અને તે બધાં દૃષ્ટબિંદુઓનું એકત્રિત દર્શન કરો તો એમ જણાશે કે જગત એક જ છે અને તેને વિષે આટલી બધી ભિન્ન ભિન્ન સમજૂતિઓ આપવામાં આવી છે, એટલે આ જગત માત્ર દ્રષ્ટાની ચેતનામાં જ અસ્તિત્વ ધરાવે છે. સાચે જ, તેમાં કાંઈક તો હોવું જ જોઈએ, પણ તે 'કાંઈક' માણસો તેને વિષે વિચારે છે તેના કરતાં તદ્દન પર, ભિન્ન હોવું જોઈએ, પરિણામે જગત એક ભ્રાન્તિમય અવાસ્તવિકતા છે એવી લાગણી પેદા થાય છે,

હકીકતમાં, જગતની વાસ્તવિકતા દરેક જણની ચેતના માટે સંપૂર્ણપણે વિષયીગત છે. જગતમાં વિષયીગત વાસ્તવિકતા નથી, કારણકે એક દૃષ્ટિબિંદુથી એમ કહી શકાય કે જગત પરમાત્માના એક સચેતન સંકલ્પનું પરિણામ છે, જે સંકલ્પ સર્વનું શાસન કરે છે; જયારે બીજા દૃષ્ટિબિંદુથી એમ કહી શકાય કે જગતના અસ્તિત્વ માટે કોઈ કારણ નથી. સિવાય કે ભ્રાન્તિમય અકસ્માત, અને છતાં આ બે ખ્યાલો એક જ વસ્તુને લાગુ પડે છે.

તમે એને માટે કદી પણ વિચાર કર્યો નથી?

દરેક જણને પોતાનો વિચાર હોય છે, ઓછો વત્તો સ્પષ્ટ હોય છે, ઓછો વત્તો સંગઠિત હોય છે, ઓછો વત્તો નિશ્ચિત હોય છે: તે વિચારને તે માણસ જગત કહેતો હોય છે. દરેક જણ પોતાની રીતે જોતો હોય છે, પોતાની રીતે અનુભવ કરતો હોય છે, બીજી દરેક વસ્તુ સાથે પોતાનો ખાસ સંબંધ રાખતો હોય છે; અને આ ને તે જગત કહેતો હોય છે. સ્વાભાવિક રીતે જ, તે પોતાની જાતને કેન્દ્રમાં મૂકતો હોય છે, અને પછી પોતાની આસપાસ બધી વસ્તુઓને સંગઠિત કરતો હોય છે, તે જે રીતે તેમને જોતો હોય, અનુભવતો હોય છે સમજતો હોય છે, ઇચ્છતો હોય છે તે અનુસાર પોતાના પ્રતિકાર્ય અનુસાર. પણ દરેક ચેતના માટે તે ભિન્ન ભિન્ન હોય છે. તેનો અર્થ એ થયો કે આપણે જેને જગત કહીએ છીએ તે વાસ્તવિક વસ્તુ આપણા દર્શનમાંથી સંપૂર્ણપણે છટકી જાય છે, તે કાંઈક બીજું હોવું જોઈએ, તે શું છે તે સમજવા માટે આપણે આપણી વ્યક્તિગત ચેતનામાંથી બહાર આવવું જોઈએ એને જ શ્રી અરવિંદ "નિમ્નતર ગોળાર્ધમાંથી ઉચ્ચતર ગોળાર્ધમાં જવું" કહે છે. નિમ્નતર ગોળાર્ધમાં જેટલી વ્યક્તિઓ હોય છે, તેટલાં વિશ્વો હોય છે. ઉચ્ચતર ગોળાર્ધમાં એવું 'કાંઈક' છે, જે છે તે છે, જેમાં બધી ચેતનાઓએ મળવું જોઈએ. આને શ્રી અરવિંદ ઋત ચેતના કહે છે.

જેમ જેમ માનવ ચેતના પ્રગતિ કરે છે, તેમ તેમ તેને આ પરસ્પર સંબંધિતતાનો વધારે ને વધારે ખ્યાલ આવતો જાય છે, અને સાથે સાથે એવી અસ્પષ્ટ માગણી પ્રગટતી હોય છે કે, એક સત્ય છે જેનું દર્શન સામાન્ય સાધનો વડે થઈ શકતું નથી, પણ જે એક યા બીજી રીતે દૃષ્ટિગોચર બને તેવું હોવું જોઈએ.

આજે બસ. હવે આપણે 'દિવ્ય જીવન' માંથી વાચન કરીશું. મને આશા છે કે તેમાં આપણને આ સમસ્યાની ચાવી જડશે.

૧૬ ઓકટોબર ૧૯૫૭

મારી પાસે ચાર પ્રશ્નો આવ્યા છે. સ્વાભાવિક રીતે જ, મેં જે, હમણાં વાંચન કર્યું તેને વિષે તે નથી. તે ત્રણ જુદા જુદા વિષયો પરત્વે છે. દરેક

પ્રશ્નનો બહુ લાંબો જવાબ આપવો પડે તેવા તે છે. પણ પહેલા બે સવાલો એક બીજા સાથે સંબદ્ધ છે, એટલે તેમને હું ભેગા લઈશ, તે આત્માની અવક્રાંતિ વિષે છે.

પહેલો પ્રશ્ન :

જો પ્રગટ થનાર બધી વસ્તુ પદાર્થતત્ત્વમાં અવક્રાંત છે જ, તો પછી અતિમનસથી અન્ય તત્ત્વો તેમાં નિગૂઢ છે ખરાં કે જે, અતિમનસનો પૂર્ણ આવિર્ભાવ થતાં પ્રગટ થશે?"

તાર્કિક રીતે કહીએ તો, હા. કારણકે તાત્ત્વિક રીતે પદાર્થતત્ત્વ અને પરમ તત્ત્વ એક જ છે, પણ...અહીં બીજા પ્રશ્નો આવીને ઊભા રહે છે.

" અવક્રાંતિ સમયમાં (કાળમાં) થઈ હતી ? જેમ ઉત્ક્રાંતિનો ઇતિહાસ છે તેમ તેનો ઇતિહાસ છે ખરો ? "

એમ કહી શકાય કે આનો જવાબ પૂછનારના માનસિક વલણ પર આધાર રાખે છે. વિદ્વાનો તમને કહેશે કે ભિન્ન ભિન્ન શાખાઓએ આ વસ્તુઓ વિષે ભિન્ન ભિન્ન કથનો કર્યાં છે. તત્ત્વચિંતકો ઇતિહાસનો ઇન્કાર કરે છે, તત્ત્વચિંતકો, વિચારકો કહે છે કે, ઇતિહાસ તો માત્ર બાળકો માટે છે. માનસશાસ્ત્રીઓ દરેક વસ્તુનો ચેતનાની ગતિઓમાં અનુવાદ કરે છે. છેવટે, કેટલાક લોકોને પ્રતીકો બહુ ગમતાં હોય છે, જેમને મન વૈશ્વિક ઇતિહાસ એક મહાન, સિનેમેટોગ્રાફ જેવો વિકાસ છે. તેઓ આ ચિત્રમય વિકાસને ખૂબ જીવંત અને સ્પર્શગમ્ય માને છે, કારણકે પ્રતીકો વસ્તુઓને વધારે સઘન અને વાસ્તવિક રીતે સમજાવી શકતાં હોય છે.

એ વાત સ્પષ્ટ છે કે, આ ત્રણેય સમજૂતિઓ સમાન રીતે સત્ય છે; અગત્યની વાત એ છે કે માણસે પોતાના વિચારમાં તેમનો સમન્વય કરવો જોઈએ, તેમનામાં સંવાદિતા સ્થાપવી જોઈએ. આપણે તત્ત્વચિંતનની શુષ્કતાઓને બાજુ પર રાખીશું, કારણકે વિદ્વાનોનાં પુસ્તકોમાં તેમને વિષે વાંચવું એ વધારે સારું છે. એ તો વસ્તુઓનું કથન ખૂબ નિશ્ચિત, ચોક્કસ અને શુષ્ક રીતે કરતા હોય છે! માનસશાસ્ત્રીય દૃષ્ટિબિંદુનું કથન કરવું તેના કરતાં તેને જીવનમાં ઉતારવું એ

વધારે સારું છે. એટલે આપણે માટે બાળકો માટેની કથાઓ જ બાકી રહે છે. હંમેશાં બાળક બની રહેવું તે સરસ છે. જો આપણે તે કથાને અપરિવર્તનીય સિદ્ધાંત ન માની લેવા જેટલી દરકાર રાખીએ, તો આપણે આ કથાઓના સાધન દ્વારા, બાળક સમાન ચેતના માટે, કોઈક વસ્તુને જીવંત બનાવી શકીએ, જે 'કાંઈક' કથાઓ સિવાય આપણાથી ખૂબ ખૂબ દૂર રહે.

આપણે કહેવાયેલી કથાઓમાંથી વત્તીઓછી સત્ય, વત્તી-ઓછી પરિપૂર્ણ, વત્તીઓછી અભિવ્યંજક કથાઓને પસંદ કરીશું. પણ પોતાની જાતને કથામાં ઘુસાડી દીધા સિવાય અથવા તેનાથી બહાર રહ્યા સિવાય અમુક દૃષ્ટિબિંદુથી જોતાં, આ બે ક્રિયાઓ એક જ છે, આપણે તે કથામાં, છેવટે આંશિક રીતે અને વિશાળ રેખાઓમાં, ફરી જીવીશું, તો તે આપણને સમજવામાં અને તેથી વસ્તુઓ કેવી રીતે અને શા માટે બની તેના સ્વામી બનવામાં મદદરૂપ થશે. કેટલાક લોકોએ તેમ કર્યું હતું. તેમને દીક્ષિતો, ગૂઢવાદીઓ, અને પયગંબરો એકી સાથે કહેવામાં આવે છે. ઘણી સુંદર કથાઓ કહેવામાં આવી છે.

હું તમને ખૂબ સંક્ષેપમાં કહીશ. તમે તેને ધર્મ સિદ્ધાંત ન માની લેતા, માત્ર કથા જ માનજો.

જ્યારે પરમાત્માએ, પોતાની જાતનું દર્શન કરવા માટે, પોતાની જાતનું બાહ્યીકરણ કરવાનો નિર્ણય કર્યો, ત્યારે પ્રથમ તેમણે પોતાની જાતમાં જે વસ્તુને બાહ્યીકરણ કર્યું તે જગતનું જ્ઞાન અને તેનું સર્જન કરવાની શકિત હતાં. આ જ્ઞાન ચેતનાએ અને શકિતએ પોતાનું કાર્ય શરૂ કર્યું. પરમાત્માના સંકલ્પમાં એક યોજના હતી. આ યોજનાનું પ્રથમ તત્ત્વ હતું તાત્ત્વિક આનંદની અને તાત્ત્વિક સ્વતંત્રતાની બંનેની અભિવ્યકિત, જે આ સૃષ્ટિનું ખૂબ રસપ્રદ લક્ષણ હતું.

એટલે રૂપોમાં આનંદને તથા સ્વતંત્રતાને વ્યકત કરવા માટે વચગાળામાં કાર્ય કરનાર તત્ત્વોની જરૂર હતી. પ્રથમ વૈશ્વિક વિકાસનો પ્રારંભ કરવા માટે ચાર સત્ત્વોનો વિસર્ગ કરવામાં આવ્યો. પરમાત્મામાં શકયતા રૂપે જે કાંઈ હતું તે સર્વનું પ્રગતિશીલ વિષયીકરણ કરવા માટે તે વૈશ્વિક વિકાસ તો પ્રારંભ હતો. તે સત્ત્વો તેમનાં અસ્તિત્વના તત્ત્વમાં હતાં. ચેતના અને પ્રકાશ, જીવન (પ્રાણ), આનંદ અને પ્રેમ, અને સત્ય.

તમે કલ્પી શકશો કે તે ચારેય સત્ત્વોમાં ખૂબ શક્તિ, ખૂબ બળ, કંઈક વિશાળ તત્ત્વ હતાં, કારણ કે તે આ વસ્તુઓનાં તત્ત્વ હતાં. વધારામાં, તેમને પસંદગી કરવાની પૂરી સ્વતંત્રતા હતી, કારણ કે આ સૃષ્ટિ ખુદ સ્વતંત્રતા બનવાની હતી. તે સત્ત્વો તદ્દન સ્વતંત્ર હતાં, કાર્ય કેવી રીતે કરવાનું છે તેનો તેમને ખ્યાલ હતો, એટલે તેમણે કાર્ય કરવાની શરૂઆત કરી. તેમણે સ્વતંત્ર રીતે તે કાર્ય કરવાનું પસંદ કર્યું. મેં જે હમણાં તમારી સમક્ષ વાંચ્યું, તેમાં શ્રી અરવિંદના કથન મુજબ, કરણનું વલણ અખત્યાર કરવાને બદલે, સ્વાભાવિક રીતે જ તેમણે સ્વામીનું વલણ અખત્યાર કર્યું. આ ભૂલ વિશ્વમાં સર્વ ગેરવ્યવસ્થાનું મૂળ કારણ બન્યું. પરમાત્મા અને પ્રગટ કરાયેલી વસ્તુ એ બેમાં ભેદ થતાંવેંત જ, ચેતના અચેતનતામાં પરિવર્તિત થઈ ગઈ, પ્રકાશ અંધકાર બની ગયો, પ્રેમ દ્વેષમાં પલ્ટાઈ ગયો, આનંદ દુ:ખમાં પરિવર્તિત બન્યો, જીવન મૃત્યુમાં પલ્ટાઈ ગયું, અને સત્ય અસત્યમાં પલ્ટાઈ ગયું. સ્વતંત્ર રીતે, એક બીજાથી ભિન્ન રહીને, ગેરવ્યવસ્થામાં તેમણે તેમની સૃષ્ટિઓનું કામ ચાલુ રાખ્યું.

પરિણામ રૂપે આપણે જોઈએ છીએ તેવું જગત બન્યું. તે ક્રમે ક્રમે, પ્રગતિશીલ રીતે બન્યું. તેનું વર્ણન કરતાં બહુ સમય લાગે. પણ તેનું આખરી સર્જન બન્યું જડ, અચેતન, દુ:ખી પદાર્થતત્ત્વ. વિશ્વના સર્જન માટે જે ચાર સત્ત્વોને સર્જનાત્મક શક્તિએ પ્રગટ કર્યાં હતાં, તેમણે શું બની રહ્યું હતું તે જોયું; પરમાત્મા પ્રત્યે અભિમુખ બનીને તે સર્જનાત્મક શક્તિએ (પ્રકૃતિએ) તે દુરિતને (અનિષ્ટને) સુધારવા માટેના ઉપાયની પ્રાર્થના કરી.

પછી તે પ્રકૃતિને આજ્ઞા થઈ, " અચેતનતામાં તારી ચેતના ઉતાર, આ દુ:ખમાં તારો પ્રેમ ઉતાર, અને આ અસત્યમાં તારું સત્ય ઉતાર. પ્રથમ પ્રગટયા હતાં તેના કરતાં મહત્તર ચેતનાએ વધારે પરિપૂર્ણ પ્રેમે, વધારે પરિપૂર્ણ સત્યે પદાર્થતત્ત્વની ભીષણતામાં જંપલાવ્યું, જેથી તેનામાં ચેતના, પ્રેમ અને સત્ય જાગૃત થાય અને ઉદ્ધારના કાર્યનો પ્રારંભ થઈ શકે, કે જે ઉદ્ધાર ભૌતિક વિશ્વને તેના પરમ ઉદ્‌ગમસ્થાનમાં લઈ આવવાનો હતો.

---

૧. શ્રી અરવિંદ આપણને કહે છે કે ઉત્ક્રાંતિ એ અવક્રાંતિનું પરિણામ છે. આ રીતે, પ્રાણ ભૌતિક તત્ત્વમાં અવક્રાંત છે, મન પ્રાણમાં અવક્રાંત છે, અને અતિમનસ્ મનમાં અવક્રાંત છે. શૂન્યમાંથી કશું જ પ્રગટ થઈ શકે નહિ. પરમતત્ત્વ પદાર્થતત્ત્વમાં અવક્રાંત છે, તેથી તે પદાર્થતત્ત્વમાંથી પ્રગટ થઈ શકે છે.

એટલે પદાથ તત્ત્વમાં પરંપરાગત અવકાન્તિઓ થઈ છે, અને તે અવકાન્તિઓનો ઇતિહાસ છે, આ અવકાન્તિઓનું પરિણામ છે. અચેતનતામાંથી પ્રગટ થતું અતિમનસનું દર્શન પણ એવું કોઈ સૂચન પ્રાપ્ત થતું નથી કે આ અતિમનસના દર્શન પછી બીજો દર્શનો પ્રાપ્ત નહિ થાય. કારણકે પરમાત્મા અખૂટ છે, તે હંમેશાં નવીન સૃષ્ટિઓ સર્જશે.

આ મારી કથા છે.

*

૨૩ ઓકટોબર ૧૯૫૭

માતાજી, દિવ્ય જીવનનાં છેલ્લા છ પ્રકરણોનું વાચન શરૂ કરે છે.

"આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ, પદાર્થતત્ત્વમાં સતત વિકસતા આત્મનિર્માણમાં ચેતનાની ઉત્ક્રાન્તિ અને તે પણ અંદર રહેલા આત્માને રૂપ પ્રગટ કરી શકે ત્યાં સુધીની ઉત્ક્રાન્તિ પાર્થિવ અસ્તિત્વની ચાવી છે, કેન્દ્રસ્થ, મહત્ત્વનો હેતુ છે. પ્રારંભમાં આત્માની પરમ વાસ્તવિકતાની ગાઢ ભૌતિક અચેતનતામાં અવકાન્તિ પડે એ અર્થવત્તા નિગૂઢ રહેલી છે. પદાર્થતત્ત્વના અચેતનતાનું આવરણ વૈશ્વિક ચૈતન્ય આચ્છાદિત કરે છે, જે ચૈતન્ય શકિત તેનામાં શકિતને કાર્ય કરી રહેલી છે, જેથી ભૌતિક વિશ્વમાં સર્જનની શકિતરૂપે પ્રગટ થયેલું પ્રથમ રૂપ પોતે પણ અચેતન બની ગયું હોય તેમ ભાસે છે, અને છતાં તે વિશાળ ગૂઢવાદી બુદ્ધિનાં કાર્યો કરતું હોય છે."

મધુર માતાજી, આ ચૈતન્ય શકિત શું છે તે હું સમજી શકયો નહિ. તેથી મને આમાં કશી સમજ ન પડી!

પ્રથમ વાકયને જ સમજવાની પ્રથમ તે જરૂર છે. તે વૈશ્વિક અસ્તિત્વના મુખ્ય સિદ્ધાંતનું-તત્ત્વનું કથન કરે છે. આપણે આ ગ્રંથના છેલ્લા છ પ્રકરણોનો છેડાનો પ્રારંભ કરીએ છીએ. તે ગ્રંથના પ્રારંભમાં શ્રીઅરવિંદે એક પછી એક આ વિશ્વ

અને અસ્તિત્વ શા માટે અને કેવી રીતે તેની સમજૂતિ આપી છે. તે વસ્તુઓને છેક છેલ્લી હદ સુધી તે લઈ ગયા છે, જેથી તેમનો અર્થ તે પૂરેપૂરી રીતે સમજાવી શકે. અને અંતમાં તેમણે બતાવ્યું છે કે કયી બાબતોમાં તે સમજૂતિઓ અપૂર્ણ હતી, અને પછી પોતે તેમનો સાચો ઉકેલ આપ્યો છે. તે બધું આપણે પૂરું કરી ગયા છીએ એમ માનવાનું છે, તે બધું આપણા વાચનનાં પ્રકરણોની પહેલાંનાં પ્રકરણોમાં આવી ગયું છે. તે બધું વાંચતાં અને સમજાવતાં આપણને દશ વર્ષ લાગ્યાં હોત ! લાભકારક રીતે તે બધું સમજવા માટે, તમને અનેક પ્રકારના જ્ઞાનની અને મહાન બૌદ્ધિક વિકાસની જરૂર પડી હોત. પણ આપણે ત્યાંથી પ્રારંભ કરીએ છીએ કે જ્યાં તેમણે શુદ્ધ બૌદ્ધિક દૃષ્ટિબિંદુથી, અસ્તિત્વનો હેતુ સમજાવ્યો છે. તે તેની રજૂઆત આ રીતે કરે છે." પાર્થિવ અસ્તિત્વનો કેન્દ્રસ્થ, અર્થપૂર્ણ હેતુ. મને સમગ્ર વિશ્વ સાથે નિસ્બત નથી. તેમણે પાર્થિવ જીવનને અર્થાત્ પૃથ્વી પરના, આપણા જીવનને સમગ્ર વિશ્વના હેતુના પ્રતીકમય અને સઘન પ્રતિનિધિરૂપે લીધું છે. હકીકતમાં, ખૂબ પ્રાચીન પરંપરાઓ અનુસાર, ગહનતર આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી, પૃથ્વી વૈશ્વિક જીવનની એક પ્રતીકમય સઘનતારૂપે સર્જાઈ છે, જેથી રૂપાંતરનું કાર્ય એક મર્યાદિત સઘન અવકાશમાં વધારે સહેલાઈથી સિદ્ધ થઈ શકે. પૃથ્વીમાં બધી સમસ્યાઓ એકત્રિત થઈ છે, અને તેથી તે સઘનતામાં પરિપૂર્ણ અને અસરકારક કાર્ય થઈ શકે. એટલે શ્રી અરવિંદ અહીં માત્ર પાર્થિવ અસ્તિત્વની વાત કરે છે, પણ આપણે સમજી શકીએ છીએ કે તે એક પ્રતીકમય અસ્તિત્વ છે, અર્થાત્ તે વૈશ્વિક કાર્યનું પ્રતિનિધિત્વ ધરાવે છે. તે એક પ્રતીકમય, સઘન પ્રતીક છે. શ્રી અરવિંદ કહે છે કે પાર્થિવ અસ્તિત્વનો કેન્દ્રસ્થ હેતુ સમગ્ર આવિર્ભાવમાં આત્માને જગાડવાનો, વિકસાવવાનો, અને તેનો પરિપૂર્ણ આવિર્ભાવ કરવાનો છે. જે આત્મા પદાર્થતત્ત્વના કેન્દ્રમાં નિગૂઢ છે અને અંદરથી તેને પ્રગતિશીલ વિકાસ પ્રત્યે ધકકેલી રહ્યો છે, કે જે વિકાસ અંદર રહીને કાર્ય કરી રહેલા આત્માને મુકત કરે.

---

૧. યુદ્ધની લીલામાં તલવારને આનંદ આવે છે, સરરર... કરીને છૂટવામાં બાણને આનંદ આવે છે, અવકાશમાં ચક્કર આવે ત્યાં સુધી ઘૂળવામાં પૃથ્વીને આનંદ આવે છે, પોતાના તેજોમય પ્રકાશમાં અને સનાતન ગતિમાં સૂર્યને બાદશાહી આનંદ આવે છે, હંસ ચેતન કરણ, તું પણ તારે માટે નિર્માણ થયેલાં કાર્યોમાં આનંદ માણ."

("અતિમાનવ," શતાબ્દી ગ્રંથ ૧૬, પૃષ્ઠ ૨૮૮માંથી "કાર્યોનો આનંદ" નામનો ઉદ્ધૃત કરેલો ફકરો.)

એટલે, આપણે જેમને જોઈએ છીએ તે બાહ્ય દેખાવોમાં, પ્રથમ ખનિજ રાજ્ય નજરે પડે છે. જે તેમાં પત્થર, માટી, ખનિજ, દ્રવ્યો છે આપણી બાહ્ય ચેતનાને તદ્દન અચેતન દેખાય છે, છતાં આ અચેતનતાની પીઠમાં આત્માનું જીવન છે, આત્માની ચેતના છે, જે તદ્દન નિગૂઢ છે, જાણે કે નિદ્રાવસ્થામાં છે જો કે તે માત્ર દેખાવ જ છે અને જે આત્મા અંદરથી કાર્ય કરે છે, જેથી તે જડ દેખાતા આ પદાર્થતત્ત્વનું ધીમેધીમે રૂપાંતર કરી શકે, અને તેનું સંગઠન વધારે ને વધારે પ્રમાણમાં ચેતનાનો આવિર્ભાવ કરી શકે. શ્રી અરવિંદ કહે છે કે આ જડ પદાર્થતત્ત્વનું આવરણ શરૂઆતમાં એટલું બધું પરિપૂર્ણ હોય છે કે ઉપરચોટિયા દૃષ્ટિને તે એવું દેખાય કે તેમાં જીવન કે ચેતના નથી. જ્યારે તમે એક પત્થરને ઉપાડીને તમારી સામાન્ય આંખો અને ચેતના વડે તેને જુઓ છો, ત્યારે તમે કહો છો કે આનામાં જીવન નથી, ચેતના નથી. જે માણસને દેખાવોની પીઠમાં જોતાં આવડતું હોય છે, તેને માટે આ પદાર્થતત્ત્વના તેના કેન્દ્રમાં દરેક કેશાણુંના કેન્દ્રમાં નિગૂઢ પરમ દિવ્ય વાસ્તવિકતા નજરે પડે છે, જે અંદરથી ધીમે ધીમે યુગો સુધી આ જડ પદાર્થતત્ત્વને તે અંદર રહેલા આત્માને પ્રગટ કરી શકે તેવું અભિવ્યંજક કાંઈક બનાવવા માટે કાર્ય કરી રહી હોય છે, ત્યારે તમને જીવનના ઈતિહાસની પ્રગતિ પ્રાપ્ત થાય છે. તે પત્થરમાંથી એકદમ પ્રાથમિક જીવન પ્રગટે છે, અને સંગઠનની ક્રમિક સ્થિતિઓ દ્વારા એક સંઘટિત પદાર્થ પ્રગટે છે, જે જીવન પ્રગટ કરવા સમર્થ હોય છે, ખનિજ રાજ્ય અને વનસ્પતિ રાજ્યની વચ્ચે પરિવર્તનકારી તત્ત્વો હોય છે. તે ખનિજ પ્રદેશનાં કે વનસ્પતિ પ્રદેશનાં છે તેની ખબર આપણને પડતી હોતી નથી. જ્યારે કોઈ તેનું વિસારપૂર્વક અધ્યયન કરે છે, ત્યારે તેને કેટલીક વિચિત્ર જાતિઓ દેખાય છે કે જે તે બેમાંથી એકકેય પ્રદેશની નથી હોતી. પછી વનસ્પતિ સૃષ્ટિનો વિકાસ આવે છે, જ્યાં સ્વાભાવિક રીતે જ જીવન પ્રગટ થાય છે, કારણકે છોડમાં વૃદ્ધિ થતી હોય છે, પરિવર્તન થતું હોય છે, અને જીવનના (પ્રાણના) પ્રથમ દૃશ્ય સાથે વિઘટનનાં ક્ષીણતાનાં દૃશ્યો પણ આવતાં હોય છે, જે પત્થર કરતાં ખૂબ ઝડપથી બનતાં હોય છે, જો પત્થરનું બાહ્ય શક્તિઓના આવેગથી રક્ષણ કરવામાં આવે, તો તે અનિશ્ચિત મુદત સુધી ટકી રહે છે, જ્યારે છોડ વૃદ્ધિના, આરોહણના, ક્ષીણતાના, અને વિઘટનના વળાંકને અનુસરતો હોય છે, પણ તે બધું ખૂબ મર્યાદિત ચેતના સાથે થતું હોય છે, જે લોકોએ વિસ્તારપૂર્વક વનસ્પતિ સૃષ્ટિનું અધ્યયન કર્યું છે, તેઓ બરાબર જાણે છે કે, વનસ્પતિમાં પ્રાણ છે, ચેતના છે, દા. ત. જીવવા માટે છોડોને

સૂર્ય પ્રકાશની જરૂર રહે છે સૂર્ય એ સક્રિય શક્તિનો પ્રતિનિધિ છે, જે છોડોને ઉગાડે છે, જો તમે છોડને સૂપ્રર્યકાશ વગરની જગ્યાએ રાખો તો તમે જોશો કે તે ઊંચો ને ઊંચો ઉગવા, સૂર્યપ્રકાશને પહોંચવા પ્રયત્ન કરતો હોય છે. દા.ત. કુમાઉં જંગલમાં, જ્યાં માણસની દખલગિરી હોતી નથી ત્યાં, બધાં છોડો સૂર્ય-પ્રકાશને પહોંચવા માટેનો આ સંઘર્ષ કરતા હોય છે. તે બહ રસપ્રદ છે. તમે જો કોઈ પુષ્પોના કુંડાને સૂર્યપ્રકાશવિહોણા, ભીંતોવાળા, પ્રાંગણમાં મૂકો, તો જે છોડ આટલો જ (અભિનય) ઉગતો હોય છે તે ઊંચો બનવા માટે પ્રયત્ન કરે છે, તે સૂર્યપ્રકાશને પહોંચવા માટે પ્રયત્ન કરતો હોય છે. એટલે છોડોમાં ચેતના છે, જીવવા માટેનો સંકલ્પ છે કે જે પ્રગટ થઈ ચૂકયો હોય છે. પછી ધીમે ધીમે, જેમ જેમ જાતિઓ વધારે ને વધારે વિકાસ સાધતી જાય છે તેમ તેમ, તમે એ એવી વચગાળાની સ્થિતિઓ પહોંચો છો કે જે તદ્ન છોડ નથી હોતો અને હજી પશુ પણ નથી હોતું. એવી ઘણી જાતિઓ છે જે ખૂબ રસપ્રદ છે. કેટલાક છોડ માંસાહારી હોય છે, તેમનું મુખ ખુલ્લું હોય છે, તેમાં તમે આંખ મૂકો અને તેઓ તેને હડપ કરી જાય છે. તે છોડ નથી હોતો, અને પશુ પણ નથી હોતો. આ પ્રકારના ઘણા છોડ હોય છે.

પછી તમે પશુ પ્રત્યે આવો છો. પ્રાથમિક પશુઓનો છોડોથી ભેદ પારખવે એ બહુ મુશ્કેલ હોય છે, તેમનામાં ચેતના નહિ જેવી હોય છે, પશુઓમાં પણ ક્રમિક સ્થિતિઓ હોય છે. ઉચ્ચતર પશુઓમાં ચેતના જરૂર દેખાય છે. તેમનામાં તદ્ન સ્વતંત્ર સંકલ્પશક્તિ પણ હોય છે. તેઓ બહુ સચેતન અને બુદ્ધિશાળી હોય છે. દા.ત. હાથી. તમે હાથીઓ તથા તેમની અદ્ભુત બુદ્ધિ વિષે અનેક કથાઓ જાણો છો. એટલે ત્યાં મન ખૂબ પ્રમાણમાં દૃષ્ટિગોચર થતું હોય છે. આ પ્રગતિ-શીલ વિકાસ દ્વારા આપણે ઓચિંતા એક એવી જાતિ પાસે આવી પહોંચીએ છીએ, જે ઘણું કરીને લુપ્ત થઈ ગઈ છે, પણ જેનાં ચિહ્ન જડયાં છે. પછી વાનર આવે છે અથવા વાનર જેવું કોઈક પ્રાણી, કે જે બે પગપર ચાલે છે. ત્યાંથી આપણે માણસ પર આવીએ છીએ. માણસની ઉત્ક્રાન્તિનો પરિપૂર્ણ પ્રારંભ ત્યાં છે. માણસ તેજસ્વી બુદ્ધિ બનાવી શકે છે એમ તો આપણે ન કહી શકીએ, પણ તેનામાં મનનું કાર્ય શરૂ થઈ ગયેલું હોય છે, સ્વતંત્રતાનો પ્રારંભ થઈ ચૂકયો હોય છે, વાતાવરણ પ્રત્યે અને પ્રકૃતિનાં બળો પ્રત્યે તે સ્વતંત્ર પ્રતિકાર્ય કરી શકતો હોય છે. માણસમાં એવી ક્રમિક સ્થિતિઓ છે, જેથી તે આખરે આધ્યાત્મિક જીવન માટે સમર્થ એવો ઉચ્ચતર પ્રાણી બની શકે છે.

શ્રી અરવિંદ આ પૃષ્ઠ પર આપણને આ વાત કહે છે. હવે તમારે કોઈ પ્રશ્ન પૂછવો છે?

મધુર માતાજી, શ્રી અરવિંદ અહીં કહે છે કે "આ ચેતના બુદ્ધિના પરમ શિખરને પહોંચે છે, અને માનવમાં તે પોતાની જાતને પણ ટપી જાય છે."

હા, મેં તમને હમણાં તે જ વાત કરી. પોતાની ઉચ્ચતમ અવસ્થામાં માણસ પ્રકૃતિથી લગભગ સ્વતંત્ર બની જાય છે, તદ્દન તો નહિ. 'તદ્દન' માં અતિશયોક્તિ છે, પણ તે તદ્દન સ્વતંત્ર બની જઈ શકે છે. જે માણસે પોતામાં આધ્યાત્મિક ચેતનાનો સાક્ષાત્કાર કર્યો છે, જેણે દિવ્ય ઉદ્ગમસ્થાન સાથે સીધો સંબંધ સ્થાપ્યો છે, તે અક્ષરશ: પ્રકૃતિથી અને તેની શક્તિથી સ્વતંત્ર બની જાય છે.

(વરસાદ પડવા માંડે છે.) આહ, તે આપણાં મનને શીતલ બનાવવા વરસે છે! (હસાહસ)

તેને શ્રી અરવિંદ કહે છે 'પોતાની જાતને પણ ટપી જાય છે!' અર્થાત્ સત્, આંતરદિવ્ય ચેતના, પરમ આધ્યાત્મિક વાસ્તવિકતા પોતાનો વિકાસ કરવાના પ્રયાસમાં..... (વધારે વરસાદ પડે છે.) ઓહ, હવે આપણે વાર્તાલાપ બંધ કરવો પડશે. પોતાની જાતને પ્રગટ કરવાનાં સચેતન સાધનોને વિકસાવવાના તેના પ્રયત્નમાં, તે માણસ પ્રકૃતિની સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થયા સિવાય જ તે પરમાત્મા સાથે સીધા સંપર્કમાં આવવા શકિતમાન બને છે.

હવે આપણે અટકી જઈશું. આજે ધ્યાન નહિ, કારણ કે ...**

જ્યારે વાનર અથવા માનવ પોતાની શકયતાઓની ઊંચાઈને પહોંચે છે, અર્થાત્ જ્યારે માનવ વ્યકિત માનવજાતિની શ્રેષ્ઠ ટાઈપ બને છે, ત્યારે તે ખતમ થઈ જાય છે, તે વ્યકિત આગળ પ્રગતિથી કરી શકે. તે માનવ-જાતિનું પ્રાણી છે, તે તે જાતિનું રહ્યા કરશે. એટલે પાર્થિવ ઈતિહાસના દૃષ્ટિબિંદુથી જોતાં, પ્રગતિ થતી હોય છે, કારણકે દરેક જાતિ તેની આગળ થઈ ગયેલી જાતિઓ કરતાં વધારે પ્રગતિ સાધતી હોય છે. પણ વ્યકિતના દૃષ્ટિબિંદુથી જોતાં, પ્રગતિ થતી હોતી નથી. તે જન્મતો હોય છે, પોતાનો વિકાસ સાધતો હોય છે, મરી જાય છે, અને અદૃશ્ય બની જાય છે. એટલે વ્યકિતની પ્રગતિ સિદ્ધ થાય તેટલા માટે, બીજું કોઈ સાધન શોધી કાઢવાની જરૂરત હતી, આ સાધન પર્યાપ્ત ન હતું. પણ દરેક રૂપ ધારણ કરતી વ્યકિતમાં ચેતનાનું એવું એક સંગઠન હોય છે, જે દિવ્ય હાજરીની નજીક

હોય છે, અંદર રહેલા ભગવાનની સીધી અસર નીચે હોય છે. આ અસર હેઠળ રહેલા રૂપમાં, શકિતની આંતર એકાગ્રતાનો આ પ્રકારમાં ભૌતિક રૂપથી સ્વતંત્ર જીવન હોય છે, જેને આપણે જીવાત્મા અથવા ચૈત્ય સત્તા કહીએ છીએ. તે દિવ્ય કેન્દ્રની આસપાસ સંગઠિત થયેલું હોય છે, તેથી તે અમર અને સનાતન દિવ્ય સ્વ-ભાવમાં ભાગીદાર બને છે. બાહ્ય શરીર પડી જાય છે, પણ એ જીવાત્મા દરેક જન્મમાં પ્રાપ્ત કરેલો અનુભવ સાથે જીવતો રહે છે, તેથી દરેક જન્મ પ્રગતિ ચાલુ રહે છે, તે પ્રગતિ તે જ વ્યકિતની હોય છે. આ ગતિ બીજી ગતિની પૂરક બને છે, અર્થાત્ એક જાતિ બીજી જાતિઓના સંબંધમાં પ્રગતિ કરતી રહે તેને બદલે, વ્યકિત આ બધી જાતિઓની પ્રગતિના બધા તબકકાઓમાંથી પસાર થાય છે અને પરમ સીમાએ પહોંચે, ત્યારે તે ત્યાં રહે અથવા અદૃશ્ય બની જાય છે. જે વાત તે તે કિસ્સા પર આધાર રાખતી હોય છે જ્યારે જાતિઓ પોતાની શકયતાઓની અનિશ્ચિત મુદત સુધી પોતાની પ્રગતિ ચાલુ રાખી શકે છે. તે દ્વિગુણ ગતિ છે, જે પોતાની જાતને પરિપૂર્ણ કરે છે. તેથી દરેક વ્યકિત, તે ક્ષણે તે જે રૂપમાં હોય તેનાથી સ્વતંત્ર બની તે, પોતાના શ્રેષ્ઠ સાક્ષાત્કારને પહોંચવાની શકયતા ધરાવે છે.

એવા લોકો હતા અને છે જેઓ એમ કહેતા હોય છે કે અમને અમારા પૂર્વજન્મો યાદ છે, અને તેઓ પોતે કૂતરા અથવા હાથીઓ અથવા વાંદરા હતા ત્યારની ઘટનાઓ વર્ણવતા હોય છે, પોતાની ઘટનાઓને તેઓ વીગતવાર વર્ણતા હોય છે. હું તેમની સાથે દલીલમાં ઉતરવા માગતી નથી, પણ આ હકીકત સિદ્ધ કરે છે કે માણસ તરીકે જન્મતા પહેલાં તે વાંદરો પણ હોઈ શકે, માણસમાં પૂર્વ-જન્મની વાત યાદ રાખવાની શકિત હોતી નથી તે અલગ વાત છે, પણ ચોકકસ આ આંતર દિવ્ય સ્ફુલ્લિંગ પોતાની જાતથી વધારે ને વધારે સચેતન બનવા માટે અનેક ક્રમિક રૂપોમાંથી પસાર થતો હોય છે. જો માણસ અત્યારે માનવરૂપમાં જ દેખાતા પોતાના ચૈતસિક અસ્તિત્વના પ્રાગટય પહેલાંનાં રૂપો યાદ કરી શકે, તો તે એ પણ યાદ કરી શકે કે તે વૃક્ષો પર ચઢતો હતો, નાળિયેર ખાતો હતો, નીચેથી પસાર તથા મુસાફરો ઉપર અનેક પ્રકારની યુકિત પ્રયુકિતઓ અજમાવતો હતો!

ગમે તેમ પણ તે હકીકત છે. માનસિક પ્રાણીને જેવી સ્મૃતિઓ છે તેની સ્મૃતિઓ ચૈતસિક સત્ત્વને પણ હોય છે. તેમને યાદ કરવા માટે આંતર સંગઠનની અમુક સ્થિતિ

જરૂરની છે તે આપણે હવે પછી જોઈશું, જ્યારે આપણે આ પુસ્તકના તે ભાગ પર આવીશું ત્યારે. પણ ગમે તેમ પણ આ હકીકત સ્થાપિત થઈ ચૂકેલી છે. એક બીજાને પૂરક અને એક બીજામાં ભાગ લેતી આ દ્વિવિધ ગતિ દરેક માણસમાં રહેલા દિવ્ય પ્રકાશનો સાક્ષાત્કાર કરવા માટેની ખૂબ શકયતાઓ ઉભી કરે છે. શ્રી અરવિંદે એ વાત સમજાવી છે. (બાળક તરફ વળીને) આનો અર્થ એ થયો કે અતિમાનસિક જાતિ બનવાના ક્રમમાં તમે હજી, તમારા બાહ્ય શરીરમાં, પશુ જાતિના છો! પણ તમારામાં ચૈતસિક સત્તા છે, જે પહેલાં અસંખ્ય જાતિઓનાં જીવન જીવી ચૂકયું છે, અને તમારામાં હજારો વર્ષોના અનુભવનું વહન કરી રહ્યું છે, જે જ્યાં સુધી તમારું માનવ શરીર રહેશે અને આખરે નાશ પામશે ત્યાં સુધી ટકી રહેશે.

આપણે પાછળથી જોઈશું કે આ ચૈતસિક સત્તામાં પોતાના શરીરનું રૂપાંતર કરવાની શકયતા છે કે નહિ, અને પશુ, માનવ અને અતિમાનવ વચ્ચેની વચગાળાની જાતિનું સર્જન કરવાની શકયતા તેનામાં છે કે નહિ. પણ અત્યારે તો અમર આત્મા માનવ શરીરમાં પોતાની જાતથી વધારે ને વધારે સભાન બની રહ્યો છે. તમને આ સમજાયું?

(બીજો બાળક) માતાજી, પ્રકૃતિમાં આપણે ઘણીવાર એક સમગ્ર જાતિઓ અદૃશ્ય બનેલી જોઈ શકીએ છીએ, તેનું કારણ શું?

કદાચ પ્રકૃતિને લાગ્યું હશે કે તે જાતિ સફળ બની ન હતી! પ્રકૃતિ કુશળતાપૂર્વક, કરકસર કરવાની જરા પણ દરકાર રાખ્યા સિવાય, કાર્ય કરતી હોય છે. એ આપણે જોઈ શકીએ છીએ. તે બને તેટલ પ્રયત્નો, બને તેટલી રીતે, ખૂબ નોંધપાત્ર અનેક પ્રકારનાં સંશોધનો દ્વારા કરતી હોય છે, પણ કેટલીક વાર... તે એક આંધળી ગલી જેવું હોય છે. પ્રગતિ કરવાને બદલે, તે દિશામાં ગમે તેમ આગળ ધકકેલાવું તેનાથી તો માણસ એવી સ્થિતિને પહોંચે કે જે તદ્ન અસ્વીકાર્ય હોય. પ્રકૃતિ કોઈ ગણતરી કર્યા સિવાય, પ્રચુરતાપૂર્વક પોતાના સર્જનાત્મક આત્માને બહાર ફેંકતી હોય છે. જ્યારે તે સંયોગીકરણ બહુ સફળ નથી બનતું, ત્યારે તે આમ કરે છે (અભિનય) અને બધી વસ્તુઓને ફંગોળી દે છે, તેને તેની દરકાર નથી હોતી. પ્રકૃતિમાં અમર્યાદ પ્રચુરતા છે. હું માનું છું કે ગમે તેવો પ્રયોગ કરતાં તે અચકાતી હોતી નથી. જો અમુક વસ્તુને કોઈ સફળ પરિણામ પ્રત્યે દોરી જવાની તક હોય તો તે પોતાનું કામ તે બાબત ચાલુ રાખે છે. વાનર અને માનવની વચ્ચે વચગાળાની જાતિઓ અથવા સમાંતર રૂપો જરૂર હતાં, તેમનાં

ચિહ્નો જડ્યાં છે. કદાચ ઈચ્છા મુજબ માની લેવાને કારણે! પણ ચિહ્નો જડ્યાં છે તે વાત ચોક્કસ. તે જાતિઓ અદૃશ્ય બની ગઈ છે. એટલે આપણે કલ્પના કરી શકીએ કે હવે જે જાતિ આવવાની છે, જે પશુમાનવ અને અતિમાનવ વચ્ચે વચગાળાની જાતિ હશે, તે રહેશે કે પછી પ્રકૃતિ તેને રસહીન માનીને તેનો ઈન્કાર કરશે? તે આપણે પછી જોઈશું. જ્યારે આવતી વખતે આપણે ફરી મળીશું, ત્યારે આપણે ફરી તેને વિષે વાત કરીશું!

તે કેવળ મર્યાદારહિત પ્રચુરતાની ક્રિયા છે. પ્રકૃતિમાં પૂરતું જ્ઞાન અને ચેતના છે, જેથી તે અસંખ્ય તત્ત્વો સાથે કામ પાડી શકે છે, જે તત્ત્વો મિશ્રિત કરી શકાય છે; ફરી વિઘટિત કરી શકાય છે, જેમનો ફરી ઘાટ ઘડી શકાય છે, ફરી પાછાં જેમને તોડી ફોડી નાંખી શકાય છે, અને...એ એક મહાન ચરૂ છે, જેમ તમે હલાવો છો, તેમ એમાંથી કાંઈક બહાર આવે છે, તે સારું ન લાગવાથી તમે તેને ફરી પાછું ચરુમાં ફેંકી દો છો, અને તેમાંથી બીજી કોઈક વસ્તુ લો છો. તેના માપની કલ્પના કરો. આ પૃથ્વીને જ લો. એક, બે, કે સો રૂપો પ્રકૃતિ માટે મહત્ત્વનાં નથી. હજારો, હજારો રૂપો હોય છે. પછી થોડાક વર્ષ, સો, હજાર, લાખો વર્ષો; પ્રકૃતિને તેનું મહત્ત્વ નથી. તમારી આગળ શાશ્વતી પડી છે!

માત્ર જ્યારે આપણે માનવીય માપ વડે વસ્તુઓ પ્રત્યે જોઈએ છીએ, ત્યારે તે ખૂબ વિશાળ લાગે છે, પણ પ્રકૃતિ માટે તે કાંઈ વિસાતમાં નથી. તેને મન તે એક મનોરંજનની રમત છે. કોઈને તે રમત ગમે કે ન ગમે, પણ છતાં તે રમત છે.

એ વાત સ્પષ્ટ છે કે પ્રકૃતિને તેમાં મજા પડે છે, તેને કશી ઉતાવળ હોતી નથી, જો તેને આગ્રહપૂર્વક, વચ્ચે અટકયા સિવાય, પોતાનું કાર્ય પૂરું કરી દેવાનું કહેવામાં આવે, તો તે હંમેશાં એક જ જવાબ આપે છે કે "શા માટે? આ રમતમાં તમને શું મજા નથી પડતી?"

૧૩ નવેમ્બર ૧૯૫૭

પહેલા પૃષ્ઠ બાબત મારે એક પ્રશ્ન છે, જેમાં શ્રી અરવિંદ કહે છે, "આધ્યાત્મિક ઉત્ક્રાંતિ, સતત વિકસતા આત્મનિર્માણ માટે પદાર્થતત્ત્વમાં ચેતનાની

ઉત્ક્રાંતિ, જ્યાં સુધી રૂપ અંદર રહેલા આત્માને પ્રગટ કરી શકે ત્યાં સુધી ચેતનાની ઉત્ક્રાંતિ એ પાર્થિવ અસ્તિત્વની ચાવી છે, તેનો અર્થપૂર્ણ કેન્દ્રસ્થ હેતુ છે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૨૪)

એટલે, રૂપના દૃષ્ટિબિન્દુથી, માણસ કયી રીતે બીજા પશુઓથી અધિક ઉચ્ચ છે?

મને લાગે છે કે તે શોધી કાઢવું તે બહુ સહેલું છે.

શ્રી અરવિંદ તે રૂપની વાત કરે છે, કે જે આત્માને પ્રગટ કરવા માટે સમર્થ છે. આત્માના આવિર્ભાવનો સ્વભાવ જ ચેતના છે, જ્ઞાન છે, અને આખરે પ્રભુત્વ છે. એ વાત સ્પષ્ટ છે કે કેવળ કળાના અને શારીરિક દેખાવના દૃષ્ટિબિન્દુથી જોતાં, અમુક પશુઓનાં રૂપો સુંદર લાગે, કદાચ માનવની અત્યારની પતનની સ્થિતિમાં માનવના રૂપ કરતાં પણ વધારે સુંદર લાગે. એવા સમયો હતા, કે જ્યારે માનવજાતિ વધારે સુંદર અને સંવાદમય હતી.

આત્માની અભિવ્યકિતના સાધન તરીકે, માનવ રૂપની અધિકતા બાબતમાં જરા પણ શંકા નથી. માણસ ટટ્ટાર ઉભો રહી શકે છે તે હકીકત બતાવી આપે છે કે તેનામાં વસ્તુઓ પ્રત્યે ઊર્ધ્વમાંથી જોવાની શકિત છે. નાક જમીન પ્રત્યે નીચું રાખીને ચાલવાને બદલે, તે જે કાંઈ જુએ છે તેના પર તે પ્રભાવ પાડી શકે છે. અલબત્ત, એમ કહી શકાય કે, પંખીઓ ઉડી શકે છે; પણ પાંખો છે માટે બૌદ્ધિક આત્માભિવ્યકિતનું સાધન પણ હોવું એ કઠિન છે.

આ ટટ્ટાર ઉભા રહી શકવાની સ્થિતિ એ પ્રતીકમય છે. આંખો તથા નાક નીચાં રાખીને ચાલતાં, મારામાં એવી લાગણી પેદા નથી થતી કે હું વસ્તુઓની બીજી અથવા ઊર્ધ્વ ભૂમિકા પરથી જોઉં છું. માનવ શરીરની રચના જ માનસિક જીવનને અભિવ્યક્ત કરવા માટે બનેલી હોય છે. દા.ત. મસ્તિષ્ક, કદ, માનવ-મસ્તકની રચના, હાથોની રચના આ બધું જ આત્માની અભિવ્યાક્તના દૃષ્ટિબિન્દુથી જોતાં ચોક્કસ અધિક છે; તે બધાની રચના બુદ્ધિને અભિવ્યક્ત કરવાના હેતુથી જ થયેલી હોય છે.

બળના, ચપળતાના દૃષ્ટિબિન્દુથી જોતાં, માણસ બીજા પશુઓથી અધિક છે એમ ન કહી શકાય; પણ આત્માને અભિવ્યકત કરી શકવાની બાબતમાં કોઈ પણ પશુ માનવની તોળે આવી ન શકે. દરેક વસ્તુ આ હેતુને ખ્યાલમાં રાખીને રચવામાં

આવી હોય છે. આ શકયતામાં બીજી વસ્તુઓ ઉમેરી શકાય; પણ માનસિક જીવન ખાતર તે વસ્તુઓનો ભોગ આપવામાં આવ્યો છે. માનસિક જીવનને અભિવ્યકત કરવાની શકિતને લઈને જ માણસ પોતામાં સુષુપ્ત રહેલી શક્તિઓને વિકસાવી શકયો છે. માણસમાં કેળવાવાની શકિત છે. તેમાં શરીરને પણ કેળવી શકાય છે, તે કેટલીક શકિતઓમાં વધારો કરી શકે છે. આપણે જેમને ખૂબ વખાણીએ છીએ તેવાં પશુઓમાંનું કોઈપણ પશુ શારીરિક વ્યાયામ કરી શકતું નથી. હું શાળામાં જઈને ભણવાની વાત નથી કરતી, પણ માત્ર શારીરિક વ્યાયામની, સ્નાયુઓને પદ્ધતિપૂર્વક વિકસાવાની વાત કરું છું. પશુ જન્મે છે, અને પોતાની પાસે જે હોય છે તેનો સારો ઉપયોગ કરે છે, પોતાના નિયમ અનુસાર વૃદ્ધિ પામે છે, પણ તે પોતાની જાતને કેળવી શકતું નથી, અને કેળવે તો તદ્દન પ્રાથમિક રીતે ખૂબ મર્યાદિત ક્ષેત્રમાં કેળવી શકે છે, પણ સામાન્ય, પદ્ધતિપૂર્વકના વિકાસ વડે, માણસ પોતાની ન્યુનતાઓને તથા ખોડખાંપણોને દૂર કરી શકે છે. ચોક્કસ માણસ સંગઠનની દૃષ્ટિએ, પ્રથમ પ્રગતિશીલ પ્રાણી છે. જે પોતાની શકિતઓમાં, શકયતાઓમાં વૃદ્ધિ કરી શકે છે, અને સ્વયંભૂ રીતે જે વસ્તુઓ તેને થઈ ન હતી તેમને પ્રાપ્ત કરી શકે છે. કોઈ પણ પશુ તેમ ન કરી શકે.

હા, માણસની અસર હેઠળ કેટલાંક પશુઓ પહેલાં તેઓ સ્વયંભૂ રીતે કરી શકતાં ન હતાં તેવી ગતિઓ કરવાનું શીખ્યાં છે, પણ તે માણસની અસર હેઠળ જ. ચોક્કસ, માણસો વગર કૂતરાં અને ઘોડા તે વસ્તુઓ કદી ન શીખ્યાં હોત, જે માણસના સંપર્કથી તેઓ શીખ્યાં છે. એટલે એ વાત સ્પષ્ટ છે કે માનવીય ભૌતિક રૂપ જ આત્માની અભિવ્યક્તિ માટે ખૂબ યોગ્ય સાધન છે. તે શરીર આપણને ભલે અયોગ્ય લાગતું હોય, પણ આપણો અનુભવ છે કે એક કેળવણી આપનારા સંકલ્પ સિવાય, આપણાં શરીરોમાંથી જે કાંઈ ખેંચી શકીએ છીએ તે સ્વયંભૂ રીતે તેમણે ન આપ્યું હોત. બુદ્ધિ, અવલોકન, સમજ, અનુમાન વગેરે માનસિક ગુણોને વ્યક્ત કરવાની શકયતા વડે માણસ પ્રકૃતિના નિયમોને ધીમે ધીમે સમજી શકયો છે, અને માત્ર તેમને સમજવાનો જ નહિ, પણ તેમના પર પ્રભુત્વ મેળવવાનો પણ તેણે પ્રયત્ન કર્યો છે.

જો આપણે માણસ જે છે તેને જે સત્ય આપણે બનવા માગીએ છીએ તે સત્યમાં જીવતા ઉચ્ચતર સત્ત્વ સાથે સરખાવીશું તો આપણે માનવ વિષે સ્પષ્ટ રીતે કરી શકીશું કે તે હજી ખૂબ નિકૃષ્ટ સ્થિતિમાં છે, અને આપણે તેની અપૂ-

ર્ણતા વિષે ફરિયાદ કરીશું. પણ જો આપણે માનવને ઉત્ક્રાન્તિમાં તેની તરત જ પહેલાં આવેલાં પશુઓને સ્થાને મૂકીશું, તો આપણને જણાશે કે માનવમાં એવી શકયતાઓ અને શકિતઓ છે, કે જેમને બીજાં પશુઓ વ્યકત કરવા તદ્દન અસમર્થ છે. મહત્વાકાંક્ષા હોવી, પ્રકૃતિના નિયમો જાણવાનો સંકલ્પ હોવો, ઈચ્છા હોવી, અને તેમના પર તેમને પોતાની જરૂરિયાતોને અનુકૂળ બનાવવા જેટલું અને અમુક પ્રમાણમાં તેમને પરિવર્તિત કરવાનું પ્રભુત્વ પ્રાપ્ત કરવું આ બધું કોઈ પણ પશુ માટે અશકય છે, અવિચારણીય છે.

તમે મને કહેશો કે હું મોટે ભાગે માણસ વિષે બહુ સારું બોલતી નથી (હસાહસ) પણ તેનું કારણ એ છે કે મોટેભાગે તે પોતાને માટે બહુ ઊંચું માનતો હોય છે!

જો આપણે માનવને પ્રકૃતિનાં બીજા સંતાનો કૃતિઓ, સાથે સરખાવીએ તો ચોક્કસ તે નીસરણીને સૌથી ઊંચે પગથિયે છે.

પણ માતાજી, તો પછી સવાલ ઉદ્‌ભવે છે, ચેતનાનું અવતરણ રૂપનો વિકાસ સાધતું હોય છે, કે પછી રૂપનો વિકાસ ઉચ્ચતર ચેતનાને અવતરણ કરવાની ફરજ પાડતો હોય છે?

ચેતનાના અવતરણ સિવાય વિશ્વ જ અસ્તિત્વમાં ન આવી શકે. પછી તમારું વિશ્વ કયાંથી શરૂ થાય, શેની સાથે?

માણસની બાબતમાં, પશુમાનવે મનને નીચે આણ્યું હતું, કે પછી તે મનનું અવતરણ હતું?

શું તમે એમ પૂછવા માગો છો કે વચગાળાના પ્રાણીમાંના અથવા ઉચ્ચતર વાનરમાંના કશાકે, પોતાની અભીપ્સા વડે, મનને નીચે આણ્યું હતું? પણ અભીપ્સા પોતે જ આગળ થઈ ચૂકેલા અવતરણનું પરિણામ હોય છે.

એ સ્પષ્ટ છે કે અસ્તિત્વ ધરાવતી વસ્તુમાં જે સમાવિષ્ટ ન હોય, તેને કોઈ પણ વસ્તુ પ્રગટ ન કરી શકે. માણસ શૂન્યમાંથી કોઈક વસ્તુને પ્રગટ ન કરી શકે. જે કાંઈ હોય તેને માણસ બહાર લાવી શકે, વ્યકત કરી શકે, વિકસાવી શકે; પણ જો ત્યાં કંઈ જ ન હોય, તો કશું જ બહાર આવી શકે નહિ. સર્વ

પ્રગતિ, સર્વ પરિપૂર્ણતા જે કાંઈક અંદર છે અને બહાર આવવા મથે છે તેના આંતર પ્રયત્નનું પરિણામ છે. તત્ત્વ પહેલું હોય છે, અભિવ્યકિત પછીથી થતી હોય છે. જેમ જેમ આપણે દિવ્ય જીવન વાંચતા જઈશું, તેમ તેમ શ્રી અરવિંદ દરેક શકય રીતે આ વાત તમને સિદ્ધ કરી બતાવશે. જો સનાતન તત્ત્વ ન હોત, પરિપૂર્ણ વાસ્તવિકતા ન હોત, આપણે તેને મરજી મુજબ ગમે તે નામ આપીએ, તો વિશ્વ અસ્તિત્વમાં જ ન આવ્યું હોત, કારણકે શૂન્યમાંથી કશું જ પેદા થઈ શકતું નથી.

આ ગ્રંથ આગળ વાંચીશું, તેમ તેમ તે વાત આપણે જોઈશું; ત્યારે તમારે તત્ત્વ ચિંતનની અનેક કસરતો કરવી પડશે. પણ તત્ત્વ ચિંતનની અને માનસિક કસરતો કર્યા સિવાય પણ, એટલું તો સ્પષ્ટ છે કે કોઈ પણ વસ્તુને બનાવવા માટે, તમારે જેના વડે તેને બનાવી શકાય છે તેની તો જરૂર પડવાની જ.

માનવ મનના વિકાસમાં એવો એક ગાળો છે અથવા હતો, કે જેમાં માણસોએ ગંભીરતાપૂર્વક એમ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો હતો કે પદાર્થતત્ત્વને પરિપૂર્ણ બનાવવાથી તેમાંથી આત્મા પેદા થયો છે પણ તે અક્કલહીન વાત છે! (માતાજી હસે છે.) તમારાં નાનામાં નાનાં કાર્યો સ્પષ્ટ રીતે સિદ્ધ કરે છે કે પ્રથમ તમે ખ્યાલ બાંધતા હો છો, અને પછી, ખૂબ નાના પાયા ઉપર પણ, તે કરતા હો છો. જે જીવન સચેતન સંકલ્પનું પરિણામ નથી, તે જીવન તદ્દન અસંગત જીવન બની રહે. જો પ્રકૃતિ સચેતન શકિત ન હોત, સચેતન સંકલ્પ ન હોત, તેને જો સચેતન હેતુ ન હોત, તો કોઈ પણ વસ્તુ સંગઠિત ન બની હોત. આપણા વ્યકિતગત જીવનમાં પ્રાપ્ત થતા અવલોકનના ખૂબ નાનકડા ક્ષેત્રમાં પણ થોડાક અવલોકનથી આપણને આ બાબતમાં પૂરી ખાતરી થઈ જશે.

શ્રી અરવિંદ આ વિષયનું ખૂબ વિસ્તારપૂર્વક કથન કરે છે. એટલે આપણે વળી પાછા તેને વિષે વાત કરીશું.

(મૌન)

એમ કહી શકાય કે, અગ્નિ ઉપર પ્રભુત્વ એ માનવની શ્રેષ્ઠતાની પ્રતીકમય સાબિતી છે. માણસ જ્યાં જ્યાં હોય છે ત્યાં ત્યાં અગ્નિ પ્રગટાવવામાં આવતો હોય છે.

પશુની ક્રિયાઓ કરતાં બે વસ્તુઓ સ્પષ્ટ રીતે ચઢિયાતી છે. લખવાની શક્તિ અને સ્પષ્ટ વાણીની શકયતા. આ એટલી બધી સ્પષ્ટ રીતે ચઢિયાતી છે કે પૂરતા પ્રમાણમાં વિકાસ પામેલાં પશુઓ સ્પષ્ટ વાણી પ્રત્યે ખૂબ જ લાગણી ધરાવતાં હોય છે, તેનાથી તેઓ મુગ્ધ બની જતાં હોય છે. જો તમે કોઈ જંગલી પશુ સમક્ષ સ્પષ્ટ, ખૂબ આરોહ અવરોહયુક્ત, શુદ્ધ રીતે ઉચ્ચરિત વાણી બોલશો, તો તે તરત તમારા પ્રત્યે આકર્ષાશે, મુગ્ધ બની જશે. હું જે પશુઓ માણસોની નિકટ રહ્યાં છે તેમની વાત નથી કરતી, પણ તે પશુઓની વાત કરું છું કે જે કદી પણ માણસને મળ્યાં હોતાં નથી. તે તરત જ ધ્યાનપૂર્વક સાંભળે છે, વ્યક્ત કરાતી અધિકતર શક્તિને તે અનુભવે છે.

*

૨૭ નવેમ્બર ૧૯૫૭

" એ પણ શંકાસ્પદ છે કે ઉત્ક્રાન્તિ અત્યાર સુધીમાં પહોંચી છે તેના કરતાં વધારે આગળ જશે કે નહિ ? પાર્થિવ પ્રકૃતિના પાયાના અજ્ઞાનમાં આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ, પરિપૂર્ણ બનેલી ઋત ચેતનાનું પ્રાગટય, જ્ઞાનમય પ્રાણી શકય છે કે નહિ ?

કાળની શાશ્વતીમાં સનાતન કાળાતીતના આવિર્ભાવના સર્જનને, ચેતનાનાં સાત સ્તરોને, ભૌતિક અચેતનતા આત્માના પુનરારોહણ માટેનો પાયો છે એ વાતને, પાર્થિવ ક્રમમાં પુનર્જન્મ એક હકીકત છે તે વાતને કબૂલ રાખીએ તો પણ, વ્યક્તિગત પ્રાણીની આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ તેના અનિવાર્ય પરિણામ રૂપે આવવી જ જોઈએ એમ ન કહી શકાય. ભલે ઉપર ગણાવેલી બાબતોમાંથી એકને કબૂલ રાખો કે પછી બધીને. પાર્થિવ અસ્તિત્વની આધ્યાત્મિક અર્થવત્તાનો અને આંતર પ્રક્રિયાનો બીજો અર્થ પણ ઘટાવી શકાય. જો દરેક સર્જન કરાયેલી વસ્તુ પ્રગટ થયેલા દિવ્ય અસ્તિત્વનું એક રૂપ હોય, તો તેમાં રહેલી આધ્યાત્મિક હાજરીને કારણે દરેક વસ્તુ પોતે પણ દિવ્ય છે, પછી પ્રકૃતિમાં તેનો દેખાવ, પ્રતીક, કે લક્ષણ ગમે તે હોય. આ આવિર્ભાવના દરેક રૂપમાં ભગવાન અસ્તિત્વનો આનંદ

લઈ રહ્યા છે; તેમાં કોઈ પરિવર્તનની કે પ્રગતિની જરૂર નથી. અનંત સત્‌ની સ્વભાવ વડે જે વ્યવસ્થિત આવિષ્કારની અથવા કાર્યાન્વિત બનેલી શકયતાઓના ક્રમની જરૂર હોય છે, તેને અસંખ્ય પરિવર્તનો, રૂપોના અસંખ્ય સમૂહો, ચેતનાની ટાઈપો, આપણી આસપાસ દેખાતા સ્વભાવો પૂરા કરતાં હોય છે. સૃષ્ટિમાં બીજી કોઈ વસ્તુ દ્વારા સિદ્ધ થઈ શકે તેવો હેતુ નથી, ન હોઈ શકે, કારણકે અનંતમાં બધું જ હાજરાહજૂર છે. ભગવાનને કોઈ વસ્તુ પ્રાપ્ત કરવાની જરૂર નથી, કે જે તેમની પાસે ન હોય. જો સૃષ્ટિ અને આવિર્ભાવ થયાં હોય, તો તે સૃષ્ટિના અને આવિર્ભાવના આનંદ માટે છે, કોઈ હેતુ માટે નહિ. તો પછી, જેમાં કોઈ શિખરને સર કરવાનું હોય, કોઈ હેતુ સિદ્ધ કરવાનો હોય, આખરી પરિપૂર્ણતા માટે આવેગ હોય તેથી ઉત્ક્રાન્તિમય ગતિ માટે કોઈ કારણ રહેતું નથી."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૨૬-૨૭)

શ્રી અરવિંદ આ દલીલ રજૂ કરે છે તે મુજબ, સમસ્યા પ્રત્યે જોવાનો અને તેનો ઉકેલ લાવવાનો એ એક પ્રકાર છે. પણ તેનો અર્થ એવો નથી કે આ તેમનું પોતાનું દૃષ્ટિબિન્દુ છે, તે હંમેશાં પોતાના ગ્રંથમાં તે પ્રમાણે જ કરતા આવ્યા છે. તે ભિન્ન ભિન્ન દલીલો, દૃષ્ટિબિંદુઓ, ખ્યાલો રજૂ કરતા હોય છે. તેમને આપણી સમક્ષ મૂક્યા પછી, તે આપણને ઉકેલ આપતા હોય છે, તેથી આપણા વાચનની પદ્ધતિમાં એક ખામી આવી જાય છે, કારણકે હું તમારી સમક્ષ એક ફકરો વાંચું અને ત્યાં અટકી જાઉં, તો એમ લાગે કે તેમણે તેમનું દૃષ્ટિબિંદુ સિદ્ધ કર્યું છે. પછી જો અકસ્માત તમે તે યાદ ન રાખી શકયા હો, અને બીજી વખત હું બીજો ફકરો વાચું, જેમાં તે બીજા જ દૃષ્ટિબિંદુને સમજાવતા હોય છે. કેટલીક વાર તદ્દન ભિન્ન અને કેટલીક વાર તદ્દન વિરોધી, તો એવો નિષ્કર્ષ તારવવામાં આવે કે આ પણ તેમનું દૃષ્ટિબિન્દુ છે. પરિણામે તે તેમાં વિરોધ ભાસે છે. પછી જો આપણે આગળ વાંચવાનું ચાલુ રાખીએ, તો બે કે ત્રણ વિરોધો ઉભા થઈ જાય છે! આ હું તમને એટલા માટે કહું છું કે મેં એવા ઘણા લોકોને સાંભળ્યા છે, કે જેમણે તે ગ્રંથનું વાચન ઉપરચોટિયા રીતે કર્યું હોય અથવા પૂરતું ચાલુ વાચન ન કર્યું હોય, જે પોતાની જાતને બહુ બુદ્ધિશાળી અને વિદ્વાન માનતા હોય, તેઓ કહેતા હોય છે કે "શ્રી અરવિંદ પોતાના ગ્રંથમાં બધો સમય પુનરુક્તિ જ કરતા હોય છે! તે લગભગ દરેક ફકરામાં તેની તે જ વાત કહેતા હોય છે." (માતાજી હસે છે.) કારણકે તેઓ બધાં બીજાં દૃષ્ટિબિંદુઓ રજૂ કરતા

હોય છે, પછી તે પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરતા હોય છે, જે નિષ્કર્ષરૂપ હોય છે. પછી ફરી વળી તે દરેક દૃષ્ટિબિંદુ રજૂ કરતા હોય છે, બધી સમસ્યાઓ રજૂ કરતા હોય છે, અને આખરે પોતે જે આપણને શીખવાડવા માગતા હોય તે સત્યને સિદ્ધ કરતા હોય છે, આમ તે પુનરુક્તિ કરતા હોય છે!

આ જાળમાં ફસાઈ ન જવાય તે માટે માણસે તે ગ્રંથને ખૂબ ધ્યાનપૂર્વક વાંચવો જોઈએ. વિષયની વચમાં નિષ્કર્ષ ન તારવવા માટે માણસે દરકાર લેવી જોઈએ, પોતાની જાતને એમ ન કહેવું જોઈએ કે જૂઓ, શ્રી અરવિંદ પોતે આ પ્રમાણે કહે છે. તે પોતે એમ નથી કહેતા હોતા, તે તેઓ એમ કહેતા હોય છે કે કેટલાક લોકો કહે છે કે આ વસ્તુ આમ છે. ઘણા લોકો જે રીતે સમસ્યાની રજૂઆત કરતા હોય છે, તે રીતે તે સમસ્યાને બતાવે છે. વળી પાછા બીજા લોકો તે સમસ્યાની જે રીતે રજૂઆત કરતા હોય છે તેને તે બતાવતા હોય છે. આમ બધાં દૃષ્ટિબિંદુઓ સમજાવ્યા પછી તે પોતાનો નિષ્કર્ષ રજૂ કરતા હોય છે, ખૂબ રસપ્રદ વાત તો એ છે કે તેમનો નિષ્કર્ષ હંમેશાં સમન્વયરૂપ હોય છે. બીજાં બધાં દૃષ્ટિબિંદુઓ જો બરાબર વ્યવસ્થિત હોય, તો તેમના નિષ્કર્ષમાં તેમને સ્થાન મળતું હોય છે. તેમાં કોઈ વસ્તુ બાકાત રહી જતી નથી. તે દરેક વસ્તુને મિશ્રિત કરે છે, અને બધાં દૃષ્ટિબિંદુઓનો સમન્વય સાધે છે.

પણ આપણો વર્ગ દર ત્રણ અઠવાડિયે ચાલતો હોય છે; એટલે પહેલાં વાંચેલું ભુલી જવા માટે આપણને પૂરતો સમય મળી રહે છે! (હસાહસ) જે સમસ્યા ગઈ વખતે રજૂ કરવામાં આવી હતી તે તમને યાદ છે કે નહિ, તે હું જાણતી નથી. યાદ નથી ને?

વ્યકિતગત ઉત્ક્રાન્તિ છે કે નથી? શ્રી અરવિંદે બતાવ્યું છે કે, વૈશ્વિક ઉત્ક્રાન્તિ છે. પણ આ વૈશ્વિક ઉત્ક્રાન્તિમાં વ્યકિતગત ઉત્ક્રાન્તિ છે કે નહિ? આપણને તેમણે એક સિદ્ધાંત આપ્યો છે, જે પરિપૂર્ણ રીતે સંગઠિત છે, તદ્દન તર્કયુકત છે, પણ જેમાં વ્યકિતગત ઉત્ક્રાન્તિમાં માનવું તદ્દન જરૂરી નથી. સર્વ વૈશ્વિક યોજના તર્કયુકત છે, તેને તર્કયુકત રીતે સિદ્ધ કરી શકાય તેમ છે અને તે પણ વ્યકિતગત ઉત્ક્રાન્તિને દાખલ કરવાની જરૂરિયાત સિવાય.

પણ જો ધીરજપૂર્વક આગળ વાંચવાનું ચાલુ રાખીશું, તો થોડા જ સમયમાં તે આપણને સિદ્ધ કરી બતાવશે કે, શા માટે જે સમજૂતીની પદ્ધતિ પસંદ કર-

વામાં આવી છે તેમાં વ્યકિતગત ઉત્ક્રાન્તિના ખ્યાલને દાખલ કરવો જ પડશે. પણ હું એ જાણવા માગું છું કે, તમારે માટે આ સમસ્યામાં કોઈ વાસ્તવિકતા છે કે નહિ, તમે જે કાંઈ સમજો છો તેને તે સંગત છે કે નહિ. જો તમે તે સમજ્યા હશો, તો પ્રગતિશીલ, ઉત્ક્રાન્તિ થતા વિશ્વનો એવો ખ્યાલ કરવો શક્ય છે, કે જેમાં વ્યકિત વ્યકિતગત રીતે ઉત્ક્રાન્ત થાય છે તેવી કોઈ જરૂરિયાત નથી.

મારે તો પ્રથમ તમને પ્રશ્નો પૂછીને જાણી લેવું જોઈએ કે વૈશ્વિક ઉત્ક્રાન્તિ અને વ્યકિતગત ઉત્ક્રાન્તિ વચ્ચેનો તફાવત તમે સમજો છો કે નહિ, અને તે બંને ઉત્ક્રાન્તિઓ કેવી રીતે થતી હોય છે.

પ્રકૃતિ પોતાની વૈશ્વિક ઉત્ક્રાન્તિમાં કેવી રીતે આગળ વધે છે? હું માનું છું કે તમે આ સમજી લીધું છે, નહિ વારુ?

માણસ જન્મે છે અને મરી જાય છે, શારીરિક રીતે. બરાબર ને?

હા, હું બાહ્ય જગત વિષે, આપણે તેને જોઈએ છીએ તે ભૌતિક જગત વિષે વાત કરી રહી છું.

માણસ મરી જાય છે અને ફરી જન્મે છે.....

ના, એ બીજી વસ્તુ છે. તમે કહો છો કે, માણસ મરે છે અને ફરી જન્મે છે, વળી પાછો મરે છે અને ફરી જન્મે છે એ વ્યકિતગત ઉત્ક્રાન્તિની પ્રક્રિયા છે; તો જન્મ-મરણમાં વ્યકિતનું કોઈક તત્ત્વ ચાલુ રહેલું હોય, કારણકે જો તે તદ્દન મરી જાય, તેનું પૂરેપૂરું વિઘટન થઈ જાય, તો કયી વસ્તુ ફરી જન્મે? અવશ્ય અમુક વસ્તુએ પુનર્જન્મોમાં ચાલુ રહેવું જ જોઈએ; નહિ તો તે તે જ વ્યકિત ન રહે. જો કાંઈક અવશિષ્ટ ચાલુ ન રહેતું હોય, તો વ્યકિત વિકાસ નથી કરતી, પણ પ્રકૃતિ વિકાસ કરે છે. પ્રકૃતિ પદાર્થ તત્ત્વનો ઉપયોગ કરે છે, તે પદાર્થ તત્ત્વ વડે તે રૂપોનું નિર્માણ કરે છે,હું તમને આ વાત ખૂબ સરળ રીતે કહી રહી છું, પણ છતાંયે તેની પાસે હજી પદાર્થ તત્ત્વનો મોટો સમૂહ પડી રહેલો હોય છે, અને પ્રકૃતિ તેમનાં સંમિશ્રણો, સંયોગીકરણો કરે છે. તે એક રૂપનું નિર્માણ કરે છે, પછી તે રૂપ વિકાસ પામે છે, પણ તેનું વિઘટન થાય છે, વ્યકિતગત તત્ત્વ તરીકે તે ચાલુ રહેતું નથી. તે કેમ ચાલુ નથી રહેતું? કારણકે પ્રકૃતિ ને પદાર્થ-તત્ત્વની જરૂર હોય છે, બીજાં રૂપોનું નિર્માણ કરવા માટે સામગ્રીની જરૂર હોય છે.

તેથી તે નિર્માણ કરેલી વસ્તુનું વિઘટન કરે છે, તેમાંથી તે બીજી વસ્તુનું નિર્માણ કરે છે, તે આ રીતે પોતાનું કાર્ય ચાલુ રાખે છે, આમ અનિશ્ચિત મુદત માટે તે ચાલુ રહી શકે. પણ તેમાં વ્યકિત પ્રગતિ નથી કરતી, સમગ્ર (વિશ્વ) પ્રગતિ કરી રહ્યું હોય છે.

ધારો કે તમારી પાસે થોડુંક પ્લેસ્ટીસીન છે. તમે મોડેલ નમૂનો બનાવવા માટે પ્લેસ્ટીસીનનો ઉપયોગ જાણો છો, નહિ વારુ? તમે એક રૂપ બનાવો છો. તે પૂરું કર્યા પછી, તમને તે રૂપ નથી ગમતું. એટલે તમે તેને ભાંગી નાંખો છો, અને પ્લેસ્ટીસીનનો ફરી રગડો બનાવો છો, અને બીજા કોઈ રૂપનું નિર્માણ કરો છો. તમે કાંઈક પ્રગતિ કરી છે, તમે પ્રયત્ન કરો છો, ગોઠવણી કરો છો. તમે કહો છો કે, તે બરાબર ન હતું, હવે હું આ રૂપનું નિર્માણ કરવા પ્રયત્ન કરીશ. બીજું રૂપ જરાક વધારે સારું બને છે, પણ તે તમને સંતોષ આપી શકતું નથી. એટલે ફરી વાર તમે તેને ભાંગી નાંખો છો, તેમાં થોડુંક પાણી રેડો છો, તેનો રગડો બનાવો છો, અને બીજા રૂપનું નિર્માણ કરવાની શરૂઆત કરો છો. અનિશ્ચિત મુદત સુધી તમે આમ કર્યા કરો છો. પદાર્થતત્ત્વ તેનું તે જ હોય છે, પણ તે સત્ત્વ એકનું એક નથી હોતું, કારણકે દરેક રૂપને તેનું પોતાનું ખાસ અસ્તિત્વ હોય છે; જ્યારે તમે તેને ભાંગી નાંખો છો, ત્યારે કશું જ અવશિષ્ટ રહેતું નથી.

તમે તે જ રૂપને પરિપૂર્ણ બનાવવાનો પ્રયત્ન કરી શકો છો અથવા બીજાં રૂપોનું નિર્માણ કરી શકો છો. દા. ત. તમે એક કૂતરો કે ઘોડો બનાવવાનો પ્રયત્ન કરો છો. જો તમે તેમાં સફળ ન થયા હો, તો તમે ફરી શરૂઆત કરીને બીજો ઘોડો કે કૂતરો બનાવી શકો છો. પણ તમે બીજું કાંઈક બનાવવાની શરૂઆત પણ કરી શકો છો. તમે ઘર બંધાવો અને જો તે તમને પસંદ ન આવે, તો તેને તોડી પાડીને તમે બીજા નમૂનાનું ઘર બંધાવી શકો છો. પણ પહેલા ઘરની સ્મૃતિ સિવાય, તેનું કંઈક અવશિષ્ટ રહેતું હોતું નથી અને તે સ્મૃતિ પણ જો તમે રાખવા માગતો હો તો. તે જ રીતે પ્રકૃતિ તદ્દન અચેતન અને ઘાટ વગરના પદાર્થતત્ત્વથી શરૂઆત કરે છે, પછી એક અને બીજું રૂપ નિર્માણ કરવાનો પ્રયત્ન કરે છે, આપણે તો એક સમયે એક રૂપનું નિર્માણ કરવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ પ્રકૃતિ એકી વખતે કરોડો રૂપોનું નિર્માણ કરતી હોય છે. પણ તે તો માત્ર સ્કેઈલની બાબત છે, કારણકે પ્રકૃતિ પાસે વિપુલ સાધનો છે, માત્ર એટલું જ. પણ તેથી એમ સૂચિત નથી થતું કે કોઈક વસ્તુ સ્થાયી છે, પ્રાણતત્ત્વ

અથવા ચેતનાના તત્ત્વ જેવી કે જે રૂપમાં પ્રવેશે છે, અને જ્યારે રૂપ ભાંગી જાય ત્યારે બીજા રૂપમાં પ્રવેશ કરે છે. તમે જેમ પ્લેસ્ટીસીન સાથે કરતા હો છો, તેના જેવું જ તે માત્ર બની રહે. તમે એક નમૂનો બનાવો છો, તેને ભાંગી નાંખો છો. ફરી બીજો નમૂનો બનાવો છો અને વળી પાછો તેને ભાંગી નાંખો છો. તેમાંનું કશું જ અવશિષ્ટ રહેતું નથી, સિવાય કે પહેલાં બનાવેલા નમૂનાની સ્મૃતિ પણ. જો આપણે વ્યકિતગત ઉત્ક્રાંતિને કબૂલ રાખીએ, તો કોઈક સ્થાયી વસ્તુ એક રૂપમાંથી બીજા રૂપમાં સંક્રાન્ત થાય છે, દરેક રૂપ સાથે તે નવીન પ્રગતિ કરે છે, ઉચ્ચતર રૂપમાં પ્રવેશવા માટે સમર્થ બને છે, વધારે ને વધારે રૂપમાં પ્રવેશવા શકિતમાન બને છે. અને તે ત્યાં સુધી કે જ્યારે આ 'કાંઈક' ઉત્ક્રાન્તિના અંતમાં એક પરિપૂર્ણ રીતે સચેતન પ્રાણી બની રહે છે. ત્યારે આ પ્રાણીની અંગત ઉત્ક્રાન્તિ થતી હોય છે, કે જે દ્વિગુણિત બને છે. સ્વતંત્ર રીતે નહિ, પણ એકી જ વખતે અને પ્રકૃતિની ઉત્ક્રાન્તિનું પૂરક બની જાય છે, અથવા પ્રકૃતિની ઉત્ક્રાન્તિનો, પોતાની વ્યકિતગત ઉત્ક્રાન્તિના ક્ષેત્ર માટે, ઉપયોગ કરે છે. આ વખતે તમે આ વાત સમજ્યા? સરસ.

અહીં શ્રી અરવિંદે એવા એક જગતની સમજૂતિ આપી છે કે જે એક રૂપમાંથી બીજા રૂપમાં જતી વ્યકિતની જરૂરિયાત સિવાય, સર્વ વિનાશમાંથી, મૃત્યુમાંથી મુકત એવા કોઈ સ્થાયી તત્ત્વ સિવાય પોતાનાં બધાં રૂપોમાં ચાલુ રહે અને પ્રકૃતિની ઉત્ક્રાન્તિને સમાંતર એવી અંગત, વ્યકિતગત પ્રગતિ કરે, અને જે જગત તદ્દન તર્કયુકત રીતે અને વિશાળતાપૂર્વક પોતાનું કાર્ય કરે તે વાત આના જેવી છે કે પ્લેસ્ટીસીનથી બનાવેલા રૂપની મધ્યમાં તમે એક કીમતી હીરો મૂકયો હોય અને તે હીરાને તમે ક્રમિક રૂપોથી આચ્છાદિત કર્યો હોય. તમે તે કીમતી હીરાને એક રૂપમાંથી બીજા રૂપમાં સંક્રાન્ત કરતા રહો છો. આ સરખામણી હજી પણ અપૂર્ણ છે, કારણકે આ હીરા તો જેમ જેમ તે એક રૂપમાંથી બીજા રૂપમાં સંક્રાન્ત થાય છે, તેમ તેમ વધારે ને વધારે કીમતી બનતો જતો હોય છે, વધારે ને વધારે તેજસ્વી, વિશુદ્ધ અને રૂપમાં નિશ્ચિત બનતો જતો હોય છે.

તમે સમજો છો કે નહિ?

થોડુંક.

થોડુંક? ઠીક, તો તો કંઈક પ્રાપ્તિ થઈ કહેવાય.

ઉપસંહારમાં હું પૂછું છું કે વ્યકિતગત ઉત્ક્રાંતિ થતી હોય છે કે નહિ? તમે શું ધારો છો? તમને તેનો કશો અનુભવ છે ખરો? તે અનુભવ તમને કેવી રીતે પ્રાપ્ત થયો? તે રસપ્રદ બની શકે તેમ છે. વ્યકિતગત ઉત્ક્રાન્તિ, પ્રકૃતિની સામૂહિક ઉત્ક્રાન્તિથી અલગ, કેવી રીતે અનુભવી શકાય?

તમે જવાબ આપી શકશો?

જ્યાં સુધી માણસ પોતામાં રહેલા સનાતન તત્ત્વથી સભાન ન બને, ત્યાં સુધી...

સરસ, બહુ સરસ. એ તો બરાબર છે. પણ તો તો મારે પૂછવાનું રહે છે કે તમારા અસ્તિત્વમાં રહેલા આ સનાતન તત્ત્વથી તમે સભાન છો ખરા?

*

૪ ડિસેમ્બર ૧૯૫૭

"હકીકતમાં આપણે જોઈએ છીએ કે સૃષ્ટિનાં તત્ત્વો સ્થાયી અને અપરિવર્તનશીલ હોય છે. અસ્તિત્વની દરેક ટાઈપ જેવી હોય છે તેવી જ રહે છે, પોતે છે તેના કરતાં બીજી ટાઈપ બનવાનો તે પ્રયત્ન કરતી નથી, તેને તેમ કરવાની જરૂર નથી. એમ માની લઈએ કે અસ્તિત્વની અમુક ટાઈપો અદૃશ્ય થઈ જતી હોય છે અને તેમની જગ્યાએ બીજી અસ્તિત્વમાં આવતી હોય છે, તો તેનું કારણ એ છે કે વિશ્વમાં રહેલી ચેતના શકિત પોતાના જીવન આનંદને તે રૂપોમાંથી પાછો ખેંચી લે છે અને તેથી તે નાશ પામે છે; પણ તે ચેતના શકિત આનંદ માટે બીજાં રૂપોનું સર્જન કરવા તરફ વળે છે, પણ દરેક ટાઈપ જ્યાં સુધી ટકી રહે છે, ત્યાં સુધી તેને પોતાનો એક નમૂનો હોય છે, અને થોડાં ઘણાં ગૌણ પરિવર્તનો સાથે, તે પોતાના નમૂનાને વફાદાર રહે છે. તે પોતાની ચેતના વડે બંધાયેલી હોય છે, તે બીજાની ચેતનામાં જઈ શકતી નથી. પોતાના સ્વભાવથી મર્યાદિત હોવાને કારણે, તે આ મર્યાદાઓને વટાવી જઈ શકતી નથી, બીજાનો સ્વભાવ ધારણ કરી શકતી નથી. જો અનંતની ચેતના શકિતએ પદાર્થ તત્ત્વને પ્રગટ કર્યા પછી પ્રાણ પ્રગટ કર્યો છે, અને પ્રાણને પ્રગટ કર્યા પછી મન પ્રગટ કર્યું છે, તો તે હવે પછીની

પાર્થિવ સૃષ્ટિમાં અતિમનસ્ પ્રગટ કરશે જ એવું નથી. કારણકે મન અને અતિ-મનસ્ ભિન્ન ભિન્ન ગોળાર્ધનાં છે. મન અજ્ઞાનના નિમ્નતર દરજ્જાનું છે, અતિ-મનસ્ દિવ્ય જ્ઞાનના ઉચ્ચતર દરજ્જાનું છે. આ વિશ્વ અજ્ઞાનનું છે, અને તે તે પ્રકારનું જ રહે તેવો ઈરાદો રાખવામાં આવેલો છે. અસ્તિત્વના નિમ્નતર ગોળાર્ધમાં ઉચ્ચતર ગોળાર્ધની શક્તિઓને નીચે લાવવાનો ઈરાદો હોવો જ જોઈએ એવું નથી, અથવા તેમની નિગૂઢ હાજરી નિમ્નતર ગોળાર્ધમાં પ્રગટ કરવાનો ઈરાદો હોવો જોઈએ એવું નથી. જો તે ઉચ્ચતર શક્તિઓ અહીં અસ્તિત્વમાં હોય તે પણ તે ગૂઢવાદી, બીજામાં સંક્રાન્ત ન કરી શકાય તેવા અંતર્યામીપણા રૂપે છે, માત્ર પ્રાણ સૃષ્ટિને ટકાવી રાખવા માટે છે, તેને પરિપૂર્ણ બનાવવા માટે નહિ. આ અજ્ઞાનમય સૃષ્ટિનું માનવ એ શિખર છે. પોતે જેને માટે સમર્થ હતો તેવી વધારેમાં વધારે ચેતનાને અને જ્ઞાનને તેણે પ્રાપ્ત કર્યાં છે. જો તે આગળ જવા પ્રયત્ન કરશે, તો તે પોતાની માનસિકતાનાં વિશાળતર વર્તુળોમાં ગોળ ગોળ ફર્યા કરશે. કારણકે અહીં તેના અસ્તિત્વનો તે જ વળાંક છે, તે એક સીમિત ગોળ-ગોળ ફરવાની ક્રિયા છે જે મનને ગોળ ગોળ ફેરવે છે અને જ્યાંથી મને પ્રારંભ કર્યો હતો તે બિંદુએ જ લાવીને ફરી મનને મૂકો આપે છે. મન પોતાના વર્તુળથી બહાર જઈ શકે તેમ નથી. ગતિની સીધી રેખાનો, અનંત રીતે ઊર્ધ્વમાં પહોંચવાની પ્રગતિનો, અથવા બાજૂએ ગતિ કરી અનંતતાને પ્રાપ્ત કરવાનો વિચાર એક ભ્રાન્તિ છે. જો માણસનો આત્મા માનવતાથી પર જવાનો હોય, અતિમાનસિક અથવા તેથી પણ ઉચ્ચતર સ્થિતિને પહોંચવાનો હોય, તો તેણે આ વૈશ્વિક અસ્તિત્વમાંથી આનંદની અને જ્ઞાનની ભૂમિકા પર અથવા અપ્રગટ સનાતન અનંતમાં ચાલ્યા જવું જોઈએ "

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૨૭-૨૮)

હકીકતમાં તમારે થોડીક તૈયારી કરી લેવી જોઈએ, દરેક નવા ફકરામાં આવતા નવા વિચારની નોંધ કરી લેવી જોઈએ અને તેને પહેલાં આવી ગયેલા વિચારોમાં ઉમેરી દેવો જોઈએ, જેથી પ્રકરણને અંતે તમે સંપૂર્ણ ચિત્રને પ્રાપ્ત કરી શકો. કારણકે મેં હમણાં જે વાંચ્યું તે વિષે તમે મને પ્રશ્ન પૂછશો તો કેટલીક વાર તે પ્રશ્નનો જવાબ એવો હશે કે જે આપણે પહેલાંના ફકરામાં જોયું હતું તેનાથી વિરુદ્ધ હોય. શ્રી અરવિંદની પ્રમાણ આપવાની પદ્ધતિ તેમાં કારણભૂત છે. તે એવું છે કે જાણે શ્રી અરવિંદ પોતાની જાતને અમુક ક્ષેત્રના કેન્દ્રમાં મૂકતા હોય છે, એવી એક ચક્રની નાભિમાં મૂકતા હોય છે કે જેના આરાઓનો અંત

પરિઘમાં હોય છે. તે હંમેશાં પોતાના પ્રારંભ બિંદુએ પાછા જતા હોય છે, પાછા આખી સપાટી પર જતા હોય છે, જેથી એવો ખ્યાલ આવે છે કે તે અનેક વાર એક જ વસ્તુની પુનરાવૃત્તિ કરે છે; પણ તે માત્ર વાચક તે વિચારને સમજી શકે તે માટે તે વિચારની સમજૂતિ હોય છે. તે જે કહેતા હોય છે તે સાચી રીતે સમજવા માટે વાચકમાં ખૂબ સ્પષ્ટ સ્મૃતિ હોવી જરૂરી છે.

હું આ વાત પર ભાર મૂકું છું, કારણકે, જો તમે પદ્ધતિપૂર્વક આગળ નહિ વધો તો વાચનમાંથી તમે બહુ લાભ પ્રાપ્ત નહિ કરી શકો. એ તમને ભૂલભૂલામણી જેવું લાગશે, જેમાં માણસને પોતાનો રસ્તો જડતો હોતો નથી. સર્વ વિચારોને કેન્દ્રમાં સંયુક્ત કરવામાં આવે છે, અને પરિઘમાં તે તદ્દન ભિન્ન ભિન્ન દિશાઓમાં જતા હોય છે.

તમારે કોઈ પ્રશ્ન પૂછવાનો છે? નથી.

આ અઘરું છે, નહિ વારુ? હું વાંચી ગઈ અને હું બરાબર જોઈ શકું છું કે પ્રશ્ન પૂછવો એ કઠિન છે, કારણકે જ્યાં સુધી તે પ્રમાણના અંતભાગ સુધી આવતા નથી, ત્યાં સુધી શ્રી અરવિંદ ક્યાં દોરી રહ્યા છે અથવા શો બોધ આપવા ઇચ્છે છે તેની વાચકને ખબર પડતી નથી. વળી જો વાચક આખી સમજૂતિ વાંચી જાય અને જો તેની સ્મૃતિ બહુ સારી ન હોય, તો તે બધા મુદ્દાઓને યાદ રાખી શકતો નથી. અંત ભાગ સુધી પહોંચવા પહેલાં વાચકે પ્રારંભમાં વાંચ્યું હોય છે તેને તે ભૂલી ગયો હોય છે! ટૂંકી નોંધો લેવી, દરેક ફકરાનો સાર એક કે બે ચાવી રૂપ વિચારોમાં ટેપ કરાવી લેવો, જેથી તેમની સરખામણી કરી શકાય, એ રસપ્રદ છે.

(મૌન)

અહીં શ્રી અરવિંદ કહે છે કે દરેક જાતિ પોતાની જાતિનાં ખાસ લક્ષણોથી, પોતાના બંધારણનાં તત્ત્વોથી સંતોષ માનતી હોય છે, અને પોતાની જાતને કોઈ નવીન જાતિમાં પરિવર્તિત કરવી એ તેને ગમતું હોતું નથી. કૂતરો કૂતરો રહેવામાં જ સંતોષ માનતો હોય છે, ઘોડો ઘોડો રહેવામાં જ સંતોષ માનતો હોય છે, તે કદી હાથી બનવાનો પ્રયત્ન કરતો હોતો નથી! આનાથી શરૂઆત કરીને, શ્રી અરવિંદ પૂછે છે કે માણસ માણસ રહેવામાં જ સંતોષ માનશે, કે પછી તે અતિ-માનવ બનવાની જરૂરિઆત પ્રત્યે જાગૃત થશે?

ફકરાનો આ સાર છે.

પણ જ્યારે વાચક આ પ્રકારની સમજૂતિઓથી ટેવાઈ ગયો હોય છે, જો તેનામાં ચિંતનશીલ મન હોય છે, તો આ વાંચ્યા પછી પોતાના અસ્તિત્વમાં રહેલા કોઈક તત્ત્વને સંતોષ થતો નથી. અર્થાત્, આ ખૂબ બાહ્યરૂપ સાથે સંબંધિત છે, અસ્તિત્વના ઉપલા કોચલા સાથે સંબંધિત છે, પણ માણસ પોતાની અંદર એવી કોઈક ચીજ અનુભવતો હોય છે, જેનામાં તે રૂપથી પર જવાનું અનિવાર્ય પણ હોય છે. શ્રી અરવિંદ એ વસ્તુ આપણા મન પર ઠસાવવા માગે છે.

મેં એવાં પાળેલાં પશુઓ જોયાં છે, જેમનામાં પોતે છે તેના કરતાં બીજું કંઈક બનવાની એક પ્રકારની, આંતર જરૂરિયાત સાચી રીતે હતી. મેં તે પ્રકારનાં કૂતરાં, બિલાડીઓ, ઘોડા, અને પંખીઓને પણ જોયાં છે. બાહ્ય રૂપ તો અનિવાર્ય રીતે જે હતું તે જ હતું પણ તે પશુમાં એવું કાંઈક જીવંત અને દૃષ્ટિગોચર હતું, કે જે બીજી અભિવ્યકિત, બીજું રૂપ પ્રાપ્ત કરવા માટે સ્પષ્ટ પ્રયત્ન કરી રહ્યું હતું. જે માણસ પશુ માનવની સ્થિતિથી પર બની ગયો છે, અને સાચી રીતે માનવ બન્યો છે, તેનામાં આ તદ્દન અસંતોષપ્રદ અર્ધપશુથી, અભિવ્યકિતમાં, અભિવ્યકિતનાં સાધનોમાં, અને જીવનનાં સાધનોમાં અસંતોષપ્રદ સ્થિતિમાંથી કાંઈક બીજું બનવાની ખૂબ પ્રબળ, અનિવાર્ય જરૂરિયાત હોય છે. એટલે સમસ્યા રહ્યા છે; શું આ અતિ પ્રબળ જરૂરિયાત પોતાના રૂપ માટેની, જાતિ માટેની અભીપ્સામાં, પોતાની જાતને વિકસાવીને પરિવર્તિત કરવા માટે પૂરતી અસરકારક નીવડશે? અથવા શું આ અસ્તિત્વમાં રહેલી અપર ચેતના, આ રૂપનો નાશ થતાં, કોઈ ઉચ્ચતર રૂપમાં પ્રવેશ કરી શકશે, કે જે રૂપ હજી અસ્તિત્વમાં આવ્યું નથી?

આપણી સમક્ષ આ સમસ્યા છે: આ ઉચ્ચતર રૂપનું સર્જન કેવી રીતે થશે?

જો આપણે આ સમસ્યાનો વિચાર કરીએ, તો તે ખૂબ રસપ્રદ બની રહેશે. જેની કલ્પના કરવી પડશે તેવી કોઈ પ્રક્રિયા વડે, શું આ રૂપ ધીમે ધીમે પોતાનું જાતનું રૂપાંતર કરશે જેથી નવરૂપનું સર્જન થઈ શકે, કે પછી હજી સુધી આપણને અજ્ઞાત એવાં કોઈ સાધનો વડે આ નવું રૂપ આ જગતમાં પ્રગટશે?

અર્થાત્ સાતત્ય જ ચાલુ રહેશે કે પછી કોઈ નવીન વસ્તુ ઓચિંતી પ્રગટ થશે? આપણે અત્યારે જે છીએ અને આપણો અંતરાત્મા જે બનવાની અભીપ્સા

કરી રહ્યો છે તે વચ્ચે કોઈ પ્રગતિશીલ પરિવર્તન થશે, કે પછી આપણને આ અત્યારનું માનવ રૂપ છોડી દેવાની ફરજ પડશે, જે રૂપના પ્રાગટ્યની પ્રક્રિયા આપણે આગળથી જોઈ શકતા નથી અને નવીન રૂપના પ્રાગટય માટે રાહ જોવી પડશે, અને જેને આપણે અત્યારે જે છીએ તેની સાથે કોઈ સંબંધ નહિ હોય? આપણે એવી આશા રાખી શકીએ કે પાર્થિવ આવિર્ભાવમાંના આપણા અત્યારના સાધનરૂપ આ શરીરમાં એવી શકયતા આવશે કે જેથી પ્રગતિમય રીતે આ શરીર પોતાની જાતનું એવા કોઈ રૂપમાં રૂપાંતર કરે કે જે ઉચ્ચતર જીવનને અભિવ્યકત કરવા માટે સમર્થ બને? કે પછી આપણે હજી જે પૃથ્વી પર નથી તેવા કોઈ બીજા રૂપમાં પ્રવેશ કરવા માટે આ રૂપને છોડી દેવાની આપણને જરૂર પડશે?

આ સમસ્યા છે. તે બહુ રસપ્રદ સમસ્યા છે.

જો તમે તેના પર વિચાર કરશો, તો તે તમને કાંઈક વધારે પ્રકાશ પ્રત્યે દોરી જશે. આપણે અત્યારે જ તેના પર વિચાર કરીએ.

(ધ્યાન)

જ્યારે આ વાર્તાલાપ પહેલી વાર પ્રગટ કરવામાં આવ્યો હતો, ત્યારે માતાજીએ નીચેનાં કથનો તેમાં ઉમેર્યા હતાં:

બંને શા માટે નહિ?

બંને એકી સમયે હશે; એક બીજાને બાકાત રાખતું નથી.

હા, પણ એક રૂપ બીજામાં રૂપાંતરિત થશે?

એક રૂપનું રૂપાંતર થશે, અને બે બીજા રૂપની અપૂર્ણ રેખા હશે. જ્યારે આ અસ્તિત્વમાં આવશે, ત્યારે પરિપૂર્ણ રૂપ પ્રગટ થશે. કારણકે બંને રૂપોમાં પોતાનું આગવું સૌંદર્ય છે, પોતાનો હેતુ છે. એટલે બંને રૂપો ત્યાં હશે.

મન હંમેશાં પસંદ કરવાનો પ્રયત્ન કરે છે, પણ તે તે પ્રકારનું નથી. જે બધાની આપણે કલ્પના કરી શકીએ છીએ તેના કરતાં જે આવશે તે ઘણું અધિક હશે. સાચી રીતે કહીએ તો, જેનામાં તીવ્ર અભીપ્સા છે અને આંતર ખાતરી છે, તે દરેક જણને, તેના સાક્ષાત્કાર કરવા માટે, આહ્વાન કરવામાં આવશે.

સર્વત્ર, સર્વ ક્ષેત્રોમાં, હંમેશાં, સનાતન રીતે, દરેક વસ્તુ શકય છે. જે વસ્તુ શકય છે, તે નિયત સમયે અસ્તિત્વમાં આવશે જ. તે સમયમાં થોડો ઘણો વિલંબ થાય, પણ તે અસ્તિત્વમાં આવવાની જરૂર છે.

જેવી રીતે પશુઓની અને માનવની વચ્ચે અનેક પ્રકારની શકયતાઓ જડી છે જે શકયતાઓ રહેવા પામી નથી, તે જ રીતે સર્વ પ્રકારની શકયતાઓ ઉભી થશે. દરેક વ્યક્તિ પોતાની રીતે પ્રયત્ન કરશે. આ બધું ભાવિ સાક્ષાત્કાર માટેની તૈયારીમાં મદદકર્તા બનશે.

એવો સવાલ પૂછી શકાય કે માનવજાતિ પૃથ્વીમાંથી અદૃશ્ય બની ગયેલી કેટલીક જાતિઓ જેવી હશે, કેટલીક જાતિઓ અદૃશ્ય થઈ ગઈ છે, જે માનવ જાતિ જેટલી લાંબો કાળ ટકી રહી શકી નથી. હું એમ નથી માનતી. જે જાતિઓમાં પ્રગતિનું આ બીજ હતું, પ્રગતિની શકયતા હતી, તે લુપ્ત થઈ ગઈ નથી. આપણને એમ લાગે છે કે ઉત્ક્રાન્તિ એક વળાંક લેશે, કે જે ઉચ્ચતર જાતિ પ્રત્યે વધુ ને વધુ ગતિ કરે, અને જે નિમ્નતર જાતિઓની નજીક છે તે બધું ખરી પડે, જેવી રીતે તે જાતિઓ લુપ્ત થઈ ગઈ હતી તેમ.

આપણે ભુલી જઈએ છીએ કે દરેક વસ્તુ શકય છે, ખૂબ વિરોધી વસ્તુઓ પણ શકય છે; પણ દરેક શકયતાને અસ્તિત્વની કમથી કમ એક ક્ષણ તો મળતી જ હોય છે.

*

૧૧ ડિસેમ્બર ૧૯૫૭

"ભવિષ્યમાં એવી શોધ કરવામાં આવે કે, અમુક રાસાયણિક અથવા બીજી સ્થિતિઓમાં જીવન પ્રગટ થાય છે, તો તે સહ-ચરણ વડે એટલું જ સિદ્ધ થશે કે, અમુક ભૌતિક સંજોગોમાં પ્રાણ-જીવન પ્રગટ થાય છે, નહિ કે અમુક રાસાયણિક સ્થિતિઓ પ્રાણનાં ઘટક તત્ત્વો છે, અથવા જડ પદાર્થતત્ત્વોનું સચેતન પદાર્થ-તત્ત્વમાં રૂપાંતર કરવામાં ઉત્ક્રાન્તિમય કારણ છે. અહીં, બીજી ભૂમિકાઓની પેઠે,

અસ્તિત્વની દરેક ભૂમિ પોતામાં અને પોતા વડે રહેલી છે, પોતાના સ્વભાવ વડે, પોતાની યોગ્ય શકિત વડે પ્રગટ થતી હોય છે; તેની ઉપરની અથવા નીચેની ભૂમિકાઓ ઉદ્‌ગમ-સ્થાનો અને ક્રમિક પરિણામો નથી હોતાં, પણ પાર્થિવ સ્વભાવના સતત સ્કેઈલમાં માત્ર ડિગ્રીઓ-માત્રાઓ જ હોય છે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૨૯)

મધુર માતાજી, પ્રથમ માનવ કેવી રીતે પ્રગટ થયો?

૧

અહીં શ્રી અરવિંદ તે જ વાત કહે છે કે, જો આપણે વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ લઈએ, તો આપણને જણાય છે કે, એક પછી બીજા સિદ્ધાંતો આવે છે અને ચાલ્યા જાય છે, તેમનામાં ખૂબ અસ્થિરતા હોય છે, તે સાબીત કરી શકાય તેવી વસ્તુઓ કરતાં વધારે અમુક પ્રકારની કલ્પનાઓ હોય છે. જો માણસ કેવળ ભૌતિકવાદી દૃષ્ટિબિંદુ સ્વીકારે તો પણ. માણસો માનતા હોય છે કે, તે ભૌતિક દૃષ્ટિબિંદુ હોવાને કારણે, તેને સિદ્ધ કરવું એ ખૂબ સહેલું છે; પણ સ્પષ્ટ રીતે તે વધારેમાં વધારે કઠિન હોય છે. જો આપણે ગૂઢવાદી દૃષ્ટિબિંદુ સ્વીકારીએ, તો તેમાં કદાચ અમુક સ્મૃતિઓ પર આધારિત પરંપરાઓ હોય છે; પણ તેને માટે કોઈ ભૌતિક પ્રમાણ આપી શકાતું નથી હોતું તે કારણે આ જ્ઞાન વૈજ્ઞાનિક કલ્પનાઓ અને અનુમાનો કરતાં પણ વધારે શંકાગ્રસ્ત મનાય છે. આંતર વિચારસરણિને સમજવી અને કબૂલ રાખવી એ વધારે સહેલું છે, પણ તેમાંયે ભૌતિક સાબિતી કરતાં કોઈ અધિક સાબિતી નથી હોતી કે, પ્રથમ એક માનવ હતો, અથવા પ્રથમ ઘણા માનવો હતા, અથવા પ્રથમ એવું કાંઈક હતું કે જે માનવ ન હતો, પણ માનવ જેવું કાંઈક હતો. આ બધાં અનુમાનો છે, કલ્પનાઓ છે.

---

૧. "જે વિજ્ઞાન જેની સાથે કામ પાડે છે તે હકીકતો વિશ્વાસનીય હોય, તો તે જે સામાન્ય વિધાનો કરે છે તે અલ્પજીવી હોય છે. તે વિધાનો તેમના ઉપર થોડાક દશકાઓ સુધી, થોડીક સદીઓ સુધી પકડ જમાવી રાખતાં હોય છે; પછી તેઓ બીજાં સામાન્ય વિધાનો કરવા માંડે છે,વસ્તુઓનો બીજો સિદ્ધાંત સ્થાપે છે. આમ ભૌતિક વિજ્ઞાનમાં પણ બનતું હોય છે, જ્યાં હકીકતો વિષે સઘન રીતે નિશ્ચય કરી શકાય તેમ છે, પ્રયોગો દ્વારા તેમને પુરવાર કરી શકાય તેમ છે...."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૨૮)

પરંપરાઓ મૌખિક હોય છે, વૈજ્ઞાનિક દૃષ્ટિબિન્દુથી તદ્દન શંકાસ્પદ હોય છે. પણ તે વ્યકિતગત સ્મૃતિઓ પર આધારિત હોય છે. કહો કે પ્રથમ માનવ, અથવા પ્રથમ માનવ-યુગલ, અથવા પ્રથમ માનવ વ્યકિતઓ કોઈ ગૂઢવાદી પદ્ધતિ અનુસાર ભૌતિક રૂપમાં લાવવામાં આવ્યાં હતાં, જે રીતની શ્રી અરવિંદ ભાવિ અતિમાનસિક પ્રક્રિયા માટે આગાહી કરે છે; અર્થાત્ ઉચ્ચતર જગતોનાં પ્રાણીઓએ, એકાગ્રતાની અને ભૌતિકીકરણની પ્રક્રિયા દ્વારા, પોતાનાં ભૌતિક પદાર્થતત્ત્વનાં શરીરોનું નિર્માણ કર્યું છે. કદાચ નિમ્નતર જાતિઓએ પ્રગતિશીલ રીતે પ્રથમ માનવશરીરનું નિર્માણ કર્યું ન હતું.

આધ્યાત્મિક અને ગૂઢવાદી જ્ઞાન અનુસાર, ચેતના રૂપથી આગળ હોય છે; ચેતના આત્મ-એકાગ્રતા વડે પોતાના રૂપનું નિર્માણ કરે છે. જ્યારે ભૌતિકવાદી વિચાર અનુસાર, રૂપ ચેતનાથી પહેલાં હોય છે અને ચેતના માટે પ્રગટ થવાનું શકય બનાવે છે. જે લોકોમાં અદૃશ્ય જગતોનું કાંઈક જ્ઞાન છે અને શકિતઓની લીલાનું સીધું દર્શન છે, તેમને કોઈ શંકાનો અવસર નથી. ચેતના જ પોતાની જાતને પ્રગટ કરવા માટે રૂપનું નિર્માણ કરતી હોય છે. અત્યારે પૃથ્વી પર વસ્તુઓ જે રીતે ગોઠવાયેલી છે તે રીતે જોતાં, ચોક્કસ ઉચ્ચતર પ્રકારની ચેતના રૂપમાં પ્રવેશીને પોતાનું રૂપાંતર કરવામાં રૂપને મદદ કરતી હોય છે, જેથી, તરત જ અથવા તો ક્રમિક પેઢીઓ દ્વારા, રૂપ તે ચેતનાને પ્રગટ કરવા સમર્થ બની શકે છે. જે લોકોમાં આંતર દર્શના અને જ્ઞાન છે, તેમને માટે આ વસ્તુ નિઃશંક છે. તે અન્યથા હોઈ જ ન શકે. પણ જે લોકો નીચલે છેડેથી શરૂઆત કરે છે, તેઓ એ વાતને કબૂલ નહિ કરે, પણ અજ્ઞાનને ડહાપણને જ્ઞાન આપવાનો કોઈ અધિકાર નથી! અને છતાં અત્યારે અજ્ઞાન એમ જ કહી રહ્યું છે. જાણવા કરતાં શંકા કરવી તે વધારે સહેલું છે; એટલે માનવી મનને દરેક બાબતમાં શંકા કરવાની ટેવ પડી ગઈ છે. તે તેની પ્રથમ ગતિ છે, અને અલબત્ત તેથી તે કશું જ જાણતું હોતું નથી.

એ તો નિશ્ચિત વાત છે કે વિચાર આવિર્ભાવથી અને અભિવ્યકિતથી પહેલાં હોય છે. જે લોકોને ભૂતકાળ સાથે સીધો સંપર્ક છે તેઓને કોઈ માનવીય નમૂનાના પ્રકારની સ્મૃતિ હોય છે, જે વર્તમાન માનવ જાતિ કરતાં ઘણી શ્રેષ્ઠ હોય છે. તે લોકો દૃષ્ટાંતરૂપે પૃથ્વી પર આવ્યા હતા; તેઓ બતાવી આપતા હોય છે કે પરાકાષ્ઠાએ પહોંચેલી માનવ જાતિ કેવી હશે.

(મૌન)

જીવનમાં અનુકરણ કરવાનું એક વલણ હોય છે. પશુ જીવનમાં આપણને ધ્યાન ખેંચે તેવા દાખલા મળશે. વનસ્પતિ સૃષ્ટિમાં પણ અનુકરણ કરવાનો પ્રારંભ થાય છે, પણ પશુ જીવનમાં તે ધ્યાન ખેંચે તેવું હોય છે. તેના ઘણા દાખલા આપી શકાય. તે અર્થમાં આપણે એવો ખ્યાલ કરી શકીએ કે પશુ જીવન આ આદર્શ ટાઈપ સાથે કાંઈક સામ્ય પેદા કરવાનો, તેનું અનુકરણ કરવાનો પ્રયાસ કરે છે, જે ટાઈપ ગૂઢવાદી સાધનો વડે પૃથ્વી પર પ્રગટ થઈ શકે, અને કદાચ ક્રમિક પ્રયાસો દ્વારા, વધારે ને વધારે સફળ પ્રયત્ન દ્વારા, પ્રથમ માનવ ટાઈપોનું સર્જન થયું હતું.

*

૧૮ ડિસેમ્બર ૧૯૫૭

માતાજી 'દિવ્ય જીવન' પૃષ્ઠ ૮૨૯ માંથી એક ફકરો વાંચે છે.

"આધુનિક વિજ્ઞાને એક સાચી મહત્ત્વની વસ્તુની શોધ કરી છે કે કેવળ બાહ્ય અને ભૌતિક દૃષ્ટિબિંદુથી જોતાં, વસ્તુઓ જેવી હોવાનું દેખાય છે તેવી તે નથી હોતી. જ્યારે તમે કોઈ શરીર પ્રત્યે, માનવ પ્રાણી પ્રત્યે, પદાર્થ પ્રત્યે, જમીનના સુંદર દૃશ્ય પ્રત્યે જુઓ છો, ત્યારે તમે આ વસ્તુઓને તમારી આંખો વડે, સ્પર્શ દ્વારા, શ્રવણેન્દ્રિય દ્વારા જોતા જાણતા હો છો. પણ તેમની વીગતો માટે, ગંધ માટે, રસ માટે, વિજ્ઞાન તમને કહે છે કે "તે બધું ભ્રાન્તિ છે. વસ્તુઓ જેવી છે તેવી તમે જોતાં હોતા નથી. તેમની જેવી ગંધ છે તેવી તમે પ્રાપ્ત કરતા હોતા નથી, તેમનો જેવો સ્વાદ છે તેવો તમે પ્રાપ્ત કરતા નથી. તમારાં અંગોની રચના તમને અમુક ખાસ રીતે આ વસ્તુઓના સંપર્કમાં મૂકી આપે છે; પણ તે તદ્ન ઉપરચોટિયા, બાહ્ય, ભ્રાન્તિપૂર્ણ, અને અવાસ્તવિક હોય છે."

વિજ્ઞાનના દૃષ્ટિબિન્દુથી જોતાં, તમે અણુઓનો પણ સમૂહ નથી, પણ અણુ કરતાંયે અનંતગણું વધારે અદૃષ્ટિગોચર એવા કશાકનો સમૂહ છો, જે સતત ગતિ કરતું હોય છે. મુખ, નાસિકા, આંખો, મ્હોં જેવું કંઈ જ નથી; તે માત્ર દેખાવ છે. અને ભૂતકાળના, જરા પણ બાંધછોડ ન કરનારા અધ્યાત્મવાદીઓની પેઠે,

વૈજ્ઞાનિકો એવા નિષ્કર્ષ પર આવે છે કે જગત એક ભ્રાન્તિ છે. આ એક મહાન શોધ છે. એક ડગલું આગળ જાય, તો તેઓ સત્યમાં પ્રવેશ કરે. એટલે જ્યારે કોઈ આવીને કહે કે હું આ જોઉં છું, આનો સ્પર્શ કરું છું, મને આ વસ્તુ અનુભવાય છે, મને આની ખાતરી છે, ત્યારે વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી તે અર્થહીન છે. જેણે વસ્તુઓ જેવી છે તે રીતે તેમનું વૈજ્ઞાનિક અધ્યયન કર્યું નથી, તે જ આમ કહી શકે. એટલે તદ્દન વિરુદ્ધ માર્ગોએ તે બંને (અધ્યાત્મવાદીઓ અને વૈજ્ઞાનિકો) એક જ પરિણામ પર આવ્યા છે, અને તે એ કે તમે જે રીતે જુઓ છો તે જગત એક ભ્રાન્તિ છે.

આની પીઠમાં શું સત્ય છે? જે લોકોએ આધ્યાત્મિક જ્ઞાનની ખોજ કરી છે, તેઓ તમને કહેતા હોય છે કે અમે આ અનુભવ્યું છે. પણ અલબત્ત, તે એક વિષયિગત અનુભૂતિ છે. એવાં કોઈ કારણો નથી કે જેના વડે કોઈ એમ કહી શકે કે દરેક જણની અનુભૂતિ શંકાથી પર છે. દરેક જણની અનુભૂતિ તેને પોતાને માટે શંકાથી પર હોય છે. જો માણસ તેને જરાક આગળ લઈ જાય....

હકીકતમાં, કોઈ પણ અનુભવનું કે શોધનું મૂલ્ય આ રીતે જ સાબિત કરી શકાય કે તે આ દેખાવોને પરિવર્તિત કરવાની શકિત આપે છે. વસ્તુઓનું, સંજોગોનું અને જગતનું રૂપાંતર, તે અનુભવમાં પ્રગટ થતા સંકલ્પ અનુસાર, કરવાની શકિત આપે છે? મને એમ લાગે છે કે વ્યકિતગત અથવા સામૂહિક અનુભવની પ્રામાણિકતાની ખૂબ વૈશ્વિક સાબિતી આ છે કે તે આપણે જે દેખાવોને જગત કહીએ છીએ તે અત્યારે છે તે પ્રકારમાંથી તેમનું જુદી રીતે રૂપાંતર કરવાની શકિત ધરાવે છે? વિષયિગત દૃષ્ટિબિન્દુથી જોતાં, અનુભૂતિનો પ્રભાવ તે વ્યકિતની ચેતના ઉપર ખૂબ પડતો હોય છે. તે એક સાબિતી છે. માણસ આનંદ, શાન્તિ, અપરિવર્તનીય સુખ, વસ્તુઓનું ગહન જ્ઞાન પ્રાપ્ત કરે છે, તે તેને માટે તો સિદ્ધ થયા કરતાંય વધારે છે. બાહ્ય રૂપ પર થતી અસર અનુભવથી પોતાથી બીજી અનેક વસ્તુઓ પર આધાર રાખતી હોય છે, કદાચ તે આ અનુભૂતિઓના પ્રથમ કારણ ઉપર રાખતી હોય, પણ આ બધાંમાં એક સાબિતી એવી હોય છે કે જેના બીજા લોકો તેમ જ અનુભવ કરનાર બંને પ્રાપ્ત કરી શકે તેમ છે. તે સાબિતી બીજા લોકો તથા વસ્તુઓ પર પ્રાપ્ત થતી શકિત છે, જે સામાન્ય ચેતન માટે વિષયિગત છે. દા. ત. જો હું જેનો વિષે વાત કરી રહી છું તે ચેતનાની સ્થિતિને માણસે પ્રાપ્ત કરી હોય, તે ચેતનાને બીજામાં સ્થાપી આપવાની શકિત

મેળવી હોય, તો તે તેની અનુભુતિઓની વાસ્તવિકતાની એક આંશિક સાબિતી કહેવાય. પણ તેથી આગળ, જો તે જે ચેતનાની સ્થિતિમાં પોતે હોય દાખલા તરીકે સંપૂર્ણ સંવાદિતાની સ્થિતિ, તેને બાહ્ય જગતમાં સર્જી શકે કે જે જગતમાં સંવાદિતા નથી, તો તે એક એવી સાબિતી કહેવાય કે જેને ભૌતિકવાદી વૈજ્ઞાનિક મન પણ ખૂબ સહેલાઈપૂર્વક કબૂલ રાખે. જો આ ભ્રાન્તિમય દેખાવોને કાંઈક વધારે સુંદર, વધારે સંવાદમય, આપણે તેમાં જીવીએ છીએ તે જગત કરતાં વધારે સુખમય સ્થિતિમાં પરિવર્તિત કરી શકાય, તો તે એક અનિષેધ્ય-સાબિતી ગણાય. શ્રી અરવિંદ આપણને વચન આપે છે તેમ જો આપણે તેને હજી પણ વધારે આગળ લઈ જઈએ તો જો અતિમાનસ શકિત, ચેતના, અને પ્રકાશ આ જગતનું રૂપાંતર કરે અને નવીન જાતિનું સર્જન કરે, તો તેઓ માનવના અસ્તિત્વનો ઈન્કાર ન કરી શકે તેમ, માનવ પણ આ નવીન પ્રાણીઓના અસ્તિત્વનો ઈન્કાર ન કરી શકે; શરત એટલી કે તે જાતિ માનવજાતિથી એટલી બધી ભિન્ન હોવી જોઈએ કે એ ભેદ માનવમાં ઠગારાં અંગોને પણ દૃષ્ટિગોચર થાય.

આ નિષ્કર્ષો પરથી, ખૂબ સાબિતી આપી શકે તેવી અને સ્પષ્ટ બાજૂ કે જેનો આવિર્ભાવ કદાચ પ્રથમ થયો હશે. તે શકિતની બાજૂ હશે, આનંદની કે સત્યની નહિ. પૃથ્વી પર નવીન જાતિ સ્થાપિત બને તે માટે તેનું બીજાં પાર્થિવ તત્ત્વોથી રક્ષણ કરવાની જરૂર રહેશે, જેથી તે જીવી શકે. શકિત એ રક્ષણ છે: કૃત્રિમ, બાહ્ય, અને જૂઠી શકિત નહિ, પણ સાચું બળ, વિજયી સંકલ્પ. એટલે એમ વિચારવું અશકય નથી કે અતિમાનસ કાર્ય સંવાદિતાનું, પ્રકાશમયતાનું, આનંદનું, અને સૌન્દર્યનું બને તે પહેલાં તેણે શકિતનું કાર્ય બનવું પડશે, જેથી તે રક્ષણ કરી શકે. સ્વાભાવિક રીતે જ, આ શકિતનું કાર્ય સાચી રીતે અસરકારક બને તે માટે, તેને જ્ઞાનના, સત્યના, પ્રેમના, અને સંવાદિતાના પાયા પર સ્થાપિત કરવું પડશે, આ બધાં વસ્તુઓ ધીમે ધીમે, જ્યારે સમ્રાગ્ર સંકલ્પનું અને શકિતનું કાર્ય ભૂમિકા તૈયાર કરશે ત્યારે જ પ્રગટ થઈ શકશે

આમાંની શ્રેષ્ઠ વસ્તુ શકય બને તે માટે, પ્રથમ તો પરિપૂર્ણ સમતુલાનો પાયો હોવો જોઈએ, જે સમતુલાને માત્ર અહંતાનો અભાવ, પરમાત્માને પરિપૂર્ણ સમર્પણ, સાચી વિશુદ્ધિ, અને પરમાત્મા સાથે તાદાત્મ્ય જ આપી શકે છે. આ પરિપૂર્ણ સમતાના પાયા સિવાય, અતિમાનસ શકિત જોખમરૂપ છે. સાધકે કોઈ પણ

કારણસર તે શકિતના નાનામાં નાના આણુને પણ નીચે ખેંચી લાવવાની ઈચ્છા ન કરવી જોઈએ. તેને નાનામાં નાના આણુમાં પણ એવું બળ અને ભયંકરતા હોય છે, કે જે સમગ્ર પદ્ધતિની (શરીર, પ્રાણ, મન, બુદ્ધિની) સમતુલામાં ભંગ પાડી દે.

હું તમને તે વિષે વાત કરી રહી છું, એટલે માટે તમને થોડીક ભલામણો કરવી જોઈએ. પ્રગતિ માટેની તમારી ઈચ્છામાં અને સાક્ષાત્કાર માટેની તમારી અભીપ્સામાં તમે શકિતઓને તમારી પ્રત્યે ખેંચવાનો પ્રયત્ન ન કરતા, તે બાબત ખૂબ દરકાર રાખજો. તમારી જાતનું સમર્પણ કરી દો; સતત આત્મવિસ્મૃતિ દ્વારા, યથાશકય ખૂબ નિઃસ્વાર્થ ભાવે તમારી જાતને ખુલ્લી કરો; તમારી ગ્રહણશકિતમાં વૃદ્ધિ કરો, પણ કદી શકિતઓને તમારી પ્રત્યે ખેંચવાની કોશીશ ન કરતા, કારણ કે ખેંચવાની વૃત્તિ એ જોખમકારક અહંતા છે. તમે ભલે અભીપ્સા કરો, તમારી જાતને ખુલ્લી બનાવો, આત્મસમર્પણ કરો, પણ કદી લેવાનો પ્રયત્ન ન કરશો. જ્યારે કાંઈક ગરબડ પેદા થાય છે, ત્યારે લોકો શકિતનો દોષ કાઢતા હોય છે. પણ તેને માટે શકિત જવાબદાર નથી હોતી; મહત્ત્વાકાંક્ષા, અહંતા, અજ્ઞાન અને આધારની (પાત્રની) નિર્બળતા જવાબદાર હોય છે.

તમારી જાતનું ઉદારતાપૂર્વક, પરિપૂર્ણ નિઃસ્વાર્થતાપૂર્વક સમર્પણ કરો, અને ગહનતર દૃષ્ટિબિન્દુથી જોતાં, તમને કોઈ હાનિ નહિ પહોંચે લેવાની કોશીશ કરો, અને તમે ખાઈના છેડા પર હશો (પતનનો ભય ઉભો થશે).

પ્રશ્નોત્તરી

૧૯૫૮

૧ જાન્યુઆરી ૧૯૫૮

હે પ્રકૃતિ, આધ્યાત્મિક માતા,

તેં કહ્યું છે કે હું સહકાર આપીશ

અને તારા સહકારના તેજને

કોઈ મર્યાદા નથી.

(નૂતન વર્ષનો સંદેશ, ૧ જાન્યુઆરી ૧૯૫૮)

મધુર માતાજી, તમે આ વર્ષના સંદેશને સમજાવશો ?

તે લખેલો જ છે! તેની સમજૂતિ લખાઈ ચૂકી છે, તે ૨૧ મી ફેબ્રુઆરીના બુલેટિન માટે તૈયાર છે.

તેમાં સમજાવવાનું કંઈ બાકી રહ્યું નથી. તે એક અનુભૂતિ છે. કાંઈક બનેલી વાત છે. જ્યારે તે બની હતી ત્યારે મેં તેને નોંધી લીધી હતી. જ્યારે મને યાદ આવ્યું કે નૂતન વર્ષનો સંદેશ આપવાનો છે, ત્યારે તે બની હતી. તે સંદેશ આજના નવીન વર્ષ માટેનો છે. જ્યારે મને યાદ આવ્યું કે મારે કોઈ સંદેશ લખી લેવાનો છે ત્યારે તે વાત યાદ આવી તે જ વખતે આ અનુભૂતિ આવી હતી, જ્યારે તેને મેં નોંધી લીધી, ત્યારે મને ભાન થયું કે આ વર્ષનો આ જ સંદેશ છે!

(મૌન)

મારે તમને એક જ વાત કહેવી જોઈએ. તમારે આ અનુભૂતિના અર્થ વિષે ગેરસમજ ન કરવી જોઈએ, અને એમ ન કલ્પી લેવું જોઈએ કે હવેથી કોઈ પણ મુશ્કેલી વગર આપણી અંગત ઈચ્છાઓ હંમેશાં બધું આપોઆપ બરાબર બની જશે, તે આ ભૂમિકા પર શકય નથી. તેનો એવો અર્થ નથી કે જ્યારે આપણે ઈચ્છીએ કે વરસાદ ન આવવો જોઈએ, ત્યારે વરસાદ નહિ પડે! જ્યારે આપણે જગતમાં અમુક વસ્તુ બને એવી ઈચ્છા કરીએ, કે તરત જ તે પ્રમાણે બનશે, બધી મુશ્કેલીઓ ચાલી જશે, અને દરેક વસ્તુ પરીકથાઓમાં બનતી હોય છે તેમ, બધું ઠીક ઠીક થઈ જશે. તે પ્રમાણે નહિ બને તે કાંઈક વધારે ગહન છે. શકિતઓની પોતાની લીલામાં, પ્રકૃતિએ આ નવીન શકિતનો સ્વીકાર કર્યો છે કે જે શકિત પ્રગટ થઈ ચૂકી છે પ્રકૃતિએ પોતાની ગતિઓમાં તેનો સમાવેશ કર્યો છે. પ્રકૃતિની ગતિઓ માનવીય સ્કેઈલથી પર એવા સ્કેઈલ ઉપર હોય છે; સામાન્ય માનવીય ચેતનાને તે દૃષ્ટિગોચર નથી હોતી. તે એક આંતર, માનસશાસ્ત્રીય શકયતા છે કે જે જગતમાં આવી ચૂકી છે. તે પાર્થિવ ઘટનાઓમાં દેખાઈ આવે એવું પરિવર્તન નથી.

હું આ કહી રહી છું, કારણકે તમે એમ માનવા લલચાઓ કે પૃથ્વી પર પરીકથાઓ હવે બનવાની છે, તે માટે હજી સમય પાકયો નથી.

(મૌન)

ઘટનાઓ કેવી રીતે બને છે તે સમજવા માટે, માણસમાં ખૂબ ધીરજ અને ખૂબ પરિપૂર્ણ, વિશાળ, દર્શનાની જરૂર છે.

(મૌન)

જે ચમત્કારો થતા હોય છે તે કથાઓના પુસ્તકમાં આવતા ચમત્કારો નથી, અર્થાત્ કથાઓમાં તે બનતા હોય છે તે રીતે બનતા હોતા નથી. તે માત્ર વસ્તુઓની ખૂબ ગહન, વિશાળ દર્શનાને જ દૃષ્ટિગોચર હોય છે.

(મૌન)

કૃપાના કાર્યથી સભાન બનવા માટે, માણસ તેની પદ્ધતિઓને અને પ્રકારોને સમજવા માટે શકિતમાન બનેલો હોવો જોઈએ. વસ્તુઓના ગહનતર સત્યને જોવા માટે માણસ દેખાવોથી આંધળો ભીંત ન બની જાય તેવી શકિત તેણે પ્રાપ્ત કરેલી હોવી જોઈએ.

આજે સાંજે આપણે તે બાબત નિશ્ચય કરી લઈએ તે વધારે ઉપયોગી બનશે. આપણે આ વર્ષ દરમિયાન બને તેટલો શ્રેષ્ઠ પ્રયત્ન કરીએ, કે જેથી સમય નિરર્થક પસાર ન થઈ જાય. આ નિશ્ચય આપણે કરવો જોઈએ.

પરિશિષ્ટ

૧લી જાન્યુઆરી ૧૯૫૮ ના, નૂતન વર્ષના સંદેશની સમજૂતિ

આપણા એક વર્ગમાં[1] મેં કહ્યું હતું કે અખૂટ સર્જન કરતા પ્રકૃતિ પાસે અમર્યાદિત વિપુળતા છે. પ્રકૃતિ વસ્તુઓના સમૂહોને હાથમાં લે છે, તેમને મિશ્રિત કરે છે, વળી પાછી તેમનું વિઘટન કરે છે, તેમને ફરી નવો ઘાટ આપે છે. તેમનો સંહાર કરે છે જેથી તે નવીન મિશ્રણો, સંઘટનો પ્રત્યે ગતિ કરી શકે. મેં કહ્યું હતું કે એ એક મોટો ચરુ છે. પ્રકૃતિ તેમાં રહેલી વસ્તુઓને હલાવે છે, કાંઈક બહાર લાવે છે, તે રૂપ તેને સારું લાગતું હોતું નથી, એટલે ફરી તેને તે ચરુમાં નાંખે છે, અને બીજી કોઈ વસ્તુને બહાર લાવે છે! એક, બે, કે સો રૂપો તેને મન મહત્ત્વનાં નથી હોતા; હજારો, લાખો રૂપો હોય છે. સો, હજાર, લાખો વર્ષો તેને મહત્ત્વનાં નથી હોતાં; તેની પાસે તો શાશ્વતી પડી છે; એ વાત

---

૧. ૩૦ ઓકટોબર ૧૯૫૭

તદ્દન સ્પષ્ટ છે કે પ્રકૃતિને તેમ કરવામાં મજા પડતી હોય છે, તે ઉતાવળમાં નથી હોતી. જો તેને એમ કહેવામાં આવે કે તું ઝડપ કરીને તારું કામ જલ્દી પૂરું કરી લે તો તે હંમેશાં એક જ જવાબ આપે છે કે મારે શા માટે તેમ કરવું જોઈએ? શું તમને આમાં મજા નથી પડતી?

આજે સાંજે મેં તમને આ વસ્તુઓ વિષે વાત કરી હતી. મેં મારી જાતનું પ્રકૃતિ સાથે સંપૂર્ણ તાદાત્મ્ય કર્યું હતું, હું તેની રમતમાં જોડાઈ હતી. તે તાદાત્મ્યની ગતિનો એક પ્રત્યુત્તર મળ્યો હતો; પ્રકૃતિની અને મારી વચ્ચે એક પ્રકારનો નવીન, ગાઢ પરિચય સધાયો હતો,વધતી જતી નિકટતાની તે એક લાંબા સમય સુધી ચાલેલી ગતિ હતી, જે એક અનુભૂતિમાં પરિણમી, જે ૮ મી નવેમ્બરે મને પ્રાપ્ત થઈ હતી.

પ્રકૃતિ એકદમ સમજી ગઈ. તે સમજી ગઈ કે હમણાં જ જન્મ પામેલી આ નવીન ચેતના મારો ઈન્કાર કરવા નથી માગતી, પણ સમગ્રપણે મને આલિંગન આપવા માગે છે. તે સમજી ગઈ કે આ નવીન આધ્યાત્મિકતા જીવનથી વિમુખ બનવા નથી માગતી, મારી ગતિની ભીષણ વિપુળતાથી ડરી જઈને દૂર ભાગી જવા નથી માગતી, પણ મારી બધી બાજુઓનો સમન્વય સાધવા માગે છે. તે સમજી ગઈ કે અતિમાનસ ચેતના મને ન્યૂન બનાવવા નથી માગતી, પણ મને પરિપૂર્ણ બનાવવા માગે છે.

પછી પરમ વાસ્તવિકતામાંથી આ આદેશ મળ્યો કે; હે પ્રકૃતિ, સહકારના આનંદ પ્રત્યે જાગૃત થા. પ્રકૃતિ આનંદના એક મહાન આવેગમાં આગળ ધસી આવી અને બોલી કે હું તમારો આદેશ માથે ચઢાવું છું, હું સહકાર આપીશ. તેજ વખતે, એક પરિપૂર્ણ શાંતિ પથરાઈ ગઈ, જેથી શરીરનું પાત્ર, ભાંગી ગયા સિવાય, કશું પણ ગુમાવી બેઠા સિવાય, પ્રકૃતિના આ આનંદના બળવાન પૂરને ઝીલી શકે, પોતામાં સમાવી શકે; તે આનંદ પ્રકૃતિમાં પેદા થયેલી આભારની લાગણીમાંથી જન્મ્યો હતો. પ્રકૃતિએ તે વાત સ્વીકારી લીધી. પોતાની આગળ પડેલી શાશ્વતી સાથે, તેણે જોયું કે અતિમાનસ ચેતનામાં મને સંપૂર્ણપણે પરિપૂર્ણ બનાવવા માગે છે, મારી ગતિને વધારે બળ આપવા માગે છે, મારી લીલાને વધારે વિશાળતા અને શકયતાઓ આપવા માગે છે.

પૃથ્વીના સર્વ ખૂણાઓમાંથી આવતા હોય તેમ, મેં ઓચિંતા તે મહાન સ્વરના સરોદો સાંભળ્યા, જેમને કોઈક વાર માણસ પોતાના સૂક્ષ્મ ભૌતિકમાં

સાંભળે છે. તે સરોદો બીથોવનના ડી મેજોરમાં સાંભળાતા સરોદો જેવા હતા, જે સરોદો પ્રગતિ સિદ્ધ થતાં સંભળાતા હોય છે. જાણે કે પચાસ ઓરકેસ્ટ્રાઓ એકી સાથે સંવાદિતામાં સંભળાતી ન હોય! તેમાં એક પણ સૂર ખોટો ન હતો. પ્રકૃતિ અને આત્મા વચ્ચેના આ નવીન પારસ્પરિક સંબંધના આનંદને અભિવ્યકત કરવા તે સરોદો સંભળાતા હતા. ખૂબ સમયથી વિખૂટા પડેલા બે મિત્રોના મિલનના આનંદને તે સરોદો વ્યકત કરતા હતા.

પછી આ શબ્દો આવ્યા; "હે પ્રકૃતિ, ભૌતિક માતા, તેં કહ્યું છે કે, હું સહકાર આપીશ; આ સહકારના તેજને કોઈ મર્યાદા નહિ હોય."

આ રીતે નૂતન વર્ષનો સંદેશ જન્મ્યો હતો.

*

૮ જાન્યુઆરી ૧૯૫૮

માતાજી 'દિવ્ય જીવન' માંથી એક ફકરો વાંચે છે.

આપણે એક પછી બીજો, એમ ફકરો વાંચવાનો નિર્ણય કર્યો છે, જેથી આપણે કાંઈક વિગતવાર સમજૂતિ આપી શકીએ. પણ આ પદ્ધતિમાં એક દોષ છે, જે વિષે મેં તમને અગાઉ જણાવ્યું છે. શ્રી અરવિંદ બધા સિદ્ધાંતોને લઈને વિગતવાર તેમની દલીલો સાથે, સમજૂતિ આપતા હોય છે, જેથી પાછળથી તે સિદ્ધાંતોની ન્યૂનતાઓ સમજી શકાય, સમસ્યાના ઉકેલ માટે તે સિદ્ધાંતોની અશકિત તેઓ બતાવતા હોય છે, અને પછી પોતાનો ઉકેલ તે આપતા હોય છે. પણ (હસીને) જ્યારે આપણે એક દલીલની વચમાં અટકી જઈએ છીએ, એક ફકરાને અલગ વાંચીએ છીએ, જો આપણે તે ફકરાને છેક અંત સુધી ન વાંચીએ, તો આપણે એમ માની લેવાની ભુલ કરીએ છીએ કે શ્રી અરવિંદ પોતાનો અભિપ્રાય અહીં આપે છે.

હકીકતમાં, કેટલાક બેદરકાર લોકોએ એમ કર્યું છે, જ્યારે તેઓ પોતાના સિદ્ધાંતોને સાચા ઠેરવવા માટે શ્રી અરવિંદનાં લખાણોમાંથી ઉદ્ધરણો ટાંકતા હોય છે અને આગળ શું આવી ગયું અને પાછળથી શું આવ્યું તે વિષે ચુપકીદી સેવતા હોય છે ત્યારે તેઓ કહેતા હોય છે કે 'દિવ્ય જીવન' માં શ્રી અરવિંદે

આમ કહ્યું છે. તેમણે એમ કહ્યું છે એ વાત સાચી, પણ તેમનું પોતાનું એ દર્શન નથી. હવે એજ મુશ્કેલી આપણી આગળ આવીને ખડી થઈ છે. છેલ્લા બે વર્ગોથી હું જીવનના બે આધુનિક સિદ્ધાંતો વિષે વાચન કરી રહી હતી, ઉત્ક્રાન્તિ અને અસ્તિત્વનો હેતુ અથવા તેની નિરર્થકતા. શ્રી અરવિંદ તેમની રજૂઆત બહુ નિર્ણાયક રીતે કરે છે, જાણે કે તે તેમનો પોતાનો અભિપ્રાય ન હોય, તેમનું પોતાનું દર્શન ન હોય. આપણે વચ્ચે અટકી જઈએ છીએ. આપણને એવી એક બેચેનીની લાગણી અનુભવવાની હોય છે કે, શ્રી અરવિંદે આપણને આમ કહ્યું ન હતું; હવે તે આપણને કેમ આની સમજૂતિ આપી રહ્યા છે? આ એક મોટો દોષ છે. પણ જો હું તમારી સમક્ષ આખી દલીલ વાંચું, તો અંતભાગ આવતાં તમને પ્રારંભનો ભાગ યાદ ન રહ્યો હોય, અને તમે સમજી શકવા શક્તિમાન ન બનો! એટલે શ્રેષ્ઠ રીત એ છે કે શાન્તિપૂર્વક એક વખતે એક ફકરો લેવો, તે શું કહેવા માગે છે તે સમજવા પ્રયત્ન કરવો, પણ એમ ન માની લેવું કે તેઓ એ વાતને સત્ય સિદ્ધ કરવા માગે છે. તે સિદ્ધાંતોને ટેકો આપતી બધી દલીલો સાથે, તેમને સમજાવવા માગતા હોય છે; તે એમ કહેતા હોતા નથી કે વસ્તુઓને જોવા માટે આ શ્રેષ્ઠ પ્રકાર છે.

વાસ્તવિક રીતે, આ વાચનને તમારે એવી એક તક માનવી જોઈએ કે જ્યારે તમે તમારા તત્ત્વચિંતનીય મનને વિકસાવી શકો, તર્કયુકત ક્રમમાં વિચારોને ગોઠવવાની અને દલીલને મજબૂત પાયા પર સ્થાપિત કરવાની શક્તિ કેળવી શકો. તમારે આ પ્રયત્નને સ્નાયુઓ વિકસાવવા માટેની ડમ્બેલ્સની કસરતો જેવો માનવો જોઈએ. જે પ્રયત્ન અહીં મસ્તિષ્કને અને મનને કેળવે છે. તમારે ઉતાવળિયાં નિષ્કર્ષો પર કૂદી પડવું ન જોઈએ. જો આપણે ધીરજપૂર્વક રાહ જોઈશું, તો પ્રકરણને અંતે તે આપણને અકાટય દલીલના પાયા ઉપર કહેશે કે તે શા માટે આ નિષ્કર્ષો પર આવ્યા છે.

હવે તમારે કોઈ પ્રશ્ન પૂછવો હોય, તો પૂછો.

માતાજી, તે પાઠય પુસ્તકનો સવાલ નથી.

બીજો કોઈ સવાલ છે? તે શો છે?

માતાજી, કેટલીક વાર આપણને ઔચિંતા વિચારો આવતા હોય છે. તે કયાંથી આવે છે? તે મસ્તિષ્કમાં કેવી રીતે કામ કરતા હોય છે?

તે કયાંથી આવે છે? માનસિક વાયુમંડલમાંથી.

તે શા માટે આવતા હોય છે? જેમ આપણને માર્ગમાં કોઈ માણસ સામે મળે, તેમ તે વિચારો તમને મળતા હોય છે. મોટે ભાગે તેમ બનતું હોય છે. તમે માર્ગ પર જતા હો છો, જ્યાં વિચારો ભ્રમણ કરતા હોય છે. તમે કોઈક ખાસ વિચારને મળો છો અને તે તમારા મસ્તિષ્કમાં આવી જાય છે. જે લોકોને ધ્યાન કરવાની એકાગ્રતા, કરવાની ટેવ છે, જેમને માટે બૌદ્ધિક સમસ્યાઓમાં એક પ્રકારની સઘન, સ્પર્શગમ્ય વાસ્તવિકતા છે, તેઓ પોતાના મનની એકાગ્રતા વડે સંબંધિત વિચારોને આકર્ષતા હોય છે. પરિણામે એક વિચારોનો સમૂહ એકત્રિત થાય છે. કોઈ સમસ્યાનો ઉકેલ લાવવા માટે અથવા પોતે વિચારતા હોય તે પ્રશ્નને સ્પષ્ટ બનાવવા માટે, તેઓ તે વિચારોને સંગઠિત કરે છે. પણ આને માટે, માણસને માનસિક એકાગ્રતાની અને તત્ત્વચિંતનીય મનની ટેવ હોવી જોઈએ, તેવા મન માટે વિચારો જીવંત તત્ત્વો છે. જેમને પોતાનું આગવું જીવન હોય છે, જે શેતરંજની રમતના પાટિયા પરનાં મહોરાં જેવા હોય છે. માણસ તેમને લે છે. અમુક સ્થાને મૂકે છે, તેમને સંગઠિત કરે છે, અને તે વિચારોમાંથી કોઈ સુસંગત વસ્તુ પેદા કરે છે. જે વિચારો વ્યકિતરૂપ, સ્વતંત્ર વસ્તુઓ હોય છે,તેમનામાં પરસ્પર સામ્યતાના સંબંધો હોય છે; તે આંતર નિયમો અનુસાર પોતાની જાતને સંગઠિત કરતા હોય છે. પણ તેને માટે, માણસમાં ધ્યાનની, ચિંતનની, પૃથક્કરણની, નિષ્કર્ષ તારવવાની, માનસિક સંગઠનની ટેવ હોવી જોઈએ. નહિ તો, જો માણસ ગમે તેમ જીવતો હોય; તો તે જાહેર ચોરા જેવું બની જાય છે. ચોરામાં ચારેય બાજુ માર્ગો હોય છે, તેમના પર લોકો જતા આવતા હોય છે, તમે તે આડા અવળા રસ્તાઓના મિલન સ્થાને ખડા હો છો, તે વિચારોમાં કોઈ પરસ્પર સંબંધ હોતો નથી અને તે ત્યાં સુધી કે જો તમે એક નિરર્થકતાની પ્રશસ્ય દોરી રૂપ બની રહે!

આપણે એક વખત કહ્યું હતું કે આપણે એક નાનકડી રમત ઉપયોગિતાપૂર્વક રમી શકીએ. કોઈને ઓચિંતા પૂછો કે તમે શેનો વિચાર કરી રહ્યા છો? તે તમને સ્પષ્ટતાપૂર્વક કશો જવાબ નહિ આપી શકે. તે કહેશે કે ઓહ, હું ફલાણી વસ્તુનો વિચાર કરી રહ્યો હતો. જો તે તેવો જવાબ આપે, તો તમે અનુમાન કરી શકો કે તે વિચારશીલ માણસ છે. નહિ તો, મોટે ભાગે આ જવાબ મળતો હોય છે કે, ઓહ, હું શેનો વિચાર કરી રહ્યો હતો તેની મને ખબર નથી.

જે લોકોએ વ્યવસ્થિત અને સંગઠિત રીતે શારીરિક કસરતો કરી હોય છે તેઓ અમુક ગતિ પ્રાપ્ત કરવા માટે અમુક સ્નાયુઓને હલાવવા જોઈએ તે, તેમને સારામાં સારી રીતે કેમ હલાવી શકાય તે અને ઓછામાં ઓછા પ્રયત્નથી વધારેમાં વધારે પરિણામો કેમ મેળવી શકાય તે જાણતા હોય છે. વિચારની બાબતમાં પણ તેવું જ છે. જ્યારે તમે પદ્ધતિપૂર્વક તમારી જાતને તાલીમ આપો છો, ત્યારે તમે તદ્દન વિષયગત રીતે તર્કોની પરંપરાને અનુસરી શકતા હો છો, જાણે તમે પડદા પર કોઈ મિત્રનો વિસર્ગ ન કરતા હો, ત્યારે તમે થોડામાં થોડા સમયમાં, એક પછી આવતા બીજા વિચારના તર્કયુકત નિષ્કર્ષને, સ્વાભાવિક, તર્કયુકત, સંગઠિત ગતિને, એક કથનમાંથી ફલિત થતા નિષ્કર્ષને અનુસરી શકતા હો છો. જેમ તમે અમુક પરિણામ પ્રાપ્ત કરવા માટે જરૂરી એવા સ્નાયુઓને પદ્ધતિપૂર્વક હલાવવાની ટેવ પાડો છો, તેમ તમે એક વાર વિચારોને ઉપર વર્ણવ્યા મુજબ સંગઠિત કરવાની ટેવ પાડો, તો તમારો વિચાર સ્પષ્ટ બને છે. નહિ તો,વિચારની ગતિઓ અને બૌદ્ધિક ગતિઓ અસ્પષ્ટ, અયોકકસ, અને ભ્રાન્તિપૂર્ણ હોય છે. ઓચિંતી એક વસ્તુ પેદા થાય છે, અને તરત જ તેનો વિરોધ કરતો બીજો વિચાર પેદા થાય છે; તમે તે બંનેનાં કારણો જાણતા હોતા નથી. જો માણસ આ વિચારોના યોકકસ પારસ્પરિક સંબંધ સમજવા માટે તે વિચારોને સ્પષ્ટતાપૂર્વક સંગઠિત કરવા પ્રયત્ન કરે, તો થોડા જ વખતમાં તેનું માથું દુખવા લાગે! તેને તે પ્રયત્ન એક ખૂબ અંધકારમય, કુમારિકા વનમાં માર્ગ શોધી કાઢવાના પ્રયત્ન જેવો મુશ્કેલીભર્યો લાગે.

વિચારશીલ મનને પોતાના વિકાસ માટે શિસ્તની અભ્યાસની જરૂર હોય છે. જો તે મનને પદ્ધતિપૂર્વક તાલીમ આપવામાં ન આવી હોય, તો માણસને પોતે એક પ્રકારના વાદળમાં ગૂંચવાઈ ગયો હોય તેવું લાગે. ખૂબ મોટા ભાગને માણસો તદ્દન વિરોધી વિચારોને પોતાના મસ્તિષ્કમાં રાખતા હોય છે, અને તેથી તેમને જરા પણ દુ:ખ કે બેચેની લાગતી હોતી નથી.

જ્યાં સુધી તમે સ્પષ્ટતાપૂર્વક તમારા મનને સંગઠીત નહિ કરો, ત્યાં સુધી તમને તમારા વિચારો પર કાબૂ બિલકુલ નહિ આવે. ઘણીવાર તો, તમારા વિચારનું મૂલ્ય જાણ્યા સિવાય જ તમે કાર્યની શરૂઆત કરી દેતા હો છો! કાર્યની શરૂઆત નહિ, તો લાગણીની શરૂઆત તો કરી જ દેતા હો છો. એકદમ તમને લાગે છે કે આ લાગણીઓ મારે માટે ઈષ્ટ નથી. ત્યારે તમને ભાન થાય છે કે મેં મારા વિચાર ઉપર જરા પણ કાબૂ મેળવ્યો નથી.

મધુર માતાજી, માણસોને પોતાના મન પર કાબૂ નથી હોતો, તેથી તેમને ખરાબ વિચારો આવતા હોય છે?

ખરાબ વિચારો? તેને માટે અનેક કારણો હોઈ શકે. તે ખરાબ સ્વભાવને કારણે હોય; જો માણસોમાં ગંદી લાગણીઓ હોય, તો તે પણ ગંદા વિચારોનું કારણ બની શકે. તેનાથી વિરુદ્ધ પણ હોઈ શકે, અર્થાત્ ગંદા વિચારો ગંદી લાગણીઓને પેદા કરે. કદાચ તેવા લોકો બહારથી આવતાં અનેક પ્રકારનાં સૂચનો પ્રત્યે ખુલ્લા હશે. તે સૂચનો તેમનામાં પ્રવેશ કરે છે અને ધીમે ધીમે ગંદી લાગણીઓ પેદા કરે છે. તે અવચેતન સંસ્કારો અસરોનું પરિણામ પણ હોય, જે સંસ્કારો, તેમના પર કાબૂ ન હોવાને કારણે, પરસ્પર વિરોધી હોય છે. જ્યારે કાબૂ ન રાખવાને કારણે આ અસરો સપાટી પર આવે છે અને અનિચ્છનીય અસરોનો ઈન્કાર કરવામાં આવતો નથી, ત્યારે ગમે તે વસ્તુને અંદર પ્રવેશવાની છૂટ મળી જાય છે, કારણકે દ્વાર ખૂલ્લાં હોય છે.

સારી, નરસી, તટસ્થ, તેજોમય, અંધકારમય – અનેક અનેક પ્રકારની વસ્તુઓમાં તમે નહાતા હો છો. દરેક જણની ચેતનાએ સૌદ્ધાન્તિક દૃષ્ટિએ, ગળણીનું કામ કરવું જોઈએ. તમે જે સ્વીકારવા માગતા હો તે જ વસ્તુઓને તમારે સ્વીકારવી જોઈએ; તમે જે વિચારવા માગતા હો, તેનો જ વિચાર તમારે કરવો જોઈએ. ઔપચારિક સત્તા આપ્યા સિવાય, તમારે કોઈ પણ વિચારને લાગણીમાં અથવા કાર્યમાં પરિવર્તિત ન થવા દેવાં જોઈએ.

હકીકતમાં, ભૌતિક અસ્તિત્વનો તે જ હેતુ છે. માણસ પોતાના અમુક કાર્યક્ષેત્રનું પ્રતિનિધિત્વ ધરાવનાર અમુક આંદોલનો પર કાબૂ રાખવાનું કારણ છે. જે આંદોલનો દિવ્ય યોજના સાથે સુસંગત હોય તેવાં આંદોલનોને જ માણસે સ્વીકારવાં જોઈએ,અને બીજાંને ના પાડી દેવી જોઈએ.

પણ હજારમાં એક માણસ જ તેમ કરી શક્તો હોય છે, સંજોગોનો અને પરિસ્થિતિના ઘર્ષણને કારણે, તમે અર્ધ સચેતન રીતે, થોડા જ પ્રમાણમાં તેમ કરતા હો છો, પણ બહુ થોડા માણસો વિચારપૂર્વક તેમ કરતા હોય છે. પણ તેના કરતાંય વધારે અપવાદરૂપ આ છે કે વિચારપૂર્વક તેમ કરવું, સાચી રીતે કરવું, અને સત્ય જ્ઞાન પૂર્વક કરવું.

વિચારો પર સંયમ! કોણ વિચારો પર કાબૂ રાખી શકે છે? જેમણે બાલ્યાવસ્થાથી જ કાબૂ રાખવાનો પ્રયાસ કર્યો છે, તેની તાલીમ લીધી છે, તેઓ જ.

સંપૂર્ણ કાબૂના અભાવથી માંડીને તે કાબૂ રાખવા સુધીનો એક વિશાળ ક્રમ હોય છે. ઘણાખરા લોકોનું શાસન તેમના વિચારો કરતા હોય છે; તેઓ પોતાના વિચારો પર શાસન કરતા હોતા નથી. મોટા ભાગના લોકો વિચારોથી પીડાતા હોય છે. તેઓ તેમને દૂર કરી શકતા હોતા નથી, તેમનામાં આ વિચારો પ્રત્યે પોતાની સક્રિય ચેતનાને બંધ કરવાની શક્તિ હોતી નથી. તેમના વિચારો તેમના પર રાજ્ય કરતા હોય છે. તમે લોકોની રોજ ફરિયાદ સાંભળશો કે આ વિચારો બધો સમય મારામાં ઘુસી જતાં હોય છે, હું તેને દૂર કરી શકતો નથી. એટલે ચિંતા, દુર્ભાવના, ભીતિ તેમના પર આક્રમણ કરતાં રહે છે. ભયને અભિવ્યક્ત કરતા વિચારો બહુ કષ્ટદાયી હોય છે. તમે તેમને દૂર કરવા પ્રયત્ન કરો, અને તે રબરની પટ્ટી પેઠે તમારા તરફ પાછા આવશે. કોનામાં કાબૂ છે? તે તો વર્ષો સુધીની મહેનત માગી લે છે, પૂર્ણ નહિ તો થોડો ઘણો પણ કાબૂ પ્રાપ્ત કરવા માટે, તમારે આમ કરવું પડશે (માતાજી પોતાની ભ્રૂકુટિ પર હાથ ફેરવે છે), બધી ગતિઓને બંધ કરી દેવી પડશે, બધાં આંદોલનોને બંધ કરી દેવાં પડશે. તો માનસિક સપાટી સુંવાળી બને છે. જેમ તમે કોઈ પુસ્તકનું કોરું પાનું ઉઘાડો અને કશું જ લખેલું ન જુઓ, તેમ મસ્તિષ્ક તદ્દન કોરું બની જવું જોઈએ!

ઘેર ગયા પછી થોડોક આવો પ્રયત્ન કરજો, તે બહુ રસપ્રદ છે. એટલે માણસ પોતાના મસ્તિષ્કમાં જે એક નાનકડું બિન્દુ નાચતું હોય છે, તે જ સ્થાનને અનુસરતો હોય છે. એક માણસે શ્રી અરવિંદ આગળ ફરિયાદ કરી કે વિચારો મને સતાવતા હોય છે. શ્રી અરવિંદે તેના મસ્તક પર હાથ ફેરવતાં, તે નાનકડા કાળા નાચતા બિંદુને પકડ્યું અને આમ કર્યું (આંગળીનાં ટેરવાંથી અભિનય), જાણે કે તે કોઈ જીવડાંને ફેંકી ન દેતા હોય. પછી તરત તે માણસનું મસ્તિષ્ક શાન્ત, તેજોમય બની ગયું. તે ક્રિયા જોઈ શકાય તેવી રીતે તેમણે કરી હતી. કશું જ બોલ્યા વગર તેમણે તે સતાવતા બિંદુને પકડીને ફેંકી દીધું, અને બધું પતી ગયું.

વસ્તુઓ બહુ સઘન રીતે પરસ્પર આધાર રાખતી હોય છે. એક માણસ શ્રી અરવિંદ પાસે આવ્યો. તેને કયાંક તીવ્ર વેદના થતી હતી. તે બોલતો હતો

કે ઓહ, અહીં બહુ દુખે છે, બહુ દુખે છે! શ્રી અરવિંદ કાંઈ બોલ્યા નહિ, તે શાંત રહ્યા. તેમણે તે માણસ સામે જોયું. તે પ્રત્યક્ષ જોયું કે જાણે કોઈ સૂક્ષ્મ ભૌતિક હાથે તે ગેરવ્યવસ્થામાં ગૂંચવાડામાં નાચતા, નાનકડા બિંદુને પકડીને બહાર ફેંકી દીધું (તેજ અભિનય) અને પીડા બંધ થઈ ગઈ. તે માણસ બોલ્યો કે ઓહ, ઓહ, મારી પીડા જતી રહી!

*

૨૫ જાન્યુઆરી ૧૯૫૮

માતાજી 'દિવ્ય જીવન' માંથી એક ફકરો વાંચે છે, જેમાં એવી દલીલ ચાલુ રાખવામાં આવી છે કે માણસ અને બીજા દરેક પ્રાણીની ટાઈપ નિશ્ચિત થઈ ગયેલી હોય છે, અને તેથી પ્રગતિ કરતી હોતી નથી; જો નવીન સૃષ્ટિનું નિર્માણ કરવાનો ઈરાદો હોય, તો તે માણસમાંથી વિકાસ ન પામી શકે. (પૃષ્ઠ ૮૩૨)

જો આ બધી દલીલો સાચી હોય અને જો કોઈ ઉચ્ચતર સાક્ષાત્કાર ન થવાનો હોય, તો પછી કાંઈ કરવાનું બાકી રહેતું નથી. પણ સદ્‌ભાગ્યે આ વસ્તુ સાચી નથી.

શ્રી અરવિંદે ઘણી વાર કહ્યું છે કે જ્યાં સુધી મેં કહેલું સત્ય સિદ્ધ થયું નથી, ત્યાં સુધી તેની કોઈ અકાટય સાબીતી આપી શકાવાની નથી. જ્યારે દરેક વસ્તુ સિદ્ધ થશે, ત્યારે અત્યારે તે વસ્તુ ન માનનાર લોકોને તેમની ભૂલ સ્વીકારવાની ફરજ પડશે, પણ તેમ કરવા માટે તેઓ કદાચ જીવતા નહિ હોય!

એટલે એક જ વસ્તુ કરવાની રહે છે: શ્રદ્ધા અને ખાતરી રાખીને પોતાને માર્ગે આગળ વધ્યે જવું, અને વિરોધોની તથા ઈન્કારોની દરકાર ન કરવી.

કેટલાક લોકો એવા હોય છે કે જેમને ચેન પડવા માટે બીજાઓનો ટેકો, ખાતરી અને વિશ્વાસની જરૂર પડતી હોય છે. તેઓ દુ:ખી હોય છે, કારણકે તેઓ હંમેશાં તેમનામાં ન માનનાર લોકોને મળતા હોય છે, અને તેથી તેઓ

વિક્ષિપ્ત બની જતા હોય છે, દુઃખી થઈ જતા હોય છે. માણસે પોતામાં જ ખાતરી પ્રાપ્ત કરી લેવી જોઈએ, ગમે તે આવી પડે પણ તે ખાતરી ટકાવી રાખવી જોઈએ, અને ગમે તે કિંમત ચૂકવવી પડે પણ પોતાને માર્ગે આગળ ધપ્યે જવું જોઈએ, ધ્યેયને પ્રાપ્ત કરવું જોઈએ. ખૂબ ટકી રહી શકે તેવા લોકોને જ વિજય સાંપડે છે.

બધા વિરોધો હોવા છતાં ટકી રહેવા માટે, આધાર હચમચી ન ઉઠે તેવો હોવો જોઈએ. તેવો આધાર એક જ છે, પરમાત્માનો, પરમ સત્યનો.

બીજા આધારની આશા રાખવી તે વ્યર્થ છે. આ એક જ એવો આધાર છે, કે જે કદી છેહ દેતો નથી.

*

૨૨ જાન્યુઆરી ૧૯૫૮

માતાજી 'દિવ્ય જીવન' માંથી એક ફકરો વાંચે છે, જેમાં ઉચ્ચતર જાતિના પ્રાગટય સામે બૌદ્ધિક દલીલોની સમજૂતિનો ઉપસંહાર કરવામાં આવ્યો છે.

આવતી વખતે આપણે દલીલની શરૂઆત કરીશું. આ દલીલો એવા ક્ષેત્રમાં બનતી હોય છે કે જ્યાં તમે મોટે ભાગે જતા હોતા નથી, નહિ વારુ ? તે પ્રદેશ તમને અપરિચિત છે.

હકીકતમાં, તે એક ખૂબ ખાસ પ્રદેશ છે, જે કાર્યથી અથવા કોઈ વ્યવહાર-મય સાક્ષાત્કારથી બહુ દૂર છે. મને હંમેશાં એમ લાગ્યું છે કે માણસ કોઈ પણ વિચાર લઈને દલીલ માટે તેનો પ્રારંભબિંદુ તરીકે ઉપયોગ કરી શકે, અને બૌદ્ધિક તર્ક દ્વારા એમ સિદ્ધ કરી શકે કે આ વિચાર તદ્દન સાચો છે; પણ તે બધું માત્ર દલીલોની શકિત દ્વારા જ.

એ ખૂબ નોંધપાત્ર છે કે માનવ ક્રિયાનાં આ બે ક્ષેત્રો છે કર્મ અને વિચાર. તે બંને ચેતનામાં એકી વખતે સાથે સાથે હોય એ કઠિન છે. ખૂબ વિકાસ પામેલા

વિચારશીલ મનવાળો માણસ ભાગ્યે જ ક્રિયાશીલ માણસ બની શકતો હોય છે, અને ક્રિયાશીલ માણસમાં ભાગ્યે જ વિચારશીલ બુદ્ધિ હોય છે.

જ્યારે વસ્તુઓ સિદ્ધ કરવા માટે માણસમાં ખૂબ વ્યવહારુ વલણ હોય છે, ત્યારે તેને હંમેશાં એમ લાગતું હોય છે કે વિચારો, દલીલો, નિષ્કર્ષો આળસુ માણસો માટે વધતા ઓછા પ્રમાણમાં રસપ્રદ વ્યાપાર હોય છે. પણ હું આ મોટેથી કહેવાની ધૃષ્ટતા નથી કરતી, કારણકે બુદ્ધિશાળી માણસો તેની કદર કરતા હોતા નથી. મને હંમેશાં આ એક વ્યાયામ, કસરત સમાન લાગ્યું છે, જે વિકાસની દૃષ્ટિએ ખૂબ રસપ્રદ છે, પણ તેનું કોઈ વ્યવહારુ પરિણામ આવતું હોતું નથી. જો તમે મનના વિચારશીલ વળાંકથી માણસોની વાત સાંભળશો, તો તેઓ તમને કહેશે કે "શારીરિક કસરતો એક તદ્દન નકામો વ્યાપાર છે, તેમનું કોઈ વ્યવહારુ પરિણામ આવતું હોતું નથી. કસરતો કરવાથી શો ફાયદો? એ તો માત્ર તમારા સ્નાયુઓને વ્યાયામ આપવા માટે હોય છે. જેમ તમે તમારા શરીરના સ્નાયુઓને વ્યાયામ આપો છો, તેમ અમારે અમારા માનસિક સ્નાયુઓને શા માટે વ્યાયામ ન આપવો જોઈએ?" આ બંને દલીલોનું મૂલ્ય એક સરખું છે.

મારે માટે તેનો ઉકેલ અન્યત્ર છે.

(લાંબા વખત સુધી મૌન)

જ્યારે માણસને ખાતરી થઈ જાય કે એક જીવંત અને વાસ્તવિક સત્ય છે, જે વિષયગત વિશ્વમાં પોતાની જાતને અભિવ્યકત કરવા માગે છે, ત્યારે એક જ વસ્તુ મહત્ત્વની બની જાય છે કે, એ સત્યના સંપર્કમાં આવવું, યથાશકય પરિપૂર્ણ રીતે તેની સાથે તાદાત્મ્ય સાધવું, માત્ર તેને અભિવ્યકત થવાના કરણ રૂપ બની રહેવું, તેને વધારે ને વધારે જીવંત અને સ્પર્શગમ્ય બનાવવું, જેથી તે વધારે ને વધારે પરિપૂર્ણ રીતે પ્રગટ થાય. સર્વ સિદ્ધાંતો, સર્વ પદ્ધતિઓ, તે સત્યને અભિવ્યકત કરવાની તેમની શકિતના પ્રમાણમાં, ઓછાં વત્તાં સારાં છે. માણસ જેમ જેમ આ માર્ગમાં આગળ વધે છે, અજ્ઞાનની મર્યાદાઓથી પર બનતો જાય છે, તેમ તેમ તે સભાન બનતો જાય છે કે, તે સત્યની અભિવ્યકિત માટે આ આવિર્ભાવની સમગ્રતા, સમન્વિતતા જરૂરની છે; કોઈ પણ વસ્તુ બાકાત રાખી શકાય તેમ નથી; કદાચ તેમાં કોઈ વસ્તુ વધારે અગત્યની કે ઓછી અગત્યની નથી. એક જ વસ્તુ જરૂરી છે, અને તે દરેક વસ્તુનું સંવાદીકરણ, જે દરેક વસ્તુને

તેની યોગ્ય જગ્યાએ, બીજી બધી વસ્તુઓ સાથે યોગ્ય સંબંધમાં મૂકી આપે છે, જેથી સમગ્ર એકતા સંવાદમય રીતે પ્રગટ થાય.

જો માણસ તે ભૂમિકામાંથી નીચે આવે, તો મારી દૃષ્ટિએ, તે કશું જ સમજી શકતો નથી; સંકુચિતતામાં અને મર્યાદામાં બધી દલીલોનું મૂલ્ય એકસરખું હોય છે; તેમનું વાસ્તવિક મૂલ્ય ખતમ થઈ જાય છે.

દરેક વસ્તુને યોગ્ય સ્થાને, બીજી વસ્તુઓ સાથેના સંવાદમાં મૂકી આપવાથી જ માણસ સમજવાનો અને જીવવાનો પ્રારંભ કરે છે.

(મૌન)

એમ લાગે છે કે એક જ ગતિ, તે ગમે તેટલી નાનકડી અને બિનમહત્ત્વની દેખાય, પણ જો તે સત્ય સાથે સંવાદિતામાં હોય, તો ખૂબ આશ્ચર્યજનક દલીલો કરતાં તેનું મૂલ્ય વધારે હોય છે.

તમારામાં પ્રકાશના એક જ બિંદુને પ્રકાશવા દો; તે વિશ્વમાં પ્રકાશ ઉપર અને પ્રકાશ શું કરી શકે તેમ છે તેના ઉપર અપાયેલાં ખૂબ સુંદર વ્યાખ્યાનો કરતાં, અંધકારનો નાશ કરવામાં વધારે અસરકારક બનશે.

*

૨૬ જાન્યુઆરી ૧૯૫૮

"અચેતનમાં પણ, કમથી કમ, સાહજિક જરૂરિયાતનો એક એવો આવેગ દેખાય છે જે રૂપોની ઉત્ક્રાન્તિ પેદા કરે છે અને રૂપોમાં વિકસતી ચેતના પ્રગટ કરે છે. એમ માની શકાય કે આ આવેગ એક નિગૂઢ ચૈતન્ય સત્‌નો ઉત્ક્રાન્તિમય સંકલ્પ છે, અને પ્રગતિમય આવિર્ભાવનો આવેગ એ ઉત્ક્રાન્તિમાં સાહજિક ઈરાદાની સાબીતિ છે. પોતાની જાતને અનિવાર્ય રીતે પરિપૂર્ણ કરતું તે સતનું સત્ય ઉત્ક્રાન્તિની પાયાની હકીકત છે. પણ તે સાધનીકરણના એક ભાગ તરીકે, ક્રિયાશીલ સિદ્ધાંતના તત્ત્વ તરીકે, સંકલ્પ અને તેનો હેતુ હોવાં જોઈએ".

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૩૪)

મધુર માતાજી, આ વાકયના છેલ્લા ભાગને હું સમજી ન શકયો.

તમને શું નથી સમજાતું ? શ્રી અરવિંદ કહે છે કે વિશ્વની તાત્ત્વિક વાસ્તવિકતા-રૂપ સત્‌ના સત્યની અનિવાર્ય પરિપૂર્તિ રૂપે ઉત્ક્રાન્તિ પરિણમતી હોય છે. આ સત્યની પરિપૂર્તિ સત્‌ના સત્યની પરિપૂર્તિ એ ઉત્ક્રાન્તિનો પાયાની હકીકત છે, અર્થાત્‌ તે ઉત્ક્રાન્તિનું કારણ અને તત્ત્વ છે. પણ સ્વાભાવિક રીતે જ, જો આ સત્‌નું સત્ય અનિવાર્ય રીતે પરિપૂર્ણ થાય, તો તે સંકલ્પ અને તેના હેતુ દ્વારા જ બની શકે. તે લક્ષ્યને સિદ્ધ કરવા માટે લક્ષ્ય અને સંકલ્પ હોવાં જોઈએ.

પોતાની જાતને પરિપૂર્ણ કરવા માટે આ સત્યમાં પરિપૂર્ણતા લાવવાનો સંકલ્પ અને જેને તે પરિપૂર્ણ કરવા માગે છે તે લક્ષ્ય, હેતુ, યોજના હોવાં જોઈએ. અમુક વસ્તુ સિદ્ધ કરવા માટે, માણસમાં તે કરવાનો સંકલ્પ હોવો જોઈએ ; અને તે કરવા માટેનો સંકલ્પ હોવા માટે, પોતે શું કરવા માગે છે તેનું જ્ઞાન હોવું જોઈએ. પોતે શું કરવા માગે છે તે જો માણસ જાણતો ન હોય, તો તે તેને સિદ્ધ ન કરી શકે. પ્રથમ તો તેણે જાણવું જોઈએ, એક યોજના હોવી જોઈએ, હેતુ અને કાર્યક્રમ હોવા જોઈએ. પોતાને શું કરવું છે તે માણસે જાણવું જોઈએ. પછી તે કરવાનો પોતામાં સંકલ્પ હોવો જોઈએ, પછી જ તે કાર્ય સિદ્ધ કરી શકે.

શ્રી અરવિંદ કહે છે કે વિશ્વ એ વૈશ્વિક સત્‌ના સત્યની ઉત્ક્રાન્તિમય પરિપૂર્તિ છે. વિશ્વનું પ્રાગટય એ વૈશ્વિક સત્‌ના સત્યની પ્રગતિશીલ, ઉત્ક્રાન્તિમય પરિપૂર્તિ છે. પણ આ સત્યની પરિપૂર્તિ થાય તે માટે, આવશ્યક રીતે, તેનામાં એક યોજના હોવી જોઈએ, અર્થાત્‌ પોતે શું કરવા માગે છે તે તેણે જાણવું જોઈએ અને તે સિદ્ધ કરવા માટેનો તેનામાં સંકલ્પ હોવો જોઈએ.

જયારે તમે કાંઈક કરવા માગો છો, ત્યારે તમે તે જાણતા હો છો. નહિ વારુ ? પછી તમે તે કરવાને સંકલ્પ કરો છો ; નહિ તો તમે તે કાર્ય કરી ન શકો. પણ તે એક જ વસ્તુ છે. શ્રી અરવિંદ તે કહેવા માગે છે.

એ તો ચોક્કસ કબૂલ કરવું જ પડશે કે વિશ્વમાં એક યોજના છે, વિશ્વ કોઈ અકસ્માત વડે બનેલું નથી, તે યોજના સિદ્ધ કરવા માટેનો સંકલ્પ છે ; નહિ તો કશું જ બની શકે નહિ. જે લોકો એમ કહે છે કે વિશ્વમાં કોઈ યોજના અને

સંકલ્પ નથી, તેમનો શ્રી અરવિંદ વિરોધ કરે છે. પણ જે ક્ષણે આપણે એમ કબૂલ કરીએ કે વિશ્વની પીઠમાં ચેતના છે, સચેતન અસ્તિત્વ છે, ત્યારે આપણે એ પણ સાથે સાથે કબૂલી લઈએ છીએ કે આ વિશ્વમાં કોઈ યોજના છે અને એ યોજનાને સિદ્ધ કરનાર સંકલ્પ છે. શ્રી અરવિંદ એટલું જ કહેવા માગે છે. તે સરળ છે, નહિ વારુ ?

તમારે માત્ર આને વ્યક્તિના સ્કેઈલમાં નાનું બનાવવાનું રહે છે, જ્યારે કોઈ માણસ સચેતન હોય છે અને સભાનતાપૂર્વક અમુક કાર્ય કરતા હોય છે ત્યારે પોતાને શું કરવું છે અને તે માટેની યોજના તે જાણતો હોય છે. દા.ત. જ્યારે તમે તમારા છાત્રાલયના વાર્ષિક દિન માટે એક કાર્યક્રમ તૈયાર કરતા હો છો, ત્યારે તમારી પાસે એક હેતુ હોય છે, નહિ, વારુ ? તમે વાર્ષિક દિન માટે એક કાર્યક્રમ ઘડવા માગતા હો છો, અને એટલે તમારી પાસે એક યોજના હોય છે. તમે શું કરવું તેની પસંદગી કરતા હો છો, કેવી રીતે કરવું તે નક્કી કરતા હો છો વળી સાથે સાથે તમે તે કરવા માગતા હો છો (તમારામાં તે પ્રકારનો સંકલ્પ હોય છે). નહિ તો તમે તે કરી જ ન શકો. શ્રી અરવિંદ તે જ કહેવા માગે છે. જો વિશ્વ એક સચેતન વસ્તુ હોય, જો એક ચેતના હોય કે જે પોતાની જાતને તેમાં અભિવ્યક્ત કરી રહી છે, તો તે અનિવાર્ય રીતે પોતાની જાતને, એક યોજના અનુસાર અને પોતાની જાતને અભિવ્યકત કરવાના સંકલ્પપૂર્વક, વ્યકત કરતી હોય છે.

તમે સમજી શકયા ? થોડુંક !

તમે એટલું તો જાણો છો ને કે, અમુક કાર્ય કરવા માટે, માણસને પોતે શું કરવા માગે છે તેનું જ્ઞાન હોવું જોઈએ, અને પછી તેનામાં તે કાર્ય કરવાનો સંકલ્પ હોવો જોઈએ ? જો તમારે અહીંથી પેલી જગ્યાએ ચાલીને જવું હોય, તો તમારે નક્કી કરવું જોઈએ કે, મારે અહીંથી ત્યાં જવું છે. અને પછી તમારામાં ચાલીને ત્યાં જવાનો સંકલ્પ હોવો જોઈએ. નહિ તો તમે ગતિ જ નહિ કરો. બરાબર ?

હા.

આહ, તે એ જ વાત છે, તેના જેવી તદ્દન સહેલી વાત છે.

(મૌન)

લોકો એટલી બધી સ્વયંભૂ રીતે અને આપોઆપ જ કાર્ય કરતા હોય છે, તે કાર્ય કરતાં તેઓ પોતાની જાતનું બિલ્કુલ અવલોકન કરતા હોતા નથી, કે જો તેઓ પોતાની જાતને પૂછે કે, આ કેમ બન્યું, તો તે પ્રક્રિયાનું તેમને ભાન થતાં કેટલોક સમય લાગે છે. તમે જીવવાથી એટલા બધા ટેવાઈ ગયા હો છો, કે તે કેવી રીતે બને છે તે તમે જાણતાં પણ નથી હોતા. જીવનનાં સર્વ અભિનયો અને ગતિઓ સાહજિક રીતે, આપોઆપ, અને સભાનતાપૂર્વક થતાં હોય છે, અર્ધ-સચેતન અવસ્થામાં થતાં હોય છે; અને માણસને આ સારી વસ્તુનો પણ ખ્યાલ આવતો નથી કે કાર્ય કરવામાં, પોતાને શું કરવું છે તે માણસે જાણવું જોઈએ અને પછી તેનામાં તે કાર્ય કરવાનો સંકલ્પ હોવા જોઈએ. જ્યારે પોતાના મનમાં તે કાર્યની યોજના ઘડવામાં અને તેને કાર્યાન્વિત બનાવવાની પોતાની શકિતમાં કાંઈક ગરબડ ઉભી થાય છે, ત્યારે તે માણસને ચિંતા થવા લાગે છે કે, હું વ્યવસ્થિત તો છું ને! દા. ત. સવારમાં ઉઠીને જો તમને એ યાદ ન રહે કે, મારે મોં ધોવાનું છે, પોષાક પહેરવાનો છે, નાસ્તો ખાવાનો છે, આ કે તે કામ કરવાનું છે, તો તમે તમારી જાતને કહેશો કે, કંઈક ગરબડ છે; મારે શું કરવું તેની મને ખબર પડતી નથી; કંઈક વસ્તુ અવ્યવસ્થિત બની ગઈ છે.

પછી વળી, તમે શું કરવું તે જાણતા હો કે તમારે ઊઠવાનું છે, સ્નાન કરવાનું છે, પોષાક પહેરવાનો છે; પણ તમે તે કહી શકતા હોતા નથી, કારણ કે તમારામાં તે કરવાનો સંકલ્પ હોતો નથી, સંકલ્પનો આવેગ હોતો નથી. તે તમારા શરીર પર કાર્ય કરતો હોતો નથી. ત્યારે વળી પાછા તમે ચિંતિત બની જઈને તમારી જાતને પૂછો છો કે, કોઈ અકસ્માતને કારણે હું શું માંદો પડી ગયો છું?

બાકી તો, આખું જીવન આ પ્રકારે ચાલતું હોય છે તેનું તમને ભાન નથી હોતું. તે એમ જ હોય, તે તમને સ્વાભાવિક લાગે છે. તેનો અર્થ એ થયો કે, તમે અર્ધસચેતન રીતે કાર્ય કરતા હો છો. તે આપોઆપ બનતું હોય છે, તે એક સ્વયંભૂ ટેવ બની ગઈ છે. તમે શું કરો છો તેનું તમે બારીકાઈપૂર્વક અવલોકન કરતા હોતા નથી, એટલે જો તમારે તમારી ગતિઓ ઉપર થોડો ઘણો કાબૂ લાવવો હોય તો પ્રથમ તો શું બની રહ્યું છે તે તમારે જાણવું જોઈએ.

હકીકતમાં, આ જ કારણને લીધે વસ્તુઓ ઠીકઠાક ચાલતી હોતી નથી. જો તે સામાન્ય, દૈનિક છંદોમયતા અનુસાર ચાલે, તો પોતે શું કહી રહ્યો છે તેનું

ભાન માણસને કદી ન થાય. તે ટેવ વડે, આપોઆપ, સ્વયંભૂ રીતે, વિચાર કર્યા વિના, કાર્ય કરે. પોતે શું કરી રહ્યો છે તેનું તે અવલોકન ન કરે, અને તેથી તે કદી આત્મપ્રભુત્વ પ્રાપ્ત ન કરી શકે. તે પીઠમાં રહીને પોતાની જાતને વ્યક્ત કરતી ચેતના જેવું કાંઈક બની રહે, તમે શું કહી રહ્યા છો તેનું તમે અવલોકન ન કરો, અને તે તમને કાર્યમાં ધકકેલે. પછી જો કોઈ વિચિત્ર અથવા અજ્ઞાન શકિતનો પ્રવાહ આવે, તો તે તમારી પાસે ગમે તેવું કામ કરાવે, જે પ્રક્રિયા તમારી પાસે કામ કરાવી રહી છે તેનું તમે અવલોકન કર્યું જ ન હોય. હકીકતમાં, આમ જ બનતું હોય છે.

જ્યારે માણસ પ્રક્રિયાથી તદ્દન સભાન હોય છે, જીવન, જીવનની ગતિ, અને જીવનની પ્રક્રિયા કેવી રીતે કાર્ય કરી રહ્યાં છે તે જાણતો હોય છે; ત્યારે જ કાબૂ આવવાનો પ્રારંભ થાય છે. નહિ તો, પ્રથમ તો તેને કાબૂ રાખવાનો વિચાર જ આવતો હોતો નથી. પણ જો અણગમતી વસ્તુઓ બને, જો કોઈ ખરાબ પરિણામો લાવી આપે તેવી ઘટનાઓ બને, તો તમે તમારી જાતને કહો છો કે, ઓહ, મારે આમ કરતાં અટકી જવું જોઈએ. તે ક્ષણે તમને ભાન થાય છે કે, જીવનની પણ એક ખાસ ટેકનીક (કળા) હોય છે, જેની તમારા જીવન પર કાબૂ રાખવા માટે તમારે જરૂર પડે છે! બાકી તો માણસ કાર્યોના અને પ્રતિ-કાર્યોના, ગતિઓના અને આવેગોના, વત્તાઓછા પ્રમાણમાં, સંગકિત સંમિશ્રણ જેવો, શંભુમેળા જેવો હોય છે. વસ્તુઓ કેવી રીતે બને છે તે તે જાણતો જ હોતો નથી. આ તો વિકાસ સાધનો વડે, ધર્ષણો વડે, જીવનની દેખીતી અવ્યવસ્થાઓ વડે, અને ખૂબ નાનાં બાળકોમાં જે વસ્તુ ચેતનાનું નિર્માણ કરે છે તેના વડે, થતો હોય છે. નાનું બાળક તદ્દન અચેતન હોય છે, ખૂબ ધીમે ધીમે તે વસ્તુઓથી સભાન બનવાની શરૂઆત કરતું હોય છે. પણ જો ખાસ દરકાર લેવામાં ન આવે, તો માણસો પોતાનું સમગ્ર જીવન, પોતે કેવી રીતે જીવી રહ્યા છે તે જાણ્યા સિવાય જ, વીતાવતા હોય છે. તેનાથી તેઓ સભાન હોતા નથી.

એટલે ગમે તે વસ્તુ બની શકે.

પણ ભૌતિક જગતમાં પોતાની જાતથી સભાન બનવા પ્રત્યેનું આ પ્રથમ, ખૂબ નાનકડું પગલું છે.

તમારામાં અસ્પષ્ટ વિચારો અને લાગણીઓ હોય છે, જે વત્તાઓછા પ્રમાણમાં તર્કયુક્ત રીતે, વધારે તો તર્ક વગર જ વિકસતાં હોય છે. પછી તમને તેનું

અસ્પષ્ટ ભાન થાય છે. વળી પાછા જ્યારે તમે દઝાઓ છો, ત્યારે તમને ખ્યાલ આવે છે કે કંઈક ગરબડ ઉભી થઈ; જ્યારે તમે પડી જાઓ છો અને તમને ઈજા થાય છે, ત્યારે તમને ખ્યાલ આવે છે કે કંઈક ગરબડ ઉભી થઈ. તે તમને વિચારતા કરી મૂકે છે કે તમારે દઝાઓ નહિ અથવા પડી ન જાઓ તે બાબત ધ્યાન રાખવું જોઈએ. બાહ્ય અનુભવથી, બાહ્ય સંપર્કોથી ધીમે ધીમે તમારામાં તે ભાન ઉગે છે. બાકી તો, માણસ અર્ધચેતન જન્થો છે, જે ગતિ કરે છે, શા માટે અને કેવી રીતે તે જાણ્યા સિવાય જ.

અચેતનતાની પ્રાથમિક સ્થિતિમાંથી બહાર આવવાની આ ખૂબ નાનકડી શરૂઆત છે.

*

૫ ફેબ્રુઆરી ૧૯૫૮

"હેતુપુરઃસર બનાવેલી સૃષ્ટિ સામેનો તત્ત્વચિંતનીય વાંધો વધારે ગંભીર છે, કારણ કે એ વાત સ્વયં સ્પષ્ટ છે કે પરમાત્માને પોતાના આવિર્ભાવ માટે, આવિર્ભાવના આનંદ સિવાય બીજો કોઈ હેતુ ન હોઈ શકે. આવિર્ભાવના ભાગ રૂપે, પદાર્થતત્ત્વમાં ઉત્ક્રાંતિમય ગતિ આ વૈશ્વિક કથનમાં જ આવી જવી જોઈએ. તે માત્ર પ્રગટીકરણના, પ્રગતિશીલ કાર્યના, નિર્હેતુક ક્રમિક આત્મપ્રગટીકરણના આનંદ માટે જ હોઈ શકે, વૈશ્વિક સમગ્રતાને પણ પોતામાં કોઈક પરિપૂર્ણ વસ્તુ માની શકાય. સમગ્રતારૂપે તેને અસ્તિત્વની પરિપૂર્ણતામાં કોઈ વધારો ઘટાડો કરવાનો હોતો નથી. તેથી તે માત્ર અવિકસિત અભૌતિક તત્ત્વોની હાજરીનો જ અથવા પદાર્થતત્ત્વમાં સમાવિષ્ટ સમગ્રની શક્તિઓની જ હાજરીનો જ સ્વીકાર કરી શકે એટલું જ નહિ, પણ અહીં ભૌતિક મર્યાદાની કડકાઈમાંથી ઉચ્ચતર શક્તિઓને, પદ્ધતિની ઉચ્ચતર કક્ષાઓમાંથી મુકત કરવા માટે, તે શક્તિઓના અવતરણનો પણ સ્વીકાર કરી શકે, અસ્તિત્વની મહત્તર શક્તિઓનો આવિર્ભાવ જે જ્યાં સુધી તે સમગ્ર સત્, ભૌતિક જગતમાં ઉચ્ચતર આધ્યાત્મિક સૃષ્ટિ રૂપે, પોતાની જાતને પ્રગટ કરી શકે ત્યાં સુધી ઉત્ક્રાંતિનો હેતુ માની શકાય. આ હેતુ એવા કોઈ અંશને નથી લઈ આવતું કે જે સમગ્રમાં ન હોય. તે માત્ર અંશમાં સમગ્રના સાક્ષાત્કારનો

પ્રસ્તાવ રજૂ કરે છે. જો તે હેતુ માત્ર માનવીય અર્થવાળો ન હોય, પણ અંદર રહેલા આત્માના સંકલ્પમાં રહેલી ભૌતિક સચેતન ઋત-જરૂરિયાતનો આવેગ હોય, સમગ્ર ગતિમાં સાહજિક રીતે રહેલી સર્વ શકયતાઓનું પરિપૂર્ણ પ્રગટીકરણ હોય, તો તે હેતુને સ્વીકારવામાં કોઈ વાંધો ન હોઈ શકે. એ વાત નિઃશંક છે કે, અહીં બધું જ અસ્તિત્વના આનંદ માટે વિદ્યમાન છે, બધું જ લીલા-રૂપ છે. પણ લીલામાં યે કોઈ હેતુ સિદ્ધ કરવાનો રહેલો હોય છે; તે હેતુ સિદ્ધ થયા સિવાય તે લીલાની અર્થવત્તા પરિપૂર્ણ ન બને. ઉપસંહાર વગરનું નાટક એક કલામય શકયતા હોઈ શકે જેમાં પાત્રોનું અવલોકન કરવાનો જ આનંદ હેતુરૂપ હોય, અને જેમાં કોઈ ઉકેલ આપ્યા સિવાય સમસ્યાઓ ઉપસ્થિત કરવામાં આવી હોય અથવા જેમાં ઉકેલની શંકાસ્પદ સમતુલાને હંમેશને માટે અદ્ધર રાખવામાં આવી હોય. પાર્થિવ ઉત્ક્રાન્તિના નાટકને તે પ્રકારનું નાટક માની શકાય; પણ જેનો ઈરાદો રાખવામાં આવ્યો હોય અથવા જે સાહજિક રીતે પૂર્વનિશ્ચિત હોય તેવા ઉપસંહારની વધારે ખાતરી રાખી શકાય. આનંદ સર્વ સત્‌નું નિગૂઢ તત્ત્વ છે, સત્‌ની બધી ક્રિયાઓનો આધાર છે. પણ તે આનંદમાં સત્‌માં રહેલા સત્યનું કાર્ય, સત્‌માં રહેલી શકિતનું તથા સંકલ્પનું કાર્ય, જે નિગૂઢ ચિત્શકિતની સભાનતા વડે ટકી રહ્યું છે, જે ચિત્શકિત તેની સર્વ ક્રિયાઓનો કાર્યરત એજન્ટ છે, તેમની અર્થવત્તાનો જ્ઞાતા છે તેને બાકાત ન રાખી શકાય."

જો આ સમસ્યાને સામાન્ય વિચારવાળા માણસને સમજાવવી હોય, તો એમ માનવું જોઈએ કે બધું જ શાશ્વત કાળથી અસ્તિત્વ ધરાવે છે અને તેથી બધું જ એકી. સાથે અસ્તિત્વ ધરાવે છે. પણ આ સમગ્ર, એકી વખતે શાશ્વત કાળથી વિદ્યમાન અસ્તિત્વ એ ચેતનાનો એક ધર્મગુણ છે, જે ચેતના પોતાના પ્રદેશોનાં પર્યટન કરવામાં આનંદ માણતી હોય છે, જે શાશ્વત કાળમાં રહેલી વસ્તુઓ એક પછી બીજા એવી શોધમાં નીકળતી હોય છે, પણ જે પ્રદેશોની મુલાકાત પરમાત્માએ કદી લીધી હોતી નથી. તે ક્ષણની પસંદગી અનુસાર કરાયેલા, ખૂબ અચિંતિત, અદૃષ્ટપૂર્વ તદ્દન મુક્ત માર્ગનું પરમાત્મા અનુસરણ કરતા હોય છે, જેથી તે શાશ્વત પ્રદેશની મુલાકાત ભગવાન, અચિંત્ય રીતે, આગાહી ન કરી શકાય તે રીતે, લઈ શકે અને સર્વ શકયતાઓનું તથા સંબંધોનું દ્વાર ખોલી શકે.

વળી તે શોધ આત્મશોધ છે. કારણકે આ પ્રદેશ તે પોતે જ છે. તે શોધ તાત્કાલિક નિર્ણયો, મન વડે વિચારી શકાય તેવી કોઈ યોજના સિવાય જ, સંપૂર્ણ

સ્વતંત્રતાના આનંદ સહિત, દરેક ક્ષણની અચિંત્યતા પૂર્વક થતી હોય છે. તે પોતાના અસ્તિત્વમાં જ એક સનાતન શાશ્વત મુસાફરી હોય છે.

દરેક વસ્તુ પરિપૂર્ણ રીતે પૂર્વનિશ્ચિત છે, કારણકે દરેક વસ્તુ શાશ્વત કાળથી વિદ્યમાન હોય છે; પણ જે માર્ગે તે મુસાફરી કરે છે તેમાં સ્વતંત્રતા અને અચિંત્યતા હોય છે, કે જે બે વસ્તુઓ પણ પરિપૂર્ણ હોય છે.

આ રીતે એકી જ સમયે જગતો અસ્તિત્વમાં હોઈ શકે, જેમાં દેખીતી રીતે કોઈ પારસ્પરિક સંબંધ નથી હોતો અને છતાં જે એકી- સાથે વિદ્યમાન હોય છે, પણ તેમની શોધ ધીમેધીમે થતી હોય છે, અને તેથી તે એક નવીન સૃષ્ટિ હોય એવો ખ્યાલ પેદા થાય છે. વસ્તુઓને આ રીતે જોવાથી, આપણને સહેલાઈ-પૂર્વક સમજાશે કે, આપણે જાણીએ છીએ તેવા, અપૂર્ણતાઓવાળા, મર્યાદાઓવાળા, અજ્ઞાનપૂર્ણ, ભૌતિક જગતની સાથે સાથે બીજાં પણ કેટલાંક જગતો છે, જેમનો સ્વભાવ આપણા જગતના સ્વભાવ કરતાં ભિન્ન પ્રકારનો છે, જે પોતાના પ્રદેશોમાં વિદ્યમાન હોય છે. પણ ભિન્ન સ્વભાવને અને પ્રદેશોને કારણે, આપણે માટે તે અસ્તિત્વ ન ધરાવતાં હોય તેવાં છે, કારણકે આપણને તેમની સાથે કોઈ સંબંધ હોતો નથી. પણ જે ક્ષણે આ મહાન સનાતન યાત્રા આ જગતમાંથી તે જગતમાં જાય છે, આગળ વધે છે, ત્યારે સનાતન ચેતનારૂપ કડી અનિવાર્ય રીતે સર્જાશે, અને ધીમે ધીમે તે બે જગતો એકબીજા સાથે સંબંધમાં આવશે.

સાચી રીતે કહીએ તો, આ વસ્તુ બની રહી છે. આપણે ખાતરીપૂર્વક કહી શકીએ કે અતિમાનસ જગત કયારનુંયે અસ્તિત્વમાં છે જ, પરમ ચેતનાની મુસા-ફરીમાં તે લક્ષ્ય બને તે માટેનો સમય આવી પહોંચ્યો છે. પછી ધીમે ધીમે આ જગત વચ્ચે અને અતિમાનસ જગત વચ્ચે એક સચેતન કડીનું નિર્માણ થશે, અને આ મુસાફરીની નવીન દર્શનાના પરિણામે તે બે જગતો વચ્ચે એક નવીન સંબંધ સ્થપાશે.

આ સમજૂતિ બીજી કોઈ પણ સમજૂતિ જેટલી જ સરસ છે, અને તે કદાચ જે લોકો તત્ત્વચિંતકો નથી તેમના વડે સહેલાઈથી સમજી શકાય તેવી છે, કમથી કમ, મને તો આ સમજૂતિ ગમે છે!

માતાજી, તમે કહ્યું કે દરેક વસ્તુ પૂર્વનિશ્ચિત છે. તો પછી અંગત પ્રયાસ કયાંથી આવે છે?

મેં તમને એક ક્ષણ પહેલાં જ કહ્યું હતું કે મહાન યાત્રી દરેક ક્ષણે પોતાના માર્ગની પસંદગી કરતો હોય છે; તે પસંદગીની પૂરી સ્વતંત્રતા છે; તે વૈશ્વિક પ્રગટીકરણ માટે આગાહી ન કરી શકાય તેવો આભાસ, પરિવર્તનની શક્યતા ઉત્પન્ન કરે છે, કારણકે જો ભગવાનને માર્ગ બદલવો હોય, તો તેમ કરવા માટે તે સંપૂર્ણપણે સ્વતંત્ર છે. પણ દરેક વસ્તુ વિદ્યમાન છે જ; તેથી તે સંપૂર્ણપણે પૂર્વનિશ્ચિત છે. તે હંમેશાં હોય છે જ, પણ તેની શોધ ખૂબ અપૂર્વ ચિંતિત રીતે થતી હોય છે, આ શોધમાં જ સ્વતંત્રતા રહેલી છે.

તમે ફરવા નીકળ્યા હો છો, અને તમને ઓચિંતુ એક માર્ગને બદલે બીજો માર્ગ લેવાનું મન થાય છે. એટલે તમે જે માર્ગ લો છો, તે તદ્દન નવીન છે. પણ તમે જ્યાં જતા હો છો તે જગ્યાએ વસ્તુઓ પહેલેથી હતી જ, પૂર્વનિશ્ચિત હતી; પણ તમારી શોધ પૂર્વનિશ્ચિત ન હતી.

બેશક, પરમ ચેતના સાથે તાદાત્મ્ય પામેલી ચેતનાને જ અસંપૂર્ણ સ્વતંત્રતાની લાગણી હોઈ શકે. જ્યાં સુધી તમે પરમ ચેતના સાથે એકરૂપ બની ગયા હોતા નથી, ત્યાં સુધી તમને એમ લાગતું હોય છે કે હું ઉચ્ચતર સંકલ્પના નિયમને પરાધીન છું. પણ જે ક્ષણે તમે એ સંકલ્પ સાથે તાદાત્મ્ય કરો છો, તે જ ક્ષણે તમે સંપૂર્ણપણે સ્વતંત્ર બની જાઓ છો.

શ્રી અરવિંદે જે હંમેશાં કહ્યું છે તે જ આનો અર્થ નીકળે છે કે પરમાત્મા સાથેની એકતા દ્વારા જ સાચી સ્વતંત્રતા સિદ્ધ થાય છે.

*

૧૨ ફેબ્રુઆરી ૧૯૫૮

માતાજી, દરેક નવા જીવનમાં નવું મન, નવો પ્રાણ, અને નવું શરીર મળતાં હોય છે. તેમને માટે પૂર્વ જન્મનો અનુભવો કેવી રીતે ઉપયોગી બને? આપણે તે શું અનુભવોમાંથી ફરી પસાર થવું પડતું હોય છે?

તે વાત માણસો પર આધાર રાખે છે.

મન અને પ્રાણ એક જીવનમાંથી બીજા જીવન દ્વારા વિકાસ કે પ્રગતિ કરતાં હોતાં નથી, સિવાય કે અપવાદરૂપ પ્રસંગોમાં અને ઉત્ક્રાન્તિની ખૂબ આગળ વધેલી અવસ્થામાં ચૈતસિક અસ્તિત્વ જ પ્રગતિ કરતું હોય છે. એટલે આમ બનતું હોય છે. ચૈત્યને ક્રિયાના અને આરામના ગાળા વારાફરતી આવતા હોય છે. તેને ભૌતિક શરીરમાં ક્રિયાશીલ જીવનના, પ્રાણના અને મનના અનુભવમાંથી પરિણમતી પ્રગતિ પ્રાપ્ત થતી હોય છે. પછી તે ચૈત્ય તે પ્રગતિને આત્મસાત્ કરવા માટે આરામમાં જતું હોય છે. જ્યારે તે આત્મસાત્ કરવાનું કામ પતી જાય છે, પૃથ્વી પરના સક્રિય જીવનમાં તેણે સાધેલી પ્રગતિને તે આત્મસાત્ કરી લે છે, ત્યારે તે નવીન દેહને ધારણ કરે છે, તે પોતાની સાથે પ્રગતિનાં બધાં પરિણામો લઈ આવતું હોય છે. જો તે ખૂબ વિકસિત સ્થિતિને પ્રાપ્ત થયું હોય, તો તે પોતાને માટેના વાતાવરણની, શરીરની, પોતે જેમાં જીવન જીવતું હોય છે, જેમાં તે પોતાના એક યા તો બીજા મુદ્દાના અનુભવને પરિપૂર્ણ બનાવી શકે. ખૂબ આગળ વધેલા પ્રસંગોમાં, શરીર છોડતાં પહેલાં ચૈત્ય નિર્ણય કરી લેતું હોય છે કે, હવેના જન્મમાં મારે કયા પ્રકારનું જીવન લેવું.

જ્યારે તે ચૈત્યનું પરિપૂર્ણ નિર્માણ થઈ ગયું છે, તે ખૂબ સચેતન સત્ બની ગયું હોય છે, ત્યારે તે નવીન શરીરના નિર્માણ પર અધિષ્ઠાતા બનતું હોય છે, મોટે ભાગે અંદરની અસરો વડે તે તે શરીરનું નિર્માણ કરનાર તત્ત્વોની અને પદાર્થતત્ત્વની પસંદગી કરતું હોય છે, જેથી તે શરીર તેની નવીન અનુભૂતિઓને અનુરૂપ બની શકે. પણ તે ખૂબ આગળ વધેલી સ્થિતિમાં બનતું હોય છે. પછી જ્યારે તે સેવા માટે, સામૂહિક મદદ કરવા માટે, દિવ્ય કાર્યમાં ભાગ લેવા માટે પૃથ્વી પર પાછું આવતું હોય છે, ત્યારે તે પૂર્વજન્મોમાંથી અમુક પ્રાણિક અને માનસિક તત્ત્વોને તે શરીરમાં લઈ આવતું હોય છે. તે તત્ત્વો પૂર્વજન્મોમાં ચૈતસિક શક્તિઓ વડે સંગઠિત બનેલાં હોય છે.તે શક્તિઓ તે તત્ત્વોના ગર્ભમાં રહેતી હોય છે. તે શક્તિઓને તે સાચવી રાખતું હોય છે, અને પરિણામે તે સર્વ-સાધારણ પ્રગતિમાં ભાગીદાર બની શકતું હોય છે. પણ આ તો ખૂબ ખૂબ આગળ વધેલી સ્થિતિમાં બનતું હોય છે.

જ્યારે ચૈત્ય ખૂબ વિકસિત અને સચેતન બન્યું હોય છે, જ્યારે તે દિવ્ય સંકલ્પનું સચેતન કરણ બને છે, ત્યારે તે પ્રાણને તથા મનને એવી રીતે સંગઠિત કરે છે, કે તે પણ સર્વ સાધારણ સંવાદિતામાં ભાગીદાર બની શકે અને તેમને પણ સાચવી રાખી શકાય.

KALPANA NO. NAVSARI

જો વિકાસ ખૂબ સિદ્ધ થયો હોય, તો માનસિક અને પ્રાણિક અસ્તિત્વના કેટલાક ભાગો, શરીરનું વિઘટન થતું હોવા છતાં, સાચવી રાખી શકાય છે. જો માનવીય ક્રિયાના માનસિક અને પ્રાણિક અમુક ભાગો ખાસ વિકસિત થયા હોય, તો આ માનસિક અને પ્રાણિક ભાગોને તેમના તે જ સ્વરૂપમાં પણ સાચવી રાખી શકાય, પરિપૂર્ણ રીતે સંગઠિત થયેલી ક્રિયાના રૂપમાં પણ દા. ત. જે લોકોએ પોતાના મસ્તિષ્કનો ખાસ વિકાસ સાધેલો હોય છે તેવા ખૂબ બુદ્ધિશાળી લોકોમાં તેમનાં અસ્તિત્વનો માનસિક ભાગ પોતાના બંધારણને સાચવી રાખે છે. સંગઠિત મસ્તિષ્કના રૂપમાં, જે મસ્તિષ્કને પોતાનું આગવું જીવન હોય છે, જેને ભાવિ જન્મ માટે, કોઈ પરિવર્તન કર્યા સિવાય, સાચવી રાખેલું હોય છે, જેથી તે સર્વ લાભો સાથે તે મસ્તિષ્ક તે જીવનમાં ભાગ લઈ શકે.

જે કલાકારોએ અને સંગીતકારોએ પોતાના હાથનો ઉપયોગ ખાસ સચેતન રીતે કરેલો હોય છે, તેમનું માનસિક અને પ્રાણિક પદાર્થતત્ત્વ તેમના હાથોમાં સચવાઈ રહે છે; એ હાથો સંપૂર્ણ રીતે સચેતન રહે છે, જો સંબંધમાં કોઈ ખાસ સામ્ય હોય તો તેમના તે હાથો બીજા લોકોના શરીરનો પણ ઉપયોગ કરે છે.

બાકી સામાન્ય લોકો, જેમનામાં ચૈત્યરૂપ સંપૂર્ણપણે વિકસ્યું હોતું નથી, સંગઠિત થયું હોતું નથી, તેઓ જ્યારે દેહનો ત્યાગ કરે છે, ત્યારે જો તેમનું મરણ શાન્તિપૂર્વક અને એકાગ્રતાપૂર્વક થયું હોયતો તેમનાં માનસિક અને પ્રાણિક રૂપો અમુક સમય સુધી ચાલુ રહે. પણ જો માણસ ઓચિંતો અને આવેગમય સ્થિતિમાં, ઘણી આસક્તિઓ સાથે, મરી ગયો હોય, તો તેના અસ્તિત્વના જુદા જુદા ભાગો વેરવિખેર થઈ જાય છે, પોતાના પ્રદેશમાં લાંબી કે ટૂંકી મુદત સુધી રહે છે, અને પછી અદૃશ્ય થઈ જાય છે.

શરીરમાં રહેલા ચૈત્યની હાજરી જ હંમેશાં સંગઠનનું અને રૂપાંતરનું કેન્દ્ર છે. તેથી એમ માનવું કે બે ભૌતિક જન્મોના વચગાળાના સમયમાં પ્રગતિ ચાલુ રહે છે અથવા વધારે ઝડપથી અને પરિપૂર્ણ રીતે થાય છે એ એક મોટી ભૂલ છે. હકીકતમાં, પ્રગતિ બિલકુલ થતી હોતી નથી. કારણકે ચૈત્ય આરામની સ્થિતિમાં પ્રવેશતું હોય છે, અને બીજા ભાગો પોતે પોતાના પ્રદેશોમાં લાંબુ કે ટૂંકું અસ્થિર જીવન ગાળીને, વિઘટિત થઈ જતા હોય છે.

પાર્થિવ જીવન પ્રગતિ માટેનું સ્થાન છે. આ પૃથ્વી પર, પાર્થિવ અસ્તિત્વ દરમિયાન જ, પ્રગતિ શક્ય છે. ચૈત્ય પોતાની ઉત્ક્રાન્તિને અને વિકાસને સંગઠિત કરવા વડે, પ્રગતિને એક જન્મ માંથી બીજા જન્મમાં લઈ જાય છે.

૩જી ફેબ્રુઆરીએ માતાજીને અનુભૂતિ થઈ હતી તેના પરની નોંધ તે વાંચે છે. માણસો અને પશુઓ વચ્ચે જે ભિન્નતા છે, લગભગ તેવી જ ભિન્નતા અતિમાનસ જગત અને માણસો વચ્ચે છે, થોડાક સમય પહેલાં, મને પશુ જીવન સાથે તાદાત્મ્યની અનુભૂતિ થઈ હતી. એ હકીકત છે કે પશુઓ આપણને સમજતાં હોતાં નથી. તેમની ચેતનાનું સંઘટન એવી રીતે થયેલું હોય છે કે પશુઓ આપણને સમજી શકતાં હોતાં નથી, અને છતાં મને એવાં પાલ્ય પશુઓની-કૂતરાં, બિલાડાંની ખબર છે, જે આપણને પહોંચવા માટે લગભગ યૌગિક પ્રયાસ કરતાં હતાં. પણ મોટે ભાગે, જ્યારે તેઓ આપણે જેમ જીવોએ છીએ, કાર્ય કરીએ છીએ તેને જુવે છે, ત્યારે તેઓ તેને સમજતાં હોતાં નથી, આપણે જેવા છીએ તે રીતે આપણને જોતાં હોતાં નથી, અને તેથી તેઓ આપણે કારણે દુ:ખી બનતાં હોય છે. આપણે તેમને માટે એક સમસ્યારૂપ બની જઈએ છીએ. તેમની ચેતનાના ખૂબ નાનકડા ભાગને આપણી સાથે કડી હોય છે. જ્યારે આપણ અતિમાનસ જગત પ્રત્યે જોઈએ છીએ ત્યારે આપણી પણ ચેતના જેવી જ સ્થિતિ હોય છે. જ્યારે આપણી અને અતિમાનસ જગત વચ્ચે કડી સ્થપાશે, ત્યારે જ આપણે તેને જોઈ શકીશું; ત્યારે પણ આપણા અસ્તિત્વનો જે ભાગ રૂપાંતર પામ્યો હશે, તે જ તે જગતને જોઈ શકશે; નહિ તો તે બંને જગતો પશુઓનાં અને માનવોનાં જગતોની પેઠે, એક બીજાથી દૂર રહેશે.

૩જી ફેબ્રુઆરીએ મને જે અનુભૂતિ થઈ હતી તે આની સાબિતી છે. તે પહેલાં મને અતિમાનસ જગત સાથે વ્યક્તિગત, વિષયિગત સંપર્ક હતો. પણ ૩જી ફેબ્રુઆરીએ હું તે જગતમાં એટલી સઘનતાપૂર્વક ગઈ, કે જેટલી સઘનતાપૂર્વક હું પેરિસમાં હરતીફરતી હતી, તે જગત કેવળ પોતામાં જ અસ્તિત્વ ધરાવે છે, સર્વ વિષયિગતતાની બહાર.

તે બે જગતો વચ્ચે પુલ બાંધવા સમાન છે. મેં તે અનુભૂતિને તરત જ પાછળથી ટપકાવી લીધી હતી. તે અનુભૂતિ આવી હતી.

(મૌન)

અતિમાનસ જગત નિત્ય-રૂપે અસ્તિત્વમાં છે; હું તેમાં, અતિમાનસ શરીરમાં નિત્યરૂપે હતી. આજે પણ મારી પાસે તેની સાબિતી છે. મારી પાર્થિવ ચેતના, બપોરે બેથી ત્રણ વાગ્યાની વચ્ચે, સચેતનતાપૂર્વક ત્યાં ગઈ હતી અને રહી હતી. હવે હું જાણું છું કે ભૌતિક જગત અત્યારે જેવું છે અને અતિ-

માનસ જગત જેવું છે તે બેની વચ્ચે એક એવા વચગાળાના પ્રદેશ . જે આ બે જગતોનું એક સતત અને સભાન સંબંધમાં મિલન થાય તેને અશકય બનાવી દે છે. આ પ્રદેશનું હજી નિર્માણ કરવાનું છે. વ્યકિતની ચેતનામાં અને વિષયગત જગતમાં તેનું નિર્માણ થઈ રહ્યું છે. હું તે વચગાળાના પ્રદેશની વાત કરી રહી હતી. તે જ રીતે, જયારે હું આ બાજૂએ આ ભૌતિક ચેતનાના ક્ષેત્રમાં છું, અને અતિમાનસ જગત પ્રત્યે જોઉં છું, ત્યારે મને દેખાય છે કે અતિ-માનસ શકિત, અતિમાનસ પ્રકાશ અને પદાર્થતત્ત્વ સતત અહીંના પદાર્થ-તત્ત્વને ભેદીને અંદર પ્રવેશ કરી રહ્યાં છે. તે આ વચગાળાના પ્રદેશનું નિર્માણ છે, જેમાં હું ભાગ લઈ રહી છું.

હું એક મોટી હોડીમાં હતી, જે આ સ્થાનનું પ્રતીક હતું, જયાં આ કાર્ય ચાલી રહ્યું છે. તે હોડી એક નગર જેટલી વિશાળ છે. તેનું સંપૂર્ણપણે સંગઠન થયેલું છે. તે ચોક્કસ થોડા સમયથી કાર્ય કરી રહી હતી, કારણકે તેનું સંગઠન પરિપૂર્ણ હતું. તે એક એવું સ્થાન છે કે જયાં અતિમાનસ જીવન માટે નિર્મિત થયેલા લોકોને તાલીમ મળી રહી છે. આ લોકોનું અથવા તેમના અસ્તિત્વના અમુક ભાગનું અતિમાનસ રૂપાંતર થઈ ચૂકયું હતું, કારણકે તે નૌકા પોતે અને તેના પરનું બધું જ ભૌતિક, સૂક્ષ્મ ભૌતિક, પ્રાણિક કે માનસ ન હતું; તે અતિમાનસ પદાર્થતત્ત્વ હતું. આ પદાર્થતત્ત્વ ખૂબ ભૌતિક અતિમાનસિક, અતિમાનસ હતું, જે ભૌતિક જગતની તદ્દન નજીક, સૌથી વધારે નજીક હતું; ત્યાં તે પ્રથમ પ્રગટ થવાનું હતું, પ્રકાશ સુવર્ણ રંગનું અને લાલ રંગનું મિશ્રણ હતું, જે તેજોમય નારંગી રંગના એક સરખા પદાર્થતત્ત્વને ઉત્પન્ન કરી રહ્યું હતું. દરેક વસ્તુ તે પ્રકારની હતી, પ્રકાશ, ત્યાંના લોકો, બધાનો રંગ તે પ્રકારનો હતો. પણ તે રંગમાં અનેક છાયાઓ હતી, જેથી બધી વસ્તુઓના ભેદ પારખી શકાય. તેનો સામાન્ય સંસ્કાર મારા મન પર એવો પડયો કે તે છાયાઓ હતી, પણ પડછાયા નહિ. વાયુમંડલ આનંદપૂર્ણ, શાન્ત, વ્યવસ્થિત હતું. દરેક વસ્તુ અને વ્યકિત નિયમિત રીતે, મૌનપૂર્વક કાર્ય કર્યે જતાં હતાં. સાથે સાથે, ત્યાં એક પ્રકારની કેળવણી, બધાં ક્ષેત્રોમાં તાલીમ નજરે પડતી હતી, જેના વડે તે નૌકા પરના લોકોને તૈયાર કરવામાં આવતા હતા.

આ મોટું વહાણ અતિમાનસ જગતને કિનારે પહોંચ્યું. આ અતિમાનસ જગતના જે ભાવિ નિવાસીઓ બનવા નિયત થયા હતા. તે લોકોના સમૂહને

ત્યાં ઉતરવાનું હતું. આ પ્રથમ ઉતરાણ માટે બધી વ્યવસ્થા કરવામાં આવી હતી. બંદરને કિનારે, જ્યાં વહાણો નાંગરે છે ત્યાં, કેટલાંક ખૂબ ઊંચાં સત્ત્વોને રાખવામાં આવ્યાં હતાં. તે મનુષ્યો ન હતા, તેઓ કદી પહેલાં મનુષ્યો બન્યા ન હતા. તેઓ અતિમાનસ જગતના સ્થાયી નિવાસીઓ પણ ન હતા. તેમને ઊર્ધ્વમાંથી મોકલવામાં આવ્યા હતા; તેમને ઉતરાણનું નિયમન કરવા માટે, તેની દેખભાળ કરવા માટે ત્યાં મૂકવામાં આવ્યા હતા. શરૂઆતથી જ, બધો સમય, મને તે કામનો ચાર્જ (દેખભાળ) સોંપવામાં આવ્યો હતો. મેં પોતે જ તેમનાં જૂથો ગોઠવ્યાં હતાં. હું વહાણમાં, મુખ્ય માર્ગ પર, ઉભી રહી. હું જૂથવાર વહાણમાંના માણસોને બોલાવવા લાગી અને તેમને કિનારા પર મોકલવા લાગી. પેલાં ઊંચાં સત્ત્વો ઉતરનાર માણસોનું નિરીક્ષણ કરતાં હતાં. જે માણસો તૈયાર હતા તેમને તે ઉતરવાની સત્તા આપતાં હતાં, અને જે લોકો હજી તૈયાર ન હતા અને જેમને હજી વહાણ પરની તાલીમ ચાલુ રાખવાની હતી તેમને તે પાછા વહાણમાં મોકલી આપતાં હતાં. જ્યારે હું આ બધું જોઈ રહી હતી, ત્યારે પૃથ્વી પરથી આવેલા, મારી ચેતનાના ભાગને તેમાં ખૂબ રસ પડયો. તે બધા લોકોને જોવા અને ઓળખવા માગતો હતો, તેમનામાં થયેલા પરિવર્તનને જોવા માગતો હતો, કયા લોકોને તરત લઈ લેવામાં આવે છે અને કયા લોકોને તાલીમ માટે ફરી વહાણ ઉપર પાછા મોકલવામાં આવે છે તે ચેક કરવા માગતો હતો. થોડાક સમય પછી, હું તે બધુ જોતી જોતી ઉભી હતી ત્યારે, મને એમ લાગવા માંડયું કે મને પાછળથી કોઈક ખેંચી રહ્યું હતું, જેથી મારું શરીર કોઈ ચેતના અથવા વ્યકિત જાગૃત થાય. મારી ચેતનામાં મેં વિરોધ કરતાં કહ્યું કે, "ના, ના. હજી નહિ, હજી નહિ! મારે લોકોને જોવા છે." હું ખૂબ રસપૂર્વક દરેક વસ્તુને જોઈ રહી હતી. વસ્તુઓ આમ બનતી રહી, અને ઘડિયાળમાં ત્રણના ટકોરા પડયા. હું બળજબરીથી પાછી આવી. જાણે હું ઓચિંતી મારા શરીરમાં પાછી પડી ગઈ હોઉં, એવી મને લાગણી થઈ. હું આઘાતપૂર્વક પાછી આવી, કારણકે મને ખૂબ ઓચિંતી પાછી બોલાવી લેવામાં આવી હતી. પણ મારી ત્યાંની સ્મૃતિ કાયમ રહી. હું શાન્ત, નિશ્ચેષ્ટ રહી. હું તે સમગ્ર અનુભૂતિને સ્મૃતિમાં રાખી શકી.

વહાણમાંના પદાર્થોની પ્રકૃતિ આપણે પૃથ્વી પર જાણીએ છીએ તેવા પ્રકારની ન હતી. દા. ત. વસ્ત્રો કાપડનાં બનાવેલાં ન હતાં, જે કાપડ જેવું જણાતું હતું તે શાળ પર બનાવેલું ન હતું. તે શરીરના ભાગરૂપ હતું. તે એક જ

પદાર્થતત્ત્વનું બનાવેલું હતું, જે ભિન્ન ભિન્ન રૂપો ધારણ કરતું હતું. તેમાં એક પ્રકારની સ્થિતિસ્થાપકતા હતી. જ્યારે તેમાં પરિવર્તન કરવાની જરૂર પડતી, ત્યારે તે પરિવર્તન કૃત્રિમ અને બાહ્ય સાધનો વડે નહિ, પણ આંતર ચેતનાની ક્રિયા દ્વારા કરવામાં આવતું હતું, જે ક્રિયા પદાર્થતત્ત્વને રૂપ આપતી હતી. જીવન પોતાનાં જ રૂપોનું નિર્માણ કરતું હતું. બધી વસ્તુઓમાં એક જ પદાર્થતત્ત્વ હતું. જરૂરિયાત અને ઉપયોગ અનુસાર, તે આ કંપનોની ગુણવત્તામાં પરિવર્તન કરતું હતું.

જે લોકોને ફરી તાલીમ માટે પાછા મોકલવામાં આવ્યા હતા, તે એક જ રંગના ન હતા.. પાર્થિવ પદાર્થતત્ત્વ જેવા કોઈ પદાર્થતત્ત્વના જાણે તેમના શરીર ઉપર ભૂરાશ પડતા, અપારદર્શક ડાઘા ન હોય. તેઓ જડ દેખાતા હતા, જાણે પ્રકાશ તેમનામાં પરિપૂર્ણ રીતે પ્રવેશ ન કરી શકયો હોય તેવા, તેઓ પરિવર્તન પામ્યા ન હતા. સર્વત્ર નહિ, પણ કેટલાક ભાગોમાં તેઓ તે પ્રકારના હતા.

કિનારા પરનાં ઊંચા સત્ત્વો એક જ નારંગી રંગનાં ન હતાં. તેઓ વધારે ધવળ, પારદર્શક હતાં. તેમના શરીરના એક ભાગ સિવાય, તેમના રૂપની માત્ર રેખા જ દેખાતી હતી. તે બહુ ઉંચાં હતાં, તેમનામાં કોઈ હાડકાં દેખાતાં ન હતાં, જરૂરિયાત મુજબ તેઓ ગમે તે રૂપને ધારણ કરી શકતાં હતાં. માત્ર કમ્મરથી નીચે તેમનામાં એક સ્થાયી ઘનતા હતી, જે તેમના શરીરના બાકીના ભાગમાં દેખાતી ન હતી. તેમનો રંગ બહુ આછો હતો, થોડોક રાતો, વધારે પ્રમાણમાં સોનેરી અથવા ધવળ. ધવળ પ્રકાશના ભાગો પારદર્શક હતા. તેઓ તદ્દન પારદર્શક ન હતા, પણ ઓછા ઘટ્ટ હતા, નારંગી પદાર્થતત્ત્વ કરતાં વધારે સૂક્ષ્મ હતા.

જ્યારે મને પાછી બોલાવવામાં આવી, અને મેં 'હજી નહિ' એમ કહ્યું, ત્યારે દર વખતે અતિમાનસ જગતમાં મારા રૂપનું મને આછું દર્શન થતું હતું. હું તે ઉંચાં સત્ત્વોનું અને વહાણ પરનાં પ્રાણીઓનું સંમિશ્રણ હતી, મારો ઉપલો ભાગ, ખાસ કરીને મારું મુખ માત્ર એક સિલ્હુટ હતું, જેની અંદરના ભાગો ધવળ હતા, અને તેમને નારંગી કિનાર હતી. પગ તરફના ભાગોનો રંગ વહાણ ઉપરના લોકો જેવો હતો, નારંગી હતો. ઉપરના ભાગોમાં તે પારદર્શક અને ધવળ હતો, તેમાંની લાલાશ ઓછી થઈ ગઈ હતી. મસ્તક માત્ર એક સિલ્હુટ હતું, જેમાં સૂર્ય પ્રકાશતો હતો; તેમાંથી કિરણો બહાર આવતાં હતાં, જે સંકલ્પનું કાર્ય હતું.

વહાણ પર બધા લોકોને હું ઓળખી શકી. તેમાંના કેટલાક આ આશ્રમમાંથી આવેલા હતા, કેટલાક બીજેથી આવેલા હતા, પણ તેમને પણ હું ઓળખતી હતી.

મેં દરેક જણને જોયો, પણ પાછા આવ્યા પછી હું તેમને યાદ રાખી નહિ શકું, એટલે મેં કોઈ નામ ન આપવાં એવો નિર્ણય કર્યો. ત્રણ-ચાર મુખ બહુ સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર હતાં. મેં જ્યારે તેમને જોયા, ત્યારે મને તેમની આંખોમાં જોતાં આ પૃથ્વી પર જે લાગણી થતી હતી તે સમજાઈ. તે એક અસાધારણ આનંદ હતો. તે લોકો મોટે ભાગે યુવાન હતા; તેમાં થોડાંક બાળકો પણ હતાં. જે ૧૪-૧૫ વર્ષનાં હતાં, ૧૦-૧૨ વર્ષથી નીચેનાં તો નહિ જ. બધી વીગતો જોઈ શકાય તેટલો લાંબો સમય હું ત્યાં રહી ન હતી. થોડાક અપવાદ સિવાય, તેમાં બહુ વધુ લોકો ન હતા. આ અનુભૂતિ પહેલાં, જ્યાં અતિમાનસીકરણ માટે શક્તિશાલી લોકોની તપાસ કરવામાં આવી હતી, તે સ્થાનમાં તેમાંની કેટલીક વ્યક્તિઓની તપાસ કરવામાં આવી હતી. મને થોડાંક આશ્ચર્યો પણ પ્રાપ્ત થયાં, મેં તેમને જોઈ લીધાં. તે વિષે મેં કેટલાક લોકોને વાત પણ કરી. પણ જેમને મેં આજે કિનારા પર મૂકયા તેમને મેં બહુ સ્પષ્ટતાપૂર્વક જોયા હતા. તે મધ્ય ઉમ્મરના હતા. નાનાં બાળકો પણ નહિ અને વૃદ્ધો પણ નહિ, સિવાય કે થોડાક અપવાદો. મેં જે અપેક્ષા રાખી હતી તેની સાથે તે સુસંગત હતું. મેં કશું જ ન કહેવાનો, કોઈ નામો ન આપવાનો નિર્ણય કર્યો. હું ત્યાં અંત સુધી રહી ન હતી, એટલે મને ચોક્કસ ચિત્ર પ્રાપ્ત થયું નહિ. તે ચિત્ર પણ તદ્દન સ્પષ્ટ, પરિપૂર્ણ ન હતું. હું કેટલાક લોકોને વસ્તુઓ કહેવા નથી માગતી, અને બીજાઓને નહિ.

હું એમ કહી શકું છું કે દૃષ્ટિબિંદુ અથવા નિર્ણય કેવળ તે લોકો જે પદાર્થતત્ત્વના બનેલા હતા તેના પર આધારિત હતો. અર્થાત્, તેઓ પરિપૂર્ણ રીતે અતિમાનસ જગતના હતા કે કેમ, તેઓ તે ખૂબ ખાસ પ્રકારના પદાર્થતત્ત્વના બનેલા હતા કે કેમ. તે દૃષ્ટિબિંદુ નૈતિક પણ ન હતું અને માનસ શાસ્ત્રીય પણ ન હતું. ખૂબ સંભવ છે કે જે પદાર્થતત્ત્વનું તેમનું શરીર બનેલું હતું તે એક આંતર નિયમનું અથવા આંતર ગતિનું પરિણામ હતું; તે વખતે તે વાત નિઃશંક હતી. કમ થી કમ, એટલું તો તદ્દન સ્પષ્ટ છે કે મૂલ્યો ભિન્ન ભિન્ન હોય છે.

જ્યારે હું પાછી આવી, ત્યારે તે અનુભૂતિની સ્મૃતિ સાથે જ. મે જાણ્યું કે અતિમાનસ જગત નિત્ય છે, ત્યાં મારી હાજરી પણ નિત્ય છે, ચેતનાની અને તે પદાર્થતત્ત્વની વચ્ચે સંબંધ સ્થાપવા માટે માત્ર ખૂટતી કડીની જ જરૂરિયાત છે, અને અત્યારે તે કડીનું નિર્માણ થઈ રહ્યું છે. એક દિવસ સુધી ટકી રહ્યો એવો એક સંસ્કાર મારા પર પડયો. તે આ જગત અને તે બીજા જગત

વચ્ચેના સંબંધ વિષે હતો. તેણે મારા દૃષ્ટિબિંદુને તદ્દન પલ્ટી નાંખ્યું, જે દૃષ્ટિબિંદુથી વસ્તુઓનું મૂલ્યાંકન થવું જોઈએ. આ દૃષ્ટિબિંદુમાં કશું ય માનસિક ન હતું. તેણે મને એક વિચિત્ર આંતર લાગણી પેદા કરી કે ઘણી વસ્તુઓ, જેમને આપણે સારી કે નઠારી માનીએ તે ખરી રીતે તેવી નથી હોતી. એ વાત બહુ સ્પષ્ટ હતી કે દરેક વસ્તુ વસ્તુઓની શકિત પર, અતિમાનસ જગતને વ્યકત કરવાની યોગ્યતા પર, તેની સાથે સંબંધમાં હોવા પર, આધાર રાખે છે. આપણા સામાન્ય મૂલ્યાંકન કરતાં તે તદ્દન ભિન્ન, કેટલીક વાર તો વિરુદ્ધ હતું. આપણે સામાન્ય રીતે જેને ખરાબ માનીએ છીએ તેવી એક નાનકડી વસ્તુ મને યાદ આવે છે. સાચી રીતે તે ખૂબ સરસ હતી તે જોવું એ કેટલું બધું વિચિત્ર કહેવાય! જે વસ્તુઓને આપણે મહત્ત્વની ગણીએ છીએ તે બિલકુલ મહત્ત્વની ન હતી, વસ્તુ આવી છે કે તેવી એ જરા પણ મહત્ત્વનું નથી. શું દિવ્ય છે કે અદિવ્ય તે બાબતનું આપણું મૂલ્યાંકન બરાબર નથી. કેટલીક વસ્તુઓ જોતાં મને હસવું આવે છે. આપણે જેને અદિવ્ય માનીએ છીએ તે માન્યતા કૃત્રિમ, અસત્ય પર આધારિત હોય છે. અહીં આપણે જેને જીવન કહીએ છીએ, તે ત્યાંના જીવન સાથે સરખાવતાં મને જીવન નથી લાગતું. આ માન્યતાનો આધાર એ બે જગતનાં સંબંધ પર, તે સંબંધને વધારે રહેલો અથવા અધરો બનાવતી વસ્તુઓ પર પ્રતિષ્ઠિત થવો જોઈએ. આ દૃષ્ટિબિંદુને કારણે, કયી વસ્તુ આપણને ભગવાનની વધારે નજીક લઈ જાય છે અને કયી વસ્તુ આપણને તેમનાથી દૂર લઈ જાય છે તેના આપણા મૂલ્યાંકનમાં ખૂબ ભેદ આવી જાય છે. કયી વસ્તુ માણસોને અતિમાનસ બનાવવામાં મદદ રૂપ છે તેનું મૂલ્યાંકન આપણી સામાન્ય નૈતિક કલ્પનાઓ કરતાં ખૂબ ભિન્ન હોય છે. મને લાગ્યું કે આપણે ખૂબ હાસ્યાસ્પદ છીએ.

(૩ જી ફેબ્રુઆરીની અનુભૂતિનો અંત)

(માતાજી બાળકોને ઉદ્દેશીને કહે છે:) ૩ જી ફેબ્રુઆરીની અનુભૂતિનાં પરિણામો હજી મારી ચેતનામાં ચાલુ છે. પણ હમણાં તેમનું વાચન કરવું તે જરાક વહેલું છે એમ મને લાગ્યું. તે એપ્રિલના[૧] અંકમાં પ્રગટ થશે. આના પછીનાં અંકમાં. મારે આ વાત ભારપૂર્વક કહેવી જોઈએ કે, મને આ જગતમાં અને અતિમાનસ જગતમાં ખૂબ તાત્ત્વિક તફાવત દેખાયો છે. પૃથ્વી પર સામાન્ય રીતે કાર્ય કરતી ચેતના સાથે હું ત્યાં ગઈ ત્યાર પછી, તે તફાવતની વિશાળતા મને ખૂબ જણાય છે. અહીં જે બની રહ્યું છે, ખૂબ ખૂબ અંદર જે બની રહ્યું છે તેને

૧. બુલેટિન, એપ્રિલ ૧૯૫૮. આ વાર્તાલાપના અંતે, પરિશિષ્ટમાં તે આપવામાં આવ્યું છે.

બાદ કરતાં, તે મને તદ્દન કૃત્રિમ લાગ્યું છે. સામાન્ય ભૌતિક જીવનનાં કોઈ મૂલ્યો સત્ય પર પ્રતિષ્ઠિત નથી. જેમ પોષક માટે આપણે કાપડ લાવવું પડે છે, તેને શીવવું પડે છે, અને તેને પહેરવાની જરૂર જણાય ત્યારે તેને પહેરવું પડે છે, તે જ રીતે, આપણા શરીરને પોષણ આપવા માટે આપણને બહારની વસ્તુઓ લઈ ઉદરમાં મૂકવી પડે છે. દરેક બાબતમાં આપણું જીવન કૃત્રિમ હોય છે.

અતિ-માનસિક જગતમાં હોય છે તેવું, સાચું, સાચા દિલનું સ્વયંભૂ જીવન સચેતન સંકલ્પના કાર્ય વડે વસ્તુઓમાંથી પ્રગટતું હોય છે. તેમાં પદાર્થ-તત્ત્વ ઉપર એવી એક શકિત મૂકાય છે, જે આપણે જે બનાવવાનો નિર્ણય કર્યો હોય તેની સાથે તે પદાર્થ-તત્ત્વને સંવાદમય બનાવે છે જેનામાં શકિત અને જ્ઞાન છે, તે જે ઇચ્છતો હોય તે વસ્તુને પ્રાપ્ત કરી શકે છે. જેનામાં શકિત અને જ્ઞાન નથી હોતાં, તેની પાસે ઇચ્છિત વસ્તુ મેળવવાનાં કૃત્રિમ સાધનો નથી હોતાં.

સામાન્ય જીવનમાં બધું જ કૃત્રિમ હોય છે. જન્મ અથવા સંજોગોની તક અનુસાર, તમને ઉચ્ચતર અથવા નિકૃષ્ટતર સ્થિતિ, વધારે અથવા ઓછું સગવડ ભર્યું જીવન પ્રાપ્ત થતાં હોય છે. તેમાં તમારા અસ્તિત્વનું સ્વયંભૂ, સ્વાભાવિક, સાચા દિલનું પ્રગટીકરણ અને તમારી આંતર જરૂરિયાત કારણભૂત નથી હોતાં, પણ જીવનમાંના અકસ્માત્ સંજોગોએ તમને આ વસ્તુઓના સંપર્કમાં મૂકી આપ્યા હોય છે. તદ્દન ક્ષુદ્ર માણસ ખૂબ ઊંચા સ્થાને હોઈ શકે, અને સર્જન તથા સંગઠન કરવાની અદ્‌ભૂત શકિતવાળો માણસ તદ્દન મર્યાદિત અને નિકૃષ્ઠ જગ્યાએ મજૂરી કરતો હોય; જો જગત સાચા દિલનું હોત, તો તે ખૂબ ઉપયોગી વ્યકિત બની શકયો હોત.

આ કૃત્રિમતા, દિલની સચ્ચાઈનો અભાવ, સત્યનો સંપૂર્ણ અભાવ મને એટલી બધી આઘાત-જનક રીતે દેખાયાં, કે મને થયું કે આવા અસત્યમય જગતમાં આપણે સાચાં મૂલ્યાંકનો કેવી રીતે કરી શકીએ ?

પણ તમને દિલગીર, વિષણ્ણ, બળવાખોર, અસંતુષ્ટ બનાવવાને બદલે, હું અંતમાં એમ કહેવા માગતી હતી, એવી વસ્તુની વાત કરવા માગતી હતી, કે જે ખૂબ હાસ્યાસ્પદ છે. જ્યારે મેં વસ્તુઓને અને લોકોને જોયાં, ત્યારે મને ખૂબ, કાબૂમાં ન રાખી શકાય તેવું, હસવું આવ્યું, જે તે માત્ર હું જ સમજી શકું છું. તે હાસ્યનું કારણ વસ્તુઓની હાસ્યાસ્પદતા હતી.

જ્યારે મેં તમને અજ્ઞાતમાં, સાહસ-પૂર્ણ યાત્રા કરવા નિમંત્ર્યા, ત્યારે મને ખબર ન હતી કે, હું સત્યની આટલી બધી નજીક છું. જે લોકો તે સાહસ કરવા માટે તૈયાર છે, તેમને હું ખાતરી આપું છું કે, તેઓ ખૂબ રસપ્રદ શોધો કરી શકશે.

*

પરિશિષ્ટ

૩ જી ફેબ્રુઆરીની અનુભૂતિ પછી, થોડાક દિવસો પછી માતાજીને બીજી અનુભૂતિઓ થઈ હતી, જેમાં પહેલાંની અનુભૂતિ ચાલુ રહી હતી.

દરેક માણસ પોતાની સાથે, શ્રી અરવિંદ જેને સેન્સર્સ (ખરા-ખોટાને બતાવી આપનાર) કહે છે, તેને પોતાની સાથે પોતાના વાયુ-મંડળમાં રાખતો હોય છે. તે મોટે ભાગે વિરોધી બળોના ડેલિગેટો (સોંપેલું કામ કરનાર) હોય છે. તેમનું કામ હોય છે દરેક કાર્યની, દરેક વિચારની, ચેતનાની દરેક ગતિની કડક સમાલોચના કરવાનું, અને તમારાં કાર્યોનાં ખૂબ નિગૂઢ ઉદ્‌ગમસ્થાનોની સન્મુખ તમને લાવી આપવાનું, અને તમારા ખૂબ-ખૂબ વિશુદ્ધ અને ઉચ્ચતમ દેખાતા વિચારોમાં તથા કાર્યોમાં જે નિમ્ન પ્રકારનું થોડુંક પણ તત્ત્વ ભળી ગયેલું હોય છે તેને પ્રકાશમાં લાવવાનું.

આ નીતિમયતાનો પ્રશ્ન નથી. આ સદ્‌ગૃહસ્થો નીતિ શિખવાડતા એજન્ટો નથી હોતા, જો કે તેઓ નીતિમયતાનો ઉપયોગ કરવાનું બહુ સારી રીતે જાણતાં હોય છે! જ્યારે તેઓ ખૂબ ચીવટવાળા અંત:કરણ સાથે કામ પાડતા હોય છે, ત્યારે તેઓ તેને નિર્દય રીતે હેરાન, પરેશાન કરતા હોય છે, હર ક્ષણે તેના કાનમાં કહેતા હોય છે કે "તારે આ ન હતું કરવું જોઈતું, તારે પેલું કરવું જોઈતું ન હતું, તારે આમ કરવું જોઈતું હતું, તારે પેલી વસ્તુ કહેવી જોઈતી હતી. હવે તેં બધું બગાડી નાંખ્યું છે, સુધારી ન શકાય તેવી ભૂલ તેં કરી છે, જો તારા દોષને કારણે સુધારી ન શકાય તેવી રીતે બાજી કેવી બગડી ગઈ છે!" તેઓ કેટલાક લોકોની ચેતનાને ભૂતની પેઠે વળગતા હોય છે. તમે અમુક વિચારને મગજમાંથી બહાર કાઢી મૂકો છો, અને બે મિનિટ પછી તે જ વિચાર તમારા મગજમાં ઘુસી આવતો હોય છે. તમે તેને ફરી દૂર કરો છો, અને ફરી પાછો તે

તમારા મગજમાં ઘુસી આવે છે, તમારા પર બધો સમય હથોડીના ઘા માર્યા કરતો હોય છે.

જ્યારે જ્યારે હું આ સદ્‌ગૃહસ્થોને મળું છું, ત્યારે ત્યારે હું તેમનું સ્વાગત કરું છું, કારણકે તે તમને તદ્‌ન સાચા દિલના બનવાની ફરજ પાડતા હોય છે, તમારા ખૂબ સૂક્ષ્મ દંભને ખુલ્લો પાડતા હોય છે, અને હર ક્ષણે તમારાં ખૂબ નિગૂઢ આકંપનોને તમારી સન્મુખ મુકી આપતા હોય છે. તે બહુ બુદ્ધિશાળી હોય છે! તેમની બુદ્ધિ આપણી બુદ્ધિ કરતાં ખૂબ ચઢિયાતી હોય છે. તે બધું જાણતા હોય છે. નાનામાં નાના વિચારને, નાનામાં નાની દલીલને, નાનામાં નાના કાર્યને ખૂબ અદ્‌ભુત સૂક્ષ્મતા પૂર્વક તમારી વિરુદ્ધ મૂકી આપવાનું તેમને આવડતું હોય છે. કોઈ વસ્તુ તેમની પાસેથી છટકી જઈ શકતી નથી. પણ તેઓ તમારામાં નિરાશાવાદ પેદા કરે છે, તે તેમને વિરોધી બનાવી મૂકે છે. તે હંમેશાં ચિત્રને તમારી સમક્ષ વધારેમાં વધારે કાળા રંગોથી ચીતરતા હોય છે. જરૂર પડે, તેઓ તમારા ઈરાદાઓને વિકૃત બનાવી મૂકે છે. સાચી રીતે જોતાં, તેઓ દિલની સચ્ચાઈનાં કારણો હોય છે. પણ તે હંમેશાં એક વસ્તુ ઈરાદાપૂર્વક ભુલી જતા હોય છે, તેને તેઓ પાછળ ફેંકી દેતા હોય છે જાણે કે તે વસ્તુનું અસ્તિત્વ જ ન હોય; અને તે વસ્તુ છે ભગવાનની કૃપા. તે પ્રાર્થનાને ભુલી જાય છે, જે પ્રાર્થના એક ઉત્કટ આહ્‌વાનની પેઠે, અસ્તિત્વનાં ઊંડાણોમાંથી ઓચિંતી પ્રગટતી હોય છે, કૃપાને નીચે લઈ આવતી હોય છે, અને વસ્તુઓના ક્રમને પલટી નાંખતી હોય છે.

જ્યારે જ્યારે તમે થોડીક પ્રગતિ કરી હોય છે, ઉચ્ચતર ભૂમિકા પર ગયા હો છો, ત્યારે ત્યારે તે તમારી સન્મુખ તમારા ભૂતકાળનાં બધાં કાર્યોને લાવીને ખડાં કરી દે છે, અને થોડાક મહીનાઓમાં, થોડાક દિવસોમાં, અથવા થોડીક મિનિટોમાં તે તમને, ઉચ્ચતર ભૂમિકા પર, ફરી તે જ પરીક્ષાઓમાંથી પસાર કરતા હોય છે. તે વિચારને બાજૂ પર મૂકી દઈને આમ કહેવું તેટલું જ માત્ર પૂરતું નથી કે ઓહ, હું તને જાણું છું, અને જાણે તમે નેને જોતા ન હો તેમ તેના પર પડદો પાડી દેવો. તમારે તેનો સામનો કરી તેના પર વિજય પ્રાપ્ત કરવો જોઈએ, તમારી ચેતનાને, જરા પણ કંપ અનુભવ્યા વગર, એક શબ્દ પણ બોલ્યા સિવાય, શરીરનાં કોશાણુઓમાં જરા પણ આકંપન પેદા થવા દીધા સિવાય, તેના પર વિજય પ્રાપ્ત કરવાનો હોય છે. પછી તેનું આક્રમણ ઓગળી જશે.

પણ સારા અને ખરાબ બાબત આપણા વિચારો ખૂબ હાસ્યાસ્પદ હોય છે. કયી વસ્તુ ભગવાનની નજીક છે અને કયી દૂર તે બાબતના આપણા ખ્યાલો પણ બહુ હાસ્યાસ્પદ હોય છે. ૩જી ફેબ્રુઆરીની મારી અનુભૂતિએ મારી આંખો ખોલી નાંખી. હું તદ્દન પરિવર્તિત બનીને તેમાંથી બહાર આવી. મને મારાં ભૂતકાળનાં ઘણાં કૃત્યોની, નહિ સમજાયેલા એવા મારા જીવનના ભાગોની ઓચિંતી સમજ પડી ગઈ. હકીકતમાં, એક બિંદુથી બીજા બિંદૂએ જવાનો ટૂંકામાં ટૂંકો માર્ગ, માણસ ધારે છે તેમ, એક સીધી લીટીમાં નથી હોતો!

તે અનુભૂતિના એક કલાક સુધી, તે સમયનો એક કલાક બહુ લાંબો હોય છે, હું અસાધારણ આનંદની, લગભગ ઉન્માદની સ્થિતિમાં હતી. તે બે ચેતનાની સ્થિતિઓમાં એટલો બધો મોટો તફાવત હોય છે કે જ્યારે તમે એક સ્થિતિમાં હો છો ત્યારે બીજી સ્થિતિ તમને અવાસ્તવિક લાગતી હોય છે, સ્વપ્નની પેઠે. જ્યારે હું પાછી ભાનમાં આવી, ત્યારે પહેલી વાત મને એ સમજાઈ કે અહીંનું જીવન વ્યર્થ છે, અહીંના આપણા ખ્યાલો ખૂબ હાસ્યાસ્પદ હોય છે. આપણે કહેતા હોઈએ છીએ કે કેટલાક લોકો પાગલ છે. પણ અતિમાનસિક જગતના દૃષ્ટિબિંદુથી જોતાં, તેમનું પાગલપણું એક પ્રકારનું ડહાપણ હોય છે, અને તેમનું વર્તન વસ્તુઓનાં સત્યની વધારે નજીક હોય છે. હું જેમનું મગજ ચસકી ગયું છે તેવા જડ, પાગલ લોકોની વાત નથી કરતી, પણ આપણને ન સમજાય તેવા, તેજોમય પાગલ લોકોની વાત કરું છું. તેઓ બહુ જલ્દી સરહદના પ્રદેશમાંથી પસાર થવા માગતા હતા, પણ ત્યાં પહોંચી શકયા ન હતા.

જ્યારે આપણે અતિમાનસિક ચેતનામાંથી માનવીઓના આ જગત પર દૃષ્ટિપાત કરીએ છીએ, ત્યારે તેનું પ્રધાન લક્ષણ જણાય છે વિચિત્રતા, કૃત્રિમતા, જગત કૃત્રિમ છે અને તેથી તદ્દન વિચિત્ર છે. આ જગત અસત્યમય છે, કારણ કે તેનો ભૌતિક દેખાવ વસ્તુઓના ગહનતર સત્યને અભિવ્યકત કરતો નથી. તે દેખાવની અસ્તિત્વમાં દિવ્ય શકિતને ધારણ કરતો માણસ બાહ્ય ભૂમિકા પર ગુલામની સ્થિતિમાં પણ હોય. આ કેવું વિચિત્ર કહેવાય! તેથી ઊલટું, અતિમાનસિક જગતમાં સંકલ્પ સીધા રીતે પદાર્થતત્ત્વ ઉપર કાર્ય કરતો હોય છે અને પદાર્થતત્ત્વ તે સંકલ્પને આજ્ઞાધીન રહેતુ હોય છે. તમે તમારી જાતને વસ્ત્ર વડે આચ્છાદિત કરવા માગો છો, અને તમે જે પદાર્થતત્ત્વમાં રહેતા હો છો તે તરત જ વસ્ત્રનું રૂપ ધારણ કરી લે છે. તમે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માગો

છો; કોઈ પણ વાહન વગર, કૃત્રિમ સાધન વગર. તમારો સંકલ્પ તમને તે જગ્યાએ મૂકી આપવા સમર્થ હોય છે. આમ, મારી અનુભૂતિના વહાણને ગતિ કરવા માટે કોઈ યંત્રની જરૂર ન હતી; સંકલ્પ જ, પોતાની જરૂરિયાતો અનુસાર, પદાર્થ-તત્ત્વમાં પરિવર્તન કરી લેતો હતો. જ્યારે ઉતરાણનો સમય થયો, ત્યારે ઉતરાણના કિનારાએ પોતે જ તે રૂપ ધારણ કરી લીધું. જ્યારે હું અમુક માણસોનાં જૂથોને કિનારા પર મોકલવા માગતી હતી, ત્યારે મારે એક પણ શબ્દ બોલવાની જરૂર ન પડી, સ્વયંભૂ રીતે જ જેમને ઉતરવાનું હતું તેમણે તે જાણી લીધું, અને પોત-પોતાના વારા અનુસાર, તેઓ ઉતરવા લાગ્યા. બધું જ મૌનમાં બનતું હતું. પોતાને સમજાવવા માટે કોઈને શબ્દની જરૂર ન હતી. પણ વહાણ ઉપરનું મૌન અહીંના જેવું કૃત્રિમ ન હતું. અહીં જ્યારે માણસને મૌન રાખવું હોય છે ત્યારે તેને બોલવાનું બંધ કરવું પડતું હોય છે, મૌન અવાજનો વિરોધી છે. પણ ત્યાંનું મૌન આકર્ષણમય, જીવંત, સક્રિય, સર્વ સમાવેશક, સમજી શકાય તેવું હતું.

અહીંની વિચિત્રતા એ છે કે માણસે કૃત્રિમ વસ્તુઓનો ઉપયોગ કરવો પડે છે. જરૂરી યુકિત પ્રયુકિતઓ પ્રાપ્ત કરવાનાં સાધનો હોય, તો એક મૂર્ખ માણસ પણ સત્તાને પ્રાપ્ત કરી શકે છે. જ્યારે અતિમાનસિક જગતમાં, વધારે સચેતન અને વસ્તુઓના સત્ય સાથે વધારે સંપર્કવાળો માણસ પદાર્થ તત્ત્વ પર વધારે સંકલ્પ છોડવાની શકિતવાળો હોય છે. તે સત્તા સાચી સત્તા હોય છે. જો તમારે વસ્ત્ર જોઈતું હોય, તો તે બનાવવા માટે તમારી પાસે સાચી શકિત હોવી જોઈએ. જો તમારી પાસે આ શકિત ન હોય, તો તમારે નગ્ન રહેવું પડે. શકિતના અભાવ માટે ત્યાં કોઈ યુકિત હોતી નથી. અહીં લાખોમાં એક પણ માણસમાં સાચી શકિત હોતી નથી. બધું જ ભયંકર રીતે મૂર્ખાઈ ભરેલું હોય છે.

જ્યારે હું પાછી નીચે આવી, 'નીચે આવી' તે તો બોલવાનો એક પ્રકાર છે; ત્યાં તો ઊંચે કે નીચે, અંદર કે બહાર એવું કશું જ હોતું નથી, ત્યારે મને મારી જાતને વ્યવસ્થિત કરતાં થોડોક સમય લાગ્યો. મને યાદ છે કે મેં કોઈને કહ્યું હતું કે હવે આપણે ફરી પાછા આપણી મૂર્ખાઈમાં પડવાનો પ્રારંભ કરીએ છીએ. પણ હવે હું ઘણી વસ્તુઓ સમજી ગઈ છું. ત્યાંથી હું એક નિશ્ચિત પ્રકારની શકિત લઈને પાછી આવી છું. હવે મેં જાણી લીધું છે કે અહીં આપણે જે રીતે આપણી ક્ષુદ્ર નીતિમયતા વડે, વસ્તુઓનું મૂલ્યાંકન કરીએ છીએ, તેને અતિમાનસિક જગતનાં મૂલ્યો સાથે કોઈ સંબંધ નથી.

આ ઉપરછલ્લી વસ્તુઓમાં કશું નાટયાત્મક તત્ત્વ નથી. તે મને સાબુના પરપોટાઓ જેવી, વધુ ને વધુ પ્રમાણમાં, લાગે છે, ખાસ કરીને ૩જી ફેબ્રુઆરીની અનુભૂતિ પછી.

કેટલાક લોકો મારી પાસે નિરાશ બનીને, રુદન કરતા કરતા આવે છે. તેઓ કહેતા હોય છે કે અમને ખૂબ માનસશાસ્ત્રીય કષ્ટ છે. જ્યારે હું તેમને તે સ્થિતિમાં જોઉં છું, ત્યારે હું તમારો બધાનો સમાવેશ કરી લેતી મારી ચેતનામાંની એક સોયને જરાક ફેરવું છું, અને તે પૂરું આશ્વાસન પામીને જતા રહેતા હોય છે. તે એક કમ્પાસની સોય જેવું હોય છે. ચેતનામાંની તે સોયને જરાક ફેરવો, અને બધી મુશ્કેલીઓ ટળી જાય છે. અલબત્ત, ટેવને કારણે તે ફરી પાછી આવતી હોય છે, પણ તે માત્ર સાબુના પરપોટા જ છે.

મને પણ કષ્ટો આવ્યાં છે, પણ મારામાં કોઈક ભાગ એવો હતો કે જેને અલગ, સાક્ષીભાવે રહેતાં આવડતું હતું.

મને હવે જગતમાં એક જ વસ્તુ અસહ્ય લાગે છે. અને તે ભૌતિક અવનતિ, ભૌતિક કષ્ટ, કદ્રુપતા, દરેક વસ્તુમાં રહેલી સુંદરતા અભિવ્યકત કરવાની અશકિત. પણ એક દિવસ તેમના પર પણ વિજય સ્થપાશે. ત્યાં પણ સોયને જરાક ફેરવનારી શકિત એક દિવસ આવશે. આપણે માત્ર ચેતનામાં વધારે ઊંચે આરોહણ કરવાનું છે. માણસ પદાર્થતત્ત્વમાં જેમ જેમ વધારે ઊંડો જાય છે, તેમ તેમ તેને ચેતનામાં ઊંચે આરોહણ કરવાની વધારે જરૂર પડતી હોય છે. પણ તેમ થતાં સમય લાગશે. જ્યારે શ્રી અરવિંદે કેટલીક સદીઓની વાત કરી હતી, ત્યારે તે સાચા હતા.

*

૨૫ ફેબ્રુઆરી ૧૯૫૮

મધુર માતાજી, તમે ઘણીવાર સૂર્યની શકિતઓ વિષે વાત કરી છે, પણ ચંદ્ર અથવા તારાઓ વિષે કદી કશું પણ કહ્યું નથી.

કયા દૃષ્ટિબિંદુથી? પ્રતીકમય રીતે?

હા, માતાજી.

તેનો આધાર તત્ત્વચિંતનની શાખાઓ પર, સમય પર, દેશો પર છે. સામાન્ય રીતે, ચંદ્ર આધ્યાત્મિક શકિત સાથે, આધ્યાત્મિક પ્રગતિ સાથે, આધ્યાત્મિક અભીપ્સા સાથે સંબંધિત છે.

વૃદ્ધિ પામતો ચંદ્ર રૂપાંતર માટેની આધ્યાત્મિક અભીપ્સાનું પ્રતીક મનાતો હતો, અને પૂર્ણ ચંદ્ર આધ્યાત્મિક પરિપૂર્ણતાનું પ્રતીક મનાતો હતો. ચાંદની હંમેશાં દર્શનો માટે, કાવ્યમય પ્રેરણા માટે, અને સર્વ પારલૌકિક કર્મ માટે અનુકૂળ મનાય છે.

કોઈ દિવ્ય વિભૂતિના જન્મ સમયે જે તારાઓ દેખાયા હતા, તેમને વિષે અનેક પ્રકારની કથાઓ, પૌરાણિક કથાઓ પ્રાપ્ત થાય છે. પણ તે બધું એક પ્રકારની સાહિત્યિક પ્રતિકમયતા હોય છે.

એક બહુ પ્રચલિત માન્યતા છે કે માનવોનો ભાવિ પર તારાઓની નક્ષત્રો ખાસ અસર પડે છે. તે જ્ઞાનના પાયા પર જ્યોતિષશાસ્ત્રની રચના થઈ છે. આકાશમાં નક્ષત્રોની ભિન્નભિન્ન સ્થિતિઓ પરથી, જ્યોતિષશાસ્ત્ર તમારા જીવનમાં શું બનશે તેની પરિપૂર્ણ આગાહીઓ, ભાવિ કથન કરી શકે છે.

વિચારની પ્રાથમિક અવસ્થામાં, આને એમ કહેવામાં આવતું કે, આપણા જીવન ઉપર તારાઓની, નક્ષત્રોનાં અસર પડે છે. એથી એ માનવું વધારે તર્કયુક્ત અને સાચું લાગે છે કે, વ્યકિતના ભાવિકથન માટે તે એક રેકોર્ડ છે, નોટેશન (અક્ષર-વિધિ) છે, કારણ કે વૈશ્વિક એકતામાં દરેક વસ્તુ એકબીજા સાથે સંકળાયેલી છે. જો તમને વ્યકિત અને વૈશ્વિક વચ્ચેના સંબંધો વાંચતાં આવડતું હોય, તો તમને નક્ષત્રોની વૈશ્વિક સ્થિતિઓમાં વ્યકિતના જીવનનો પ્રતીકમય નકશો મળી શકે.

અનુભવ કહે છે કે, આવી જન્મકુંડળીમાં ભાખેલું ભવિષ્ય અનિવાર્ય નથી હોતું, કારણ કે, યોગ અને આધ્યાત્મિક વિકાસ દ્વારા માણસ આ કુંડલીઓનાં કડક નિયમમાંથી છટકી જઈ શકતો હોય છે. વૈશ્વિક અને વ્યકિતગત જીવનની વચ્ચેના સંબંધોનું, ભૌતિક ભૂમિ પર આ એક પ્રકારનું નોટેશન હોઇ શકે. ચેતનાની ભૌતિક

ભૂમિકામાં ચેતનાની ઉચ્ચતર ભૂમિકાને દાખલ કરવાથી આ સંબંધોમાં ફેરફારો થઈ શકે છે.

આ બધાને અર્ધ-જ્ઞાન કહી શકાય, જે વૈશ્વિક અને વ્યક્તિગત અસ્તિત્વની વચ્ચેની પરસ્પર, આધારની કડીઓને સમજવાનો એક પ્રકારનો ખૂબ પ્રાથમિક પ્રયાસ છે. આ બધી વસ્તુઓ ભાષાઓ જેવી હોય છે, જે અ-ચર્ચાસ્પદ હકીકતોના નોટેશનને અથવા અકાટય નિયમોને બદલે, વધારે પ્રમાણમાં, અર્ધ-જ્ઞાન નક્કી કરવામાં મદદગાર નીવડે છે. વસ્તુઓ જેવી છે તે રીતે તેમને સમજવાનો તે પ્રયાસ છે, પણ તે પ્રયાસો ખૂબ અપૂર્ણ હોય છે. કેટલાંક મનને તેમનું ખૂબ આકર્ષણ હોય છે, પણ વસ્તુઓના સત્યને તે પૂરેપૂરી રીતે પ્રગટ કરી શકતાં હોતાં નથી.

જો આપણે માનસિક માનવીય જ્ઞાનમાં ઊંડા ઉતરીએ, તો આપણને જણાય કે, બાહ્ય રીતે, માનસિક ચેતનામાં પ્રાપ્ત થતું, આ જ્ઞાન એક ખૂબ જટિલ ભાષા કરતાં ભાગ્યે જ કાંઈ વધારે હોય છે; તે આપણે એકબીજાને વધારે સમજી શકીએ તે વાતને શકય બનાવે છે, પણ વસ્તુઓના સત્યથી તે ખૂબ દૂર હોય છે.

તાદાત્મ્ય વડે સીધો અભિગમ વધારે અસરકારક હોય છે, તે વસ્તુઓની સમગ્ર મશીનરીની સઘન ચાવી આપે છે, તે સીધો ચાવીને, પોતાને અભિવ્યકત કરવા માટે કોઈ જટિલ વિજ્ઞાનની જરૂર પડતી હોતી નથી. તે ચેતનાની અને સંકલ્પની ગતિઓને કાંઈક મળતું આવે છે, જેને પોતાની જાતને અભિવ્યક્ત કરવા માટે માનસિક જટિલતાઓની જરૂર પડતી નથી. ત્યારે પોતાની સમગ્રતામાં વૈશ્વિક વાસ્તવિકતા એક પ્રતીક બની જાય છે, અને તેને સીધી રીતે જોઈ શકાય છે.

*

૫ માર્ચ ૧૯૫૮

માતાજી, તમે ઘણીવાર અમને 'પાછા જવાની' વાત કરી છે. તમે કહ્યું હતું કે, નવીન ચેતના પ્રાપ્ત કરવા માટે 'પાછા જવાની' જરૂર છે.

પાછા જવાની?

અત્યારે આપણને કઈ જાતના 'પાછા જવાની' જરૂર છે? તમે ચેતનાની પાછા જવાની વાત કરી હતી.

તે બોલવાનો એક પ્રકાર છે. તેનો એવો અર્થ નથી કે, તમારે તમારા માથા ઉપર ચાલવાનું છે! તે એક પ્રતીક છે.

હા, શ્રી અરવિંદે પણ તે જ કહ્યું છે.[૧]

એટલે જો તે પ્રતીક તમને કોઈ દર્શના પ્રત્યે દોરી જાય, તો તો ઠીક; પણ તમે આના વડે (માતાજી પોતાનો મસ્તિષ્ક તરફ અંગુલિ નિર્દેશ કરે છે) સમજી શકતા હોતાં નથી. જો તે તમને વસ્તુઓ વધારે સારી રીતે સમજાવી શકતું હોય, તો તો બરાબર પણ અનેક શબ્દો વડે, મસ્તિષ્ક વડે તમે વસ્તુઓને વધારે સારી રીતે સમજી શકતા નથી.

આ રીતે વસ્તુઓને તદ્દન જુદે પ્રકારે જોવાની લાગણીને 'પાછા જવું' કહેવામાં આવી છે. તેની સરખામણી હંમેશાં એક પ્રિઝમ સાથે કરવામાં આવી છે. જો તમે તેને એક બાજૂએથી જુઓ, તો તે ધોળો પ્રકાશ હોય છે. જો તમે તેને ઊંધો કરો, તો તે તેનાં બધાં તત્ત્વોમાં ફેલાઈ જાય છે. આ એના જેવી વાત છે.

---

૧. "સામાન્ય પશુમાંથી માનવમાં પરિવર્તન પામવા માટે એક એવા શારીરિક સંગઠનના વિકાસની જરૂર છે, જે એક ઝડપી પ્રગતિ કરવાની શક્તિ આપે; ચેતનામાં ઊથલ પાથલ લાવે, એક નવીન ઊંચાઈ પ્રાપ્ત કરાવે, તેના પરથી નીચેની સ્થિતિઓનું અવલોકન થાય, શક્તિમાં ઉચ્ચતા અને વિશાળતા લાવે જેથી માણસ જૂની પશુ-શક્તિઓને વધારે વિશાળ અને સ્થિતિસ્થાપક બનાવી શકે, માનવી બુદ્ધિ પ્રાપ્ત થાય; પછી ધીમે ધીમે અસ્તિત્વની નવીન પ્રકારની, મહત્તર અને સૂક્ષ્મતર શક્તિઓ વિકસે; તર્કબુદ્ધિ, વિચાર, જટિલ અવલોકન, સંગ્રહિત સંશોધન, શોધ વગેરેની શક્તિઓ વિકસે. પ્રકૃતિના દરેક મૌલિક પરિવર્તનમાં આવી 'પાછા જવાની' ક્રિયા થતી હોય છે. પ્રગટ થતી પ્રાણ-શક્તિ પદાર્થતત્ત્વ પર પાછી વળે છે, ભૌતિક શક્તિની ક્રિયાઓ ઉપર એક પ્રાણિક તત્ત્વ લાદે છે અને સાથેસાથે પોતાની નવીન ગતિઓ અને ક્રિયાઓ વિકસાવે છે, નવીન મહત્તર પ્રાગટય અને 'પાછા જવાની' ક્રિયા માનવતાનું પ્રાગટય પ્રકૃતિની પૂર્વ-ઘટનાઓની પરંપરા સાથે સુસંગત છે. તે સર્વ-સાધારણ સિદ્ધાન્તને નવી રીતે લાગુ પાડવાની વાત છે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૩૮-૩૯)

શબ્દો બહુ સાર અને ઉપયોગી નથી હોતા, સિવાય કે ખાસ કૃપા વડે તે તમને સત્ય સાથેના સંપર્કમાં મૂકી આપે; પણ શબ્દોમાં પોતાનામાં કોઈ મૂલ્ય નથી હોતું.

હકીકતમાં, આદર્શ સ્થિતિ, કેટલાક લોકો આંશિક રીતે તેને પ્રાપ્ત કરી શકયા હોય છે, એ છે કે તાત્ત્વિક વિચારને અને તેના કરતાં પણ કોઈક ઉચ્ચ વસ્તુને ચેતનાની, જ્ઞાનની, દર્શનાની સ્થિતિમાં આકંપન દ્વારા મૂકી આપવાં જ્યારે તમે વિચાર કરો છો, ત્યારે તમારી ચેતના તમારા વિચારને જે રૂપ આપતી હોય છે તે અનુસાર, માનસિક પદાર્થતત્ત્વ અમુક પ્રકારે આકંપન કરતું હોય છે; જો બીજું મન સારી રીતે સંગઠિત હોય, તો તેણે આ આકંપનને જોવું જોઈએ.

ખરેખર, શબ્દો તો માત્ર બીજી ચેતનાનું અથવા ચેતનાના બીજા કેન્દ્રનું ધ્યાન ખેંચવાનું જ કામ કરતા હોય છે, જેથી તે આકંપન પ્રત્યે ધ્યાન આપે અને તેને સ્વીકારે. પણ જો તે ધ્યાનમય ન હોય અને જો તેનામાં મૌનમાં વસ્તુને આકંપનને સ્વીકારવાની શકિત ન હોય, તો તમે માઈલો સુધી ખૂબ લાંબા શબ્દો બોલ્યા જ કરો, પણ તે તમને જરા પણ સમજી નહિ શકે. એવો સમય આવે છે કે જ્યારે અમુક આકંપનોને પ્રગટ કરવામાં ખૂબ સક્રિય મન માત્ર સ્પષ્ટ અને નિશ્ચિત આકંપનોને જ સ્વીકારી શકતું હોય છે; નહિ તો તે કોઈ ગૂંચવાડાભરેલી વસ્તુનું અનિશ્ચિત મિશ્રાણ જેવું હોય છે, જે વાદળમય, રેશમી ગઠ્ઠા જેવું અને કોઈ વિચારને પ્રગટ કરી શકતું હોતું નથી. એટલે કોઈ માણસ બોલે, તેનો અવાજ બરાબર સંભળાય, પણ તેમાંનું કશું જ ગ્રહણ ન થઈ શકે. તેમાં અવાજનો પ્રશ્ન નથી, પણ તે આકંપનોમાં નિશ્ચિતતાની બાબત છે.

જો તમે તમારા વિચારને ખૂબ ચોક્કસ રીતે પ્રગટ કરો, જો તે તમારી ચેતનામાંથી પ્રગટ થતી, કોઈ જીવંત અને સચેતન વસ્તુ હોય કે જે બીજી ચેતનાને મળવા જાય છે, જો તમે જે કહેવા માગતા હો તેને બરાબર જાણતા હો, તો તે તે જ નિશ્ચિતતા સાથે બીજી ચેતનાને પહોંચે છે, પોતાનાં સાથેના સુસંગત આકંપનને જગાડે છે, અને તેથી સુસંગત વિચારને અથવા ચેતનાની સ્થિતિને જાગૃત કરે છે, અને તમે એકબીજાને સમજી શકો છો. પણ જો પ્રગટ થતી વસ્તુ અનિશ્ચિત, પોચી રેશમ જેવી હોય, જો તમે શું કહેવા માગો છો તેને બરાબર ન જાણતા હો, જો તમે જે કહેવા માગતા હો તેને જ સમજવાની કોશીશ કરતા હો, અને જો સાંભળનારનું ધ્યાન પૂરતું સાવધાન ન હોય અથવા તેનું ધ્યાન બીજા કશામાં

પરોવાયેલું હોય, તો તમે બે જણ કલાકો સુધી વાતો કર્યા કરો, અને છતાં તમે એકબીજાને જરા પણ સમજી નહિ શકો!

હકીકતમાં, ઘણીવાર આમ જ બનતું હોય છે. જ્યારે તમે બીજાઓની ચેતનામાં તમે જે કહેવા માગતા હો તેનું પરિણામ જોઈ શકો, ત્યારે તમને વિકૃત બનાવતાં દર્પણોમાં જોયા જેવી લાગણી થાય છે. તમે વિકૃત બનાવતાં દર્પણો કદી નથી જોયાં? તે દર્પણો તમને વધારે ઊંચા અથવા વધારે જાડા બતાવતાં હોય છે, તમારા એક ભાગને મોટો અને બીજા ભાગને નાનો બતાવતાં હોય છે. તમને તમારું કટાક્ષ ચિત્ર જોવાનું મળતું હોય છે. બરાબર આવું જ બનતું હોય છે. તમે કહ્યું હોય તેનું બેહૂદું કટાક્ષચિત્ર તમને બીજી વ્યકિતની ચેતનામાં નજરે પડે છે. માણસો કલ્પી લેતા હોય છે કે અમે એકબીજાને સમજી લીધા, કારણકે તેમણે શબ્દોનો અવાજ સાંભળ્યો હોય છે; પણ તેઓ એકબીજા સાથે કશો વ્યવહાર આપણે કદી જોયો નથી.

એટલે, જો તમે માનસિક પદાર્થ તત્ત્વ ઉપર થોડી ઘણી પણ અસર પાડવા માગતા હો, તો પ્રથમ તો તમારે સ્પષ્ટ રીતે વિચાર કરતાં શીખી લેવું જોઈએ, એવા શબ્દમય વિચાર નહિ કે જે શબ્દો પર આધાર રાખતો હોય, પણ એવો વિચાર કે જે શબ્દો વિના ચલાવી શકે, જેને શબ્દો વિના સમજી શકાય, જે એક હકીકત સાથે સુસંગત હોય, ચેતનાની સ્થિતિ બાબતની હકીકત અથવા જ્ઞાનની હકીકત શબ્દો વગર વિચાર કરવાનો પ્રયત્ન કરો, તમે કયાં છો તે તમને સમજાઈ જશે.

તમે તેમ કરવા કદી પ્રયત્ન નથી કર્યો? તો પછી પ્રયત્ન કરો.

તમે બીજાને જે મોકલી આપવા માગો છો તેની તમને તદ્દન સ્પષ્ટ અને નિશ્ચિત સમજ છે, તે અમુક ખાસ રીતે આકંપન પેદા કરે છે, તેનામાં માનસિક પદાર્થતત્ત્વને રૂપ આપવાની શકિત છે, પછી માનવ ટેવોને માન આપવા ખાતર તમે તેની આસપાસ અમુક સંખ્યામાં શબ્દોને સંગઠિત કરો, ચેતનાના આકંપનને શાબ્દિક રૂપ આપો. પણ શાબ્દિક રૂપ તદ્દન ગૌણ છે. તે એક પ્રકારનું આચ્છાદન છે, વિચારની શકિત માટે તે એક ગ્રામ્ય આચ્છાદન છે.

શબ્દો કોણ પૂરા પાડતું હોય છે.

ઓહ, ના. સ્પષ્ટ રીતે વિચાર કરો. હું તમને સમજી શકતી નથી. તમારા શબ્દો રૂના ઝંઝાવાત જેવા આવતા લાગે છે ને મને અર્થ શૂન્ય લાગે છે.

હું સમજ્યો, વિચાર રૂપ ધારણ કરે ત્યારે પહેલાં શબ્દ આવતો હોય છે.

તદ્દન સાચું !

વિચારની આ શક્તિના દૃષ્ટાંતને ભાષા પરનું પ્રભુત્વ, ભાષાની દેણ કહેવામાં આવતી. હકીકતમાં, આ ઘટના બની છે, હજી પણ તે બની શકે તેમ છે તમે શબ્દોથી સ્વતંત્ર રીતે વિચાર કરો તેને જ હું વિચાર કહું છું, વસ્તુઓનું સ્પષ્ટ દર્શન રાખો, તે દર્શનને બીજા પ્રત્યે મોકલી આપવાની શક્તિ પ્રાપ્ત કરો, ચેતનાની આ ઘટનાને બીજામાં મૂકી આપી શકાય છે. ધારો કે તમે ભિન્નભિન્ન ભાષાઓ બોલતા માણસોના નાના મોટા સમૂહમાં છો, પણ તે બધા એક જ ભાષામાં વિચાર કરવા ટેવાયેલા છે. કારણ કે તે રીતે જ તેમનો ઉછેર થયો હતો. પણ તમે તમારી દર્શનાનું, સમજનું, વસ્તુઓની અનુભૂતિના આકંપનનો વિસર્ગ કરો છો. શ્રોતાઓનું ધ્યાન ખેંચવા માટે તમે થોડાક શબ્દો ઉચ્ચારો છો ગમે તે ભાષામાં, તમને પરિચિત હોય તે ભાષામાં; તે બહુ મહત્ત્વનું નથી, પણ તમારી દર્શના અને પ્રગટીકરણ એટલાં નિશ્ચિત છે કે તે સીધી રીતે બીજાઓના મસ્તિષ્કમાં મોકલી શકાય, અને તેમના મસ્તિષ્કમાં તે દર્શનાનો, પ્રગટીકરણનો તેમની ભાષામાં અનુવાદ થઈ જાય. એટલે બાહ્ય રીતે તમે ફ્રેન્ચ અથવા અંગ્રેજીમાં બોલતા હો, પણ દરેક શ્રોતા પોતાની ભાષામાં તે સમજી જતો હોય છે. લોકોને આ વાત પરીકથા જેવી લાગે; પણ તે પરીકથા નથી. જ્યારે માણસ વિચારના પ્રદેશમાં જાય છે, ત્યારે આ વાત સહેલાઈથી સમજી શકાય તેવી છે, લગભગ પ્રાથમિક અવસ્થાની છે. યાદ રાખો હું અતિમાનસિક વસ્તુઓની વાત નથી કરતી. તે અતિમાનસિક શક્તિ નથી. તે માત્ર વિચારનો સાચો પ્રદેશ છે. અર્થાત, તમે વિચારની શરૂઆત કરો છો.

જો તમારા શ્રોતાઓ પણ વિચાર કરતા હોય, તો તે ઘટના આપોઆપ બને. સાચી રીતે વિચાર કરનાર માણસો બહુ થોડા હોય છે. પણ જ્યારે તેઓ ખૂબ શક્તિપૂર્વક વિચાર કરતા હોય છે, ત્યારે તે ઉપરછલ્લી અને પાર્થિવ દર્શનામાં આવતાં વિઘ્નોને તોડી ફોડી નાંખતા હોય છે, તે વિચાર આમ (વળાંક બતાવતો અભિનય) ઉપર ચઢતો હોય છે. તે ઉચ્ચતર દર્શનાના પ્રદેશમાં જાય છે અને પછી તે દરેક શ્રોતા પર, તેની પોતાની ભાષાના પ્રદેશમાં, પાછો ઉતરતો હોય છે. પછી

દરેક જણ, પોતાની અનુભૂતિની દિલ સચ્ચાઈપૂર્વક કહે છે કે મને માફ કરો, તે આ ભાષામાં બોલે છે; બીજો કહે છે કે ના, ના, તે આ બીજી ભાષામાં બોલે છે. હકીકતમાં, દરેક જણની વાત સાચી છે. તે વકતા તો તે હંમેશાં જેમાં બોલતો હોય છે તે જ ભાષામાં બોલતો હતો. અથવા બીજી કોઈ એક યા બે ભાષાઓમાં બોલતો હતો. પણ તે વિચાર આમ કરતો હોય છે (તે જ અભિનય), અને તે વિચાર આમ, રેડિયોનાં મોજાની પેઠે, આમ પડતો હોય છે.

આપણે તેને માટે પ્રયત્ન કરીશું. હું તમને કાંઈક કહેવા માગું છું, તમે તે સમજી શકો છો કે નહિ તે આપણે જોઈશું.

*

(ધ્યાન)

૧૨ માર્ચ ૧૯૫૮

"વૈશ્વિક પ્રકૃતિમાં ઉત્ક્રાન્તિને કારણે જે નિગૂઢ ચેતનાનો ઉભરો આવ્યો, તેને કારણે નવીન માનવનો આવિર્ભાવ થયો, એમ આપણે ચેતનાની દૃષ્ટિએ કારણ આપી શકીએ. પણ તેમ માનીએ તો, માનવના આવિર્ભાવ માટે વાહન તરીકે કોઈ ભૌતિક રૂપ પડેલું હોવું જ જોઈએ. તે વાહન નવીન આંતર સર્જનની જરૂરિયાતો માટે અનુકૂળ બને તે રીતે તે આવિર્ભાવની શકિતએ તેને પોતાને અનુરૂપ બનાવ્યું હોવું જોઈએ. જો એમ ન બન્યું હોય, તો પહેલાંની ભૌતિક ટાઈપો–નમૂનાઓમાંથી એક ઝડપી બનેલાં ફેરફારે કોઈ નવીન સત્ત્વને અસ્તિત્ત્વમાં લાવ્યું હોવું જોઈએ. તે બેમાંથી ગમે તે એક વાતને સ્વીકારીએ તો પણ, તેનો અર્થ ઉત્ક્રાન્તિમય પ્રક્રિયા થાય છે; માત્ર ફેરફાર અથવા પરિવર્તનની પદ્ધતિમાં અને મશીનરીમાં તફાવત છે. અથવા તો આપણી ઊર્ધ્વમાંની માનસિક ભૂમિકામાંથી અવતરણ થયેલું હોવું જોઈએ, ઉભરો નહિ. કદાચ પાર્થિવ પ્રકૃતિમાં આત્માનું અથવા માનસિક સત્ત્વનું અવતરણ થયું હોવું જોઈએ. પણ તે વાત સ્વીકારીએ તો મુશ્કેલી એ આવે કે માનવ શરીરનું પ્રાગટય, જે શરીરનું સર્જન બહુ જટિલ અને મુશ્કેલ છે તે એકદમ કેવી રીતે બની શકે? પ્રક્રિયાની તે પ્રકારની ચમત્કારિક ઝડપ અતિભૌતિક ભૂમિકા પર શકય હોઈ શકે, પણ ભૌતિક શકિતની શકયતા-

એથી તે બહારની વાત છે. તે માત્ર અતિભૌતિક શકિતની, અથવા પ્રકૃતિના નિયમની, અથવા પદાર્થ તત્ત્વ પર સીધી રીતે, સમગ્ર શકિત પૂર્વક કાર્ય કરતા અર્થક મનની દરમિયાનગિરિ વડે જ શકય બને. પદાર્થ તત્ત્વમાં દરેક નવીન આવીર્ભાવ માટે, અતિભૌતિક શકિતને અને સર્જકને માની શકાય. તેવો દરેક આવિર્ભાવ પાયામાં એક ચમત્કાર હોય છે, જેને નિગૂઢ પ્રાણ શકિત અથવા મન શકિત વડે ટેકો અપાયેલી નિગૂઢ ચેતના પેદા કરતી હોય છે. પણ તેનું કાર્ય કયાંય પણ સીધું, નિગૂઢ, અથવા સ્વપર્યાપ્ત દેખાતું હોતું નથી. તે પહેલાં સિદ્ધ થયેલા ભૌતિક પાયા પર મૂકવામાં આવે છે, અને તે પ્રકૃતિની કોઈ સ્થાપિત પ્રક્રિયાના વિસ્તૃતીકરણ વડે કાર્ય કરે છે. કોઈક વિદ્યમાન શરીર અતિભૌતિક ધસારા પ્રત્યે ખુલ્લું બન્યું હોય અને તેથી તે એક નવીન શરીર બની ગયું હોય એ માનવા જેવી વાત છે. પણ ભૌતિક પ્રકૃતિના ભૂતકાળના ઈતિહાસમાં તેવી કોઈ ઘટના બની હશે, એમ સહેલાઈથી ન માની લઈ શકાય. તેને માટે એમ માનવું પડે કે કોઈક અદૃશ્ય માનસિક સત્ત્વે પોતાને રહેવા માટે તે શરીરનું નિર્માણ કર્યું હશે, અથવા ખુદ પદાર્થતત્ત્વમાં માનસિક સત્ત્વનો પહેલાં તેવો કોઈ વિકાસ થયો હશે, જે સત્ત્વે અતિભૌતિક શકિત પ્રાપ્ત કરી હશે અને તે શકિતને તેણે પોતાના ભૌતિક અસ્તિત્વની કડક અને સંકુચિત ફોર્મ્યુલાઓ ઉપર લાદી હશે. નહિ તો આપણે એમ માનવું પડશે કે પહેલાં જ એવું એક ઉત્ક્રાન્તિ થયેલું શરીર હોવું જોઈએ, કે જે પોતામાં માનસિક સત્ત્વના અવતરણને પ્રત્યુત્તર આપી શકે, વિશાળ માનસિક ધસારાને સ્વીકારી શકે એટલું મુલાયમ અને સમર્થ હોય. પણ તેમ બનવા માટે, પહેલાં શરીરમાં મનની એવી ઉત્ક્રાન્તિ થઈ હોવી જોઈએ, કે જેથી તે સ્વીકાર શકય બને. એ માની શકાય તેવી વાત છે કે પાર્થિવ પ્રકૃતિમાં માનવના પ્રાગટયની બાબતમાં, નીચેથી એવી ઉત્ક્રાન્તિ પણ થઈ હોય અને ઉપરથી એવું અવતરણ પણ થયું હોય. પશુમાં કયારનાયે રહેલા ચૈત્ય તત્ત્વે મનોમય પુરૂષને જીવંત પદાર્થ-તત્ત્વના પ્રદેશમાં બોલાવ્યો હોય, જેથી કાર્ય કરતી પ્રાણિક, માનસિક શકિતને લઈને તેને ઉચ્ચતર માનસિકતામાં સ્થાપી આપે. પણ છતાંય આ ઉત્ક્રાન્તિની જ પ્રક્રિયા છે, જેમાં પાર્થિવ પ્રકૃતિમાં પોતાના જ તત્ત્વના પ્રાગટયને અને વિસ્તૃતીકરણને સહાય રૂપ થવા માટે ઉચ્ચતર ભૂમિકાએ દરમિયાનગિરિ કરી હોય."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૩૯-૪૦)

સમસ્યાની મુશ્કેલી એ છે કે માત્ર માનસિક સત્ત્વ જ રૂપાંતરની અને સર્જનની પ્રક્રિયામાં રસ લઈ શકે, અને પશુ જાતિમાં રહેલી માનસિક ચેતના આ પ્રક્રિયામાં રસ લેવા માટે પર્યાપ્ત ન હતી.

પશુઓ પાસે જે બનતું હતું તે જોવામાં, વિચારવાનાં અને યાદ રાખવાનાં સાધનો ન હતાં. તેથી પૃથ્વીના ઈતિહાસનો તે ભાગ લગભગ નષ્ટ થઈ ગયો છે. આ રૂપાંતરના ક્રમને અનુસરી શકાય અને તેની સ્મૃતિ સંધરી શકાય તે માટે માનવના જેવી માનસિક શક્તિએ દરમિયાનગિરી કરવી જોઈએ. હકીકતમાં, યાદ રાખવામાં આવતું હોય છે તેના કરતાં વધારે કલ્પી લેવામાં આવતું હોય છે. એ વાત સ્પષ્ટ છે કે, ચૈત્ય સત્ત્વ તે બધામાંથી પસાર થયું છે, પણ તેણે તેની માનસિક સ્મૃતિ રાખી નથી. ચૈત્ય સત્ત્વની સ્મૃતિ ચૈત્યિક હોય છે, ભિન્ન પ્રકારની હોય છે. તે માનસિક સ્મૃતિ જેવી ઐતિહાસિક નથી હોતી; માનસિક સ્મૃતિ બધી ઘટનાઓનું નિશ્ચિત રેકોર્ડ રાખતી હોય છે.

પણ હવે આપણે નવીન રૂપાંતરના, નવીન પ્રાગટયના ઉંબરે આવી ત્યાં ઉભા છીએ. માનવ માનસિક સત્ત્વનાં અતિમાનસિક સત્ત્વમાં રૂપાંતરની પ્રક્રિયા આપણે જોવાના છીએ. એટલે, બધી ઘટનાઓને સમજતા અને તેમની નોંધ રાખતા, મનની આ ઐતિહાસિક શક્તિનો લાભ આપણે ઉઠાવી શકીશું, તે દૃષ્ટિબિંદુથી જોતાં પણ, અત્યારે જે ઘટના બની રહી છે તે પૃથ્વીના ઈતિહાસમાં તદ્દન અજોડ છે. જ્યારે આપણે આ રૂપાંતરની પ્રક્રિયાને અંત સુધી સમજીશું, ત્યારે આપણને પહેલાં થઈ ગયેલાં રૂપાંતરોની ચાવી હાથ લાગી જશે. તે પ્રક્રિયાની અત્યારની મનનું અતિ-મનસ્‌માં રૂપાંતરની પુનરાવૃત્તિ વખતે, આપણે અત્યારે જેને સમજવાની કોશીશ કરી રહ્યા છીએ, તે આપણે નિશ્ચિતરૂપે જાણી લઈ શકીશું.

એટલે અવલોકનની ખાસ શક્તિના વિકાસ માટે તમને નિમંત્રવામાં આવ્યા છે, જેથી આ બધું અર્ધ-સ્વપ્નમાં ન બને વસ્તુઓ કેવી રીતે બની તે જાણ્યા સિવાય જ તમે નવીન જીવનમાં જાગૃત થાઓ.

માણસે સાવધાન, પૂરા જાગૃત બનવું જોઈએ, નાનકડી માનસશાસ્ત્રીય ઘટનાઓમાં કોઈ નવીનતા રહી નથી, તેઓ માનવ ઈતિહાસની ભૂતકાળની વાતો બની ગઈ છે, તેમનામાં રસ લેવાને બદલે, આપણે મહત્તર મહત્ત્વવાળી વસ્તુઓ પ્રત્યે, વધારે સૂક્ષ્મ, બિન-અંગત, ખૂબ ખાસ રસ પડે તેવી નવીન શોધોની મધ્યમાં તમને મૂકી આપે તેવી, વસ્તુઓ પ્રત્યે ધ્યાન આપવાનું છે.

સૂક્ષ્મ બુદ્ધિની આંખો ખોલી દો, અને પસંદગી કે પૂર્વગ્રહ રાખ્યા સિવાય, અહંતા કે આસક્તિ રાખ્યા સિવાય, રોજ રોજ જે બને છે તેના તરફ નજર રાખો.

*

૧૯ માર્ચ ૧૯૫૮

"પછી એમ પણ માનવું જ રહ્યું કે, એકવાર એક શરીરમાં સ્થાપિત થયેલા ચેતનાની ટાઈપે (નમૂનાએ) તે ટાઈપના સત્ત્વના કાયદાને વફાદાર રહેવું જોઈએ, તેની યોજનાને અને સ્વભાવના નિયમને વફાદાર રહેવું જોઈએ. પણ એમ પણ સારી રીતે માની શકાય કે, માનવીય પ્રકારનો નિયમ પોતાથી અધિક બનવા પ્રત્યેનો આવેગ હોય છે, માનવની આધ્યાત્મિક શક્તિઓમાં સચેતન રૂપાંતર માટેનાં સાધનો આપવામાં આવેલાં છે. સર્જક શક્તિએ જે યોજના પર માનવનું નિર્માણ કર્યું છે, તેના ભાગ તરીકે તેને એવી શક્તિ પણ આપવામાં આવી છે. એમ પણ માની શકાય કે, માણસે અત્યાર સુધી મોટે ભાગે પોતાના સ્વભાવના વર્તુલમાં જ કાર્ય કર્યું છે, કેટલીક વાર તે નીચે ઉતર્યો છે અને કેટલીક વાર ઉપર ચઢયો છે. આ તેની પ્રકૃતિ-ગતિની ચઢ-ઉતર છે, તેમાં પ્રગતિ સીધી રેખામાં થતી હોતી નથી, પોતાની ભૂતકાળની પ્રકૃતિથી નિઃશંક રીતે, યાયાભૂત-મૌખિક રીતે તે પર જઈ શક્યો નથી. તેણે પોતાની શક્તિઓને તીક્ષ્ણ, સૂક્ષ્મ, વધારે જટિલ, અને મુલાયમ બનાવીને તેમનો ઉપયોગ કર્યો છે. એમ ન કહી શકાય કે, માનવે પોતાના પ્રાગટય પછી અથવા તો તાજેતરના નક્કી કરી શકાય તેવા ઈતિહાસમાં પ્રગતિ નથી કરી, કારણકે પ્રાચીનો ગમે તેટલા મહાન હતા, તેના સર્જનો અને સિદ્ધિ ગમે તેટલા મહાન હતાં. તેમની આધ્યાત્મિક શક્તિઓ, બુદ્ધિની તથા ચારિત્ર્યની શક્તિઓ ગમે તેટલી મહાન હતી; પણ પાછળના વિકાસમાં સૂક્ષ્મતા, જટિલતા, જ્ઞાનનો અનેકવિધ વિકાસ, તેની સિદ્ધિઓની શક્યતા, રાજકારણ, સમાજકારણ, જીવન, વિજ્ઞાન, તત્ત્વ ચિંતન, કલા, સાહિત્ય, સર્વ પ્રકારનું જ્ઞાન આ બધામાં આપણને પ્રગતિ નજરે પડે છે. પ્રાચીનો કરતાં આધુનિક માનવમાં આધ્યાત્મિક પ્રયાસ થોડો, આધ્યાત્મિક શક્તિ થોડી હશે એ બનવાજોગ છે. પણ અત્યારે સૂક્ષ્મતા, મુલાયમતા, ઊંડાણોનો ભાગ લેવાની શક્તિ, સંશોધનનો વિસ્તાર વધતાં ચાલ્યાં છે. ઉચ્ચ પ્રકારની સંસ્કૃતિમાંથી પતનો થયાં છે; અમુક પ્રકારની અસ્પષ્ટતામાં ઝડપી, થોડા સમય માટેનું પતન

થયું છે; આધ્યાત્મિક આવેગ મંદ પડી ગયો છે; જંગલી પ્રાકૃતિક ભૌતિકવાદમાં ડૂબકી મારવામાં આવી છે; પણ આ બધા અલ્પસ્થાયી દૃશ્યો છે, પ્રગતિનો નીચાણ તરફ થોડાક સમય માટેનો વળાંક છે. આ પ્રગતિ માનવજાતિને પોતાનાથી પર લઈ જઈ શકી નથી. તેણે માનસિક સત્ત્વનું રૂપાંતર સાધી આપ્યું નથી. પણ તેની આશા પણ રાખી શકાય નહિ, કારણકે ઉત્ક્રાન્તિમય પ્રકૃતિનું પ્રથમ કાર્ય હોય છે, સત્ત્વની અને ટાઈપની ચેતનામાં તેની શક્તિનો યથાશક્ય વધારેમાં વધારે વિકાસ સાધવો, અને તેમાં એવી સ્થિરતા અને વધતી જતી જટિલતા લાવવી, કે જેથી તે પોતાના કોચલાને ભાંગી દઈ શકે. પરિપકવ નિશ્ચયાત્મક પ્રાગટય થાય, ચેતના પોતાની જાત પ્રત્યે પાછી વળે જે ઉત્ક્રાન્તિની નવીન સ્થિતિ-અવસ્થા હોય છે. જો એમ માનવામાં આવે કે હવે પછીનું માનવનું પગલું આધ્યાત્મિક અને અતિમાનસિક સત્ત્વ બનવા પ્રત્યે હશે, તો માનવજાતિમાં આધ્યાત્મિકતા પર મૂકાતો ભાર, પ્રકૃતિનો તે પ્રકારનો ઈરાદો છે એની, સાબિતી ગણાય, માનવમાં પણ પોતાનામાં રૂપાંતર સાધવાની અથવા પ્રકૃતિના રૂપાંતર માટેના કાર્યમાં મદદ કરવાની શક્તિ છે એની સાબિતી ગણાય. જો પશુમાં વાનર જેવી ટાઈપનો જે ઘણી બાબતો માં માનવને મળતો આવે છે, પ્રાદુર્ભાવ એ માનવીય ઉત્ક્રાન્તિની પદ્ધતિ હતી, તો એમ માની શકાય કે માનસિક પશુ જેવો માનવ આધ્યાત્મિક ટાઈપનું સત્ત્વ બની શકે તેનામાં આધ્યાત્મિક અભીપ્સા હોય; અને આધ્યાત્મિક અથવા અતિમાનસિક સત્ત્વના ઉત્ક્રાન્તિમય પ્રાગટય માટે પ્રકૃતિની આ સ્પષ્ટ પદ્ધતિ છે એમ માની શકાય"

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૪૧-૪૨)

એક વાત સ્પષ્ટ દેખાય છે કે માનવજાતિ એક સામાન્ય તનાવની સ્થિતિએ પહોંચી છે. તેના કાર્યમાં, પ્રયાસમાં. દૈનિક જીવનમાં તનાવ જ નજરે પડે છે. તે ખૂબ ખૂબ વધારે કાર્યમાં ગુંથાયેલી રહે છે, વિસ્તૃત ધ્રાજરીમાં જીવે છે. તે એક એવે તબક્કે આવી પહોંચી છે કે કાંતો તેણે પ્રતિરોધને તોડી ફોડી નાંખીને એક નવીન ચેતનામાં પહોંચી જવું જોઈએ, અને નહિ તો તેણે અંધકારની અને જડતાની ખાઈમાં ફેંકાઈ જવું જોઈએ.

આ તનાવ એટલો બધો પરિપૂર્ણ અને વિસ્તૃત છે કે કશાકે તો ભાંગી પડવું જ રહ્યું. આમ વધારે વખત ચાલી શકે નહિ. આપણે તેને એક ચોક્કસ

ચિહ્નરૂપે માની શકીએ કે પદાર્થતત્ત્વમાં કોઈ નવીન શકિત, નવી ચેતના પ્રવેશી રહી છે, જે પોતાના દબાણ વડે આ તીવ્ર સ્થિતિને પેદા કરી રહી છે. બાહ્ય રીતે, આપણે એની અપેક્ષા રાખી શકીએ કે પ્રકૃતિ જ્યારે ઊથલ પાથલ લાવવા માટે છે, ત્યારે તે આવી કોઈ જૂની પદ્ધતિ અખત્યાર કરતી હોય છે. પણ આમાં એક નવીન લક્ષણ છે, જે માત્ર થોડા આગળ વધેલા લોકોને જ દેખાતું હોય છે. પણ એવા આગળ વધેલા લોકો પણ એક જગ્યાએ રહેલા નથી ; આખા જગતમાં, બધા દેશોમાં તેઓ ફેલાઈ ગયેલા છે. તેમનામાં એક નવીન, ઉચ્ચતર, પ્રગતિશીલ ઉકેલ લાવવાનો સંકલ્પ છે; વધારે વિશાળ, સર્વ-સમાવેશક પરિપૂર્ણતા લાવવાનો પ્રયાસ છે.

વધારે વિશાલ, સામૂહિક પ્રકારના અમુક સામાન્ય વિચારો કાર્યાન્વિત કરવામાં આવે છે. જગતમાં તેઓ કાર્ય કરી રહ્યા છે. બંને વસ્તુઓ સાથે સાથે છે : મહત્તર અને વધારે સમગ્ર સંહારની શકયતા, સંહારના સંકટની શકયતાને વધારી મૂકે તેવી વગર વિચારી શોધખોળો જે સંહાર ભૂતકાળના કોઈ પણ સંહાર કરતાં વધારે ખતરનાક હશે. અથવા તો ઉચ્ચતર અને વધારે વિશાળ વિચારોનો તથા સંકલ્પનાં કાર્યોનો જન્મ અથવા પ્રાદુર્ભાવ, જે પહેલાં કરતાં વધારે વિશાળ, વિસ્તૃત પરિપૂર્ણ ઉપાય લઈ આવશે.

વધારે પરિપૂર્ણ અને દિવ્ય સાક્ષાત્કાર માટે આરોહણ કરતી ઉત્ક્રાન્તિનાં આ રચનાત્મક બળો વચ્ચેનો અને વધારે સંહારક, કાબૂ બહારનાં, પાગલ બનેલાં બળોની વચ્ચેનો આ સંઘર્ષ એટલો બધો સ્પષ્ટ અને દૃષ્ટિગોચર છે કે જાણે તે બળોની વચ્ચે, કોણ ધ્યેયને પહેલું પહોંચશે તે બાબતની હરીફાઈ ચાલી રહી હોય એમ લાગે છે. એમ લાગે છે કે પ્રાણિક જગતનાં બધાં વિરોધી, અદિવ્ય બળો પૃથ્વી પર નીચે ઉતરી આવ્યાં છે, તેમણે પૃથ્વીને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી દીધું છે; અને તેની સાથે સાથે એક નવીન જીવન પ્રગટાવવા માટે, પૃથ્વી ઉપર એક નવીન, ઉચ્ચતર, વધારે શકિતશાળી આધ્યાત્મિક બળ પણ નીચે ઉતરી આવ્યું છે. એને લઈને સંઘર્ષ વધારે તીવ્ર, વધારે બળ યુક્ત, વધારે દૃષ્ટિગોચર બન્યો છે; પણ તે વધારે નિશ્ચયાત્મક બન્યો છે, અને તેથી આપણે વહેલા ઉકેલને પ્રાપ્ત કરવાની આશા રાખી શકીએ.

થોડાક સમય પૂર્વે માનવની આધ્યાત્મિક અભીપ્સા મૌન, નિષ્ક્રિય શાન્તિ તરફ વળી હતી. તે સર્વ જગતની વસ્તુઓથી વિમુખ, અનાસક્ત હતી. તે જીવનમાંથી ભાગી જવાની ભાગેડુ વૃત્તિ હતી, જેથી યુદ્ધમાંથી ઉગરી જવાય, પ્રયાસ-

માંથી છટકી જવાય. તેવી આધ્યાત્મિક એક શાન્તિ હતી, જેમાં બધા બનાવ, સંઘર્ષ, પ્રયાસ બંધ પડી જતાં હતાં, સર્વ પ્રકારનાં દુ:ખોનો અંત આવી જતો હતો. આને જ આધ્યાત્મિક અને દિવ્ય જીવનની સાચી અને એક માત્ર અભિવ્યકિત માનવામાં આવતી હતી. તેને ભગવાનની કૃપા, ભગવાનની મદદ, ભગવાનની દરમિયાનગિરી માનવામાં આવતી હતી. અત્યારે પણ, આ વ્યથાના બનાવના સંઘર્ષના યુગમાં પણ, આ પરમ શાન્તિ ખૂબ મદદ રૂપ બની શકે, માણસોને આશ્વાસન અને આશા આપી શકે. ઘણા લોકો હજી પણ તેને ભગવાનની કૃપા, ભગવાનની દરમિયાનગિરીનું ચિહ્ન માને છે.

હકીકતમાં, માણસ ગમે તે સિદ્ધિ પ્રાપ્ત કરવા માગતો હોય, પણ આ પરિપૂર્ણ અને અપરિવર્તનીય શાન્તિની સ્થાપનાથી જ તેણે શરૂઆત કરવી પડશે; તે પાયા ઉપર તેણે કાર્ય કરવું પડશે. પણ જો માણસ અંગત, અહંતાપૂર્ણ, બીજી વસ્તુઓને બાકાત રાખનારી મુકિતનું સ્વપ્ન સેવતો નહિ હોય, તો તે ત્યાં અટકી જઈ શકશે નહિ. ભગવાનની કૃપાની એક બીજી બાજૂ છે, જે સર્વ વિઘ્નો ઉપર વિજય પ્રાપ્ત કરશે, માનવ જાતિને નવીન સાક્ષાત્કાર માટે આવેગ આપશે, નવીન જગતનાં દ્વાર ખોલી નાંખશે, અને દિવ્ય સાક્ષાત્કારનો લાભ થોડા પસંદ કરાયેલા માણસોને જ નહિ આપે, પણ તેમની અસર, તેમનું દૃષ્ટાંત, તેમની શકિત બાકીની માનવ જાતિને પણ નવીન, વધારે સારી સ્થિતિમાં લાવી મૂકશે.

આ ભાવિમાં સાક્ષાત્કારના નવા માર્ગો ખોલી આપે છે, જેમની શકયતાઓની આગાહી થઈ ચૂકી છે. તેમાં નવીન શકિતઓ પ્રત્યે, સભાનતાપૂર્વક અથવા અભાનતાપૂર્વક, ખુલ્લા બનેલા માનવ જાતિના સમગ્ર ભાગો ઉચ્ચતર, વધારે સંવાદમય, વધારે પરિપૂર્ણ જીવનમાં ઊર્ધ્વગતિ કરશે. જો વ્યકિતગત રૂપાંતર હંમેશાં શકય નહિ હોય, અથવા તેને મંજૂરી નહિ અપાની હોય, તો પણ એક પ્રકારનું જન સમૂહનું ઊર્ધ્વીકરણ થશે, સમગ્રની સંવાદમયતા સ્થપાશે, જેથી નવીન વ્યવસ્થા, નવીન સંવાદિતા સર્જાશે, અત્યારનાં અવ્યવસ્થા અને સંઘર્ષ અદૃશ્ય થશે અને તેમની જગ્યાએ એવી વ્યવસ્થા આવશે, જે સમગ્રના સંવાદમય કાર્યને છૂટ આપશે.

એનાં બીજાં પરિણામો આવશે; જે જીવનમાં મનની દરમિયાનગિરીથી પેદા થયાં છે, તે વિકૃતિઓને, કદ્રુપતાને, જે વિકૃતિઓએ દુ:ખો, કષ્ટ, નૈતિક દરિદ્રતા, અધમ જુગુપ્સાજનક કષ્ટો પેદા કર્યા છે અને જીવનને આટલું બધું ભયંકર

બનાવી દીધું છે તે બધાંને તે દૂર કરશે. તેમણે અદૃશ્ય થઈ જવું જ જોઈએ. આ વસ્તુઓ માનવ જીવનને પશુ જીવન કરતાં પણ વધારે ખરાબ બનાવી મૂકે છે. બધું હોવા છતાં, પશુઓમાં સરળતા હોય છે, સ્વાભાવિક સ્વયંભૂપણું હોય છે, સંવાદિતા હોય છે. માનવ જીવનમાં જેટલું હોય છે, તેટલું દુઃખ પશુ જીવનમાં કષ્ટમય અને શુદ્ર નથી હોતું. માનવોમાં ખૂબ વિકૃતિ આવી ગયેલી છે, તેમણે પોતાની માનસિકતાનો ઉપયોગ માત્ર અહંતાપૂર્ણ જરૂરિયાતોની સેવામાં જ કર્યો હોય છે.

આપણે પ્રકાશમાં અને સંવાદિતામાં ઉપર ચઢવું જોઈએ, અને નહિ તો પશુ જીવનની સરલતામાં, આરોગ્યપ્રદ અવિકૃતતામાં પાછા જવું જોઈએ.

(જ્યારે આ વાર્તાલાપો પહેલી વાર ૧૯૫૮માં પ્રગટ થયો હતો, ત્યારે માતાજીએ "નવીન શક્તિઓના કાર્ય વડે માનવ જાતિના સમગ્ર ભાગને ઉંચે લઈ જવાના કાર્ય" ઉપર નીચેની નોંધ ઉમેરી હતી.)

પણ જે લોકોને ઊંચે લઈ જઈ શકાય તેમ નથી, કે જે પ્રગતિ કરવાની ના પાડે છે, તેઓ આપોઆપ માનસિક ચેતનાનો ઉપયોગ ગુમાવી બેસશે, અને માનવ નીચેની પશુ કોટીમાં સરી પડશે.

હું તમને મને થયેલી એક અનુભૂતિ વિષે કહીશ. તેથી તમે આ વાતને વધારે સારી રીતે સમજી શકશો. ૩ જી ફેબ્રુઆરીની,[૧] અતિમાનસિક અનુભૂતિ પછી થોડા જ સમયમાં મને આ અનુભૂતિ થઈ હતી. ૩ જી ફેબ્રુઆરીની અનુભૂતિ પછી, હું ભૌતિક જગતની વસ્તુઓથી બહુ દૂર ચાલી ગઈ હતી; તે વસ્તુઓ મને વિચિત્ર લાગતી હતી. મુલાકાતીઓના એક સમૂહે મારી પાસે આવવાની રજા માગી હતી. એક સાંજે તેઓ ક્રીડાંગણમાં આવ્યા. તે લોકો શ્રીમંત હતા; જીવવા માટે જરૂરી કરતાં તેમની પાસે વધારે પૈસા હતા. તેમાંની એક નારીએ સાડી પહેરી હતી. તે ખુબ જાડી હતી. તેની સાડી ને એવી રીતે ગોઠવવામાં આવી હતી, કે જેથી તેનું શરીર ન દેખાય. જ્યારે તેમને પ્રણામ કરવા નીચે નમી, ત્યારે તેની સાડીનો એક છેડો ખસી ગયો. તેનું મોટું, જાડું પેટ દેખાયું, મને સાચે જ આઘાત થયો. એવા જાડાં માણસો હોય છે, જેમને જોઈને આપણને તેમના પ્રત્યે અણગમો થતો હોતો

---

૧ જુઓ ૧૯મી ફેબ્રુઆરીના વાર્તાલાપનું પરિશિષ્ટ.

નથી. પણ આ પેટમાં છુપાયેલી વિકૃતિ, કોહવાણ મેં જોયું. તે એક એવું મોટું ગુમડા જેવું લાગતું હતું, જે લોભને, દુર્ગુણને, અધમ પાપમય વૃત્તિને, નીચ કામને, વિકૃતિને અભિવ્યકત કરતું હતું. મેં આવી મનની વિકૃતિ જોઈ, જે ખૂબ સઘન વાસનાઓથી સેવા કરી રહી હતી. પછી ઓચિંતું મારામાંથી કશુંક ફૂદી પડયું–પ્રાર્થના જેવું, વેદ જેવું કે હે ભગવાન, આ વસ્તુ ચાલી જવી જોઈએ!

ભૌતિક દુ:ખ. આ જગતમાં અસમાન રીતે વહેંચાયેલા પદાર્થો બદલી શકાય છે, એ સારી રીતે સમજી શકાય તેવી વાત છે; તેના ઉપાય તરીકે આર્થિક અને સામાજીક ઉકેલોની કલ્પના કરી શકાય છે. પણ માનસિક દુ:ખમાં, પ્રાણિક વિકૃતિમાં ફેરફાર કરી શકાતો નથી, તે બદલાવા માગતું હોતું નથી. આ પ્રકારના મનુષ્યોનું પહેલેથી જ વિઘટન નિશ્ચિત બની ચૂકેલું હોય છે.

'મૂલના પાપ' નો આ અર્થ છે, મનથી શરૂ થતી વિકૃતિ.

માનવ–ચેતનાનો જે ભાગ અતિમનસ્ સાથે જોડાવા સમર્થ છે, પોતાની જાતની મુકિત મેળવવા સમર્થ છે, તેનું તો પરિપૂર્ણ રૂપાંતર થઈ જશે. તે ભાવિ વાસ્તવિકતા પ્રત્યે પ્રગતિ કરી રહ્યો હોય છે, જે હજી બાહ્ય રૂપમાં અભિવ્યકત થયો હોતો નથી. જે ભાગ પ્રકૃતિની ખૂબ ખૂબ વધારે નજીક છે, પશુની સરલતાની ખૂબ પાસે છે, તે પ્રકૃતિમાં પાછો મળી જશે; પ્રકૃતિ તેનું પૂર્ણ આત્મસાત્કરણ કરી લેશે. પણ માનવચેતનાનો દુષિત ભાગ, જે મનના દુરૂપયોગ દ્વારા વિકૃતિને આવવાની છૂટ આપે છે, તે તો દૂર થશે જ.

આ પ્રકારનો માનવ એક નિષ્ફળ પ્રયાસ છે, જેને દૂર કર્યે જ છૂટકો, જેવી રીતે બીજી નિષ્ફળ જાતિઓ વૈશ્વિક ઈતિહાસના ક્રમમાં અદૃશ્ય બની ગઈ છે તેમ.

ભૂતકાળના કેટલાક પયગંબરોમાં આ નિગૂઢ દર્શના હતી. પણ સામાન્ય રીતે બને છે તેમ, વસ્તુઓ સંમિશ્રિત હતી. તે પયગંબરોને પોતાની નિગૂઢ દર્શનાની સાથે સાથે અતિમાનસિક જગતનું દર્શન થયું ન હતું, જે સંમતિ આપનાર માનવોનું ઊર્ધ્વીકરણ કરવા માટે અને આ ભૌતિક જગતનું રૂપાંતર કરવા માટે આવશે, એટલે માનવ ચેતનાના આ વિકૃત ભાગમાં જન્મેલા લોકોને આશા આપવા માટે, તેમણે શ્રદ્ધા દ્વારા ઉદ્ધારનો માર્ગ બતાવ્યો. પદાર્થતત્ત્વમાં ભગવાનને પોતાનું જે બલિદાન આપ્યું છે, તેમાં શ્રદ્ધા રાખનાર લોકોનો બીજા જગતમાં ઉદ્ધાર

થશે ; પણ તે માત્ર શ્રદ્ધા દ્વારા જ, સમજ્યા વગર બુદ્ધિ વગર, તે પયગંબરોએ અતિમાનસ જગત જોયું નથી. તેઓ એ પણ સમજ્યા નથી કે પદાર્થતત્ત્વમાં ભગવાને પોતાની જાતનું આપેલું મહાન બલિદાન તે પોતાની અવક્રાન્તિ છે, જેની સિદ્ધ પદાર્થતત્ત્વમાં પોતામાં ભગવાનના સમગ્ર પ્રાગટયમાં થવી જોઈએ.

*

૨૬ માર્ચ ૧૯૫૮

" એમ યોગ્ય રીતે સૂચવવામાં આવ્યું છે કે, જો એવા ઉત્ક્રાન્તિમય શિખરનો ઈરાદો રાખવામાં આવ્યો હોય અને માનવ તેનું માધ્યમ બનવાનો હોય, તો થોડીક ખાસ ઉત્ક્રાન્ત થયેલી વ્યકિતઓ જ નવીન ટાઈપ બની શકે અને નવીન જીવન પ્રત્યે ગતિ કરી શકે. એક વાર તેમ બને, એટલે પછી બાકીની માનવજાતિ આધ્યાત્મિક અભીપ્સામાંથી પાછી નીચે સરી પડે, કારણકે પ્રકૃતિના હેતુ માટે તે વધારે સમય જરૂરી નહિ હોય, અને તે અભીપ્સા પોતાની સામાન્ય સ્થિતિમાં ચૂપકિદી પકડી પડી રહે, પણ એવો તર્ક પણ એક સરખી રીતે કરી શકાય કે, જો પુનર્જન્મ દ્વારા ઉત્ક્રાન્તિમય યાત્રાઓ વડે આત્માનું આરોહણ આધ્યાત્મિક શિખર પ્રત્યે થવાનું જ હોય, તો માનવ અવસ્થાક્રમ સચવાઈ રહેવો જોઈએ; નહિ તો ખૂબ જરૂરી એવાં વચગાળાનાં પગલાંનો અભાવ આવી જશે. એ વાત તો તરત જ કબૂલ રાખવી પડશે કે, સમગ્ર માનવજાતિ, એક સમૂહમાં, અતિમાનસ ભૂમિકા પર આરોહણ કરે તેવી શકયતા જરા પણ નથી. જે સૂચવવામાં આવ્યું છે તે એવું ક્રાન્તિપૂર્ણ અને આશ્ચર્યજનક નથી. પણ માનવીય માનસિકતામાં રહેલી શકિત જ્યારે અમૂક ભૂમિકાએ પહોંચશે અથવા ઉત્ક્રાન્તિમય આવેગમાં અમુક આગ્રહયુક્ત બિંદુએ પહોંચશે, ત્યારે તે ચેતનાની ઉચ્ચતર ભૂમિકા પ્રત્યે વેગપૂર્વક ગતિ કરશે અને અસ્તિત્વમાં તેને મૂર્તિમંત કરવા માટે પ્રયત્નશીલ થશે, એટલું જ સૂચિત કરવામાં આવ્યું છે. આ દેહધારણથી તે જાણે પોતાની પ્રકૃતિના સામાન્ય બંધારણમાં જરૂર પરિવર્તન લાવશે, તેનું માનસિક, વાણીમય, અને ઈન્દ્રિય-વિષયક બંધારણ પલટાઈ જશે; ઘણા મોટા પ્રમાણમાં શરીરચેતના અને આપણા જીવનની તથા શકિતઓની ભૌતિક સ્થિતિમાં ફેરફાર થશે. પણ ચેતનાનું પરિવર્તન પ્રધાન અંગ

બની રહેશે, પ્રારંભિક ગતિ બની રહેશે; શારીરિક પરિવર્તન ગૌણ અંગ, પરિણામરૂપ બની રહેશે. જ્યારે આત્માની જ્યોત, ચૈત્ય પ્રકાશ હૃદયમાં બળવાન બનશે અને પ્રકૃતિ તૈયાર થશે, ત્યારે માનવ માટે આ ચેતનાનું પરિવર્તન હંમેશાં શક્ય રહેશે. આધ્યાત્મિક અભીપ્સા માણસમાં સાહજિક છે, કારણકે, પશુમાં જે જોવામાં નથી આવતું તેથી ઊલટું, માણસને પોતાની મર્યાદાનું અને અપૂર્ણતાનું ભાન હોય છે, તે જાણતો હોય છે કે, અત્યારે પોતે છે તેના કરતાં કાંઈક અધિક તેને પ્રાપ્ત કરવાનું છે. આ આત્મઅધિકયનો આવેગ માનવ-જાતિમાં કદી મરી જાય તેવો સંભવ નથી. માનવીય માનસિક દરજ્જો હંમેશાં ત્યાં રહેવાનો છે; પણ પુનર્જન્મના સ્કેઈલમાં માત્ર માત્રા તરીકે જ નહિ રહે, પણ આધ્યાત્મિક અને અતિ-માનસિક દરજ્જા પ્રત્યે એક ખુલ્લા પગલા તરીકે રહેશે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૪૨-૪૩)

એ વાત સ્પષ્ટ છે કે, માણસનું ખાસ લક્ષણ પોતે જીવે છે તેનું અવલોકન કરવાની શકિત છે. પશુ આપોઆપ, સ્વયંભૂ રીતે જીવતું હોય છે. પોતે જીવે છે તેનું અવલોકન તે ખૂબ થોડા પ્રમાણમાં, નગણ્ય પ્રમાણમાં કરતું હોય છે. તેથી તે શાન્તિપૂર્વક જીવે છે, ચિંતા કરતું હોતું નથી. જો પશુ માંદગીને અથવા અકસ્માતને કારણે દુ:ખ ભોગવતું હોય છે, તો પણ તે તેનું અવલોકન કરી શકતું ન હોવાને કારણે તે દુ:ખ ખૂબ ઓછું બની જાય છે. તે તે દુ:ખનો વિસર્ગ પોતાની ચેતનામાં કે ભાવિમાં કરતું નથી, અકસ્માત અથવા માંદગી વિષે કલ્પનાઓ કરતું હોતું નથી.

માણસ શું બનશે તેની સતત ચિંતા કરતો હોય છે. તે ચિંતા જ તેના દુ:ખનું એક માત્ર કારણ નહિ, તો પ્રધાન કારણ હોય છે. આ વિષયગત ચેતનાને લીધે, ચિંતા, કષ્ટમય કલ્પનાઓ, દુ:ખ, ભાવિ સંકટોનો ભય વગેરેનો પ્રારંભ થતો હોય છે. તેનું પરિણામ એ આવે છે કે, ઘણાખરા માણસો, થોડાક સચેતન નહિ, પણ ખૂબ ખૂબ સભાન માણસો પણ સતત પીડામાં જીવતા હોય છે. માણસ એટલો બધો સચેતન છે, કે તે બેપરવા રહી શકે જ નહિ. શું બનશે તે જાણવા જેટલો તે સચેતન હોતો નથી. ભુલ વગર એમ કહી શકાય કે, પૃથ્વીનાં સર્વ પ્રાણીઓમાં માનવ સૌથી વધારે દુ:ખી પ્રાણી છે. માનવને તેવા બનવાની ટેવ પડી ગઈ છે, કારણ કે તે સ્થિતિ તેને તેના પૂર્વજો પાસેથી વારસામાં મળી છે. તે સાચે જ દુ:ખપૂર્ણ સ્થિતિ છે. માત્ર ઉચ્ચતર ભૂમિકા પર ઊર્ધ્વમાં જવાની આધ્યાત્મિક

શકિત વડે જ, પશુ-ચેતનાને સ્થાને આધ્યાત્મિક પર-ચેતના સ્થાપિત કરવા વડે જ, અસ્તિત્વમાં તેનું લક્ષ્ય જોવાની શકિત આવે છે, એટલું જ નહિ, પણ પોતાના પ્રયાસની સિદ્ધિને અગાઉથી જાણી લેવાની શકિત પણ આવે છે; તેનામાં ઉચ્ચતર આધ્યાત્મિક શકિતમાં સ્પષ્ટ દર્શનવાળો વિશ્વાસ પણ જાગે છે જે વિશ્વાસને તે પોતાનું સમગ્ર અસ્તિત્વ સમર્પિત કરી દઈ શકે છે, જેને તે પોતાના જીવનની જવાબદારી અને પોતાનું ભાવી સોંપી દઈ શકે છે, અને ચિંતા-મુક્ત બની શકે છે.

અલબત્ત, પશુની ભૂમિકામાં પાછા જવાનું અને પ્રાપ્ત કરેલી ચેતના ગુમાવી દેવાનું માણસ માટે અશકય છે. એટલે આ દુ:ખમય સ્થિતિમાંથી છુટકારો મેળવવાનો તેને માટે એક જ ઉપાય છે, અને તે એક કે ઉચ્ચતર સ્થિતિને પ્રાપ્ત કરવી, જેમાં ચિંતાને બદલે વિશ્વાસપૂર્ણ સમર્પણ અને તેજોમય સિદ્ધિ બાબતની ખાતરી પ્રાપ્ત થાય છે, આ ચેતનાનું પરિવર્તન કરવાનો માર્ગ છે.

સાચી રીતે કહીએ તો, જે અસ્તિત્વ માટે પોતે જવાબદાર નથી, જેની ચાવી પોતાની પાસે નથી, જેની સમસ્યાઓનો ઉકેલ આપી શકે, તેમાં માર્ગદર્શન આપી શકે તેવાં તંતુઓ જેનાં પોતાના હાથમાં નથી, તેવા અસ્તિત્વ કરતાં વધારે દુ:ખમય સ્થિતિ બીજી કોઈ ન હોઈ શકે. પશુ પોતાની આગળ સમસ્યાઓ ખડી કરતું હોતું નથી; તે માત્ર જીવતું જ હોય છે. તેની સાહજિક વૃત્તિ તેને પ્રેરે છે; તે સામૂહિક ચેતના પર આધાર–વિશ્વાસ રાખે છે, જે ચેતનામાં સાહજિક જ્ઞાન હોય છે અને જે ચેતના પોતાના કરતાં ઉચ્ચતર હોય છે. પણ તે બધું આપોઆપ, સ્વયંભૂ રીતે થતું હોય છે. તેને કોઈ બાબતનો સંકલ્પ કરવાની જરૂર પડતી હોતી નથી, તેને સિદ્ધ કરવા પ્રયત્ન કરવો પડતો હોતો નથી. તે પોતાના જીવન માટે જવાબદાર નથી, તેથી તે ચિંતા કરતું હોતું નથી. માણસને, જન્મતાંવેંત, પોતાના પર આધાર રાખવાની લાગણી જન્મતી હોય છે. પણ તેનું તેને જ્ઞાન ન હોવાથી, તે સતત ચિંતામાં જીવતો હોય છે. પોતાની ચેતના કરતાં ઉચ્ચતર ચેતનાને સંપૂર્ણ કરવાથી જ તેના દુ:ખનો અંત આવી શકે. તે ઉચ્ચતર ચેતનાને તે પોતાની જાત સોંપી શકે છે, પોતાની ચિંતાઓ તેને સોંપી દઈ શકે છે, પોતાના જીવનને દોરવાનું અને સર્વ વસ્તુઓનું સંગઠન કરવાની દરકાર તે તે ઉચ્ચતર ચેતનાને સોંપી દઈ શકે છે.

જો માણસમાં જરૂરી જ્ઞાન ન હોય, તો તે સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવી શકે ? કમનસીબી એ છે કે માણસ એમ માનતો હોય છે કે મારા જીવનની સમ-

સ્યાઓ મારે જ ઉકેલવાની છે. પણ તેમ કરવાનું જ્ઞાન તેની પાસે હોતું નથી. તેનાં બધાં દુ:ખોનું તે મૂળ કારણ છે. તે સતત એમ પૂછતો હોય છે કે મારે શું કરવું જોઈએ? તે પછી તેના મનમાં બીજો વધારે તીવ્ર પ્રશ્ન ઉઠતો હોય છે કે ભવિષ્યમાં શું બનશે? તે પ્રશ્નોનો જવાબ આપવાની શકિત તેનામાં હોતી નથી.

તેથી બધા આધ્યાત્મિક અભ્યાસકો કહે છે, કે પ્રથમ જરૂર છે સર્વ જવાબદારીઓ ભગવાનને સોંપી દેવાની, તેમના પર વિશ્વાસ રાખવાની; તે સિવાય શાન્તિ અશકય છે. અને છતાં માણસને ચેતના આપવામાં આવી છે. જેથી તે વિકાસ સાધી શકે, પોતે નથી જાણતો તેને શોધી કાઢી શકે, પોતે હજી જે નથી બન્યો તેમાં વિકાસ કરી શકે. એટલે એમ કહી શકાય કે જડ નિશ્ચેતન શાન્તિ કરતાં એક ઉચ્ચતર સ્થિતિ છે. તે પ્રગતિ કરવા માટેનો, પ્રગતિ માટે પ્રયાસ કરવા માટેનો સંકલ્પ ટકાવી રાખવા માટે ભગવાનમાં વિશ્વાસ હોવાની જરૂર છે. તેથી બધી ચિંતાઓથી માણસ મુક્ત બની જશે, શાન્તિવાદીઓની પદ્ધતિ કરતાં આમાં એક પગલું આગળ છે. શાંતિવાદીઓ તો સર્વ કર્મનો સંન્યાસ કરીને સ્થિરતામાં, આંતર શાન્તિમાં (મૌનમાં) ચાલ્યા જવા માગતા હોય છે. તે લોકો જીવનનો ત્યાગ કરે છે, કારણકે તેમને લાગતું હોય છે કે તે સિવાય શાન્તિ શકય નથી અને શાન્તિ સિવાય કોઈ આંતર સાક્ષાત્કાર શકય નથી એટલે સ્વાભાવિક રીતે જ, તેને લાગતું કે માણસ બાહ્ય પરિસ્થિતિઓમાં જીવે, ત્યાં સુધી શાન્તિ તેને માટે દુર્લભ છે, કારણકે બાહ્ય પરિસ્થિતિઓમાં સમસ્યાઓ ઉભી થતી હોય છે અને તેમનો ઉકેલ લાવી શકાતો હોતો નથી, કારણકે માણસમાં ઉકેલ લાવવા માટે જરૂરી જ્ઞાન હોતું નથી.

પછીનું પગલું એ છે કે સમસ્યાનો સામનો કરવો, અને સાથે સાથે પરમાત્મામાં સંપૂર્ણ વિશ્વાસની ખાતરી રાખવી, કે જે પરમાત્મા બધું જાણે છે અને તમારી પાસે કાર્ય કરાવે છે. પછી કાર્યનો ત્યાગ ન કરતાં, માણસ બલવાન અને સક્રિય, ઉચ્ચતર શાન્તિમાં કાર્ય કરી શકે છે.

આને જીવનમાં ભગવાનની દરમિયાનગિરીની નવીન બાજૂ કહી શકાય, અસ્તિત્વમાં દિવ્ય બળોની દરમિયાનગિરિનું નવીન રૂપ કહી શકાય, આધ્યાત્મિક સાક્ષાત્કારની નવીન બાજૂ કહી શકાય.

*

૨ એપ્રિલ ૧૯૫૮

માતાજી, તમે કહ્યું કે સભાનતા પૂર્વક કરાયેલી ભૂલ અભાનતાપૂર્વક કરાયેલી ભૂલ કરતાં વધારે ગંભીર હોય છે.

જ્યારે તમે અજ્ઞાનતાપૂર્વક, તે ભૂલ છે એમ ન જાણતાં, ભૂલ કરો છો, ત્યારે જ્યારે તમને તે ભૂલ સમજાય છે અને તમારું અજ્ઞાન ચાલ્યું ગયું હોય છે, ત્યારે તમારામાં સદ્‌ભાવના આવે છે અને પછી તમે ભૂલ કરતા હોતા નથી અને તે ભૂલ કરવાની સ્થિતિમાંથી તમે બહાર આવી જાઓ છો. પણ જો તમે તેને ભૂલ જાણવા છતાં તે ભૂલ કરો છો, ત્યારે તેનો અર્થ એ થયો કે તમે વિચાર પૂર્વક ગૂંચવાડાની સ્થિતિને, ખરાબ વસ્તુને, ભગવાન વિરોધી બળોને તાબે થવાનું પસંદ કર્યું છે.

એ વાત સ્પષ્ટ છે કે જ્યારે માણસ ભગવાન વિરોધી બળોને તાબે થવાનું પસંદ કરે છે, તે બળોનો પ્રતીકાર કરવાનું તમારામાં સામર્થ્ય નથી અને તેથી તમે તેમને તાબે થવાનું પસંદ કરો છો, ત્યારે તે માનસશાસ્ત્રીય દૃષ્ટિબિન્દુથી જોતાં અનંતગણું વધારે ગંભીર છે. એનો અર્થ એ થાય છે કે તમારામાં કયાંક કોઈક વસ્તુ દૂષિત છે. કાં તો તમારામાં કોઈ વિરોધી બળ સ્થાપિત થઈ ગયેલું હોય છે, અથવા તે બળો સાથે તમારામાં કોઈક ગાઢ સહાનુભૂતિ છે. અને તેને સુધારવું તે અજ્ઞાનને સુધારવા કરતાં ઘણું વધારે કઠિન હોય છે.

અજ્ઞાનને સુધારવું એ અંધકારને દૂર કરવા જેવી બાબત છે. તમે દીવો સળગાવો, અને અંધકાર અદૃશ્ય થઈ જાય છે. પણ જાણી જોઈને ભૂલ કરવી એ કોઈક દીવો કરે તેને હોલવી નાંખવા જેવી બાબત છે. તેનો અર્થ એ થયો કે તમે જાણી જોઈને અંધકારને પાછો લાવવા માગો છો, કારણકે એમાં તમારી નબળાઈની દલીલ લાગુ પડતી નથી. જે લોકો પોતાની જાતને સુધારવાનો નિશ્ચય કરે છે, તેમને ભગવાનની કૃપા મળતી જ હોય છે. પછી તમે એમ ન કહી શકો કે મારામાં એટલી બધી નિર્બળતા છે કે હું મારી જાતને સુધારી શકતો નથી. તેઓ એમ કહી શકે કે "અમારી જાતને સુધારવાનો નિશ્ચય હજી અમે કર્યો નથી. અમારા અસ્તિત્વમાં કાંઈક એવું છે, જેણે સુધરવાનો નિશ્ચય કર્યો નથી." એ બહુ ગંભીર બાબત છે.

નબળાઈની દલીલ એ એક બહાનું છે. જે માણસ નિશ્ચય કરે છે, તેને મદદ કરવા માટે ભગવાનની કૃપા હોય છે જ.

એનો અર્થ તો દિલની સચ્ચાઈનો અભાવ થયો, તે નબળાઈ નથી. દિલની સચ્ચાઈનો અભાવ શત્રુ માટે દ્વાર ખોલી નાંખે છે. એનો અર્થ એ થયો કે વિકૃતિ પ્રત્યે તમારામાં નિગૂઢ સહાનુભૂતિ છે. તે બાબત ગંભીર છે.

જેને જ્ઞાન આપવાનું છે તે અજ્ઞાનની બાબતમાં, માત્ર દીવો કરવો એ પૂરતું છે. જાણી જોઈને ભૂલ કરવાની બાબતમાં શસ્ત્રક્રિયાની જરૂર પડતી હોય છે.

*

૯ એપ્રિલ ૧૯૫૮

વહાલાં માતાજી, માનવ મન વડે બીજા માણસના આત્માનું ભાન થવું શકય છે?

આપણે બોલતા હોઈએ છીએ તે રીતે, વસ્તુઓ સુનિશ્ચિત અને ભિન્ન નથી હોતી. તેથી તો આપણા અસ્તિત્વમાંના ભિન્ન ભિન્ન ભાગોને આપણે તદ્દન સ્પષ્ટતાપૂર્વક જોઈ શકતા નથી સિવાય કે માણસે લાંબા સમય સુધી અભ્યાસ અને અવલોકન કર્યાં હોય. આત્માની અને મનની વચ્ચે પ્રાણિક અને શારીરિકની વચ્ચે અભેદ્ય ખાનાં નથી એમનાં મનમાં પ્રવેશતો હોય છે. કેટલાક લોકોમાં તેવું ખૂબ પ્રમાણમાં, દૃષ્ટિગોચર બને તે રીતે થતું હોય છે. એટલે જે મનને એક પ્રકારની અનુભૂતિ, ક્ષમતા પ્રાપ્ત થઈ હોય, જે ચૈત્યમય અસ્તિત્વ સાથે સૂક્ષ્મ સંપર્કમાં હોય, તે બીજા લોકોના આત્માની હાજરીને અનુભવવા સમર્થ હોય છે.

જે લોકોમાં બીજાઓની ચેતનામાં તેટલી હદ સુધી પ્રવેશ કરવાની આવડત છે કે જેથી તેઓ સીધી રીતે બીજાઓના વિચારને, માનસિક ક્રિયાને જોઈ અથવા અનુભવી શકે, જે લોકો, પોતાનો અર્થ સમજાવવા માટે શબ્દોની મદદ સિવાય બીજાઓના માનસિક વાતાવરણમાં પ્રવેશ કરી શકે, તે લોકો સહેલાઈથી ભેદ કરી શકે છે કે આ માણસનો આત્મા સક્રિય છે અને પેલા માણસનો આત્મા હજી ઊંઘે છે. આત્માની ક્રિયા માનસિક ક્રિયાને અમુક ખાસ રંગ અર્પતો હોય છે તે

રંગ આછો, વધારે સમાવેશક અને તેજોમય હોય છે જેનો અનુભવ કરી શકાય તેમ છે. દા. ત. અમુક માણસની આંખોમાં જોઈને તમે કહી શકો કે આ માણસનો આત્મા જીવંત છે અથવા તેની આંખોમાં મને તેનો આત્મા દેખાતો નથી. ઘણા ઉત્ક્રાન્ત બનેલા લોકો તે કહી શકે છે પણ કોઈ માણસનો આત્મા કેટલો જાગૃત થયો છે, સક્રિય બન્યો છે, કેટલા પ્રમાણમાં તે તેના અસ્તિત્વનું શાસન કરે છે. તેનો પ્રભુ છે, તે ચોક્કસ રીતે જાણવા માટે માણસમાં પોતામાં ચૈત્યિક ચેતના હોવી જોઈએ, કારણકે તે જ નિશ્ચયપૂર્વક નિર્ણય કરી શકતી હોય છે, પણ એ પ્રકારનું આંતર આકંપન પ્રાપ્ત કરવું એ તદ્દન અશકય નથી, જે આકંપન તમને કહેવડાવી શકે કે ઓહ, આ માણસને આત્મા છે!

જે લોકો દીક્ષિત નથી હોતા, તેવા ઘણા-ખરા લોકો પ્રાણિક ક્રિયાને જ આત્મા કહેતા હોય છે. જો કોઈનામાં બળવાન, સક્રિય, જક્કી, શરીરની ક્રિયાઓ પર શાસન કરતું, વસ્તુઓ, વ્યકિતઓ, ઘટનાઓ સાથે જીવંત સંપર્ક ધરાવતું પ્રાણિક તત્ત્વ હોય, જો તેને કલા માટે, સૌન્દર્યની સર્વ અભિવ્યકિતઓ માટે ખૂબ રસ હોય, તો મોટે ભાગે આપણે તેમ કહેવા અને માનવા લલચાતા હોઈએ છીએ કે, ઓહ, તેનામાં જીવંત આત્મા છે. પણ તે તેનો આત્મા નથી હોતો. તે તેનું પ્રાણિક અસ્તિત્વ હોય છે, જે જીવંત હોય છે અને શરીરની ક્રિયાઓ પર પ્રભુત્વ ધરાવતું હોય છે. આ વસ્તુ વિકાસનો પ્રારંભ કરતા લોકોની વચ્ચેનો અને કેવળ ભૌતિક જીવનના તમસમાં જીવતા લોકોની વચ્ચેનો પ્રથમ તફાવત છે. તે તે માણસના દેખાવને અને ક્રિયાને એક પ્રકારનું આકંપન, આકંપનની ઉત્કટતા આપતું હોય છે, જે એવી લાગણી ઘણી વાર પેદા કરે છે કે, આ માણસમાં જીવંત આત્મા છે. પણ તે આત્મા નથી હોતો, તેનું પ્રાણિક વિકસિત થયેલું હોય છે, જેનામાં અમુક ખાસ શકિત હોય છે, જે શારીરિક તમસ્ કરતાં વધારે બળવાન હોય છે, જે આકંપનની, જીવનની, ક્રિયાની ઉત્કટતા પેદા કરતું હોય છે, જેમનું પ્રાણિક અસ્તિત્વ વિકસ્યું હોતું નથી તેમનામાં એવી શકિત નથી હોતી. પ્રાણિક ક્રિયા અને આત્મા વચ્ચેનો આ ગૂંચવાડો ઘણી વાર જોવામાં આવે છે. માનવ-ચેતના આત્માના આકંપન કરતાં પ્રાણિક આકંપનને વધારે સહેલાઈથી જોઈ શકે છે.

માણસના આત્માને જોઈ શકવા માટે મન ખૂબ શાન્ત બનેલું હોવું જોઈએ, કારણકે, જ્યારે મન સક્રિય હોય છે, ત્યારે આત્માનાં નહિ, પણ મનનાં આકંપનો દૃષ્ટિગોચર થતાં હોય છે,

જ્યારે તમે આત્મામાં જીવન ધારણ કરતા, આત્માથી સભાન માણસને જુઓ છો, ત્યારે તમને જાણે તમે ખૂબ-ખૂબ ઊંડા ઉતરતા હો, તમે તેનામાં દૂર-દૂર સુધી જતા હો તેવી લાગણી અનુભવાય છે. પણ સામાન્ય માણસની આંખોમાં જ્યારે તમે જુઓ છો, ત્યારે તમે એક એવી સપાટી પર પહોંચતા હો છો કે જે તમારી દૃષ્ટિને પ્રત્યુત્તર આપતી હોય, પણ તમને એવી લાગણી થતી હોતી નથી કે, હું ખૂબ-ખૂબ તેનામાં ઊંડે ઉતરી ગયો, ખૂબ-ખૂબ દૂર પહોંચી ગયો. જેમ કોઈ ઊંડા છિદ્રમાં જતી વખતે આપણને અનુભવાતુ હોય છે તેમ, અને તેથી તમને ખૂબ નાનકડો, શાન્ત પ્રત્યુત્તર પ્રાપ્ત થાય છે. મોટે ભાગે, સામાન્ય લોકોની આંખો એવી હોય છે કે જેમાં તમે પ્રવેશ કરી શકતા નથી, તે આંખો બંધ કરી દીધેલાં દ્વાર જેવી હોય છે. પણ કેટલીક આંખો ખુલ્લી હોય છે અને તેમાં તમે પ્રવેશ કરો છો, પણ પાછળથી તે આંખો બંધ થઈ ગયેલી હોય છે તમને ત્યાં કોઈ આકંપન અનુભવાય છે, કેટલીક વાર ઝબકારો અનુભવાય છે. પછી જો તમે ભૂલ કરો, તો બોલી ઉઠો છો કે, ઓહ, આનો આત્મા જીવંત છે. પણ તે આત્મા નથી હોતો, પ્રાણિક હોય છે.

આત્માને શોધી કાઢવા માટે તમારે આ રીતે અંદર જવું જોઈએ (ખૂબ અંદર ઊંડે જવાનો અભિનય), સપાટી પરથી તમારી જાતને પાછી ખેંચી લેવી જોઈએ, ખૂબ-ખૂબ ઊંડે ઊંડે અંદર જવું જોઈએ. કોઈ છિદ્રમાં જતા હો તેમ, જે છિદ્ર શાન્ત અને સ્થિર છે. ત્યાં તમને કશુંક ઉષ્ણ, શાન્ત, પદાર્થતત્ત્વમાં સમૃદ્ધ, ખૂબ પરિપૂર્ણ દેખાશે, જે મધુરતા જેવું હશે. આત્મા છે.

જો તમે આગ્રહ-યુક્ત અને સભાન હશો, તો તમને એક એવી પ્રચુરતા પ્રાપ્ત થશે કે જે તમને પૂર્ણતાની, અગાધ ઊંડાણોની લાગણી આપશે, જેમાં તમારે પ્રવેશ કરવાનો છે. ત્યાં તમારી આગળ રહસ્યો પ્રગટ થશે. સનાતન એવા કાંઈકના ખૂબ શાન્ત જળોમાં પડતાં પ્રતિબિંબ પેઠે. પછી કાળની મર્યાદા તેને અનુભવાથી નથી.

ત્યારે માણસને હંમેશાં વિદ્યમાન હોવાની, સનાતન હોવાની અનુભૂતિ થાય છે. તે આત્માના હાર્દનો સ્પર્શ થતાં અનુભવાય છે.

જો તે સંપર્ક પરિપૂર્ણ અને સભાનપૂર્વકનો થયો હશે, તો તમને બાહ્ય રૂપથી મુક્તિ પ્રાપ્ત થશે. પછી તમને એમ નહિ માગે કે તમને શરીર છે, તેથી

તમે જીવી રહ્યા છો. સામાન્ય રીતે માણસ બાહ્ય રૂપથી એટલો બધો બંધાઈ ગયો હોય છે કે જ્યારે તે પોતાની જાતનો વિચાર કરતો હોય છે, ત્યારે તે શરીરનો જ વિચાર કરતો હોય છે, મોટે ભાગે આમ જ બનતું હોય છે. અંગત વાસ્તવિકતા એ શરીરની વાસ્તવિકતા હોય છે. જે માણસે આંતર વિકાસ માટે પ્રયાસ કર્યો હોય, પોતાના અસ્તિત્વમાં રહેલા નિત્ય તત્ત્વનો શોધો કાઢવાનો પ્રયાસ કર્યો હોય, તો જ તેને ભાન થાય કે સર્વકાળમાં નિત્યરૂપે સચેતન એવું આ કાંઈક, સર્વ પરિવર્તનોમાં અપરિવર્તનીય રહેલું એવું આ કાંઈક એ મારો આત્મા છે. હું છું પણ તે બહુ ઊંડા અભ્યાસને માગી લે છે. બાકી તો, જ્યારે તમે એમ વિચાર કરતા હો છો કે હું આ કરવા માગું છું, મારે પેલી વસ્તુની જરૂર છે, ત્યારે તમે માત્ર શરીરનો જ, લાગણીઓના સંમિશ્રણરૂપ નાનકડા સંકલ્પનો જ, ઓછા વત્તા પ્રમાણમાં ગૂંચવાડામાં પડી ગયેલાં માગણીમય પ્રતિકાર્યોનો જ, આવેગમય, ગૂંચવાડામાં પડેલા, વિચારોના સંમિશ્રણનો જ, આકર્ષણનો, કામનાનો, અમુક પ્રકારના સંકલ્પનો જ વિચાર કરતા હો છો. તે જ તે ક્ષણ માટે તમારો આત્મા બની જતું હોય છે. મસ્તકથી, ધડથી, હાથોથી, પગોથી, સંચાલિત થતાં બધાં અંગોથી સ્વતંત્ર એવા આત્મા આમ એક બીજા સાથે નિકટતા-પૂર્વક જોડાઈ ગયાં હોય છે.

ખૂબ વિચાર્યા પછી, ખૂબ જોયા પછી, ખૂબ અભ્યાસ (પ્રેક્ટીસ) કર્યા પછી, ખૂબ અવલોકન કર્યા પછી, તમને ભાન આવવા લાગે છે કે આ બધું એક બીજાથી વત્તા-ઓછા પ્રમાણમાં સ્વતંત્ર છે, પીઠમાં રહેલો સંકલ્પ તેની પાસે કાર્ય કરાવે અથવા તો ન પણ કરાવે; પછી તમે ગતિ સાથે તાદાત્મ્ય કરતા અટકી જાઓ છો, ક્રિયા કે અનુભૂતિ સાથે તાદાત્મ્ય કરતા અટકી જાઓ છો. તે બધામાં તમને 'કાંઈક' તરતું દેખાય છે. તેને જોવા માટે તમારે ખૂબ અવલોકન કરવાની જરૂર છે.

પછી તેથી પણ વધારે અવલોકન કરતાં તમને જણાશે કે બીજું કશુંક પીઠમાં રહેલું છે, આ સક્રિય સચેતન સંકલ્પને તે જ ગતિમાન બનાવતું હોય છે, તે 'કાંઈક' અવલોકન કરે છે, નિર્ણય કરે છે, નિશ્ચય કરે છે, જ્ઞાન ઉપર તેના નિશ્ચયોને સ્થાપી આપવાનો પ્રયત્ન કરે છે, આ તો બહુ પાછળથી આવતો અનુભવ છે. જ્યારે તમે આ 'કાંઈક' તે જોવાની શરૂઆત કરો છો, ત્યારે તમને જણાય છે કે તેજ 'કાંઈક'માં સંકલ્પને ગતિમાન કરવાની શક્તિ છે; એટલું જ નહિ, પણ તે 'કાંઈક' સર્વ પ્રતિકાર્યો ઉપર, લાગણીઓ ઉપર, ઈન્દ્રિય જન્ય સંસ્કારો

ઉપર સીધું અને મહત્ત્વનું કાર્ય કરતું હોય છે, છેવટે તત્ અસ્તિત્વની સર્વ ગતિઓ ઉપર કાબૂ પ્રાપ્ત થઈ જતો હોય છે, આ ભાગ કે જે અવલોકન કરે છે, નિર્ણય કરે છે, અને નિશ્ચય કરે છે.

આ કાબૂની શરૂઆત છે.

જ્યારે માણસ તેનાથી સચેતન બને છે, તંતુને પકડે છે, કાબૂની વાત કરે છે, ત્યારે તેને જણાય છે કે ઓહ, કાબૂની શકિત તો આનામાં છે.

*

૧૬ એપ્રિલ ૧૯૫૮

"ઉત્ક્રાન્તિની પહેલાંની અવસ્થાઓમાં, પ્રકૃતિને ભૌતિક સંગઠનમાં પરિવર્તન કરવા પ્રત્યે વધારે ધ્યાન આપવું પડયું હતું અને પ્રયત્ન કરવો પડયો હતો, કારણકે તેમ કરે તો જ ચેતનામાં પરિવર્તન થઈ શકે. શરીરમાં પરિવર્તન લાવવા માટે પહેલાં રચાયેલી ચેતનાની શકિત અપર્યાપ્ત હતી, અને તેથી આ જરૂરિયાત ઉભી થઈ હતી. પણ માનવમાં પાછા જવું એ શકય છે, અનિવાર્ય છે, કારણકે તેની ચેતના દ્વારા, તેમાં કરાયેલા પરિવર્તન દ્વારા જ, નવીન શારીરિક સંગઠન પ્રથમ કરણ તરીકે ઉપયોગ કરવા વડે જ ઉત્ક્રાન્તિ થઈ શકે તેમ હતું. વસ્તુઓની આંતર વાસ્તવિકતામાં ચેતનાનું પરિવર્તન એ જ હંમેશા મુખ્ય હકીકત હોય છે, ઉત્ક્રાન્તિમાં હંમેશાં આધ્યાત્મિક અર્થવત્તા રહેલી હોય છે, અને શારીરિક પરિવર્તન તો માત્ર કરણ-રૂપ જ હોય છે. પણ આ સંબંધ બે તત્ત્વોના પ્રથમના અસાધારણ સમતુલા વડે નિગૂઢ હતો. બાહ્ય અચેતનતાનું શરીર, મહત્ત્વની દ્રિએ, આધ્યાત્મિક તત્ત્વ, કરતાં સચેતન અસ્તિત્વ કરતાં વધારે વજનદાર હતું, અને તેને આચ્છાદિત કરી દેતું હતું પણ એક વાર તે સમતુલાને યોગ્ય રીતે સ્થાપિત કરવામાં આવે, તો પછી શારીરિક પરિવર્તન ચેતનાના પરિવર્તનથી પહેલું થવું જ જોઈએ એવી જરૂરિયાત ન રહે. ચેતનાનું પરિવર્તન જ શરીરમાં જરૂરી પરિવર્તન લાવી દેશે, તેમ કરવાની ફરજ પડશે. એ વાત ખ્યાલમાં રાખવાની છે કે નવીન પ્રકારનાં વનસ્પતિને તથા પશુને ઉત્ક્રાંત કરવામાં, માનવ મને પ્રકૃતિને મદદ કરી છે. મદદ કરવામાં પોતાની શકિત બતાવી આપી છે.

તેણે તેનાં વાતાવરણનાં નવીન રૂપો સર્જ્યાં છે, પોતાની માનસિકતામાં જ્ઞાન અને સંયમ વડે, ખૂબ પરિવર્તનો વિકસાવ્યાં છે. પોતાની આધ્યાત્મિક અને શારીરિક ઉત્ક્રાન્તિમાં અને રૂપાંતરમાં, માણસ સભાનતાપૂર્વક પ્રકૃતિને મદદ કરે એ અશક્ય નથી. તેને માટેનો આવેગ તેનામાં કયારનોયે છે, આંશિક રીતે અસરકારક નીવડયો છે, જો કે ઉપરછલ્લી માનસિકતા તે વાતને પૂરી સમજી શકી નથી અને સ્વીકારી શકી નથી. પણ એક દિવસ તો તે તેને સમજશે, પોતામાં વધારે ઊંડી જઈ તેનો ઉપાય શોધી કાઢશે, નિગૂઢ શકિતને અને ચિત્ શકિતના ઈરાદાપૂર્વક કરાતા કાર્યને સમજી શકશે, જે ચિત્ શકિત પ્રકૃતિની નિગૂઢ વાસ્તવિકતા છે.

જો પદાર્થતત્ત્વમાં આપણા જન્મનું નિગૂઢ સત્ય પૃથ્વી પર આધ્યાત્મિક પ્રગટીકરણ હોય, જો પ્રકૃતિમાં થઈ રહેલી ઉત્ક્રાન્તિ પાયાભૂત રીતે ચેતનાની ઉત્ક્રાન્તિ હોય, તો અત્યારે માનવ જેવો છે તેવો ઉત્ક્રાન્તિનું પરમ ચરમ શિખર ન હોઈ શકે. તે હજી આત્માની ખૂબ અપૂર્ણ અભિવ્યકિત છે, મન પોતે ખૂબ મર્યાદિત રૂપ અને કરણ છે. મન એ ચેતનાનું વચગાળાનું તત્ત્વ છે. માનસિક સત્ત્વ માત્ર પરિવર્તનમાં વચગાળાનું જ સત્ત્વ હોઈ શકે. જો માણસ માનસિકતાથી પર જવા અશકત હોય, તો તેને સ્થાને અતિ મનસ્ અને અતિ માનવ પ્રગટ થવાં જોઈએ, અને તેમણે સૃષ્ટિની આગેવાની પોતાના હાથમાં લેવી જોઈએ. પણ જો માનવનું મન પોતાના કરતાં અધિક તત્ત્વ પ્રત્યે ખુલ્લું બનવા શકિતશાળી હોય, તો માનવ પોતે અતિ મનસ્માં, અતિ માનવતામાં પહોંચી ન શકે તેમ માનવાનું કારણ નથી; કમથી કમ, તે પોતાની માનસિકતાને, પ્રાણને, અને શરીરને પ્રકૃતિમાં આવિર્ભાવ પામતા આત્માની મહત્તર માત્રાની ઉત્ક્રાન્તિને સોંપી દઈ શકે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૪૩-૪૪; ૮૪૬-૪૭)

ગમે તેમ, પણ હવે આપણે ખાતરીને પ્રાપ્ત કરી શકયા છીએ, કારણકે સિદ્ધિની શરૂઆત કયારનીયે થઈ ચૂકી છે. આપણને સાબિતી પ્રાપ્ત થઈ છે કે અમુક અવસ્થાઓમાં માનવતાની સામાન્ય સ્થિતિથી પર જઈ શકાય છે, નવીન ચેતનાની સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે, જે માનસિક અને અતિ માનસિક માનવ વચ્ચે સભાન સંબંધ સાધી શકે છે.

એમ ખાતરી પૂર્વક કહી શકાય કે માનસિક અને અતિ માનસિક પ્રાણીના વચગાળામાં એક એવો નમૂનો આવશે, જેનામાં હજી પણ માનવના ગુણો અને સ્વભાવ અમુક અંશમાં રહ્યા હશે, અર્થાત્ જે તેના પશુ ઉદ્ગમસ્થાન સાથે, તેના

બાહ્ય રૂપમાં માનવ પ્રાણી હશે, પણ જેની ચેતનામાં એવું પરિવર્તન થઈ ચૂકયું હશે કે જેથી તે અતિ માનવોની જાતિનો, કોઈ નવીન જાતિની ક્રિયાનો અને સિદ્ધિનો હશે.

આ જાતિને વચગાળાની જાતિ કહી શકાય, કારણકે એવું પૂર્વ દર્શન થઈ શકે છે કે તે પશુ પદ્ધતિને અપનાવ્યા સિવાય નવીન પ્રાણીઓને પેદા કરવાના ઉપાયો શોધી કાઢશે, અને તે સાચી રીતે આધ્યાત્મિક જન્મ પામેલાં પ્રાણીઓ અતિ માનસિક જાતિનાં, નવીન જાતિનાં ઘટક તત્ત્વોથી બનેલા હશે.

એટલે આપણે તે લોકોને અતિ માનવો કહી શકીએ કે જે ઉત્પત્તિની બાબતમાં જૂની પદ્ધતિ વડે જન્મ્યા હતા, પણ જે પોતાની સિદ્ધિમાં અતિ માનસિક સાક્ષાત્કારના નવીન જગત સાથે સભાન અને સક્રિય સંપર્ક ધરાવતા હશે.

એ વાત નિશ્ચિત છે કે આ વચગાળાના જગતનું જેનું નિર્માણ શરૂ થઈ ચૂકયું છે પદાર્થતત્ત્વ વધારે સમૃદ્ધ, વધારે શકિતશાળી, વધારે તેજોમય, વધારે પ્રતીકારક્ષમ હશે, તેમાં અમુક વધારે સૂક્ષ્મ, વધારે ભેદક, નવીન ગુણો હશે, તેમાં વૈશ્વિકતાની સાહજિક શકિત હશે, જેની માત્રા એવી સૂક્ષ્મ અને સંસ્કૃત હશે કે તે વધારે વિસ્તૃત પ્રમાણમાં જો સમગ્ર પ્રમાણમાં નહિ તો, આકંપતોને દૃષ્ટિગોચર કરી શકશે, જૂના પદાર્થ તત્ત્વ સાથેના ભેદને દૂર કરી શકશે, સામાન્ય માનસિક પદાર્થતત્ત્વ સાથેના ભેદને પણ દૂર કરી શકશે. તે પદાર્થ તત્વ આવતાની સાથે જ, સર્વ ભેદવિયુકતપણું સ્વયંભૂ રીતે, આપોઆપ અદૃશ્ય થઈ જાય છે. તે પદાર્થ તત્વ અત્યારે પૃથ્વીના વાયુ મંડલમાં, લગભગ વૈશ્વિક રીતે, પ્રસરેલું છે. જરાક એકાગ્રતા કરવામાં આવે, ચેતનામાં ડૂબકી મારવામાં આવે, જો તે પદાર્થ તત્ત્વને સામાન્ય બાહ્યીકરણમાંથી જે વધારે કૃત્રિમ અને અસત્ય લાગે છે પાછું ખેંચી લેવામાં આવે, તો જાગ્રત્ અવસ્થામાં પણ તે પદાર્થ તત્ત્વને જોઈ શકાય તેમ છે. પહેલાં જે સ્વાભાવિક લાગતું હતું તે આ બાહ્યીકરણ હવે અસત્ય, અવાસ્તવિક, અને તદ્દન કૃત્રિમ લાગે છે. તે વસ્તુઓ જેવી છે તેમને પ્રત્યુત્તર આપી શકતું નથી. તે વાસ્તવિક રીતે કોઈ સાચી ગતિ સાથે સુસંગત નથી.

આ નવીન દર્શન વધારે ને વધારે પ્રબળ બનતુ જાય છે, વધારે ને વધારે સ્વાભાવિક બનતું જાય છે. કેટલીક વાર તો અસ્તિત્વના જૂના પ્રકારને પકડવું એ કઠિન બની જતું હોય છે. જાણે કે તે કોઈ ધુંધળા ભૂતકાળમાં અદૃશ્ય ન થઈ જતું હોય, જાણે મરી પરવારતું ન હોય.

એક વાર જૂની પશુપદ્ધતિથી પેદા થયેલું શરીર સ્વાભાવિક રીતે, સ્વયંભૂ રીતે, કોઈ પ્રયાસ કર્યા સિવાય, પોતાની બહાર ગયા સિવાય, આ ચેતનામાં જીવી શકવા શક્તિશાળી બને, તો એમ સિદ્ધ થાય કે આ એક અપવાદરૂપ કેઈસ નથી, પણ એક સિદ્ધિનો અગ્રદૂત છે, જે સિદ્ધિ સામાન્ય ન બની ગઈ હોય તો પણ અમુક સંખ્યાના લોકો તેમાં ભાગીદાર બની શકે છે. પછી તે લોકો પોતાને ભિન્ન વ્યક્તિઓ નહિ જુએ, પણ એક જીવંત સમૂહ બની જશે.

આ નવીન સિદ્ધિ વીજળી વેગે આગળ વધી રહી છે, કારણ કે જો આપણે સમયની ગણના સામાન્ય રીતે કરીએ, તો અતિમાનસ પદાર્થતત્ત્વે પૃથ્વીના વાયુમંડળને ભેદીને માત્ર બે જ વર્ષ થયાં છે, અને પૃથ્વીના વાયુમંડળની ગુણવત્તામાં પરિવર્તન આવી ગયું છે.

જો વસ્તુઓ આ ઝડપથી પ્રગતિ કરે તો સ્પષ્ટ જણાય છે કે શ્રીઅરવિંદે જે પયગંબરી વાણીમાં, એક પત્રમાં, આગાહી [1] કરી હતી કે "૧૯૬૭માં અતિમાનસિક ચેતના સિદ્ધ પ્રાયક શક્તિના એક તબક્કામાં પ્રવેશ કરશે," તે સિદ્ધ થાય.

*

૨૬ એપ્રિલ ૧૯૫૮

વહાલાં માતાજી, જ્યારે અમે વધારે સારું કામ કરવા માટે પ્રયાસ કરીએ છીએ, પણ તેમાં કંઈ પ્રગતિ નથી થતી, ત્યારે અમે નિરાશ કે, નાહિમત બની જઈએ છીએ. ત્યારે અમારે માટે કયી વસ્તુ કરવી એ શ્રેષ્ઠ છે?

નિરાશ ન બનવું. નિરાશા કયાંય લઈ જતી હોતી નથી.

પ્રથમ તો તમારે તમારી જાતને એમ કહેવું જોઈએ કે હું પ્રગતિ કરું છું કે નહિ તે જાણવા માટે હું તદ્દન અશક્તિમાન છું; કારણ કે ઘણી વખત, જ્યારે લાંબા સમય સુધી રુકાવટની સ્થિતિ આવે છે, પ્રગતિ થતી દેખાતી હોતી નથી, ત્યારે યાદ રાખો કે તે સમય લાંબો હોય, પણ અનંત નથી, અને રુકાવટની

---

૧. "૪-૫-૬૭ એ પરિપૂર્ણ સિદ્ધનું વર્ષ હશે." (યોગ પર પત્રો, પૃષ્ઠ ૬૫)

સ્થિતિએ આગળ કૂદકો લેવાની તૈયારી હોય છે. આપણે કેટલીકવાર અઠવાડિયાં સુધી, મહીનાઓ સુધી કાંઈ પ્રગતિ કરી શકતા હોતા નથી એમ લાગે છે, પછી અકદમ જેની તૈયારી ગર્ભમાં થઈ રહી હતી તે પ્રગટ થાય છે, આપણને માલમ પડે છે કે ઘણું પરિવર્તન થઈ ગયું છે, અને તે પણ એકી વખતે ઘણી બાબતોમાં.

યોગમાં દરેક બાબતમાં હોય છે તેમ, પ્રગતિ માટેના પ્રયાસ પ્રત્યે પ્રેમ હોવાને કારણે જ પ્રગતિ માટે પ્રયાસ કરવો જોઈએ. પ્રયાસ કર્યાનો આનંદ પ્રગતિ માટેની અભીપ્સા પોતે જ બસ છે; તેમાં પરિણામોની પરવા કરવાની જરૂર નથી. યોગમાં જે કાંઈ કરવામાં આવે તે કરવાના આનંદ માટે કરાવું જોઈએ, પરિણામ કે ફળ માટે નહિ. સાચે જ, જીવનમાં વસ્તુઓમાં પરિણામ આપણા હાથની વાત નથી. જો આપણે સાચું વલણ અપનાવવું હોય, તો આપણે સ્વયંભૂ રીતે કાર્ય કરવું જોઈએ, લાગણી અનુભવવી જોઈએ, વિચાર કરવો જોઈએ, પ્રયાસ કરવો જોઈએ, કારણ કે તે આપણે કરવાનું હોય છે, પણ ફળની આશા ન રાખવી જોઈએ.

જ્યારે આપણે ફળની ઈચ્છા રાખીએ છીએ, ત્યારે તે સોદો બની જાય છે, અને તેથી પ્રયાસમાંથી દિલની સચ્ચાઈ ચાલી જતી હોય છે. તમે પ્રગતિ માટે પ્રયત્ન કરો છો, કારણકે તમારામાં તમને પ્રગતિ કરવાની, પ્રયાસ કરવાની અનિવાર્ય જરૂરિયાત અનુભવાય છે, તે પ્રયાસ તમે તમારામાં અને વિશ્વમાં રહેલી દિવ્ય ચેતનાને ભેટ રૂપે અર્પણ કરો છો; તે આભાર પ્રદર્શિત કરવાનો એક પ્રકાર છે. તેનું પરિણામ પ્રગતિમાં આવે છે કે નહિ તે મહત્ત્વનું નથી. નિયત સમયે તમે પ્રગતિ કરશો, તમે ઈચ્છો છો માટે નહિ.

જો તમે પ્રગતિ કરવા માગતા હો, તમારી જાત પર કાબૂ મેળવવા પ્રયત્ન કરતા હો, અમુક ન્યૂનતાઓને, નબળાઈઓને, અપૂર્ણતાઓને દૂર કરવા માગતા હો, અને જો તમે તમારા પ્રયાસનું તત્કાળ ફળ મેળવવાની ઈચ્છા કરો, તો તમારા પ્રયાસમાંથી દિલની સચ્ચાઈ ચાલી જાય છે, તે એક સોદો બની જાય છે. તમે એમ કહેતા હો છો કે, જુઓ, હું પ્રયત્ન કરું છું, પણ તેના બદલામાં મને આ મળવું જોઈએ. ત્યારે તમે સ્વાભાવિક, સ્વયંભૂ નથી રહેતા.

એટલે એ વસ્તુઓ યાદ રાખવાની છે. એક, પરિણામ શું હોવું જોઈએ તેનો નિર્ણય કરવા આપણે અસમર્થ છીએ. જો આપણે ભગવાનમાં વિશ્વાસ રાખીએ અને કહીએ કે, "હવે હું બધું જ સમર્પિત કરવા માગું છું. સર્વ કાંઈ, પ્રયાસ,

એકાગ્રતા, મને પરિણામરૂપે બદલામાં કાંઈ આપવું કે નહિ તેનો નિર્ણય ભગવાન કરશે. પરિણામ બાબત હું કાંઈ જ જાણતો નથી." આપણે આપણામાં કાંઈક રૂપાંતર કરીએ ત્યારે પહેલાં, તે રૂપાંતર કયી દિશા લેશે, કયો માર્ગ લેશે, કયું રૂપ ધારણ કરશે, તેની આપણને ખાતરી હોય છે ખરી? જરા પણ નહિ. તે માત્ર આપણી કલ્પના હોય છે, અને તેથી આપને મળવાના પરિણામને આપણે મર્યાદિત કરી લેતા હોઈએ છીએ, તેને તદ્દન ક્ષુદ્ર, અધમ, કૃત્રિમ અને સ્બંધિત બનાવી મૂકીએ છીએ. પરિણામ સાચી રીતે કેવું હોઈ શકે તે આપણે જાણતા હોતા નથી. તે તો આપણે પાછળથી જાણીએ છીએ. જ્યારે તે આવે છે, જ્યારે પરિવર્તન આવે છે, ત્યારે પાછળ દૃષ્ટિ નાંખીને આપણે કહીએ છીએ કે, ઓહ, હું તેના પ્રત્યે જ ગતિ કરી રહ્યો હતો; પણ તે આપણે પાછળથી જાણીએ છીએ. તે પહેલાં આપણે માત્ર અસ્પષ્ટ, તદ્દન કૃત્રિમ, અને સાચી પ્રગતિની સરખામણીમાં, સાચાં રૂપાંતરની સરખામણીમાં બાલિશ કલ્પનાઓ કરતા હોઈએ છીએ.

એટલે પહેલો મુદ્દો : આપણે અભીપ્સા કરીએ છીએ, પણ તેનું સાચું પરિણામ આપણને શું મળવું જોઈએ તે આપણે જાણતા હોતા નથી. માત્ર ભગવાન જ તે જાણી શકે.

બીજો મુદ્દો : જો આપણે ભગવાનને કહીએ કે, "હું તમને મારો પ્રયાસ સમર્પું છું, પણ તમે જાણો છો કે તેના બદલામાં મારી પ્રગતિ થવી જોઈએ; નહિ તો હું તમને કાંઈ જ સમર્પિત નહિ કરું!" આ તો સોદો થયો.

(મૌન)

તે કર્યા સિવાય રહી શકાય તેમ નથી તેવું, સદ્‌ભાવનાયુક્ત સમર્પણ ભાવે કરાયેલું, સ્વયંભૂ કાર્ય તે જ માત્ર એવું કાર્ય છે, કે જેનું કાંઈક સાચું મૂલ્ય છે.

*

૩૦ એપ્રિલ ૧૯૫૮

મેં આગળથી જાણી લીધું હતું તેમ, ૩ જી ફેબ્રુઆરીની[૧] મારી અતિ-માનસિક અનુભૂતિને સમજાવવા મને ફરજ પડે તેવા પ્રશ્નોનું ઝાપટું મારા પર વરસ્યું છે.

૧. જુઓ ૧૩ ફેબ્રુઆરી ૧૯૫૮ નો વાર્તાલાપ.

તમે મને બોલાવવા માગો છો, તે અનુભૂતિ એક નવીન પદ્ધતિમાં સ્થાપિત થાય ત્યાં સુધી મારી પાસે તેનું માનસીકરણ કરાવવા માગો છો, અને તેથી તમે સગવડપૂર્વક તમારી નવીન માનસિક રચનામાં આરામથી બેસી શકો. તમને નિરાશ કરવા બદલ હું દિલગીર છું, પણ તમે માગો છો તેમ કરવું અશકય છે. જો મેં જે લખ્યું છે તે તમારે સમજવું હોય, તો અતિમાનસ ચેતના પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો.

મારે તમને એટલું જ કહેવાનું છે.

જૂના સિદ્ધાંતને સ્થાને નવો કટ્ટર સિદ્ધાંત મૂકવાનું પાગલપણું ન કરતા. એમ ન કહેતા કે, "ઓહ, તે બધું અસત્ય હતું. પણ હવે અમે એક સુંદર વ્યવહારુ માર્ગદર્શન હેઠળ કાર્ય કરવા માગીએ છીએ, જે સાચું હશે."

માનસિક રચના કોઈ દિવસ સાચી ન હોઈ શકે, હું માનસિક રચનાનું નિર્માણ કરવાની ના પાડું છું, માણસો સમજે તેવા શબ્દો વાપરવાની મને ફરજ પડી હતી, પણ મેં યથાશકય ખૂબ અસંગત રીતે કર્યું હતું! જેથી હું વધારે પડતી માનસિક ન બની જાઉં; હું માનસિક રીતે સુસંગત થવાનો ઈન્કાર કરું છું. અને તે પણ આ પ્રશ્નો જેમને હું લઈ આવી છું અથવા જે પ્રશ્નો મને પત્રોમાં પૂછવામાં આવ્યા છે તેમની બાબતમાં જ નહિ; પણ આ જ વિષય ઉપર ભવિષ્યમાં જે પ્રશ્નો આવવાના છે તેમની બાબતમાં પણ. એટલે મને કોઈ પ્રશ્નો પૂછવા તે નિરર્થક હશે.

હું દરેક જણને એક જ સલાહ આપવા માગું છું: પ્રયત્ન કરો, કાર્ય કરો, તમારી જાતને ખુલ્લી કરો, તમારી સમગ્ર જાતને સંપૂર્ણપણે તે નવીન શકિતને સોંપી દો; અને એક દિવસ આવશે, જયારે તેમને તે અનુભૂતિ પ્રાપ્ત થશે.

તે અનુભૂતિ આવતાં તમને સમજાશે કે, તમે જે પ્રશ્નો પૂછયા હતા, તે કેટલા બધા નિરર્થક હતા.

૭ મે ૧૯૫૮

"ઉત્ક્રાન્તિમય પ્રકૃતિની પહેલાંની અવસ્થાઓમાં આપણે પ્રકૃતિની અચેતનતાની મૂંગી નિગૂઢતા જોઈએ છીએ. તેનાં કાર્યમાં કોઈ અર્થવત્તા કે હેતુ પ્રગટ થતાં હોતાં નથી, તેના તરતના વ્યાપાર રૂપ, પ્રથમના નિર્માણ કરતાં અસ્તિત્વના કોઈ બીજા તત્ત્વનું સૂચન મળતું હોતું નથી, કારણકે પોતાના પ્રાથમિક કાર્યોમાં માત્ર પદાર્થતત્ત્વ જ એક માત્ર મૂંગી અને સ્થિર વૈશ્વિક વાસ્તવિકતા જ દેખાતી હોય છે. જો સૃષ્ટિનો કોઈ સચેતન સાક્ષી હોય, તો તેણે દેખીતા અનસ્તિત્વની ઊંડી ખીણમાંથી પ્રગટતી શક્તિ જોઈ હોત, જે શક્તિ પદાર્થતત્ત્વના સર્જનમાં ગૂંથાયેલી હોય છે, ભૌતિક જગતના અને ભૌતિક પદાર્થોના સર્જનમાં ગૂથાયેલી હોય છે; તે શક્તિ અચેતન અનંતતાનું સંગઠન અમર્યાદ વિશ્વની યોજનામાં અથવા અસંખ્ય વિશ્વોની પદ્ધતિમાં કરતી હોય છે; તે વિશ્વો કોઈ પણ નિશ્ચિત અંત અથવા મર્યાદા સિવાય, અવકાશમાં તેની આસપાસ વિસ્તરેલા હોય છે; તે સૃષ્ટિ પહેલાંની અવ્યવસ્થાના તારાઓના તથા નક્ષત્રોના સમૂહના, સૂર્યોના અને ગ્રહોના સર્જનમાં થાકયા વગર વ્યાપ્ત રહે છે, પોતાની ખાતર જ અસ્તિત્વ ધરાવતી હોય છે. તેને કોઈ કારણ કે હેતુ હોતાં નથી. તે સાક્ષીને આ એક મહાન મશીનરી બિનઉપયોગી લાગી હોત; મહાન નિરર્થક ગતિ લાગી હોત; સાક્ષી વગરનું, યુગોથી ચાલ્યું આવતું દૃશ્ય લાગ્યું હોત; કોઈ નિવાસી વગરની વૈશ્વિક ઈમારત લાગી હોત; કારણકે તેને અંદર રહેતા આત્માનું ચિહ્ન નજરે ન પડયું હોત, એવું સત્ નજરે પડયું હોત, જેના આનંદને માટે આ સર્જન થયું હોય. આ પ્રકારની સૃષ્ટિ માત્ર અચેતન શક્તિમાંથી જ અથવા ભ્રાન્તિરૂપ સિનેમામાંથી જ પ્રગટી શકે; તે છાયા ક્રીડા અથવા કઠપૂતલી ક્રીડા હોઈ શકે, જેમાં રૂપોનું પ્રતિબિંબ અતિચેતન ઉદાસીન, કેવળ તત્ત્વ પર પડતું હોય છે. તેને આત્માની કોઈ સાબિતી નજરે ન પડે, આ પદાર્થતત્ત્વના અમેય અને અનંત દૃશ્યમાં મન કે પ્રાણનું સૂચન પ્રાપ્ત ન થાય. આ સૂક્કા ભટ્ટ રણ જેવા વિશ્વમાં સદા અચેતન અને અજ્ઞાન વિશ્વમાં વિપુલ પ્રાણ પ્રગટે, કોઈ ગૂઢવાદી અને ગણતરી ન કરી શકાય તેવું, જીવંત, અને સચેતન 'કાંઈક' નું પ્રથમ આકંપન પ્રગટે, એક નિગૂઢ આધ્યાત્મિક તત્ત્વ સપાટી પર આવવા માટે મથતું દેખાય ને તેને શક્ય અથવા કલ્પનીય ન લાગ્યું હોત."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૪૮-૪૯)

મધુર માતાજી, મને આ વાકય ન સમજાયું કે "ઉત્ક્રાન્તિમય પ્રકૃતિની પહેલાંની અવસ્થાઓમાં આપણે પ્રકૃતિની અચેતનતાની મૂંગી નિગૂઢતા જોઈએ છીએ." મધુર માતાજી, આ નિગૂઢતા શું છે?

પ્રકૃતિનો ઈરાદો? શરૂઆતથી જ શ્રી અરવિંદે તે કહ્યો છે કે પદાર્થતત્ત્વના હાર્દમાં, ઊંડાણોમાં નિગૂઢ, પરમાત્માની હાજરી પહેલેથી જ રહેલી છે; સર્વ પાર્થિવ ઉત્ક્રાન્તિ, સૃષ્ટિ પોતાના મૂળ ઉદ્‌ગમસ્થાનમાં, પરમાત્મામાં પાછી જાય તેટલા માટે, થતી હોય છે, જે પરમાત્મા દરેક વસ્તુના કેન્દ્રમાં રહેલા છે. પ્રકૃતિનો આ ઈરાદો છે.

વિશ્વ એ પરમાત્માનું દૃશ્યીકરણ છે; તે પોતાની જાતને દૃશ્ય બનાવતા હોય છે, જેથી તે પોતાની જાતને જોઈ શકે, જીવી શકે, જાણી શકે, જેથી એવું અસ્તિત્વ એવી ચેતના શકય બને જે પોતાના ઉદ્‌ગમસ્થાનને જાણવા અને સર્જનમાં તેનો સભાનપણે આવિર્ભાવ કરી તેમાં એકરૂપ બની શકે. વિશ્વના સર્જન માટે બીજો કોઈ હેતુ નથી. પૃથ્વી વૈશ્વિક જીવનની એક પ્રતીકમય, ઠરી ગયેલી સ્થિતિ છે, ઓછાપણું છે, સઘનીકરણ છે, જેથી ઉત્ક્રાન્તિનું કાર્ય સહેલાઈથી બની શકે, તેનું અનુસરણ વધારે સહેલું બની શકે. જેમ જેમ આપણે પૃથ્વીનો ઈતિહાસ જોઈશું, તેમ તેમ સૃષ્ટિનું સર્જન શા શાટે થયું છે તે આપણે સમજી શકીશું. ભગવાન સનાતન સર્જનમાં પોતાની જાતથી સભાન બનતા હોય છે. તેનો હેતું સૃષ્ટિની સ્રષ્ટા સાથે એકરૂપતા બને તે છે તે એકરૂપતા સભાન, મરજીપૂર્વકની, અને આવિર્ભાવમાં સ્વતંત્ર હોવી જોઈએ.

તે પ્રકૃતિનું રહસ્ય છે. પ્રકૃતિ એ કાર્ય કરનારી શકિત છે, તે આ કાર્ય કરી રહી છે.

તે આ સૃષ્ટિને પોતાના હાથમાં લે છે, જે સૃષ્ટિ તદ્દન અચેતન દેખાય છે, પણ જેનામાં પરમ ચેતના અને પરમ વાસ્તવિકતા સમાવિષ્ટ છે. તે કાર્ય કરી રહી છે, જેથી આ બધાનો વિકાસ થઈ શકે, આત્મસભાન થઈ શકે, અને પોતાનો પરિપૂર્ણ સાક્ષાત્કાર સાધી શકે. પણ શરૂઆતથી જ તે વાત તે બતાવતી હોતી નથી. તે ધીમે ધીમે વિકાસ પામે છે, અને તેથી શરૂઆતમાં તે એક રહસ્ય હોય છે. જેનો ભેદ, જેમ જેમ તે અંતની નજીક જશે તેમ તેમ, ઉકેલશે. માણસ ઉત્ક્રાન્તિની એવો ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યો છે, કે તે આ રહસ્ય પરના આવરણને દૂર કરી

શકે, જે વસ્તુ દેખીતી અચેતનતામાં કરવામાં આવી હતી, તેને તે સચેતનતા પૂર્વક કરી શકે, મરજીપૂર્વક, ખૂબ ઝડપથી, અને સાક્ષાત્કારના સિદ્ધિના આનંદપૂર્વક કરી શકે.

માણસમાં જોઈ શકાય છે કે તેની આધ્યાત્મિક વાસ્તવિકતાનો વિકાસ થઈ રહ્યો છે, તે વાસ્તવિકતા પોતાની જાતને સંપૂર્ણપણે અને મુકત રીતે વ્યકત કરી રહી છે. પશુમાં તથા વનસ્પતિમાં, તે જોવા માટેનું સ્પષ્ટ દર્શન જરૂરી હતું, પણ માણસ તો આ આધ્યાત્મિક વાસ્તવિકતાથી પોતે જાતે જ સભાન છે. કમથી કમ, તેના અસ્તિત્વના ઉચ્ચતર ભાગમાં. તેનું પરમ ઉદ્‌ગમ સ્થાન તેની પાસે શું કરાવવા માગે છે તે માનવ જાણતો હોય છે, તે કાર્ય કરવામાં તે સહકાર આપતો હોય છે.

પ્રકૃતિ માગે છે કે સૃષ્ટિ દૃશ્યીકરણમાં સર્જનહાર પોતે છે તે જાણે, પોતાની અને સર્જનહારની વચ્ચે ભેદ નથી તે જાણે, સચેતન અને સિદ્ધ થયેલી એકરૂપતા એ લક્ષ્ય છે તે જાણે. આ પ્રકૃતિનું રહસ્ય છે.

માતાજી, અહીં શ્રી અરવિંદ લખે છે કે "આ સચેતનતાનું મૂંગુ રહસ્ય" તેની અચેતનતા શા માટે?

કોની અચેતનતા?

પ્રકૃતિની.

ના. પ્રકૃતિ અચેતન નથી, પણ તે અચેતન દેખાય છે. અચેતનતાથી તેણે શરૂઆત કરી, પણ અચેતનતાનાં ઊંડાણોમાં સચેતનતા હતી. આ ચેતના ધીમે ધીમે વિકસતી જાય છે. ૧ દા. ત. ખનિજ પ્રકૃતિ, પત્થરો, પૃથ્વી, ધાતુઓ, જળ, વાયુ આ બધું અચેતન દેખાય છે. જો કોઈ વધારે ઝીણવટથી અવલોકન કરે, અને હવે તો વિજ્ઞાને સિદ્ધ કર્યું છે કે તે અચેતન નથી; અચેતનતા તો માત્ર દેખાવ જ છે. તે બધું ઘનીભૂત શકિત છે. અલબત્ત, સચેતન શકિતએ આ બધાનું સર્જન કર્યું છે. પણ જયારે આપણે ખડકને જોઈએ છીએ, ત્યારે આપણે

---

૧. જ્યારે આ વાર્તાલાપ પહેલી વાર પ્રસિદ્ધ થયો, ત્યારે માતાજીએ આ નોંધ કરી હતી, "ચેતના વિકાસ નથી કરતી હોતી. ચેતનાનો આવિર્ભાવ, તેની અભિવ્યકિત વિકાસ કરતી હોય છે. તે વધારે ને વધારે પોતાની જાતને અભિવ્યકત કરતી જાય છે.

એમ નથી માનતા કે તે સચેતન છે. સચેતન હોય તેવો તે દેખાતો હોતો નથી, તે તદ્દન જડ અચેતન દેખાય છે.

પણ તે દેખાવ જ અચેતન હોય છે. તે વધારે ને વધારે સચેતન બનતો ચાલે છે. ખનિજ જાતિમાં પણ એવું જોવામાં આવે છે કે તેમનામાં નિગૂઢ ચેતના પ્રગટ થતી હોય છે, દા. ત. અમુક ક્રિસ્ટલો. તે ક્રિસ્ટલો કરેલી બધી નિશ્ચિતતાથી અને સંવાદિતાથી રચાતા હોય છે. તેનું જો તમે અવલોકન કરો, જો તમે ખુલ્લા હો, તો તમને ચોક્કસ જણાશે કે તેમની પીઠમાં ચેતના રહેલી છે, એ અચેતન અકસ્માતનું પરિણામ ન જ હોઈ શકે.

તમે ખડકના ક્રિસ્ટલો જોયા છે? તમે કોઈ દિવસ તે નથી જોયા?

હા, જોયા છે.

સરસ, તે ક્રિસ્ટલો સુંદર અને કલામય હોય છે.

સમુદ્રની ગતિ, વાયુની ગતિ, હવાની ગતિ આ બધું જોતાં આપણને લાગ્યા વગર રહેતું નથી કે આ બધાની પીઠમાં ચેતના કાર્ય કરી રહી છે. તેનો માત્ર ઉપરછલ્લો દેખાવ જ અચેતન હોય છે.

(મૌન)

હવે કોઈ પ્રશ્ન છે?

સાચે જ, દરેક પ્રાણીમાં ઉત્ક્રાન્તિની સમગ્ર પ્રક્રિયા ફરી થતી હોય છે. જેમ કોઈ ખૂબ ઊંચાઈ પરથી, ચક્કર આવે તેવી ઊંચાઈ પરથી માણસ થઈ ગયેલી બધી વસ્તુઓ પર નજર ન નાંખતો હોય, હવે પછીનું પગલું ભરતા પહેલાં, જાણે તેને પહેલાંનું બધું ફરી જીવી જવાની જરૂર ન હોય.

(મૌન)

પ્રારંભ, અચેતનતામાં અંધકારમાં મહાન યાત્રા, વિસ્મૃતિ, અચેતનમયતા, જાગૃતિ, અને પ્રકાશમાં પાછા આવવું તે.

૧૪ મે ૧૯૫૮

"જેમ વનસ્પતિ જીવનમાં સચેતન પશુની સ્પષ્ટ છાયા છે જે પશુ મનમાં લાગણીની, દર્શનની ગતિઓ, વિચારક માનવ માટેની પ્રાથમિક ભૂમિકાના પ્રાથમિક ખ્યાલો હલચલ કરતાં હોય છે, તેવી રીતે ઉત્ક્રાન્તિમય શક્તિનો પ્રયાસ માનસિક પ્રાણીરૂપ માનવને ઉદાત્ત બનાવે છે, જેને પરિણામે તેનામાંથી આધ્યાત્મિક માનવ પ્રગટે, સંપૂર્ણપણે સચેતન પ્રાણી પ્રગટે, માનવ પોતાની પ્રથમ ભૌતિક જાતથી પર જાય, અને પોતાની સાચી જાતને અને ઉચ્ચતમ પ્રકૃતિને શોધી કાઢે.

પણ જો આ વાતને પ્રકૃતિનો ઈરાદો છે એમ સ્વીકારવાનું હોય, તો તે પ્રશ્નો ઉભા થાય છે, જેનો જવાબ નિશ્ચયાત્મક રીતે મળવો જોઈએ. એક તો, માનસિક પ્રાણીમાંથી માનવ આધ્યાત્મિક પ્રાણી બને તે પરિવર્તનનું ચોક્કસ સ્વરૂપ; અને બીજું માનસિક માનવમાંથી આધ્યાત્મિક માનવની ઉત્ક્રાન્તિની પ્રક્રિયા અને પદ્ધતિ. પ્રથમ દૃષ્ટિએ જ એ સ્પષ્ટ લાગે છે કે દરેક ક્રમ તેની પહેલાંના ક્રમમાંથી જ નહિ, પણ તે ક્રમમાં ઉત્ક્રાન્તિ થાય છે. દા.ત. પ્રાણ પદાર્થતત્ત્વમાં પ્રગટ થાય છે, અને પોતાની આત્મ અભિવ્યક્તિમાં મોટે ભાગે તે ભૌતિક પરિસ્થિતિઓ વડે મર્યાદિત અને નિશ્ચિત હોય છે. મન, પ્રાણ અને પદાર્થતત્ત્વમાંથી પ્રગટ થાય છે; અને તે પોતાની આત્મ અભિવ્યક્તિમાં મોટે ભાગે પ્રાણિક અને ભૌતિક પરિસ્થિતિઓથી અને નિશ્ચિત હોય છે. તે જે રીતે, આત્માએ મન પ્રાણ પદાર્થતત્ત્વમાંથી પ્રગટવું જોઈએ, અને મોટે ભાગે તેણે પોતાના મૂળરૂપ મનની, પ્રાણની, ભૌતિક પરિસ્થિતિઓથી મર્યાદિત બને નિશ્ચિત થવું જોઈએ."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૫૧–૫૨)

વિશ્વના પ્રગટીકરણમાં હવે પછી અતિમાનસ જીવન સિદ્ધ થવાનું છે. જેમ જેમ તેની શરૂઆત થાય, વધારે સ્પષ્ટ રીતે નહિ, પણ ચોક્કસપણે તેમ તેમ વધારે ને વધારે સ્પષ્ટ બનતું જાય છે કે આ અતિમાનસ જીવનને પ્રાપ્ત કરવામાં સૌથી વધારે કઠિન માર્ગ બૌદ્ધિક ક્રિયાનો છે.

જીવનમાં અમુક ચૈતસિક લાગણીમાંથી, જે પદાર્થતત્ત્વમાં ભગવાનના પ્રતિબિંબ જેવું, તેજોમય પ્રાગટય જેવું હોય છે, અતિમાનસ ચેતનામાં જવું તેના કરતાં માનસિક જીવનમાંથી અતિમાનસ જીવનમાં જવું તે વધારે કઠિન છે. ઉચ્ચતમ

બૌદ્ધિક વિચારમાંથી અતિમાનસ આકંપન પ્રત્યે જવું તેના કરતાં ચૈત્યમાંથી અતિમાનસ ચેતનામાં જવું તે વધારે સહેલું છે. કદાચ 'અતિમાનસ' શબ્દ આપણને ગેરમાર્ગે દોરી જાય છે. તેમાં 'માનસ' શબ્દ હોવાને કારણે આપણે એમ માની લઈએ છીએ કે ઉચ્ચતર બૌદ્ધિક માનસિક ક્રિયાથી અતિમનસ્‌માં સહેલાઈથી જઈ શકાતું હશે. પણ હકીકત તદ્‌ન જુદી જ છે. આ ખૂબ ઉચ્ચ, વિશુદ્ધ ઉદાત્ત બૌદ્ધિક ક્રિયા વડે માણસ એક ઠંડાગાર શક્તિહીન ભાવવાચક તત્ત્વ પ્રત્યે, બરફ જેવા ઠંડાગાર, ઠરી ગયેલા પ્રકાશ પ્રત્યે ગતિ કરતો દેખાય છે; પણ તે પ્રકાશ ચોક્કસ જીવનથી દૂર હોય છે, પણ અતિમાનસ વાસ્તવિકતાથી તે તેના કરતાં પણ વધારે દૂર હોય છે.

જગતમાં પ્રસરતા અને કાર્ય કરતા આ પદાર્થતત્ત્વમાં એવી તો ઉત્કટ ઉષ્મા છે, શક્તિ છે, આનંદ છે કે તેની આગળ સર્વ બૌદ્ધિક ક્રિયા ઠંડીગાર અને શુષ્ક લાગે છે. તેથી આ વસ્તુઓની માણસ જેમ ઓછી વાત કરે તેમ વધારે સારું. સર્વ શક્ય સમજૂતિઓ કરતાં એક ક્ષણ ઊંડા અને સાચા પ્રેમના એક જ આવેગ, ભગવાનની કૃપામાં રહેલી સમાજની એક જ ક્ષણ તમને લક્ષ્ય તરફ વધારે નજીક લઈ જાય છે.

ખૂબ ખૂબ સૂક્ષ્મ સમજૂતિ કરતાં એક સંસ્કૃત, સૂક્ષ્મ, સ્પષ્ટ, તેજોમય, તીવ્ર, ઊંડી, ખૂબ ઊંડી લાગણી તમારે માટે વધારે પ્રમાણમાં દ્વાર ખોલી નાંખતી હોય છે.

જો આપણે આ અનુભૂતિને વધારે આગળ લઈ જઈએ, તો એમ લાગે છે કે જ્યારે માણસ શરીરના રૂપાંતરનું કામ હાથમાં લે છે, જ્યારે શરીરનાં વધારે તૈયાર થયેલાં, વધારે સુસંસ્કૃત, વધારે સૂક્ષ્મ, વધારે મુલાયમ, કોશાણુઓ ભગવાનની કૃપાને, સંકલ્પને, શક્તિને, જ્ઞાનને, સઘનતાપૂર્વક અનુભવવા સમર્થ બનતાં હોય છે, ત્યારે તે જ્ઞાન બૌદ્ધિક નથી હોતું, પણ તાદાત્મ્યવાળું જ્ઞાન હોય છે. જ્યારે માણસ પોતાના શરીરના કોશાણુઓમાં તે જ્ઞાન અનુભવે છે, ત્યારે તે અનુભૂતિ એવી તો સમગ્ર, અનિવાર્ય, જીવંત, સઘન, સ્પર્શગમ્ય, અને વાસ્તવિક હોય છે કે બીજું બધું એક નિરર્થક સ્વપ્ન સમાન ભાસે છે.

એટલે આપણે કહી શકીએ કે જ્યારે વર્તુળ પરિપૂર્ણ બને છે. એ છેડાઓ મળે છે, જ્યારે ઉચ્ચતમ તત્ત્વ ખૂબ ભૌતિકમાં પ્રગટ થાય છે, ત્યારે અનુભૂતિ પરિપૂર્ણ રીતે નિશ્ચયાત્મક બનશે.

KALPANA ART NO. NAVSARI

એમ લાગે છે કે જ્યાં સુધી માણસ પોતાના શરીર વડે સમજતો હોતો નથી, ત્યાં સુધી તે કદી સાચી રીતે સમજી શકતો હોતો નથી.

*

૨૧ મે ૧૯૫૮

વહાલાં માતાજી, માનસિક પ્રામાણિકતાનો ચોક્કસ અર્થ શો છે?

તે પોતાની જાતને છેતરવા પ્રયત્ન ન કરતું મન છે. તે પ્રયત્ન નથી હોતો, કારણકે તે પોતાનું કાર્ય કરવામાં સારી સફળતા પ્રાપ્ત કરે જ છે!

એમ લાગે છે કે માણસના સામાન્ય માનસશાસ્ત્રીય બંધારણમાં મનનું લગભગ સતત કાર્ય આ હોય છે કે પ્રાણમાં (કામનામય સત્ત્વમાં) મનના ખૂબ ભૌતિક ભાગોમાં, શરીરના ખૂબ સૂક્ષ્મતમ ભાગોમાં જે કાંઈ બની રહ્યું હોય છે તેની સ્વીકારી શકાય તેવી સમજૂતિ આપવી. આપણે જે કાંઈ કરતા હોઈએ છીએ તેની સમજૂતિ આપવી, અગવડભરેલું કારણ આપવું, તેમાં અસ્તિત્વના બધા જ ભાગો એક બનીને ભાગીદાર બનતા હોય છે, જેથી આપણે જે ભૂલો કરીએ અને અનિષ્ટ ગતિઓ કરીએ તેના પીડાજનક સંસ્કારોથી યથાશક્ય દૂર રહી શકાય. દા. ત. જો માણસે ખાસ તાલીમ ન લીધી હોય તો તે જે કાંઈ કરતો હોય છે તેને માટે મન પોતાને અનુકૂળ સમજૂતિ આપતું હોય છે, જેથી તેને કોઈ આંતર કચવાટ, પીડા ન થાય. જ્યારે બહારનાં પ્રતિકાર્યો, સંજોગો, અથવા બીજા લોકોની ગતિઓ દબાણ કરતાં હોય છે, ત્યારે જ માણસ પોતે તે જેવો છે અને પોતે જે કરે છે તેનાં પર ઓછી અનુકૂળ દૃષ્ટિ સ્વીકારવા સંમત થતો હોય છે, અને પોતાની જાતને પૂછતો હોય છે કે આના કરતાં વસ્તુઓ વધારે સારી રીતે ન કરી શકાય?

સ્વયંભૂ રીતે જ, પ્રથમ ગતિ તો આમ બચાવતી હોય છે. નાનામાં નાની, બહુ ક્ષુદ્ર વસ્તુઓની બાબતમાં પણ, માણસ તદ્દન સ્વયંભૂ રીતે કોઈ સમર્થક કારણ માગતો હોય છે, પોતાનો બચાવ કરવા માગતો હોય છે, જીવનમાં આ એક સામાન્ય વલણ છે.

સમજૂતિઓ તો માણસ પોતાની જાતને જ આપતો હોય છે. સંજોગોનું દબાણ થાય, ત્યારે જ તે બીજાઓને સમજૂતિઓ આપવા માંડતો હોય છે. પણ પ્રથમ તો તે પોતાની જાતને જ આરામ આપવા માગતો હોય છે. તે કહેતો હોય છે કે તે વસ્તુ આમ જ બનવાની હતી; આ કારણથી તે આમ બની. તે હંમેશાં સંજોગોનો કે બીજા લોકોનો દોષ કાઢતો હોય છે. જો તે માણસે અભ્યાસ ન કર્યો હોય, સ્વયંભૂ રીતે કાર્ય કરવાની ટેવ ન પાડી હોય, તો તેને સમજવા માટે પ્રયાસ કરવો પડે છે કે કદાચ વસ્તુઓ એ પ્રકારની નથી, કદાચ મેં કર્યું તેમ મારે કરવું જોઈતું ન હતું; મારે જે પ્રતિકાર્ય કરવું જોઈતું હતું તે મેં નથી કર્યું. તે આ વસ્તુ જોઈ શકે, પણ તેનો અધિકાધિક રીતે સ્વીકાર કરવો, તે માટે તેથી પણ વધારે પ્રયત્નની જરૂર છે.

જ્યારે માણસ ભૂલ કરે છે, ત્યારે તેની પ્રથમ ગતિ હોય છે તે ભૂલને પાછળ નાંખી સંતાડી દેવાની, તેના ઉપર ઢાંકપિછોડો કરવાની, તે ઢાંકપિછોડો બહુ જ સુંદર નાનકડી સમજૂતિનો હોય છે. જ્યાં સુધી તેને ઉઘાડો પાડવાની તેને ફરજ ન પડે, ત્યાં સુધી તે તેને સંતાડતો રહેલો હોય છે, આ માનસિક પ્રામાણિકતાનો અભાવ છે.

પ્રથમ તો માણસ, ટેવને કારણે, પોતાની જાતને છેતરતો હોય છે. તે પોતાની જાતને ન છેતરવાનો પ્રયત્ન કરતો હોય છે, ત્યારે પણ, સાહજિક રીતે જ, પોતે બેચેને ન બને તેટલા માટે તે પોતાની જાતને છેતરવાનો પ્રયત્ન કરતો હોય છે. એક વાર તેને સમજ પડે કે હું મારી જાતને છેતરી રહ્યો છું, કે તરત જ તેણે ખુલ્લા દિલથી કબૂલ કરી લેવું જોઈએ કે હા, હું મારી જાતને છેતરી રહ્યો હતો.

આ બધી વસ્તુઓ એવી આપોઆપ બનતી હોય છે, તેમની એવી તો ટેવ પડી ગઈ હોય છે કે તમને તેનો ખ્યાલ જ આવતો હોતો નથી. પણ જ્યારે તમે તમારી જાત પર કોઈક શિસ્ત સ્થાપવા માગો છો, ત્યારે તમને ખૂબ રસપ્રદ, નવીન શોધો પ્રાપ્ત થતી હોય છે. જ્યારે તમને તે જડે છે, ત્યારે તમને ખ્યાલ આવે છે કે હું સતત આત્મપ્રતારણામાં જ જીવતો હતો, ઈચ્છાપૂર્વકની પ્રતારણામાં જીવતો હતો. અર્થાત તમે તમારી જાતને સ્વયંભૂ રીતે છેતરતા હો છો. તેને માટે તમે વિચાર કરતા હોતા નથી. સ્વયંભૂ રીતે જ તમે તમારા કાર્ય પર ઢાંક પિછોડો કરતા હો છો, જેથી તે તેના ખરા રૂપમાં બહાર પ્રગટ ન થાય. અને

આ બધું તમે તદ્દન નાનકડી, બિનમહત્ત્વની વસ્તુઓ માટે કરતા હો છો! જો તે ભૂલ તમારા અસ્તિત્વ માટે જ જોખમ રૂપ હોય તો આત્મરક્ષણની સાહજિક વૃત્તિ તમારી પાસે તે ઢાંકપિછોડાનું કાર્ય કરાવે એ સમજી શકાય તેવી વસ્તુ છે. પણ તે તો તમે તદ્દન બિનમહત્ત્વની, ક્ષુદ્ર વસ્તુઓ માટે કરતા હો છો. તેમ કરવાનું કારણ માત્ર એટલું જ હોય છે કે તમે તમારી જાતને કહી શકો કે મેં ભૂલ કરી નથી!

આનો અર્થ એ થયો કે માનસિક રીતે દિલની સચ્ચાઈ પ્રાપ્ત કરવા માટે પ્રયત્નની જરૂર છે. પ્રયત્ન કરવો જોઈએ, શિસ્ત સ્થાપવી જોઈએ. અલબત્ત, હું તેવા લોકોની વાત નથી કરતી કે જેઓ, પોતે ન પકડાઈ જાય તેટલા માટે, જુઠું બોલતા હોય છે, કારણ કે તેમ ન કરવું જોઈએ તે તો બધા જ જાણતા હોય છે. વળી ખૂબ ખૂબ મૂર્ખાઈ ભરેલાં જુઠાંણા ખૂબ નિરર્થક હોય છે, કારણકે તે એટલાં બધાં દેખી શકાય તેવાં હોય છે કે કોઈ તેમનાથી છેતરાય નહિ, તેવા દાખલા સતત બનતા હોય છે. ખરાબ કામ કરતા કોઈ માણસને તમે પકડી પાડો છો અને તેને કહો છો કે તું ખરાબ કામ કરી રહ્યો છે તો તે એવી મૂર્ખાઈભરેલી સમજૂતિ આપશે, કે જેનો સ્વીકાર કોઈ પણ માણસ ન કરે. તે મૂર્ખાઈ ભરેલી હોય છે, પણ આત્મરક્ષણ માટે તે આપતો હોય છે. તે સ્વયંભૂ હોય છે, પોતે તે કરી રહ્યો છે તેવો તેને ખ્યાલ પણ હોતો નથી. પણ બીજા પ્રકારની પ્રતારણા તેના કરતાં પણ વધારે સ્વયંભૂ હોય છે; તેને તેની એવી તો ટેવ પડી ગઈ હોય છે કે તેનું તેને ભાન જ નથી હોતું. એટલે જ્યારે આપણે માનસિક પ્રામાણિકતાની વાત કરીએ છીએ કે જે ખૂબ સતત અને ટકાવી રાખેલા પ્રયાસ દ્વારા જ સિદ્ધ થઈ શકે તેમ છે.

તમે મસ્તિષ્કમાં અથવા હૃદયમાં (માતાજી હૃદય પર આંગળી મૂકે છે) કોઈક ખોટો વિચાર કરતાં કે લાગણી અનુભવતાં, તમારી જાતને પકડી પાડો છો, તે બહુ ગંભીર બાબત છે. તમે તેને માટે કોઈ નાનકડી, અનુકૂળ સમજૂતિ આપો છો. પછી જ્યારે તમે તમારી જાતને પકડમાં લાવો છો, તેને મજબૂત રીતે પકડી રાખો છો, તમારી જાત સામે સ્પષ્ટતાપૂર્વક નજર કરો છો અને પૂછો છો કે તને આ સમજૂતિ ખરી લાગે છે? ત્યારે જો તમે ખૂબ હિમતવાળા હશો, તમારી જાત પર ખૂબ દબાણ મૂકશો, તો અંતે તમારી જાતને કહેશો કે ના, હું જાણું છું કે તે સમજૂતિ સાચી નથી.

કેટલીક વાર આ પ્રયત્નમાં વર્ષો વીતી જાય છે. સમય તો પસાર થતો જ રહે છે. માણસે પોતાની જાતમાં ખૂબ પરિવર્તન લાવવું જોઈએ, વસ્તુઓનું દર્શન ખૂબ ભિન્ન પ્રકારનું બની ગયેલું હોવું જોઈએ, પોતે જુદી સ્થિતિમાં હોવું જોઈએ, સંજોગો સાથે ભિન્ન પ્રકારના સંબંધમાં આવવું જોઈએ, જેથી તમે સંપૂર્ણપણે, સ્પષ્ટતાપૂર્વક જોઈ શકો કે તમે તમારી જાતને કેટલી બધી છેતરતા હતા. તે ક્ષણે તમને ખાતરી થાય છે કે હવે હું સાચા દિલનો બન્યો.

(મૌન)

સંભવ છે કે જ્યારે માણસ આ પૃથ્વી પરના જીવનરૂપી અસત્યના ગોળાર્ધ-માંથી ઊર્ધ્વમાં જાય, માનસિક જીવનથી અને ઉચ્ચત્તર માનસિક જીવનથી પણ ઊર્ધ્વમાં જાય, ત્યારે જ પરિપૂર્ણ સચ્ચાઈ પ્રાપ્ત થઈ શકે.

જ્યારે માણસ સત્યના જગતમાં, ઉચ્ચતર ગોળાર્ધમાં જાય છે, ત્યારે જ તે વસ્તુઓને તેમના સાચા સ્વરૂપમાં જોઈ શકે છે. વસ્તુઓને સાચા સ્વરૂપમાં જોયા પછી, તે તે વસ્તુઓના સત્યમાં જીવન ધારણ કરી શકે છે. ત્યારે સ્વાભાવિક રીતે જ, બધાં અસત્યો કડડડ ભૂસ દઈને ભાંગી પડે છે. પછી અનુકૂળ સમજૂતિઓની જરૂર રહેલી નથી; એટલે તે અદૃશ્ય થઈ જાય છે, કારણકે પછી કોઈ સમજાવવા માટેની વસ્તુ જ રહેતી નથી.

વસ્તુઓ ત્યારે પોતે જ સ્પષ્ટ બની જતી હોય છે. બધાં સ્વરૂપોમાં સત્ય પ્રકાશી ઉઠશે: ભૂલની શકયતા અદૃશ્ય થઈ જશે.

*

૨૮ મે ૧૯૫૮

" એ તદ્‌ન સાચી વાત છે કે, ઉપરછલ્લી દૃષ્ટિએ, જીવન માત્ર પદાર્થ-તત્ત્વની ક્રિયા લાગે છે, મન જીવનની, પ્રાણની ક્રિયા લાગે છે, અને આપણે જેને આત્મા કહીએ છીએ તે માનસિકતાની માત્ર એક શકિત લાગે છે, આત્મા મનનું એક સુંદર રૂપ લાગે છે, આધ્યાત્મિકતા દેહધારી માનસિક સત્ત્વની એક ઉચ્ચ ક્રિયા લાગે છે. પણ આ દેખાવ અને ક્રિયા પર કરેલી વિચારની એકાગ્રતાને

લઈને થતો, વસ્તુઓનો ઉપરછલ્લો ખ્યાલ છે, તે પ્રક્રિયાની પીઠમાં રહેલા તત્ત્વને ન જોવાથી પેદા થતો ખ્યાલ છે. તે જ રીતે આગળ વધતાં માણસ એવી તારવણી પણ કરી શકે કે, વીજળી એ જળની અને વાદળના પદાર્થતત્ત્વની ક્રિયા અથવા પરિણામ છે, કારણકે તેવા ક્ષેત્રમાં વીજળી ઉત્પન્ન થતી હોય છે. પણ ઊંડી તપાસને અંતે જણાયું છે કે, જળના તથા વાદળના પાયામાં વીજળીની શકિત રહેલી છે; વીજળી તેમની ઘટક-શકિત છે અથવા શકિતનું પદાર્થતત્ત્વ છે. જે પરિણામ દેખાય છે, તે રૂપમાં નહિ, પણ વાસ્તવિકતામાં ઉદ્‌ગમસ્થાન છે. દેખીતા કારણની પહેલા રહેલા સારતત્ત્વમાં અસર પ્રગટ થતી હોય છે, ક્રિયાના વર્તમાન ક્ષેત્રની પહેલાં થયેલી ક્રિયાનું તત્ત્વ છે. એટલે સર્વત્ર ઉત્ક્રાન્તિમય પ્રકૃતિ જ છે. જો પ્રાણનું તત્ત્વ પદાર્થતત્ત્વના ઘટકરૂપે પહેલાં ન હોત, તો પદાર્થતત્ત્વ જીવંત ન બન્યું હોત, જે પદાર્થતત્ત્વમાં પ્રાણરૂપે પ્રગટ થાય છે. જો મનનું તત્ત્વ પ્રાણ અને પદાર્થતત્ત્વની પીઠમાં ન હોત, પદાર્થતત્ત્વમાં રહેલો પ્રાણ લાગણી ન અનુભવી શકયો હોત, જોઈ ન શકયો હોત, વિચાર કે તર્ક ન કરી શકયો હોત; પ્રાણ અને શરીર મનના કાર્યનું ક્ષેત્ર છે; તે જ શરીરમાં અને વિચાર કરતા પ્રાણમાં પ્રગટ થાય છે. તે જ રીતે, મનમાં પ્રગટ થતી આધ્યાત્મિકતા એવી શકિતનું ચિહ્ન છે, જેણે પ્રાણ, મન, શરીરના પાયાનું ઘટન કર્યું છે અને હવે જે જીવંત અને વિચાર કરતા શરીરમાં આધ્યાત્મિક સત્ત્વ તરીકે પ્રગટ થાય છે. આ પ્રાગટય કયાં સુધી જશે, તે પોતાના કરણ પર પ્રભુત્વ સ્થાપશે અને તેનું રૂપાંતર કરી શકશે કે નહિ, તે પછીનો પ્રશ્ન છે; પણ પ્રથમ તો આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરવાનો છે, મન જે કરતાં ભિન્ન છે, મનથી મહત્તર છે; આધ્યાત્મિકતા માનસિકતાથી ભિન્ન વસ્તુ છે. આત્મા એ આખરી ઉત્ક્રાંતિમય પ્રાગટય છે, કારણકે તે મૌલિક અવક્રાન્ત બનેલું તત્ત્વ છે. ઉત્ક્રાન્તિ એ અવક્રાન્તિથી ઊંધી ગતિ છે. અવક્રાન્તિમાં જે છેલ્લી અને આખરી વસ્તુ હોય છે, તે ઉત્ક્રાન્તિમાં પહેલી દેખાય છે. અવક્રાન્તિમાં જે મૂળનું અને પ્રથમ હતું, તે ઉત્ક્રાન્તિમાં છેલ્લું અને પરમ પ્રાગટય હોય છે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૫૨-૫૩)

આજે મને અવતાર વિષે કહેવાનો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે.

પહેલું તો મારે તમને કહેવું જોઈએ કે, શ્રી અરવિંદે આ વિષે લખ્યું છે. પ્રશ્ન પૂછનાર શ્રી અરવિંદનું તે વિષય પરનું લખાણ પહેલાં વાંચી લે, તો તેને સમજવામાં સુગમતા પડશે.

તમારે પોતે તે વાંચવું તે વધારે સારું છે; એટલે તે વિષે હું નહિ બોલું.

પણ હું તમને એક ખૂબ પ્રાચીન પરંપરા વિષે કહીશ, જે આધ્યાત્મિક અને ગૂઢવાદી, બંને પરંપરાઓ કરતાં પણ ખૂબ પ્રાચીન છે; વૈદિક પરંપરા અને કેલ્ડિયાની પરંપરા. તે પરંપરા આ બે પરંપરાઓના મૂળમાં છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, જ્યારે આસુરી શકિતઓના કાર્યને પરિણામે, પ્રકાશના અને સાહજિક ચેતનાના નિયમ અનુસાર વિકાસ કરવાને બદલે, જગત અંધકારમાં ફેંકાઈ ગયું, અચેતનતામાં અને અજ્ઞાનમાં ફેંકાઈ ગયું, ત્યારે સર્જક શકિતએ પરમ ઉદ્‌ગમ સ્થાનને (પરમાત્માને) પ્રાર્થના કરી કે, આ પતન પામેલા વિશ્વનો ઉદ્ધાર કરવા માટે તમે દરમિયાનગિરી કરો. તે પ્રાર્થનાના પ્રત્યુત્તર રૂપે પરમાત્મામાંથી પ્રેમ અને ચેતનારૂપી ખાસ તત્ત્વનો પ્રાદુર્ભાવ થયો. તેણે સીધી રીતે પોતાની જાતને ખૂબ અચેતન પદાર્થતત્ત્વમાં ફેંકી, જેથી તે તેનાં મૂળ ચેતનાને અને પ્રેમને જાગૃત કરવાનું કાર્ય કરી શકે.

પ્રાચીન કથામાં આ પ્રાણીને એક ખૂબ અંધકારમય ગુફાને તળિયે સુષુપ્તિમાં પડેલું વર્ણવ્યું છે. તેની નિદ્રામાં, તેનામાંથી પ્રકાશતાં ધ્રિઝમ જેવાં કિરણો પ્રગટયાં, જે ધીમે ધીમે અચેતનતામાં ફેલાઈ ગયાં અને એ અચેતનતાનાં બધાં તત્ત્વોમાં પ્રવિષ્ટ થયાં, જેથી જાગૃતિનું કાર્ય ત્યાં શરૂ કરી શકાય.

જો કોઈ આ અચેતનતામાં સચેતનતાપૂર્વક પ્રવેશ કરે, તો હજી પણ તે ત્યાં તે અદ્‌ભૂત પ્રાણીને ગાઢ નિદ્રામાં સૂતેલું, પ્રગટ થવાના કાર્યને કરતું, પ્રકાશ પાથરતું જોઈ શકે. જ્યાં સુધી અચેતન સચેતન નહિ બને, જગતમાંથી અંધકાર અદૃશ્ય નહિ થાય, સમગ્ર સૃષ્ટિ અતિમાનસ ચેતના પ્રત્યે જાગૃત નહિ થાય ત્યાં સુધી તે પોતાનું કાર્ય ચાલુ રાખશે.

એ નોંધપાત્ર છે કે આ અદ્‌ભૂત પ્રાણી મેં એક દિવસ સ્વપ્નમાં જોને જોયું હતું તેને ખૂબ મળતું આવે છે, જે પ્રાણી બીજે છેડે છે, રૂપ અને અરૂપની સરહદપર છે. પણ તે સ્વપ્નમાં દેખાયેલું સત્ત્વ સોનેરી અને નારંગી તેજવાળું હતું, જ્યારે પેલું નિદ્રાધીન પ્રાણી પારદર્શક કિરણોમાંથી પ્રગટ થતી, હીરા જેવી ચમકતી ધવલતાવાળું હતું.

હકીકતમાં, સર્વ અવતારોનું આ ઉદ્‌ગમ સ્થાન છે. તે પ્રથમ વૈશ્વિક અવતાર છે, જેણે ક્રમશ: વધારે ને વધારે સચેતન દેહો ધારણ કર્યા છે, અને છેવટે

એક એવા સ્વીકૃત પ્રાણીઓની પરંપરામાં પ્રગટ થયા છે, જે પરમાત્મામાંથી સીધા, આ વિશ્વને તૈયાર કરવાના કાર્યને પરિપૂર્ણ બનાવવા માટે, અવતરિત થયા છે, જેથી ચાલુ રહેલી પ્રગતિ દ્વારા, વિશ્વ સમગ્રપણે અતિમાનસ પ્રકાશને સ્વીકારવા માટે અને પ્રગટ કરવા માટે તૈયાર બને.

દરેક દેશમાં, દરેક પરંપરામાં, આ ઘટનાને ભિન્ન ભિન્ન મર્યાદાઓમાં, ભિન્ન ભિન્ન રીતોમાં, ખાસ પ્રકારે વર્ણવવામાં આવી છે. પણ સાચી રીતે કહીએ તો, આ સર્વ કથાઓનું મૂળ એક જ છે. તેને આપણે ખૂબ અંધકારમય પદાર્થતત્ત્વમાં પરમાત્માની સીધી, સચેતન દરમિયાનગીરી કહી શકીએ. આ પદાર્થતત્ત્વને દિવ્ય શક્તિઓની સ્વીકૃતિ પ્રત્યે જાગૃત કરવા માટે, પરમાત્માને વચગાળાની અવસ્થાઓમાંથી પસાર થવું પડતું હોતું નથી.

વિવિધ અવતારોના વચગાળાના સમયો વધારે ને વધારે ટૂંકા બનતા જતા દેખાય છે. જેમ જેમ પદાર્થતત્ત્વ વધારે ને વધારે તૈયાર બનતું જાય છે, તેમ તેમ કાર્ય ઝડપથી થતું જાય છે, ગતિ વધતી જાય છે, તે વધારે ને વધારે સચેતન, અસરકારક અને નિશ્ચયાત્મક બનતું જાય છે.

જ્યાં સુધી સમગ્ર વિશ્વ પરમાત્માનો સંપૂર્ણ અવતાર બનશે, ત્યાં સુધી આ કાર્ય વધતું જ જશે, વધારે ને ઉત્કટ બનતું જશે.

*

૫ જુન ૧૯૫૮

" શરૂઆતમાં, આ આત્માનું સત્ય અને આધ્યાત્મિકતાનું સત્ય મનને પ્રગટ નથી હોતું. માણસ પોતાના આત્માનું ભાન, તે શરીરથી બીજા રૂપે, સામાન્ય મન પ્રાણ કરતાં અધિક રૂપે, માનસિક રીતે પ્રાપ્ત કરે છે, પણ તેને તેનું સ્પષ્ટ ભાન થતું હોતું નથી; માત્ર તેના સ્વભાવમાં થતી કેટલીક અસરોની જ લાગણી તે અનુભવતો હોય છે. આ અસરો માનસિક અથવા પ્રાણિક રૂપ ધારણ કરતી હોય છે; એટલે તે દૃઢતાપૂર્વક અને સ્પષ્ટ રીતે તેમનો ભેદ પારખી શક્તો હોતો નથી; આત્મા દૃષ્ટિ નિશ્ચિત અને સ્પષ્ટ સ્વતંત્રતા પ્રાપ્ત કરતી હોતી નથી.

ઘણી વાર સામાન્ય રીતે, માનસિક અને પ્રાણિક ભાગો ઉપરનાં ચૈતસિક દબાણની અર્ધ અસરોને, માનસિક અભીપ્સાના અને પ્રાણિક કામનાઓના સંમિશ્રણને તે આત્મા માની લેવાની ભૂલ કરતો હોય છે, જેવી રીતે ભેદકારક અહંતાને આત્મા માની લેવામાં આવે છે તેમ, જો કે પોતાના સત્ય અસ્તિત્વમાં આત્મા સારરૂપ વૈશ્વિક તેમ જ વ્યકિતરૂપ હોય છે; જેવી રીતે માનસિક અભીપ્સાના અને પ્રાણિક ઉત્સાહના તથા ઉત્કટતાના મિશ્રણને, જ્યારે તેને કોઈ બલવાન અથવા ઉચ્ચ માન્યતા અથવા આત્મ સમર્પણ અથવા પરોપકારી ઉત્કટતા ઉદાત્ત બનાવે ત્યારે, આધ્યાત્મિકતા માની લેવાની ભૂલ કરવામાં આવે છે તેમ. પણ ઉત્ક્રાન્તિની સ્વલ્પ-કાલીન અવસ્થામાં આ અનિશ્ચિતતા અને ગૂંચવાડા અનિવાર્ય હોય છે, કારણકે અજ્ઞાન તેનું આરંભબિંદુ હોય છે અને આપણો પ્રાથમિક સ્વભાવ અનિવાર્ય રીતે અપૂર્ણ આંતરદર્શનાથી અને સાહજિક આવેગથી, કોઈ અનુભૂતિ અથવા સ્પષ્ટ જ્ઞાન પ્રાપ્ત કર્યા સિવાય, આગળ વધતો હોય છે. આધ્યાત્મિક ઉત્ક્રાન્તિનો દર્શનાની પ્રથમ અસરો, અથવા આવેગ, અથવા પ્રથમ ચિહ્નો અનિવાર્ય રીતે અપૂર્ણ અને કામચલાઉ હોય છે. પણ આ રીતે થયેલી ભૂલ સાચી સમજમાં રુકાવટ પેદા કરે છે; અને તેથી એ વાત પર ભાર મૂકવો જોઈએ કે આધ્યાત્મિકતા એ ઉચ્ચ બૌદ્ધિકતા નથી, આદર્શવાદ નથી, મનનો નીતિમય વળાંક નથી, નીતિમય વિશુદ્ધિ અને તપસ્યા નથી, ધાર્મિકતા અથવા ઉત્કટ અને ઉદાત્ત લાગણીમય ઉભરો નથી, આ બધી સુંદર વસ્તુઓનું મિશ્રણ પણ નથી. માનસિક માન્યતા, સંપ્રદાય અથવા શ્રદ્ધા, લાગણીમય અભીપ્સા, ધાર્મિક અથવા નીતિમય ફોર્મ્યુલા અનુસાર નિયમિત થયેલું વર્તન એ આધ્યાત્મિક સિદ્ધિ અને અનુભૂતિ નથી. આ વસ્તુઓ મનને અને પ્રાણને ખૂબ ઉપયોગી છે; સ્વભાવને યોગ્ય રૂપ આપનારી, વિશુદ્ધ કરનારી, શિસ્ત આપનારી, તૈયારી કરનાર ગતિઓ તરીકે, તે આધ્યાત્મિક ઉત્ક્રાન્તિમાં ખૂબ મદદગાર છે. પણ તે હજી માનસિક ઉત્ક્રાન્તિની વસ્તુઓ છે, આધ્યાત્મિક સિદ્ધિની શરૂઆત છે, અનુભૂતિ છે; પણ હજી તેનાં પરિવર્તન નથી આવ્યું હોતું. તેના સાર ભાગમાં. આધ્યાત્મિકતા એ આપણા અસ્તિત્વની આંતર વાસ્તવિકતા પ્રત્યે જાગૃતિ છે, આત્મા પ્રત્યે જાગૃતિ છે, જે આત્મા મન, પ્રાણ, શરીર કરતાં ભિન્ન છે. તે આત્માને જાણવાની, અનુભવવાની, ને એકરૂપ બનવાની પર રહેલી મહત્તર વાસ્તવિકતાના સંપર્કમાં પ્રવેશ કરવાની આંતર અભીપ્સા જરૂરી છે. તે આત્મા વિશ્વમાં તેમ જ આપણાં અસ્તિત્વમાં સર્વ વ્યાપક છે. તેની સાથે એકતા સાધવી, તે અભીપ્સાના પરિણામ રૂપે વળાંક લેવો, પરિવર્તન કરવું, આપણા

સમગ્ર અસ્તિત્વનું રૂપાંતર સિદ્ધ કરવું તે જરૂરી છે. નવીન આવિર્ભાવમાં, નવીન જાતિમાં, નવીન સ્વભાવમાં જાગૃત થવું, તેમાં વૃદ્ધિ કરવી, તેની સાથે એકરૂપ બનવું તે જરૂરી છે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૫૬ – ૫૭)

હકીકતમાં, જ્યાં સુધી કોઈ શંકા કે આનાકાની રહે છે, જ્યાં સુધી માણસ પોતાની જાતને પૂછતો હોય છે કે મેં મારામાં આ સનાતન આત્માનો સાક્ષાત્કાર કર્યો છે કે નહિ? ત્યાં સુધી એમ સિદ્ધ થાય છે કે હજી સાચો સંપર્ક સધાયો નથી. કારણકે જ્યારે તે ઘટના બને છે, ત્યારે તેની સાથે સાથે એવું કંઈક અનિર્વચનીય, નવીન, અને નિશ્ચયાત્મક આવતું હોય છે કે પછી કોઈ શંકાને કે પ્રશ્નને સ્થાન જ રહેતું નથી. એ શબ્દના સાચા અર્થમાં તે ખરેખર એક નવીન જન્મ હોય છે.

તમે એક નવીન વ્યકિત બની જાઓ છો. પછી માર્ગમાં ગમે તે મુશ્કેલીઓ આવે, પણ તે લાગણી તમને કદી પણ ત્યજી જતી નથી. બીજા અનુભવોની પેઠે, તે લાગણી પાછી ચાલી જતી હોતી નથી, પશ્ચાદ્ ભૂમિકામાં સરકી જતી નથી, તમને એવી અસ્પષ્ટ સ્મૃતિ આપીને ચાલી જતી નથી કે જે સ્મૃતિને ચીટકી રહેવું તે કઠિન હોય, જે સ્મૃતિ ઝાંખી અને અસ્પષ્ટ બની જાય. તમે નવીન વ્યકિત છો, અને તે પણ નિશ્ચયાત્મક રીતે પછી ભલે ગમે તે ઘટના બને, મનની સર્વ અશકિત, પ્રાણની સર્વ મુશ્કેલીઓ, શારીરિકની સર્વ જડતા તે નવીન સ્થિતિને બદલવા માટે અશકિતમાન હોય છે. તે નવીન સ્થિતિ ચેતનાના જીવનમાં એક નિર્ણાયક પરિવર્તન લાવે છે. પહેલાં હતી તે વ્યકિત અને હવે પછીની વ્યકિત એક જ હોતી નથી. વિશ્વમાં તેની સ્થિતિ, વિશ્વ સાથેનો તેનો સંબંધ, જીવનમાં સમાજમાં અને તેમના સંબંધમાં તેની સ્થિતિ, પહેલાંની સ્થિતિ જેવી, રહેલી હોતી નથી. તે એક એવું પ્રતિગમન છે કે જેનો નાશ ન કરી શકાય. તેથી જ્યારે લોકો મને પૂછે છે કે "હું મારા આત્મા સાથે સંપર્કમાં છું કે નહિ" ત્યારે હું કહું છું કે "તમે મને આ પ્રશ્ન પૂછો છો તે જ સિદ્ધ કરે છે કે તમે તમારા આત્મા સાથે સંપર્કમાં નથી. તમારે જવાબની કોઈ જરૂર નથી. તમે પોતે જ જવાબ આપી રહ્યા છો" જ્યારે વસ્તુસ્થિતિ એવી હોય છે, ત્યાર પછી કાંઈ કહેવાનું જ રહેતું નથી; ત્યાં જ વાત પતી જાય છે.

આપણે તે વિશે વાત કરી રહ્યા છીએ. એટલે હું તમને શ્રી અરવિંદે જે વારંવાર કહ્યું છે, લખ્યું છે, ઠોસપૂર્વક કથન કર્યું છે, તેની યાદ આપીશ કે મારો પૂર્ણયોગ તે અનુભૂતિ થયા પછી જ છે, ત્યાર પહેલાં નહિ.

એટલે કોઈએ ભ્રમણા ન સેવવી જોઈએ, કલ્પના ન કરવી જોઈએ તે અનુભૂતિ થોડાક પ્રમાણમાં પણ પ્રાપ્ત કર્યા સિવાય, અતિમનસ જાણી શકાય અથવા તેના વિષે કોઈ પણ પ્રકારનો ખ્યાલ કરી શકાય.

એટલે, જો તમારે આ માર્ગમાં આગળ વધવું હોય, તો તમારે ખૂબ નમ્રતાપૂર્વક પ્રથમ આ નવીન જન્મ પ્રાપ્ત કરવાની શરૂઆત કરવી જોઈએ અને અતિમાનસ અનુભૂતિઓ પ્રાપ્ત કરવાની ભ્રમણા સેવતાં પહેલાં નવીન જન્મને સિદ્ધ કરવો જોઈએ.

તમને આશ્વાસન આપવા માટે હું તમને કહીશ કે તમે વર્તમાન સમયમાં આ પૃથ્વી પર જન્મ્યા છો તે કારણે તમે તેથી સચેતન હો કે ન હો, તમારે તે વસ્તુ જોઈતી હોય કે ન જોઈતી હોય, તમે જે હવા શ્વાસમાં લો છો તેની સાથે સાથે આ પૃથ્વીના વાતાવરણમાં પ્રસરી રહેલા અતિમાનસ તત્ત્વને અંદર લેતા જ હો છો. તે તમારામાં વસ્તુઓ તૈયાર કરે છે, જે, તમે નિર્ણાયક પગલું લેશો કે તરત જ, ઓચિંતી તમારામાં પ્રગટ થશે.

(મૌન)

આ તમને નિર્ણાયક પગલું લેવામાં મદદરૂપ થશે કે નહિ, તે બીજો સવાલ છે, કારણ કે જે અનુભૂતિઓ અત્યારે બની રહી છે અને વારંવાર બનતી રહેશે, તે મૌલિક રીતે એક નવા પ્રકારની છે અને તેથી શું બનવાનું છે તે આપણે પહેલેથી જાણી શકતા હોતા નથી. આપણે ખૂબ અધ્યયન કરવું જોઈએ. તેમ કર્યા પછી જ આપણે ખાતરીપૂર્વક કહી શકીશું, આ અતિમાનસ તત્ત્વ તે નવીન જન્મના કાર્યને વધારે સહેલું બનાવશે કે નહિ. આ વાત હું તમને થોડીક વાર પછી કરીશ. અત્યારે તો, આ વસ્તુઓ પર બહુ આધાર ન રાખવો તે વધારે સારું છે. તમારે તો સીધાસટ આધ્યાત્મિક જીવનમાં જન્મવાને પ્રારંભ કરી દેવો જોઈએ.

જ્યારે તમે આ વસ્તુને પ્રાપ્ત કરશો, ત્યારે તમારા બધા પ્રશ્નોનો નિકાલ આવી જશે.

ગમે તેમ, પણ જીવન પ્રત્યે તમારું વલણ એટલું બધું બદલાઈ ગયું હશે કે આધ્યાત્મિક રીતે જીવવું એટલે શું તે તમે સમજી જશો. તે ક્ષણે તમે એક બીજી મહાન વસ્તુ પણ સમજી જશો કે અહંતા વગર કેવી રીતે જીવવું.

ત્યાં સુધી તમે તેને નહિ સમજી શકો. સમગ્ર જીવન અહંતા પર એટલું બધું પરતંત્ર છે કે, અહંતા વગર જીવવું કે કાર્ય કરવું તે તદ્દન અશક્ય લાગે છે. પણ આ નવીન જન્મ પછી, તમે અહંતા તરફ સ્મિતપૂર્વક નજર નાંખીને તેને કહી શકશો કે હે મારા મિત્ર, હવે મને તારી કોઈ જરૂર રહી નથી.

આ એક એવું પરિણામ છે, કે જે તમને ખૂબ નિશ્ચયાત્મક મુક્તિની લાગણી આપશે.

*

૧૧ જુન ૧૯૫૮

"જ્યારે તે નિશ્ચયાત્મક ઉદય થાય છે, ત્યારે તેનું એક ચિહ્ન એ હોય છે કે, ત્યારે સાહજિક, મૂળની, આત્મપ્રગટ ચેતનાની સ્થિતિ અથવા કાર્ય થવા લાગે છે કે, જે ચેતના પોતાના અસ્તિત્વ માત્રથી બધું જાણતી હોય છે, તેની સાથે તાદાત્મ્ય થવાને કારણે પોતામાંનું બધું જ જાણતી હોય છે, તાદાત્મ્ય વડે આપણા મનમાં પણ જે કાંઈ હોય છે તેને યથાર્થ રીતે જાણતી હોય છે, જે પોતાના વિષયમાં વ્યાપી જઈને તે વિષયનો બરાબર વિવેક કરી લેતી હોય છે, તેનામાં એવી કોઈક વસ્તુને પણ જાણી લેતી હોય છે, કે જે વસ્તુ મન પ્રાણ શરીર નથી. ત્યારે સ્પષ્ટ રીતે તે એક આધ્યાત્મિક ચેતના હોય છે, જે માનસિક કરતાં કાંઈક ભિન્ન હોય છે, અને તે આપણામાં એક આધ્યાત્મિક સત્ત્વના અસ્તિત્વની ખાતરી આપતી હોય છે, જે સત્ત્વ આપણા ઉપરછલ્લા માનસિક વ્યક્તિત્વ કરતા ભિન્ન હોય છે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૫૫)

મધુર માતાજી, શું દરેકમાં આધ્યાત્મિક સત્ત્વ હોય છે?

તેનો આધાર આપણે જેને સત્ત્વ કહીએ તેના પર છે. જો આપણે 'સત્ત્વ' ને બદલે 'હાજરી' શબ્દ મૂકીએ, તો હા, દરેક જણમાં આધ્યાત્મિક હાજરી

છે. જો આપણે સત્ત્વનો એવો અર્થ કરીએ, કે તે એક પોતાની જાતથી સંપૂર્ણપણે સચેતન, સ્વતંત્ર, અધિકારપૂર્વક આપણા સ્વભાવના બાકીના ભાગ પર શાસન કરતું, સંગઠિત તત્ત્વ છે,તો ના! આ સ્વતંત્ર અને સર્વશકિતમાન સત્ત્વની શકયતા દરેક જણમાં છે, પણ તેની સિદ્ધિ ઘણાં જીવનોના જન્મોના પ્રયાસોનું પરિણામ હોય છે.

દરેક જણમાં, શરૂઆતમાં પણ, આ આધ્યાત્મિક હાજરી, આ આંતર પ્રકાશ હોય છે જ. હકીકતમાં, તે સર્વત્ર છે. ઘણીવાર અમુક પશુઓમાં પણ મેં તે હાજરી જોઈ છે. તે એક પ્રકાશમાન બિંદુ હોય છે, જે અમુક કાબૂનો અને રક્ષણનો પાયો હોય છે, જે અર્ધ ચેતનામાં પણ બાકીની સૃષ્ટિ સાથે અમુક સંવાદમયતાને શકય બનાવે છે, જેથી દૂર ન કરી શકાય. તેવું કષ્ટ સતત ન આવતું રહે. જો તે હાજરી ન હોય, તો પ્રાણુક વડે સર્જાયેલી, તેનાં તોફાન અને આવેગો વડે સર્જાયેલી ગેરવ્યવસ્થા એટલી બધી મોટી બની જાય કે ગમે તે ક્ષણે તે એક સર્વ-સાધારણ વિપત્તિ, પ્રકૃતિની પ્રગતિમાં રુકાવટ ઢાલનારો સર્વ સંહાર લાવી મૂકે. તે હાજરી, તે આધ્યાત્મિક પ્રકાશ, તે આધ્યાત્મિક ચેતના બધી વસ્તુઓમાં અને પ્રાણીઓમાં હોય છે. તેને કારણે, સર્વ વિસંવાદિતા, સર્વ આવેગ, સર્વ હિંસાખોરી હોવા છતાં પણ થોડીક તો સર્વ સાધારણ સંવાદિતા રહેતી હોય છે, જે પ્રકૃતિના કાર્યને સિદ્ધ થવા દેતી હોય છે.

આ હાજરી તદ્દન પ્રાથમિક અવસ્થાના માનવમાં પણ તદ્દન સ્પષ્ટ બને છે. રાક્ષસ જેવા, શયતાનના અવતાર જેવા પણ માનવમાં એવું કાંઈક છે કે અપ્રતિરોધ્ય કાબૂ રખાવતું હોય છે. સૌથી વધારે દુષ્ટ માણસ પણ અમુક વસ્તુઓ કરી શકતો હોતો નથી. જો આ હાજરી ન હોય અને માણસ પર વિરોધી બળો જ પ્રાણુકનાં બળો જ કાબૂ ધરાવતાં હોય, તો આ અશકયતા અસ્તિત્વ ન ધરાવે.

જયારે જયારે આ વિરોધી રાક્ષસી બળો જગતમાં બળવાન બની જાય છે, ત્યારે એમ લાગે છે કે કોઈ પણ વસ્તુ આ ત્રાસને, ભીષણતાને અટકાવી નહિ શકે; ત્યારે ઓચિંતો એક કાબૂ દરમ્યાનગીરી કરે છે, અને તે રાક્ષસી કૃત્યોનું મોજું અટકી જાય છે, પૂરો વિનાશ થતો હોતો નથી. તેનું કારણ પદાર્થતત્ત્વમાં રહેલી આ પરમ હાજરી છે.

પણ થોડીક અપવાદરૂપ વ્યકિતઓમાં, અનેક જન્મોમાં કરાયેલી લાંબી તૈયારી પછી, આ હાજરી એક પરિપૂર્ણ રીતે સચેતન, સ્વતંત્ર સંપૂર્ણપણે સંગઠિત સત્ત્વમાં

પરિવર્તિત થાય છે, જે સત્ત્વ પોતાના નિવાસસ્થાનનો સર્વ શકિતમાન સ્વામી હોય છે, જે માત્ર પોતાના નિવાસસ્થાન પર જ નહિ પણ આસપાસની સર્વ વસ્તુઓ પર કાબૂ રાખવા સમર્થ હોય છે, તેનું વિસ્તરતું જતું કાર્ય વધારે ને વધારે વિસ્તૃત અને અસરકારક બનતું જાય છે.

*

૧૮ જુન ૧૯૫૮

"આંતર અસ્તિત્વને ખુલ્લું કરવાના પ્રયત્નમાં પ્રકૃતિ ચાર મુખ્ય માર્ગોને અપનાવતી હોય છે. ધર્મ, ગૂઢવાદ, આધ્યાત્મિક ચિંતન, અને આંતર આધ્યાત્મિક અનુભૂતિ. પહેલા ત્રણ અભિગમો હોય છે, છેલ્લો નિર્ણયાત્મક પ્રવેશનો માર્ગ છે. આ ચારેય શકિતઓએ એક સાથે કાર્ય કર્યું છે, તે કાર્ય વત્તા ઓછા પ્રમાણમાં પરસ્પર સંબંધ ધરાવતું હોય છે. કેટલીકવાર પરિવર્તન પામતા સહકારપૂર્વક, કેટલીકવાર પરસ્પર વિરોધપૂર્વક, કેટલીકવાર સ્વતંત્રતાપૂર્વક ધર્મ, પોતાના વિધિમાં ગૂઢવાદી તત્ત્વને પ્રવેશ આપ્યો છે, તે આધ્યાત્મિક ચિંતન પર ઝોક રાખતો હોય છે; તેમાંથી તે કેટલીકવાર કોઈ સંપ્રદાય અથવા ધર્મ સિદ્ધાંત ઉભો કરતો હોય છે. કેટલીકવાર તે આધાર આપનાર, આધ્યાત્મિક તત્ત્વ ચિંતન ઉભું કરતો હોય છે. સંપ્રદાય અને વિધિ એ આકસ્મિક પદ્ધતિ છે. તત્ત્વ ચિંતન મુખ્ય, દર્શન રૂપ પદ્ધતિ છે. પણ આધ્યાત્મિક અનુભૂતિ ધર્મની આખરી સિદ્ધિ છે, તેનું લક્ષ્ય છે, ચાવી અને શિખર છે. પણ ધર્મ કેટલીકવાર ગૂઢવાદને પ્રવેશ આપતો હોતો નથી. અથવા તો તેને ઓછામાં ઓછો બનાવી મૂકે છે. તત્ત્વ ચિંતનીય મનને તેણે, કોઈ શુષ્ક બૌદ્ધિક પરદેશીની પેઠે, ફગાવી દીધું હોય છે. ધર્મે માત્ર પોતાના સંપ્રદાય તથા સિદ્ધાંત પર જ ઝોક રાખ્યો હોય છે; મુલાયમ માગણી ઉપર, ઉત્કટતા ઉપર, અને નીતિમય આચાર ઉપર ઝોક મૂકયો હોય છે. તેણે આધ્યાત્મિક અનુભૂતિને નહિવત્ સ્થાન આપ્યું હોય છે, ફગાવી દીધી હોય છે. ગૂઢવાદે કેટલીકવાર આધ્યાત્મિક લક્ષ્ય રાખ્યું હોય છે, ગૂઢવાદી જ્ઞાનને અને અનુભૂતિને આધ્યાત્મિક સાક્ષાત્કાર પ્રત્યેના અભિગમ તરીકે સ્વીકાર્યા હોય છે, એક પ્રકારનું ગૂઢવાદી, રહસ્યમય તત્ત્વ ચિંતન રચ્યું હોય છે. પણ ઘણી વાર તો તેણે ગૂઢવાદી જ્ઞાનનું અને આચારોનું અનુસરણ કર્યું હોય છે. જેમાં કોઈ આધ્યાત્મિક વસ્તુઓ હોતી નથી; કેટલીકવાર તે જાદુમાં અથવા આસુરી આચારોમાં સરી પડતા હોય

છે. આધ્યાત્મિક તત્ત્વચિંતન, ટેકા માટે, મોટે ભાગે ધર્મ પર ઝોક મૂકતું હોય છે. તે સાક્ષાત્કારનું અથવા અનુભૂતિનું પરિણામ હોય છે અથવા તેણે પોતાની ઈમારત, તેના અભિગમ રૂપે, ચણી હોય છે. પણ તેણે સર્વ ધર્મનો એક વિધિ તરીકે, ઈન્કાર પણ કેટલીકવાર કર્યો હોય છે. તેમ કરવામાં તેણે પોતાનું બળ ઉપર જ આધાર રાખ્યો હોય છે, કાંતો તે માનસિક જ્ઞાનની સંતોષ માની લે છે અથવા અનુભૂતિનો અને અસરકારક સંયમનો માર્ગ ખોલી કાઢવા માટે તેને પોતામાં શ્રદ્ધા હોય છે. આધ્યાત્મિક અનુભૂતિએ તે ત્રણેય વસ્તુઓનો આરંભ બિંદુ તરીકે ઉપયોગ કર્યો છે, પણ પોતાના બળ પર વિશ્વાસ રાખીને તેણે તે ત્રણેયને ફગાવી દીધાં પણ હોય છે. તેણે ગૂઢવાદી જ્ઞાનને અને સિદ્ધિઓને જોખમકારક લોભનો ગણાવ્યાં છે, ગૂંચવાડામાં નાંખી દે તેવાં વિઘ્નો ગણાવ્યાં છે. તેણે માત્ર આત્માના વિશુદ્ધ સત્યની જ ખોજ કરી છે. તત્ત્વ ચિંતનને બાજૂએ રાખીને, હૃદયની ઉત્કટતા દ્વારા અથવા આંતર રહસ્યમય આધ્યાત્મીકરણ દ્વારા તેણે સાક્ષાત્કારને પ્રાપ્ત કર્યો છે. તેણે સર્વ ધાર્મિક સંપ્રદાયોને, પૂજાને, વિધિને ઉતરતી અવસ્થાના અથવા પ્રાથમિક અભિગમરૂપ ગણાવ્યાં છે અને બાજૂએ રાખી દીધાં છે. આ બધી ટેકાઓને, સામગ્રીઓને બાજૂએ મૂકીને, તે માત્ર આધ્યાત્મિક વાસ્તવિકતાના સંપર્ક પ્રત્યે જ સીધું ગયું છે. આ બધાં પરિવર્તનો આવશ્યક હતાં. પ્રકૃતિના ઉત્ક્રાંતિમય પ્રયાસે આ બધા પ્રયોગો કર્યા હતા, જેથી તે સાચા માર્ગને શોધી શકે, પરમ ચેતનાના અને સમગ્ર જ્ઞાનના માર્ગને પ્રાપ્ત કરી શકે.

આ ચારેય અભિગમો સાથે સુસંગત એવું કાંઈક આપણા સમગ્ર અસ્તિત્વમાં રહેલું છે. પ્રકૃતિની ઉત્ક્રાન્તિના સમગ્ર હેતુમાં એ 'કાંઈક' જરૂરી છે. જો માણસે ઉપરછલ્લા અજ્ઞાનનું પ્રાણી ન રહેવું હોય, વસ્તુઓના સત્યની ખોજ અસ્પષ્ટપણે ન કરવી હોય, જ્ઞાનના ટૂકડાઓ જ એકત્રિત કરીને તેમને પદ્ધતિમાં ગોઠવવા ન હોય, અત્યારે જેમ તે વૈશ્વિક શકિતનું એક નાનકડું, મર્યાદિત, અર્ધ શકિતશાળી પ્રાણી છે તેવા ન બની રહેવું હોય, તો આત્મવિકાસ કરવા માટે તેને ચાર જરૂરિયાતો છે. તેણે પોતાની જાતને જાણવી જોઈએ અને પોતાની સર્વશકિતઓનો ઉપયોગ કરવો જોઈએ. પણ પોતાની જાતને તથા વિશ્વને પરિપૂર્ણ રીતે જાણવા માટે, તેણે પોતાની તેમજ વિશ્વની બાહ્ય સપાટીની ભીતરમાં પ્રવેશવું જોઈએ; તેણે પોતાની માનસિક સપાટીની નીચે અને પ્રકૃતિની ભૌતિક સપાટીની નીચે ઊંડી ડૂબકી મારવી જોઈએ. તેમ કરવા માટે, તેણે પોતાના આંતર માનસિક, પ્રાણિક, શારીરિક અને ચૈતસિક અસ્તિત્વનું જ્ઞાન, પ્રાપ્ત કરવું જોઈએ; તેમની શકિતઓનું અને ગતિઓનું જ્ઞાન

પ્રાપ્ત કરવું જોઈએ. વળી તેણે વૈશ્વિક નિયમોનું અને ગૂઢવાદી મન-પ્રાણની પ્રક્રિયાઓનું જ્ઞાન મેળવવું જોઈએ જે પ્રક્રિયાઓ વિશ્વના ભૌતિક અગ્રભાગની પીઠમાં રહેલી છે. જો આપણે ગૂઢવાદને તેના વ્યાપક અર્થમાં લઈએ, તો એ ગૂઢવાદનું ક્ષેત્ર છે. તેણે જગતનું નિયમન કરતી શક્તિનું અથવા શક્તિઓનું જ્ઞાન પણ મેળવવું જોઈએ, જો વૈશ્વિક આત્મા અથવા સ્રષ્ટા હોય, તો તેણે તેની સાથે સંબંધમાં પ્રવેશવું જોઈએ. તેની સાથે યથાશક્ય સંપર્કમાં રહેવું જોઈએ, વિશ્વનાં પ્રભુસત્ત્વો સાથે સંવાદિતામાં રહેવું જોઈએ. વૈશ્વિક સત અને તેના પરમ સંકલ્પ સાથે એક પ્રકારની સંવાદમયતા સાધવી જોઈએ. તે તેને જે નિયમ આપે તેનું અનુસરણ કરવું જોઈએ, તે પોતાના જીવનનો જે હેતુ આપે તેને અનુસરવું જોઈએ તે માગે તેવી ઉચ્ચતમ ઊંચાઈ પર પોતાની જાતને લઈ જવી જોઈએ આ જીવનમાં અને હવે પછીના જન્મમાં પણ જો તેવા કોઈ વૈશ્વિક પરમાત્મા ન હોય, તો તે જે હોય તે સત્ત્વને જાણીને તેણે પોતાની અત્યારની અપૂર્ણતાને તથા અશક્તિને તેનામાં ઊર્ધ્વીકૃત કરવાં જોઈએ. આ અભિગમ ધર્મનો ઉદ્દેશ છે. તેનો હેતુ છે, માનવને ભગવાન સાથે જોડી આપવાનો. તેમ કરવામાં ધર્મે માનવના વિચારનું, પ્રાણનું અને શરીરનું ઉદાત્તીકરણ કરવાનું છે, જેથી તે બધાં આત્માનું શાસન કબૂલ રાખે. પણ આ જ્ઞાન સંપ્રદાય કરતાં, ગૂઢ પ્રગટીકરણ કરતાં કાંઈક અધિક હોવું જોઈએ. તેના વિચારક મને તેનો સ્વીકાર કરવો જોઈએ, વસ્તુઓના તત્ત્વ સાથે તથા વિશ્વના જોવાયેલા સત્ય સાથે તેને સુસંગત બનાવવું જોઈએ. આ તત્ત્વચિંતનનું કાર્ય છે. આત્માના સત્યના ક્ષેત્રમાં તે કાર્ય માત્ર આધ્યાત્મિક તત્ત્વચિંતન જ કરી શકે પછી તેની પદ્ધતિ બૌદ્ધિક હોય કે આંતર પ્રેરણાયુકત હોય. પણ જો જ્ઞાનને અને પ્રયાસનું અનુભૂતિમાં પરિવર્તન કરાય, ચેતનાના એક ભાગ રૂપ બનાવી દેવાય, ચેતનાની ક્રિયાઓમાં તેમને સ્થાપી શકાય, તો જ તે બંને સફળ બને. આધ્યાત્મિક ક્ષેત્રમાં આ સર્વ ધાર્મિક, ગૂઢવાદી, અથવા તત્ત્વચિંતનીય જ્ઞાને અને પ્રયાસે છેવટે આધ્યાત્મિક ચેતના પ્રત્યે ખુલ્લા થવું જોઈએ; તો જ ફળદાયી બને. છેવટે તે બંનેને એવી અનુભૂતિઓ પ્રાપ્ત થવી જોઈએ. કે જે ચેતનાને પાયારૂપ બને, ચેતનાને સતત વિકસાવે, ઊર્ધ્વીકૃત બનાવે, સમૃદ્ધ બનાવે, અને આત્માના સત્ય સાથે સુસંગત જીવનનું તથા કાર્યનું નિર્માણ કરે. આધ્યાત્મિ સાક્ષાત્કારનું અને અનુભૂતિનું આ કાર્ય છે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૫૦-૬૨)

એક વાત બહુ નોંધપાત્ર છે. પાછળથી શ્રી અરવિંદ તેને વિષે કહે છે, કે, નહિ, તેમને યાદ નથી. તે ચાર ક્રિયાઓનું અથવા સિદ્ધિઓનું કથન કરે છે ધર્મ ગૂઢવાદ, આધ્યાત્મિક તત્ત્વચિંતન,અને આધ્યાત્મિક અનુભૂતિ, માનવના વિકાસ અને રૂપાંતર માટે આ ચારેય વસ્તુઓ જરૂરી છે. તે બધી માનવ જાતિ માટે સુલભ નથી.

તેમાં ધર્મને લોકો આચરી શકે તેમ છે, સમજી શકે તેમ છે, જો કે કેવળ ભૌતિક ચેતનામાં જીવતા, માનવોમાંના મોટા ભાગના લોકો તેને સમજી શકતા હોતા નથી. લોકો તેને સમજી શકે તેમ છે, કારણકે ધર્મના પાયામાં નિશ્ચિત સંપ્રદાયો અને વિધિઓ હોય છે. જે લોકો હજી આંતર વિકાસને ખૂબ પ્રાપ્ત કરી શકયા નથી તેઓ પણ માત્ર શ્રદ્ધા દ્વારા, સામૂહિક સૂચન દ્વારા, ધર્મનો માર્ગ લઈ શકે તેમ છે.

ગૂઢવાદ માટે આપણે વિકાસની બીજી અવસ્થાએ પહોંચેલા હોવા જોઈએ, પ્રાણિક જગતમાં વધારે સચેતન બનેલા હોવા જોઈએ, જેથી આપણે શકિતઓની, બળોની લીલાનો સંપર્ક સાધી શકીએ, કારણકે તે બળો સાથે કામ પાડવા માટે તે સંપર્ક અનિવાર્ય છે.

આધ્યાત્મિક તત્ત્વ ચિંતનની પદ્ધતિ ઉપયોગિતાપૂર્વક તે લોકો જ અપનાવી શકે કે જેણે પ્રમાણમાં સંપૂર્ણ માનસિક વિકાસ સાધ્યો હોય, અને જેઓ બૌદ્ધિક ભૂમિકા પર પરિપૂર્ણ રીતે સચેતન હોય. જે લોકો માનસિક કસરત કરી શકે તેમ નથી હોતા. મનની નાચકૂદને અનુસરી શકતા નથી હોતા, તેમને માટે આધ્યાત્મિક તત્ત્વચિંતન એક મરી ગયેલી પોથી જેવું છે.

છેવટે શ્રી અરવિંદે તેમના 'દિવ્ય જીવન'માં કયાંક કહ્યું છે કે આધ્યાત્મિક અનુભૂતિના માર્ગને અનુસરવા માટે, માણસમાં "આધ્યાત્મિક સત્ત્વ" હોવું જોઈએ, ને દ્વિજ બનેલો હોવો જોઈએ, કારણકે જો માણસમાં આત્મસભાન બનતું જતું આધ્યાત્મિક સત્ત્વ ન હોય, તો તે અનુભૂતિઓનું અનુકરણ કરવાનો પ્રયત્ન તે કરી શકે, પણ તે ગ્રામ્ય અનુકરણ અથવા દંભ માત્ર હશે, વાસ્તવિકતા નહિ.

એટલે, આ ચાર માર્ગોનું એકી સાથે અનુકરણ કરવા માટે, અને અસ્તિત્વને સમગ્ર લાભ મળે તેટલા માણસે પરિપૂર્ણ વ્યકિત બનેલા હોવું

જોઈએ, માનવીય અને આધ્યાત્મિક સ્વભાવના ચાર મુખ્ય તત્ત્વોથી સભર, સચેતન જીવન પ્રાપ્ત કરવાનું સામર્થ્ય તેનામાં હોવું જોઈએ.

અલબત્ત, આ આંતર વિકાસ હંમેશાં જોઈ શકાય તેવો નથી હોતો, એટલે આપણે એવા કોઈ માણસને જોઈ શકીએ, જેનામાં અતિશય સુંદર અનુભૂતિઓ માટે તૈયાર, સચેતન, આધ્યાત્મિક તત્ત્વ હોય, અને છતાં બહારથી તે તદ્દન ગ્રામ્ય અને અપૂર્ણ દેખાતો હોય.

આ ચાર પદ્ધતિઓને જે ક્રમમાં વર્ણવામાં આવી છે તે ક્રમનું અનુસરણ થવું જ જોઈએ, એમ પણ નથી. જો આપણે સંપૂર્ણ સાક્ષાત્કાર માગતા હોઈએ, આપણા અસ્તિત્વનું સમગ્ર રૂપાંતર ઈચ્છતા હોઈએ, તો આપણે આ દરેક પદ્ધતિના સાર તત્ત્વનો ઉપયોગ કરવા માટે સમર્થ હોવું જોઈએ.

ચૈત્યમય અથવા આધ્યાત્મિક ચેતના તમને ઊંડા આંતર સાક્ષાત્કાર, ભગવાન સાથે સંપર્ક, બાહ્ય બંધનોમાંથી મુક્તિ આપે છે. પણ આ મુક્તિ અસરકારક બને તેટલા માટે, તે અસ્તિત્વના બીજા ભાગો પર કાર્ય કરી શકે તેટલા માટે, મન જ્ઞાનના આધ્યાત્મિક પ્રકાશને ધારણ કરવા સમર્થ અને ખુલ્લું હોવું જોઈએ, પ્રાણિક દેખાવોની પીઠમાં રહેલાં બલો સાથે કામ લેવા માટે અને તેમના પર પ્રભુત્વ સ્થાપવા માટે શક્તિશાલી હોવું જોઈએ, અને શારીરિક ને ગહન અનુભૂતિને વ્યક્ત કરી શકે, દરેક દિવસની અને ક્ષણની ગતિઓમાં વ્યક્ત કરી શકે તેટલું સંગઠિત અને શિસ્તબદ્ધ હોવું જોઈએ, જેથી તે સમગ્રતાપૂર્વક તે આધ્યાત્મિક અનુભૂતિમાં જીવન ધારણ કરી શકે.

જો આમાંની એક પણ વસ્તુ નહિ હોય, તો પરિણામ પૂરેપૂરું નહિ આવે. આ વસ્તુ સૌથી મહત્ત્વની નથી, કેન્દ્રસ્થ વસ્તુ નથી એવું બહાનું કાઢીને, માણસ એમાંની કોઈ એક વસ્તુની અવગણના કરી શકે, બાહ્ય વસ્તુઓની અવગણના તમને પરમાત્મા સાથે આધ્યાત્મિક સંપર્ક સાધતાં અટકાવી શકતી નથી, પણ તે તો જીવનમાંથી ભાગી જવા માટેનું બહાનું છે.

જો આપણે સમગ્ર, પરિપૂર્ણ પ્રાણી બનવું હોય, સમગ્ર સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય, તો આપણામાં આપણી આધ્યાત્મિક અનુભૂતિને માનસિક રીતે, પ્રાણિક રીતે, અને શારીરિક રીતે અભિવ્યકત કરવાની શકિત હોવી જોઈએ. જેમ જેમ આપણો

અભિવ્યકિત પરિપૂર્ણ હશે, પરિપૂર્ણ અસ્તિત્વ વડે સિદ્ધ કરાયેલી હશે, તેમ તેમ આપણો સાક્ષાત્કાર વધારે સમગ્ર અને પરિપૂર્ણ બનશે.

પૂર્ણયોગનું અનુસરણ કરવા માગતા માણસ માટે કોઈ પણ વસ્તુ નિરર્થક નથી, તેણે કોઈ પણ વસ્તુની ઉપેક્ષા ન કરવી જોઈએ. મુખ્ય વસ્તુ એ છે કે આ ચારમાંની દરેક પદ્ધતિને તેના યોગ્ય સ્થાને મૂકી આપવી, તે બાબતની આવડતનું જ્ઞાન હોવું, અને જેને શાસન ચલાવવાનો સાચો અધિકાર છે તેને શાસન સોંપી દેવું.

*

૨૫ જુન ૧૯૫૮

"વસ્તુઓનો સ્વભાવ જ એવો છે કે ઉત્ક્રાન્તિ પ્રથમ ધીમા પ્રગટીકરણ વડે આગળ વધે કારણકે દરેક ઉત્ક્રાન્ત થતા, નવીન તત્ત્વે તથા તેની શકિતઓએ અવચેતનમાં અને અજ્ઞાનમાં થયેલી અપક્રાન્તિમાંથી પોતાનો માર્ગ કાઢવાનો હોય છે. અવક્રાન્તિમાંથી, મૂળના માધ્યમની જડતાની પકડમાંથી, અચેતનતાના સાહજિક વિરોધની અને રુકાવટની સામે થઈને, અવરોધ કરતા અજ્ઞાનની જક્કી રુકાવટોની સામે થઈને પોતાની જાતને બહાર લાવવી એ કઠીન કામ હોય છે. પ્રથમ તો પ્રકૃતિ એક અસ્પષ્ટ આવેગ અને વલણ પ્રગટ કરે છે, જે નિગૂઢ અવચેતન વાસ્તવિકતાના સપાટી પ્રત્યેના ધક્કાનું ચિહન હોય છે. પછી પ્રગટ થતી વસ્તુનાં નાનકડાં અર્ધદિગ્ધ સૂચનો દેખાય છે. તે અપૂર્ણ પ્રારંભો હોય છે, પ્રાથમિક સ્થિતિનાં તત્ત્વો અને દેખાવો હોય છે. તે નાનકડાં, અર્થવિહીન, ભાગ્યે જ ઓળખી શકાય તેવાં તત્ત્વો હોય છે. પછી નાની કે મોટી રચનાઓ થાય છે, વધારે લાક્ષણિક અને ઓળખી શકાય તેવા ગુણવત્તા પોતાની જાતને પ્રગટ કરે છે. પ્રારંભમાં તે આંશિક રીતે, અહીં અને તહીં, ઓછી ઉત્કટતાપૂર્વક પ્રગટ થાય છે. પછી તે વધારે જીવંત અને રચનાત્મક બને છે. આખરે એક નિર્ણયાત્મક પ્રગટીકરણ થાય છે, ચેતનાની ઊથલપાથલ થાય છે, મૌલિક પરિવર્તનની શકયતાનો પ્રારંભ થાય છે. છતાં હજી દરેક દિશામાં ઘણું ઘણું કરવાનું બાકી હોય છે; ઉત્ક્રાન્તિમય પ્રયાસની સમક્ષ પરિપૂર્ણતા પ્રત્યેની લાંબો સમય માગી લે તેવી, કઠિન વૃદ્ધિ

ખડી ઉભેલી હોય છે. જે વસ્તુ કરાઈ છે તેને સ્થિર કરવાની હોય છે, તે પાછી મૂળ સ્થિતિમાં ન જઈ પડે નીચે ખેંચતા ગુરુત્વાકર્ષણનો ભોગ ન થઈ પડે તે જોવાનું હોય છે, તે નિષ્ફળ ન બને અને વિનાશ ન પામે તે જોવાનું હોય છે. એટલું જ નહિ, પણ તેને શકયતાઓનાં સર્વ ક્ષેત્રોમાં ખુલ્લું કરવાનું હોય છે, તેની સમગ્ર આત્મ સિદ્ધિ, વધારેમાં વધારે ઊંચાઈ, સૂક્ષ્મતા, સમૃદ્ધિ, વિશાળતા પ્રાપ્ત કરવાની હોય છે. તેણે પ્રભાવશાળી, સર્વ સમાવેશક, વિશાળ બનવાનું હોય છે. પ્રકૃતિની આ પ્રક્રિયા સર્વત્ર જોવામાં આવે છે. તે પ્રક્રિયાની ઉપેક્ષા કરવી તે પ્રકૃતિના આશયને ગુમાવી બેસવા જેવું છે, તેની પ્રક્રિયાની ભૂલભૂલામણીમાં ભુલા પડવા જેવું છે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૬૨-૬૩)

આ વ્યકિત વિકાસનું ખૂબ નિશ્ચિત વર્ણન છે. બરાબર તેવું જ, બનતું હોય છે. તેથી તમે ધીરજ અને હિંમત ગુમાવી દેતા હો છો, કારણકે તમને એમ લાગતું હોય છે કે હું પ્રગતિ કરતો નથી. પણ જ્યારે તમે શરીરનો ભૌતિક વિકાસ શરૂ કરો છો, જ્યારે તમે શરીર પાસે સાધના કરાવવા માગો છો, ત્યારે આમ જ બનતું હોય છે. નિશ્ચિતતા વગર, કયે છેડેથી શરૂઆત કરવી તે જાણ્યા વગર, તમે અનેક વસ્તુઓના પ્રયત્નથી શરૂઆત કરો છો. તમને એમ લાગતું હોય છે કે હું ફાંફાં મારી રહ્યો છું, ખોજ કરી રહ્યો છું, ગોળ-ગોળ ચક્કરમાં ફરી રહ્યો છું, પણ કયાંય પહોંચતો હોતો નથી. પછી ધીમે ધીમે એક વસ્તુ દેખાવા માંડે છે, પછી બીજી વસ્તુ દેખાવા માંડે છે, અને ખૂબ સમય પછી તમે કાર્યક્રમ પાર પાડવાની શરૂઆત કરતા હો છો. તેનું વર્ણન શ્રી અરવિંદ ફકરાના અંત ભાગમાં કરે છે. ત્યારે ઉત્ક્રાન્તિનું લક્ષ્ય પ્રગટ થાય છે, દૃષ્ટિગોચર થાય છે, તે ફરીથી મૂળ અજ્ઞાનમાં ચાલ્યું ન જાય તેને માટે કેટલી દરકાર લેવાની હોય છે તેની તમને ખબર પડી જાય છે.

તેથી આ કાર્ય અનંત દેખાય છે. પણ તે સિદ્ધ કરવાનો બીજો કોઈ માર્ગ નથી. શરીરની રોજિંદી સ્થિતિ, સંપૂર્ણ અચેતનતાથી આપણે ટેવાઈ ગયા છીએ તે હકીકત એની વચ્ચે અને ચેતનાની પરિપૂર્ણ જાગૃતિ, સર્વ કોષાણુઓના પ્રત્યુત્તર, સર્વ અંગોના પ્રત્યુત્તર, સર્વ કામગીરીઓ એની વચ્ચે, એ બેની વચ્ચે સદીઓ સુધી કરવો પડે તેવો પરિશ્રમ પડેલો છે. પણ જો માણસ ખુલ્લો થતાં, અભીપ્સા

કરતાં, સમર્પણ કરતાં શીખ્યો હશે, જો તે આ શરીરની ગતિઓનો ઉપયોગ કરતાં શીખ્યો હશે, કોષાણુઓને તે જ વસ્તુ, તેણે શિખવાડી હશે, તો વસ્તુઓ ખૂબ ઝડપભેર ગતિ કરશે. છતાં પણ તે કાર્ય ધીમું અને લાંબો સમય માગી લે તેવું હોય છે? દર વખતે. જ્યારે રૂપાંતરની ગતિમાં હજી સુધી નહિ પ્રવેશેલું તત્ત્વ તેમાં પ્રવેશ કરવા માટે જાગૃત થાય છે, ત્યારે સાધકને લાગતું હોય છે કે બધાની શરૂઆત ફરીથી કરવી પડશે, મેં જે કામ સિદ્ધ થઈ ગયેલું માન્યું હતું તેની શરૂઆત ફરી કરવી પડશે. પણ તે વાત સાચી નથી. તેનું તે જ કામ ફરી કરવાનું હોતું નથી. કોઈ નવીન તત્ત્વમાં, પહેલાં ભુલી જવાયેલું અથવા બાજૂએ મૂકાયેલું કામ કરવાનું હોય છે, કારણકે તે તત્ત્વ તે વખતે તૈયાર ન હતું, પણ હવે તે તૈયાર થઈ ગયું છે, જાગૃત બન્યું છે, તે સાધનામાં પોતાનું સ્થાન માગી રહ્યું છે. એવાં ઘણાં તત્ત્વો છે.

શરીર તમને એક બહુ સાદી વસ્તુ લાગે છે, નહિ વારું? તમે માનો છો કે તે શરીર છે, 'મારું' શરીર છે, આખરે તો તેને એક જ રૂપ છે. પણ હકીકતમાં તેમ નથી હોતું? શરીરમાં સેંકડો સંયુકત એકમો હોય છે. તે એક બીજાને જાણતાં હોતાં નથી, જે કાંઈક ગહનતર વસ્તુ તેમનામાં સંવાદમયતા સ્થાપી આપે છે તેને તે જાણતાં હોતાં નથી; તેમને માત્ર એકતાં જ દેખાય છે, કારણકે તત્ત્વોની અનેકતાનું અને તેમના ભેદનું તેમને ભાન હોતું નથી.

હકીકતમાં, આ અનેકતા અને ભેદ ઘણીખરી અવ્યવસ્થાઓનું અને રોગોનું કારણ હોય છે. કોઈક વસ્તુ બરાબર કામ કરી રહી છે, તમે તેનો દોરવણીનો તંતુ પકડી શકયા છો, તમે તમારા માર્ગને અનુસરતા હો છો, તમને આશા છે કે હું પરિણામ જરૂર પ્રાપ્ત કરીશ; અને ત્યાં તો ઓચિંતું કંઈક બને છે, તે ત્યાં છે તે તમે જાણતા ન હતા, તે જાગૃત થઈ જાય છે અને તમારી સાથે યાત્રામાં જોડાવાનો આગ્રહ સેવે છે. પણ તે ભયંકર ગેરવ્યવસ્થા ઉભી કરે છે, અને તમારે દરેક વસ્તુની ફરીથી શરૂઆત કરવી પડે છે.

આંતર અસ્તિત્વોની, આંતર પ્રદેશોની સાધના ઘણા લોકોએ કરી છે, તેને વિસ્તારપૂર્વક સમજાવવામાં આવી છે, કેટલાક લોકોએ તેની પદ્ધતિની રચના કરી છે, તેના માર્ગો અને અવસ્થાઓ શોધી કાઢવામાં આવ્યાં છે, અને તમે એક અવસ્થામાં બીજી અવસ્થા જાઓ છો, તમને એમ લાગતું હોય છે કે એ એમ

જ હોવું જોઈએ. પણ જ્યારે તમે શરીરમાં નીચે ઉતરો છો, ત્યારે તે એક કુમારી વન જેવું હોય છે. દરેક વસ્તુ નવેસરથી કરવાની હોય છે, દરેક વસ્તુનું નિર્માણ કરવાનું હોય છે. એટલે તમારે ખૂબ ધીરજ ધારણ કરવી જોઈએ. તમને સાધના કરતાં ખૂબ સમય લાગે છે, તેથી તમારે તમારી જાતને નકામી ન માનવી જોઈએ. તમારે કદી નિરાશ ન બનવું જોઈએ, એમ કે ઓહ; હું યોગ કરી શકું તેમ નથી કહેવું જોઈએ. જો માણસ યોગમાં જરૂરી સમય ગાળે, હિંમત રાખે, સહિષ્ણુતા અને ધીરજ રાખે, તો દરેક જણ યોગ કરી શકે. કદી હિંમત ન ગુમાવો, નિરાશ ન બનો, એની એ જ વસ્તુ દશવાર, વીસવાર, સો વાર કરવા માટે તૈયારી રાખો, વાસ્તવિક રીતે તે સિદ્ધ થાય ત્યાં સુધી મંડ્યા જ રહો.

ઘણીવાર માણસને એમ લાગતું હોય છે કે જો બધું જ ન થાય, કામ પૂરું ન થાય, તો તે માણસે કશું જ કર્યું નથી એમ મનાય.

*

૯ જુલાઈ ૧૯૫૮

ધર્મ એવો દાવો કરે છે કે ભગવાનની સત્તા વડે, પ્રેરણા વડે, પરમાત્માએ આપેલી કદી ભૂલ ન કરતી સર્વ સત્તા વડે સત્યનો નિર્ણય કરવાનો મને અધિકાર મળ્યો છે. ચર્ચા કે પ્રશ્ન કર્યા સિવાય, ધર્મે માનવના વિચાર પર, લાગણી પર, આચાર પર પોતાની જાતને ઠોકી બેસાડવાનો પ્રયત્ન કર્યો છે. પ્રેરણાઓના પ્રયાસોનો અનિવાર્ય લક્ષણ વડે તે પોતાના અધિકારને પ્રમાણિત કરવા માગે છે; મનની અજ્ઞાન સ્થિતિમાં, શંકાઓમાં, નબળાઈમાં, અનિશ્ચિતતાઓમાં આત્મામાંથી આવેલા ગૂઢવાદી પ્રકાશમાં અને શકિતમાં શ્રદ્ધા રાખવાની તે માગણી કરે છે, શ્રદ્ધાની જરૂરિયાત સમજાવે છે. શ્રદ્ધા માણસ માટે અનિવાર્ય છે, કારણકે શ્રદ્ધા સિવાય તે અજ્ઞાન પ્રત્યેની પોતાની યાત્રામાં આગળ જઈ શકતો નથી. પણ શ્રદ્ધા ઉપરથી લદાવી ન જોઈએ; તે મુકત દર્શના તરીકે અથવા અંતરાત્માની અનિવાર્ય આજ્ઞા તરીકે આવવી જોઈએ. જો માણસનો આધ્યાત્મિક પ્રયાસ ઉચ્ચતમ ઋતચેતના પ્રત્યે પરિપૂર્ણ અને અજ્ઞાની માનસિક તથા પ્રાણિક સંમિશ્રણથી તદ્દન મુકત

પ્રગતિ સિદ્ધ કરે, તો જ પ્રશ્ન કર્યા સિવાય ધર્મનો તે દાવો સ્વીકારી શકાય. આ આપણી સમક્ષ આખરી ધ્યેય છે, પણ તે હજી સિદ્ધ થયું નથી, અને ધર્મના તે સમય પહેલાં કરાયેલા દાવાઓ માણસમાં રહેલી સાહજિક ધાર્મિક વૃત્તિના સાચા કાર્યને અસ્પષ્ટ બનાવી દીધું છે. તે ધાર્મિક વૃત્તિએ માનવને દિવ્ય વાસ્તવિકતા પ્રત્યે દોરી જવાનો છે, અત્યાર સુધી માણસે જે કાંઈ સિદ્ધ કર્યું છે તેને તે દિશા વળાંક આપવાનો છે, અને દરેક માનવ પ્રાણીને આધ્યાત્મિક શિસ્તનો ઘાટ આપવાનો છે, દિવ્ય સત્યની નજીક જવાનો તેનો સ્પર્શ કરવાનો ખોજ કરવાનો માર્ગ બનાવવાનો છે, જે માર્ગ માનવના સ્વભાવની શકયતાઓ મોટે યોગ્ય હોય."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૬૩-૬૪)

મધુર માતાજી, અંગત પ્રયત્ન વડે શ્રદ્ધામાં વૃદ્ધિ કરી શકાય.

શ્રદ્ધા એ ભગવાનની કૃપાએ આપણને આપેલી દેણ છે. તે સનાતન સત્ય પ્રત્યે દોરી જતું, ઓચિંતુ ખુલી જતું દ્વાર છે, જેની દ્વારા આપણે સત્યને જોઈ શકીએ, તેનો સંસ્પર્શ પ્રાપ્ત કરી શકીએ.

જેમ દરેક વસ્તુમાં હોય છે તેમ, માનવજાતિના આરોહણમાં ખાસ કરીને શરૂઆતમાં અંગત પ્રયત્નની જરૂર છે. કેટલાક અપવાદરૂપ સંજોગોમાં, આપણી બુદ્ધિને બિલકુલ ન સમજાય તેવાં કારણોસર, શ્રદ્ધા એકદમ ઓચિંતી, આપણે ન માગી હોય તો પણ, અનપેક્ષિત રીતે આવતી હોય છે. પણ ઘણી વાર તો, તે એક આરઝૂનો, જરૂરિયાતનો, અભીપ્સાનો, અસ્તિત્વમાં કોઈક તત્ત્વની શોધનો, ઉત્કંઠાનો પ્રત્યુત્તર હોય છે જો કે તે ખૂબ સચેતન રીતે અને પદ્ધતિપૂર્વક આવતો હોતો નથી. તે ગમે તેમ હોય પણ જ્યારે શ્રદ્ધા આવે છે, જ્યારે સાધકમાં ઓચિંતો પ્રકાશ પ્રાપ્ત થાય છે, ત્યારે તેને સક્રિય ચેતનામાં સતત સાચવી રાખવા માટે, અંગત પ્રયત્ન અનિવાર્ય હોય છે. માણસે પોતાની શ્રદ્ધાને પકડી રાખવી જોઈએ, સંકલ્પપૂર્વક તેને બોલાવવી જોઈએ, તેની ખોજ કરવી જોઈએ, કેળવવી જોઈએ, તેનું રક્ષણ કરવું જોઈએ.

માનવ મનમાં એક રોગિષ્ઠ, શોચનીય ટેવ હોય છે, અને તે શંકા કરવાની, દલીલ કરવાની, નાસ્તિકતાની. ત્યાં જ માનવ પ્રયાસને મૂકી આપવાનો હોય છે. તે પ્રયાસ આ રીતનો હોવો જોઈએ, શંકાને, દલીલને, નાસ્તિકતાને સ્વીકારવાનો

ઇન્કાર કરવો, તેમની વાતો ન સાંભળવી, તેમને ન અનુસરવું. શંકા અને નાસ્તિકતા સાથે માનસિક રીતે રમત કરવી તેના કરતાં બીજી કોઈ રમત વધારે જોખમકારક નથી. તે ત્રણ વસ્તુઓ માત્ર શત્રુઓ જ નથી, તેઓ ભયંકર પતનના ખાડાઓ છે. એકવાર માણસ તેમાં પડે, પછી તેને માટે બહાર નીકળવું એ ઘણું મુશ્કેલ બની જાય છે.

કેટલાક લોકો માને છે કે વિચારો સાથે રમત કરવી, તેમની ચર્ચા કરવી, તેમની શ્રદ્ધાનો અસ્વીકાર કરવો એ એક ખૂબ મહાન માનસિક સુંદરતા છે. તેઓ એમ માનતા હોય છે કે આથી અને અમારું ખૂબ ચઢિયાતું વલણ પ્રાપ્ત કરીએ છીએ, આ રીતે અમે બતાવીએ છીએ કે અમે વહેમોથી અને અજ્ઞાનથી પર છીએ. પણ જો તમે શંકાનાં અને નાસ્તિકતાનાં સૂચનો સાંભળશો, તો તમે ખૂબ સ્થૂલ અજ્ઞાનમાં ગબડી પડશો અને સાચા માર્ગથી દૂર ચાલ્યા જશો, તો તમે ગૂંચવાડામાં પ્રવેશશો, ભૂલમાં, વિરોધોની ભુલભુલામણીમાં ફસાઈ જશો. તેમાંથી તમે બહાર આવી શકશો એમ તમે ખાતરીપૂર્વક નહિ કહી શકો. આંતર સત્યથી તમે એટલા બધા દૂર ચાલ્યા જશો કે તમને તે દેખાતું બંધ થઈ જશે, અને કેટલીક વાર તો તમારા આત્મા સાથેના શકય સંપર્કને પણ ગુમાવી દેશો.

બેશક, પોતાની શ્રદ્ધાને જાળવી રાખવા માટે, શ્રદ્ધા અંદર વૃદ્ધિ પામે તેટલા માટે, અંગત પ્રયાસ જરૂરી છે. ઘણા લાંબા સમય પછી, જયારે આપણે એક દિવસ પાછળ નજર નાંખીશું, ત્યારે આપણને જણાશે કે કાંઈ બન્યું હતું જે આપણને ખરાબમાં ખરાબ લાગ્યું હતું તે પણ ભગવાનની કૃપા હતી, જે આપણને માર્ગ પર પ્રગતિ કરાવા માગતી હતી. ત્યારે આપણને સમજાય છે કે અંગત પ્રયાસ પણ ભગવાનની કૃપા હતી. પણ તે સ્થિતિએ પહોંચતા પહેલાં, માણસે ખૂબ પ્રગતિ કરવી પડે છે, ખૂબ સંઘર્ષ કરવો પડે છે, કેટલીક વાર ખૂબ સહન પણ કરવું પડે છે.

જડ નિષ્ક્રિયતામાં બેસવું અને કહેવું કે "જો મને શ્રદ્ધાની જરૂર હશે, તો તે મને મળી રહેશે. ભગવાનની કૃપા મને તે આપશે," એ આળસનું વલણ છે; અચેતનતાનું અસદ ભાવનું વલણ છે.

આંતર જ્યોત પ્રજ્વલિત થાય તે માટે માણસે તેને પોષણ આપવું જોઈએ માણસે અગ્નિનું નિરીક્ષણ કરવું જોઈએ; પોતે જેમને દૂર કરવા માગતો હોય તે

બધી ભૂલોનો તેમાં હોમ કરવો જોઈએ; પ્રગતિમાં આવતા વિલંબોની, માર્ગને અંધકારમય બનાવનાર બધી વસ્તુઓની આહૂતિ આપવી જોઈએ. જો સાધક અગ્નિને પોષણ ન આપે, તો તે પોતાની અચેતનતાની અને જડતાની રાખ નીચે હોલવાઈ જાય; અને પછી તો લક્ષ્યને પહોંચતા પહેલાં તેણે વર્ષો, જન્મો, સદીઓ ગાળવી પડે.

માણસ જેમ કોઈ ખૂબ-ખૂબ મૂલ્યવાન વસ્તુના જન્મની દેખભાળ કરતો હોય છે, તેમ તેણે પોતાની શ્રદ્ધાની દેખભાળ કરવી જોઈએ, તેને નુકસાન પહોંચાડે તેવી બધી વસ્તુઓથી તેની કાળજીપૂર્વક રક્ષા કરવી જોઈએ.

પ્રારંભના અજ્ઞાનમાં અને અંધકારમાં, શ્રદ્ધા ભગવાનની શક્તિની ખૂબ સીધી અભિવ્યક્તિ છે, જે યુદ્ધ કરવા અને વિજય પ્રાપ્ત કરવા આવતી હોય છે.

*

૧૬ જુલાઈ ૧૯૫૮

વર્ષનું સાચું કામ માણસના મનને, પ્રાણને, અને શારીરિક અસ્તિત્વને આધ્યાત્મિક ચેતનાનો સ્વીકાર કરવા માટે તૈયાર કરવાનું છે. તેણે માનવને તે બિંદુએ લઈ જવાનો છે, જ્યાં આંતર આધ્યાત્મિક પ્રકાશ પરિપૂર્ણ રીતે ઉદય પામવાની શરૂઆત કરે છે. તે બિંદુએ ધર્મે પોતાની જાતને ગૌણ બનાવતાં બનાવતાં શિખવાનું છે, તેણે બાહ્ય લક્ષણો પર ત્યાં આગ્રહ રાખવાનો નથી, પણ અંતરાત્માને પોતાનું સત્ય અને વાસ્તવિકતા વિકસાવવા માટે પૂરો અવકાશ આપવાનો છે. તે દરમિયાન, તેણે માણસની માનસિકતાને, પ્રાણિકતાને, અને શારીરિકતાને હાથમાં લઈને, માણસની સર્વ ક્રિયાઓને આધ્યાત્મિક દિશામાં વળાંક આપવાનો છે, તેમાં આધ્યાત્મિક અર્થનું પ્રગટીકરણ કરવાનું છે, આધ્યાત્મિક સંસ્કૃતિની છાપ આપવાની છે, આધ્યાત્મિક ચારિત્ર્યની શરૂઆત કરવાની છે. આ પ્રયાસમાં ધાર્મિક ભૂલો આવી પડતી હોય છે, કારણકે ધર્મ જેની સાથે કામ પાડે છે તે વસ્તુનો સ્વભાવ જ તે ભૂલો પેદા કરતો હોય છે. તે નિમ્ન કોટિનું તત્ત્વ તે રૂપો પર આક્રમણ કરે છે, જે રૂપોએ આધ્યાત્મિક ચેતના અને માનસિક, પ્રાણિક, શારીરિક

ચેતનાની વચ્ચે વચગાળાનાં તત્ત્વો તરીકે સેવા બજાવવાની છે. ઘણીવાર તે નિમ્ન કોટિનું તત્ત્વ તે ત્રણેયને અવનત, દુષિત બનાવી મૂકે છે. પણ આ પ્રયાસમાં જ, આત્મા અને પ્રકૃતિ વચ્ચેની કડી રૂપે, ધર્મનો મોટામાં મોટો ઉપયોગ હોય છે. માનવ ઉત્ક્રાન્તિમાં સત્ય અને ભૂલ હમેશાં સાથે સાથે જ રહેતાં હોય છે. તેની સાથે ભૂલો છે એટલા માટે સત્યનો ઈન્કાર કરવાનો નથી, જો કે તે ભૂલોને દૂર તો કરવાની જ હોય છે. જો ગ્રામ્ય રીતે તેમ કરવામાં આવે, તો ભૂલોને દૂર કરવી એ કઠિન કામ હોય છે; તે ઘણી વાર ધર્મના દેહને શસ્ત્રક્રિયા કરતાં થતી ઈજા પહોંચાડે છે, કારણકે આપણે જેને ભૂલ રૂપે જોતા હોઈએ છીએ તે ઘણી વાર કઠોર શસ્ત્રક્રિયા કરતી વખતે ગુમાવી દેવાયેલા સત્યનું ચિહ્ન અથવા ઢાંક પિછોડો અથવા દૂષિતતા અથવા ખોટી રચના હોય છે ભૂલની સાથે સત્યને પણ કાઢી નાંખવામાં આવ્યું હોય છે. પ્રકૃતિ લાંબા સમય સુધી, સામાન્ય રીતે, સારા અનાજના દાણાની સાથે સાથે કાંટાને અને નિંદામણને ઉગવા દેતી હોય છે, કારણકે તે રીતે જ પ્રકૃતિની ઉત્ક્રાન્તિ વૃદ્ધિ શકય હોય છે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૬૪-૬૫)

મધુર માતાજી, સામાન્ય માનવીના જીવનમાં ધર્મ શું જરૂરની વસ્તુ છે?

એક રીતે જોતાં જીવનમાં તે એક જરૂરિયાત છે, કારણકે તે સામૂહિક અહંતા પર અંકુશ મૂકે છે. તે અંકુશ વગર સામૂહિક અહંતા ખૂબ વધી જાય.

સામૂહિક ચેતનાનો સ્તર હમેશાં વ્યક્તિગત ચેતનાના સ્તર કરતાં નીચું હોય છે. દા.ત. જ્યારે માણસો મોટી સંખ્યામાં એકઠા મળતો હોય છે, ત્યારે ચેતનાનું સ્તર બહુ નીચે જતું હોય છે. ટોળાંની ચેતના વ્યકિતની ચેતના કરતાં ઘણી નિમ્ન પ્રકારની હોય છે. સમાજની સામૂહિક ચેતના તેનાં ઘટક વ્યકિતઓની ચેતના કરતાં ઘણી નિમ્ન હોય છે.

ત્યાં ધર્મની જરૂર છે. સામાન્ય જીવનમાં, માણસ જાણતો હોય કે ન જાણતો હોય, પણ માણસને ધર્મ હોય છે, પણ તેના ધર્મનો હેતુ નિમ્ન પ્રકારનો હોય છે, તે જે દેવની પૂજા કરતો હોય છે. તે સફળતાનો અથવા પૈસાનો દેવ હોય, સત્તાનો દેવ હોય, અથવા માત્ર કુટુંબનો, બાળકોનો, પૂર્વજોનો દેવ હોય છે. પણ હમેશાં ધર્મ હોય છે ખરો. વ્યકિત અનુસાર, ધર્મની ગુણવત્તા ભિન્ન ભિન્ન

હોય છે. જીવન જીવવા માટે, તેમાં ટકી રહેવા માટે, માણસને એવા કોઈ પ્રારંભિક આદર્શની જરૂર પડતી હોય છે, જે તેના અસ્તિત્વનું કેન્દ્ર બની શકે. ઘણી વાર તો તે પોતે તે વાત જાણતો હોતો નથી. જો તેને પૂછવામાં આવે કે તમારો આદર્શ શો છે? તો તે તેનું સ્પષ્ટ વર્ણન નહિ કરી શકે. પણ તેને કોઈ અસ્પષ્ટ આદર્શ હોય છે ખરો, જે તેને જીવનમાં ખૂબ પરિપૂર્ણ વસ્તુ માગતી હોય છે.

ઘણા લોકોની બાબતમાં તે સલામતી માટે સ્વીકારાયેલો હોય છે, જેથી તે જીવનમાં ટકી શકે. તે એક સૌથી મહાન હેતુ હોય છે, લક્ષ્ય હોય છે, જેને માટે તે પ્રયત્ન કરી રહ્યો હોય છે. કેટલાક લોકોને આશ્વાસન મહત્ત્વની વસ્તુ લાગતી હોય છે, જ્યારે કેટલાક લોકો ધર્મને એક મજા પડે તેવી વસ્તુ માનતા હોય છે.

તે બધું બહુ નિમ્ન કોટિનું હોય છે; તેને 'આદર્શ' એવું નામ આપવાનું મન ન થાય. પણ તે સાચી રીતે જોતાં ધર્મ એક રૂપ હોય છે, એવું કાંઈક હોય છે જેને પોતાનું જીવન સમર્પિત કરી દેવાનું યોગ્ય મનાય એવી ઘણી અસરો હોય છે, જે ધર્મના નામે માનવો ઉપર પોતાની જાતને લાદેલી હોય છે. રાજકારણી અથવા ધાર્મિક જૂથો માણસો પર અસર પેદા કરવા માટે અસલામતીની અનિશ્ચિતતાની માગણીનો સાધન તરીકે ઉપયોગ કરતાં હોય છે. તે જૂથો આ વિચારોને સાધન બનાવીને રમત ખેલતાં હોય છે.

દરેક રાજકારણી અથવા સામાજિક વિચાર કોઈ આદર્શની એક પ્રકારની નિમ્ન અભિવ્યકિત હોય છે, જે આદર્શ પ્રાથમિક અવસ્થાનો ધર્મ છે. વિચારશકિતનો ઉદય થતાં જ, માણસ રોજિંદા પાશવી જીવન કરતાં હર ક્ષણે કોઈક ઉચ્ચતર વસ્તુ પ્રત્યે જરૂર અભીપ્સા સેવવા લાગે છે; તેથી જ તેને જીવવા માટે શકિત અને શકયતા મળતાં હોય છે.

અલબત્ત, એમ કોઈ કહી શકે કે સમૂહો માટે જે છે તે વાત વ્યક્તિઓને પણ લાગુ પડે છે; તેમના આદર્શનું, ધર્મનું જેટલું મૂલ્ય હોય છે, તેટલું જ તેમનું મૂલ્ય હોય છે, અર્થાત્ જે ધર્મને કે આદર્શને તેઓ પોતાના અસ્તિત્વનું શિખર બનાવતા હોય છે.

અલબત્ત, જ્યારે આપણે ધર્મની વાત કરીએ છીએ, ત્યારે એમ જણાય છે કે દરેક માણસને પોતાનો ધર્મ હોય છે (સ્વીકારાયેલા ધર્મોમાંનો કોઈક એક)

ધર્મ) પછી ભલે તે માણસ તે જાણતો હોય કે નહિ, પછી ભલે તે ઈતિહાસના મહાન ધર્મોમાં માનતો હોય. ભલે તે પોતાના ધર્મના સિદ્ધાંતોને ગોખી લે અને તેની વિધિ પ્રમાણે આચરણ કરે, પણ દરેક જણ પોતાની રીતે જ તે સમજતો હોય છે અને કાર્ય કરતો હોય છે, પછી ભલે તે ધર્મનું નામ એક જ હોય, પણ તે બધાં વ્યકિતઓ માટે એક જ ધર્મ નથી હોતો.

આપણે કહી શકીએ કે આ અજ્ઞાત અને ઉચ્ચતમ પરમાત્મા પ્રત્યેની અભીપ્સાની અભિવ્યકિત સિવાય માનવ જીવન બહુ કઠિન બની જાય. જો માનવ હૃદયમાં કાંઈક વધારે સારી વસ્તુની આશા ન હોય, તો તેનામાં જીવવાની શકિત ન આવે.

(મૌન)

પણ મુક્ત રીતે વિચાર કરવાની શકિત બહુ થોડા લોકોમાં હોય છે, એટલે કોઈ ધર્મમાં જોડાવું એ વધારે સહેલું થઈ પડે છે. તેનો સ્વીકાર કરવો, તે ધાર્મિક સમુદાયના એક સભ્ય બનવું તે વધારે સહેલું હોય છે; પોતાને માટે અલગ સંપ્રદાય રચવો તેના કરતાં તે વધારે સહેલું હોય છે. એટલે માણસ આ ધર્મનો હોય કે પેલા ધર્મનો, પણ તે માત્ર દેખાવ જ હોય છે.

*

૨૩ જુલાઈ ૧૯૫૮

માતાજી, આ આંતર દર્શનાની શકિત કેવી રીતે વિકસાવી શકાય ?

આંતર દર્શનાનો અનેક પ્રકારો હોય છે. તે માટેની શકિતઓ આપણામાં રહેલી છે. તે હંમેશાં અમુક પ્રમાણમાં સકિય હોય છે, પણ આપણે આપણામાં થઈ રહેલી વસ્તુઓ પર ધ્યાન આપતા નથી અને તેથી આપણે તેને જોઈ શકતા હોતા નથી.

લાગણીઓની પીઠમાં, અસ્તિત્વના ઊંડાણમાં, સૂર્ય ચક્રની નજીક આવેલી ચેતનામાં એક પ્રકારની પૂર્વદર્શનની શકિત રહેલી છે; પણ તે વિચારોના રૂપમાં નથી

હોતી, પણ તે લાગણીઓના રૂપમાં ઈન્દ્રિયજન્ય સંસ્કારોની દર્શનામાં રહેલી હોય છે. દા. ત. જ્યારે કોઈ માણસ અમુક કામ કરવાનો નિશ્ચય કરે છે, ત્યારે તેનામાં એક પ્રકારની બેચેની થતી હોય છે, જે તે કાર્ય કરવાની ના પાડતી હોય છે. જો માણસ આ ગહનતર સૂચન પ્રત્યે ધ્યાન આપે, તો તે સાચું હોવાનું ભાન તેને થાય છે,

હું આવેગોની, પ્રાણિકમાંથી અને તેના કરતાં પણ વધારે નિમ્ન ભાગોમાંથી આવતી ગતિઓની વાત નથી કરતી. પણ કેટલાક લોકોમાં એવું કાંઈક હોય છે, કે જે તેને વેગ આપે છે, સૂચન કરે છે, આગ્રહ કરે છે. જે વસ્તુઓ માગણી-ઓની પીઠમાં રહેલાં સૂચનો હોય છે, જે અસ્તિત્વના લાગણીમય ભાગમાંથી આવતાં હોય છે, ત્યાં કરવાના કાર્યનાં નિશ્ચિત સૂચનો મળતાં હોય છે. આ આંતર દર્શનાના પ્રકારો છે, ઉચ્ચતર વૃત્તિના પ્રકારો છે, જેમને અવલોકન વડે અને તેમનાં પરિણામોનું અધ્યયન કરવા વડે, કેળવી શકાય છે, સ્વાભાવિક રીતે જ, તે કામ દિલની સચ્ચાઈપૂર્વક, વિષયગત રીતે, પૂર્વગ્રહ વિના કરાવું જોઈએ. જો માણસ વસ્તુઓને અમુક જ રીતે જોવા માગતો હોય, અને સાથે સાથે આવું અવલોકન કરતો હોય, તો તે બધું વ્યર્થ છે. જાણે તે વસ્તુ પોતાથી બહાર બનતી હોય, બીજી કોઈ વ્યકિતમાં બનતી હોય, તે રીતે તેણે તે વસ્તુ જોવી જોઈએ.

આ આંતર દર્શનાનું એક રૂપ છે. મોટે ભાગે તે પ્રથમ પ્રગટ થતું હોય છે.

આંતર દર્શનાનું બીજું રૂપ પણ છે. પણ તેનું અવલોકન કરવું તે વધારે કઠિન છે, કારણકે જે લોકોને આવેગપૂર્વક નહિ, પણ તર્કબુદ્ધિ વડે વિચાર કરવાની ટેવ છે, કોઈ પણ કામ કરતા પહેલાં ઊંડો વિચાર કરવાની ટેવ છે, તેમ-નામાં, અર્ધ અચેતન વિચારમાં; કારણમાંથી કાર્ય પ્રત્યે જવાની એક ખૂબ ઝડપી પ્રક્રિયા હોય છે, જે તમને તર્કની સમગ્ર રેખા જોવા દેતી હોતી નથી અને તેથી તે તર્કની પરંપરા છે એમ તમને લાગતું હોતું નથી; તે તદ્દન ઠગારી હોય છે. તે આંતર દર્શના છે એવો તમને ખ્યાલ આવે છે, પણ તે આંતર દર્શના નથી હોતી. તે ખૂબ ઝડપી, અવચેતન, તર્ક વિચારણા હોય છે, જે સમસ્યાને ઉપાડી લઈને સીધી નિગમનો પર જતી હોય છે. આને આંતર દર્શના માની લેવાની ભૂલ ન કરવી જોઈએ.

મસ્તિષ્કની સામાન્ય કામગીરીમાં, આંતર દર્શના, પ્રકાશના કિરણ પેઠે, ઓચિંતી ઝળકી આવતી હોય છે. જો માણસમાં માનસિક દર્શનાની શકિત થોડી

ઘણી પણ હોય, તો તેને મસ્તિષ્કમાં પ્રકાશના કિરણના આવેગ પેઠે, કોઈક વસ્તુ બહારથી અથવા ઊર્ધ્વમાંથી આવતી લાગે છે, જે તર્કબુદ્ધિથી તદ્દન સ્વતંત્ર હોય છે.

જ્યારે માણસ પોતાના મનને તદ્દન શાન્ત કરી શકતો હોય છે, તેને એકાગ્ર અને શાન્ત બનાવી શકતો હોય છે, તેનાં સામાન્ય કાર્યોને બંધ કરી શકતો હોય છે, મનને એક પ્રકારનું દર્પણ બનાવી શકતો હોય છે, જે દર્પણને, ટકાવી રાખેલી અને શાન્ત એકાગ્રતામાં, એક ઉચ્ચતર શક્તિ પ્રત્યે ધરવામાં આવેલું હોય છે, ત્યારે આ આંતરદર્શના સહેલાઈથી જોઈ શકાય છે. માણસ તેમ કરતાં પણ શીખી શકે છે. તેણે તે શીખવું જોઈએ, તે એક જરૂરી સાધના છે.

જ્યારે તમારે કોઈ પ્રશ્નનો ઉકેલ કરવાનો હોય, ત્યારે તમે મોટે ભાગે અહીં (માતાજી પોતાની ભ્રૂકુટિના મધ્યભાગનો અંગુલિનિર્દેશ કરે છે), સચેતન સંકલ્પના કેન્દ્રમાં ધ્યાનને કેન્દ્રિત કરતા હો છો. પણ જો તમે તેમ કરો, તો તમે આંતર દર્શના સાથે સંપર્ક સાધી ન શકો. તમે તેમ કરવાથી સંકલ્પના, પ્રયાસના, અમુક પ્રકારના જ્ઞાનના ઉદ્‌ગમ સ્થાન સાથે સંપર્ક સાધી શકો અને તે પણ બાહ્ય ભૌતિક ક્ષેત્રમાં. પણ જો તમારે આંતર દર્શનાનો સંપર્ક સાધવો હોય, તો તમારે આને (માતાજી કપાળ તરફ અંગુલિનિર્દેશ કરે છે) તદ્દન સ્થિર રાખવું જોઈએ. યથાશકય સક્રિય વિચારને બંધ પાડી દેવો જોઈએ, અને સમગ્ર માનસિક શક્તિને, મસ્તકના શિરોભાગ આગળ અને બને તો તેથી પણ ઊર્ધ્વમાં, એક ખૂબ શાન્ત, ઊર્ધ્વમાં એકાગ્ર દર્પણ સમાન બનાવી દેવી જોઈએ. જો તમે તેમ કરવામાં સફળ થશો, કદાચ તેમાં થોડોક સમય પણ લાગે તો તમને હજી પણ કોઈ અજ્ઞાન પ્રદેશમાંથી તે દર્પણ પર પડતાં પ્રકાશનાં કિરણો દેખાશે. તે કિરણો પોતાની જાતને એવા એક સચેતન વિચારમાં અભિવ્યક્ત કરતાં હશે, કે જેને તમારા વિચારના બાકીના કોઈ પણ ભાગ સાથે કશો સંબંધ નથી, કારણકે તમે તેને શાન્ત બનાવી દીધો હોય છે. તે બૌદ્ધિક આંતર દર્શનાની સાચી શરૂઆત છે.

તે સાધના છે, જેને તમારે અનુસરવાનું છે. લાંબા સમય સુધી પ્રયત્ન કરવા છતાં, માણસને તેમાં સફળતા ન પણ મળે. પણ જ્યારે માણસ પોતાના મનને શાંત અને એકાગ્ર દર્પણ બનાવવામાં સફળ થાય છે, ત્યારે તેને પરિણામ ચોક્કસ પ્રાપ્ત થતું હોય છે. વિચારના નિશ્ચિત રૂપમાં નહિ, પણ ઊર્ધ્વમાંથી આવતા પ્રકાશના અનુભવના રૂપમાં, પછી જો માણસ તરત જ ક્રિયાના ઝંઝાવાતમાં કૂદી પડવા સિવાય, ઊર્ધ્વમાંથી આવતા તે પ્રકાશને સ્વીકારી શકે, શાન્તિપૂર્વક સ્વીકારી

શકે, અને તેને અસ્તિત્વમાં ઊંડે વ્યાપી જવા દે, તો થોડાક સમય પછી તે પ્રકાશ પોતાની જાતને એક તેજોમય વિચારના રૂપમાં અથવા અહીં (માતાજી હૃદય તરફ અંગુલિનિર્દેશ કરે છે) એક ખૂબ નિશ્ચિત સૂચના રૂપમાં અભિવ્યકત કરે છે.

સ્વાભાવિક રીતે જ, પ્રથમ તો આ શકિતઓ વિકસાવવી જોઈએ. પછી પરિણામ આવે તેનું તેણે અવલોકન કરવું જોઈએ, પરિણામો વચ્ચેનો સંબંધ જોવો જોઈએ; કયી વસ્તુ આવી છે, કયી વસ્તુએ વિકૃતિ પેદા કરી છે, સચેતન તર્ક વિચારણા વડે પોતે તેમાં શું ઉમેર્યું છે, નિમ્નતર ઓછા વત્તા સચેતન સંકલ્પની દરમિયાનગીરીથી શું ઉમેરાયું છે તે બધાંનું અવલોકન કરવું જોઈએ. તેવો હર ક્ષણે, રોજ રોજ, વારંવાર અભ્યાસ કરવાથી માણસે પોતાની આંતર દર્શનાને વિકસાવી શકે છે. તે લાંબો સમય માગી લે છે, તેમાં પ્રતારણાઓ હોય છે, છૂપે સ્થાનેથી આક્રમણો થવાનો સંભવ છે. માણસ પોતાની જાતને છેતરી શકે છે; પ્રગટ થવા ઈચ્છતા અવચેતન સંકલ્પોને આંતર દર્શના માની લે છે; ખુલ્લી રીતે જેમની સ્વીકૃતિ કરવામાં આવી ન હતી તે આવેગો સૂચનો આપતા હોય છે; આમ અનેક પ્રકારની મુશ્કેલીઓ આવતી હોય છે. માણસે તેમને માટે તૈયારી રાખવી જોઈએ. પણ જો તે ધંતપૂર્વક તેમાં મંડયો રહે, તો તે જરૂર સફળ બને છે.

પછી એવો એક સમય આવે છે, કે જ્યારે માણસને આંતર દોરવણી મળતી હોય છે, તેને દરેક કાર્યમાં માર્ગદર્શન આપતું કાંઈક દેખાવા લાગે છે. પણ તે દોરવણીને વધારેમાં વધારે બળ મળે તે માટે, માણસે સ્વાભાવિક રીતે જ તેમાં સચેતન સમર્પણને ઉમેરવું જોઈએ; ઉચ્ચતર શકિત જે સૂચન આપે તેને દિલની સચ્ચાઈપૂર્વક અનુસરવાનો તેણે નિશ્ચય કરવો જોઈએ. જો માણસ તેમ કરે, તો તેને વર્ષો સુધી અભ્યાસ કરવો પડતો હોતો નથી, તેને જલ્દી પરિણામ પ્રાપ્ત થાય છે. જાણે તે દિલની સચ્ચાઈપૂર્વક કરાવું જોઈએ, એક પ્રકારના આંતર સ્વયંભૂપણાથી કરાવું જોઈએ. જેવી રીતે માણસ, સમર્પણ કર્યા સિવાય, પોતાના અંગત સંકલ્પને વિકસાવી શકે છે અને તેને એક ખૂબ સમર્થ શકિત બનાવી શકે છે, તેમ સમર્પણ ભાવ વિના, જો માણસ આ કરવા પ્રયત્ન કરે, તો તે કદાચ સફળ થાય, પણ તેનાં ખૂબ સમય લાગે છે, તેમાં ઘણા વિઘ્નો આવે છે, અને પરિણામ બહુ અચોક્કસ હોય છે. માણસે આગ્રહી, જક્કી, ખંતિલા બનવું જોઈએ; તો તે જરૂર સફળ થશે, પણ ઘણા લાંબા પરિક્રામ પછી.

તમે સાચા દિલનું, પરિપૂર્ણ સમર્પણ કરો; તો તમે ખૂબ ઝડપથી પ્રગતિ સાધી શકશો; પણ તમારે તે ગણતરીબાજીથી ન કરવું જોઈએ, કારણકે તેથી સઘળી બાજી બગડી જાય છે!

(મૌન)

તમે જીવનમાં ગમે તે વસ્તુ કરવા માગતા હો, પણ પાયામાં એક વસ્તુ અનિવાર્ય છે, અને તે ધ્યાનને એકાગ્ર કરવાની શકિત. જો તમે એક બિંદુ ઉપર તમારા ધ્યાનનાં અને ચેતનાનાં કિરણોને એકાગ્ર કરી શકો, તે એકાગ્રતાને આગ્રહી સંકલ્પ વડે ટકાવી રાખી શકો, તો ખૂબ ભૌતિક શારીરિક વિકાસથી માંડીને તે ઉચ્ચતમ આધ્યાત્મિક વિકાસ સુધીમાં, કોઈ તમને રુકાવટ ડાલી નહિ શકે. પણ આ સાધના સતત અને અવિક્ષિપ્ત રીતે કરાવી જોઈએ. હું એમ કહેવા નથી માગતી કે તમારે એક જ વસ્તુ પર હંમેશાં એકાગ્ર થવું જોઈએ; હું એકાગ્રતા શિખવાની વાત કરું છું.

અભ્યાસમાં, રમતગમતોમાં, સર્વ શારીરિક અથવા માનસિક વિકાસમાં એકાગ્રતા ખૂબ અનિવાર્ય છે. માણસની એકાગ્રતા ઉપરથી તેની કિંમત અંકાય છે.

આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી જોતાં, એકાગ્રતા તેનાથી પણ વધારે મહત્ત્વની છે. એકાગ્રતાની વેધક શકિતનો પ્રતીકાર કોઈ પણ આધ્યાત્મિક વિઘ્ન કરી શકતું નથી. દા.ત. એકાગ્રતાની ઉત્કટ, જકડી શકિત વડે ચૈત્યમય અસ્તિત્વ શોધી શકાય છે, આંતર ભગવાનને સાથે એકતા સાધી શકાય છે; પણ તે કેમ કરવું તે માણસે શીખવું જોઈએ.

માનવીય અથવા અતિમાનવીય ક્ષેત્રમાં એવું કશું જ નથી, કે જેની ચાવી એકાગ્રતાની શકિત ન હોય.

તે શકિત વડે, તમે શ્રેષ્ઠ કસરતબાજ, શ્રેષ્ઠ વિદ્યાર્થી, શ્રેષ્ઠ કલાકાર, શ્રેષ્ઠ સાહિત્યકાર, અથવા શ્રેષ્ઠ વૈજ્ઞાનિક બની શકો છો. દરેક જણમાં તે શકિતનો નાનકડો પ્રારંભ તો હોય જ છે; પણ લોકો તે એકાગ્રતાની શકિતને ખિલવતા હોતા નથી.

*

૩૦ જુલાઈ ૧૯૫૮

મધુર માતાજી, પ્લેન્ચેટનો ઉપયોગ કરવાથી કયા પ્રકારનાં બળોને બોલાવી શકાય છે; તે કેવી રીતે કરવામાં આવે છે?

ઓહ, ઓહ! તમે સ્વયંભૂ લેખનની વાત કરો છો?

હા, માતાજી.

તેનો આધાર જે લોકો તે કરતા હોય છે તેમના ઉપર છે. કેટલીકવાર કોઈ બળો આવતાં જ હોતા નથી! તે પ્લેન્ચેટનો ઉપયોગ કરનાર લોકોનાં માનસિક અને પ્રાણિક આકંપનો હોય છે; સોમાંથી ૯૮ કિસ્સાઓમાં તો તે લોકોનો પોતાના અવચેતન વિચારો જ બહાર આવતા હોય છે. [૧] જો તે લોકો અદૃશ્ય સત્ત્વો સાથે સંપર્કમાં હોય, તો તે અનેક પ્રકારનાં હોય છે; તે કામ બહુ સલાહ ભરેલું નથી!

ખાતરીપૂર્વક એમ કહી શકાય કે, માણસો માને છે, તેવું તે નથી હોતું. મોટે ભાગે માણસો મરી ગયેલા માણસના પ્રેતને બોલાવવા પ્રયત્ન કરતા હોય છે, પોતે જેમને ચહાતા હતા અને જેમની સાથે સંસ્પર્શ રાખવો તેમને ગમતો હોય છે તેવાં સગાંવહાલાંને અથવા મિત્રને; તેમને તે લોકો ખૂબ મૂર્ખાઈભરેલા પ્રશ્નો પૂછતા હોય છે. સદ્‌ભાગ્યે તેઓ પ્રેતોના વિક્ષેપ કરવામાં સફળતા મેળવતા હોતા નથી.

આ દૃષ્ટિબિંદુથી, આપણે એમ કહી શકીએ કે જો મરી ગયેલી વ્યકિત સાથે તમારે ગાઢ અને સાચા દિલનો પ્રેમ હોય, અને જો તમે પૂરતા પ્રમાણમાં શાન્ત અને બળવાન હો, તો થોડા અથવા લાંબા સમય માટે તે પ્રેત તમારા વાયુમંડળમાં પ્રાણિક રીતે આશ્રય લેવાનું પસંદ કરે. એનો અર્થ એ થાય કે તમારી અને તેની વચ્ચે બહુ નિકટનો, સઘન સંબંધ હતો; અને જો તમે એટલા બધા ભૌતિકવાદી ન હો કે સીધી માનસિક દર્શના પ્રાપ્ત ન કરી શકો, તો તમે તે વ્યકિત સાથે માનસિક સંપર્કમાં રહી શકો. પણ તે અપવાદ-રૂપ ગણાય, કારણકે જો તમારું વાયુ મંડળ એટલું બધું શાન્ત અને બળવાન હોય કે જે સારી રીતે તમને રક્ષણ આપી શકે,

---

૧. પાછળથી માતાજીએ આ કથન ઉમેર્યું હતું. "હું સોમાંથી ૯૦ ની વાત કરું છું, કારણકે તેમાં અપવાદો હોય છે; હું કેટલાક અપવાદો જાણું છું; પણ તે એટલા બધા વિરલ હોય છે, કે તેમને વિષે ન બોલવું તે વધારે સારું છે."

તો મરી ગયેલા માણસનું પ્રેત તેમાં ગાઢ આરામ લેતું હોય છે, અને તેને વિક્ષેપ પમાડવો એ સારું નથી. તમારે માટે સારામાં સારી વાત તો એ છે કે તમારે તેને પ્રેમ વડે આવરી લેવું જોઈએ અને તેને શાન્તિમાં રહેવા દેવું જોઈએ.

એટલે, જો આ ગ્રામ્ય સાધન દ્વારા, તેની સાથે સંદેશાઓનો વ્યવહાર કરવો શકય હોય, તો પણ તે કરવો એ અયોગ્ય છે. પણ સદ્‌ભાગ્યે, જે લોકોમાં પ્રેતનું આશ્રાય સ્થાન બનવાની શકિત હોય છે, તેમને આરામ કરતા તે પ્રેતને વિક્ષેપ કરવાનો હાસ્યાસ્પદ વિચાર આવતો હોતો નથી!

પણ આ આરોગ્યને હાનિકારક કુતૂહલનો પ્રયોગ કરતા હોય છે, તેમને તેનું યોગ્ય ફળ મળી રહે છે, કારણકે આપણી આસપાસના વાતાવરણમાં અનેક નાનકડાં પ્રાણિક તત્ત્વો રહેલાં હોય છે, જે અતૃપ્ત વાસનાને કારણે, નિમ્ન પ્રકારની પ્રાણિક ગતિઓને કારણે, પ્રાણિક જગતનાં મહત્તર સત્ત્વોના વિઘટનને કારણે, પ્રેત બન્યાં હોય છે; સાચે જ, વાતાવરણ તેવાં પ્રેતોથી ખદબદતું હોય છે. ઘણાખરા લોકો આ પ્રાણિક વાતાવરણમાં શું બની રહ્યું છે તે જાણતા નથી, તે એમનું ચોક્કસ એક રક્ષણ છે, કારણકે તે ખાસ આનંદદાયક નથી હોતું. પણ જો તેમને તેના સંસર્ગમાં આવવાની ધૃષ્ટતા હોય, અને તેઓ પ્લેન્ચેટનો અથવા ટેબલ-લેખનનો પ્રયોગ કરે, ખરાબ કુતૂહલ દ્વારા, તો એવું કોઈ પ્રેત અથવા તો પ્રેતોનું જૂથ તેમને ભોગે મજા લુંટે છે. તે લોકોના અવચેતન મનમાંથી અનેક જરૂરી સૂચનો એકત્રિત કરે છે, અને તેમને સ્પષ્ટ સાબિતી તરીકે રજૂ કરે છે કે તમે જે માણસને બોલાવ્યો હતો તે અમે છીએ!

આવી વાતો પર હું એક પુસ્તક લખી શકું તેમ છું, એટલા બધા દાખલા હું જાણું છું, કારણકે લોકો આવી વસ્તુઓ કરવામાં ખૂબ અભિમાન લેતા હોય છે, અને તેમને તરત લખી લેતા હોય છે, એવા હાસ્યાસ્પદ અનુભવોને સત્યની સાબિતી તરીકે રજૂ કરતા હોય છે કે તરત જણાઈ આવે કે કાંઈક સત્ત્વ તેમની મજાક કરી રહ્યું હતું! એક ખૂબ તાજેતરનો જ દાખલો આપું. એક માણસે એવી કલ્પના કરી લીધી હતી કે હું શ્રી અરવિંદ સાથે સંપર્કમાં પ્રવેશ્યો છું, અને તેમના તરફથી મને ખૂબ આશ્ચર્યજનક પ્રગટીકરણો પ્રાપ્ત થાય છે. તે વાત ખૂબ હાસ્યાસ્પદ હતી.

પણ મોટે ભાગે તો તે તમારાં જ બળો હોય છે, તમારાં અવચેતન માનસિક અને પ્રાણિક બળો હોય છે, જેમને તમે પ્લેન્ચેટમાં મૂકી આપતા હો છો,

અને તમારી જાત સમક્ષ આશ્ચર્યકારક પ્રગટીકરણો કરતા હો છો! આ માર્ગે માણસ ઘણી વસ્તુઓ કરી શકે છે. એક વાર મેં માણસો આગળ સાબીન કરવા ઈચ્છા કરી કે તમે તમારી જાતને જ બોલાવતા હો છો. એટલે મેં જરાક ગમ્મત કરી. માત્ર સંકલ્પની એકાગ્રતા વડે ફર્નિચર પર ધડાકા કર્યા, ટેબલોને ચલાવ્યાં. અને સ્વયં લેખન માટે તો તમારે માત્ર તમારા સચેતન સંકલ્પને તમારામાં બોલાવી લેવાનો હોય છે, આમ (અભિનય કરીને) તમારા હાથને છુટ્ટો દોર આપવાનો હોય છે, એટલે હાથ ગતિઓ કરવાનો પ્રારંભ કરશે. પણ તેમાં તમારામાંના કોઈક નાનકડા ભાગને રસ પડતો હોય છે, આ ગતિઓનો કોઈક અર્થ નીકળે એવું તેને ગમતું હોય છે, તે નાનકડો ભાગ અવચેતન મનને અપીલ કરતો હોય છે, અને તે મન આશ્ચર્યજનક પ્રગટીકરણો પેદા કરતું હોય છે. સાચે જ, તે એક બાળકોને છેતરવાનું પાંજરું છે. સિવાય કે માણસ તેને વૈજ્ઞાનિક રીતે કરે; પણ ત્યારે તો તેને વૈજ્ઞાનિક રીતે ખબર પડી જાય છે કે એ વસ્તુમાં કાંઈ માલ નથી. તે તો રસપ્રદ રીતે સમય પસાર કરવાની વાત માત્ર છે.

કેટલાક કિસ્સાઓમાં પ્રાણિક તત્ત્વો સાચે જ તમારા પર પકડ જમાવે છે, અને તે બહુ જોખમકારક છે. પણ સદ્‌ભાગ્યે આવા કિસ્સાઓ વિરલ હોય છે. પણ તે બહુ જોખમકારક હોય છે.

ખૂબ સમય પહેલાં, જ્યારે હું ફ્રાન્સમાં હતી ત્યારે, હું એક માણસને ઓળખતી હતી, જેણે આ પ્રકારના પ્રયોગો દ્વારા પોતાની જાતને એક પ્રાણિક સત્ત્વને હવાલે સોંપી દીધી હતી. તે માણસ જુગારી હતો. તે સટ્ટો ખેલતો હતો અને જુગાર રમતો હતો. વર્ષનો અમુક ભાગ તે મોન્ટે કાર્લોમાં ગાળતો હતો. ત્યાં તે જુગાર રમતો હતો. વર્ષનો બાકીનો ભાગ તે દક્ષિણ ફ્રાન્સમાં ગાળતો હતો. ત્યાં તે સ્ટોક એક્ષચેન્જ પર સટ્ટો ખેલતો હતો. કોઈક સત્ત્વ તેનો ઉપયોગ કરી રહ્યું હતું. તે સ્વયં લેખન દ્વારા તેનો ઉપયોગ કરતું હતું. વર્ષો સુધી તેણે તેને નિશ્ચિત સૂચનો આપ્યાં. જ્યારે તે જુગાર રમતો, ત્યારે તે તેને કહેતું કે આ નંબર પર અથવા આ સ્થાન પર રમ; અને તે માણસ જીતી જતો. સ્વાભાવિક રીતે જ, આવાં આશ્ચર્યકારક પ્રગટીકરણો આપનાર તે સત્ત્વને તે પૂજવા લાગ્યો. એક્ષ-ચેન્જ આગળ તેણે તેને કહ્યું કે આના પર સટ્ટો ખેલ. તેણે તે માણસને બધાં સૂચનો આપ્યાં. તે માણસ ખૂબ શ્રીમંત બની ગયો. જે રીતે પોતે શ્રીમંત બન્યો હતો તે બાબત તે પોતાના મિત્રો આગળ આત્મશ્લાઘા કરતો હતો.

કોઈકે તેને ચેતવ્યો કે સાવધાન રહેજે, આ બહુ પ્રામાણિક લાગતું નથી; આ સત્ત્વ ઉપર તારે વિશ્વાસ ન મૂકવો જોઈએ. તે માણસ તેની સાથે ઝઘડી પડયો. થોડાક દિવસ પછી તે મોન્ટે કાર્લોમાં ગયો. તે ખૂબ મોટી રકમો પર સટ્ટો ખેલતો હતો, કારણકે તે હંમેશાં બાજી મારી જતો હતો. લોકોને લાગ્યું કે તે બેન્ક તોડી નાંખશે. બધા તેનાથી ડરતા હતા. પછી પેલા સત્ત્વે તેને કહ્યું કે તમારી પાસે જે કાંઈ છે તેને હોડમાં મૂકી સટ્ટો ખેલ. તેણે તેમ કર્યું, અને એકી ધડાકે તે બધું ગુમાવી બેઠો! પણ સ્ટોક એક્ષચેન્જના સટ્ટાના થોડાક પૈસા તેની પાસે હજી રહ્યા હતા. તેણે મનમાં કહ્યું કે આ મારું કમનસીબ છે. ફરી તેને નિશ્ચિત સૂચન મળ્યું કે આમ કર. તેણે તેમ કર્યું, અને તે તદ્દન સાફ થઈ ગયો. કામ પૂરું પતાવવા માટે, તે સત્ત્વે તેને મજાકમાં કહ્યું કે હવે તું આત્મહત્યા કરવાનો છે, તારા માથામાં પિસ્તોલની ગોળી છોડ. તે સત્ત્વની અસર તેના પર ખૂબ હતી. તેણે તેમ કર્યું. આ વાર્તાનો આ રીતે કરુણ અંજામ આવ્યો. આ એક સત્ય ઘટના છે. એટલે ઓછામાં ઓછું એમ તો કહી શકાય કે એ બહુ જોખમકારક છે, આ પ્રકારનાં કામોમાં ન પડવું તે વધારે સારું છે.

આવાં કામ કાં તો બુદ્ધિહીન મનોરંજનો છે અથવા તો ખતરનાક વ્યાપારો છે.

માતાજી શ્રી અરવિંદે 'યોગિક સાધન' નામનું પુસ્તક આ રીતે લખ્યું હતું.

ના, ના, તે ખોટી વાત છે. તમારે વસ્તુઓમાં ગૂંચવાડો પેદા ન કરવો જોઈએ, તો તે તદ્દન જુદી જ વાત હતી. શ્રી અરવિંદ જાણતા હતા કે પોતે કોની સાથે સંપર્કમાં છે. તે તેમણે વિચારપૂર્વક કર્યું હતું. તેમણે પસંદગી કરીને તે માણસનો સંપર્ક સાધ્યો હતો. તે માણસને આ પ્રાણિક સત્ત્વો, જેમને વિષે હું વાત કરી છું તેમની સાથે કંઈ જ લેવાદેવા ન હતી. તે હકીકત તો સીધી રીતે માનસિક જગતમાં બની હતી. તમારે વસ્તુઓમાં ગોટાળો ન કરવો જોઈએ. આ બેને કાંઈ જ સંબંધ નથી.

(મૌન)

જો માણસમાં નિષ્ક્રિયતાની અમુક સ્થિતિમાં જવાની શક્તિ હોય, આવડત હોય, જ્ઞાન હોય, કાબૂ હોય, તો તે બહુ સહેલાઈથી પોતાના હાથને, બહુ વિચારપૂર્વક, બીજાને સોંપી દઈ શકે છે. તે જાણતો હોય છે કે તે બીજો માણસ કોણ

છે, જે ઉચ્ચતર ભૂમિકા પર કાર્ય કરી રહેલા હોય છે. પણ તેને માટે ખૂબ ચેતના અને ખૂબ આત્મપ્રભુત્વ જોઈએ, જે દરેક માણસને સુલભ નથી હોતા. અમુક ભૂમિકા પર, પોતે કોની સાથે કામ પાડી રહ્યો છે તે જોઈ શકવા માટે, માણસમાં ખૂબખૂબ આંતર વિકાસ થયેલા હોવો જોઈએ. તે જાણ્યા પછી, પોતે શું કરી રહ્યો છે તેના પૂર્ણ જ્ઞાન સાથે, કાબૂ ગુમાવ્યા સિવાય, તેણે રાજીખુશીથી પોતાની જાત તે પ્રયોગ માટે તે બીજી વ્યાક્તને સોંપવી જોઈએ. દરેક જણ તેની સાથે રમત ન કરી શકે, પણ પ્લેન્ચેટમાં તો માણસે આત્મપ્રતારણા જ કરવાની હોય છે અને પ્લેન્ચેટ શરૂ કરવાનું હોય છે.

માતાજી, તમે અત્યારે જે કહી રહ્યાં છો, તે ગૂઢ વિદ્યાઓનો એક ભાગ છે?

એ તો માત્ર પ્રયોગ કરવા માટે હતું. બસ.

(મૌન)

સામાન્ય નિયમ તરીકે, તે અભિગમનો સારો માર્ગ નથી, કારણકે આંતર ક્ષેત્રમાં, આંતર વિકાસના પ્રદેશમાં તે નવલકથાઓ વાંચવાની જરૂરિયાત જેવી વાત છે. જે લોકોનાં મન પૂરો વિકાસ પામેલાં હોતાં નથી, જેમનાં મન હજી તમોગુણમાં હોય છે, અર્ધજડ હોય છે, તેમને જાગૃત થવા માટે નવલકથાઓ વાંચવાની જરૂર લાગે છે. તે કોઈ પ્રશંસનીય સ્થિતિનું, કોઈ ઉચ્ચ સ્થિતિનું ચિહ્ન નથી. આંતર વિકાસના ક્ષેત્રમાં, આ વાત નવલકથાના વાચન જેવી છે. જ્યારે માણસ બહુ પ્રાથમિક સ્થિતિમાં હોય છે, જ્યારે તેને ઉત્કટ આંતર જીવન નથી હોતું, ત્યારે તેને નવલકથાઓ વાંચવાની અથવા નવલકથાઓનું સર્જન કરવાની જરૂર પડે છે, ત્યારે તે આ પ્રકારના પ્રયોગોમાં પડે છે, અને માને છે કે હું બહુ રસપ્રદ વસ્તુઓ કરી રહ્યો છું. આમાં નવલકથાઓ જેવો જ રસ હોય છે. સાહિત્યિક નવલકથાઓ નહિ, પણ સોંઘી પ્રણય કથાઓ, જે સમાચાર પત્રોના છેલ્લે પાને છપાતી હોય છે.

શ્રી અરવિંદે મને કહ્યું હતું કે કેટલાંક લોકોને આની જરૂર હોય છે, કારણકે તેમનાં મન બહુ જડ હોય છે, અને આ તેમને જરાક જાગૃત કરે છે! તે એ જ વસ્તુ છે. કેટલાક લોકોને, પોતાના ઊંઘતા, જડ પ્રાણિકને જરાક જગાડવા માટે, આ પ્રકારની કસરતોની જરૂર હોય છે. આ તેમને જીવનમાં જરા રસ પેદા કરે છે; પણ એમ તો ન જ કહી શકાય કે આ બહુ મૂલ્યવાન વ્યાપારો છે, તે માત્ર મનોરંજન છે.

આણે કોઈ પણ માણસ આગળ કોઈ પણ વસ્તુ સિદ્ધ કરી નથી. કોઈક એમ કહે કે "ઓહ, આ તો આંતર જીવન છે, અદૃષ્ટિગોચર જીવન છે; તે તમને અદૃશ્ય વસ્તુઓ સાથે સંપર્કમાં મૂકી આપે છે, અને તમારી સમક્ષ સાબીત કરી આપે છે કે, તે અસ્તિત્વ ધરાવે છે." પણ તે સાચું નથી.

જ્યાં સુધી તમારામાં આધ્યાત્મિક સત્ત્વ ન હોય, જે જાગૃત થવા અને પોતાનું જીવન જીવવા સમર્થ છે, ત્યાં સુધી આ બધી વસ્તુઓ તમને કશું જ શિખવાડતી હોતી નથી. હું કેટલાક માણસોને ઓળખું છું. તેમાં ખાસ કરીને એક વૈજ્ઞાનિક હતો. તે બુદ્ધિશાળી હતો. તેનામાં સાચી આવડત હતી. તેણે ઉચ્ચતર વિજ્ઞાનોનું અધ્યયન કર્યું હતું. તે એન્જિનિયર બન્યો હતો. તેને સારી નોકરી મળી હતી. તે એક પ્રેતવાદી સંસ્થાનો સભ્ય હતો. તે સંસ્થામાં માણસ એવું માધ્યમ હતો, કે જેનામાં ખૂબ અસાધારણ શક્તિઓ હતી. તે એન્જિનિયર શિખવા માટે, અદૃશ્ય જગત છે અને તેને સિદ્ધ કરવા માટે પ્રમાણભૂત સાબિતિઓ છે એની પોતાની જાતને ખાતરી કરાવી આપવા માટે બધી પ્રયોગોની બેઠકમાં હાજરી આપતો. તેણે બધું જ ખૂબ કડક સંયમપૂર્વક, ખૂબ વૈજ્ઞાનિક ઢબથી જોયું હતું. બધા પ્રયોગો, નાનામાં નાની વીગતપૂર્વક, કરવામાં આવ્યા હતાં. તેણે મને ખૂબ અસાધારણ વસ્તુઓ વિષે વાત કરી, જે તેણે પોતે જોઈ હતી. મારા હાથમાં એક પ્લાસ્ટિકના કપડાં જેવો કટકો હતો જે વણવામાં આવ્યો ન હતો. તે સમયે પ્લાસ્ટિકની શોધ થઈ ન હતી. મારા હાથમાં મેં તે કટકો આમ પકડયો. તે ફાટેલો હતો. તેના પર એક સુંદર ડિઝાઈન હતી. તેણે મને આ કેવી રીતે બન્યું તે કહ્યું. જ્યારે માધ્યમને મૂર્ચ્છામાં મૂકી દેવામાં આવ્યો, ત્યારે આ કપડાનો ઝભ્ભો પહેરેલો એક માણસ તેની સમક્ષ આવ્યો. એ એક ભૌતિકીકરણ હતું. તે જડ જેવો માણસ તેની આગળથી પસાર થયો. પેલા એન્જિનિયરે સાબીતી તરીકે તે કપડાનો કટકો ફાડી લીધો હતો. તેણે તે પોતાની પાસે રાખ્યો હતો. માધ્યમે ચીસ પાડી, અને બધું જ તરત અદૃશ્ય થઈ ગયું. પણ કટકો તેના હાથમાં રહ્યો. તેણે તે મને આપ્યો. મેં તે કટકો તેને પાછો આપ્યો. તેણે તે મને માત્ર બતાવ્યો હતો. મેં તેને મારા હાથમાં પકડયો હતો.

તે વસ્તુ તદ્દન સઘન હતી, કારણકે કટકો હજી તેની પાસે હતો. તેને તે ભ્રાન્તિ કહી શકે તેમ ન હતું. આવી અનેક વાતો, કે જેમનું એક પુસ્તક બની શકે, હોવા છતાં, તે કશું જ માનતો ન હતો! તે કશું જ સમજાવી શકતો ન

હતો. તેને આશ્ચર્ય થતું કે હું પાગલ છું કે પછી આ બધા બીજા લોકો આ વસ્તુઓ તેના જ્ઞાનમાં કશી મદદ કરી ન હતી, પ્રગતિમાં એક ડગલું પણ આગળ વધ્યો ન હતો.

જ્યાં સુધી માણસ પોતામાં આ વસ્તુઓનું વહન ન કરે, ત્યાં સુધી તે તેમને માની ન શકે.

બાહ્ય સાબીતીઓ કદી કશું જ જ્ઞાન આપી શકતી નથી. જ્યારે તમે પોતે જ અંદરથી વિકસિત થયા હો છો, આ વસ્તુઓ સાથે સીધો આંતર સંપર્ક સાધવા સમર્થ બન્યા હો છો, ત્યારે તમને એ વસ્તુઓ યથાર્થ રીતે સમજાય છે. પણ ભૌતિક સાબીતીઓ તમને જ્ઞાન આપી શકતી હોતી નથી સિવાય, કે આ જ્ઞાન પ્રાપ્ત થવા માટે તમારું સત્ સમર્થ બન્યું હોય.

એટલે, નિષ્કર્ષ એ છે કે આ પ્રકારનો પ્રયોગ તદ્ન વ્યર્થ છે. જેમનામાં આંતર સત્ છે, તેમને જીવન એક દિવસ જગાડશે, અને જ્ઞાન માટે, જરૂરી તત્ત્વ સાથે તેમને સંપર્ક સધાવી આપશે.

હું આ વસ્તુઓને એક રોગિષ્ઠ કુતૂહલ ગણું છું.

*

૬ ઓગસ્ટ ૧૯૫૮

વહાલાં માતાજી, સામૂહિક પ્રાર્થનાનું મૂલ્ય, અસર શી હોય છે?

સામૂહિક પ્રાર્થનાઓ માટે આપણે બોલી ગયા છીએ, તેમનો શો ઉપયોગ છે તે કહી ગયાં છીએ. બુલેટિનમાં પ્રગટ પણ થઈ ગયું છે.

જેમ સમૂહો ભિન્ન ભિન્ન હોય છે, તેમ સામૂહિક પ્રાર્થનાઓ પણ ભિન્ન ભિન્ન હોય છે. કેટલાક અનામી સમૂહો, ટોળાં હોય છે, જે અકસ્માત સંયોગોથી એકઠાં થયાં હોય છે. તેમનામાં કોઈ આંતર સંગઠન નથી હોતું, સંયોગોના બળથી તે એકત્રિત થતાં હોય છે. દા. ત. જ્યારે કોઈ રાજા અથવા માણસ, જે જાહેર જનતાનું ધ્યાન ખેંચે તેવો હોય, તે માંદો પડે, કોઈ કટોકટીની સ્થિતિમાં આવી પડયો

હોય, તેને કોઈ અકસ્માત થયો હોય, ત્યારે લોકો તેના સમાચાર જાણવા એકઠા મળ્યા હોય અને પોતાની લાગણીઓ વ્યકત કરવા માગતા હોય તેમનામાં પોતાની લાગણીઓ વ્યકત કરવા સિવાય બીજી કોઈ કડી કે રસ હોતાં નથી. જેનામાં પોતાને રસ હોય તે માણસ સાજો થઈ જાય તે માટે, તેઓ એકઠા મળીને પ્રાર્થના કરે છે. અલબત્ત, આ ટોળાં બીજા કોઈ હેતુ માટે પણ એકઠાં મળતાં હોય છે, દ્વેષને લઈને, અને તેમની ભૂમો પણ એક પ્રકારની વિરોધી અને સહંકાર બળોની પ્રાર્થના હોય છે.

આ ગતિઓ સ્વયંભૂ હોય છે, અચિંત હોય છે, સંગઠિત નથી હોતી.

કેટલીક વ્યકિતઓ કોઈ એક વિચારની, ઉપદેશની, અથવા પોતે અમુક કામ કરવા માગતા હોય તેની આસપાસ એકઠી મળવી હોય છે. તેમનામાં એક જ સંગઠન કારક હેતુની કડી હોય છે, તેમનામાં એક જ પ્રકારનો સંકલ્પ અથવા શ્રદ્ધા હોય છે. આ લોકો પાસે સામૂહિક પ્રાર્થના અને ધ્યાન કરવાની પદ્ધતિ હોય છે. જો તેમનું લક્ષ્ય ઉચ્ચ હોય, સંગઠન સારું હોય, આદર્શ શકિતશાળી હોય, તો પ્રાર્થના અને ધ્યાન દ્વારા તે લોકો જગતની ઘટના ઉપર, પોતાના આંતર વિકાસ ઉપર, અને સામૂહિક પ્રગતિ ઉપર ઘણી અસર ઉપજાવી શકે છે. આ જૂથો બીજા સમૂહો કરતાં અધિક હોય છે. પણ તેમનામાં ટોળાંનું અંધ બળ નથી હોતું, સામૂહિક કાર્ય નથી હોતું. તે ઉત્કટતાને સ્થાને તેઓ વિચારના અને સચેતન સંગઠનના બળને મૂકી આપતા હોય છે.

પૃથ્વી પર, સર્વ સમયોમાં, આ રીતે સંગઠિત થયેલા સમૂહો હોય છે. તેમાંનાં કેટલાંક જૂથોને ઐતિહાસિક જીવન હતું, જગતમાં ઐતિહાસિક કાર્ય હતું; પણ અપવાદરૂપ વ્યકિતઓ કરતાં તેઓ જન મેદની સાથે વધારે સફળ બની શકયા નથી. તેમના પર શંકાઓ ઉભી થઈ હતી, આક્રમણો થયાં હતાં, અત્યાચારો કરવામાં આવ્યા હતા; અને ઘણીવાર તેમને પાશવી રીતે, અસ્પષ્ટ રીતે અજ્ઞાન ભરી રીતે વિખેરી નાંખવામાં આવ્યા હતા. કેટલાંક અર્ધ ધાર્મિક, અર્ધ વીરતાવાળાં જૂથો હતાં, જે એક માન્યતા અથવા સંપ્રદાયની આસપાસ એકત્રિત થયાં હતાં, અને જેમને એક નિશ્ચિત લક્ષ્ય હતું; જગતમાં તેમનો ઈતિહાસ ખૂબ રસપ્રદ હતો. તેમણે, પોતાના વ્યકિતગત પ્રયાસ દ્વારા, સામૂહિક પ્રગતિ માટે ચોક્કસ ઘણું કામ કર્યું છે,

એક આદર્શ સંગઠન છે. જો તેને પરિપૂર્ણ રીતે સિદ્ધ કરવામાં આવે, તો તે એક શક્તિશાળી એકતાનું સર્જન કરી શકે, જેમાં એક જ લક્ષ્યવાળાં બધાં ઘટક તત્ત્વોનો સમાવેશ થયો હોય, જેમનામાં એક જ સંકલ્પ હોય, હેતુની, અભીપ્સાની, કાર્યની આ આંતર એકતાને ભૂત્ર સુસંગત દેહ આપવા માટે પૂરા આંતર વિકાસવાળું હોય.

સર્વ સમયોમાં, દીક્ષાનાં કેન્દ્રોએ વત્તાઓછા પ્રમાણમાં આને માટે પ્રયત્નો કર્યો છે; સર્વ ગૂઢવાદી પરંપરાઓમાં તેમને કાર્ય માટેનાં ખૂબ શક્તિશાળી સાધન તરીકે વર્ણવવામાં આવ્યાં છે.

જો સમૂહ વ્યક્તિ જેટલી એકરૂપતા પ્રાપ્ત કરી શકે, તો તે વ્યક્તિનાં બળમાં અને કાર્યમાં વૃદ્ધિ કરી શકે.

મોટે ભાગે, વ્યક્તિઓનો સમૂહ એકઠો થાય છે, ત્યારે તેની ગુણવત્તા વ્યક્તિની ગુણવત્તા કરતાં વધારે નિમ્ન હોય છે; પણ તેમનામાં પૂરતું અચેતન સંગઠન કરવામાં આવે, તો તેનું કાર્ય વ્યક્તિના કાર્ય કરતાં અનેકગણું વધારે હોય.

*

૧૩ ઓગષ્ટ ૧૯૫૮

વહાલાં માતાજી, ૧૯૫૩ ના જુલાઈ માસમાં તમે અમને કહ્યું હતું કે પાંચ વર્ષ પછી હું તમને આધ્યાત્મિક જીવન [૧] ઉપર પાઠો આપીશ. તમે જે કહ્યું હતું તે હું લઈ આવ્યો છું.

ખરેખર! તે રસપ્રદ છે!

(માતાજી બાળકનું આપેલું લખાણ વાંચે છે.) તે છપાઈ ગયું છે?

માતાજી, ના, નથી છપાયું.

---

૧. ૧૯૫૩ ના જુલાઈની ૧૫ મી તારીખની પ્રશ્નોત્તરી જુઓ.

૨. અત્યારે તેનું નામ છે 'પ્રશ્નો અને ઉત્તરો' ૧૯૨૯.

ઓહ, મને આમાંનું છેલ્લું વાકય બહુ ગમે છે!

(થોડીક વારના મૌન પછી) તમે મારી પાસેથી શી આશા રાખો છો? શરૂઆત કરવાની?

હા, માતાજી.

પણ મેં ક્યારનીયે શરૂઆત કરી દીધી છે, નહિ વારુ? અને તે પણ પાંચ વર્ષ પૂરાં થઈ ગયા પહેલાં! તે દિવસે મેં અહીં કાંઈક લખ્યું હતું.

મધુર માતાજી, તે વાર્તાલાપોમાં લખેલું છે.

તેમાં તપસ્યા અને આધ્યાત્મિક જીવન વિષે જે ગૂંચવાડો કરવામાં આવે છે તેને મેં લખેલું છે. ત્યારે મેં વચન આપ્યું હતું કે લોકો જેને ભગવાન કહે છે અને હું જેને દિવ્ય કહું છું તે બે વચ્ચેના ગૂંચવાડા ઉપર હું બોલીશ.

પણ તેને વિષે તો હું ઘણીવાર બોલી ચૂકી છું, નહિ વારુ?

મને મારું આપેલું વચન યાદ રહ્યું ન હતું, પણ યાદ રાખ્યા સિવાય પણ મેં તે વચન પાળ્યું છે, અને તે પણ તે દિવસ આવતા પહેલાં!

હવે તમે મને જો કાંઈ નિશ્ચિત સવાલ પૂછશો, તો હું યથાશકિત તેનો જવાબ આપવા પ્રયત્ન કરીશ. તમે આધ્યાત્મિક જીવન વિષે શું જાણવા માગો છો? તમારે કોઈ ખાસ પ્રશ્ન પૂછવાનો છે?

માતાજી, તમે એવો અર્થ કરો છો કે તમે ધ્યાનોની શરૂઆત કરી દીધી છે?

હા. જે વાચન થાય છે તેની સમજૂતિઓ પણ હું આપતી રહી છું. વર્ગોમાં આધ્યાત્મિક જીવન જીવવા માટે, જરૂરી સાધના માટે, નાનકડા વર્ગમાં, આપણે ધ્યાનની પણ શરૂઆત કરી દીધી છે. જ્યારે મેં ધમ્મપદ વાંચવાની શરૂઆત કરી, ત્યારે આધ્યાત્મિક જીવનના જ્ઞાન માટે આપણે ઘણી વસ્તુઓ વાંચી હતી. પણ જો તમારે કોઈ મુદ્દા ઉપર કોઈ ચોક્કસ પ્રશ્ન પૂછવાનો હોય, તો પૂછો. હું જવાબ આપીશ.

મધુર માતાજી, આ આશ્રમમાં રહેવાથી અમને જે લાભ થવો જોઈએ, તે કેમ નથી થતો?

આહ, તે તો બહુ સરળ વાત છે. તેનું કારણ એ છે કે આશ્રમમાં રહેવું હોવું એ બહુ સહેલી બાબત છે. જ્યારે તમારે ગુરુની શોધમાં આખા જગતમાં પરિભ્રમણ કરવું પડતું હોય છે, જ્યારે બોધના પ્રથમ શબ્દો સાંભળવા માટે તમારે સર્વસ્વનો ત્યાગ કરવો પડતો હોય છે, ત્યારે, જેમ કોઈ વસ્તુને પ્રાપ્ત કરવી કઠિન હોય છે ત્યારે તેનું મૂલ્ય સમજાય છે તેમ, એ બોધ અને આધ્યાત્મિક મદદ બહુ મૂલ્યવાન બની રહે છે; તમે તેને માટે યોગ્ય અધિકારી બનવા ખૂબ પ્રયત્ન કરો છો.

તમારામાંના ઘણાખરા એવી નાની ઉમ્મરે અહીં આવ્યા હતા, કે જ્યારે આધ્યાત્મિક જીવનના અથવા આધ્યાત્મિક બોધના કોઈ સવાલ જ ઉપસ્થિત થઈ શકે તેમ ન હતું. તે વખતે તમે બહુ નાના હતા. તમે અહીંના વાતાવરણમાં રહ્યા છો, પણ તેની સભાનતા વિના જ. તમે મને જોવાથી, મારી વાતો સાંભળવાથી ટેવાઈ ગયા છો. હું જેમ કોઈ બાળકો સાથે વાતો કરે તેમ, તમારી સમક્ષ બોલું છું. જેમ કોઈ બાળકો સાથે ખેલે તેમ, હું તમારી સાથે ખેલી છું, તમારે માત્ર અહીં આવીને બેસવાનું જ હોય છે, અને તમે મારી વાતો સાંભળતા હો છો. તમારે માત્ર સવાલ પૂછવાનો હોય છે, અને હું તેનો જવાબ આપતી હોઉં છું, મેં કોઈને કોઈ સવાલનો જવાબ આપવાની ના પાડી નથી. આ બધું બહુ સહેલું છે. તમારે માત્ર જીવવાનું, ઊંઘવાનું, ખાવાનું, વ્યાયામ કરવાનું, અને શાળામાં ભણવાનું જ હોય છે. તમે બીજે કયાંય પણ રહી શકયા હોત તેમ, અહીં રહો છો. તેથી તમે ટેવાઈ ગયા છો.

જો મેં કડક નિયમો બનાવ્યા હોત, જો મેં એમ કહ્યું હોત કે "જ્યાં સુધી તમે જાણવા માટે સાચો પ્રયાસ કર્યો નહિ હોય, ત્યાં સુધી હું તમને કાંઈ જ કહેવાની નથી," તો તમે કદાચ કાંઈક પ્રયાસો કર્યા હોત; પણ હું તે વિચારની નથી. હું કડક ઉપદેશની શકિત કરતાં વાતાવરણની અને દૃષ્ટાંતની શકિતમાં વધારે માનું છું. પદ્ધતિસરના, અભ્યાસપૂર્વકના પ્રયાસ કરતાં હું સંપર્ક દ્વારા અસ્તિત્વમાં જાગૃતિ આવે, તેમાં વધારે માનું છું.

કદાચ કોઈક વસ્તુની તૈયારી થઈ રહી છે, એક દિવસ તે સપાટી પર બહાર દેખાશે. હું તેવી આશા રાખું છું.

એક દિવસ તમે તમારી જાતને કહેશો કે "જુવો તો ખરા. હું આટલા બધા વખતથી અહીં રહું છું. હું ઘણું ઘણું શીખી શકયો હોત, ખૂબ સાક્ષા-

ત્કાર કરી શકયો હોત, પણ મને તેનો વિચાર જ ન આવ્યો! અવાર નવાર એવા વિચારો મને આવ્યા કરે છે." તે દિવસે ઓચિંતા તમે જાગૃત થશો. જે વસ્તુ તમારામાં ઉંડે ઉંડે છે, પણ જેને તમે જોઈ ન હતી, તે સત્ય માટે તમારામાં તૃષા જાગશે. તે રૂપાંતર માટે તમારામાં તૃષા જાગશે, અને તે સિદ્ધ કરવા માટે તમે પ્રયત્ન કરશો, તે દિવસે તમે ખૂબ ઝડપી પ્રગતિ કરશો. હું ધારું છું કે કદાચ પાંચ વર્ષ પછી તે દિવસ આજે આવ્યો છે! મેં કહ્યું હતું કે હું તમને પાંચ વર્ષ આપું છું. તે પાંચ વર્ષ વીતી ગયાં છે. એટલે કદાચ તે દિવસ આવ્યો હોય એમ મને લાગે છે! કદાચ તમને ઓચિંતું એમ લાગશે કે હવે મારે અચેતનતામાં, અજ્ઞાનમાં ન જીવવું જોઈએ. તે સ્થિતિમાં તો તમે કારણ જાણ્યા સિવાય વસ્તુઓ કરતા હો છો, કારણ જાણ્યા સિવાય લાગણીઓ અનુભવતા હો છો; તમારામાં વિરોધી સંકલ્પો ઉઠતા હોય છે, કોઈ વસ્તુને તમે સમજતા હોતા નથી, માત્ર ટેવ વડે, રોજિંદા કાર્યક્રમ અનુસાર, પ્રતિકાર્યો વડે જીવતા હો છો. તમે જીવનને એક રમત જેવી સહીલી વાત ગણતા હો છો. પણ એક દિવસે તમને તેનાથી સંતોષ પ્રાપ્ત થતો હોતો નથી.

તે વાત દરેક જણ માટે ભિન્ન ભિન્ન હોય છે. મોટે ભાગે તો તે જાણવાની, સમજવાની જરૂરિયાત હોય છે. કેટલાક લોકો માટે તે કરવા યોગ્ય વસ્તુ કરવાની જરૂરિયાત હોય છે. બીજા કેટલાક લોકોને એવી અસ્પષ્ટ લાગણી અનુભવાતી હોય છે કે આ અચેતન, વ્યર્થ, અર્થશૂન્ય જીવનની પીઠમાં કોઈ એવી વાસ્તવિકતા છે, જેની શોધ કરવામાં ગાળેલું જીવન સાર્થક કહેવાય; આ અસત્યોની અને ભ્રાન્તિઓની પીઠમાં કોઈ સત્ય, વાસ્તવિકતા રહેલી છે.

માણસને ઓચિંતુ અનુભવાતું હોય છે કે "હું જે કાંઈ કરી રહ્યો છું, જોઈ રહ્યો છું, તેનો કશો અર્થ નથી, હેતુ નથી, પણ એવી કોઈક વસ્તુ છે, જે અર્થયુક્ત છે. માણસ તે કોઈક વસ્તુ માટે આ પૃથ્વી પર આવ્યો હોય છે. આ ગતિઓ, આ વિક્ષોભો, આ શક્તિનો બગાડ, આ બધાની પાછળ કોઈક હેતુ હોવો જોઈએ, કોઈક લક્ષ્ય હોવું જોઈએ." આ અંદર અનુભવાતી બેચેની, આ સંતોષનો અભાવ, આ જરૂરિયાત, કશાક માટેની આ તૃષા માણસને બીજા કશાક પ્રત્યે દોરી જ જવી જોઈએ.

એક દિવસ તમે તમારી જાતને પૂછો છો કે "માણસ શા માટે જન્મ્યો છે? માણસ શા માટે મરી જાય છે? માણસને શા માટે દુઃખ આવતાં હોય છે? માણસ શા માટે કાર્ય કરે છે?"

પછી તમે અર્ધચેતન મશિનની પેઠે જીવતા નથી. તમે સાચી રીતે લાગણી અનુભવવા, સાચી રીતે કાર્ય કરવા, સાચી રીતે જાણવા માગો છો. પછી સામાન્ય જીવનમાં, માણસ પુસ્તકોની શોધ કરવા માગે છે, પોતાનાથી વધારે જાણતા માણસની શોધ કરવા માગે છે, જે માણસ આ પ્રશ્નોનું સમાધાન કરી શકે, અજ્ઞાનનો પડદો હટાવી શકે તેવા કોઈક માણસની તે શોધ કરવા લાગે છે. અહીં આશ્રમમાં તે વાત બહુ સહેલી હોય છે. તમે રોજ જે કામ કરતા હો છો, તે તમારે કર્યે જવાનું હોય છે, પણ તે હેતુપૂર્વક.

તમે સમાધિ પર જાઓ છો, શ્રી અરવિંદનો ફોટો જુઓ છો, મારી પાસેથી પુષ્પો લેવા આવો છો, પાઠ સાંભળવા બેસો છો. પણ આ બધું શા માટે ? તે પ્રશ્ન મનમાં રાખીને તમે આ બધું કરતા હો છો.

પછી તમે પ્રશ્ન પૂછો, તો તમને જવાબ મળતો હોય છે. શા માટે ?

કારણકે જીવન જે પ્રકારનું છે તેવું હવે આપણે માગતા હોતા નથી, આપણે હવે જૂઠાણું અને અજ્ઞાન ચલાવી લેવા માગતા નથી, આપણે હવે દુ:ખ અને અચેતનતા માગતા નથી, હવે આપણે ગેરવ્યવસ્થા અને અસદ્‌ભાવ ચલાવી લેવા માગતા નથી, કારણકે શ્રી અરવિંદ આપણને કહેવા આવ્યા છે કે " સત્યને શોધવા માટે પૃથ્વીનો ત્યાગ કરવાની જરૂર નથી, આત્માને જાણવા માટે જીવનનો ત્યાગ કરવાની જરૂર નથી, ભગવાન સાથે સંપર્કમાં પ્રવેશવા માટે જગતનો ત્યાગ કરવાની અથવા મર્યાદિત માન્યતાઓ રાખવાની જરૂર નથી. ભગવાન સર્વત્ર સર્વ વસ્તુઓમાં છે. જો તે નિગૂઢ હોય, તો તેનું કારણ એ છે કે આપણે તેમનો સાક્ષાત્કાર કરવાની જહેમત ઉઠાવતા નથી."

માત્ર સાચા દિલની અભીપ્સાથી આપણે આપણામાંનું બંધ બારણું ખોલી દઈ શકીએ છીએ, અને એવી કોઈક વસ્તુ ખોળી કાઢી શકીએ છીએ, કે જે જીવનનો સમગ્ર અર્થ પલટી નાંખશે, આપણા બધા સવાલોના જવાબ આપશે, આપણી બધી સમસ્યાઓનો ઉકેલ લાવશે, જાણ્યા સિવાય આપણે જે પરિપૂર્ણતાની અભીપ્સા સેવીએ છીએ તેના પ્રત્યે આપણને દોરી જશે, જે એક જ આપણને સંતોષ આપી શકે એમ છે, નિત્ય આનંદ, સમતા, બળ અને જીવન આપી શકે તેમ છે તે પરમ વાસ્તવિકતા પ્રત્યે દોરી જશે.

તમે આ બધું અનેક વાર સાંભળ્યું છે. અહીં કેટલાક એવા પણ છે, જેમણે તે વાત એટલી બધી વાર સાંભળી છે, તેનાથી તે એટલા બધા ટેવાઈ ગયા છે કે તેમને તે પાણીનો પ્યાલો પીવા જેવું, પ્રકાશ અંદર આવે તે માટે બારી ખોલવા જેવું, સામાન્ય લાગે છે.

પણ મેં તમને વચન આપ્યું હતું કે પાંચ વર્ષમાં તમે આ વસ્તુઓ જીવી શકશો, તમને તેમની સઘન, સાચી, ખાતરી આપે તેવી અનુભૂતિ થશે. પણ તેનો અર્થ એ થાય છે કે તમારે તૈયાર થવાનું છે, આપણે તેની શરૂઆત કરવાની છે.

આપણે થોડોક પ્રયત્ન કર્યો છે, પણ હવે આપણે ગંભીરતાપૂર્વક પ્રયત્ન કરવાના છીએ!

તેનું આરંભ બિંદુ આ છે કે તમારામાં તેની સાચી માંગ હોવી જોઈએ, તમને તેની જરૂરિયાત લાગવી જોઈએ. પછીનું પગલું આ છે કે બધી બીજી વસ્તુઓ કરતાં તમારે આનો જ વધારે વિચાર કરવો જોઈએ. એવો દિવસ જલ્દી આવે છે કે જ્યારે માણસ તેના સિવાય બીજો કોઈ વિચાર કરી શકતા જ નથી.

તે બહુ મહત્ત્વની વસ્તુ છે.

પછી માણસ પોતાની અભીપ્સાને એક રૂપ આપે છે, પોતાના હૃદયમાંથી સાચી પ્રાર્થનાને ઉગવા દે છે, જે પ્રાર્થના તે જરૂરિયાતની દિલ સચ્ચાઈ અભિવ્યકત કરતી હોય. પછી શું બનશે તે તે માણસ પોતે જ જોઈ શકશે. દરેક જણ માટે, તે ભિન્ન ભિન્ન રૂપ ધારણ કરશે.

બસ. તમે મને આ બોલવાનો અવસર આપ્યો તેથી હું રાજી થઈ છું.

*

૧૫ ઓગસ્ટ ૧૯૫૮

આ ટૂંકો વાર્તાલાપ શુક્રવારે આપવામાં આવ્યો હતો, જ્યારે સામાન્ય રીતે ધમ્મપદનું વાચન થતું હતું.

આજે શ્રી અરવિંદનો જન્મ દિવસ છે. એટલે મને એમ લાગ્યું કે આજે ધમ્મપદમાંથી વાચન કરવાને બદલે, મારે એવું કાંઈક વાંચવું, કે જે તમને રસ-પ્રદ થઈ પડે, અને દેવો સાથેના આપણા સંબંધનું શ્રી અરવિંદ કેવી રીતે દર્શન કરતા હતા તે તમને બતાવે.

તમે જાણો છો કે ખાસ કરીને ભારતમાં દેવોના અસંખ્ય પ્રકારો હોય છે, જે ભિન્ન ભિન્ન ભૂમિકાઓ પર હોય છે. કેટલાક દેવો માનવની ખૂબ નિકટના હોય છે; બીજા દેવો પરમાત્માની ખૂબ નજીકના હોય છે. તેમાં વચગાળાની ભૂમિકા-ઓમાં પણ કેટલાક દેવો હોય છે.

જો હું પુરાણોના દેવોની વાત કરીશ, તો તમે તે બધું સહેલાઈથી સમજી શકશો. તે દેવો આપણે પહેલાં જે ફિલ્મ જોઈ હતી તેમાં બતાવેલા દેવો જેવા છે, જે અમુક બાબતોમાં માનવથી પણ નિમ્ન કોટિના છે, જો કે તેમનામાં માનવ કરતાં અનંતગણી વધારે શક્તિ હોય!

અતિમનસના દેવો, અત્યાર સુધી, પૃથ્વીના મહાન સ્રષ્ટાઓ છે. વેદોમાંના દેવોનું કથન ઋષિઓએ કરેલું છે. અતિ મનસના દેવો હવે પૃથ્વી પર પ્રગટ થવાના છે જો કે પોતાની ભૂમિકાપર તેઓ શાશ્વત કાળથી અસ્તિત્વ ધરાવે છે.

અહીં શ્રી અરવિંદ મોટે ભાગે વૈદિક દેવો વિષે કથન કરે છે. પણ તે ખૂબ નિશ્ચિત રીતે નહિ અથવા તો માત્ર તેમને જ વિષે નહિ. તે ગમે તેમ હોય, પણ તે દેવો પુરાણોના દેવો કરતાં ઉચ્ચતર છે.

શ્રી અરવિંદ કહે છે તે આ છે. હકીકતમાં, તે એક પ્રાર્થના છે.

હે વરુણ, મારામાં વિશાળ બનો. હે ઈન્દ્ર, મારામાં શકિતશાળી બનો. હે સૂર્ય, મારામાં ખૂબ પ્રકાશમય, તેજોમય બનો. હે ચંદ્ર, સુંદરતાથી અને મધુરતાથી પરિપૂર્ણ બનો. હે રુદ્ર, ભયંકર અને ભીષણ બનો. હે મરુતો, વેગવાળા અને ઝડપવાળા બનો. હે અર્યમા, બળવાન અને હિંમતવાન બનો. હે ભગ, ઉપભોક્તા અને આનંદદાયી બનો. હે મિત્ર, કોમળ, ભલા, પ્રેમાળ અને આવેગમય બનો. હે ઉષા, પ્રકાશયુકત અને પ્રગટ કરનારી બન. હે રાત્રિ, ગંભીર અને ગર્ભવતી બન. હે જીવન, પરિપૂર્ણ, તૈયાર અને ખુશમિજાજી બન. હે મૃત્યુ, મારાં પગલાંને એક ભવનમાંથી બીજા ભવન પ્રત્યે દોરી જા. હે બૃહસ્પતિ, આ બધામાં સંવાદ સ્થાપી આપો. હે કાલી, હું આ દેવોને પરાધીન ન બનું તેવું કરો.

એટલે શ્રી અરવિંદ કાલીને મહાન મુક્તિદાયક શક્તિ માને છે, જે તમને પ્રગતિ પ્રત્યે ધકકેલે છે, અને તમારામાં કોઈ બંધનો રહેવા દેતી નથી, જે બંધનો તમને પ્રગતિ કરવામાં બાધા પેદા કરે.

મને લાગે છે કે ધ્યાન માટે આ સરસ વિષય છે.

(ધ્યાન)

*

૨૭ ઓગસ્ટ ૧૯૫૮

મધુર માતાજી, જ્યારે તમે અમને ધ્યાન કરવાનું કહો છો, ત્યારે અમે પ્રકાશ પ્રત્યે ખુલ્લા થવા પર ધ્યાન કરવાનું પસંદ કરીએ છીએ. ત્યારે અમે અનેક પ્રકારની વિચિત્ર વસ્તુઓની કલ્પના કરતા હોઈએ છીએ, દા. ત. અમે ખુલી જતા દ્વારની કલ્પના કરીએ છીએ. પણ તે હંમેશાં માનસિક રૂપ ધારણ કરતું હોય છે.

તે વ્યકિત પર આધાર રાખે છે. દરેક જણની તેની ખાસ પ્રક્રિયા હોય છે. તે તદ્દન તે વ્યકિત પર આધાર રાખતી હોય છે. કેટલાક લોકોને કોઈક પ્રતીક મદદરૂપ બનતું હોય છે. તેથી ઊલટું, બીજાઓનું મન વધારે ભાવવાચક હોય છે; તે માત્ર વિચારોને જ જોઈ શકતું હોય છે. બીજા, લાગણીઓમાં જીવતા લોકોને માનસશાસ્ત્રીય ગતિઓ, આંતર લાગણીઓની, સંસ્કારોની ગતિઓ પ્રાપ્ત થતી હોય છે. તે વ્યકિત પર આધાર રાખે છે જે લોકોનું મન સક્રિય, રચનાત્મક, અને ભૌતિક હોય છે, તેઓ પ્રતિબિંબો જોતા હોય છે; પણ દરેક જણની અનુભૂતિ જુદી હોય છે. દા. ત. તમે તમારી જોડે બેઠેલા માણસને પૂછો.... (પાસે બેઠેલા બાળકને) જ્યારે હું તમને કોઈ વિષય આપું છું, ત્યારે તમે તે પ્રકારનાં મૂર્તીકરણો જોતા હો છો?

કેટલીક વાર.

કેટલીક વાર?

ઘણી વાર મને કાંઈક અનુભવાય છે.

ઘણીવાર તે અનુભવાતી વસ્તુ શી હોય છે?

કોઈક લાગણી.

બરાબર. મોટે ભાગે તો લાગણી જ અનુભવાતી હોય છે, મૂર્તીકરણ તો બહુ થોડી વાર. જેમનામાં રચનાત્મક માનસિક શકિત હોય છે, સક્રિય ભૌતિક મન હોય છે, તેમને હંમેશાં કોઈ મૂર્તીકરણ દેખાતું હોય છે, તે એમ સૂચવે છે કે તે માણસ પોતાની માનસિક ચેતનામાં સક્રિય છે.

(જેણે પહેલો પ્રશ્ન પૂછયો હતો તે બાળક) પણ તે બરાબર છે?

જેનું પરિણામ આવે, તે દરેક વસ્તુ બરાબર જ કહેવાય! કોઈ પણ સાધન સારું છે. તે શા માટે બરાબર ન હોઈ શકે? તે પ્રકારનાં મૂર્તીકરણો હાસ્યાસ્પદ નથી હોતાં. તે માનસિક મૂર્તીકરણો હોય છે. જો તેઓ કોઈ પરિણામ લાવી આપતાં હોય, તો તે તદ્દન યોગ્ય કહેવાય. જો તે તમને અનુભૂતિ આપતાં હોય, તો તે યોગ્ય છે એમ કહેવાય.

દા. ત. જ્યારે હું તમને તમારામાં ખૂબ ઊંડે જવાનું કહું છું, ત્યારે તમારામાંના કેટલાક એક લાગણી પર એકાગ્રતા કરશે, પણ બીજા કેટલાકને એમ લાગશે કે જાણે અમે કોઈ ઊંડા કૂવામાં, અંધારા કૂવામાં નીચે ને નીચે જઈ રહ્યા છીએ, અને દૂર દૂર, ઊંડે ઊંડે જતાં તેઓ છેવટે એક દ્વાર આગળ આવી પહોંચતા હોય છે. તેઓ અંદર પ્રવેશ કરવાના સંકલ્પ સાથે, તે દ્વાર આગળ નીચે બેસતા હોય છે. કેટલીક વાર દ્વાર ખુલી જાય છે, અને તેઓ અંદર પ્રવેશ કરે છે. ત્યાં તેઓ કોઈ હોલ, અથવા રૂમ, અથવા ગુફા જુએ છે. જો તેઓ ત્યાંથી આગળ જાય, તો તેઓ બીજું એક દ્વાર જુએ છે. તેઓ ફરી વળી ત્યાં બેસે છે. પ્રયત્નપૂર્વક દ્વાર ખુલી જાય છે અને તેઓ આગળ વધે છે. જો આ ખંતપૂર્વક કરવામાં આવે, આગ્રહપૂર્વક કરવામાં આવે, અને જો તે માણસ તે અનુભૂતિને ચાલુ રાખી શકે, તો એક એવો સમય આવે છે, જ્યારે તે માણસ પોતાને એક પ્રકારના સાધન, અથવા ગંભીર દ્વાર આગળ ઉભેલો જુએ છે. એકાગ્રતાના મહાન પ્રયાસ પછી તે દ્વાર ખુલી જાય છે, અને તે માણસ ઓચિંતો પોતાની જાતને એક સ્પષ્ટતાવાળા, પ્રકાશમય હોલમાં પ્રવેશ કરતી જુએ છે. ત્યારે તેને આત્માનો સંપર્ક

૧, 'વિચારો અને સૂત્રો' શતાબ્દી ગ્રંથ ૧૭, પૃષ્ઠ ૮૫.

પ્રાપ્ત થયાની અનુભૂતિ થાય છે. પણ મને મૂર્તીકરણો જોવામાં, તે આવતાં હોવામાં કશું ખરાબ લાગતું નથી.

પણ માતાજી, તે માત્ર કલ્પના હોય છે, નહિ વારુ ?

કલ્પના ? પણ કલ્પના શું છે ? તમે વિશ્વમાં જે વસ્તુ અસ્તિત્વમાં જ ન હોય, તેની કલ્પના કરી શકતા નથી ! કયાંય પણ ન હોય તેવી વસ્તુની કલ્પના કરવી અશકય છે. શકયતા માત્ર એટલી જ છે કે, તે સ્થાને માણસ પોતાની મૂર્તિ ન મૂકી આપે. માણસ કાં તો તેમાં એવા સદ્‌ગુણો મૂકી આપે કે જે તેમાં નથી હોતા. અથવા સાચી સમજૂતિથી જુદી જ કોઈ સમજૂતિ વડે તેને સમજાવે. પણ માણસ જેની કલ્પના કરતો હોય છે, તે કયાંક તો અસ્તિત્વ ધરાવતું જ હોય છે. મુખ્ય વાત આ છે કે તે વસ્તુ કયાં છે તે જાણવું, અને તેને યોગ્ય સ્થાને મૂકી આપવી.

અલબત્ત, તમે ઉઘડતા દ્વાર આગળ ઉભા છો એવી કલ્પના કર્યા પછી, જો તમે એવું માનો કે આ એક, તમારા શરીરમાં રહેલું, સાચું ભૌતિક દ્વાર છે, તો તે ભૂલ છે ! પણ જો તમે એમ માનો કે તે તમારી એકાગ્રતાના પ્રયત્ન વડે ઉત્પન્ન થયેલું માનસિક રૂપ છે, તો તે વાત તદ્‌ન સાચી છે. જો તમે માનસિક જગતમાં પરિભ્રમણ કરશો, તો તમને એવાં ખૂબ ખૂબ રૂપો દેખાશે, જેમને ભૌતિક વાસ્તવિકતા નથી હોતી, પણ જે માનસિક જગતમાં સાચું અસ્તિત્વ ધરાવતાં હોય છે.

જો તમારા વિચાર અમુક વસ્તુનું રૂપ ધારણ ન કરે, તો તમે તે વસ્તુ વિષે શકિતપૂર્વક વિચાર કરી શકતા નથી. પણ જો તમે એમ માનો કે આ રૂપ શારીરિક હતું, તો તે સ્પષ્ટ રીતે એક ભૂલ છે ; પણ માનસિક જગતમાં તે સાચે જ અસ્તિત્વ ધરાવતું હોય છે.

કલ્પના એ રચનાની શકિત છે. હકીકતમાં, કલ્પનાહીન માણસો માનસિક દૃષ્ટિબિંદુથી જોતાં, રચનાત્મક નથી હોતા ; તેઓ પોતાના વિચારને સાધન રૂપ આપી શકતા નથી. કલ્પના કાર્યનું એક ખૂબ પ્રબળ સાધન છે. દા. ત. જો તમને શરીરમાં કયાંક પીડા થતી હોય, અને જો તમે કલ્પના કરો કે આ પીડાને હું

દૂર કરી દઉં છું, અદૃશ્ય બનાવી દઉં છું, તેનો નાશ કરી દઉં છું, આ પ્રકારનાં મૂર્તીકરણો કરો, તો તમે સંપૂર્ણપણે સફળ થઈ શકો છો.

એક વાર્તા છે. એક સ્ત્રીના વાળ ખૂબ ઝડપથી ખરવા માંડ્યા હતા. થોડાંક અઠવાડિયામાં તેને માથે ટાલ પડી જશે એમ લાગતું હતું. કોઈકે તેને કહ્યું કે જ્યારે તમે વાળ પર બ્રશ ફેરવો, ત્યારે એવી કલ્પના કરતાં રહો કે મારા વાળ ખૂબ જલ્દી ઉગી રહ્યા છે. રોજ વાળ હોળતી વખતે તે બોલતી કે મારા વાળ ઉગી રહ્યા છે, તે ખૂબ ઝડપથી ઉગશે. અને તેમ જ બન્યું! પણ મોટે ભાગે માણસો એમ જ કહેતા હોય છે કે આહ, મારા વાળ ખરતા જાય છે; મારે માથે જરૂર ટાલ પડવાની; એમ જ બનશે. અને તેમ બને જ છે!

માતાજી, શુક્રવારના વર્ગોમાં તમે ઘણી વાર એક વાકય વાંચો છો, અને પછી અમને તેના પર ધ્યાન કરવાનું કહો છો. પણ અમારે વાકય પર ધ્યાન કેવી રીતે કરવું? અમારે તેમાંના વિચાર પર ચિંતન કરવું, ધ્યાન કરવું? અમારે શું કરવું?

વાકય ઉપર ધ્યાન કરવું?

હા.

એ સ્પષ્ટ છે કે તમારે તેના અર્થ પર ધ્યાન કરવાનું છે.

અર્થાત્, અમારે ચિંતન કરવું જોઈએ, વિચાર કરવો જોઈએ.

હા. પછી?

માતાજી, એ એક માનસિક ક્રિયા થઈ જાય છે કે બીજું કાંઈક?

વાકય એ એક માનસિક રચના છે. માનસિક રચના કરવામાં આવતી હોય છે. વાકય માનસિક રચનાની અભિવ્યકિત છે. એટલે જ્યારે તમે વાકય પર ધ્યાન કરો, ત્યારે બે પદ્ધતિઓ છે. વાકયમાંના શબ્દોનો જે અર્થ હોય તે તે બૌદ્ધિક રીતે સમજવાનો તેના પર ચિંતન કરવાનો પ્રયત્ન એ સક્રિય, સામાન્ય, બાહ્ય પદ્ધતિ છે. આ સક્રિય ધ્યાન છે. તમે આ થોડાક શબ્દો પર એકાગ્રતા કરો છો, તે જે વિચારને અભિવ્યકત કરતા હોય તે વિચારને લો છો, અને તર્ક દ્વારા, નિગમન દ્વારા, પૃથક્કરણ દ્વારા તેના અર્થને સમજવાનો પ્રયત્ન કરો છો.

KALPANA NO. NAVSARI

એક બીજી પદ્ધતિ પણ છે, જે વધારે સીધી અને ગહન છે. તેમાં તમારે આ માનસિક રચનાને, શબ્દોના સમૂહને તેમના અર્થ સાથે લો છો, તેના ઉપર તમે તમારી એકાગ્રતાની સર્વ શક્તિ કેન્દ્રિત કરો છો, તે રચના ઉપર એકાગ્રતા કરવા માટે તમારા સર્વ બળને ફરજ પાડો છો. દા. ત. શારીરિક રીતે તમે કોઈ દેખેલી વસ્તુ પર તમારી શક્તિઓને એકાગ્ર કરવાને બદલે, તમે તે વિચારને લો છો અને તમારા મનમાં તે વિચાર ઉપર તમારી સર્વ શક્તિઓ એકાગ્ર કરો છો.

પછી જો તમે વિચારને એકાગ્ર કરી શકો, તેને વિચલિત થવા ન દો, તો તમે શબ્દો વડે વ્યક્ત થયેલા વિચારની પીઠમાં રહેલા 'વિચાર' માં તદ્દન સ્વાભાવિક રીતે જ જાઓ છો, જે 'વિચાર' ને શબ્દોમાં પણ વ્યક્ત કરી શકાયો હોત, બીજા રૂપોમાં વ્યક્ત કરી શકયો હોત. તે 'વિચાર' નું લક્ષણ હોય છે પોતાની જાતને અનેક ભિન્ન વિચારોમાં વ્યક્ત કરવાની શક્તિ. જ્યારે તમે આ સિદ્ધ કરો છો, ત્યારે તમે માત્ર શબ્દોને સમજવા કરતાં વધારે ઊંડાણમાં ચાલ્યા ગયા હો છો. સ્વાભાવિક રીતે જ, જો તમે એકાગ્રતા ચાલુ રાખો અને તમને તેમ કરતાં આવડતું હોય, તમે તે 'વિચાર'માંથી તેની પીઠમાં રહેલી તેજોમય શક્તિ પ્રત્યે ચાલ્યા જઈ શકો છો. પછી તમે વધારે વિશાળ અને ગહન પ્રદેશમાં પ્રવેશ કરો છો. પણ તે અભ્યાસ માગી લે છે. પણ છતાંયે તે ધ્યાનનું મુખ્ય તત્ત્વ છે.

જો તમે ખૂબ ઊંડા જઈ શકો, તો તમે વિચારની પીઠમાં રહેલા તત્ત્વને અને શક્તિને જોઈ શકો; તે તમને સાક્ષાત્કારની શક્તિ આપે છે. જે લોકો ધ્યાનને આધ્યાત્મિક વિકાસના સાધન તરીકે અપનાવે છે, તે લોકો આ રીતે સર્વ વસ્તુઓની પીઠમાં રહેલા તત્ત્વ સાથે એકતા સિદ્ધ કરી શકતા હોય છે, અને ઊર્ધ્વમાંથી આ વસ્તુઓ પર કાર્ય કરવાની શક્તિ પ્રાપ્ત કરતા હોય છે.

આને માટે ખૂબ અભ્યાસની, લાંબા સમયની ટેવની જરૂર હોય છે. તમે તેટલે દૂર સુધી ન જઈ શકો, તો પણ વિચારમાંથી તમે 'વિચાર' પ્રત્યે તો સહેલાઈથી જઈ શકો છો. જે તમને મનમાં પ્રકાશ અને સમજ આપે છે, તમને તે વિચારને ગમે તે રૂપમાં વ્યક્ત કરવાની શક્તિ આપે છે. 'વિચારને' અનેક રૂપોમાં, અનેક ભિન્ન ભિન્ન વિચારોમાં વ્યક્ત કરી શકાય છે, જેવી રીતે જ્યારે તમે વધારે ભૌતિક ભૂમિકા પર નીચે આવો છો ત્યારે તમે વિચારને અનેક ભિન્ન ભિન્ન શબ્દોમાં વ્યક્ત કરી શકો છો તેમ. બોલાયેલી અથવા લેખિત અભિ-

વ્યકિતમાં, અનેક ભિન્ન ભિન્ન શબ્દો અને ફોર્મ્યુલાઓ હોય છે, જે વિચારને વ્યકત કરી શકે છે. પણ આ વિચાર વિચારનું એવું એક જ રૂપ હોય છે, જે, 'વિચાર' ને પીઠમાં રહેલા 'વિચાર' ને વ્યકત કરી શકે. જો તે 'વિચાર' નું ઊંડાણપૂર્વક અનુસરણ કરવામાં આવે, તો તેની પીઠમાં આધ્યાત્મિક જ્ઞાનનું અને શકિતનું તત્ત્વ હોય છે, જે પ્રસારિત થઈને આવિર્ભાવ પર કાર્ય કરી શકે છે.

જયારે તમારી પાસે વિચાર હોય છે, ત્યારે તમે શબ્દોની શોધ કરતા હો છો અને પછી તમે તમારા વિચારને વ્યકત કરવા શબ્દોની ગોઠવણી કરવા માટે પ્રયત્ન કરો છો. તમે વિચારને વ્યકત કરવા ઘણા શબ્દોનો ઉપયોગ કરી શકો છો. તમે કહેતા હો છો કે જો હું આ શબ્દને બદલે પેલો શબ્દ મૂકું, તો તે મારા વિચારને વધારે સારી રીતે વ્યકત કરી શકે. તમને જયારે લેખનશૈલી શિખવાડવામાં આવતી હોય છે, ત્યારે તમે તે શીખતા હો છો.

પણ જયારે હું તમને એક લેખિત વાકય આપું છું, જેનામાં વિચારને વ્યક્ત કરવાની શકિત હોય છે, અને તમને તેના પર એકાગ્રતા કરવાનું કહું છું, ત્યારે તમે આ વિચારરૂપમાંથી તેની પીઠમાં રહેલા 'વિચાર' પ્રત્યે જઈ શકો છો, જે 'વિચાર' ને અનેક ભિન્નભિન્ન વિચારોમાં વ્યક્ત કરી શકાય. એ એક મોટી, ઉપર ને ઉપર ચઢતી જતી, નીસરણી જેવો ક્રમ હોય છે. સૌથી ઉંચે, શિખર પર, એક તત્ત્વ હોય છે; તમે તેનાથી પણ ઉંચે જઈ શકો છો. તે તત્ત્વને 'વિચારો' માં વ્યક્ત કરી શકાય છે. તે 'વિચારો' ને અનેક વિચારોમાં વ્યકત કરી શકાય છે. તે વિચારો અનેક ભાષાઓનો અને શબ્દોનો ઉપયોગ કરી શકે છે.

જયારે હું તમને વિચાર આપું છું, ત્યારે તે માત્ર તમને એકાગ્રતામાં મદદરૂપ થવા માટે હોય છે. કેટલીક ધ્યાનની શાળાઓમાં, તે લોકો તમારી સામે પુષ્પ, પત્થર કે એવો કોઈ પદાર્થ મૂકતા હોય છે. તમે તેની આસપાસ બેસી જાઓ છો અને તેના પર એકાગ્રતા કરવા માંડો છો. તમારી આંખો આવી બની જતી હોય છે. (માતાજી ત્રાંસી આંખ કરે છે.) પછી તમે તે પદાર્થરૂપ બની જાઓ છો. તે પણ એક ધ્યાનની પદ્ધતિ છે. હલન ચલન કર્યા સિવાય, એકી ટસે તે પદાર્થને જોઈ રહેવાથી તમે તે વસ્તુરૂપ બની જાઓ છો. પણ તમારે બીજી બધી વસ્તુઓને ન જોવી જોઈએ, માત્ર સ્થિરતાપૂર્વક તે જ વસ્તુને જોયા કરવી જોઈએ. તે તમને એક દૃષ્ટિ આપે છે, તમે ત્રાંસી આંખે જોતા હો છો.

આ બધું એકાગ્રતા શિખવા માટે છે.

કેટલીક વાર આવું કોઈ વાકય એક ખૂબ ગહન સત્યને વ્યકત કરતું હોય છે. તે એવાં સુખમય વાકયોમાંનું એક હોય છે, જે ખૂબ અભિવ્યંજક હોય છે. તે તમને તેની પીઠમાં રહેલા સત્યને શોધી કાઢવામાં મદદ કરે છે.

ધમ્મપદનું વાચન પતી ગયા પછી, હું એ કરવાનો ઈરાદો રાખું છું. આપણે શ્રી અરવિંદનાં જે પુસ્તકો પ્રગટ કર્યાં છે તેમાંના છેલ્લા પુસ્તક 'વિચારો અને સૂત્રો' નો અનુવાદ હું કરી રહી છું. હવેથી દર શુકવારે તેમાંથી હું એક વાકય કે સૂત્ર આપવાનો ઈરાદો રાખું છું. ધ્યાનના વિષય તરીકે જરૂરિયાત મુજબ તેના પર ટીકા કે ભાષ્ય અપાશે અથવા નહિ અપાય. આપણે કયી રીતે આગળ વધવું તે હજી વિચારવાનું છે. આપણે બે ભિન્ન ભિન્ન રીતો અપનાવી શકીએ. હું તે વિચારોને અથવા સૂત્રોને ક્રમપૂર્વક લેવાની છું. એટલે આવતે અઠવાડિયે કયું વાકય કે સૂત્ર આવશે તે તમે પહેલેથી જાણી શકશો અને તેના પર પ્રશ્નો તૈયાર કરી શકશો. એક વાકય લેવું, તેના ઉપર ધ્યાન કરવું, અને આવતે અઠવાડિયે તે પહેલાંના વાકય ઉપર તમારે પ્રશ્નો પૂછવા, એ વધારે રસપ્રદ બનશે. મને પૂછવામાં આવેલા પ્રશ્નોમાંથી હું સૌથી વધારે બુદ્ધિશાળી પ્રશ્નો પસંદ કરીશ અને તેના જવાબો આપીશ. પછી હું નવું વાકય લઈશ, આપણે તેના પર ધ્યાન કરીશું, અને પછી તે અઠવાડિયે તેના પર સવાલ જવાબો થશે. આ હું એક ચોક્કસ, નિશ્ચિત હેતુપૂર્વક કરવા માગું છું. હું તમારી માનસિક તંદ્રામાંથી તમને જગાડવા માગું છું, હું કહું છું જે તેના પર વિચાર કરવાની અને સમજવા માટે પ્રયત્ન કરવાની તમને ફરજ પાડવા માગું છું. કારણકે, તે તમારા કાનમાં થોડોક અવાજ કરતું હોય છે, તમારા મસ્તિષ્કમાં તેથી પણ વધારે મૃદુ અવાજ કરતું હોય છે, અને પછી તે બીજી બાજૂથી પસાર થઈ જતું હોય છે. આ રીતે બધું પતી જતું હોય છે! કેટલીક વાર બહુ જ વિરલ, ખાસ કૃપા વડે, અહીં થોડીક અસર થતી હોય છે, આમ (અભિનય), જે ઝંખવાની જતી જ્યોતની પેઠે થોડીક વાર જલતી રહે છે, અને પછી ફૂપ કરીને હોલાઈ જતી હોય છે! કશુંક તેના પર વાય છે, જ્યોત હોલવાઈ જાય છે, અને બધું પતી જાય છે.

મધુર માતાજી, અમારે પાઠોની જરૂર છે.

જ્યારે તમે મને પહેલાં કહ્યું હતું કે, મેં તમને પાઠો આપવાનું વચન આપ્યું છે, ત્યારે મેં તે વાત ગંભીરતાપૂર્વક મન પર લીધી હતી. હું મારું વચન આપીશ,

૩ સપ્ટેમ્બર ૧૯૫૮

મધુર માતાજી, તમે મને એક દિવસ કહ્યું હતું કે કલ્પનાને કેવી રીતે સંયમિત કરવી તે શીખવું જરૂરી છે

હા.

તે કેવી રીતે કરી શકાય ?

કલ્પના એક જટિલ અને અનેકવિધ વસ્તુ છે જેને અત્યારે અસ્પષ્ટતાપૂર્વક કલ્પના કહેવામાં આવે છે તે.

કોઈ માનસિક અથવા બીજા પ્રદેશમાં રૂપોને જોવાની, રેકોર્ડ કરવાની, અને નોંધવાની તે શક્તિ છે. કલામય, સાહિત્યિક, કાવ્યમય કાર્યનાં, વૈજ્ઞાનિક,આ બધા પ્રદેશો મનના હોય છે. તે મન બહુ ઉચ્ચ અને ભાવવાચક મન નથી હોતું, શારીરિક મનથી બહુ ઉચ્ચ નથી હોતું, જે વ્યક્તિગત અને સામૂહિક મન દ્વારા, ક્રિયામાં અભિવ્યક્ત થવા માટે સતત પોતાની જાતને રેલાવતું હોય છે.

કેટલાક લોકો, એક ખાસ શક્તિ દ્વારા, આ પ્રદેશો સાથે સંપર્કમાં હોય છે, ત્યાં રહેલી એક યા તો બીજી રચનાને ઉપાડી લેતા હોય છે, તેને પોતાની પ્રત્યે આકર્ષે છે, અને તેમને અભિવ્યકત કરે છે. જુદા જુદા લોકોમાં આ અભિવ્યક્તિની શક્તિ ભિન્ન ભિન્ન હોય છે. પણ જે લોકો આ પ્રદેશો પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરી શકે છે, ત્યાંની વસ્તુઓને જોઈ શકે છે, આ રૂપોને પોતાના પ્રત્યે આકર્ષી શકે છે અને તેમને વ્યકત કરી શકે છે, સાહિત્યમાં, ચિત્રકળામાં, સંગીતમાં, કાર્યમાં અથવા વિજ્ઞાનમાં તેઓ પોતાની અભિવ્યક્તિની શક્તિની માત્રા અનુસાર, ખૂબ બુદ્ધિશાળી પ્રાણીઓ અથવા પ્રતિભાશાલી વ્યકિતઓ હોય છે.

તેમના કરતાં પણ અધિક પ્રતિભાશાલી વ્યકિતઓ હોય છે. તે લોકો ઉચ્ચતર પ્રદેશ પ્રત્યે, ઉચ્ચતર શક્તિ પ્રત્યે ખુલ્લા બની શકતા હોય છે. જે શક્તિ માનસિક સ્તરોમાંથી પસાર થઈને માનવમનમાં અમુક રૂપ ધારણ કરે છે, અને જગતમાં પોતાની જાતને નવીન સત્યો તરીકે, નવીન તત્ત્વચિંતનીય પદ્ધતિઓ તરીકે, નવીન આધ્યાત્મિક ઉપદેશો તરીકે પ્રગટ કરે છે, જે પૃથ્વી પર જન્મ લેનાર મહાન સત્ત્વોનાં કાર્યો હોય છે, આ કલ્પનાને સત્ય કલ્પના કહી શકાય.

જ્યારે આ ઉચ્ચતર બળો પૃથ્વીના વાતાવરણમાં નીચે આવે છે, ત્યારે તેઓ જીવંત, સક્રિય, શક્તિશાલી રૂપો ધારણ કરે છે, જગતમાં બધે પ્રસરી જાય છે, અને એક નવીન યુગનું સર્જન કરે છે.

આ બે પ્રકારની કલ્પનાઓને ઉચ્ચતર કલ્પનાઓ કહી શકાય.

હવે આપણે વધારે સામાન્ય ભૂમિકા પર નીચે આવીએ. દરેક જણમાં પોતાની માનસિક ક્રિયાને રૂપ આપવાની શક્તિ ઓછા વત્તા પ્રમાણમાં હોય છે. તે રૂપનો ઉપયોગ તે પોતાની સામાન્ય ક્રિયામાં કરે અથવા અમુક વસ્તુનું સર્જન કરવામાં કરે. આપણે હંમેશાં, બધો સમય, રૂપોનું નિર્માણ કરતા જ હોઈએ છીએ. જાણ્યા સિવાય આપણે તેમને વાયુમંડલમાં મોકલતા હોઈએ છીએ. તે રૂપો પરિભ્રમણ કરતાં રહે છે, એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે જતાં હોય છે, સહસાક્ષીદારોને મળતાં હોય છે, કેટલીક વાર એકઠાં મળીને તે મોજ માણતાં હોય છે, કેટલીક વાર સંઘર્ષ પેદા કરતાં હોય છે, યુદ્ધો થતાં હોય છે. કારણકે આ માનસિક કલ્પનાઓમાં સંકલ્પનું થોડુંક તત્ત્વ હોય છે, જે પોતાને સિદ્ધ કરવા પ્રયાસ કરતું હોય છે. દરેક જણ પોતાની રચનાને બહાર મોકલતું હોય છે, જેથી તે કાર્ય કરી શકે, પોતે ઇચ્છતા હોય તેવી વસ્તુઓ બની શકે. દરેક જણ આમ કરતું હોય છે, અને તેથી ગુંચવાડો પેદા થાય છે. જો આપણી આંખો વાતાવરણમાં રહેલાં આ બધાં રૂપોને જોઈ શકે, તો આપણને બહુ આશ્ચર્યકારક વસ્તુઓ નજરે પડે, યુદ્ધ મેદાનો મોજાંઓ, આક્રમણો, નાનકડાં માનસિક એકમોનાં ટોળાંની પીછેહઠ જે એકમો સતત હવામાં ફેંકાતાં હોય છે અને પોતાને સિદ્ધ કરવા હંમેશાં પ્રયત્ન કરતાં હોય છે. આ બધી રચનાઓમાં એક સર્વસાધારણ વલણ હોય છે અને તે ભૌતિક રીતે પ્રગટ થવાનું અને શારીરિક રીતે પોતાની જાતને સિદ્ધ કરવાનું. તે એકમો અસંખ્ય હોય છે, તેમને બધાંને પ્રગટ થવા માટે પૃથ્વી પર પૂરતી જગ્યા નથી. એટલે તેઓ એક બીજાને ધક્કો મારી હડસેલી મૂકતાં હોય છે, પોતાની સાથે સંમત ન થનાર એકમોને તેઓ ફગાવી દેવા માગતાં હોય છે સમયમાં અને અવકાશમાં જગ્યા રોકવા માટે, તેઓ સૈન્યો રચતાં હોય છે અને વ્યવસ્થિત રીતે કૂચ કરતાં હોય છે. સર્જનોની અસંખ્ય સંખ્યાના પ્રમાણમાં અહીંની જગ્યા બહુ થોડી પડે તેવી હોય છે.

એટલે વ્યક્તિગત રીતે આમ બનતું હોય છે. કેટલાક લોકો જાણ્યા સિવાય તેમ કરતા હોય છે, કદાચ દરેક જણ તેમ કરતું હોય છે. તેઓ એક વસ્તુમાંથી

બીજી વસ્તુ તરફ સતત ફેંકાતા હોય છે, તેઓ આશા રાખતા હોય છે, ઈચ્છા કરતા હોય છે, કામના કરતા હોય છે, નિરાશ બનતા હોય છે, કેટલીક વાર સુખ અનુભવતા હોય છે, કારણકે તેમનામાં આ વસ્તુઓ પર કાબૂ કે પ્રભુત્વ હોતાં નથી. પણ ડહાપણની શરૂઆત અહીંથી થાય છે. આપણી વિચાર કરતી જાત પ્રત્યે આપણે જોવું જોઈએ, આ દૃશ્યને જોવું જોઈએ, આવિર્ભાવ પામવા મથતાં, આ નાનકડાં જીવંત એકમોનો વાતાવરણમાં થતા સતત વિસર્ગથી આપણે સભાન બનવું જોઇએ. આ બધું આપણા માનસિક વાતાવરણમાંથી બહાર આવતું હોય છે, જે વાતાવરણને આપણે આપણી સાથે જ રાખતા હોઈએ છીએ. એકવાર આપણે જોતા અને અવલોકન કરતા થઈ જઈએ, પછી આપણે આપણા ઉચ્ચતમ સંકલ્પની અથવા અભીપ્સાની વિરુદ્ધની વસ્તુઓને પાછી હડસેલી દઈ શકીએ છીએ, અને આપણને વિકાસમાં મદદરૂપ થાય તેવી રચનાઓને જ પ્રગટ થવા માટે ગતિ કરવા છૂટ આપી શકીએ છીએ.

આ સક્રિય વિચાર પરનો કાબૂ છે. હું તે દિવસે આ વસ્તુ કહેવા માગતી હતી.

તમે કેટલીક વાર બેસીને સભાન બનો છો કે હવે વિચારે પોતાને માટે રૂપો ઘડવાનો પ્રારંભ કર્યો છે, પોતાની કથા કહેવાની શરૂઆત કરી છે. તમે આ બાબતમાં જરાક કુશળ બની જાઓ ત્યારે તમારા જીવનમાં શું બને એવી તમે ઈચ્છા રાખો છો તેનો ઈતિહાસ તમારી સમક્ષ પ્રગટ થવા માંડશે એટલું જ નહિ, પણ તેમાંથી તમે કોઈક વસ્તુ દૂર કરી શકશો, કોઈક વિગત ઉમેરી શકશો, તમારા કાર્યને પરિપૂર્ણ બનાવી શકશો, એવી એક સુંદર કથા રચી શકશો કે જેમાં બધું જ તમારી અભીપ્સા સાથે સુસંગત હોય. એકવાર તમે યથાશકય પરિપૂર્ણ, સંવાદમય રચનાનું નિર્માણ કરશો, એટલે પછી તમે તમારા હાથ છુટ્ટા કરી દઈને પંખીને ઉડવા દઈ શકશો.

જો તે રચના સારી રીતે થઈ હશે, તો અંતે તે જરૂર સિદ્ધ થવાની. માણસ તે જ વસ્તુ જાણતો હોતો નથી.

પણ વસ્તુ સમયના ક્રમમાં સિદ્ધ થાય છે, કેટલીક વાર તો એટલા બધા સમય પછી કે તમે તમારી કથા ભૂલી ગયા હો છો; પછી તો તમે બહુ બદલાઈ ગયા હો છો, બીજી વસ્તુઓનો વિચાર કરતા બની ગયા હો છો, બીજી કથાઓ રચી રહ્યા હો છો; પહેલી કથામાં હવે તમને કાંઈ રસ રહ્યો હોતો નથી. જો તમે બહુ

ધ્યાનયુક્ત ન હો, તો જ્યારે પહેલી કથાનું પરિણામ આવે છે ત્યારે તમે ત્યાંથી ખૂબ ખૂબ દૂર ચાલ્યા ગયા હો છો, તમને યાદ જ આવતું હોતું નથી કે આ મારી જ કથાનું પરિણામ છે. તેથી જ તમારી જાત પર કાબૂ રાખવો એ બહુ મહત્ત્વની વાત છે, કારણકે જો તમારામાં અનેક પરસ્પર વિરોધી સંકલ્પો, વલણો, અને જીવનનાં સ્તરો હશે, તો તે તમારા જીવનમાં યુદ્ધ જન્માવશે. દા. ત. તમારી ઉચ્ચતમ ભૂમિકા પર તમે એક સુંદર કથાની રચના કરી હોય, જેને તમે જગતમાં બહાર મોકલો છો. પણ પછી, બીજે જ દિવસે, કદાચ તેને તે જ દિવસે, થોડીક વાર પછી, તમે ખૂબ ભૌતિક ભૂમિકા પર નીચે આવી ગયા હો છો, અને આ ઊર્ધ્વમાંની વસ્તુઓ તમને પરીઓ જેવી અવાસ્તવિક લાગતી હોય છે, અને તમે ખૂબ સધન ઉપયોગી રચનાઓ કરવા માંડો છો, જે બહુ સુંદર નથી હોતી; અને તે પણ બહાર જગતના વાતાવરણમાં જાય છે.

હું એવા માણસોને ઓળખું છું, જેમના સ્વભાવમાં આવી બે પરસ્પર વિરોધી બાજૂઓ છે, જે એક દિવસ કોઈ ભવ્ય તેજોમય, શકિતશાલી રચનાનું નિર્માણ કરે, અને બીજે જ દિવસે નિરાશાવાદી, અંધકારમય રચનાનું નિર્માણ કરે. તે બંને રચનાઓ બહારના વાતાવરણમાં જાય છે. મેં જોયું હતું કે પેલી સુંદર રચના સિદ્ધ થઈ હતી, અને પેલી અંધકારમય રચનાએ પહેલી રચનાના કાર્યનો નાશ કર્યો હતો. આમ જીવનની વિશાળતર રેખાઓમાં તેમજ નાનકડી વીગતોમાં બનતું હોય છે. આનું કારણ એક જ છે કે માણસ વિચાર કરતી પોતાની જાતનું નિરીક્ષણ કરતો હોતો નથી, તે પોતાને આ પરસ્પર વિરોધી ગતિઓનો ગુલામ માનતો હોય છે. માણસ કહેતો હોય છે કે ઓહ, આજે મને ઠીક લાગતું નથી; આજે વસ્તુઓ મને શોકદાયી ભાસે છે. તે આમ કહેતો હોય છે, કારણકે તે એમ માનતો હોય છે કે નસીબની આગળ કોઈનું કશું ચાલતું નથી. પણ જો માણસ એક ડગલું પાછળ જઈ વિચાર કરે અથવા એક પગલું ઊર્ધ્વમાં આરોહણ કરે, તો તે બધી વસ્તુઓને બરાબર જોઈ શકે, તેમને યથાસ્થાને મૂકી શકે, કેટલીક વસ્તુઓને રાખી શકે અને અણગમતી વસ્તુઓનો નાશ કરી શકે, ઇચ્છિત વસ્તુઓમાં જ પોતાની ઉચ્ચતમ અભીપ્સા સાથે સુસંગત વસ્તુઓમાં જ પોતાની કલ્પના શકિતને મૂકી શકે. આને હું કલ્પના પરનો કાબૂ કહું છું.

તે બહુ રસપ્રદ છે. જ્યારે તેને કરતાં માણસ શીખી જાય છે અને નિયમિત રીતે તે કરવા માંડે છે, ત્યારે તેને કંટાળો લાગવાનો સમય જ નથી રહેતો.

પછી તો સમુદ્રનાં મોજા પર તરતો શૌશીનો બૂચ દરેક મોજા વડે આમથી તેમ, રક્ષણ પામ્યા વિના, અથડાય તેમ થવાને બદલે, તે માણસ એક પંખી બની જાય છે, જે પોતાની પાંખો ખોલીને મોજાં ઉપર ઉડતું હોય છે, જ્યાં જવું હોય ત્યાં જતું હોય છે. બસ.

*

૧૦ સપ્ટેમ્બર ૧૯૫૮

આધુનિક સમયમાં જેમ જેમ ભૌતિક વિજ્ઞાને તેની શોધો વધારી અને પ્રકૃતિની ગૂઢ શક્તિઓને, માનવ ઉપયોગ માટે, માનવ જ્ઞાન વડે નિયંત્રિત થતા કાર્યમાં મુક્ત કર્યું તેમ તેમ ગૂઢવાદ પાછો હઠ્યો અને "ભૌતિક વસ્તુ એકલી જ વાસ્તવિક છે, મન અને પ્રાણ તો માત્ર પદાર્થ તત્ત્વનાં ખાતાંની ક્રિયાઓ છે" એ દલીલ આગળ ધરીને, ગૂઢવાદને બાજૂ પર મૂકી દેવામાં આવ્યો. ભૌતિક શક્તિ બધી વસ્તુઓની ચાવી છે, એ ભૌતિક શક્તિની માન્યતાના પાયા પર, વિજ્ઞાને આપણાં સાધારણ અને અસાધારણ મન પ્રાણની ભૌતિક ક્રિયાઓ અને સાધનીકરણોના જ્ઞાન વડે, મન, પ્રાણ ઉપર કાબૂ સ્થાપવાનો પ્રયત્ન કર્યો; આધ્યાત્મિકતાને માનસિકતાનું જ એક રૂપ માનીને તેની ઉપેક્ષા કરવામાં આવી. એમ કહેવું જોઈએ કે જો આ પ્રયત્ન સફળ થાય, તો માનવ જાતિના અસ્તિત્વ માટે એક જોખમ પેદા થાય, કારણકે અમુક વૈજ્ઞાનિક શોધોનો ઉપયોગ અથવા ગેર ઉપયોગ માનવજાતિ કરી રહી છે. જે માનવજાતિ હજી, માનસિક અને નૈતિક રીતે, આવી મહાન અને જોખમકારક શક્તિઓ સાથે કામ પાડવા માટે તૈયાર નથી, કારણ કે આપણા અસ્તિત્વની પીઠમાં રહેલી અને તેને ટકાવી રાખતી, ગૂઢ શક્તિઓના જ્ઞાન વગર, તેમના પર કૃત્રિમ કાબૂ ઠોકી બેસાડવાનો તેમાં પ્રયત્ન હોય છે. પશ્ચિમમાં ગૂઢવાદને આ રીતે સહેલાઈથી બાજૂએ હડસેલી શકાય તેમ છે, કારણકે તે અપરિપકવ દશામાં છે, તેણે હજી ત્યાં પદ્ધતિસરનો, મજબૂત, તત્ત્વચિંતનીય પાયો પ્રાપ્ત કર્યો નથી. તેણે અતિભૌતિકની આશ્ચર્યજનક બાબતોમાં જ વધારે રસ લીધો છે અથવા અસાધારણ શક્તિઓનો ઉપયોગ કરવા માટેની અસરકારક પદ્ધતિઓની તથા ફોર્મ્યુલાઓની શોધ કરવામાં વધારે પ્રયત્ન કર્યો છે. તે કાળા

અથવા ધોળા જાદુને રસ્તે ચાલી ગયો છે, ગૂઢવાદની રહસ્યમય, આનંદદાયક બાબતોમાં જ સરી પડયો છે, તેણે મર્યાદિત અને થોડાક જ્ઞાનની અતિશયોકિત કરી લીધી છે. માનસિક પાયાઓનાં આ વલણોને અને અસલામતીને કારણે, ત્યાંના ગૂઢવાદનો બચાવ કરવો એ કઠિન બની ગયું છે, તેની અવગણના કરવી તે સહેલું બની ગયું છે ઈજીપ્તમાં અને પૂર્વમાં આ જ્ઞાન વધારે પરિપકવ અને વિશાલ બન્યું હતું. તંત્રોની નોંધપાત્ર પદ્ધતિમાં આપણને તે પરિપકવતાનાં હજી પણ દર્શન થાય છે. તે માત્ર અતિસાધારણ તત્ત્વનું માત્ર બહુમુખી વિજ્ઞાન જ ન હતું. પણ તેમાં ધર્મનાં સર્વ ગૂઢવાદી તત્ત્વોનો પાયો રચવામાં આવ્યો હતો. તેણે આધ્યાત્મિક સાધનાની અને આત્મસાક્ષાત્કારની એક મહાન અને શકિતશાલી પ્રદ્ધતિ વિકસાવી હતી. તે ઉચ્ચતમ ગૂઢવાદ છે, જે મન, પ્રાણ આત્માની ગૂઢવાદ છે, જે મન, પ્રાણ, આત્માની ગૂઢગતિઓને અને અતિસાધારણ શકયતાઓને શોધી કાઢે, અને આપણાં માનસિક, પ્રાણિક, અને આધ્યાત્મિક અસ્તિત્વની વધારે અસરકારકતા માટે એક વ્યવહારમય પ્રકિયાનો અથવા તેમની મૂળભૂત શકિતનો ઉપયોગ કરે.

સામાન્ય લોકો ગૂઢવાદને માત્ર જાદુ અને જાદુઈ ફોર્મ્યુલાઓ માનતા હોય છે, અતિ પ્રાકૃતિકની એક મશીનરી માનતા હોય છે. પણ તે ગૂઢવાદની માત્ર એક બાજુ જ છે. તે એક વહેમ માત્ર નથી. જે લોકોએ આ ગૂઢ પ્રકૃતિ શક્તિની આચ્છાદિત બાજૂ પર ઊંડી નજર ફેંકી નથી હોતી અથવા તેની શકયતાઓનો જેમણે પ્રયોગ કર્યો નથી હોતો તેઓ જ તેને વહેમ માનતા હોય છે. જેમ ભૌતિક વિજ્ઞાનમાં બને છે તેમ, આ મનશકિતના તથા પ્રાણશકિતના ગૂઢવાદી ઉપયોગમાં, નિગૂઢ શકિતની આ ફોર્મ્યુલાઓ અને યંત્રો આશ્ચર્યકારક રીતે અસરકારક બની શકે છે, પણ આ પદ્ધતિ ગૌણ અને મર્યાદિત દિશામાં હોય છે. કારણકે મન પ્રાણની શકિતઓ મુલાયમ, સૂક્ષ્મ, અને પોતાના કાર્યમાં પરિવર્તનશીલ હોય છે; તેમનામાં ભૌતિક કડકાઈ નથી હોતી. તેમના જ્ઞાન માટે, તેમના કાર્યની અને પ્રકિયાની સમજ માટે, તેમને લાગુ પાડવા માટે, તેમની સ્થાપિત ફોર્મ્યુલાઓની સમજમાં તથા કાર્યમાં પણ, સૂક્ષ્મ અને મુલાયમ આંતર દર્શનાની જરૂર છે. મંત્ર ઉપર અને કડક ફોર્મ્યુલાઓ ઉપર વધારે પડતો ભાર મૂકવાથી જ્ઞાન વંધ્ય અથવા મર્યાદિત બની જાય તેવો સંભવ છે; તેથી વ્યવહારમાં ઘણી ભૂલો થવાનો સંભવ છે; અજ્ઞાનમય રૂઢિઓ, દુરુપયોગ, અને નિષ્ફળતા આવવાનો સંભવ છે. હવે આપણે 'પદાર્થ-તત્ત્વ જ માત્ર સત્ય છે' એ વહેમને દૂર કરી શકયા છીએ એટલે હવે આપણે જૂના ગૂઢવાદને વૈજ્ઞાનિક દૃષ્ટિથી તપાસી શકીએ એમ છીએ; મનની ગૂઢ શકિતઓને

અને તેનાં રહસ્યોને તપાસી શકીએ તેમ છીએ; ચૈત્યમય, અસાધારણ, માનસ શાસ્ત્રીય દૃશ્યોનું ઝીણવટભરેલું અધ્યયન કરી શકીએ તેમ છીએ. થોડા પ્રમાણમાં તે થઈ રહ્યું દેખાય છે. પણ જો તેણે પરિપૂર્ણ બનવું હશે, તો સાચા પાયાને, સાચા લક્ષ્યને, સાચી દિશાને, જરૂરી એવી સાવચેતીને આપણે ફરી શોધી કાઢવાં પડશે. તેનું સૌથી વધારે મહત્ત્વનું લક્ષ્ય આ હોવું જોઈએ, મનની તથા પ્રાણની શક્તિનાં ખૂબ નિગૂઢ સત્યોની તથા બળોની શોધ, નિગૂઢ આત્માની મહત્તર શક્તિઓની શોધ, ગૂઢવાદનું વિજ્ઞાન, તાન્ત્રિક રીતે, આપણામાં તેમ જ જગતના સ્વભાવમાં રહેલા ગૂઢ તેજોમય તત્ત્વનું વિજ્ઞાન છે, તે ગૂઢ તેજોમય તત્ત્વ સાથે સંબંધ ધરાવતી બધી વસ્તુઓનું વિજ્ઞાન છે, જેમાં અવચેતનનો તથા અતિચેતનનો બંનેનો સમાવેશ થઈ જાય છે; તેનો ઉપયોગ આપણે આત્મજ્ઞાન માટે તથા વિશ્વજ્ઞાન માટે કરવાનો છે; અને તે જ્ઞાનને યોગ્ય રીતે સક્રિય બનાવવાનું છે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૭૫–૭૭)

મધુર માતાજી, ધોળું જાદુ શું છે?

તે કલ્યાણકારી જાદુ છે; કાળું જાદુ એ નુકસાનકારક જાદુ છે. પણ હકીકતમાં, તે માત્ર શબ્દો જ છે, તેમનામાં ઝાઝો અર્થ નથી.

જાદુ એટલે કેવળ ભૌતિક ફોર્મ્યુલાઓનું રૂપ જેને આપવામાં આવ્યું છે એવું જ્ઞાન. તે એક પ્રકારના શબ્દો, અથવા શબ્દોનાં સંમિશ્રણો, શબ્દોના તથા સંખ્યાઓના સમૂહો છે. જેમને માત્ર બોલવાથી અથવા લખવાથી, આંતર શક્તિ વગરના માણસ પર પણ અમુક કાર્ય નીપજે છે. વિજ્ઞાનમાં જેમ રાસાયણિક ફોર્મ્યુલાઓ હોય છે, તેમ ગૂઢવાદમાં આ ફોર્મ્યુલાઓ હોય છે. વિજ્ઞાનમાં તમારી પાસે અમુક તત્ત્વોને સંમિશ્રિત કરવાની અને તેમાંથી બીજા તત્ત્વો પેદા કરવાની ફોર્મ્યુલાઓ હોય છે. તમારામાં ભલે કોઈ માનસિક, પ્રાણિક, અથવા શારીરિક શક્તિ ન હોય, પણ જો તમે અક્ષરશઃ તે ફોર્મ્યુલાને અનુસરો, તો તમે ઈચ્છિત પરિણામને પ્રાપ્ત કરી શકો છો. તેમાં માત્ર સ્મૃતિ હોવાની જ જરૂર છે. ગૂઢવાદમાં તે જ વસ્તુનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેમાં ધ્વનિઓનાં, અક્ષરોનાં, સંખ્યાઓનાં, શબ્દોનાં સંમિશ્રણો કરવામાં આવ્યાં છે, જે પોતાની સાહજિક શક્તિ વડે અમુક પરિણામો લાવી આપે છે. તે ફોર્મ્યુલાને જે મૂર્ખ માણસ શિખ્યો હોય, અને બરાબર કહ્યા પ્રમાણે તે કરે, તો તે ઈચ્છિત પરિણામને મેળવી શકે છે, અથવા તેમના તો

હોય છે કે મને મારું ઈચ્છિત પરિણામ મળશે. આપણે એક મંત્રનો દાખલો લઈએ જે એક પ્રકારનું ગૂઢવાદનું રૂપ જ છે. જો તે મંત્ર ગુરુ પાસેથી લેવામાં ન આવ્યો હોય, અને તે ગુરુએ મંત્રદીક્ષા વખતે પોતાની આધ્યાત્મિક અથવા ગૂઢવાદી શક્તિ તમારામાં સ્થાપી આપી ન હોય તો તમે ભલે હજારો વાર તે મંત્રનો જપ કરો, પણ કાંઈ પરિણામ નહિ આવે.

અર્થાત્, સાચા ગૂઢવાદમાં માણસની પાસે આ ગુઢશક્તિ આંતરદેણ હોવાં જોઈએ તો જ તે મંત્રનો ઉપયોગ કરી શકે; તે તેનું એક પ્રકારનું રક્ષણ છે. કોઈ પણ મૂર્ખ માનવી સાચા ગૂઢવાદનો અમલ ન કરી શકે. આ કોઈ ધવલ, કાળું, કે સોનેરી જાદુ નથી રહેતું; એ તો એક આધ્યાત્મિક શક્તિ હોય છે, જે લાંબા અભ્યાસ પછી પ્રાપ્ત થઈ શકે છે; તે તમને ભગવાનની કૃપાથી જ મળતી હોય છે.

આનો અર્થ એ થયો કે જ્યારે માણસ સત્યની નજીક જાય છે, ત્યારે તે સર્વ પ્રકારની ઉપરછલ્લી જાદુ વિદ્યાથી, દંભથી, અને અસત્યથી મુક્ત બની જાય છે. આની મારી પાસે અનેક નિશ્ચિત સાબિતીઓ છે. એટલે, જેનામાં સાચી ગૂઢવાદી શક્તિ છે તેવા માણસમાં, આ આંતર સત્યના બળ વડે, ધોળા, કાળા, કે ગમે તે રંગના જાદુને નાકામિયાબ બનાવી દેવાની શક્તિ હોય છે અને તે પણ તે સત્યના એક કિરણ માત્રને ત્યાં લાગુ કરવા વડે તે શક્તિનો પ્રતીકાર કોઈ વસ્તુ કરી શકતી નથી. જાદુ કરનારા લોકો આ વાત બરાબર જાણતા હોય છે. બધા દેશોમાં, ખાસ કરીને ભારતમાં તે લોકો યોગીઓ અને સંતો સામે પોતાની ફોર્મ્યુલાઓનો પ્રયોગ કદી પણ કરતા હોતા નથી, કારણકે તેઓ સારી રીતે જાણતા હોય છે કે યાંત્રિક, ઉપરછલ્લી શક્તિ વડે મોકલાયેલી આ ફોર્મ્યુલાઓ, ભીંત સાથે અફળાઈને જેમ દડો પાછો ફરે છે તેમ, આધ્યાત્મિક જીવન જીવનાર માણસનું રક્ષણ કરતી શક્તિ સાથે અફળાઈને પાછી અમારા ઉપર જ આવશે અને અમને હેરાન પરેશાન કરી મૂકશે.

યોગીને અથવા સંતને કાંઈ જ કરવાનું હોતું નથી; તેને પોતાની જાતનું રક્ષણ પણ કરવાનું હોતું નથી. તે આપોઆપ બનતું હોય છે. તે એવી એક ચેતનાની અને આંતર શક્તિની સ્થિતિમાં હોય છે, જે દરેક નિમ્ન કોટિની વસ્તુથી તેનું રક્ષણ કરતી હોય છે. સ્વાભાવિક રીતે જ, બીજાઓનું રક્ષણ કરવા માટે તે વિચારપૂર્વક પોતાની શક્તિનો ઉપયોગ કરી શકે છે. તેના વાતાવરણમાંથી એ દુષ્ટ રચના આપોઆપ પાછી ફરી જાય છે, અને તેનું રક્ષણ કરે છે. પણ જો આ દુષ્ટ

રચના તેવા માણસ પ્રત્યે ફેંકવામાં આવી હોય કે જેનું તે રક્ષણ કરતો હોય અથવા જે તેની મદદ માગતો હોય, તો તે, પોતાના વાતાવરણની ગતિ વડે, પોતાના તેજોમંડળ વડે, તે માણસને આવરી લે છે, જેની સામે દુષ્ટ જાદુનો પ્રયોગ કરવામાં આવ્યો હોય. તે પાછી ફરતી પ્રક્રિયા, તે જાદુનો પ્રયોગ કરનાર માણસ પ્રત્યે જઈને તેને જ ઈજા પહોંચાડતી હોય છે. પણ આમાં તે યોગીના, સંતના, અથવા સાધુના સચેતન સંકલ્પની જરૂર હોય છે. તેને જે વાત બની હોય તેની ખબર આપવી પડતી હોય છે, અને તેણે તેમાં દરમિયાનગીરી કરવાનો નિર્ણય લેવો પડતો હોય છે.

સાચા જ્ઞાનની અને જાદુની વચ્ચે આ તફાવત હોય છે. બીજું કાંઈ પૂછવું છે?

માતાજી, પોતાની પ્રગતિ વડે ભૌતિક વિજ્ઞાન ગૂઢવાદ પ્રત્યે ખુલ્લું થઈ શકે?

તે પોતાને ગૂઢવાદ કહેતું હોતું નથી. તે માત્ર શબ્દોનો જ સવાલ છે. વૈજ્ઞાનિકો એવી શોધો કરતા હોય છે, જેમને ગૂઢવાદી જ્ઞાનવાળા લોકો હજારો વર્ષ પહેલાં જાણતા હતા! લાંબી ગોળાકાર ગતિ કરીને, વૈજ્ઞાનિકો તે જ વાત પર આવતા હોય છે.

દા. ત. દાક્તરી વિજ્ઞાનમાં, વ્યવહારમય વિજ્ઞાનમાં એવી ઘણી શોધો થઈ રહી છે. પોતાની રીતે, આશ્ચર્યચકિત બનેલા, રસપૂર્વક તેઓ એવી વસ્તુઓના સંપર્કમાં આવતા જાય છે, જેમને યોગીઓ ઘણાં વર્ષો પહેલાં જાણતા હતા. વૈજ્ઞાનિકો તે વસ્તુઓને તમારી સમક્ષ નવીન ચમત્કારો પેઠે રજૂ કરતા હોય છે. પણ તે ચમત્કારો બહુ જૂના છે!

વૈજ્ઞાનિકો છેવટે ગૂઢવાદનું જ આચરણ કરશે, પણ તે જાણ્યા વગર જ! જ્યારે માણસ વસ્તુઓના સત્યની નજીક જાય છે, પોતાની શોધમાં તે સાચા દિલનો હોય છે, માત્ર દેખાવોથી જ સંતોષ માનતો નથી, તે કાંઈક વસ્તુ શોધવા અને જાણવા સાચી રીતે માગતો હોય છે, દેખાવોને ભેદીને તેની પીઠમાં ઊંડો ઉતરે છે, ત્યારે તે વસ્તુઓના સત્ય પ્રત્યે આગેકૂચ કરે છે અને છેવટે તે તે જ જ્ઞાનને પ્રાપ્ત કરે છે, જેને આંતર શોધ વડે ઋષિઓએ વર્ષો પહેલાં જાણ્યું હતું.

માત્ર પદ્ધતિ અને માર્ગ ભિન્ન ભિન્ન છે, પણ શોધી કઢાયેલી વસ્તુ તે જ હોવાની. કારણ કે બે વસ્તુઓ નહિ, પણ એક જ વસ્તુ છે, જેની શોધ કરવાની

હોય છે. તેનો આધાર અનુસરણ કરાતા માર્ગ પર હોય છે. કેટલાક લોકો ઝડપથી જતા હોય છે, કેટલાક ધીમેથી જતા હોય છે. કેટલાક લોકો સીધી ગતિમાં જતા હોય છે, કેટલાક લોકો વર્તુળની ગોળાકાર ગતિમાં જતા હોય છે પણ તેમને કેટલો બધો પરિશ્રમ કરવો પડતો હોય છે! વળી તે ખૂબ માનનીય વ્યાપાર છે!

(મૌન)

હવે તેમણે શોધી કાઢયું છે કે, બેભાન બનાવવાની દવાને બદલે હિપ્નોટિઝમનો પ્રયોગ કરવાથી અનંતગણાં સારાં પરિણામ આવે છે. હિપ્નોટિઝમ (પ્રાણ વિનિમય) એ ગૂઢવાદનું આધુનિક રૂપ છે. પણ ગૂઢવાદી શક્તિની સરખામણીમાં તે એક તદ્દન મર્યાદિત, નાનકડી શક્તિ છે, તેને માત્ર આધુનિક શબ્દો વડે મઢવામાં આવી છે. તમે આ વસ્તુઓ વિષે સાંભળ્યું છે કે નહિ, તે હું જાણતી નથી, પણ અમુક દૃષ્ટિબિન્દુથી જોતાં,તે બહુ રસપ્રદ હોય છે. દા. ત. ઘા પડેલી ચામડીની જગ્યાએ નવી ચામડી બેસાડવા માટે હિપ્નોટિઝમનો પ્રયોગ કોઈક માણસ પર કરવામાં આવ્યો હતો. અત્યારે મને તેની બધી વીગતો યાદ નથી; પણ તેના હાથ ને તેના પગ સાથે પંદર દિવસ સુધી જોડી દેવામાં આવ્યો હતો, જો તે માણસને પ્લાસ્ટર અને પાટા કરવામાં આવ્યા હોત, તો પંદર દિવસ પછી તે જરાપણ હલન ચલન ન કરી શકયો હોત; બધાં અંગો જકડાઈ ગયાં હોત; પોતાના હાથને તે મુકત રીતે હલાવી ચલાવી શકે તે માટે તેને અઠવાડિયાં સુધી દાકતરી સારવાર લેવી પડી હોત. પણ આ કેઈસમાં, કોઈ પણ અંગને બાંધી દેવામાં આવ્યું ન હતું, કોઈ અંગને શારીરિક રીતે જડ, બહેરું બનાવી દેવામાં આવ્યું ન હતું, પ્લાસ્ટર–પાટા કરવામાં આવ્યા ન હતા. માત્ર તે માણસને હિપ્નોટાઈઝ કરવામાં આવ્યો હતો, તેને પોતાનો હાથ અમુક સ્થિતિમાં જ રાખવાનું કહેવામાં આવ્યું હતું. કશી જ મુશ્કેલી વગર, કશા જ પ્રયાસ વગર, તેના સંકલ્પની કોઈ પણ જાતની દરમિયાનગીરી વગર, તેણે પોતાના હાથને તે જ સ્થિતિમાં રાખ્યો હતો. તેમાં હિપ્નોટિઝમ કરનાર વ્યકિતના સંકલ્પે જ માત્ર દરમિયાનગીરી કરી હતી. તે ક્રિયા પરિપૂર્ણ રીતે સફળ બની હતી. હાથ જરૂરી સ્થિતિમાં જ રહ્યો હતો. પંદર દિવસ પછી હિપ્નોટિઝમ ઉઠાવી લેવામાં આવ્યું, અને દરદીને કહેવામાં આવ્યું કે હવે તમે હરી ફરી શકો છો. તે માણસ હરવા ફરવા લાગ્યો! તે એક પગલું આગળ છે.

જો વિજ્ઞાન અને ગૂઢવાદ ખૂબ જક્કી ન રહે, તો તે બંને એક બીજાને મળી શકશે, જલ્દી મળી શકશે. તેમનો તફાવત તે તો માત્ર શબ્દોની રમત છે; શબ્દોના મૂલ્ય ઉપર તે બંને એક બીજા સાથે સંમત થશે!

મધુર માતાજી, એમ કહેવાયું છે કે જેના પર હિપ્નોટિઝમ કરવામાં આવે છે, તેના ઉપર હિપ્નોટિઝમની પાછળથી ખરાબ અસર થાય છે. તે ખરી વાત છે?

ના, ના. જો પોતાનો સંકલ્પ બીજા માણસ પર લાદવા માટે હિપ્નોટિઝમ કરવામાં આવે, તો તેની ખરાબ અસર નીપજે છે. પણ આપણે તો માનવતા ભરી રીતે કરાતા હિપ્નોટિઝમની વાત કરીએ છીએ, અમુક ચોક્કસ હેતુઓ માટે કરાતા હિપ્નોટિઝમની વાત કરીએ છીએ.

જો હિપ્નોટિઝમ કરનારમાં કોઈ ખરાબ આશય ન હોય, તો તેની ખરાબ અસરોને દૂર રાખી શકાય છે.

જો તમે રાસાયનિક ફોર્મ્યુલાઓનો ઉપયોગ અજ્ઞાનપૂર્વક કરો, તો મોટો ધડાકો થાય (હસાહસ), અને તે બહુ જોખમકારક નીવડે! જો તમે ગૂઢવાદી ફોર્મ્યુલાનો ઉપયોગ અજ્ઞાનપૂર્વક કરો, અહંતાપૂર્વક કરો કે જે અજ્ઞાનતાપૂર્વક કરાતા ઉપયોગ કરતાં વધારે જોખમકારક હોય છે, તો તમને નુકસાનકારક પરિણામો પ્રાપ્ત થાય. પણ તેનો અર્થ એ નથી કે ગૂઢવાદ અથવા હિપ્નોટિઝમ ખરાબ છે, અથવા રસાયણ-શાસ્ત્રી ખરાબ છે. કેટલાક લોકો ધડાકા કરતા હોય છે, તેથી તમે રસાયણ વિદ્યાનો બહિષ્કાર ન કરી શકો! (હસાહસ)

ગૂઢવાદ શિખવા માટે અમુક ખાસ ગુણોની જરૂર હોય છે, જ્યારે વિજ્ઞાન શિખવા માટે.....

પણ દરેક વસ્તુ શિખવા માટે અમુક ખાસ ગુણોની જરૂર હોય છે.

વૈજ્ઞાનિક જ્ઞાનને દરેક જણ મેળવી શકે છે.

સાંભળો. જો તમે, કલાકાર નહિ હો, તો તમે વર્ષો સુધી પીંછીઓ સાથે, રંગો સાથે, કપડાં કે કાગળો સાથે કામ કરો, ખૂબ પૈસા ખરચો, ખૂબ પ્રયત્ન કરો, અને છતાં તમારાં ચિત્રો ભયંકર જ હોવાનાં. જો તમે સંગીતકાર નહિ હો, તો તમે પિયાનો વગાડવા માટે કલાકો સુધી માથાકૂટ કરો અને છતાં તમે કશું જ મૂલ્યવાન

સંગીત પ્રગટ નહિ કરી શકો. ખાસ ગુણોની તો જરૂર હંમેશાં રહેવાની, જો તમે જન્મથી જ કસરતબાજ નહિ હો, તો તમે ગમે તેટલી મહેનત કરશો તો પણ તદ્દન સામાન્ય પરિણામ જ પ્રાપ્ત કરી શકવાના. જેણે તેવો પ્રયત્ન જરા પણ કર્યો નથી હોતો તેના કરતાં તમે કંઈક સારું પરિણામ લાવી શકયા હશો, પણ તેનો અર્થ એવો નથી કે તમે આપોઆપ જ સફળ થઈ જવાના. વળી દરેક જણમાં અસંખ્ય શકયતાઓ પડી હોય છે, જેનું તેને ભાન નથી હોતું, પણ જો માણસ યોગ્ય રીતે જે કરવાનું છે તે કરે, તો તે તેમને વિકસાવી શકે છે, પણ પ્રગતિ બે પ્રકારની હોય છે, એક પ્રકારની નહિ. એક તો, તમારામાં જે શકિતઓ હોય, શકયતાઓ હોય, ગુણો હોય તેમને વધારે ને વધારે પરિપૂર્ણ કરવાનો એક પ્રકાર છે. જે કેળવણી દ્વારા સામાન્ય રીતે પ્રાપ્ત થઈ શકે છે. પણ જો તમે ગહનતર સત્યની પાસે જઈને પરિપૂર્ણ વિકાસ સાધવા માટે વધારે પ્રયત્ન કરો, તો તમે તમારા ગુણોમાં બીજા નવીન ગુણોનો ઉમેરો કરી શકો છો, જે તમારા અસ્તિત્વમાં સુષુપ્ત હતા.

તમે તમારી શકયતાઓમાં વૃદ્ધિ કરી શકો છો, તેમને વધારે વિશાળ બનાવી શકો છો. તમે જેની કલ્પના પણ કરી ન હતી તેવી કોઈક વસ્તુને ઓચિંતી પ્રગટ કરી શકો છો. આ વાત મેં તમને અનેક વાર સમજાવી છે. જ્યારે માણસ પોતામાં રહેલા ચૈતસિક સત્ને શોધી કાઢે છે, ત્યારે તે જ સમયે, ઓચિંતી એવી વસ્તુઓ તેનામાં વિકસે છે અને પ્રગટે છે, કે જે પહેલાં તે કરી શકતો ન હતો, જે પહેલાં તેના સ્વભાવમાં ન હતી. આ બાબતના પણ અનેક દાખલા મારી પાસે છે. પણ તમે સમજી શકો તેથી હું તેની પુનરુકિત કરીશ.

હું એક છોકરીને, જુવાન છોકરીને ઓળખતી હતી. તે બહુ સામાન્ય પરિસ્થિતિમાં જન્મી હતી. તેને બહુ કેળવણી પ્રાપ્ત થઈ ન હતી. તે ફ્રેન્ચ બહુ કઢંગી રીતે લખતી. તેણે પોતાની કલ્પનાનો વિકાસ કર્યો ન હતો. તેનામાં કોઈ સાહિત્યિક સમજ ન હતી. તેવી કાંઈ શકયતા તેનામાં દેખાતી ન હતી, જ્યારે તેને પોતાના ચૈતસિક સત્ સાથે સંપર્કની આંતર અનુભૂતિ થઈ, અને જ્યાં સુધી તે સંપર્ક જીવંત અને ચાલુ રહેતો ત્યાં સુધી, તે બહુ પ્રશંસનીય વસ્તુઓ લખી શકતી હતી. જ્યારે તે સ્થિતિમાંથી તે સામાન્ય સ્થિતિમાં આવી પડતી, ત્યારે તે ભૂલ વગર બે વાકયો પણ લખી શકતી નહિ! મેં તેનાં બંને પ્રકારનાં લખાણો જોયાં હતાં.

આપણામાં દરેકમાં પ્રતિભા રહેલી છે, માત્ર આપણે તે જાણતા નથી. આપણે તેને બહાર આવવાનો માર્ગ ખુલ્લો કરવો જોઈએ. તે પ્રતિભા તો ત્યાં સુષુપ્ત અવસ્થામાં છે, તેને તો પ્રગટ થવું જ હોય છે. આપણે તેને માટે દ્વાર ખોલી આપવું જોઈએ.

*

૧૭ સપ્ટેમ્બર ૧૯૫૮

"માનવ પ્રાણીમાં પ્રકૃતિની આ ગતિમાં, ઉચ્ચતમ જ્ઞાન પ્રત્યે અને મન તે જ્ઞાનને પ્રાપ્ત કરે તેવો બૌદ્ધિક અભિગમ એક અનિવાર્ય મદદરૂપ છે. સામાન્ય રીતે, આપણી સપાટી ઉપર, તર્કબુદ્ધિ અવલોકન કરતી, સમજ પ્રાપ્ત કરતી વસ્તુઓની ગોઠવણ કરતી બુદ્ધિએ, વિચાર અને ક્રિયા માટે, માનવનું મુખ્ય સાધન છે. આત્માના સમગ્ર વિકાસમાં અથવા ઉત્ક્રાન્તિમાં માત્ર આંતર પ્રેરણા, અંતર્દૃષ્ટિ, આંતર ભાવના, હૃદયની ભક્તિ, આત્માની વસ્તુઓની સીધી જીવન અનુભૂતિ આ બધાનો વિકાસ કરવાની તો છે એટલું જ નહિ, પણ બુદ્ધિને પણ પ્રકાશિત અને સંતુષ્ટ કરવાની છે. આપણા વિચારક મનને સમજ પ્રાપ્ત કરવામાં મદદ કરવાની છે, આપણી પ્રકૃતિની અને તેની પીઠમાં રહેલા સત્યની ઉચ્ચતમ ક્રિયાના તથા વિકાસનાં ધ્યેય પદ્ધતિ અને તત્ત્વોનો તર્કયુક્ત, પદ્ધતિસરનો ખ્યાલ બાંધવામાં મનને મદદ કરવાની છે. આધ્યાત્મિક સિદ્ધિ અને અનુભૂતિ, આંતરદર્શના યુક્ત અને સિધું જ્ઞાન, આંતર ચેતનાની વૃદ્ધિ, આત્માની અને સધન આત્મા દર્શનાની વૃદ્ધિ, આ બધાં આ ઉત્ક્રાન્તિનાં યોગ્ય સાધનો છે. પણ વિચારશીલ, સમાલોચક તર્કબુદ્ધિનો ટેકો પણ ખૂબ મહત્ત્વનો છે. આંતર વાસ્તવિકતાઓ સાથે સીધા સંપર્કવાળા લોકો, અનુભૂતિ અને અંતર્દૃષ્ટિ વડે સંતુષ્ટ બનેલ. લોકો તે તર્ક બુદ્ધિ વગર ચલાવી શકે; પણ સમગ્ર ગતિમાં તે અનિવાર્ય છે. જો પરમ સત્ય એ આધ્યાત્મિક વાસ્તવિકતા હોય, તો માણસની બુદ્ધિએ જાણવું જોઈએ કે તે મૂળ સત્યનો સ્વભાવ કેવો છે, અસ્તિત્વના બીજા ભાગો સાથે, આપણી સાથે, અને વિશ્વસાથે તે સત્યને કયા પ્રકારના સંબંધો હોય છે. સધન આધ્યાત્મિક વાસ્તવિકતા સાથે આપણને સંસ્પર્શમાં મૂકી આપવા માટે બુદ્ધિ પોતે જાતે સમર્થ નથી, પણ તે આત્માના સત્યનું માનસિક મૂર્તીકરણ કરીને તેમાં મદદ કરી શકે છે, જે મનને

તે સમજાવી શકતું હોય છે, અને જે વધારે સીધી સંશોધનાને લાગુ પાડી શકાય છે. આ મદદ બહુ જ મહત્ત્વની હોય છે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૭૭–૭૮)

મધુર માતાજી, અહીં શ્રી અરવિંદ લખે છે, "જ્ઞાન પ્રત્યે બૌદ્ધિક અભિગમ, મન તે જ્ઞાનને પોતાનું બનાવી લે તે..." આ કેવી રીતે શક્ય છે?

આધ્યાત્મિક જગતમાં આપણને જે કાંઈ બનતું હોય છે તેનો માનસિક રીતે અનુવાદ કરવાનું આપણામાં હંમેશાં વલણ હોય છે. તેમાંથી નિષ્કર્ષો તારવતા હોઈએ છીએ, તે અનુભૂતિને કાર્યનો નિયમ બનાવી દઈએ છીએ, માનસિક રીતે જે બન્યું હોય છે તેનો લાભ ઉઠાવી લેતા હોઈએ છીએ, જેથી તે અનુભૂતિને વ્યવહારુ રીતે ઉપયોગી બને તેવું રૂપાંતર આપી શકાય. તેને શ્રી અરવિંદ મનને કહે છે, "જ્ઞાનને પોતાનું બનાવી લે," તે આપોઆપ કરાતું હોય છે. કમનસીબે, અનુભૂતિનો શ્રેષ્ઠ ભાગ તેમાંથી છટકી જતો હોય છે. માણસ તે અનુભૂતિને યથાવત સાચવી રાખવા માગે, તો તેને એવી સ્થિતિમાં રહેવું પડે કે જેમાં અનુભૂતિનું માનસીકરણ થઈ શકતું નથી. જો માણસ બાહ્ય જગતમાં જીવતો હોય, તો તો આ અશક્ય જ છે. તેથી મનની દરમિયાનગીરિ વિના, પોતાની આધ્યાત્મિક અનુભૂતિનો આનંદ માણવાની ઈચ્છાવાળા લોકો સમાધિમાં રહેતા અને કાર્યની ભૂમિકા પર આવવાનું દરકારપૂર્વક દૂર રાખતા. પણ જો સાધકને જીવનનું રૂપાંતર સાધવું હોય, જો તે ઈચ્છતો હોય કે આધ્યાત્મિક અનુભૂતિએ મન, પ્રાણ, શરીર પર અને રોજિંદા કાર્યો પર અસર પાડવી જોઈએ, તો માનસિક રીતે તેને વ્યકત કરવા પ્રયત્ન કરવો તે અનિવાર્ય છે; તેમ કરતાં તેમાં જે ન્યૂનતા આવે તેને સ્વીકારી લેવાની તેણે તૈયારી રાખવી જોઈએ. છેવટે મનનું પોતાનું જ રૂપાંતર થઈ જાય છે, અને અનુભૂતિને વિકૃત બનાવ્યા સિવાય મન તે અનુભૂતિમાં ભાગીદાર બનવા સમર્થ બને છે.

આપણે જે કરવા માગીએ છીએ તે આનાથી પણ વધારે મુશ્કેલ છે, કારણ કે આપણે પ્રાણિકનું પણ રૂપાંતર કરવા માગીએ છીએ, અનુભૂતિને વિકૃત કર્યા સિવાય તે પણ અનુભૂતિમાં ભાગીદાર બને તેવુ સમર્થ બનાવવા માગીએ છીએ; છેવટે આપણે આધ્યાત્મિક કાર્ય વડે શરીરનું પણ રૂપાંતર કરવા માગીએ છીએ, તે અનુભૂતિમાં વિઘ્નરૂપ ન બને તેવું તેને કરવા માગીએ છીએ.

સામાન્ય વિચાર આ રૂપાંતરને જ સ્વીકારવાની વાત બહુ કઠિન માને છે, કારણકે તેમાં વિચારશકિતનું જ રૂપાંતર કરવાનું હોય છે. એ રૂપાંતર શકય બને તે માટે, વિચારની સમગ્ર કામગીરીનું પરિવર્તન કરવાનું છે. આપણે શકિતનું તેના કાર્ય સાથે તાદાત્મ્ય કરવાથી એટલા બધા ટેવાઈ ગયા છીએ કે આપણે વિચારતા હોઈએ છીએ તેનાથી ભિન્ન રીતે વિચારવાની વાતને આપણે અશકય કહીએ છીએ.

જયારે માનસિક પ્રદેશમાં સંપૂર્ણ શાન્તિની અનુભૂતિ થાય છે, અને જયારે, પ્રકાશ અને બળ સાથે, આધ્યાત્મિક શકિત મનમાં નીચે ઉતરે છે, અને પૃથક્કરણની, નિષ્કર્ષની, અને તર્કબુદ્ધિની તેની રોજિંદી પદ્ધતિ અનુસર્યા વગર મન પાસે તે સીધી રીતે કાર્ય કરાવે છે, ત્યારે જ તે શકય બને છે. આ સામાન્ય રીતે સાધારણ ગણાતી, મનની બધી શકિતઓને બંધ કરી દેવી પડે છે, અને છતાં આધ્યાત્મિક જ્ઞાન, પ્રકાશ અને શકિતએ, તેમને વ્યકત કરવા માટે આ સાધનોનો ઉપયોગ કર્યા સિવાય, સીધી અભિવ્યકિતની નીકમાં તેમનું પરિવર્તન કરવા માટે સમર્થ બનવાં જોઈએ.

તેના તદ્દન બાહ્ય સ્વરૂપમાં, મન એ કાર્યનું, સંગઠનનું, અને અમલીકરણનું સાધન છે. તે ખ્યાલોને વ્યવસ્થિત ગોઠવે છે, તેમને એકબીજા સાથે સંબંધિત કરે છે, તેમનામાંથી કાર્ય માટે નિષ્કર્ષો તારવે છે, અને આ કાર્યને વેગ આપે છે. પૃથક્કરણ, નિષ્કર્ષ, અને તર્કબુદ્ધિની જરૂરિયાતની પ્રક્રિયાઓ વગર, માનસિક ચેતનાનો કબજો લેતી આધ્યાત્મિક શકિત વડે, સીધી રીતે જ, આ સંગઠનની અને કાર્ય માટેના આવેગની શકિત પેદા કરી શકાય છે. આંતરદર્શનામાં વસ્તુઓ મોટે ભાગે આ રીતે જ બનતી હોય છે. પણ આધ્યાત્મિક દરમિયાનગીરી એ એક અતિઆંતરદર્શના છે. તાદાત્મ્ય વડે દર્શનની અનુભૂતિની, જ્ઞાનની સીધી અભિવ્યકિત છે.

(મૌન)

રૂપાંતરમાં ઘણી ક્રમિક અવસ્થાઓ હોય છે; તેમાંની પ્રથમ અવસ્થાઓ ગતિના માનસિક અનુકરણ જેવી હોય છે. માનસિક પશ્ચાદ્‌ભૂમાં પૃથક્કરણની, તર્કબુદ્ધિની, નિષ્કર્ષની સમગ્ર પ્રક્રિયા લગભગ એકી સાથે થતી હોય છે, અને આપણને એવું પરિણામ આપતી હોય છે કે જે આપણને આંતર દર્શના જેવું

દેખાય, પણ તે ખૂબ ઝડપપૂર્વક કરાયેલી ક્રિયાઓનું પરિણામ હોય છે; તેની પશ્ચાદ્-ભૂથી આપણે પૂરા સભાન હોતા નથી; તેથી આપણે આરંભ બિંદુને અને પરિણામને જ જોઈએ છીએ, વીગતવાર સમગ્ર પ્રક્રિયાને જોતા હોતા નથી, માનસિક ક્રિયાના સમગ્ર વિકાસને જોતા હોતા નથી. જે લોકોનું મન ઝડપી હોય છે અને વસ્તુઓને ખૂબ ઝડપથી પકડી લેતું હોય છે, જેમની માનસિક ક્રિયા બહુ જ ઝડપી અને તાત્કાલિક હોય છે, ને લોકો એવી છાપ પાડે કે તેમને આંતર દર્શના છે. પણ તે માત્ર બાહ્ય રૂપ હોય છે, સાચી આંતર દર્શનાનું માત્ર અનુકરણ હોય છે. આંતર દર્શના એ સીધી દર્શના છે; તેને તર્કબુદ્ધિની અને નિગમનની જરૂર પડતી નથી. આંતર દર્શના દ્વારા સીધા જ્ઞાનની અભિવ્યકિત થયેલી જ હોય છે.

પણ આ સ્થિતિએ પહોંચતા પહેલાં, માણસનાં સર્વ અનુભૂતિઓને અવલોકનની, પૃથક્કરણની, અને નિગમનની સામાન્ય માનસિક પદ્ધતિમાંથી પસાર થવું પડતું હોય છે, જેથી તે બાહ્ય ચેતનાને પહોંચી શકે. અનુભૂતિનો સાર ભાગ અદૃશ્ય થઈ જાય છે, અને માત્ર સૂકાં છોતરાં જ રહેતાં હોય છે, જેમણે પોતાની સિદ્ધિની સર્વશકિત ગુમાવી દીધેલી હોય છે.

પણ જે લોકોની બૌદ્ધિક ક્રિયા બહુ પ્રભાવશાળી હોય છે, તેમને દરેક વસ્તુને, દરેક અનુભૂતિને પકડમાં લેવાની જરૂર પડતી હોય છે. અને તેમને મૂર્તરૂપ આપવાની જરૂર પડતી હોય છે. જો વધારામાં તેમનામાં અભિવ્યકિતની શકિત હોય, તો તેઓ તેમને શબ્દોમાં અને વાકયોમાં મૂર્તરૂપ આપવાનો પ્રયત્ન કરે છે. જયારે માણસ તે અનુભૂતિઓને જીત્યો હોય છે અને ઉતરતા વળાંકથી સભાન બન્યો હોય છે, ત્યારે તેને દરેક અવસ્થામાં, અનુભૂતિની ગહન વાસ્તવિકતા સંકોચાઈ જતી, પશ્ચાદ્ ભૂમાં અદૃશ્ય બનતી જતી દેખાય છે; તે આગળ આવતી હોતી નથી, સમગ્ર અસ્તિત્વ પર પ્રભુત્વ સ્થાપતી નથી. તે ધીમે ધીમે આમ (અભિનય) પાછી ચાલી જતી હોય છે. અને બહાર તો એક પ્રકારનું શુષ્ક અને ઠંડુગાર અનુકરણ માત્ર બાકી રહે છે. તેને બહુ ઉત્સાહપૂર્ણ શબ્દોમાં વ્યક્ત કરી શકાય, પણ મૂળ વસ્તુની સરખામણીમાં તેના ગહન સત્યની સરખામણીમાં, તે સંકોચાઈ ગયેલી, ન્યૂન બની ગયેલી હોય છે. સર્વ સાચો આનંદ, સાચી સુંદરતા, આંતર ઉત્સાહ, અનુભૂતિને અદૃભુત ઉષ્મા આ બધું ખૂબ પાછળ રહી ગયું હોય છે. તમે તેના પર પકડ ચાલુ રાખવા પ્રયત્ન કરો, પણ તે તમારી

પકડમાંથી છટકી જાય છે. આ મૂર્તીકરણની શકિતની તમારે ભારે કિંમત ચૂકવવી પડે છે.

માતાજી, અહીંના આપણા જીવનમાં આપણે 'મનના વિકાસ' નો શો અર્થ કરીએ છીએ? તે કેવી રીતે ઉપયોગી છે?

હું માનું છું કે મેં આ તમને એક વાર સમજાવ્યું હતું. કેળવણી પરના લેખોમાં મેં તેને વીગતવાર સમજાવ્યું હતું. તે શરીર માટેની શારીરિક કેળવણીનાં પરિણામો જેવું જ હોય છે.

આપણે તે અંગો, સ્નાયુઓ, જ્ઞાનતંતુઓ, શરીરનાં બધાં જ ઘટક તત્ત્વો હોય છે. જો આપણે તેમનો ખાસ વિકાસ ન કરીએ, ખાસ કેળવણી ન આપીએ, તો તે બધી વસ્તુઓ શરીરમાં શકિત વ્યકત કરવા માટે પોતાથી થઈ શકે તે બધું કરે છે; પણ તે અભિવ્યકિત બહુ બેહૂદી અને અપૂર્ણ હોય છે. એ વાત નિ:શંક છે કે શારીરિક વ્યાયામની ખૂબ પરિપૂર્ણ અને તર્કયુકત પદ્ધતિઓ અનુસાર તાલીમ પામેલું શરીર એવાં કાર્યો કરવા સમર્થ હોય છે, જેમને તે તે તાલીમ વિના ન કરી શકયું હોત. હું માનું છું કે બધા આમાં સંમત થશે જ. મન માટે પણ તેમ જ છે. તમારી પાસે ઘણી શકયતાઓ અને શકિતઓવાળું મન છે. પણ તે શકિતઓ સુષુપ્ત છે. તેમને ખાસ કેળવણીની, તાલીમની જરૂર છે, જેથી તેઓ પ્રકાશને અભિવ્યકત કરી શકે. એ વાત તો નિશ્ચિત છે કે સામાન્ય જીવનમાં, મસ્તિષ્ક એ માનસિક ચેતનાની બાહ્ય અભિવ્યકિતનું સ્થાન છે. જો આ મસ્તિષ્કનો વિકાસ કરવામાં ન આવે, જો તે ગ્રામ્ય હોય, તો એવી અસંખ્ય વસ્તુઓ છે જેમને તે વ્યકત ન કરી શકે, કારણકે પોતાની જાતને પ્રગટ, વ્યકત કરવા માટે જરૂરી કરણ તેમની પાસે નથી હોતું. તે એક સંગીત વાદ્ય જેવું છે, જેના સૂરની ઘણી ચાવીઓ નથી હોતી અને તેથી જે સ્થૂલ સંગીત પેદા કરી શકે છે, નિશ્ચિત સંગીત નહિ.

માનસિક સંસ્કૃતિ, બૌદ્ધિક કેળવણી તમારા મસ્તિષ્કના બંધારણને બદલી નાંખે છે, તેને ખૂબ વિશાળ બનાવે છે, અને પરિણામે અભિવ્યકિત વધારે પરિપૂર્ણ અને નિશ્ચિત બને છે.

જો તમે જીવનમાંથી છટકી જવા માંગતા હો, અનિર્વચનીય ઊંચાઈઓ પર ચાલ્યા જવા માગતા હો, તો તેની જરૂર નથી. પણ જો તમે તમારી અનુભૂતિને બાહ્ય જીવનમાં વ્યકત કરવા માગતા હો, તો તે અનિવાર્ય છે.

માતાજી, તમે કહ્યું કે જો માણસ પૃથક્કરણની, નિગમનની વગેરે શક્તિઓ વધારે પડતી વિકસાવે છે, તો તે આધ્યાત્મિક અનુભૂતિઓમાં વિઘ્નરૂપ બને છે, નહિ વારુ?

જો તેમના પર કાબૂ રાખવામાં ન આવે, પ્રભુત્વ સ્થાપવામાં ન આવે, તો! હા. પણ તેમ બને જ એવું નથી. તે કાબૂને વધારે મુશ્કેલ બનાવે, કારણકે અસંગઠિત સત્ કરતાં વ્યક્તિરૂપે સંગઠિત થયેલા સત્ પર પ્રભુત્વ સ્થાપવું એ વધારે મુશ્કેલ છે. વધારે પરિપૂર્ણ વ્યક્તિ-સંગઠન થતાં અહંતા વધારે સઘન અને સ્વસંતુષ્ટ બને છે, નહિ વારુ? પણ માની લો કે તે મુશ્કેલી પર વિજય મેળવવામાં આવ્યો છે; તેવી ખૂબ વિકાસ પામેલી વ્યક્તિતામાં જે પરિણામ આવે છે તે ગ્રામ્ય અને બિનકેળવાયેલા સ્વભાવવાળી વ્યક્તિના પરિણામ કરતાં અનંતગણું ઉત્કૃષ્ટ હોય છે. હું એમ નથી કહેતી કે રૂપાંતરની અથવા સમર્પણની પ્રક્રિયા વધારે મુશ્કેલ નથી, પણ એકવાર તે સિદ્ધ થાય, તો પરિણામ બહુ ઉત્કૃષ્ટ હોય છે.

આને એવાં સંગીત વાદ્યો સાથે સરખાવી શકાય, જેમાં એક વાદ્યને અમુક સંખ્યાના જ સૂરો હોય છે અને બીજા વાદ્યને દશગણા સૂરો હોય છે. ચાર પાંચ સૂરોવાળા વાદ્યને વગાડવું તે વધારે સહેલું હોય છે, પણ બધી સૂરોની ચાવીઓવાળા વાદ્યને વગાડવાથી જે સંગીત પેદા થાય છે તે સ્પષ્ટ રીતે વધારે ઉત્કૃષ્ટ હોય છે.

આને સાદા વાદ્ય કરતાં ઓરકેસ્ટ્રા સાથે વધારે સારી રીતે સરખાવી શકાય. પરિપૂર્ણ વિકાસ પામેલી માનવ વ્યક્તિ એક મહાન, ભવ્ય ઓરકેસ્ટ્રા સમાન હોય છે, જેને સેંકડો વાદ્ય વગાડનારો વગાડતા હોય છે. સ્પષ્ટ રીતે જ, તે બધા પર કાબૂ રાખવો અને તેમને દોરવણી આપવી તે વધારે મુશ્કેલ છે, પણ તેનું પરિણામ આશ્ચર્યજનક હોય છે.

*

૧૪ સપ્ટેમ્બર ૧૯૫૮

"આપણું વિચારક મન મુખ્યત્વે સામાન્ય આધ્યાત્મિક કથન સાથે, તેની કેવળતાના તથા પારસ્પરિક સંબંધોના તર્ક સાથે, કેવી રીતે તે એકબીજા પ્રત્યે દોરી જાય છે તેની સાથે, અને અસ્તિત્વના આધ્યાત્મિક પ્રમેયોમાં શાં માનસિક પરિણામો હોય છે તેની સાથે સંબંધ રાખતું હોય છે.

આ બૌદ્ધિક સમજની જરૂરિયાતને સંતોષવા માટે, આપણા મનના સ્વભાવે આપણને તત્ત્વચિંતનરૂપી સાધન આપેલું છે; અને આ ક્ષેત્રમાં તે આધ્યાત્મિક તત્ત્વચિંતન હોવું જોઈએ. પૂર્વમાં એવી પદ્ધતિઓ અનેક સંખ્યામાં ઉદય પામી છે. જ્યાં જ્યાં ખૂબ આધ્યાત્મિક વિકાસ સધાયો છે, ત્યાં ત્યાં બુદ્ધિ સમક્ષ તે વિકાસને પ્રમાણિત કરવા માટે એક તત્ત્વચિંતનનો ઉદય થયો હોય છે. ઉપનિષદના ગહન વિચારમાં અને વિશાળ ભાષામાં કહીએ તો, તે પદ્ધતિ પ્રથમ આંતર દર્શના હતી, આંતર દર્શનાની અભિવ્યકિત હતી. પણ પાછળથી એક સમાલોચન પદ્ધતિ વિકસાવવામાં આવી, તર્કની એક દૃઢ પદ્ધતિ વિકસાવવામાં આવી, તાર્કિક સંગઠન રચવામાં આવ્યું. પાછળનાં તત્ત્વચિંતનો એક બૌદ્ધિક વૃત્તાંતરૂપ ૧ હતાં અથવા આંતર વડે શોધી કઢાયેલું તર્કયુકત પ્રમાણ હતું; અથવા તો તે પોતાની જાતને એક માનસિક ભૂમિ અથવા સાક્ષાત્કાર તથા અનુભૂતિ માટે એક પદ્ધતિ પૂરી પાડતાં હતાં.૨ પશ્ચિમમાં સમન્વયી વલણની જગ્યાએ વિશ્લેષણાત્મક અને પૃથક્‌કરણીય વલણ આવ્યું હતું. એટલે આધ્યાત્મિક આવેગે અને બૌદ્ધિક તર્કશકિત એ એક બીજાથી પ્રારંભમાં જ વિદાય લીધી. તત્ત્વચિંતને પ્રથમથી જ વસ્તુઓની કેવળ બૌદ્ધિક અને તાર્કિક સમજૂતિ બની રહ્યું. છતાં સ્ટોઈક, એપીકયુરિયન, અને પાઈથેગોરિયન જેવી પદ્ધતિઓ હતી, જે માત્ર વિચાર માટે જ નહિ, પણ જીવનના આચરણ માટે પણ ક્રિયાશીલ હતી, અને જેમણે એવી એક સાધના, સત્‌ની આંતર પરિપૂર્ણતા માટેનો પ્રયાસ વિકસાવ્યાં હતાં, પાછળની ખ્રિસ્તી અને નિયોપેગન વિચાર રચનાઓમાં આ જ્ઞાનની ઉચ્ચતર આધ્યાત્મિક ભૂમિકાને પ્રાપ્ત થઈ, જ્યાં પૂર્વ અને પશ્ચિમનું મિલન થયું. પણ પાછળથી બૌદ્ધિકીકરણ પરિપૂર્ણ બની ગયું, અને તત્ત્વચિંતનનો જીવન સાથે અને તેની શકિતઓ સાથે અથવા એક આત્માનો તેની ક્રિયાશીલના સાથેનો સંબંધ કપાઈ ગયો, અથવા તો એટલો બધો ઓછો થઈ ગયો કે, તત્ત્વચિંતનીય વિચાર, ભાવવાચક અને ગૌણ અસર દ્વારા, જીવન અને ક્રિયા ઉપર પ્રભાવ પાડી શકે. પશ્ચિમમાં ધર્મતત્ત્વચિંતનનો ટેકો નથી લીધો, પણ સાંપ્રદાયિક આસ્તિકતાનો ટેકો લીધો છે. કેટલીક વાર આધ્યાત્મિક તત્ત્વચિંતન માત્ર વ્યકિતની પ્રતિભાના બળ વડે ઉદય પામે છે; પણ પૂર્વમાં બન્યું છે તેમ, ત્યાં તે આધ્યાત્મિક અનુભૂતિના અને પ્રયાસના અનિવાર્ય સાથીદાર તરીકે ઉદય નથી પામ્યું. એ વાત સાચી છે કે આધ્યાત્મિક વિચારનો તત્ત્વચિંતનીય વિકાસ તદ્દન અનિવાર્ય નથી હોતો, કારણકે આત્માનાં સત્યો આંતર દર્શના વડે અને સધન આંતર સંપર્ક વડે સીધી રીતે અને પરિપૂર્ણ રીતે, પ્રાપ્ત કરી શકાય છે. એમ

૧. દા. ત. ગીતા. ૨. દા. ત. પતંજલિનું યોગશાસ્ત્ર

પણ કહેવું જોઈએ કે, આધ્યાત્મિક અનુભૂતિ પર બુદ્ધિનો સમાલોચક કાબૂ અવરોધરૂપ અને અવિશ્વસનીય બની શકે છે, કારણકે તે ઉચ્ચતર પ્રકાશના ક્ષેત્ર ઉપર ફેંકાતો નિકૃષ્ટ પ્રકાશ છે. સાચી નિયામક શક્તિ આંતર વિવેક, ચૈતસિક ભાવના અને સમયસૂચકતા, ઊર્ધ્વમાંથી આવતી દોરવણી, ઉત્કૃષ્ટ દરમિયાનગીરી અથવા સાહજિક પ્રકાશયુકત આંતર દોરવણી, હોય છે. પણ છતાંય આ વિકાસ પણ જરૂરી છે, કારણકે આત્માની અને બૌદ્ધિક તર્કની વચ્ચે પુલ હોવો જોઈએ. આપણી પરિપૂર્ણ આંતર ઉત્ક્રાન્તિ માટે, આધ્યાત્મિક બુદ્ધિનો પ્રકાશ આવશ્યક છે. જો તે ન હોય, અને બીજી ગહનતર દોરવણી હજી પ્રાપ્ત ન થઈ હોય, તો આંતર ગતિ સ્વચ્છંદી, શિસ્તહીન, મલીન, ભિન્નઆધ્યાત્મિક તત્ત્વોથી અથવા એકાંગી અથવા અપૂર્ણ દૃષ્ટિથી સંમિશ્રિત બની જાય. અજ્ઞાન સમગ્ર જ્ઞાનમાં રૂપાંતર પામે તે માટે, આપણામાં આધ્યાત્મિક બુદ્ધિની વૃદ્ધિની જરૂર છે, જે બુદ્ધિ ઉચ્ચતર પ્રકાશને ઝીલીને આપણા સ્વભાવના બધા ભાગોમાં તેને વહેવરાવી શકે તે એક ખૂબ મહત્ત્વની વચગાળાની જરૂરિયાત છે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૭૮–૮૦)

આમાં તમે મને બાર પ્રશ્નો પૂછી શકો એટલી સામગ્રી છે! (એક બાળકને) તે બારમાંનો પ્રથમ પ્રશ્ન તું પૂછ.

(મૌન)

મારે અહીં એક પ્રશ્ન છે, પણ તે શાબ્દિક પ્રશ્ન છે, અર્થાત્ તે બહુ રસપ્રદ નથી. તે ફકરાના આરંભ વિષે છે. "અસ્તિત્વના આધ્યત્મિક પ્રમેયની માનસિક ચેતના' નો શો અર્થ છે?

તે એવા માણસનો પ્રશ્ન છે કે જે 'પ્રમેય' નો અર્થ જાણતો નથી!

પ્રમેય એટલે સત્યનું એવું કથન કે જે તર્ક બુદ્ધિ દ્વારા પ્રાપ્ત થયેલું હોય છે. ગણિતશાસ્ત્રમાં તે શબ્દ તદ્દન સઘન રીતે વાપરવામાં આવતો હોય છે, અને બીજાં બાહ્ય વિજ્ઞાનોમાં પણ. તત્ત્વચિંતનીય દૃષ્ટિબિન્દુથી જોતાં, તે એ જ વસ્તુ છે. આ દાખલામાં, અસ્તિત્વના આધ્યાત્મિક પ્રમેયને આ રીતે મૂકી શકાય, અનેકતામાં એક અથવા સંબંધોમાં પરાત્પર. પણ માનસિક પરિણામોને સમજાવવા માટે આપણે તત્ત્વચિંતનમાં જવું જોઈશે; હું માનું છું કે તે માટે તમે હજી તૈયાર

નથી. તેનો અર્થ સાચી રીતે સમજવા માટે, એમ લાગે છે કે તત્ત્વચિંતન હંમેશાં સત્યને કિનારે ભ્રમણ કરતું હોય છે. ટેન્જન્ટની પેઠે, જે વધારે ને વધારે નજીક આવતું જતું હોય છે, પણ કદી સ્પર્શ કરી શકતું નથી, કંઈક તેમાંથી છટકી જતું હોય છે. અને આ 'કંઈક' તે હકીકતમાં, સત્યમાં રહેલું સત્ય છે.

આ વસ્તુઓ સમજવા માટે માત્ર અનુભૂતિ જ, સત્યમાં જીવવું એ જરૂરી છે, જેમ સામાન્ય ઈન્દ્રિયો તેને અનુભવે છે તેમ નહિ, પણ પોતામાં સત્યનો સાક્ષાત્કાર કરવો, બંને વિરુદ્ધ સ્થિતિઓ એકી વખતે એકી સાથે જ રહેતી હોય છે તે સઘન અસ્તિત્વનો અનુભવ કરવો. શબ્દો તો માત્ર ગૂંચવાડો જ પેદા કરે, માત્ર અનુભૂતિ જ વસ્તુની સઘન વાસ્તવિકતા આપી શકે. પરાત્પરનું અને સાંબંધોનું, એકનું અને અનેકતાનું બંનેનું એક સાથે હોવું, એક પછી બીજી સ્થિતિ આવે એમ નહિ, પણ એક જ સ્થિતિ જેનું બે વિરુદ્ધ પ્રકારે વાસ્તવિકતા સાથેના સંબંધમાં જે દૃષ્ટિબિન્દુ લેવામાં આવે તેના પર આધાર રાખતું દર્શન થાય.

શબ્દો પોતે તો અનુભૂતિને ખોટી રીતે રજૂ કરતા હોય છે. શબ્દોમાં કથન કરવા માટે, માણસ એક ડગલું પાછો નથી જતો હતો, પણ એક ડગલું નીચે ઉતરતો હોય છે; અને તેથી તાત્ત્વિક સત્ય છટકી જતું હોય છે. અનિર્વચનીય સત્યને પહોંચવાના માર્ગને ઓછા વત્તા પ્રમાણમાં સુગમ બનાવવા માટે શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ. આ દૃષ્ટિબિન્દુથી જોતાં, બધાં જ કથનો એક સરખાં હોય છે. દરેક કથન શ્રેષ્ઠ છે, જે બીજા કથનને યાદ રાખવામાં મદદ રૂપ બનતું હોય, અર્થાત જે રીતે કૃપાની દરમિયાનગીરી વિચારમાં સ્થાપિત થતી હોય.

ઘણું કરીને કોઈ બે પ્રકારો તદ્દન એક સરખા નથી હોતા. દરેક જણે પોતાનો માર્ગ શોધી કાઢવો જોઈએ. પણ માણસે ભૂલ ન કરવી જોઈએ. માર્ગને તર્કબુદ્ધિ વડે ખોલી કાઢવાનો હોતો નથી, તેને અભીપ્સા વડે ખોલી કાઢવાનો હોય છે. તે અધ્યયન અને પૃથક્કરણ વડે પ્રાપ્ત નથી થતો, પણ અભીપ્સાની ઉત્કટતા વડે અને આંતર ખુલ્લાપણાની, દિલની સચ્ચાઈ વડે પ્રાપ્ત થાય છે.

જ્યારે માણસ સાચી રીતે, સંપૂર્ણપણે માત્ર સત્ય પ્રત્યે જ, પછી તે સત્યને તમે ગમે તે નામ આપો વળેલો હોય છે, જ્યારે બીજી બધી વસ્તુઓ ગૌણ બની ગઈ હોય છે, જ્યારે તે એક જ વસ્તુ અનિવાર્ય અને આજ્ઞાકારક બની ગઈ હોય છે, ત્યારે જવાબ પ્રાપ્ત કરવા માટે, ઉત્કટ, કેવળ, સમગ્ર એકાગ્રતાની એક જ ક્ષણ પૂરતી હોય છે.

આ બાબતમાં અનુભૂતિ પ્રથમ આવે છે; તેના પરિણામ રૂપે, સ્મૃતિ રૂપે કથન પાછળથી સ્પષ્ટ બનતું હોય છે. આ રીતે માણસ ચોક્કસ ભૂલ કરતો હોતો નથી. કથન વક્તા ઓછા પ્રમાણે નિશ્ચિત હોઈ શકે. જ્યાં સુધી માણસ તેનો એક કટ્ટર સિદ્ધાંત બનાવી લેતો નથી, ત્યાં સુધી તે કથન બહુ મહત્ત્વનું નથી.

તમારે માટે તે સારું છે, માત્ર તેની જ જરૂર છે. જો તમે તેને પછી તે ગમે તે હોય બીજા પર ઠોકી બેસાડવા માગો છો, તો તે વસ્તુ પરિપૂર્ણ હોય છતાં પણ તે અસત્ય બની જાય છે.

તેથી ધર્મો હંમેશાં ભૂલ ભરેલા હોય છે, કારણકે તેઓ અનુભૂતિની અભિવ્યકિતને એક ધોરણ બનાવી દેવા માગતા હોય છે અને તેને દરેક જણ પર, એક અકાટય સત્ય તરીકે, ઠોકી બેસાડવા માગતા હોય છે. જેને અનુભૂતિ થઈ હતી તેને માટે, તે સત્ય હતી, પરિપૂર્ણ હતી, ખાતરી આપી શકે તેવી હતી, તેણે તેનું જે કથન કર્યું તે તેને માટે સરસ હતું, પણ તેને બીજાઓ પર ઠોકી બેસાડવું તે પાયાની ભૂલ છે, જેનાં પરિણામો બહુ ખતરનાક આવતાં હોય છે, જે સત્યથી બહુ વેગેળે દૂર દોરી જતાં હોય છે.

તેથી ધર્મ ગમે તેવો સુંદર હોય, પણ તેણે માણસોને ખરાબમાં ખરાબ અતિશયતાઓ પ્રત્યે દોર્યા છે. ધર્મને નામે જે ગુન્નાઓ થયા છે, જે ભયંકરતાઓ આચરાઈ છે તે માનવ ઈતિહાસ પર સૌથી વધારે કાળાં કલંકો છે, અને તે પણ માત્ર શરૂઆતની નાનકડી ભૂલને પરિણામે એક વ્યકિત માટે જે સાચું છે તેને સમૂહ માટે પણ સાચું બનાવવાની માનવાની ઈચ્છા.

(મૌન)

માર્ગ બતાવવો જોઈએ, દ્વાર ખોલવું જોઈએ; પણ દરેક જણે પોતાના માર્ગને અનુસરવું જોઈએ, દ્વારમાંથી પસાર થવું જોઈએ, અને પોતાના અંગત સાક્ષાત્કાર પ્રત્યે પ્રગતિ કરવી જોઈએ.

માત્ર કૃપાની જ મદદ મળતી હોય છે, તેની જ મદદ લેવી જોઈએ, જે કૃપા, દરેક જણની જરૂરિયાત અનુસાર, તેને માટે રચના કરતી હોય છે.

*

૧ ઓકટોબર ૧૯૫૮

મધુર માતાજી, નૈતિક પરિપૂર્ણતાનો આદર્શ શો છે?

હજારો પ્રકારની નૈતિક પૂરિપૂર્ણતાઓ હોય છે. દરેક જણને નૈતિક પરિપૂર્ણતાનો પોતાનો આદર્શ હોય છે.

મોટે ભાગે, નૈતિક મનાતા બધા સદ્‌ગુણોને પ્રાપ્ત કરવા તેને નૈતિક પરિપૂર્ણતા કહેવામાં આવે છે. દોષો ન હોવા, કદી ભૂલ ન કરવી, કદી ખોટી વસ્તુ ન કરવી, બધા સદ્‌ગુણો હોવા, ઉચ્ચતમ માનસિક ખ્યાલોને સિદ્ધ કરવા, માણસો એ જે સૌથી વધારે સુંદર, સૌથી વધારે ઉદાત્ત, સૌથી વધારે સત્ય કલ્પ્યું છે તેને પ્રાપ્ત કરવું અને તેને સમગ્રપણે જીવનમાં ઉતારવું, પોતાનાં બધાં કાર્યોને અને ગતિઓને તેના વડે નિયમિત કરવાં; બધી લાગણીઓને, પ્રતિકાર્યોને તેના વડે નિયમિત કરવાં, આને પરિપૂર્ણતાનો નૈતિક આદર્શ કહેવામાં આવે છે. તે માણસની માનસિક ઉત્ક્રાંતિનું શિખર છે.

ઘણા લોકો તે કરતા હોતા નથી; છતાં કેટલાક લોકોએ તે કર્યું હતું અને હજી પણ કરે છે. સામાન્ય રીતે, લોકો આને આધ્યાત્મિક જીવન માની લેતા હોય છે. જ્યારે તેઓ આ પ્રકારનાં માણસને મળે છે, ત્યારે તેઓ કહે છે કે, ઓહ, આ તો મહાન આધ્યાત્મિક વ્યકિત છે. તે મહાન સંત હોય, મહાન સાધુ હોય; પણ તે આધ્યાત્મિક વ્યકિત નથી.

અને છતાં આને સિદ્ધ કરવું તે ખૂબ સરસ હોય છે, ખૂબ મુશ્કેલ હોય છે. પછી આંતર ઉત્ક્રાંતિમાં એવો એક સમય આવે છે, જ્યારે આને સિદ્ધ કરવું એ ખૂબ જરૂરી હોય છે. પોતાના આવેગો વડે અને અજ્ઞાનમય બાહ્ય પ્રતિકાર્યો વડે ધકકેલાવા કરતાં તે અનંતગણું ઉચ્ચતર છે. તે પોતાની પ્રકૃતિના સ્વામી બનવાના માર્ગ પર આવી ગયાની નિશાની છે. તે સ્થિતિમાંથી માણસે પસાર થવું જ પડતું હોય છે, કારણ કે તે સ્થિતિમાં માણસ પોતાની અહંતા પર પ્રભુત્વ સ્થાપવાનો પ્રારંભ કરી દેતો હોય છે, અહંતાને ફગાવી દેવાની શરૂઆત કરી દેતો હોય છે; હજી અંહતા રહી હોય છે ખરી, પણ તે બહુ જ નબળી બની ગઈ હોય છે. બીજી બાજૂને પ્રાપ્ત કરવામાં, આ છેલ્લી સ્થિતિ છે. એ સ્થિતિ જો પ્રાપ્ત ન કરી હોય, તો માણસ મોટી ભૂલ કરી બેસે, પરિપૂર્ણ નબળાઈને પરિપૂર્ણ સ્વતંત્રતા માનવાની ભૂલ કરી બેસે.

અમુક સમય સુધી પછી ભલે તે ટૂંકો ગાળો હોય, આ નૈતિક પરિપૂર્ણતાના આદર્શને સિદ્ધ કરવામાંથી માણસ જો પસાર ન થાય, તો ખૂબ પરિપૂર્ણ અને નોંધપાત્ર માનસિક સત્‌માંથી સાચા આધ્યાત્મિક જીવનમાં પ્રવેશવું તે લગભગ અશક્ય છે. ઘણા લોકો ટૂંકો માર્ગ લેવા માગતા હોય છે, તેમના બાહ્ય સ્વભાવની સર્વ નબળાઈઓ પર વિજય પ્રાપ્ત કર્યા પહેલાં પોતાની આંતર સ્વતંત્રતાને મોકળો માર્ગ આપવા માગતા હોય છે, તેઓ પોતાની જાતને છેતરવાનું મહાન જોખમ વહોરી રહ્યા હોય છે. સાચું આધ્યાત્મિક જીવન, પરિપૂર્ણ સ્વતંત્રતાએ ઉચ્ચતમ નૈતિક પરિપૂર્ણતા કરતાં ખૂબ ઉચ્ચતર વસ્તુ છે; પણ માણસે ખૂબ સાવધાનતા રાખવી જોઈએ કે એ કહેવાતી સ્વતંત્રતા એ વિષય ભોગ નથી, સર્વ નિયમોની અવગણના નથી.

માણસે હંમેશાં ઊંચે, વધારે ઊંચે જવાનું છે, ઉચ્ચતમ માનવતાએ જે સિદ્ધ કર્યું છે તેનાથી જરા પણ ઓછું નહિ.

માનવતાએ જેને ઉચ્ચતમ, સૌથી વધારે સુંદર, સૌથી વધારે પરિપૂર્ણ, સૌથી વધારે નિઃસ્વાર્થ, સૌથી વધારે વિશાળ, શ્રેષ્ઠ ગણ્યું છે, તેને સિદ્ધ કરવા માટે માણસે આપોઆપ સમર્થ બનવું જોઈએ. પછી જ તે પોતાની આધ્યાત્મિક પાંખો ખોલવી જોઈએ, ઊર્ધ્વમાંથી તે બધી વસ્તુઓ પર નજર કરવી જોઈએ, જેથી તે સાચી, અમર્યાદિત આધ્યાત્મિકતામાં પ્રવેશી શકે, જે આધ્યાત્મિકતા સમગ્ર રીતે અનંતતામાં અને શાશ્વતીમાં જીવન ધારણ કરે છે.

*

૮ ઓકટોબર ૧૯૫૮

મધુર માતાજી, માનવ અને અતિમાનવ વચ્ચે કોઈ વચગાળાની સ્થિતિઓ નહિ હોય?

ઘણું કરીને વચગાળાની ઘણી સ્થિતિઓ હશે.

માનવ અને અતિમાનવ? તમે નવીન અતિમાનસ જાતિની વાત નથી કરતા, નહિ વારુ? તમે આપણે જેને વાસ્તવિક રીતે અતિમાનવ કહીએ છીએ, જે

માનવીય રીતે જન્મ્યો હશે અને તે રીતે પ્રાપ્ત થયેલા શારીરિક અસ્તિત્વનું જે રૂપાંતર કરવા માટે પ્રયત્ન કરતો હશે, તેની વાત કરો છે? ત્યાં કોઈ ક્રમિક સ્થિતિઓ હોય છે? ચોક્કસ, તેમાં અસંખ્ય આંશિક સાક્ષાત્કારો હશે. દરેક જણની શકિત અનુસાર, રૂપાંતરની માત્રા ભિન્ન ભિન્ન હશે. તે વાત ચોકકસ છે કે તેમાં ઘણા પ્રયાસો હશે, જે ઓછા વત્તા પ્રમાણમાં સફળ અથવા નિષ્ફળ નીવડયા હશે. પછી જ આપણે કાંઈક અતિમાનવ પાસે જઈ શકીશું, અને તે પણ ઓછા વત્તા પ્રમાણમાં થયેલા પ્રયાસો જ હશે.

જે લોકો પોતાની સામાન્ય પ્રકૃતિ પર વિજય મેળવવા માગે છે; દિવ્ય સત્ય સાથે તેમનો સંપર્ક સાધી આપનાર, ગહનતર અનુભૂતિને ભૌતિક રીતે સિદ્ધ કરવા માટે પ્રયાસ કરે છે, પરાત્પરમાં અથવા ઉચ્ચતમમાં વળવાને બદલે જેઓ પોતામાં સિદ્ધ થયેલા ચેતનાના પરિવર્તનને શારીરિક રીતે, બાહ્ય રીતે સિદ્ધ કરવા પ્રયાસ કરે છે તે બધા ઉમેદવાર અતિમાનવો છે. તેમના પ્રયાસોની સફળતામાં અસંખ્ય ભેદો હોય છે. જ્યારે જ્યારે આપણે સામાન્ય માનવી મટી જઈને, સામાન્ય જીવન ન જીવતાં, આપણી ગતિઓમાં, કર્યોમાં, પ્રતિકાર્યોમાં દિવ્ય સત્યને અભિવ્યકત કરવાનો પ્રયત્ન કરીએ છીએ, સામાન્ય અજ્ઞાન વડે શાસિત થવાને બદલે આપણે જ્યારે તે સત્ય વડે શાસિત થવાનો પ્રયત્ન કરીએ છીએ, ત્યારે આપણે ઉમેદવાર અતિમાનવો હોઈએ છીએ; આપણા પ્રયાસોની સફળતા અનુસાર, આપણે વધારે કે ઓછા ઉમેદવારો હોઈએ છીએ, માર્ગ પર વધારે કે ઓછા આગળ વધ્યા હોઈએ છીએ.

એટલે આ બધી ક્રમિક અવસ્થાઓ છે. હકીકતમાં, રૂપાંતર પ્રત્યેની આ દોડની શરતમાં પ્રશ્ન એ છે કે બેમાંથી પહેલો કોણ લક્ષ્યને પહોંચશે, દિવ્ય સત્યના પ્રતિબિંબમાં પોતાના શરીરનું જે રૂપાંતર કરવા માગે છે તે, કે પછી શરીરની જૂની ટેવ, જેમાં શરીર ધીમે ધીમે વિકૃત બનતું જાય છે અને છેવટે બાહ્ય સમગ્રતામાં જીવવાનું ચાલુ રાખી શકાતું નથી તે રૂપાંતર અને ક્ષીણતા વચ્ચે દોડની હરીફાઈ છે. કારણકે તેમાં બે જ વિરામસ્થાનો હોય છે, માણસ કયાં સુધી સફળ થયો છે તે બતાવનારી બે વસ્તુઓ હોય છે, કાંતો અતિમાનવ બન્યાની સફળતા કે જ્યારે માણસ કહી શકે કે હવે હું લક્ષ્યને પહોંચ્યો છું, અથવા તો મૃત્યુ. ત્યાં સુધી માણસ માર્ગ પર આગળ વધતો હોય છે.

લક્ષ્યની પ્રાપ્તિ અથવા મૃત્યુ, આ બેમાંથી એક આગેકૂચને અટકાવી દે છે. માર્ગ પર તેમાંનો દરેક જણ વત્તાઓછા પ્રમાણમાં આગળ વધ્યો હોય છે, પણ

જ્યાં સુધી માણસ અંતને પહોંચ્યો હોતો નથી, ત્યાં સુધી તે કયી સ્થિતિમાં છે તે ન કહી શકાય. તેમાં આખરી પગલું નિર્ણાયક મહત્ત્વનું હોય છે. એટલે સો અથવા હજાર વર્ષો પછી આવનારો માણસ, પાછળ દૃષ્ટિપાત કરીને, કહી શકે કે આ સ્થિતિ અથવા પેલી સ્થિતિ હતી, આ સાક્ષાત્કાર અથવા પેલો સાક્ષાત્કાર સિદ્ધ થયો હતો. તે ઇતિહાસ છે, તે ઘટનાનું ઐતિહાસિક દર્શન હશે. ત્યાં સુધી આપણે બધા જ ગતિની, કાર્યની મધ્યમાં છીએ.

આપણે કયાં સુધી આગળ ગયા છીએ, અને કયાં સુધી આગળ જઈશું? તેને વિષે બહુ વિચાર ન કરવો એ વધારે સારું છે, કારણકે તે તમને અપંગ બનાવી દે છે, તમે સારી રીતે દોડી શકતા નથી. માત્ર દોડવાની બાબતનો જ વિચાર કરવો તે વધારે સારું છે, બીજાં કશાનો નહિ. તે જ સારી રીતે દોડવાનો માર્ગ છે. તમે લક્ષ્ય પ્રત્યે જુઓ છો અને આગળ વધવાની ગતિમાં જ તમારો સર્વ પ્રયત્ન મૂકી આપતા હો છો. તમે કેટલે દૂર આગળ પહોંચ્યા છો, તે તમારી ચિંતાનો વિષય નથી. હું આને ઇતિહાસ કહું છું, તે પાછળથી આવશે. આપણા પ્રયાસના ઇતિહાસકારો કહેશે કે, કારણકે આપણે કદાચ તે વખતે જીવતા હોઈશું, આપણે શું કર્યું અને કેવી રીતે કર્યું. અત્યારે તે કાર્ય કરવાની જ જરૂર છે, આ જ મહત્ત્વની વસ્તુ છે.

*

૨૨ ઓકટોબર ૧૯૫૮

"પણ આ દૃષ્ટિબિન્દુથી માનવમાં થયેલી આધ્યાત્મિક ઉત્ક્રાંતિની સાચી અર્થવત્તાનું અથવા આધ્યાત્મિકતાનું મૂલ્ય ન આંકી શકાય. કારણકે તેનું સાચું કાર્ય, ભૂતકાળના અથવા અત્યારના માનસિક પાયા પર માનવીય સમસ્યાઓનો ઉકેલ લાવવાનું નથી, પણ આપણા અસ્તિત્વનો, જીવનનો, અને જ્ઞાનનો એક નવીન પાયો સર્જવાનું છે. રહસ્યવાદીનું તપસ્યામય અથવા પારલૌકિક વલણ એ ભૌતિક પ્રકૃતિ વડે લદાયેલી મર્યાદાઓ સ્વીકારવાના ઈન્કારનું, છેલ્લી હદનું, કથન છે, કારણકે તેના અસ્તિત્વનો હેતુ જ પ્રકૃતિથી પર જવાનો હોય છે, જો તે તેનું રૂપાંતર ન સાધી શકતો હોય, તો તેણે પ્રકૃતિનો ત્યાગ કરવો જ રહ્યો. પણ સાથે

સાથે, આધ્યાત્મિક માનવે માનવ જાતિના જીવનમાંથી તદ્દન પાછો હઠી ગયો નથી, કારણ કે સર્વ પ્રાણીઓ સાથે એકતાની ભાવના, વૈશ્વિક પ્રેમ અને કરૂણા પર મૂકાતો ભાર, બધાં પ્રાણીઓના કલ્યાણ માટે પોતાની શકિતઓને ખર્ચવાનો સંકલ્પ આ બધું આત્માની સકિય ખિલવણી માટે કેન્દ્રસ્થ હોય છે. તેથી તે બીજાઓને મદદ કરવા તરફ વળ્યો છે. પ્રાચીન ઋષિઓ અથવા પયગંબરો પેઠે તેણે માનવ જાતિને દોરવણી આપી છે, અને નવીન સર્જનો કરવા માટે નીચે નમ્યો છે. પણ જ્યારે તેણે આત્માની સીધી શકિત સાથે, તેમ કર્યું છે, ત્યારે પરિણામો ખૂબ મહાન આવ્યાં છે. પણ આધ્યાત્મિકતા સમસ્યાનો જે ઉકેલ આપે છે તે બાહ્ય સાધનો વડે તો નથી હોતો જો કે તે સાધનોનો પણ ઉપયોગ તો કરવાનો હોય છે જ, પણ તે ઉકેલ આંતર પરિવર્તન વડે, ચેતનાના અને સ્વભાવના રૂપાંતર વડે લાવવાનો હોય છે.

જો તે પરિણામ નિશ્ચયાત્મક ન હોય, માત્ર સહાયક જ હોય, ચેતનામાં કેટલાંક નવીન, વધારે સૂક્ષ્મ તત્ત્વોનો ઉમેરો જ હોય, તો તે પરિણામ સામાન્ય પ્રકારનું હોય છે, તેમાં જીવનનું રૂપાંતર થયું હોતું નથી. તેનું કારણ એ હોય છે કે સમૂહમાં તો માનવી હંમેશાં આધ્યાત્મિક આવેગને આડમાર્ગે ફંટાવી દેતો હોય છે, આધ્યાત્મિક આદર્શમાંથી પાછો પડી ગયો હોય છે, અથવા તેના બાહ્ય રૂપને જ વળગી રહ્યો હોય છે અને આંતર પરિવર્તનનો તેણે ઈન્કાર કર્યો હોય છે. આધ્યાત્મિકતાને જીવન સાથે કામ પાડવા માટે, બિનઆધ્યાત્મિક પદ્ધતિથી ન બોલાવી શકાય; રાજકારણી, સામાજિક, અથવા યાંત્રિક સાધનો વડે બધાં અનિષ્ટો મિટાવી દેવાનો પ્રયત્ન કરવા આધ્યાત્મિકતાને ન બોલાવી શકાય, જે સાધનોનો પ્રયાસ મન સતત કરતું હોય છે, અને જે હંમેશાં નિષ્ફળ નીવડ્યાં છે અને કોઈ પણ વસ્તુનો ઉકેલ લાવવામાં નિષ્ફળ જવાનાં જ છે. આ સાધનો જે તળિયા ઝાટક પરિવર્તનો લાવે છે તે કશાનું પરિવર્તન કરી શકતાં હોતાં નથી, કારણકે જૂનાં અનિષ્ટો નવાં રૂપોમાં અસ્તિત્વ ધરાવે છે. બાહ્ય પરિસ્થિતિઓમાં ફેરફાર થાય છે, પણ માણસ જેવો હતો તેવો જ રહે છે. તે હજી પણ અજ્ઞાનમય, માનસિક પ્રાણી છે, જે તેના જ્ઞાનનો દુરુપયોગ કરે છે અથવા તેનો ઉપયોગ અસરકારક કરતો નથી; તે અહંના વડે સંચાલિત થાય છે, પ્રાણિક આવેગો અને કામનાઓ વડે શાસિત થાય છે, શરીરની જરૂરિયાતો વડે શાસિત થાય છે, તેનું દૃષ્ટિબિન્દુ બિન આધ્યાત્મિક અને ઉપરપોટિયું હોય છે, તે પોતાની જાતને જાણતો હોતો નથી, અને જે બળો તેને ધકકેલતાં હોય છે, તેનો ઉપયોગ કરતાં હોય છે

તેમને તે જાણતો હોતો નથી. માત્ર આધ્યાત્મિક પરિવર્તન જ, ઉપરચોટિયા માનસિકમાંથી ગહનતર આધ્યાત્મિક ચેતનામાં તેના સતની ઉત્ક્રાન્તિ જ સાચો અને અસરકારક તફાવત લાવી શકે. આધ્યાત્મિક માનવનું મુખ્ય કાર્ય છે પોતામાં રહેલા આધ્યાત્મિક સત્‌ને શોધી કાઢવું તે; માનવ જાતિને તેની સાચી સેવા છે તે જ ઉત્ક્રાન્તિ પ્રત્યે જવામાં બીજાઓને મદદ કરવી તે. જ્યાં સુધી તે નહિ થાય, ત્યાં સુધી બાહ્ય મદદ રાહત આપી શકે, દુઃખ થોડું ઘણું મટાડી શકે; પણ તેથી વધારે કાંઈ ન થઈ શકે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૮૩—૮૫)

મધુર માતાજી, જેનામાં વધારે આધ્યાત્મિક શકિત નથી તેવો માણસ આ કામમાં કેવી રીતે વધારેમાં વધારે મદદ કરી શકે?

માણસમાં વધારે આધ્યાત્મિક શકિત છે કે ઓછી, તે કેવી રીતે કહી શકાય તે હું જાણતી નથી. તે તે પ્રકારની બાબત નથી.

આધ્યાત્મિક જીવન જીવવા માટે, ચેતનાને ઊલટાવી દેવાની જરૂર છે. માણસમાં માનસિક ક્ષેત્રમાં જે ભિન્ન ભિન્ન શકિતઓ અથવા શકયતાઓ હોય છે તેની સાથે આને કોઈ પણ રીતે સરખાવી શકાય નહિ. કોઈ માણસ માટે એમ કહી શકાય કે તેનામાં ઝાઝી માનસિક, પ્રાણિક, કે શારીરિક શકિત નથી, તેની શકયતાઓ બહુ મર્યાદિત છે; તેવા માણસની બાબતમાં એમ પૂછી શકાય કે તેની શકિતઓનો વિકાસ કેવી રીતે થાય? અર્થાત્‌ તે કેવી રીતે નવીન શકિતઓને પ્રાપ્ત કરી શકે? તે જરાક અઘરું છે. પણ આધ્યાત્મિક જીવન જીવવા માટે, પોતામાં જ એક બીજા જગત પ્રત્યે ખુલ્લા થવાનું હોય છે; જાણે કે પોતાની ચેતનાને ઊલટાવી દેવાની હોય છે. સામાન્ય માનવ ચેતના ખૂબ વિકાસ પામેલા, બુદ્ધિશાળી, મહાન સિદ્ધિ પ્રાપ્ત કરેલા લોકોમાં પણ બહાર કરાતી ગતિ હોય છે; બધી શકિતઓને બહારની દિશામાં મોકલાતી હોય છે; સમગ્ર ચેતના બહાર વીખરાઈ ગયેલી હોય છે, જે કાંઈ અંતર્મુખ બનાવેલી હોય છે તે બહુ જ થોડી, વિરલ, અને આંશિક હોય છે; તે ખાસ પરિસ્થિતિના દબાણને લઈને બનતું હોય છે; જીવન આવા આઘાતો, ચેતનાની બાહ્યીકરણની ગતિને જરાક ઊલટાવવા માટેના આશયથી, આપતું હોય છે.

પણ જે લોકો આધ્યાત્મિક જીવન જીવ્યા છે, તે બધાને તેવા જ અનુભવો થયા હતા. ઓચિંતું તેમના અસ્તિત્વમાંના કાંઈકને ઊલટાવી દેવામાં આવ્યું હતું, અંતર્મુખ બનાવી દેવામાં આવ્યું હતું, સાથે સાથે ઊર્ધ્વકૃત કરવામાં આવ્યું હતું, અંદરથી ઊર્ધ્વમાં, પણ તે બાહ્ય ઊર્ધ્વ નથી હોતું, તે અંદરનું, ગહન ઊર્ધ્વ હોય છે, જે શારીરિક, ભૌતિક ઊંચાઈઓથી ભિન્ન હોય છે. અક્ષરશઃ કશાકને ઊલટાવી દેવામાં આવ્યું હોય છે. એક નિર્ણયાત્મક અનુભૂતિ થઈ હોય છે, અને જીવનનું દૃષ્ટિબિંદુ, જીવન પ્રત્યે જોવાની રીત, તેના સંબંધમાં લેવાનું વલણ ઓચિંતા બદલાઈ જતાં હોય છે; કેટલાક માણસોની બાબતમાં તો તદ્ન નિશ્ચયાત્મક રીતે, પાછાં ન બોલાવી શકાય તેવી રીતે.

જ્યારે માણસ આધ્યાત્મિક જીવન અને વાસ્તવિકતા તરફ વળે છે, ત્યારે તે અનંતનો, શાશ્વતનો સંસ્પર્શ કરે છે, અને પછી વધારે સંખ્યાની કે ઓછી સંખ્યાની શકિતઓનો અથવા શકયતાઓનો સવાલ જ રહેતો નથી. તે આધ્યાત્મિક જીવનનો એક માનસિક ખ્યાલ હોય છે કે જે એમ કહી શકે કે આ માણસમાં આધ્યાત્મિક રીતે જીવવાની વધારે કે ઓછી શકિત છે; પણ તે કથન બિલ્કુલ બરાબર નથી. એમ કહી શકાય કે આ માણસ સંપૂર્ણ અને નિશ્ચયાત્મક રીતે ચેતનાને ઊલટાવી દેવામાં વધારે કે ઓછો તૈયાર છે. હકીકતમાં, સામાન્ય ક્રિયાઓમાંથી નિવૃત્ત થવાની અને આધ્યાત્મિક જીવનની શોધમાં ચાલી નીકળવાની માનસિક શકિતને જ આપી શકાય છે.

પણ જ્યાં સુધી માણસ માનસિક સ્થિતિમાં, અર્થાત્ અત્યારની સ્થિતિમાં હોય છે, ચેતનાની આ ભૂમિકા પર હોય છે, ત્યાં સુધી તે બીજાઓને માટે, સામાન્ય જીવન અથવા ખાસ વ્યકિતઓ માટે, ઝાઝું કરી શકતો નથી, કારણકે તેને પોતાને જ તે કરી શકવા બાબત ખાતરી હોતી નથી, તેને નિશ્ચયાત્મક અનુભૂતિ હોતી નથી, તેની ચેતના આધ્યાત્મિક જગતમાં સ્થાપિત થઈ હોતી નથી. માત્ર એટલું જ કહી શકાય કે તે માનસિક ક્રિયાઓ હોય છે, જેમને સારી તેમજ નરસી બંને બાજુઓ હોય છે, પણ જેમનામાં ઝાઝી શકિત હોતી નથી, ખાસ કરીને સાચી રીતે અસરકારક શકિતવાળા આધ્યાત્મિક સંપર્કની શકિત હોતી નથી.

એક જ વસ્તુ સાચી રીતે અસરકારક હોય છે, અને તે પોતે જેમાં જીવે છે તે ચેતનાની સ્થિતિને બીજામાં સંક્રાંત કરવાની શકયતા. પણ આ શકિતને નવીન રીતે શોધી કાઢી શકાતી નથી, કોઈ પણ તેનું અનુકરણ ન કરી શકે, તે

પોતાની પાસે છે એવો દેખાડો ન કરી શકે. જ્યારે માણસ પોતે તે સ્થિતિમાં સુસ્થિત થયો હોય છે, જ્યારે તે તેમાં જીવતો હોય છે, જીવવા માટે પ્રયત્ન કરતો નહિ, ત્યારે તે શક્તિ આપોઆપ પ્રગટ થાય છે. તેથી સાચા આધ્યાત્મિક જીવનવાળા લોકો કદી છેતરાતા હોતા નથી.

જે લોકો મનમાં જીવે છે તેમને આધ્યાત્મિક જીવનનું અનુકરણ ઠગી શકે, પણ જે લોકોએ પોતામાં આ ચેતનાને ઊલટાવી દીધી છે, બાહ્ય જીવન સાથે જેમનો સંબંધ તદ્દન ભિન્ન પ્રકારનો હોય છે, તેઓ કદી છેતરાતા હોતા નથી, ભૂલ કરતા હોતા નથી.

માનસિક સત્ આવા લોકોને સમજી શકતું હોતું નથી. જ્યાં સુધી માણસ માનસિક ચેતનામાં છે, પછી ભલે તે ઉચ્ચતમ હોય, અને આધ્યાત્મિક જીવનને બહારથી જુએ છે, ત્યાં સુધી તે પોતાની માનસિક શક્તિઓ વડે નિર્ણય કરતો હોય છે; તે ખોળવાની, ભૂલ કરવાની, સુધારવાની, પ્રગતિ કરવાની, ફરી ખોજ કરવાની ટેવ વડે નિર્ણય કરતો હોય છે. તેવો માણસ માને છે કે આધ્યાત્મિક જીવનવાળા લોકોમાં પણ તે જ પ્રકારની અશક્તિ હોય છે; પણ તે એક બહુ મોટી ભૂલ છે!

જ્યારે અસ્તિત્વ ઊલટી ગયું હોય છે, ત્યારે બધું પતી જાય છે. પછી તે માણસ ખોજતો હોતો નથી, પણ જોતો હોય છે. તે નિગમન તારવતો હોતો નથી પણ જાણતો હોય છે. તે ફાંફાં મારતો હોતો નથી, પણ સીધો લક્ષ્ય પ્રત્યે ચાલતો હોય છે. જ્યારે માણસ જરાક આગળ વધેલો હોય છે. ત્યારે તે પરમ સત્યને જાણે છે, અનુભવે છે, જીવે છે, એ પરમ સત્યને કે, માત્ર પરમ સત્ય એકલું જ કાર્ય કરતું હોય છે, પરમાત્મા એકલા જ માનવ પ્રાણીઓ દ્વારા સંકલ્પ કરતા હોય છે, જાણતા હોય છે, અને કાર્ય કરતા હોય છે. પછી ભૂલ થવાની શક્યતા રહે જ કયાંથી? પરમાત્મા જે કરે છે, તે પોતાનો સંકલ્પ હોવાથી કરતા હોય છે.

આપણી ભૂલ ભરેલી દૃષ્ટિ માટે, તે કદાચ ન સમજી શકાય તેવાં કાર્યો હોય, પણ તે કાર્યોમાં અર્થ હોય છે, લક્ષ્ય હોય છે, જ્યાં માણસને દોરી જવાનો હોય છે ત્યાં તે દોરી જતાં હોય છે.

મૌન

જો માણસ સાચા દિલથી બીજાઓને તથા જગતને મદદ કરવા માગતા હોય, તો સૌથી શ્રેષ્ઠ વસ્તુ એ છે કે બીજાઓ જેવા બને તેમ તે ઇચ્છતો હોય તેવા પ્રથમ પોતે બનવું, માત્ર દૃષ્ટાંત તરીકે જ નહિ, પણ એટલા માટે કે પછી પોતે એક કિરણો બહાર ફેંકતું શકિતનું કેન્દ્ર બની જાય છે, જે શકિત, પોતે અસ્તિત્વ ધરાવે છે તે હકીકત વડે જ, બાકીના જગતને પોતાનું રૂપાંતર સિદ્ધ કરવાની ફરજ પાડે છે.

*

૨૯ ઓક્ટોબર ૧૯૫૮

"એ વાત સાચી છે કે આધ્યાત્મિક વલણ જીવન પ્રત્યે જોતું હોય છે તેના કરતાં વધારે જીવનથી પર જોતું હોય છે. એ પણ સાચી વાત છે કે આધ્યાત્મિક પરિવર્તન વ્યકિતગત હોય છે, સામૂહિક નહિ. તેનું પરિણામ માનવમાં સફળ બન્યું હોય છે, પણ માનવ સમૂહમાં નહિ, અથવા તો માત્ર આડકતરી રીતે જ કાર્યાન્વિત પ્રકૃતિની આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ હજી ચાલુ છે, અપૂર્ણ છે એમ પણ કહી શકાય કે તેનો હજી પ્રારંભ જ થયો છે. તેનું મુખ્ય કાર્ય છે આધ્યાત્મિક ચેતનાનો અને જ્ઞાનનો પાયો વિકસાવવાનું, આત્માના સત્યમાં જે સનાતન છે તેના દર્શન માટે વધારે ને વધારે રચનાનું સર્જન કરવાનું. જ્યારે પ્રકૃતિ, વ્યકિત દ્વારા, આ ઉત્કટ ઉત્ક્રાંતિમાં અને રચનામાં પરિપૂર્ણ રીતે સ્થાપિત બને, ત્યારે જ કાંઈક મૌલિક વિસ્તારશીલ, સક્રિય રીતે પ્રસરણશીલ વસ્તુની આશા રાખી શકાય અથવા સામૂહિક આધ્યાત્મિક જીવન એક સફળ, સ્થાયી રૂપ પ્રાપ્ત કરે. એવા પ્રયાસો થયા છે, પણ તે મોટે ભાગે વ્યકિતની આધ્યાત્મિકતાની વૃદ્ધિ માટે, તેના સંરક્ષણના ક્ષેત્ર તરીકે. ત્યાં સુધી વ્યકિતએ પોતાનાં મન, પ્રાણને આત્માના સત્ય સાથે સુસંગત રીતે, સંપૂર્ણપણે પરિવર્તિત કરવાની સમસ્યામાં ગૂંથાયેલી રહેવું જોઈએ, જે આત્માના સત્યને તેણે પોતાના આંતર અસ્તિત્વમાં અને જ્ઞાનમાં પ્રાપ્ત કર્યું છે અથવા કરી રહ્યો છે. સામૂહિક આધ્યાત્મિક જીવન માટે કસમયે, વહેલો કરાયેલો પ્રયાસ, તેની ક્રિયાશીલ બાજૂમાં, આધ્યાત્મિક જ્ઞાનની કોઈ અપૂર્ણતાથી, વ્યકિતગત સાધકોની અપૂર્ણતાઓથી, સામાન્ય માનસિક, પ્રાણિક, શારીરિક ચેતનાનાં આક્રમણોથી જે સત્યનો કબજો લઈ લે, તેને યાંત્રિક બનાવી દે, તેને અસ્પષ્ટ બનાવી

મૂકે, દૂષિત બની જવાનો સંભવ છે. માનસિક બુદ્ધિ અને તેની મુખ્ય તર્કશકિત માનવ જીવનના તત્ત્વને અને જક્કી લક્ષણને બદલી ન શકે; તે તો માત્ર અનેક પ્રકારની યાંત્રિકતાઓ, વિકાસો, રચનાઓ સર્જી શકે. પણ સમગ્ર મનનું હજી આધ્યાત્મીકરણ થયું નથી, તેમાં પરિવર્તન કરવા સમર્થ નથી. આધ્યાત્મિકતા આંતર સત્‌ને મુકત કરે છે, પ્રકાશિત કરે છે, તે મનને પોતા કરતાં ઉચ્ચતર તત્ત્વ સાથે સંબંધ બાંધવામાં મદદ કરે છે, પોતાની જાતથી ભાગી જવામાં પણ મદદ કરે છે, તે આંતર અસર વડે માનવ વ્યકિતઓના બાહ્ય સ્વભાવને વિશુદ્ધ કરે છે, ઊર્ધ્વીકૃત કરે છે. પણ જ્યાં સુધી તેને માનવ સમૂહમાં મનરૂપી કરણ દ્વારા, કાર્ય કરવાનું છે, ત્યાં સુધી તે પૃથ્વી જીવન પર અસર પાડી શકે, પણ તે જીવનનું રૂપાંતર સિદ્ધ ન કરી શકે. આ કારણે, આધ્યાત્મિક મન તેવી અસર પાડવાથી સંતોષ માની લેતું હોય છે, અને બીજે કયાંક, અતિલૌકિક જીવનમાં મુખ્યત્વે પોતાની સિદ્ધિ શોધતું હોય છે અથવા તો બહિર્મુખ પ્રયત્નને બિલકુલ ત્યજી દેતું હોય છે અને માત્ર વ્યકિતગત આધ્યાત્મિક ઉદ્ધાર અથવા પરિપૂર્ણતા પર ધ્યાન કેન્દ્રિત કરતું હોય છે. અજ્ઞાન વડે સર્જાયેલા સ્વભાવનું સંપૂર્ણ રૂપાંતર કરવા માટે, મન કરતાં ઉચ્ચતર, ક્રિયાશીલ કરણની જરૂર છે."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૮૫-૮૬)

મધુર માતાજી, "આધ્યાત્મિકતા મનને પોતામાંથી છટકી જવામાં મદદ કરે છે?

જ્યાં સુધી મનને એવી ખાતરી હોય છે કે, હું માનવ ચેતનાનું શિખર છું, મારાથી પર ઊર્ધ્વમાં બીજી કોઈ વસ્તુ નથી, ત્યાં સુધી તે પોતાની કામગીરીને પરિપૂર્ણ માનતું હોય છે, અને તે કામગીરીની મર્યાદામાં પોતે જે પ્રગતિ કરી શકે તેનાથી સંતોષ માનતું હોય છે; સ્પષ્ટતામાં, નિશ્ચિતતામાં, જટિલતામાં, ચપળતામાં, અને પોતાની ગતિઓની મુલાયમતામાં તે સંતોષ માનતું હોય છે.

પોતાને માટે, પોતે જે કરી શકે છે તેને માટે પૂર્ણ સંતોષ માનવાનું વલણ મનમાં હંમેશાં રહેલું છે. જો મન કરતાં ઉચ્ચતર શકિત, અકાટય રીતે, મનને તેની મર્યાદાઓ ન બતાવે, તેની દરિદ્રતા ન બતાવે, તો સાચા દ્વાર મારફતે તે બધી વસ્તુઓમાંથી બહાર નીકળવાના માર્ગને શોધવાનો તે કદી પ્રયત્ન ન કરે, ઉચ્ચતર અને વધારે સાચા અસ્તિત્વમાં તે મુકિત માટે પ્રયત્ન ન કરે.

જ્યારે આધ્યાત્મિક શકિત કાર્ય કરવા સમર્થ બને છે, જ્યારે તે પ્રભાવ ડાલવાનો પ્રારંભ કરે છે, ત્યારે તે મનના આત્મસંતોષને આંચકો આપે છે, અને સતત દબાણ વડે મન પાસે એવું મનાવે છે કે મારા કરતાં વધારે ઉચ્ચ અને સત્ય કોઈક ચીજ છે. પછી તે પ્રભાવને લઈને તેનું થોડુંક મિથ્યાભિમાન ઓગળી જાય છે. જ્યારે મનને ખ્યાલ આવે છે કે હું મર્યાદિત છું, અજ્ઞાન છું, સાચા સત્યને પ્રાપ્ત કરવા અશક્ત છું, ત્યારે કોઈક પર વસ્તુ પ્રત્યે ખુલ્લાપણા વડે મુકિતની શરૂઆત થાય છે. પણ તે પરતત્ત્વને તે સમર્પણ કરી શકે તેટલા માટે, તેને તેની શકિતનો, સૌન્દર્યનો, બળનો અનુભવ થવો જોઈએ. પોતાના કરતાં ઉચ્ચતર વસ્તુની હાજરીમાં, તેને પોતાની અશકિત, મર્યાદાઓ દેખાવી જોઈએ; નહિ તો તેને પોતાની નબળાઈનો ખ્યાલ જ કેવી રીતે આવી શકે?

કેટલીક વાર એક જ સંસ્પર્શ બસ હોય છે, જે તેના આત્મસંતોષમાં એક નાનકડી ચીરાડ પાડે. પછી પર જવાની ઝંખના, વિશુદ્ધતર પ્રકાશની જરૂરિયાત મનમાં જાગૃત થાય છે. તે જાગૃતિ સાથે, તેમને પ્રાપ્ત કરવાની અભીપ્સા આવે છે. અભીપ્સા સાથે મુકિતની શરૂઆત થાય છે. પછી એક દિવસ, બધી મર્યાદાઓને ભાંગી નાંખીને, તે માણસ અનંત પ્રકાશમાં ખિલી ઉઠે છે.

જો બહારથી તેમ જ અંદરથી, આ સતત દબાણ ન હોય, ગહનતમ ઊંડાણોમાંથી ઉપર અને નીચે, એકી સાથે, આ સતત દબાણ ન હોય, તો કશું જ કોઈ દિવસ પરિવર્તિત ન થાય.

તે દબાણ હોવા છતાં, વસ્તુઓને બદલવા માટે કેટલો બધો સમય લાગે છે! આ નિમ્નતર સ્વભાવમાં ખૂબ જક્કી પ્રતીકાર હોય છે, અસ્તિત્વના પાશવી પ્રકારોમાં કેટલી બધી અંધ અને મૂર્ખાઈ ભરેલી આસકિત હોય છે? પોતાની જાતને મુક્ત કરવા માટે કેવો મોટો ઈન્કાર હોય છે!

(મૌન)

સમગ્ર આવિર્ભાવમાં, જગતને દુઃખમાંથી, જડતામાંથી, તેની મૂર્ખતામાંથી બહાર લાવવા માટે અનંત કૃપા સતત કાર્ય કરી રહેલી છે. શાશ્વત કાળથી આ કૃપા કાર્ય કરી જ રહી છે. પોતાના કાર્યમાં તે ઢીલાશ લાવતી નથી. આ જગતને

કોઈક મહત્તર, વધારે સત્ય, વધારે સુંદર તત્ત્વ માટેની જરૂરિયાત પ્રત્યે જાગૃત થતાં કેટલાં હજારો વર્ષોની જરૂર પડી છે!

પોતાના અસ્તિત્વમાં માણસને જે પ્રતિકાર પ્રાપ્ત થતો હોય છે તે પરથી, જગત કૃપાના કાર્યનો જે ભીષણ વિરોધ કરી રહ્યું છે તેનો તેને ખ્યાલ આવશે.

જ્યારે માણસ સમજે છે કે બધી બાહ્ય વસ્તુઓ, સર્વ માનસિક રચનાઓ, સર્વ ભૌતિક પ્રયાસો નિરર્થક છે, વ્યર્થ છે, જો તે ઊર્ધ્વમાંથી આવતા પ્રકાશને અને શક્તિને સમગ્રપણે સમર્પિત ન થાય, પોતાની જાતને અભિવ્યક્ત કરવા મથતા સત્યને સમર્પિત ન થાય તો, ત્યારે જ તે નિશ્ચયાત્મક પ્રગતિ કરવા તૈયાર થાય છે. એટલે એક જ સાચી રીતે અસરકારક વલણ છે, અને તે આપણાથી ઊર્ધ્વમાં રહેલા, જેનામાં એકલામાં દરેક વસ્તુમાં પરિવર્તન કરવાની શક્તિ છે એવા પરમાત્માને પરિપૂર્ણ, સમગ્ર, ઉત્કટ આત્મસમર્પણ કરવું તે.

જ્યારે તમે તમારામાં રહેલા આત્મા પ્રત્યે ખુલ્લા બનો છો, ત્યારે તમને જે એકમાત્ર જીવવા યોગ્ય છે તેવો ઉચ્ચતર જીવનનો પ્રથમ સ્વાદ પ્રાપ્ત થાય છે. પછી તેને પ્રાપ્ત કરવાનો સંકલ્પ જાગે છે, તેને પ્રાપ્ત કરવાની આશા જાગે છે, તે શક્ય છે એવી ખાતરી જાગે છે, અને આખરે લક્ષ્ય સુધી પહોંચવાનો જરૂરી પ્રયત્ન અને નિશ્ચય આવે છે.

પ્રથમ માણસે જાગૃત થવું જોઈએ, પછી તે વિજય પ્રાપ્ત કરી શકે છે.

*

૫ નવેમ્બર ૧૯૫૮

"આધ્યાત્મિક સત્ય એ આત્માનું સત્ય છે, બુદ્ધિનું સત્ય નહિ, ગાણિત શાસ્ત્રીય પ્રમેય નહિ, અથવા તાર્કિક ફૉર્મ્યુલા નહિ. તે અનંતનું સત્ય છે, અનંત વિવિધતામાં એકનું સત્ય છે, તે અનંત પ્રકારની બાજૂઓ અને રચનાઓ ધારણ કરી શકે છે. આધ્યાત્મિક ઉત્ક્રાન્તિમાં એક સત્યને પહોંચતો બહુમુખી માર્ગ અનિવાર્ય છે, તેનું બહુમુખી ગ્રહણ અનિવાર્ય છે. આ બહુમુખિતા એ આત્માના જીવંત

વાસ્તવિકતા પ્રત્યે અભિગમની નિશાની છે, નહિ કે કોઈ ભાવવાચકતા અથવા વસ્તુઓની રચાયેલી આકૃતિ પ્રત્યેનો અભિગમ, જે મૃત અથવા પત્થરમય ફોર્મ્યુલામાં નિર્જીવ, નિષ્પ્રાણ બની જાય. સત્ય બધા જેને સ્વીકારે તેવો એક વિચાર છે એવો કઠોર, તાર્કિક, બૌદ્ધિક ખ્યાલ, બીજા બધા વિચારોને અથવા પદ્ધતિઓને હરાવી શકે તેવો વિચાર અથવા વિચારોની પદ્ધતિ, એક મર્યાદિત હકીકત અથવા હકીકતોની એક ફોર્મ્યુલા કે જેનો બધા લોકોએ સ્વીકાર કરવો જ જોઈએ. તે એક ભૌતિક ક્ષેત્રના મર્યાદિત સત્યમાંથી પ્રાણ, મન, આત્માના ખૂબ વધારે જટિલ અને મુલાયમ ક્ષેત્રમાં કરાતી અન્યાયી સંક્રાન્તિ છે.

આધ્યાત્મિક માનવની ઉત્ક્રાન્તિમાં ઘણી ક્રમિક અવસ્થાઓ હોવી જ જોઈએ, અને દરેક અવસ્થામાં અસ્તિત્વની, ચેતનાની, જીવનની, મિજાજની, વિચારોની, ચારિત્ર્યની વ્યકિતગત રચનાઓની મહાન વિવિધતા હોવી જોઈએ. સાધનરૂપ મનના સ્વભાવે, જીવન સાથે કામ પાડવાની જરૂરિયાતે, વિકાસની અવસ્થા અનુસાર અને શોધકના વ્યકિતત્વ અનુસાર, અનંત વિવિધતાનું સર્જન કરવું જ જોઈએ. પણ તેને બાજુએ રાખીએ તો પણ, કેવળ આધ્યાત્મિક આત્મસાક્ષાત્કારના અને આત્મ અભિવ્યકિતના પ્રદેશે પણ માત્ર એક ધવળ, કંટાળાજનક વસ્તુ બનવાની જરૂર નથી; તેમાં પાયાની એકતાની મહાન વિવિધતા હોઈ શકે. પરમાત્મા એક છે, પણ તેના જીવાત્માઓ અનેક છે. જીવાત્માના સ્વભાવની જેવી રચના, તેવી તેની આધ્યાત્મિક આત્મ અભિવ્યકિત. એકતામાં અનેકતા એ આવિર્ભાવનો નિયમ છે. અતિમનસ એકીકરણે અને સમન્વયે આ વિવિધતાઓને સંવાદમય બનાવવી જોઈએ; પણ તેમને ફગાવી દેવી એ પ્રકૃતિમાં આત્માનો ઈરાદો નથી."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૮૬-૮૮)

વ્યકિતગત વિકાસના દૃષ્ટિબિન્દુથી જોતાં, જે લોકો હજી માર્ગની શરૂઆતમાં છે, તેમણે પોતે ન સમજી શકે તેવી વસ્તુઓ આગળ શાન્ત રહેવું, એ પ્રગતિમાં ખૂબ મદદરૂપ છે. બાહ્ય રીતે, એક શબ્દ પણ બોલ્યા સિવાય શાન્ત રહેવાની તે વાત નથી, પણ અંદર પણ શાન્ત રહેવાની તે વાત છે, જેથી મન ધૃષ્ટતાપૂર્વક પોતાના અજ્ઞાનને ચીટકી ન રહે, સમજવા માટે સમર્થ કરણ વડે સમજવાનો પ્રયત્ન ન કરે, પોતાની નબળાઈ જાણે, અને શાન્તિપૂર્વક પ્રકાશ આવે ત્યાં સુધી રાહ જુએ, કારણકે પ્રકાશ જ તેને સમજ આપી શકે તેમ છે. મને જે બધું શીખ્યું હોય છે, અવલોકન કર્યું હોય છે, જીવનનો કહેવાતો અનુભવ મેળવ્યો હોય

છે, તે પ્રકાશ નથી; પ્રકાશ તેનાથી તદ્દન પર છે. જ્યાં સુધી આ બીજું કાંઈક જે કૃપાની અભિવ્યકિત છે, તે મનમાં પ્રગટ થાય, ત્યાં સુધી જો મન ખૂબ શાન્તિપૂર્વક, ખૂબ નમ્રતાપૂર્વક મૌન રહે, અને સમજવા, ખાસ કરીને નિર્ણય કરવા પ્રયત્ન ન કરે, તો પ્રગતિ જલ્દી થાય.

તમારા મસ્તિષ્કમાં શબ્દો અને વિચારો જે અવાજ ધાંધલ પેદા કરે છે તે માણસને એટલો બધો અધીર બનાવી મૂકે તેવો હોય છે કે તે પ્રગટ થવા માગતા સત્યને સાંભળવા દેતો નથી.

શાન્ત અને મૌન રહેતાં શીખવું.... જ્યારે તમારે કોઈ સમસ્યાનો ઉકેલ લાવવાનો હોય, ત્યારે તમારા મસ્તિષ્કમાં બધી શકયતાઓને, બધાં પરિણામોને, આ કામ કરવું કે નહિ એમ સર્વ શકય વસ્તુઓને પરિભ્રમણ ન કરવા દેતાં, જો તમે સદ્‌ભાવ માટેની અભીપ્સા સાથે શાન્ત રહો, તો સમસ્યાનો ઉકેલ જલ્દી આવે છે. તમે શાન્ત, મૌન હો છો, એટલે તમે તેને સાંભળી શકો છો.

જ્યારે તમારા પર કોઈ મુશ્કેલી આવી પડી હોય, ત્યારે આ પદ્ધતિને અજમાવો. વિક્ષુબ્ધ થવાને બદલે, વિચારોને પરિભ્રમણ કરવા દેવાને બદલે, સક્રિય રીતે ઉકેલો શોધવાને બદલે, ચિંતા કરવાને બદલે, ગુસ્સો કરવાને બદલે, તમારા મસ્તિષ્કમાં આમતેમ દોડાદોડી કરવાને બદલે બાહ્ય રીતે દોડાદોડી ન કરવા જેટલી સામાન્ય બુદ્ધિ તો તમારામાં છે જ, પણ તમારા મસ્તિષ્કમાં દોડાદોડી કરવાને બદલે, તમે શાન્ત રહો. તમારા સ્વભાવ અનુસાર, ઉત્કટતા અથવા શાન્તિ અનુસાર, વિશાળતા અનુસાર, અથવા આ બધી વસ્તુઓની સાથે, પ્રકાશને પ્રાર્થના કરો અને તેના આવવાની રાહ જુઓ.

આ રીતે માર્ગને ખૂબ ટૂંકો બનાવી શકાય છે.

*

૧૨ નવેમ્બર ૧૯૫૮

" જો ઉત્ક્રાન્તિ પ્રકૃતિનો આશય આધ્યાત્મિક માનવને પરમ વાસ્તવિકતા પ્રત્યે જાગૃત કરવાનો હોય, અને પોતામાંથી અથવા સનાતન શકિત તરીકે પોતે જે અજ્ઞાનમાં પ્રગટ થઈ છે, તેમાંથી બીજે પોતાના ઉચ્ચતર દરજ્જામાં મુકત કર-

વાનો હોય, જો આ પગલું ઉત્ક્રાન્તિમાં છેલ્લું વિદાયનું પગલું હોય, તો તેનું કાર્ય તાત્ત્વિક રીતે પૂરું થયું ગણાય અને પછી બીજું કાંઈ વધારે કરવાનું બાકી ન રહે. તેના માર્ગોનું નિર્માણ થઈ ગયું છે, તે માર્ગોનું અનુકરણ કરવાની શક્તિનો વિકાસ થઈ ચૂક્યો છે, સૃષ્ટિનું લક્ષ્ય અથવા તેની ઊંચાઈ પ્રગટ થઈ ચૂકી છે; પછી દરેક જીવાત્માએ વ્યક્તિગત રીતે સાચી અવસ્થાને પહોંચવાનું અને પોતે પસંદ કરેલા માર્ગે આ નિકૃષ્ટ અસ્તિત્વમાંથી આધ્યાત્મિક માર્ગોમાં પ્રવેશ કરવાનું બાકી રહે છે. પણ આપણે એવી કલ્પના કરી છે કે હજી પ્રકૃતિનો એક બીજો આગળનો આશય છે. માત્ર આત્માનો આવિર્ભાવ જ નહિ, પણ પ્રકૃતિના સમગ્ર અને મૌલિક રૂપાંતરનો. આત્માના દેહધારી જીવનનું સાચું પ્રગટીકરણ સિદ્ધ કરવાનો પ્રકૃતિમાં સંકલ્પ છે; પોતે જે અજ્ઞાનમાંથી જ્ઞાનમાં જવાની શરૂઆત કરી છે તેને પૂર્ણ કરવાની છે, તેણે પોતાના બુરખાને ફંગોળી દઈને પ્રકાશમય ચિત્-શક્તિમાં પોતાની જાતને પ્રગટ કરવાની છે, પોતામાં તેણે સનાતન અસ્તિત્વનું અને સત્‌ના વૈશ્વિક આનંદનું વહન કરવાનું છે. ત્યારે સ્પષ્ટ થાય છે કે હજી કાંઈક વસ્તુ સિદ્ધ થઈ નથી, હજી ઘણું કરવાનું બાકી છે, **भूरि अस्पष्ट कर्त्वम्** (વેદ), હજી એક ઊંચાઈને પહોંચવાની બાકી છે, દર્શનાની આંખને એક વિશાળતા આવરી લેવાની છે, સંકલ્પની પાંખને આવરી લેવાની છે, ભૌતિક વિશ્વમાં આત્માના અધિકારને સ્થાપિત કરવાનો છે. ઉત્ક્રાન્તિએ, તેની શક્તિએ થોડાક જીવોને તેમના આત્માથી અને પોતાની જાતથી સચેતન બનાવ્યા છે, પોતે જે છે તે સનાતન સત્‌થી સભાન બનાવ્યા છે, જે દિવ્ય વાસ્તવિકતાને પ્રકૃતિએ પોતાના દેખાવો વડે આચ્છાદિત કરી છે તેની સાથે સંપર્ક સધાવ્યો છે, સ્વભાવમાં થોડુંક પરિવર્તન તૈયાર થયું છે જે આ પ્રકાશને અનુસરે છે, પણ તેણે પરિપૂર્ણ અને ભૌતિક રૂપાંતર સિદ્ધ નથી કર્યું, જે નવીન તત્ત્વને સલામત રીતે સ્થાપિત કરે છે, પાર્થિવ પ્રકૃતિના ક્ષેત્રતાં નવીન સૃષ્ટિને અને નવીન વ્યવસ્થાને સ્થાપિત કરે છે. આધ્યાત્મિક માનવ ઉત્ક્રાન્ત થયો છે, પણ અતિમનસ સત્ નહિ, જે ત્યાર પછી પ્રકૃતિનો નેતા બનવાનું છે."

(દિવ્ય જીવન પૃષ્ઠ ૮૮૯-૯૦)

મધુર માતાજી, માણસ કેવી રીતે સાચી અવસ્થાને અને પોતાના વિકાસના વળાંકને શોધી કાઢી શકે?

તમે તે કેવી રીતે શોધી શકો! તમારે તેને માટે શોધ કરવી જોઈએ, તમારે આગ્રહપૂર્વક તેની માગણી કરવી જોઈએ. તે તમારે માટે મહત્ત્વની વસ્તુ બની જવી જોઈએ.

(મૌન)

જ્યારે માણસ પોતાના આત્માને શોધી કાઢવા માટે જરૂરી પ્રયત્ન કરે છે, તેની સાથે એકતા પ્રાપ્ત કરી તેને પોતાના જીવનનું નિયમન કરવા દેવા પ્રયત્ન કરે છે, ત્યારે ઘણીવાર તે એક અદ્‌ભુત, મનોહર શોધ બની રહેલી હોય છે, જેને પરિણામે પ્રથમ વૃત્તિ માણસને પોતાની જાતને એવું કહેવાની થતી હોય છે કે મારે જે જોઈતું હતું તે હવે મને જડી ગયું, મને અનંત આનંદ પ્રાપ્ત થયો! પછી તે માણસ બીજા કશાની પરવા કરતો હોતો નથી.

હકીકતમાં, જેમણે આ શોધ કરી છે તે બધાને આવી લાગણી પેદા થઈ છે. કેટલાક લોકોએ તો આ અનુભૂતિને સાક્ષાત્કારના એક સિદ્ધાંત તરીકે સ્થાપિત કરી છે અને કહ્યું છે કે જ્યારે તમે આ વસ્તુ સિદ્ધ કરો છો, ત્યારે બધું જ કાર્ય પતી જતું હોય છે; હવે કાંઈ કરવાનું બાકી રહ્યું નથી; તમે લક્ષ્યને પ્રાપ્ત કરી લીધું છે; માર્ગનો અંત આવી ગયો છે.

સાચે જ તેથી આગળ જવા માટે બહુ જ હિંમતની જરૂર છે. આ શોધી કઢાયેલો આત્મા એક શોધવીર આત્મા હોવો જોઈએ, જે પોતે પ્રાપ્ત કરેલા આંતર આનંદથી સંતોષ માની લેતો નથી, જે બીજા દુ:ખી જીવોને આશ્વાસન આપવામાં જ રાચતો નથી, પોતાની જાતને એમ કહેતો નથી કે મોડા વહેલા તે બધા લોકો આ સ્થિતિને પ્રાપ્ત કરશે, તેમણે મારી પેઠે પ્રયત્ન કરવો જોઈએ. વધારેમાં વધારે તે લોકો, મહાન કરુણા અને કલ્યાણકારિતા વડે બીજાઓને તે સ્થિતિ પ્રાપ્ત કરવામાં મદદ કરતા હોય છે. જ્યારે દરેક જણ તે સ્થિતિને પ્રાપ્ત કરશે, ત્યારે જગતનો અંત આવી જશે, અને જે લોકોને દુ:ખ ગમતું હોતું નથી તેમને માટે તે બહુ સારી વાત હશે!

પણ અહીં 'પણ' છે, જ્યારે પરમાત્માએ આ પ્રગટીકરણ કર્યું, ત્યારે તેમનો આશય આ હતો તે વાતની તમને ખાતરી છે?

(મૌન)

જો આખરી અંત આ જ હોય, તો સમગ્ર સૃષ્ટિ, સમગ્ર વૈશ્વિક આવિર્ભાવ એક ક્રૂર મશ્કરી ભાસે. જો સૃષ્ટિમાંથી છેવટે ભાગી જ જવાનું હોય, તો તેનું સર્જન જ શા માટે? જો છેવટે સૃષ્ટિ આપણને તેમાંથી છટકી જવાનું જ શિખવાડવા માટે થઈ હોય, તો આટલું બધું દુ:ખ શા માટે, આટલો બધો સંઘર્ષ શા માટે, સૃષ્ટિનો બાહ્ય દેખાવ આટલો બધો કરુણ અને નાટકીય શા માટે? તો તો પછી સૃષ્ટિ કરવામાં જ ન આવી હોત, તો વધારે સારું થાત.

પણ જો માણસ વસ્તુઓના ઊંડાણમાં જાય, જો અહંતાને પૂરેપૂરી ફગાવી દઈને, પરિપૂર્ણ રીતે, નિ:સ્વાર્થ રીતે, કશું પણ બાકાત રાખ્યા સિવાય, આત્મ-સમર્પણ કરે, તો તે ભગવાનની યોજનાને સમજવા માટે શકિતમાન બને, ત્યારે તેને ખબર પડે કે આ સૃષ્ટિ એક ક્રૂર મશ્કરી નથી, થોડાક પ્રહારો ખમીને તમારે આરંભ બિંદુ પ્રત્યે વાંકે માર્ગે પાછા ફરવાનું નથી. તેથી ઊલટું, સમગ્ર સૃષ્ટિને અસ્તિત્વનો આનંદ માણતાં સૃષ્ટિએ શીખવવાનું છે, સૃષ્ટિની સુંદરતા, મહત્તા, ઉદાત્ત જીવનની ભવ્યતા, તે આનંદ, સૌન્દર્ય, મહત્તાની સતત પ્રગતિ અને વૃદ્ધિ શીખવાડવાનાં છે. પછી દરેક વસ્તુ અર્થવાળી બની જાય છે, પછી માણસને સંઘર્ષ કર્યાનો અને દુ:ખ ભોગવ્યાનો પશ્ચાત્તાપ થતો નથી. પછી તેને દિવ્ય લક્ષ્ય સિદ્ધ કરવા માટે ઉત્સાહ જ બાકી રહે છે, પછી તે લક્ષ્યની અને વિજયની ખાતરીપૂર્વક સાક્ષાત્કાર માટે ઊંધું ધાલીને જંપલાવે છે.

પણ તે જાણવા માટે માણસે અહંતાને દૂર કરવી જોઈએ, તેણે સ્વાર્થી વ્યકિત મટી જવું જોઈએ, પરમ ઉદ્‌ગમસ્થાનથી ભિન્ન વ્યકિત મટી જવું જોઈએ. અહંતાને દૂર કરવા માટે તે કરવું જોઈએ. તે એક જ માર્ગ છે, જેના વડે માણસ પોતાના સાચા લક્ષ્યને જાણી શકે!

ઉપરનું વસ્ત્ર હોય તેમ અહંતાને ફગાવી દેવી જોઈએ.

જે પ્રયાસો કરવાના છે, તેમને યોગ્ય જ મહાન પરિણામ પ્રાપ્ત થાય છે. પછી માર્ગ ઉપર તે માણસ એકલો નથી હોતો, જો તેનામાં વિશ્વાસ હશે, તો ભગવાન તેને મદદ કરશે જ.

જો તમને એક ક્ષણ માટે પણ ભગવાનની કૃપાનો સંપર્ક થયો હશે, જે કૃપા અદ્‌ભુત છે, તમને માર્ગ કાપવા માટે વેગ આપે છે, તમારું વહન કરે છે

તમારે ઉતાવળ કરવાની છે એ વાતને પણ ભુલાવી દે છે, તો તે કૃપાને તમે પ્રયત્ન કરશો તો પણ ભૂલી જઈ નહિ શકો. બાળકની પેઠે બાળક જેવી નિર્દોષતા, સાથે, બાળકને જેમ કોઈ ગૂંચવાડા નથી હોતા તેમ ગૂંચવાડા વગર, તમે તમારું સમર્પણ તે કૃપાને કરી દો, અને બધું જ કાર્ય તેને કરવા દો.

જે પ્રતીકાર કરે છે, વિરોધ કરે છે, તેની વાત ન સાંભળો. વિશ્વાસ રાખો, સાચો વિશ્વાસ રાખો. ગણતરી કર્યા વગર, વિશ્વાસપૂર્વક, તમારો જાતનું સમર્પણ તે કૃપાને કરી દો; તેમાં સોદો કરવાની ભાવના ન રાખશો. વિશ્વાસ રાખો, જે વિશ્વાસ કહે છે કે ભગવાન, મારે માટે આ કે પેલું કરો; હું તે બધું તમારા પર છોડું છું.

એ સૌથી શ્રેષ્ઠ માર્ગ છે.

*

૨૬ નવેમ્બર ૧૯૫૮

"જેવી રીતે મન અહીં અજ્ઞાનના પાયા પર પ્રતિષ્ઠિત થયેલું છે, તે જ્ઞાનને શોધે છે અને તેમાં વૃદ્ધિ પામે છે, તેવી રીતે અતિમનસને અહીં જ્ઞાનના પાયા પર સ્થાપિત થવાનું છે, અને પોતાના મહત્તર પ્રકાશમાં વૃદ્ધિ પામવાની છે પણ જ્યાં સુધી આધ્યાત્મિક માનસિક પ્રાણી પરિપૂર્ણ રીતે અતિમનસમાં ઉદય ન પામે અને પોતાની શક્તિઓ પાર્થિવ અસ્તિત્વમાં ન લાવે, ત્યાં સુધી તે શક્ય નથી. કારણકે મન અને અતિમનસ વચ્ચેની ખાઈ પર પુલ બાંધવાનો છે, બંધ માર્ગો ખોલી દેવાના છે, અને અત્યારે જ્યાં શૂન્ય અવકાશ અને મૌન છે ત્યાં આરોહણ અવરોહણના માર્ગો ખોલવાના છે. આ કાર્ય ત્રિવિધ રૂપાંતર વડે જ સિદ્ધ થઈ શકે, જેનો ઉલ્લેખ અમે આગળ કરી ગયા છીએ. પ્રથમ તો ચૈતસિક પરિવર્તન થવું જોઈએ, આપણા અત્યારના સમગ્ર સ્વભાવનું એક આત્મકરણના રૂપમાં પરિવર્તન થવું જોઈએ. તેની સાથે સાથે આધ્યાત્મિક પરિવર્તન થવું જોઈએ, ઉચ્ચતર પ્રકાશ, જ્ઞાન, શક્તિ, આનંદવિશુદ્ધિનું અવતરણ થવું જોઈએ. તે અવતરણ સમગ્ર અસ્તિત્વમાં, પ્રાણના, શરીરના નિમ્નતમ ભાગોમાં, અવચેતનના અંધકારમાં પણ થવું જોઈએ. છેલ્લું અતિમાનસિક રૂપાંતર થવું જોઈએ, અતિમનસમાં

આરોહણની શિખરરૂપ ગતિ થવી જોઈએ, આપણા સમગ્ર અસ્તિત્વમાં અને સ્વભાવમાં અતિમાનસ ચેતનાનું રૂપાંતરકારી અવતરણ થવું જોઈએ."

(દિવ્ય જીવન, પૃષ્ઠ ૮૯૦-૯૧)

આત્માને શો ભાગ ભજવવાનો છે?

એમ કહી શકાય કે તે પરમાત્મા અને તેમના આવિર્ભાવ વચ્ચેનો સચેતન દૂત છે, પરમાત્માનું અને તેમના આવિર્ભાવનું મિલન સ્થાન છે.

આત્મા ઉચ્ચતર પરમાત્માને સમજવા અને તેમની સાથે સંબંધ બાંધવા સમર્થ છે. સાથે સાથે તે ખૂબ ખૂબ બાહ્ય આવિર્ભાવમાં પરમાત્માનો સૌથી વધારે વિશુદ્ધ અને ઓછામાં ઓછો વિકૃત દૂત છે. જીવાત્માની મદદથી, આત્મા ચેતનાને પરમાત્મા પ્રત્યે વાળે છે; આત્મામાં જ ચેતના પરમાત્માને સમજવાની શરૂઆત કરી શકે છે.

એમ કહી શકાય કે આત્મા એ ભગવાનની કૃપા વડે ભૌતિક જગતમાં લાવવામાં આવેલું વાયુમંડળ છે, જેથી તે પોતાના ઉદ્‌ગમસ્થાનની ચેતના પ્રત્યે જાગૃત બને અને તેની પ્રત્યે પાછા જવાની અભીપ્સા સેવે તે વાયુમંડળ મુકિત આપનારું, દ્વારોને ખોલી નાંખનારું, ચેતનાને મુક્ત કરનારું હોય છે. તે સત્યના સાક્ષાત્કારને શકય બનાવે છે, અને અભીપ્સાને સિદ્ધિ માટેની પરિપૂર્ણ શકિત આપે છે.

ઉચ્ચતર દૃષ્ટિબિન્દુથી, આ વાતને જુદી રીતે કહી શકાય: આ કાર્ય આત્માનું હોય છે, તેની તેજોમય અને મુક્તિ આપનારી અસર હોય છે. જે આપણે માટે પરમાત્માના માર્ગને ખુલ્લો કરી આપે છે, આપણે જેમાં ચોંટી ગયા છીએ તે અજ્ઞાનના કાદવમાંથી આપણને બહાર ખેંચી કાઢે છે, આપણે માટે દ્વાર ખોલી નાંખે છે, આપણને માર્ગ બતાવે છે, આપણને લક્ષ્ય પ્રત્યે લઈ જાય છે, તેને લોકો આત્મા કહે છે. જગત જે અંધકારમાં પડયું છે તેનાંથી તેનો ઉદ્ધાર કરવા માટે ભગવાનની કૃપા વડે સર્જાયેલું વાયુમંડળ તે આત્મા છે.

જીવાત્મા આ કૃપાનું એક પ્રકારનું વ્યકિતગત સાધન રૂપ છે, માનવમાં તે કૃપાનો પ્રતિનિધિ છે. જીવાત્મા માનવતાનું એક ખાસ રૂપ છે, તે માત્ર માનવમાં જ અસ્તિત્વ ધરાવે છે. તે આત્માની માનવમાં એક ખાસ અભિવ્યકિત છે. બીજાં

જગતોનાં સત્ત્વોમાં જીવાત્મા નથી હોતો, પણ તેઓ આત્મામાં જીવી શકે છે. એમ કહી શકાય કે જીવાત્મા માનવ જાતિમાં આત્માનો પ્રતિનિધિ છે, તેને જલ્દી લક્ષ્ય પ્રત્યે દોરી જવાની ખાસ મદદ છે. જીવાત્મા વ્યક્તિગત વિકાસને શકય બનાવે છે. પોતાના મૂળ રૂપમાં, આત્માને વધારે સામૂહિક કાર્ય કરવાનું હોય છે.

અત્યારે આત્મા મદદગાર તરીકે અને માર્ગદર્શક તરીકે ભાગ ભજવી રહ્યો છે; પણ તે ભૌતિક આવિર્ભાવનો અત્યારે સર્વ શકિતમાન સ્વામી નથી. જયારે નવીન જગતમાં અતિમનસ સંગઠિત બનશે, ત્યારે આત્મા સ્વામી બનશે અને સ્પષ્ટ તથા દૃષ્ટિગોચર રીતે પ્રકૃતિનું શાસન કરશે.

આધ્યાત્મિક જીવનમાં, આધ્યાત્મિક ચેતનામાં જે જન્મ થાય છે, તેને 'નવીન જન્મ' કહેવામાં આવે છે. તે નવીન જન્મમાં માણસ આત્માની કોઈક એવી વસ્તુનું પોતામાં વહન કરે છે, કે જે વ્યકિતગત રીતે, જીવાત્મા દ્વારા. જીવન પર શાસન કરવાની શરૂઆત કરે છે, અસ્તિત્વના સ્વામી બનવાનો પ્રારંભ કરે છે. પણ અતિમાનસ જગતમાં, આત્મા આ સમગ્ર જગતનો અને તેના આવિર્ભાવોનો સ્વાભાવિક રીતે જ, આપોઆપ સ્વામી બનશે.

વ્યકિતગત અસ્તિત્વમાં તે જે વસ્તુ તફાવત ઉભો કરે છે. જયાં સુધી માણસ આત્મા વિષે વાત કરે છે, જે તેણે વાંચ્યું હોય છે, જેનું અસ્તિત્વ માણસ અસ્પષ્ટ રીતે જાણતો હોય છે, પણ તેની ચેતના માટે જે હજી સઘન વાસ્તવિકતા-રૂપ બન્યો નથી, તો તેનો અર્થ એ થયો કે તે હજી આત્મામાં જન્મ્યો નથી. જયારે માણસ આત્મામાં જન્મે છે, ત્યારે તે આત્મા ખૂબ સઘન બની જાય છે, ખૂબ જીવંત, વાસ્તવિક, અને સમગ્ર ભૌતિક જગત કરતાં વધારે સ્પર્શગમ્ય બની જાય છે. આ જ વસ્તુ પ્રાણીઓ વચ્ચે તાત્ત્વિક તફાવત પેદા કરતી હોય છે. જયારે તે આત્મા આપોઆપ વાસ્તવિક, સઘન, સત્ય અસ્તિત્વ બની જાય છે, જેનું વાયુ-મંડળ તે માણસ મુક્ત રીતે શ્વાસમાં લેતો હોય છે, ત્યારે તેને માલમ પડે છે કે હું બીજી બાજુએ પહોંચી ગયો છું. પણ જયાં સુધી તે અસ્પષ્ટ અને ધૂંધળું હોય છે, ત્યાં સુધી તમે સાંભળ્યું હોય છે કે, આત્મા છે, તમે જાણતા પણ હો છો કે, તે છે, પણ તે તમારે માટે એક સઘન વાસ્તવિકતા બની હોતી નથી, પણ તમને નવીન જન્મ પ્રાપ્ત થયો હોતો નથી. જયાં સુધી તમે એમ કહેતા હો છો કે "હા, હું આને જોઈ શકું છું, મને થતાં દુ:ખને હું અનુભવી શકું છું, મને સતાવતી ભૂખને હું અનુભવી શકું છું, મને જડ બનાવી દેતી નિદ્રાને હું અનુભવી શકું

છું, આ વસ્તુ સાચી અને સઘન છે" (માતાજી હસે છે), તેનો અર્થ એ થયો કે તમે હજી તરીને પાર ગયા નથી, તમે આત્મામાં જન્મ્યા નથી.

(મૌન)

હકીકતમાં, ઘણાખરા લોકો કેદીઓ જેવા હોય છે, જેમની જેલનાં બારી-બારણાં બંધ હોય છે; તેથી સ્વાભાવિક રીતે જ તેઓ ગુંગળાતા હોય છે. પણ તેમની પાસે બારીબારણાં ખોલી નાંખનારી ચાવી છે. પણ તેનો તેઓ ઉપયોગ કરતા હોતા નથી. બેશક, એવો સમય હોય છે કે જ્યારે તેઓ જાણતા હોતા નથી કે અમારી પાસે ચાવી છે, પણ તે ચાવી પોતાની પાસે છે એમ જાણ્યા પછી પણ, તેમને તે વાત કહેવામાં આવી હોય. ત્યાર પછી પણ, તેઓ તે ચાવીનો ઉપયોગ કરવામાં આનાકાની કરતા હોય છે, તે ચાવી બારીબારણાં ખોલી શકશે કે કેમ તે બાબતની તેમને શંકા હોય છે, અરે, બારીબારણાં ખોલી નાંખવા તે સારું છે કે નહિ તે બાબતની પણ તેમને શંકા હોય છે! અને લાંબા સમય સુધી આમ ચાલ્યા જ કરતું હોય છે. બારીબારણાં ખોલી નાંખવા તે સારું છે, એમ જાણ્યા પછી પણ, તેમનામાં ભીતિ રહેતી હોય છે કે જ્યારે આ બારીબારણાં ખોલી દેવામાં આવશે, ત્યાર પછી શું થશે? તે પ્રકાશમાં અને મુકિતમાં જતાં તેમને ડર લાગતો હોય છે. પોતે જેવાં છે તેવા જ રહેવા તે માગતા હોય છે. તેમને તેમનું જૂઠાણું અને બંધન ગમતાં હોય છે. તેમનામાંના કશાકને તે ગમતું હોય છે, તે તેને ચીટકી રહેતું હોય છે. તેમને એમ લાગતું હોય છે કે અમારી મર્યાદાઓ સિવાય અમારું અસ્તિત્વ જ ન રહે.

તેથી યાત્રા લાંબી અને મુશ્કેલ બની જાય છે. જો માણસ પોતાનું અસ્તિત્વ મિટાવી દેવામાં સંમતિ આપે, તો બધું જ સરલ, ઝડપી, પ્રકાશમય, આનંદપૂર્ણ બની રહે, પણ માણસો જે અર્થમાં આનંદ અને આરામ સમજે છે તે રીતે નહિ. હકીકતમાં, એવા લોકો બહુ થોડા હોય છે, જેમને ઝઘડવામાં મજા ન પડે. બહુ થોડા લોકોને રાત્રિ ચાલી જાય તે ગમતું હોય છે. બહુ થોડા લોકો પ્રકાશ અંધકારનો વિરોધી છે, તેવા અર્થ સિવાય, પ્રકાશનો ખ્યાલ કરી શકતા હોય છે. તેઓ વિચારતા હોય કે, "છાયાઓ સિવાય ચિત્ર ન બની શકે. સંઘર્ષ સિવાય વિજય પ્રાપ્ત ન થાય. દુઃખ સિવાય આનંદ પ્રાપ્ત ન થઈ શકે." જ્યાં સુધી માણસ તે પ્રકારે વિચારતો હોય છે, ત્યાં સુધી તે, આત્મામાં જન્મ્યો હોતો નથી.

(ક્રીડાંગણમાં આપેલો આ છેલ્લો વાર્તાલાપ છે)

*

શબ્દસૂચિ

અતિચેતન, ૯૪
અતિમનસ
ઊર્ધ્વનું અને નિગૂઢ, ૧૫૧–૧૫૨
–નો વ્યાપ, ૧૫૯
–ની સ્થાપના, ૩૯૨
–ની અનુભૂતિ : કોષાણુઓમાં, ૨૯
–અવતરણ : શરીરમાં, ૯૨
–આવિર્ભાવ, ૮૭
અતિમાનસ
–જીવનનું સ્પષ્ટીકરણ, ૨૯૮
શરીરનું રૂપાંતર અને–૧૨૬–૧૨૭
–પદાર્થ, ૨૯૯
–પ્રગતિ, ૧૮૨
અતિમાનવ, ૧૮૨
અતિમાનસ
–રૂપાંતરનો ક્રમ, ૨૨૬
–સ્પર્શ, ૧૬૮–૧૬૯
–શક્તિ તત્ત્વ, ૨૨૬
–નો પ્રભાવ, ૪૦
અતિમાનાસક સંધ, ૧૩૬.–૧૩૭
અતિમાનાસક કરણ
પદાર્થનું, ૭૪૫
અનપેક્ષિત વસ્તુઓ, ૧૪૧
અનુભૂતિ
–ની અગત્ય, ૩૭૩
–નો મનોમય અનુવાદ, ૩૬૬
અનંત કૃપા, ૩૮૬
આંધમાનસ સૃષ્ટિ, ૧૪૪
અર્ધસભાન મનુષ્યો, ૪૭
અભીપ્સા અને સમર્પણ, ૨૯૨
શ્રી અરવિંદની નિવૃત્તિ, ૧૪૨–૧૪૩
શ્રી અરવિંદ
–સનાતન જન્મ, ૧૬૪–૧૭૦–૧૭૧
અવતરણ : રૂપ, ચેતના, અભીપ્સાનું, ૨૦૮
અવતારોનાં કાર્યો, ૧૮૮–૧૮૯
અસંયમ : વાણીનો, ૧૩૮
અસ્તિત્વનો આનંદ, ૧, ૨૩–૨૪
–નો હેતુ, ૧૭
અહંતા, ૩૯૧
અજ્ઞાનનું શાસન, ૮
આકર્ષણ અને અણુગમા, ૧૭૨
આગમન, : દિવ્ય સત્ત્વોનું ૧૪૫
આત્મપ્રતારણા, ૩૦૧
આત્મસ્વામિત્વ, ૮૦–૮૧
આત્માની સાચી અનુભૂતિ, ૩૦૬-૩૦૭
–ની શોધ, ૨૮૫
આદર્શ બાળક, ૮૦
આધ્યાત્મિક અનુભૂતિ : ચાર માર્ગ ૩૧૫–૩૧૭
–જીવન, ૩૮૦–૩૮૧
–પ્રેરણા, ૯૧–૯૨
–બળ, ૫
–શક્તિ ૩૮૫
–સત્ત્વ, ૩૧૦–૩૧૧
આનંદ, ૯
–આત્મપ્રાગટ્યનો, ૨૪૫
–તત્ત્વ, ૨૪૬
–નું બળ, ૫
–ભગવાનનો, ૧
આશ્રમ
–નો અતિમાનસ ઉપર એકાધિકાર નથી, ૪૦-૪૧

–માં આગમનનું કારણ, ૧૮–૧૯
–નું જીવન, ૩૪૨–૩૪૪
–નું મહાન જીવન, ૭૧
–નો લાભ, ૩૪૦–૩૪૩
–નો વ્યાપ, ૧૬૫
–નાં બાળકો, ૯૩–૯૪
–માં સામાન્ય ચેતના, ૧૬૫
એકતાની સ્મૃતિ, ૪૯
એકાગ્રતા, ૩૩૦
–અને વ્યગ્રતા, ૮૨
એક બૌદ્ધ કથા, ૫૨–૫૩
અંગત અને પ્રવાહગત વિચારો, ૪૫
અંગોનું રૂપાંતર, ૮૬
–ને બદલે ચક્રો, ૧૬૯
અંધબોજ, ૧૬
અંત અને આરંભ, ૭૨
અંતરની અનુભૂતિઓ, ૩૪૭–૩૪૮
આંતર દર્શનો, ૩૨૬–૩૨૯
–ની શક્તિ, ૩૨૬
આંતર પ્રદેશો, ૩૧૯
આંતરિક માર્ગદર્શન, ૩૨૯
ઉજળી અને મેલી વિદ્યાઓ, ૩૫૯
ઉપવાસ, ૧૧૩–૧૧૪
ઉમેદવાર અતિમાનવો, ૩૭૭
ઉત્ક્રાન્તિનો અવસ્થાક્રમ, ૨૭૮–૨૭૯
–ની ક્રમિક અવસ્થાઓ, ૩૮૭
–માં નિરુપયોગી કરણોનો ત્યાગ, ૧૪૦
–નું લક્ષ્ય, ૧૭૫
–નો વળાંક, ૨૨૧
–મય પ્રકૃતિ, ૩૦૪
–અને રૂપાંતર, ૧૦૪
કર્મ અને પ્રભુકૃપા, ૫૮
કક્ષાઓ, અતિમાનસ જીવનમાં, ૧૮૦
કલ્પના, ૩૪૮–૩૪૯
કામના, ૨૨
–ની તૃપ્તિ, ૯૮
કાર્ય : બંને છેડા પરની, ૯૩
કેન્દ્રસ્થ હેતુ, ૧૯૯
કોચલાનું ભંજન, ૧૩૨
કોષાણુઓમાં શ્રદ્ધા, ૧૫૭
કુંડલિની, ૧૪૭
ક્રમિક અવસ્થાઓ : રૂપાંતરની, ૧૦૫
ક્રમિક ગતિ, ૧૮૧
ખેંચવાની ક્રિયા, ૨૪
ખોટી સોબત, ૮૦
ગમા–અણગમા, ૧૭૨–૧૭૩
ગાળા : ઉત્ક્રાન્તિ અને અવક્રાન્તિ, ૩૧૭
ગુપ્ત વાતો, ૫૭–૫૮
ગુહ્ય વિદ્યા, ૩૩૩–૩૩૪
ગુંચવણો અને ભિડાકો, ૧૬૨–૧૬૩
ગૂઢવાદ, ૧૭૭–૧૭૯
–ની ફૉર્મ્યુલાઓ, ૩૫૯–૩૬૦
ચાર અભિગમો, ૩૧૨–૩૧૪
ચેતનાની ઊલટફેર, ૩૮૦
–નું પરિવર્તન, ૧૧૬
ચોપ અને ભય, ૧૧૯
ચીલાચાલુ કાર્ય, ૪૮
ચૈત્ય હાજરી, ૧૮
–તત્ત્વ, ૨૪૯
–સત્તા, ૨૦૪
ચંદ્ર, તારાઓ, ભવિષ્યવાણી, ૨૬૩–૨૬૪
છટકબારી : ધ્યાનમાં, ૮૨
જડતા અને પદાર્થ તત્ત્વ, ૩૫

જગતની પ્રાથમિક અવસ્થા, ૨૯૪
–ની વાસ્તવિકતા, ૧૯૩–૧૯૪
–વિષેની સમજુતિઓ, ૧૯૩
–નું સત્ય, ૭૧
જાતીય હેતુ : પ્રાણમય જગતોમાં, ૧૦૨
–સનાતન નથી, ૧૦૧, ૧૦૨
જાગૃતિ : અભીપ્સાની, ૧૫૪
જીવનકાર્ય વિષે સભાનતા, ૯૦–૯૧
જીવનનું સંગઠન, ૮૩
–નું નિયમન, ૯૭
–નો હેતુ, ૧૭
જૂનું જગત : દેવો અને ધર્મ, ૧૪૪
ટોલ્સ્ટૉયનો પુત્ર, ૫૫
ટ્રાન્સમીટરો જેવાં અંગો, ૧૩૯
ડરની શાન્તિ, ૬૫
તર્કબુદ્ધિની અગત્ય, ૯૯
તત્ત્વચિંતનો, ૩૭૧
તાંત્રિક પ્રક્રિયાઓ, ૧૪૬–૧૪૮
તેજોમય દેહ, ૮૫
ત્રણ કાન્તિઓ, ૭૫–૭૬
ત્લેપ્સેન, ૫૮
દવાઓ, ૧૧૯–૧૨૦
દર્શનોનો સમન્વય, ૭૭
દર્શનોનું પ્રાગટ્ય, ૨૬૮
દિવ્ય જીવન ૧૫
દુઃખ અને શોક ૪૧
—ની શીખ, ૪૩
દુષ્કૃત્યનો ચેપ, ૫૭
દુષ્ટ સત્ત્વો, ૧૭૩–૧૭૪
દેશ અને કાળ, ૨–૩
દેશના ભાગલા, એક વિકૃતિ, ૨૯
દેવો : અધિમનસના, ૩૪૫
ધર્મપંથ, ૩૨૩, ૩૨૪, ૩૭૪, ૩૨૦, ૩૨૧
ધ્યાન, અને મૌન, ૧૧૧–૧૧૨
—શ્રી માતાજીએ આપેલા વાક્ય ૩૫૨, ૩૪૯–૩૫૨
નવા વર્ષનો સંદેશ, ૨, ૨૨૯–૨૩૧
નવી માનવજાતિ, ૧૭૪
નવીન, અનુભૂતિ, ૨૯૩
—જન્મ, ૩૦૮, ૩૯૪
—રૂપાંતર, ૨૭૧
—સંઘર્ષ, ૨૭૪
—શક્તિઓ, ૨૭૬
—જગત; ૧૪૩, ૧૪૫, ૧૪૨, ૧૪૦, ૧૪૧
—સાહસ, ૧૪૫–૧૪૬
—અને જૂનું જગત, ૧૫૧–૧૫૨
નિગૂઢ અતિમનસ, ૧૫૦, ૧૫૧, ૧૫૨
નિગૂઢ તિરોભૂત તત્ત્વો, ૧૯૫
નિરર્થકતા : ઉત્ક્રાન્તિની, ૨૩૨
નિર્ણાયક વળાંક, ૭૪
નિરન્તર ગોળાર્ધ, ૧૪–૧૫
નિર્વાણ, ૮–૯–૧૩
નિષ્ક્રિય ધ્યાન, ૪૦
પથ્થરો પડવાની વાર્તા, ૧૨૪
પરમાત્મા, ૧
–નું ધ્યાન, ૧૬
–શું છે, ૨
–અને પ્રકૃતિ, ૧૦
–નું પર્યટન,૨૪૬
પરિપૂર્ણતા : ઉચ્ચ અને નિમ્ન–૮૮–૯૦
પરિપૂર્ણતા, ૮૮
પરિવર્તન : સર્વગ્રાહી, ૧૬૦–૧૬૧

પશુઓ, ૮૪–૮૫
–અને મનુષ્યની વાણી, ૨૧૦
પયગંબરો, ૨૭૭
પાછા જવાની ક્રિયા, ૨૬૫
પાર્થિવ અસ્તિત્વની ચાવી, ૧૯૮
–ઉત્ક્રાન્તિની ગતિ ૨૦૦–૨૦૧
–જીવન, ૨૫૦
પાશ્ચિમાત્ય ચિંતનો, ૩૭૧
પુનર્જન્મ, ૨૦૩–૨૦૪, ૨૪૮, ૨૪૯
પૂર્ણયોગ અને અનુભૂતિ, ૩૦૯
પૂર્વજન્મોની વાતો, ૨૦૩
પૂર્વનિશ્ચિતતા અને અંગત પ્રયાસ, ૨૪૭–૨૪૮
પૃથ્વી : વૈશ્વિક જીવનનું સઘન પ્રતીક, ૧૯૯ ૨૯૫
પ્રકાશના કરણરૂપી મન, ૧૮૨
–નું મન, ૧૮૪
–અને મુક્તિનો ૬૨, ૩૯૫
પ્રકૃતિ, ૨૯૫, ૨૯૬
–ની ક્રિયાઓ ૨૦૪–૨૦૫
–નું મનોરંજન, ૨૦૫
પ્રગતિ, ૨૯૦–૨૯૧
–અને પીછેહઠ, ૬૬–
–શીલ ગતિ, ૧૮૧
–નથી: જન્મોના વચગાળામાં, ૨૫૦
પ્રજનનની નૂતન રીત, ૧૨૪–૧૨૫.
પ્રભુકૃપા, ૩૯૧
પ્રભુની સીધી અસર : ચૈત્ય સ્વરૂપ, ૨૦૩
પ્રાચીન પરંપરા, ૮૫
પ્રાર્થનાનું મૂલ્ય, ૩૩૭
પ્રેત સાધક એન્જિનિયરની વાર્તા, ૩૩૬
પ્લેન્ચેટ
–જોખમી વસ્તુ, ૩૩૫
–પ્રેતોનું જોખમ, ૩૩૨
–અને સ્વયં લેખન, ૩૩૧
બરફનું સત્ત્વ, ૬૪
બુદ્ધ, ૧૮૬–૧૮૮
બીજરૂપ ઘટકો, ચક્રોનો વિકાસ, ૧૪૭
બીજાઓની ચેતનામાં પ્રવેશ; ૨૮૩, ૨૮૪
બ્રહ્મ, ૧
ભગવાનનાં દર્શન, ૧૩૦
–ના પ્રહારો, ૭૩
–નો સંકલ્પ, ૨૭
ભય અને માંદગી, ૧૧૮–૧૧૯
ભિન્નતા : માણસ અને પશુઓ અતિ-માનવ અને માનવ, ૨૫૧
ભૂલો અને અસુખ, ૩૩
–સભાન અને અભાન, ૨૮૨–૨૮૩
–ની પુનરાવૃત્તિનાં ફળ, ૫૮
ભૌતિક અનુભૂતિની સાપેક્ષતા ૨૨૪, ૨૨૫
–કાન્તિ, ૭૫
મન ઉપર કાબૂ, ૨૩૫–૨૩૬
–અને ખરાબ વિચારો, ૨૩૪–૨૩૫
–ઉપર સ્વામીત્વ, ૭૦–૭૧
–નો વિકાસ, ૩૬૯
–અતિમાનસિક, ૧૮૬
–અને ભૌતિક તત્ત્વ, ૧૦૩–૧૦૪
મનુષ્ય : કોચલાની બહાર, ૧૩૧–૧૩૨
–ની ઉચ્ચતા, ૨૦૬–૨૦૭
–માંનું સનાતન તત્ત્વ, ૨૮૫–૨૮૬
–ને બાહ્યરૂપનું બંધન, ૨૮૬

—નો પશુઓ ઉપર પ્રભાવ, ૨૦૭
—ની સંમતિ
મનોમય તત્ત્વ : સ્પષ્ટ વિચારની અસર–૨૬૭
મધુબિંદુ, ૨૫–૨૬
મશ્કરી, ૧૨
મહાત્મા, ૬૭–૭૧
મૈડમ ઝેડ (ડેવિડ ઓ'નિલ), ૫૨
મૌન, ૧૧૦–૧૧૧
મંત્ર, ૩૬૦
મૃત વ્યક્તિ સાથે સંપર્ક, ૩૩૧–૩૩૨
મૃત્યુ, ૩૪, ૩૫,
માગ ની પ્રગતિ, ૧૮૯–૧૯૦
માનવના આવિર્ભાવની પ્રક્રિયા, ૨૬૯–૭૦
—ની દુ:ખમય સ્થિતિ, ૨૮૦
—માંથી અતિમાનવ, ૨૭૨–૨૭૩
—નું પ્રાગટ્ય, ૨૨૧–૨૨૩
માનસિક પ્રમાણિકતા, ૩૦૦, ૩૦૨
માનસિક અને પ્રાણિક અસ્તિત્વને, ૨૫૦
માનવનો પ્રેમ, ૨૮
શ્રી માતાજી
અતિમાનસ અનુભૂતિ, ટીકાકારો, ૨૫૮–૨૫૯
અતિમાનસ જગત, નૌકા, વિ. ૨૫૧–૨૫૮
—માટે અસત્ય વસ્તુઓ, ૨૬૨
—જગતની કૃત્રિમતાની અનુભૂતિઓ, ૨૬૦–૨૬૧
—પાસે ધ્યાન, ૩૪૬–૩૪૭
—નું સ્વપ્ન. અવતારોનું ઉદ્‌ગમ-સ્થાન, ૩૦૫
—ના શત્રુઓ, ૫૭
માંદગી દવા, ઝેર, ૧૨૦
—અને પ્રાણની શક્તિ, ૧૧૭
માંદગી, ૧૧૬–૧૧૮
રમત, ૩૬–૩૭
રમતગમતો, ૯૬, ૯૪, ૯૫
રહસ્યવાદ, ૧૭૬, ૧૭૭–૧૭૮
રોગ : માનવબુદ્ધિનો –૯૩
રોગિષ્ટ વલણ, ૪૩
રૂપનું નિર્માણ, ૪૯
રૂપોની ઉત્ક્રાન્તિનું મૂળ, ૨૪૦–૨૪૧
રૂપાંતર, ૧૩, ૮૪, ૮૮, ૧૦૨–૧૦૩, ૩૬૭, ૩૬૭, ૩૭૭.
રૂઢ રચનાઓ, ૨૭૧–૨૭૨
લક્ષ્ય પ્રાપ્તિ અને વિરોધો, ૩૦
લીલા, ૧૧
વચગાળાની જાતિ, ૨૦૫
—ની સ્થિતિ, ૬૫, ૩૭૬
—ની જાતિ અને જગત, ૨૮૯
વાઘનો સામનો, ૫૩–૫૪
વાણીનો અસંયમ, ૧૩૮
વાનર અને માનવ, ૨૦૨
—માં અભીપ્સા? ૨૦૮
વિકસતું આત્મનિર્માણ ૨૦૫
વિકૃત વિનમ્રતા ૩૬
વિકૃતિનું શ્રી માતાજીને દર્શન ૨૭૬–૨૭૭
—વિષે વાંદરાની વાર્તા, ૯૮-૯૯
—એક રોગ, ૯૮
વિચારોનો ઉદ્‌ગમ, ૨૩૨, ૨૩૩
વિચાર એટલે દર્શન, ૨૬૮.
—શબ્દથી સ્વતંત્ર, ૨૬૮

–ની ગતિ, ૪૫
વિજય ૬૪–૬૫ ૮–૯
વિવિધ ધર્મોનું શિક્ષણ, ૭૬
વિરોધોનો સુમેળ ૭૭
વિશુદ્ધ આનંદ ૨૧
વિશ્વ આવું કેમ? ૧૩–૧૪
–નું સર્જન, ૧.
–પરમાત્માનું દૃશ્ય સ્વરૂપ, ૨૯૫.
વિજ્ઞાન અને ગૂઢવાદ ૩૫૭–૩૫૯, ૩૬૧
વૈદિક અને કાલિડયાની પરંપરા, ૩૦૫
વૈશ્વિક ઉત્ક્રાન્તિ, ૧૭૫, ૨૧૨, ૨૧૩–૨૧૫,
–ચેતના ૬૬
–ચેતનામાં અકસ્માત, ૧૨
–દૃશ્યીકરણ, ૧૬૯
–સત્, ૨૪૧
વ્યક્તની ઉત્ક્રાન્તિ, ૨૧૦–૨૧૧
–ગત ધ્યાન, ૩૮
–ગત પ્રયત્ન, ૬
વ્યક્તિતા, ૪૭
વ્યક્તિ અને નામ, ૪૬
સક્રિય ધ્યાન, ૪૦
સતનો આનંદ, ૨
–ની ચેતના, ૨
સનાતન ક્રીડા, ૧૧
સભાનજીવન, ૨૪૪
–વ્યક્તિઓ, ૯૧
–વ્યાયામ, ૧૪૮–૧૫૦
સમગ્ર દર્શનની ક્રમિક અભિવ્યક્તિ, ૧૮૫
સમસ્યાનો સામનો, ૨૮૧
સમતુલા, ૧૧૭
સત્યની સાબિતી, ૨૩૭
સાચો નેતા, ૮૧
–મિત્ર, ૫૪–૫૬
સાચું લક્ષ્ય, ૮૪
સામૂહિક ધ્યાન, ૩૮
–નાં પરિણામો, ૩૮–૩૯
–અને પ્રગતિ, ૧૩૭
–સંગઠનો, ૩૩૮–૩૩૯
સામૂહિક સંકલ્પની જરૂર ૧૫૨–૧૫૩
–યોગ, ૧૩૩
સાક્ષાત્કાર, ૨૪૫, ૧૧૫
સિદ્ધિની શરૂઆત, ૨૮૮
સોયની ગતિ, ૨૬૨
સંગઠિત સત્, ૩૭૦
સંમતિ : આધ્યાત્મિક બનવાની ૭૪–૭૫, ૭૮,
સંહાર અને સર્જન, ૭૨
સાંધિક જીવન : આશ્રમમાં ૧૬૫–૧૬૬
સુખોપલોગ અને મોજમજા, ૪૨
સુષુપ્ત પ્રતિભાની જાગૃતિ, ૩૬૪–૩૬૫
સૂક્ષ્મ દર્શન, ૧૩૩–૧૩૪
સૂક્ષ્મ વસ્તુઓની સ્થાયી સઘનતા, ૧૨૬
–શક્તિઓ, ૮૬
સ્થૂલ ક્રિયાઓ, ૧૪૮–૧૪૯
સ્થૂલતાનું વિશિષ્ટ સ્થાયીત્વ, ૧૨૫
સ્થૂલ જગત અને અતિમાનસ જગત, ૨૫૧
સૃષ્ટિનો આરંભ, ૨૧
–નો ઇતિહાસ, ૧૯૫–૧૯૮
–નાં અપરિવર્તનશીલ તત્ત્વો, ૨૧૬–૨૨૦
સ્ત્રી પુરુષ : જાતીય ભેદો, ૧૦૦–૧૦૨, ૧૨૭–૧૨૯

સ્વપ્નોની અભીપ્સા, ૧૫૫–૧૫૬
સ્વતંત્રતા અને ગુલામી, ૫૦
—પ્રકૃતિ અને તેની શક્તિથી ૨૦૨
સ્વાભાવિક ટેવો, ૪૭
સ્વૈચ્છિક વિસર્જન
નવી આધ્યમાનસિક સૃષ્ટિનું ૧૪૩
શરીર : આત્માનું કરણ ૯૨
એક સંકુલ વસ્તુ, ૩૧૯
—માં દિવ્ય જીવન, ૧૦૭–૧૦૮
—ની પૂર્ણતા, ૮૪
—ની મર્યાદાઓ, ૪૪–૪૫
—નું રૂપાંતર, ૨૮૭, ૧૦૨
—સત્યનું પરિણામ, ૧૦૬
—અને સૂક્ષ્મ વસ્તુઓની સ્થિરતા, ૧૨૫
શારીરિક ચેતના, ૧૦૬–૧૦૭
—ભય, ૧૧૮
શાશ્વત અસ્તિત્વ, ૨૪૭
શાશ્વતી અને ભગવાન, ૭૨
શ્રદ્ધા અને વિચારોની રમત, ૩૩૨
—અને શરીર, ૧૨૨
—અને શંકા, ૩૨૧
શ્રેષ્ઠ મિત્ર : ભગવાન, ૫૭
શ્રીમતી એફરા.
સ્થૂલ વસ્તુઓની ગતિ, ૬૦—૬૧,૫૯
શ્રીમતી થે'ઓ.
અનેક દેહોની બહાર ગતિ, ૫૯
આરબની વાર્તા, ૬૧
પુષ્પમાળાની વાર્તા, ૬૨
—ની પ્રાણશક્તિ પ્રાપ્તિ, ૫૯—૬૦
—ની પ્રાણશક્તિ, ૬૧
બરફનાં સત્વની વાર્તા, ૬૨-૬૩
સમાધિમાં વાણી, ૫૯
સ્થૂલ વસ્તુઓની આરપાર ગતિ, ૬૨
હિપ્નોટિઝમ : દુરૂપયોગો, ૩૬૩–૩૬૪
હિંમત અને અભીપ્સા, ૩૮
હિંમત, ૩૯૦
હોટેલરૂપી પ્રતીક, ૧૩૩–૧૩૫.

*